વૃત્તવિવેચન



રમેશનાથ ગૌતમ

શ્રી સયાજી સાહિત્યમાળા પુષ્પ ૨૮૯ મું

વૃત્તવિવેચન

[ત્રણ ખંડમાં]

રમેશ રંગનાથ ગૌતમ

શ્રી સયાજી સાહિત્યમાળા : પુષ્પ ૨૮૯ મું

: પ્રકાશક :
ભુરાલાલ ર. શેઠ
આર. આર. શેઠની કું.
કેશવબાગ, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ–૨.

કિંમત રૂ. ૨-૦-૦

પહેલી આવૃત્તિ : સંવત ૨૦૦૧

: મુદ્રક :
નાથાલાલ મ. શાહ
સ્વાધીન મુદ્રણાલય
સૌરાષ્ટ્ર રોડ, રાણપુર.

નિવેદન

આપણા દેશી ભાષાના સાહિત્યની અભિવૃદ્ધિ કરવાના સદુદ્દેશથી કૈ. શ્રીમંત પતિતપાવન મહારાજા સાહેબ શ્રી સયાજીરાવ ગાયકવાડ ત્રીજા, સેનાખાસખેલ, સમશેર બહાદુર, જી. સી. એસ. આઈ., જી. સી. આઈ. ઈ., એલ એલ. ડી; એઓશ્રીએ કૃપાવન્ત થઈ બે લાખ રૂપિયાની જે રકમ અનામત મૂકેલી છે તેના વ્યાજમાંથી, **'શ્રી સયાજી સાહિત્યમાળા'** રૂપે વિવિધ વિષયોને લગતાં પુસ્તકો તૈયાર કરાવવામાં આવે છે.

તદ્દનુસાર, **'વૃત્તવિવેચન'** નામનું પુસ્તક **શ્રી રમેશ રંગનાથ ગૌતમ,** બી. એ., પાસે તૈયાર કરાવવામાં આવેલું તેને ઉક્ત માળામાં ૨૮૯મા પુષ્પરૂપે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ભાષાંતર શાખા
પ્રાચ્યવિદ્યા મંદિર,
વડોદરા,
[illegible]-૧૯૪૫

યો. જ. ત્રિપાઠી
ભાષાંતર મદદનીશ

જ્યો. મા. મહેતા
વિદ્યાધિકારી
વડોદરા રાજ્ય.

કાર્યારંભે

"Journalism"ને માટે આપણે ત્યાં હજી એક શબ્દ રૂઢ થયો નથી એ આશ્ચર્ય છે. આને સારૂ દૈનિકથી માંડીને માસિક, ત્રૈમાસિક, અને વાર્ષિક સુધીનાં બધાં છાપાંઓ અને તેમાં આવતી જૂજ ખબરથી માંડીને ગંભીર ચર્ચા સુધી બધું તેમાં સમાય એવો શબ્દ જોઈએ છે. આપણે ત્યાં "લોકવૃત્ત" એ એવો જૂનો અને વિપુલાર્થવાહી શબ્દ છે. આમાં પ્રાવઃજીવનનાં બધાં અંગો આવી જાય છે. એ ઉપરથી "જર્નાલિઝમ"ને "લોકવૃત્તવિવેચન" અથવા સંક્ષેપમાં "વૃત્તવિવેચન" કહી શકાય. જ્યાં જ્યાં જર્નાલિઝમ શબ્દ વપરાય છે તે દરેક જગાએ આ શબ્દ બંધબેસતો આવે છે.'

—દ. બા કાલેલકર

કાકાસાહેબે જ આ રીતે આ ગ્રંથનું ફોઈપણું અજાણપણે પણ કર્યું છે, એવો મારો દાવો છે. એમણે કરેલા વિધાનમાંથી માત્ર એક જ વસ્તુ પરત્વે હવે ફેરફાર આવશ્યક થઈ પડ્યો છે. ઉપર ટાંકેલા શબ્દો ૧૯૨૪ ની સાલે પહેલી ગુજરાતી પત્રકાર પરિષદને ટાંકણે લખાયા હતા. તે પછી, અંગ્રેજ નકલી ઢબે કહીએ તો, સાબરમતી નદીના પુલ નીચે થઈને ઘણાં પાણી વહી ગયાં છે. આજે વૃત્ત અને તેના વિવેચનની ગતિ એવી વેગવતી થઈ પડી છે, કે ૧૯૨૪ ના રાહે માસિકોને પણ વૃત્તપત્રની કક્ષામાં મૂકવાં એ વાજબી નથી લાગતું. છતાં "અન્ડર પ્રોટેસ્ટ" પણ, આ અવલોકન ગ્રંથમાં તેને યોગ્ય લાગ્યું તેટલું સ્થાન આપ્યું તો છે.

પ્રસંગોપાત્ત, ગુજરાતી ભાષામાં "પત્રકારત્વ" અને "પત્રકારિત્વ, એ બન્ને શબ્દપ્રયોગો છૂટથી વપરાય છે. આપણા સમર્થ લેખાતા વિદ્વાનો અને બહુશ્રુત તંત્રીઓમાંના ઘણા પત્રકારિત્વ લખે છે. કેટલાક તો ઉભય જોડણી કરે છે. અંધેરીના સાહિત્ય સંમેલનના પત્રકાર

વિભાગના પ્રમુખશ્રીના વ્યાખ્યાનમાં પણ આ પ્રકાર દેખાય છે. "શારદા"ના ૧૯૪૧ના તંત્રીઅંકમાં સદ્‌ગત શ્રી. ચંદ્રશંકર પંડ્યાએ આ રસમ સામે ખૂબ આકરા શબ્દોમાં વિરોધ ઉઠાવ્યો હતો. એમણે તંત્રીઓની "અતંત્રતા"ની ઝાટકણી કાઢતાં લખ્યું હતું:

"પત્રકાર ઉપરથી જરાકે સંસ્કૃત જાણનાર ભાવવાચક નામ બનાવે, તો "પત્રકારત્વ" થાય. ગુજરાતી વર્તમાનપત્રોને કલુષિત કરનાર "પત્રકારિત્વ" ક્યાંથી ઘુસી ગયું છે?"

અને તેમણે પોતાના મત સમર્થનમાં આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવની સંમતિ ટાંકી હતી. પરંતુ એવા તો વ્યાકરણની દૃષ્ટિએ અશુદ્ધ હોવા છતાં વ્યવહારમાં રૂઢ થઈ સર્વત્ર સ્વીકારાયેલા શબ્દપ્રયોગો શોધવા બેસીએ તો ઘણાએ જડે. તેથી આ પ્રકોપ જરાક અસ્થાને લાગે છે, અને રૂઢિની દલીલે કરીને, પત્રકારિત્વને ક્ષંતવ્ય માનવામાં કોઈને કશું નુકશાન શા માટે હોય?

વીસ વર્ષના પત્રકાર જીવન દરમ્યાન એક વાત મને ખૂબ જ સાલતી હતી–તે ગુજરાતીમાં આ વિષયમાં એક પણ પ્રમાણભૂત માહિતી-ગ્રંથની ખોટ. એ ખોટ પૂરવાનો ઠીકઠીક પાયા ઉપર થયેલો કદાચ આ પહેલો પ્રયાસ છે: અને પહેલાપણાને લીધે તેમાં અપૂર્ણતા તો હોય જ.

વૃત્તવિવેચનનું વિવરણ તો આ પાનામાં કર્યું જ છે. પરંતુ તે પહેલાં અહીં લાગ જોઇને વૃત્તવાચનની કળાનો પણ ઉલ્લેખ કરી લેવાની લાલચ રોકી શકાતી નથી.

વૃત્ત અને તેનું વિવેચન, ખબર અને તે વિષેનો એ ખબર પ્રસિદ્ધ કરનારા પત્રનો અભિપ્રાય, એ નોખી વસ્તુઓ છે. પરંતુ ઘણીવાર એ બે વચ્ચેનો ભેદ સમજવો મુશ્કેલ થઇ પડે છે. થોડા સમય ઉપર જાણીતા પત્રકાર એસ. બી. પી. માઇસ – Mais – એ યુરોપ અમેરિકાની શિક્ષણસંસ્થાઓને ઉદ્દેશીને કેટલાક વાયુવાર્તાલાપ કર્યા હતા. એનો

"ધી ફન ઑફ રાઈટીંગ" નામે ગ્રંથમાં સંગ્રહ કરવામાં આવેલો છે અને લંડનની રુટલેજ પેઢીએ એ ગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે. તેમાં એક પ્રકરણ વતમાનપત્રો વિષે છે. વ્યાખ્યાતાએ એ લેખમાં ઉપર સૂચવેલો ભેદ સમજાવવાનો સારો પ્રયત્ન કરેલો છે. જેનાથી બની શકે તેણે એ જોઇ જવા જેવો છે.

એક જ વસ્તુ વિષેના અભિપ્રાયો તેના પ્રત્યેની ભાવના પ્રમાણે વ્યક્તિદીઠ ભિન્ન પડે એ સહજ છે. પ્રત્યેક વૃત્તપત્ર માટે પણ તેવું જ સમજવું. દરેક છાપું એક જ હકીકતને પોતપોતાના નિરનિરાળા દૃષ્ટિકોણથી દેખે છે, સમજે છે, અને જનસમુદાયને સમજાવવા પ્રયત્ન કરે છે. વાચકે તેમાંથી હંસવૃતિથી નીરક્ષિર પોતાની મેળે જુદાં કરી લેવાં પડે અર્થાત, પોતાને પસંદ હોય તે દૃષ્ટિબિંદુ સ્વીકારવું રહે.

અભિપ્રાય તો સહુ કોઇને હોય; હોવા જ જોઈએ. કેટલાક અભિ-પ્રાય મતાગ્રહી પણ હોય. જીવનનો એ રસ છે. જેનામાં રસ પડે તેના વિષે સહુને ગમતું–અણગમતું હોય. પરંતુ એ અભિપ્રાય, પસંદગી કે અણગમો પૂરતી માહિતીના ફળરૂપે બંધાય એ ઇષ્ટ છે. પૂર્વગ્રહનું કારણ મોટે ભાગે અજ્ઞાન કે અધૂરૂં જ્ઞાન હોય છે. પ્રશ્ન પરત્વે આ અજ્ઞાનને દૂર કરવાનો છાપાંનો દાવો છે. અજ્ઞાનને, માહિતીના અભાવને ટાળીને હકીકત મેળવવા આપણે છાપાં વાંચીએ છીએ. પરંતુ હકીકત તેના વાસ્તવિક રૂપમાં જાણવી હોય તો એક નહિ પરંતુ બને તેટલાં છાપાં વાંચવાં જોઈએ. શા માટે?

પ્રત્યેક તેજસ્વી વૃત્તપત્રને પોતાનું નિરાળું દૃષ્ટિબિંદુ અને નિરાળું ધોરણ હોય છે. અને તેને અનુસરીને તેમાં વૃત્તની રજુઆત થાય છે. એક જ ખબર અનેક છાપાંમાં વાંચતાં તેનું અનેક નજરે અવલોકન થઈ જાય, અને તેની તુલના વાચક કરી શકે.

વળી દેશ દેશાવરના સમાચાર આજે છેક આપણાં ગામડાં સાથે સંકળાયેલા હોય છે. તેથી સર્વત્ર બનતી ઘટનાઓનું વાસ્તવિક સ્વરૂપ સમજવા સહુ કોઈએ પ્રયત્નશીલ થવું ઘટે.

ટૂંકામાં, છાપાં વાંચો, અને તેટલાં છાપાં વાંચો, અને વાંચેલું સમજવા વળી વધારે છાપાં વાંચો.

વૃત્તવિવેચનનો વ્યવસાય એટલો તો રસરસતો છે, કે તેના લગભગ દરેક અંગઉપાંગ વિષે ઓછામાં ઓછું એકેક દળદાર પુસ્તક લખવાને અવકાશ છે; અને એમ થવું આવશ્યક પણ છે. પરંતુ આગે આગે ગોરખ જાગે. દરમ્યાન, એક જ ગ્રંથમાં શકય તેટલું સમાવવાનો આ પ્રયત્ન છે. જેમ જેમ વિષય લેવાતો ગયો તેમ તેમ તેની દિલ ખોલીને ચર્ચા કરવાનો ઉમંગ અંતકરણમાં ઉભરાતો રહ્યો. પરંતુ તંત્રીઓનું પ્યારૂં બહાનું "સ્થળસંકોચ" મારી પોતાની કલમ સામે ધરીને તેની પાસેથી કામ લેવાનું મારે ભાગે આવ્યું છે. મેંજ અનેક લેખકો અને ચર્ચાપત્રીઓના માથામાં મારેલો એ સૂત્રહથોડો **Nemesis**ના ન્યાયે, મારા પોતાના માથામાં મારે હાથે જ મારવો પડયો છે, એ પણ કુદરતનો ઈન્સાફ જ ને!

આ મર્યાદાને લીધે કેટલીક હકીકત ટૂંકાવવી પડી છે અને કેટલીક છોડી દેવી પડી છે. ખાસ કરીને વૃતવિવેચનના જોડકાબંધુ–**Siamese Twins**–જેવાં મુદ્રણના ઉપસ્કરો, પત્રકચેરીની વ્યવસ્થા, અને એકંદર એની નાણાકીય બાજુનો આછેતરો સ્પર્શ પણ માંડ કરી શકાયો છે. તેવી જ રીતે, દક્ષીણ ભારતીય વૃત્તપત્રો, પૂર્વઆફ્રિકા ઇ. છોડી દેવાં પડયાં છે.

એ બધું છતાં, શેઇક્સપીયરના "એઝ યુ લાઇક ઇટ"નો વિદુષક પોતાની પ્રેયસી ઑડ્રેની ઓળખાણ આપતાં કહે છે તેમ, **A poor thing, but mine own;** જે છે, તે આ છે!

પત્રકારત્વનો રોગ હાડમાં એકવાર પ્રવેશ્યો, પછી તે અસાધ્ય બને છે. એ રોગનો હું ગ્રાસ હોવાનો મારો સગર્વ દાવો છે. આ ગ્રંથનો છેલ્લો શબ્દ લખ્યા પછી, પળભર વિચાર કરીને મેં મને પોતાને પ્રશ્ન પૂછયો, કે "આ બધું ખરૂં; પરંતુ તેનું થાય શું? અત્યારના સંજોગોમાં શું થવું ઇષ્ટ છે?"

એનો ઉત્તર રોબર્ટ નાઇટે છેક ૧૮૭૬માં આપ્યો હતો. દેશી

માલિકીનાં હિંદનાં વૃત્તપત્રો પ્રત્યે કેવો વર્તાવ રાખવો ઉચિત છે, એ પ્રશ્નના ઉત્તરમાં એણે પોતાનાં મંતવ્યો દર્શાવ્યાં હતાં. અને એના શબ્દોમાં, મને પણ લાગે છે કે :

"The Government should abandon its attitude of total indifference to the Press and frankly recognise in it an opposition with which courteous and friendly relations were to be maintained, and in all reasonable and proper ways it should be recognised, honoured and assisted."

સડસડ વર્ષ દરમ્યાન બનેલી ઘટનાઓ અને થયેલાં પરિવર્તનો છતાં તત્વે કરીને આ શબ્દો રાજકીય પરાધીનતા ભોગવતા ભારતનાં વૃત્તપત્રો પરત્વે હજી પણ ઉપયુકત નથી ? હજી પણ અશકય આદર્શની કક્ષામાંથી એ મહેચ્છા બહાર નીસરવા પામી છે ખરી ?

અનેક પુસ્તકો, છાપાંની ફાઇલો અને ખાસ અંકોના ખડકલાની આવા ગ્રંથ લખવા માટે ગરજ રહે છે. અને તેટલું પણ ઓછું પડે; એ સાધનો મેળવી આપનારા, સાધનો કયાંથી અને કેવી રીતે મળી શકશે તેનું માર્ગદર્શન કરાવનારા, વિચારણાનાં આખાં નવાં ક્ષેત્રરૂપી અલી-બાબાના ભેદી ખજાનાને ખોલી આપનારા "ખુલ જા સિસમ" ના મંત્ર સમા ઉપકારક ઇશારા કરનારા મિત્રો વિના આવાં કામ સંતોષકારક રીતે પાર થઈ શકે નહિ. દા. ત. કેટલાયે દુર્લભ ગ્રંથો, ખાસ અંકો, સૂચનો, અને અન્ય પ્રકારે રા. રમણિકરાય શ્રીપતરાય દેસાઇએ આ ગ્રંથના સંકલનમાં સહાય કરેલી છે. જૂની અને અણધારી માહિતીઓના ખજાના સમા એ ભાઇનો ઉપકાર કયા શબ્દોમાં માનું ? બીજા કેટલાક મિત્રોએ પણ સહકારની ભાવનાથી સહાય આપી મને આભારી કરેલો છે.

પરંતુ दीर्घसूत्री विनश्यति। માટે, इत्यलम् !

વડોદરા
૧૫-૨-૪૩

રમેશ રંગનાથ ગૌતમ

અનુક્રમણિકા

ખંડ ૧ : વૃત્ત, વિવેચન અને વિવેચકો

ખંડ ૨ : અંગ્રેજી વૃત્તવ્યવસાય

ખંડ ૩ : દેશી ભાષાઓનાં વૃત્તપત્રો

મહત્વની ભૂલો

પા.	લીટી	ભૂલ	ખરૂં
૬૭	૧૨	ઍલ્કસ	એલ્ડુસ
૧૩૪	૨૨	Falks'	Folks'
૧૮૫	૧૮	મોહનલાલ	મગનલાલ
૨૧૧	૧૬	ઈ કો	કોઇ
૨૧૩	૧૬	(૧૯૨)	(૧૯૯૨)
૨૨૫	૪	હચિન્સ	હચિન્સન
૨૮૫	૧૭	રંગૃની	રંગૂની

પા. ૨૨૮ ના પ્રકરણનો અંક ૭ જોઇએ. તે પછીનાં પ્રકરણોના અંકો ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ અને ૧૩ વાંચવાના છે.

સહાયક સામગ્રી

	Author	Title	Publishers
1.	Mirian Lundy	Writing up the News	Dodd Mead & Co. New york
2.	A. G. Cummings	The Press	The Bodley Head
3.	S. P. B. Mais	The fun of writing	Routledge
4.	G. Binney Dibblee	The Newspaper	Home University Library
5.	Arthur Quiller -Couch	On the Art of Writing	University Press
6.	Gertrude Gleeson	Journalism without tears	Pitman
7.	Cecil Palmer	Writing as a Career	Heath Cranton
8.	Thomas H. Uzzell	Writing as a Career	Harcourt. Brace & co.
9.	Fred A. Sweet	Writers, Editors and- Typists	Dutton N. Y.
10.	Walter Van Dyke Bingham and Bruce Victor Moore	How to Interview	Harpers
11	O' Malley (Editor)	Modern India and the West	
12.	Margarita Barns	The Indian Press	George Allen & Unwin
13.	S. P. Thiaga Rajan	Introduction to- Journalism	Educational- Publishing co. -Madras
14	Abdul-Majid Rau	Journalism as a- Career	Bommercial Book co. Lahore

15. Diamond Jubilee special cssue of the "Hindu" 1939
16. Report of the All India Printers' Conference Poona
17. All India journalists' Conference, Reports of- Sessions 1929, 1930, 1935
18. Encyclopaedia of Social Sciences.
19. Encyclopaedia Britannica.

etc.

૨૦ श्याम सुंदरदास   राधाकृष्ण ग्रन्थावलीः इन्डियन प्रेस, प्रयाग

२१ वा. कृ भावे   शीघ्र साहित्यादर्शः श्री सयाजी साहित्य ग्रंथमाला

૨૨ હી. ત્રી પારેખ (પ્રકાશક) પહેલી ગુજરાતી પત્રકાર પરિષદ ગુજરાત-પત્રકાર મંડળ [અમદાવાદ–૧૯૨૪]

૨૩ મરાઠી પત્રકાર પરિષદોના અહેવાલો, केसरी માંથી

૨૪ સુરત રાયટ કેસનો અહેવાલ

૨૫ જૂનું નર્મગદ્ય

૨૬ નવલગ્રંથાવલી ભા. ૨   ઑફ સંપાદિત

૨૭	દીપોત્સવી અંક	૧૯૨૬	દેશીમિત્ર
૨૮	,, ,,	૧૯૦૯	ગુજરાતી
૨૯	,, ,,	૧૯૧૬	,,
૩૦	,, ,,	૧૯૪૨	,,
૩૧	,, ,,	૧૯૨૨	હિંદુસ્થાન
૩૨	,, ,,	૧૯૩૫	,,
૩૩	,, ,,	૧૯૩૭	,,
૩૪	,, ,,	૧૯૩૯	ગુજરાત સમાચાર
૩૫	,, ,,	૧૯૩૬	જયભારત
૩૬	,, ,,	૧૯૩૫	પ્રતાપ
૩૭	,, ,,	૧૯૩૮	,,
૩૮	,, ,,	૧૯૩૬	લોકવાણી
૩૯	,, ,,	૧૯૪૦	બે ઘડી મોજ
૪૦	રજતઉત્સવ અંક	૧૯૨૬	ગુજરાતી પંચ
૪૧	પત્રકાર પરિષદ અંક	૧૯૨૭	બે ઘડી મોજ
૪૨	રજત ઉત્સવ અંક	૧૯૩૮	હિંદુસ્થાન અને પ્રજામિત્ર

૪૩ "ગુજરાતી"ની ૧૯૨૭ની કેટલીક સાહિત્યપૂર્તિઓ

૪૪ નવચેતન   ડીસેંબર ૧૯૪૨

૪૫ "અણુરતુનાં બે તામ્રપત્રો" અં. શં. ગદ્રે

ઈ. ઈ. ઈ.

વૃત્તવિવેચન

ખંડ પહેલો

વૃત્ત, વિવેચન અને વિવેચકો

ખંડ પહેલો
વૃત્ત, વિવેચન અને વિવેચકો

પ્રકરણ ૧
વૃત્તવ્યવસાયનો પૂર્વરંગ

"પત્રકાર એટલે લોકશિક્ષણનો આચાર્ય, બ્રાહ્મણોનો બ્રાહ્મણ, અને ચારણોનો ચારણ. પ્રજા જ્યારે યુયુત્સુ થઈ જાય છે ત્યારે ઘણી વાર પત્રકારને લડવૈયો અને સેનાપતિ પણ થવું પડે છે, અને સારી પેઠે ક્ષાત્રધર્મ કેળવવો પડે છે. જ્યાં જ્યાં અન્યાય થતો હોય, જ્યાં જ્યાં દીન દુર્બળ અને મૂક વર્ગો પર જુલમ ચાલતો હોય ત્યાં ત્યાં "क्षतात्किल त्रायते" પોતાના બિરદનું સ્મરણ કરી પત્રકાર ઝંપલાવે છે. એવા પ્રસંગો હોય ત્યારે વિચાર, માહિતી, સંસ્કારો, અભિરુચિ અને આદર્શોની પરબ ચલાવી તે સમાજસેવક બની જાય છે. અજ્ઞાનને લીધે અથવા અદૂર દૃષ્ટિને લીધે લોકો જ્યાં લઢતા હોય ત્યાં ज्ञानाञ्जनशलाकया લોકોની દૃષ્ટિ શુદ્ધ કરવાને તે મથે છે. સમાજચક્રનાં પૈડાં જ્યારે એક રાગ ભૂલી જઈ ચિત્કાર કરે છે ત્યારે તે યોગ્ય ઠેકાણે સ્નેહ રેડી ઘર્ષણ દૂર કરે છે, અને જ્યારે જ્યારે સરકાર દરબારના પ્રસંગ આવે છે ત્યારે ત્યારે તે પ્રજાનો પ્રતિનિધિ થઈ લોકમતને એકધારો બનાવી લોકશક્તિ ચેતવે છે. આવી રીતે લોકસેવક,

લોકપ્રતિનિધિ, લોકનાયક અને લોકગુરુની ચતુર્વિધ પદવી પત્રકાર ભોગવી શકે છે."

—દ. બા. કાલેલકર

વૃત્ત અને સટિકવૃત્તપ્રસરણની વિદ્યાના વિવેચનપ્રારંભે દુંદાળા દુઃખભંજના ગિરિજાસુત ગણેશનેય નહિ, પરંતુ બધા પત્રકારોના આદિપુરુષ નારદમુનિને સમરવા ઘટે ! એ મુનિજન પ્રાચીનતમ વૃત્તવિવેચક હોવા છતાં, આજના વૃત્તકારો પણ તેમને અનુસરે, તો તેઓ અવશ્ય મહાન પત્રકાર થઈ શકે.

એનું કારણ ? કારણ એ જ, કે જે અનાદિ અને અમર સિદ્ધાન્તોને પત્રકારત્વનો પવિત્ર વ્યવસાય વરેલો છે એ સિદ્ધાન્તોના નારદજી અનન્ય ઉપાસક હતા. કાશીના સુપ્રસિદ્ધ કેળવણીકાર–તત્ત્વચિંતક–રાજનીતિજ્ઞ–પત્રકાર–લોકનેતા શ્રી. સંપૂર્ણાનંદજીની પત્રકારોને સલાહ છે :

'Journalists cannot do better than adopt Maharshi Narada, that great news agency of the days that are no more, as their patron-saint. I do not say this lightly. Scorning ordinary modes of transport, he travelled through the skies and carried news from one place to another. He was a great propagandist, bringing to the farthest corners of the universe the good name of those distinguished for courage, virtue and self-sacrifice. But all his acts were dictated by one set purpose : to bring about the glorification of virtue and the downfall of vice, to spread prosperity and peace, to wipe out misery and discord. No mission could be nobler, no object higher.

'Judged by these standards of single minded devotion to truth, the whole truth and nothing but the truth, of propagation of virtue, happiness and goodwill, most of our newpapers would fail miserably.'

વૃત્તવ્યવસાયનો પૂર્વરંગ

[ભૂતકાળમાં વિલીન થઈ ચૂકેલી મહાન સમાચારસંસ્થા સમા મહર્ષિ નારદને પત્રકારો પોતાના આદ્યગુરુ તરીકે સ્વીકારે. આ હસવાની વાત નથી. સામાન્ય વહન પદ્ધતોને અવગણીને એ મહારાજ અંતરિક્ષમાં ભ્રમણ કરતા એક સ્થળેથી બીજે સ્થળે વૃત્ત–પ્રસરણ કરતા હતા. એ પ્રખર પ્રચારક હતા, અને શૌર્ય, શીલ અને અને સ્વાર્પણનાં ઉદાહરણો દિગંત પર્યન્ત પ્રસરાવતા. પરંતુ એમનાં બધાં કાર્યો પાછળ ચોક્કસ હેતુ હતો: સદ્ગુણની કીર્તિ વધારવાનો અને દુર્ગુણનો પરાભવ કરવાનો, સુખસંપત્તિ પ્રસરાવવાનો, અને વિપત્તિ તથા કુસંપનો નાશ કરવાનો. એથી વધારે ઉત્તમ કાર્ય કે આદર્શ બીજો હોઇ શકે નહિ. આ અનન્ય સત્યનિષ્ઠાને ધોરણે આપણાં વૃત્તપત્રોમાંનાં ઘણાંખરાં સાવ નાપાસ પડે.]

મહર્ષિ નારદને પગલે, સમર્થ કલમધરોએ ભારતના પત્રકારત્વની મહાન પ્રણાલિકા ચાલુ રાખી હતી. શ્રી. મણિલાલ ઇચ્છારામ દેસાઇના શબ્દોમાં કહીએ તો:

'આપણાં પુરાણો, ગાથાઓ, ઇતિહાસગ્રંથો, રાસાઓ, એ આપણાં જૂનાં, જૂની પદ્ધતિનાં 'જર્નલો' છે. લખાયો છે આપણી જાતિનો ઇતિહાસ એ 'જર્નલો'માં. આપણો ઇતિહાસ, આપણા પૂર્વજોનાં નિત્યનાં ચરિતો અને તે પરથી નીકળતા સારનો સંગ્રહ એ સહુમાં ચિરંજીવ કરી રાખેલો છે. આપણા કવિઓએ, વ્યાસોએ, પુરાણીઓએ, ભાટોએ, ચારણોએ, કથાનકોએ......જૂના જમાનામાં 'જર્નાલિસ્ટો હતા; તેઓએ વાણીની સ્વતંત્રતા વિવેકથી સાચવી છે, લખીને પોતાની સ્વતંત્રતા, જાતીયતા, વ્યક્તિના હક્ક અને વ્યક્તિના ધર્મનું રક્ષણ કરવાને પ્રજાજનોમાં જાગૃતિ પ્રેરેલી છે. તેમ રાજ્યકર્તાઓને પ્રજાજનોને દુઃખ દેતાં અટકાવેલા છે, રાજાઓ અને પ્રજાજનો ઉભયને તેમનો ધર્મ શો શો છે તે સમજાવેલું છે......

'એ જમાનામાં છાપકળા ના હતી, પણ 'જર્નાલિસ્ટો' અને 'રિપોર્ટરો' અને 'જર્નલો' તો હતાં જ. આપણા મોટામાં મોટા જર્નાલિસ્ટો વાલ્મિકી, કૃષ્ણ અને દ્વૈપાયન વ્યાસ છે. આપણો સર્વશ્રેષ્ઠ રિપોર્ટર સંજય છે. વ્યાસ અને વાલ્મિકીએ આપણાં જીવનની નોંધો ના કરી હોત તો? સંજયે કુરુક્ષેત્રના મેદાનમાં અઢાર દિવસ મહા ધમસાણ ચાલ્યું તેનો રિપોર્ટ ધૃતરાષ્ટ્ર મહારાજને સમજાવ્યો ન હોત તો? ચંદ બારોટે પૃથ્વીરાજ રાસો ના લખ્યો હોત તો?'

અને ઢંઢેરો પીટવાની પ્રાચીન પદ્ધતિ પણ એક રીતે મૌખિક અખબાર જ કહેવાય. કંઇ પણ જાણવાજોગ, લોકોના લક્ષ ઉપર લાવવા યોગ્ય ઘટના બને ત્યારે ગામમાં તેની થાળી પીટાય, એ આ દેશમાં તેમ અન્યત્ર પણ અનાદિ કાળથી ચાલતો આવેલો રિવાજ છે. દા. ત. મૃચ્છકટિકમાં ચારુદત્તને વસંતસેનાના કહેવાતા ખૂન બદલ શૂળીએ ચઢાવવા સ્મશાને લઇ જતે રાજકર્મચારીઓ થાળી પીટે છે: भो भो पौरा : अयं वसंतसेनाघातकश्चारुदत्तो वधस्थानं नीयते........; અને એ વૃત્ત સાથે લોકોના લાભાર્થે તે વિવેચન પણ કરે છે, કે જે કોઇ આવું કામ કરશે તેની આવી દશા થશે !

એ ખરું, પરંતુ આધુનિક પત્રકારત્વનો આદિજન–દાદો તો ચીન કહેવાય. ચીનમાં છેક હમણાં સુધી આઠ આઠ સદીઓ સુધી એકધારું ચાલેલું વૃત્તપત્ર જાણીતું છે. લગભગ હજારેક વર્ષ પહેલાં લાકડાનાં બીબાં બનાવીને મુદ્રણના મૂળાક્ષર પણ ચીને જ પ્રથમ પહેલાં ઘૂંટયા હતા.

દુનિયાનું પહેલું મુદ્રિત પુસ્તક ચીનમાં તા. ૧૧–૫–૮૬૮ ના રોજ વાંગ ચીએ પોતાના પિતાના સ્મરણાર્થે પ્રસિદ્ધ કર્યું હતું.

એ જ દેશના રહીશ પાઇ શેંગે લાકડાનાં છૂટાં બીબાં ઇ. સ. ૧૦૪૦ના અરસામાં બનાવ્યાં હતાં. પરંતુ યૂરોપે સ્વતંત્ર રીતે તે પછી ૪૦૦ વર્ષ બાદ એ નુસખાની શોધ કરી હતી.

પરંતુ આજે આપણે જોઇએ છીએ તે ઢબ અને આકારનાં છાપાં, જગતને યુરોપની ભેટ છે, એનો ઇન્કાર કરવાથી કોઇને લાભ નથી.

હિંદે તેના રાજકીય પરાધીનતા અને નિર્ધનતાના સંજોગો જોતાં, અખબારી ક્ષેત્રમાં સારી જમાવટ કરી છે, એ નિર્વિવાદ છે. તેની પ્રાન્તીય ભાષાઓએ તળપદી પત્રકારત્વ ખૂબ ખેડયું છે; અને ગરવી ગૂજરાતી ગિરા તેમાં પાછળ તો નથી જ રહી.

ગૂજરાતે અવશ્ય સમર્થ તંત્રીઓ અને પત્રકારો પ્રકટાવ્યા છે, ઘડયા

છે અને શોધી કાઢ્યા છે. અને એ ખોજ કાજે એણે જીવનવ્યવસાયનાં કેટકેટલાં ક્ષેત્રો ખોળ્યાં છે ! 'ગોકુલ ઢૂંઢી, વૃંદાવન ઢૂંઢી, ઢૂંઢા મૈં નંદકો ધામ...!'

વેપારીઓ, કારખાનાંવાળા, સાહિત્યકો, મુત્સદ્દીઓ, રાજકર્મચારીઓ, શિક્ષકો, નાટ્યકારો, વકીલો, કલાધરો, ચળવળિયા...

વીર નર્મદથી માંડીને મર્દ બચ્ચો કરસનદાસ મુળજી, ધુંધી પટેલીયો લક્ષ્મીદાસ રવજી તેરસી, જીવનભરનો પ્રચારજોગી વસનજી ટી. હાલાઈ, ઝમકદાર શોખીન જીવડો એલ. રાય સંપટ, અમદાવાદના સજાગરૂ પત્રકાર ઠાકોરલાલ પરમોદરાય, જૂના અને જાણીતા સાકરચંદ મા. ઘડીઆળી, અઠંગ કલમબાજ નારાયણ વિ. ઠાકુર, માહિતી માટે સદૈવ જેની તરસ અણછીપી છે તેવા ડુંગરશી ધરમશી સંપટ, ષડ્દર્શનને સતત દૃષ્ટિ સમક્ષ રાખતા દૃષ્ટાભાવી કાકા કાલેલકર, સૌમ્ય સુંવાળા મહાદેવ દેસાઈ, શરમાળ સ્વામી આનંદ, વિદ્વાન રામનારાયણ પાઠક, મેધાવાન મેઘાણી, કલમકારીગર ક. મા. મુનશી, નીડર હરિલાલ ગાંધી, કલાસ્વામી રવિભાઈ રાવળ, શિક્ષક નાનાભાઈ ભટ્ટ, સાહસિક સોમાલાલ શાહ, પ્રશસ્તિપટુ ચંદ્રશંકર પંડ્યા, અર્થશાસ્ત્રી ખુશાલ તલકશી શાહ, ભારતનો ભવ્ય ડોસો મો. ક. ગાંધી, પંડિત પત્રકાર અંબાલાલ બુ. જાની, કર્તવ્યપરાયણ પ્રભુદાસ મોદી, શાંત ધનશંકર ત્રિપાઠી, પ્રતિભાપૂજક શામળદાસ ગાંધી, અદમ્ય કકલભાઈ કોઠારી...

કોનાં નામ દઈએ અને કોનાં છોડીએ ! આ ઉપરાંત બીજાં ડજન-બંદ પ્રતાપી નામો તો આ ગ્રંથમાં સ્થળે સ્થળે ઝળકતાં દેખાશે.

પારસી તો ગુજરાતી પત્રકારત્વનો પ્રારંભવીર; એણે ગુજરાતી અખબારની કરેલી સેવા અને એના સેવકો ગણાવતાં પાર ન આવે. છતાં થોડાં નામ આ રહ્યાં :

અરદેશર કરાઈ, આપઅખત્યાર, કેખુશરૂ કાબરાજી, માણેકજી મિનો-

ચેહેર, નાનાભાઇ ચીજગર, નવરોજજી ચાનદારૂ, દાદાભાઈ નવરોજી, પાલનજી બરજોરજી દેસાઈ, સોરાબજી કાપડીયા, ફરદુન મર્ઝબાન, નવરોજજી એલ્લગામવાલા, 'પિઝામ,' તાલ્યારખાન, રુસ્તમ વાચ્છા ગાંધી, દીનશાજી કરકરીઆ, શ્યાવક્ષ દલાલ, હોમી કાપડીયા, ફિરોઝ દાવર, મલબારી, અરદેશર ફરામજી પટેલ, એરચ હિરજીબેહદીન, કાંગા, મુસ, કરાંચીવાળા સોરાબજી ગોળવાળા અને ફિરોજશાહ દસ્તુર......ગુજરાતી પત્રકારત્વનું આલેખન કરતાં આગળ ઉપર બીજાં પણ કેટલાં ય પારસી નામો આપણે નોંધ્યાં છે.

ગુજરાતી પત્રકારત્વમાં મુસ્લિમોનો ફાળો પણ નાનોસૂનો નથી. હાજીમહમદ અ. શિવજીનું નામ તો પ્રાતઃસ્મરણીય છે. નિઝામુદ્દીન કુરેશી, બદ્રનિઝામી રાહતી, સાદિક, શયદા, બેકાર, કરીમઅલી નાનજીઆણી,......મુસ્લિમ ગુજરાતનો ફાળો તો સુંદર રીતે વધતો જાય છે.

સ્ત્રી-પત્રકારો અને તંત્રીઓમાં 'હિંદી ગ્રાફિક'નાં બાઇઆઇ પાલમકોટ અને તેમનાં બેન બીખાઈજી પાલમકોટ, 'નવરાશ'નાં બાઈ મરહેબાઇ દાવર, વિદ્યાબેન અને શારદાબેન, પુતળીબાઇ કાબરાજી, મીસ બાનુ બમનજી, જયવતી દેસાઇ, જ્યોત્સ્ના શુકલ, મનોરમા ઓઝા, શિવગૌરી ગજ્જર, હંસા મહેતા, બચુબેન લોટવાળા, લક્ષ્મીબેન ગો. ડોસાણી, જમનાબાઇ સક્કઇ, પ્રેમલીલા મહેતા, લીલાવતી મુન્શી, તારાબેન મોડક, વિનોદિની નીલકંઠ.........

આ સર્વના જીવનનિચોડથી ગુજરાતનું પત્રકારત્વ પાંગર્યું છે, ફૂલ્યું ફાલ્યું છે; 'અંસુવન જલ સીંચ સીંચ પ્રેમવેલ બોઈ.....'

અને એમણે સદકે કરેલાં જીવનનો પરિપાક આપણે આજે એ જોઇએ છીએ કે ગુજરાત છાપાંઘેલું, વૃત્તતરસ્યું બન્યું છે.

પ્રકરણ ૨

કેટલાંક મૂળતત્ત્વો

In the last resort the men who hunt for the news are the mainstay of the newspapers. Today most of the news is sent to the office of the important dailies by news agencies; but behind the news agency is the news gatherer. He gets all the romance and the excitement of it, and the reader may perhaps be favoured with a secondhand experience of the adventure, or perhaps not.

—*S. P. Thiaga Rajan*

અત્યારે પ્રવર્તી રહેલી સ્થિતિ એવી છે કે વૃત્તપત્રો અને વૃત્તચર્ચા ગૂજરાતીના જીવનની જરૂરત થઇ પડી છે. છાપાં વગર અને ખબરઅંતર જાણ્યા વિના હવે કોઇને ચેન પડતું નથી.

આજે બે માણસો સહસા ભેગા મળે ત્યારે સ્વાભાવિક રીતે પહેલો પ્રશ્ન એ પૂછાય છે કે 'કેમ છો ? કંઇ ખબરઅંતર ? કંઇ નવાજૂની ?' આ જમાનાના માનવીનું ચિત્ત ખબરઅંતરે એવું આવરી લીધું છે, કે એ તેને માટે સદૈવ ઉત્સુક રહે છે. અખબારોએ પોતાના સમાચારસ્તંભો રૂપી જાદુઇ લકડી વડે પ્રસરાવેલું એ વશીકરણ છે.

'કંઇ ખબરઅંતર ?'

'કંઇ નવાજૂની ?'

'શા સમાચાર છે ?'

આ જમાનાનાં એ યુગસૂત્રો છે.

પણ ખબર એટલે શું ? જેના ઉપરથી છાપાનું 'અખબાર' નામ પડ્યું છે તે ખબર, જેને લીધે તે 'વૃત્તપત્ર' કહેવાય છે તે વૃત્ત, અને 'વર્તમાન પત્ર' કહીએ છીએ તે વર્તમાન, સમાચાર, ન્યુસ......એ કઇ વસ્તુ છે ?

છાપાંની દુનિયામાં એક જૂનું 'ઓઠું' છે: કૂતરો માણસને કરડે તેમાં સમાચાર જેવું કશું ન કહેવાય. પણ માણસ કૂતરાને બચકું ભરે, તો એ અવશ્ય સમાચાર છે.

એટલે કે જેમાં કંઇ અસાધારણ તત્ત્વ હોય, નવાજૂની, નવલવિશેષ હોય, તે સમાચાર.

ફિલિપ ગ્વેડેલા કહે છે :

"ગુનાખોરી ખબર કહેવાય; છૂટાછેડા પણ ખબર; બાળમાતા પણ ખબર;......કોઇ અકથ્ય કારણસર, પ્રખ્યાત પુરુષોના શતાબ્દિઓ પણ ખબર લેખાય છે...અને બધાથી વિશેષ વિચિત્રતા તો એ છે કે સ્ત્રીઓ, સ્વભાવે કરીને અને પોતે થઈને કશું પણ કર્યા કારવ્યા વિના પણ, પુરુષ કદી પણ ન બની શકે તેવી રીતે ખબરનો ખજાનો હોય છે...તમે કશું અજબનીતરું કરો, તો એ ખબરનો વિષય થયો. અને તમને અકસ્માત નડે તોપણ તમે ખબરનું ઉત્પાદન કર્યું" કહેવાય. પણ જો તમે ભેદી રીતે ગુમ થઇ જાઓ તો તમારાં ખબર-મૂલ્ય બેવડાં ત્રેવડાં થઈ પડે. જીવનમાં એક વાર પણ ખબરનો વિષય બનવું એ માનવી માટે મોટી વાત છે. જો કે કોઇ કોઇ વાર એ લહાવો એટલો મોડો મળે છે કે તેમાં કશો સ્વાદ રહેતો નથી."

'માન્ચેસ્ટર ગાર્ડિયન' અખબારે એકવાર 'ખબર'ની સારામાં સારી વ્યાખ્યા માટે ઇનામ જાહેર કર્યાં હતાં. તેના ઉત્તરોમાંના થોડા આ રહ્યા :

કેટલાંક મૂળતત્ત્વો

"ખબરની પ્રાપ્તિ સત્યની વાપિકામાંથી નથી થતી પરંતુ તે અફવાની ગુફામાંથી નીસરે છે."

"જે થયું, તે ખબર."

પરંતુ પહેલું ઇનામ જીતી જનારી વ્યાખ્યા આ રહીઃ

"લોકોની મોટામાં મોટી સંખ્યાને જેમાં રસ પડે, જેની સામાન્ય રીતે જાહેર માહિતી ન હોય, તેવી અવનવી અથવા ચિત્તાકર્ષક ઘટનાની પ્રથમ પહેલી જાહેરાત તે ખબર."

પરંતુ ચમત્કાર અને સનસની વગર ખબર હોઈ જ ન શકે, એવું સમજવું અસ્થાને થઇ પડે. 'ફ્રી પ્રેસ જર્નલ' કે 'વંદેમાતરમ'ના તીણા ચિત્કારને ખબર કહીએ ખરા, પરંતુ મદ્રાસના 'હિંદુ'ની કે 'મુંબઈ સમાચાર'ની ઠાવકી, શાણી, ભારેખમ ગોઠડીને ખબરના ક્ષેત્રમાંથી દેશવટો ન જ અપાય. લાઇલ સ્પેન્સર કહે છેઃ

"જો ખરી વાત કહીએ તો ખબર એટલે વાચકોની મોટી સંખ્યાને જેમાં રસ પડે તેવી કોઇ પણ ખરેખરી હકીકત કે ખ્યાલ. અને એક જ ઘટનાના બે અહેવાલોમાંનો જે ખરો હોય અને જે વધારે લોકોને પસંદ પડતો હોય, તેને વધારે ઉત્તમ ખબર સમજવી. વિચિત્રતા, અસામાન્યતા, અણધાર્યાપણું, તાજાપણું, એ બધી સારી વસ્તુઓ છે અને તેનાથી ખબરનાં મૂલ્ય વધે ખરાં; પણ એ અનિવાર્ય નથી. આવશ્યક વસ્તુ એ છે કે અહેવાલ સાચો હોય અને મોટી સંખ્યામાં વાચકોને રસપ્રદ થઇ પડે તેવી હકીકત અથવા વિચારસરણી તેમાં હોય.'

બાકી તો પોતાનો પ્રચારહેતુ સાધવા માટે છાપાં ક્યાં રજનું ગજ નથી કરતાં? હિંદના કોઇ ખૂણાખચકામાં જુગાર રમતાં મુઠ્ઠીભર ગુંડા લડી પડ્યા હોય, તેને 'કોમી રમખાણ' ઠોકી બેસાડીને હિંદનાં તેમ જ ઇંગ્લાન્ડનાં છાપાં છ–છ કોલમના વાવટા ફરકાવતાં હોવાની ક્યાં નવાઇ છે?

બાકી 'ખબર'ની કોઇ જડએસલાક પરિપૂર્ણ વ્યાખ્યા ન હોઈ શકે. એ તો અખબાર વાંચે તે સહજ સમજી શકે કે અમુક ખબર કહેવાય ને અમુક નહિ.

વૃત્તવિવેચન

વર્તમાનપત્ર માનવજીવનનું પ્રતિબિંબ છે, એમ કહેવામાં અતિવ્યાપ્તિ થતી હશે પરંતુ બહુ નહિ.

તમે ગમે તે સારું છાપું લઇને બેસો. પંદર મિનિટમાં તમે આખી પૃથ્વીનું પર્યટન કરી લેશો. જે સ્થળો તમને ગમતાં હશે ત્યાં તમે પળભર થોભ્યા હશો. જેમાં રસ નહિ હોય તેને તમે પલકમાં વટાવ્યાં હશે. જીવનનું કોઇ પાસું તેમાંથી બાકાત નહિ હોય. માનવપ્રવૃત્તિનો કોઇ પણ રાહ એના સ્પર્શથી મુક્ત નહિ હોય. એક જ છાપામાં, અને એક જ ઘટિકામાં તમે સમગ્ર સંસારનું, જડચેતન સૃષ્ટિનું અવલોકન કરી નાખો છો. આ વસ્તુ પોતે જ શું ઓછા અલૌકિક 'ખબર' છે? આ વિરાટદર્શન, અને તે પણ રોજરોજનાં અને છતાં નિત્યનવીન—એ શું જેવી તેવી અલૌકિક વસ્તુ છે?

અને ખબર આપતાં તથા એ ખબરો ઉપર નુકતેચીની કરતાં અખબારની સત્તા આજે કેટલી વ્યાપક છે! એનું રાજ્ય કેવું એકછત્ર છે!

પરંતુ:

"આજે જગતનો રાજ્યમલ્લ માત્ર કહેવા પૂરતો પણ અર્ધદગ્ધ-બુદ્ધિવાળાં માનવીઓના હાથમાં પડેલો છે. અને આજના જમાનાના અખબારની ભયંકર સત્તાનું કારણ એ અર્ધદગ્ધતાનું એવાં માનવીઓને હસ્તક થતું પરિશીલન જ છે. વળી જનસમાજની બુદ્ધિ તથા રુચિને જડ તથા કુંઠિત કરી મૂકવામાં છાપાં જે ભાગ ભજવે છે, એ જાણીતી હકીકત છે.

"છાપાંના વાચનમાં થયેલો અફાટ વધારો—અને એક વિવેચક તો કહે છે કે અક્ષરજ્ઞાનવાળાં માનવીઓનો મોટો ભાગ આજકાલ છાપાં સિવાય કશું જ નથી વાંચતાં—જાહેર ઘટનાઓ વિષેની જનતાની સ્મૃતિને ટૂંકાવવાની વર્તમાન સમયની લોકવૃત્તિને તે ઉત્તેજે છે. તારની અવિરત પ્રવૃત્તિ વડે આખી દુનિયા સવારના નાસ્તા વખતે નજર સામે હાજર થઇ જતી હોય, ત્યાં સ્મૃતિ પરંપરાને સતેજ રાખવાની લોકોને જરૂર જ ક્યાંથી રહે? એકાદ પખવાડિયા કે

મહિના જેટલી જૂની ઘટનાને કોઇ તંત્રી પોતાના પત્રમાં સ્થાન જ ન આપે. અને આપે તોપણ તેની સમજૂતી રૂપે તે સાથે ટિપ્પણી પણ એને આપવી જ પડે......'

આ શબ્દો શ્રી. એસ. પી. ત્યાગરાજનના છે, અને તે એમના પુસ્તક Introduction to Journalism માંથી ટાંક્યા છે.

હોમ યુનિવર્સિટી લાઇબ્રેરી નામની પુસ્તકમાળાના 'ન્યુસ્પેપર' નામના ગ્રંથમાં લખ્યું છે :

The businessman would think chiefly of a newspaper as a vehicle for prices and a medium for advertising. Cooks, butlers, clerks and governesses look upon it as a daily registry office. The solicitor sells houses and lands through it. House-wives through it sometimes buy their soaps and more often their hats. Actors, singers, authors, artists, and musicians each read their special column and wonder when the editor intends to engage someone really acquainted with the only subject worth reading. The politicians will read its leading articles with smirking assent or explosive repudiation. Last of all comes the general reader and he asks nothing more of his newspaper than all the news of everywhere collected at great cost, transcribed with finished skill and presented to him in just the way which pleases him and flatters him most.

(પ્રત્યેક વેપારી વૃત્તપત્રને ભાવતાલનું વાહન અને જાહેરાતનું સાધન જ મુખ્યત્વે સમજે. બટલર, બબરચી અને આયાઓ એને રોજની નોકરીનોંધ લેખે. સોલિસિટર એની મારફત મકાનો અને જમીનોમાં વેચાણ કરે છે. ગૃહિણીઓ તેની મારફત પોતાના સાબુ અને તેથી યે વધારે પ્રમાણમાં શૃંગારના સાજ ખરીદે છે. નટ, લેખક, ગાયક અને વાદ્યકાર પોતાના ધંધાને લગતાં કોલમો

વાંચીને વિચાર કરે છે કે દુનિયાના એકમાત્ર રસપ્રદ ધંધાના સાચા જાણકારને ક્યારે તંત્રી એ વિષયના વિવેચનનું કામ સોંપશે? રાજકીય નેતા તેની ટિપ્પણીને મહેરબાનીભર્યા સ્મિતથી કે પછી ધમધમાટ ભર્યા મતભેદ પ્રદર્શનથી નવાજશે. અને બધાને અંતે આવે છે સામાન્ય વાચક. એને તો એટલું કે મારું છાપું મને સર્વ સ્થળોના સર્વ સમાચાર ખૂબ ખર્ચે ભેગા કરીને, ખૂબ કલાકૌશલ્યથી લખીને મને ગમે તેવી જ રીતે સમજાવીને મારી આગળ રોજ રોજ રજૂ કરે.)

એ. જે. બ્લેર કહે છે:

"નિયમિત રીતે વર્તમાનપત્ર વાંચનાર વખત જતાં સમજવા લાગે છે કે જુદા જુદા દેશોની પ્રજાઓ, એ દેશનાં હવાપાણી, લોકોની સામાજિક–રાજકીય પરિસ્થિતિ, તેમના ધર્મો, તેમની કેળવણી, એ બધાના વૈવિધ્યની હેઠળ કેવી સંવાદિતા વહી રહી છે. જેઓ એવા વાચનનો લાભ મેળવતા નથી તેઓના કરતાં વિશિષ્ટ જ વિચારસરણી વર્તમાનપત્ર વાચકની ઘડાય છે. એ રીતે વર્તમાનપત્ર મનુષ્યને કેળવનારો એક શિક્ષક છે, મનુષ્યની દૃષ્ટિને વિશાળ બનાવે છે અને માનવજાતિનું ઐક્ય સ્થાપવા સાહાય્યભૂત બને છે."

આ રીતે વૃત્તપત્ર પ્રત્યેકને જોઈતી પૃથક વસ્તુ તેમ જ બધાને જોઈતી બધી વસ્તુ પૂરી પાડવાનું મહાભારત સાહસ રોજ ઊઠીને ઉપાડે છે.

શ્રી. આનંદશંકર ધ્રુવના શબ્દોમાં કહીએ તો:

'આપણે ત્યાં વર્તમાનપત્રોએ આપણા પારમાર્થિક વ્યવસાયમાં ઓતપ્રોત થવું જોઈએ......આપણું એ જીવન પણ અત્યારે તો મંદ નાડીથી વહે છે. પણ હું કહેવા માગું છું તે એ છે કે વિશાળ અર્થમાં સ્વ૦ મણિલાલ નભુભાઈના શબ્દોમાં ધર્મ, ગૃહ, રાજ્ય અને સાહિત્ય એ ચતુર્વિધ અર્થમાં પરોવાયેલા–સફળ પારમાર્થિક જીવનમાં વર્તમાનપત્રે કર્તવ્યો કરવાનાં છે........ જે દેશમાં લોકમત પ્રબળ અને સ્વતંત્ર વિચારશીલ છે ત્યાં મોટે ભાગે પત્રકારનો ધર્મ લોકમતને અનુસરવામાં અર્થાત્ એ મત જેવો છે તેવો જ પ્રકટ કરવામાં રહેલો છે. પણ હિંદુસ્થાનમાં કે જ્યાં દુર્ભાગ્યે આપણા પત્રકાર ઉપર આચાર્યપદ ગ્રહણ કરવાનું આવી પડયું છે ત્યાં તો આચાર્યધર્મ નહિ બજા-

ધાંએ તો કર્તવ્યભ્રષ્ટ થઇશું, અને તેથી આચાર્યપદ લેતાં સંકોચાવું એ ખોટી નમ્રતા છે."

પત્ર અને પત્રકારને માથે કેટલો ભાર? કેવી જવાબદારી?

અને આ ઢાલનું બીજું પાસું પણ જોઇએ; પત્રકારનાં ભયસ્થાનો અને તેને હાથે થતી કુસેવા પણ પત્રકારત્વની ઓછી ગંભીર સમસ્યા નથી. લાલબત્તી રૂપે પત્રકાર તેને પહેલી સમજી લઇને પછી આગળ ચાલે.

શ્રી. ચુનીલાલ વ. શાહ કહે છેઃ

"કેવળ સ્વાર્થ કે લોભને વશ બન્યા વિના કોઇ માણસ નિર્વાહના સાધનનો ઉપયોગ કરીને એકાદો લોકહિતકારક વ્યવસાય જ્યાં સુધી ચલાવે છે ત્યાં સુધી તેના નિર્વાહનું સાધન પવિત્ર છે એમાં મને શંકા નથી. પરંતુ ધર્મમંદિરની દુકાનમાં દારૂનું પીઠું ચલાવવાનો વ્યવસાય જેવી રીતે ધર્મ-સંસ્થાના દેહ ઉપરનું એક ગૂમડું છે, તેવી રીતે ઘરાકી વધારવા કે જાહેર ખબરની આવક મેળવવા નિંદાવ્યાપાર કે ખોટાં ગુણગાન કરનાર, સ્વાર્થ માટે ઇરાદાપૂર્વક લોકોને ઊંધે માર્ગે દોરનાર અને વ્યસનો તથા દૂષણોનો પ્રચાર કરનારી જાહેર ખબરોમાંથી દ્રવ્ય મેળવનાર પત્રકાર પણ પત્રકારત્વના દેહ ઉપરનું એક રોગિષ્ટ ગૂમડું છે."

"ગુજરાતી પત્રકાત્વ ઉપર પણ એવાં ગૂમડાં ભૂતકાળમાં હતાં, આજે પણ મળી આવશે. પરંતુ વિકાર થોડો અને નિરોગિતા વિશેષ છે. એમાં ગુણગાન પ્રસિદ્ધ કરવા માટે, શત્રુ ઉપર નિંદાવર્ષણ કરાવવા માટે, ભૂંડી જાહેર ખબરો છપાવવા માટે, સેવા કે લોકકલ્યાણના બુરખા હેઠળ નફાખોરી કે ખુલ્લી ધંધાદારી ચલાવવા માટે નાણાંની થેલી લઇને આવનારાઓને લાત મારનારા કેટલાક પત્રકારોને હું પિછાણું છું. જાહેરાતના દરથી ચાર ગણા પૈસા આપીને એક ખબર છપાવવા માંગનારાઓને અને મોંમાગ્યા દામ આપીને ચર્ચાપત્ર છપાવવા ઇચ્છનારા મલિન સ્વાર્થસાધુઓને કાર્યાલયમાંથી હાંકી કાઢનારા પત્રકારો મેં જોયા છે. વ્યવસાયની પવિત્રતા જાળવવા માટેની જુદાં જુદાં પત્રોની મર્યાદા પહોળી સાંકડી જોવામાં આવે છે ખરી. કોઇ તાલીમબાજોથી છેતરાઈને કે ભ્રમમાં પડીને પત્રકારો થાપ ખાઇ જાય તથા વ્યવસાયને કલંકિત કરે એવા બનાવો પણ કોઇ વાર બને

છે ખરા. એવી ઊણપો છતાં એકંદરે ગૂજરાતી પત્રકારત્વ હીણું નથી, બલકે ઊજળું છે એવી મારી માન્યતા છે.

"યલો જર્નાલિઝમ'—'પીળું પત્રકારત્વ' એ શબ્દ પ્રયોગ અમેરિકાએ પ્રચલિત કર્યો છે. અમેરિકામાં, ઇંગ્લાંડમાં તેમ જ આપણા દેશમાં એવું પત્રકારત્વ હીણાય છે. વ્યક્તિગત નિંદાઓ, જાહેર પુરુષોની ઠેકડીઓ, અનીતિના બનાવોનાં રસિક વર્ણનો, નટનટીઓનાં ખાનગી જીવન ઉપર કટાક્ષો, ગુનાઓના કુતૂહલપ્રેરક અહેવાલો, ઇત્યાદિને મોખરે મૂકીને જનતાની હલકી રુચિને પોષવાનું કાર્ય કરતા પત્રકારત્વને આજે 'પીળું પત્રકારત્વ' કહેવામાં આવે છે; પરંતુ એનો જન્મ એવા હેતુથી થયો નહોતો. રવિવારનાં સાપ્તાહિક પત્રો અથવા દૈનિક પત્રોની રવિવારની પૂર્તિઓમાં રમૂજી બાબતો તથા રમૂજી ચિત્રોને મોખરે મૂકવા ઉપરાંત એ ચિત્રોમાં ભભૂકતો પીળો રંગ અને આકર્ષક શીર્ષકો, એ જ તેનું વિશિષ્ટ અમેરિકન લક્ષણ હતું. તે કાળે જ શિષ્ટ પત્રોએ તેવા પત્રો સામે પ્રહારો કરવા માંડયા હતા, પરંતુ તેથી એ પત્રોનો ફેલાવો થોભ્યો ન હતો. પછી તો જેમ બીજા ધંધાઓમાં બને છે તેમ એ પીળા પત્રકારત્વના સંબંધમાં પણ બન્યું. એવાં પત્રોનો એક વર્ગ બંધાઇ ગયો, લોકોનું આકર્ષણ ટકાવી રાખવાને નવી નવી તરકીબો શોધાતી ગઇ. જનતાની હીણી રુચિને બહેલાવવાની કળાઓનો ઉપયોગ થવા લાગ્યો અને આજે પીળું પત્રકારત્વ ખૂબ ધરાકી હોવા છતાં શિષ્ટ જનતામાં નિંદાય છે.

"આપણે ત્યાં એવા પત્રકારત્વના છાંટા ઊડતા કોઇ કોઈ વાર કોઇ કોઇ પત્રોમાં દેખાય છે તે એક કમનસીબી છે. 'પીળા પત્રકારત્વ'ના એ છાંટા વિશેષ કમનસીબ તો એટલા માટે છે કે તેના પ્રચારકો કોઇ કોઇ વાર પોતાની હીનરુચિને વાસ્તવવાદના અસ્તરથી મઢીને મૂકે છે અને એ જ વાસ્તવિક જીવન છે, બાકી બધી ભાવનાની પોકળ વાતો છે એમ માને છે અને વાચકોને મનાવવા માટે મુખ્યત્વે કરીને વિનોદનાં, ચિત્રપટોનાં અને હળવા વાચનનાં સામાયિકોએ વાચકોનું આકર્ષણ કરવાના આંતરહેતુથી અને વાસ્તવવાદના બાહ્ય દેખાવથી ગૂજરાતી પત્રકારત્વને કલંકિત કરતાં થોભવું જોઈએ છે. કોઇ સડેલું જીવન વાર્તાનો વિષય બની શકે, પરંતુ તેની રજૂઆત ઉપર જ સાચા વાસ્તવવાદી લેખકની દૃષ્ટિ અને જુગુપ્સા દ્વારા આકર્ષણ કરવાની હીનરુચિવાળા લેખકની દૃષ્ટિ આપોઆપ પરખાઇ જાય છે. નાજુક વિષયોના લેખો,

વાર્તાઓ અને અંગત મર્મપ્રહારોની રજુઆતમાં હીનરુચિવાળું પત્રકારત્વ અનિષ્ટ છે અને તે પણ પત્રકારત્વના દેહ ઉપર ગૂમડા જેવું છે એમાં શંકા નથી.'

પત્રકાર અને તંત્રી તરીકેના જીવનભરના અનુભવ અંતે 'ગુજરાતી'ના તંત્રી શ્રી. મણિલાલે કહ્યું છે :

'કેટલાંક માણસો તંત્રીખાતાનાં માણસો દ્વારા શરમાશરમીથી કે લાલચથી પણ કેટલીક વાર નજીવી વાતો દાખલ કરાવે છે. કેટલાક વાર તંત્રીખાતાનાં માણસો પાસે અનુકૂળ વાતો લખાવરાવે છે. અને કેટલાકો પોતાના દ્વેષ કાઢવાને ખટપટ કરે છે. ત્યારે તંત્રીખાતાનાં માણસો ન્યાતજાતમાં કે ગામમાં મોટાઇ મેળવવાને કેટલીક નજીવી કે ચોક્કસ વર્ગને લગતી નિર્જીવ બાબતોને જરૂર કરતાં વધારે અગત્ય આપે છે અથવા જગ્યા રોકે છે. આ રોગો ઘણા ભયંકર છે અને તેથી પત્રકારે ઘણું સંભાળવું જોઇએ છે. માણસો ખબર આપવાને બહાને પોતાના ખબરપત્રોમાં ઘણું અવનવું ઘુસાડે છે અને તેમાંથી બદનક્ષીના અને એવા બીજા માઠાં પ્રસંગો ઊભા થાય છે.'

તા. ૨૨-૩-૩૯ના 'મુંબઇ સમાચાર'માં શ્રી. કિશોરલાલ ધ. મશરૂવાળાએ 'છાપાંઓમાં પ્રગટ થતી અશિષ્ટ ભાષા' વિષે લેખ લખ્યો હતો, તેમાં નીચેનું વાક્ય જોવામાં આવે છે :

'ગુજરાતી છાપાંઓએ...વ્યક્તિ કે સંસ્થા વચ્ચેના એ ભેદ જાળવ્યા નથી. આવા આવા પ્રયોગો તો છૂટથી વાપરવામાં આવે છે: 'મેલડીના અવતાર,' 'બગભગત,' 'દગાખોર,' 'ઠગ,' 'ગોઝારી જમાત,' 'હડધૂત' 'નાચ ભજવનાર,' 'ચંડાળ' વગેરે. જે જાતની વાક્યરચના સાથે આ વિશેષણો વપરાયાં છે તે પણ સાથે મૂકું તો સત્યાગ્રહીને લાજથી મરવા જેવો એ નમૂનો થાય.'

અને આવા પત્રકારના ઉલ્લેખમાં જ જોડકણું જોડાયું હોવું જોઇએ કે 'A merciful providence fashioned us hollow O' purpose that we might our principles swallow.

અહો ! મનુષ્યનાં ઉત્તમોત્તમ તેમજ અધમાધમ પાસાંને આલેખતું,

તેની દૈવી તેમજ આસુરી વૃત્તિઓને પોષતું, તેને ઉન્નત કરતું તેમજ અધમ બનાવતું વૃત્તપત્ર સાચેજ વિલક્ષણ વસ્તુ છે !

અને એનામાં વ્યસન બની જવાની કેવી શક્તિ રહેલી છે ! અફીણ ગાંજાની હારમાં બેસે, કદાચ તેને પણ હોડમાં હરાવે તેવી એની વ્યસન-શક્તિ પત્રના વાચક તેમજ તેના સર્જક પરત્વે અટલ બની રહે છે. જે છાપાંને છંદે ચઢયો, તેની તો પનોતીજ બેઠી સમજવી.

પ્રકરણ ૩

અખબારના સામયિક પ્રકાર

"Writing is a gift, like moving your ears"
—*E. Phillips Oppenheim.*

આપણે જોઈ ગયા તેમ અખબાર એટલે ખબરો; જેમાં ખબર આવે તે અખબાર. અને ખબરમાં તાજાપણાની અપેક્ષા રહેજ. જૂની વાતને ખબર, સમાચાર, વૃત્ત કે ન્યુસ કહી શકાય નહિ. અમુક સમય વીત્યા પછી તેનું ખબરપણું મટીને એ ઇતિહાસનું રૂપ ધારણ કરે છે. તેથી વૃત્તપત્રોની સમાયિકતાને પણ તેને અનુરૂપ હદ હોવી જોઈએ

દૈનિક તો અખબાર ખરૂંજ; અર્ધસાપ્તાહિક અને અઠવાડિકને પણ એ બિરદ ધારણ કરવાનો અધિકાર રહે. અને બહુબહુ તો પાક્ષિક અમુક પ્રકારના નીરાંતજીવા સમાચાર આપી શકે. પરંતુ માસિકની વૃત્તપત્રમાં ગણના ભાગ્યેજ થઇ શકે. થોડાં વર્ષો પહેલાં, વધારે શીળા અને ઓછા રઘવાયા જમાનામાં માસિકોને વૃત્તપત્રોની કક્ષામાં અવકાશ હતો, પરંતુ આજે તો એક જ છાપાંની એકજ દિવસમાં કેટલીયે આવૃત્તિઓ નીકળે, અને કલાકે કલાકે સમાચાર વાસી થઇ જાય એ દોડધામના જમાનામાં તેની મર્યાદા સંકોચાઇ જાય એ દેખીતું છે.

આ પ્રત્યેક સામાયિકનું ચોક્કસ ક્ષેત્ર અણલખ્યું છતાં નિર્ણીત છે.

દૈનિકમાં બાતમી વિશેષ હોય છે. તેણે સમાચારની રજુઆત ઉપર ખાસ ધ્યાન આપવું પડે છે. ચમત્કાર અને સનસની ઉપર તેનો મદાર વિશેષ રહે છે. જનતાનાં આંખ અને ચિત્તને પકડી લેવાની તેની નેમ હોય છે. મથાળાં બાંધવાની કળા, છેલ્લા સમાચારોમાં જેનો ઉલ્લેખ થતો હોય તેવા મહત્વના માનવીઓ તથા ઘટનાઓની છબીઓ, રોજરોજનાં રમતગમતનાં દંગલોની ખબર અંતર, બજાર ભાવ, રૂખ, વહાણોની અવર-જવર ઇ. નિત્ય વ્યવસાયના વૃત્ત અને તેના વિવેચનને તેમાં મુખ્ય સ્થાન હોવું જ જોઈએ. તે ઉપરાંત તેનાં ખાસ અઠવાડિક અંગો–ટૂંકી વાર્તા, ચાલુ વાર્તા, ખાસ લેખો સાહિત્ય, અવલોકન, સીનેમા અને બીજી હુન્નરઉદ્યોગ વગેરે વિષયક પૂર્તિઓ ઈ. નો સમાવેશ પણ તેમાં થાય, પરંતુ તે બધું પત્રનું વાચનમૂલ્ય વધારવા માટે જ. દૈનિકનું મુખ્ય કર્તવ્ય તો ખબરો આપવાનું જ હોય.

જાહેરાતો અને વિશેષતઃ સીનેમાની જાહેરાતો વૃત્તપત્રોમાં અવનવા રંગો પૂરે છે. રૂપવતી યુવતીઓ અને ફાંકડા જુવાનોની છબીઓ તેમાં છપાય છે અને તેનાથી છાપાંનું આકર્ષણ વધે છે. નાટક, સીનેમા આદિ મનોરંજનને લગતા સમાચારો જનતામાં દૈનિકની માગણીને ઉત્તેજે છે. ઘણી પૂર્તિઓ વાસ્તવમાં જાહેરાતો જ હોય છે, અને એ છાપાં રૂપી 'મંડપની શોભામાં અભિવૃદ્ધિ' કરે છે. આ જાહેરાતની યુક્તિઓ રૂપી જાળ કોઈ કોઈ વાર કોઇ સોનેરી મચ્છી પકડવા માટે પણ બિછાવાય છે. દેશી રજવાડાં, હુંશીભીખારી તાજા તાલેવરો, છાપાંમાં પોતાનું નામ જોવાના કોડીલા માનવીઓ, સમાજના છૂપા ગુનેગારો વગેરે આ જાળમાં કોઈ કોઈ વાર ફસાઈ પડે છે, અને છાપાંનો અમુક વર્ગ તો એ પત્રકારી માછીમારના ધંધા ઉપર જ જીવે છે.

લોકનજરને પકડી લેવા, સેન્સેશનની ઘોડદોડમાં નંબર મારી જવા પત્રકારોને અનેક યુક્તિઓ લડાવવી પડે છે. આજે અમુક માણસ મરી

ગયાના કે અમુક હોનારત બન્યાના ખબર આપીને જનતાને ચોંકાવી મૂકવી, એ એક ખબર; અને બીજે દિવસે એ ખબર ખોટા હોવાના ખબર આપવા, એ બીજી ખબર. કોઇક વાર જાણતાં અને ઘણીવાર અજાણતાં આવા પ્રકારો દૈનિકોમાં બનતા જ રહે છે.

સેન્સેશનના આ રઘવાટનો લાભ અપ્રમાણિક ખબરપત્રીઓ લઇ જાય છે, અને કેટલીક વાર છાપાંને મુશ્કેલીમાં મૂકે છે. ૧૯૪૧ ની સાલમાં અમદાવાદનાં છાપાંને એવું જાહેર કરવાની જરૂર પડી હતી કે વિશ્વાસપાત્ર ખબરપત્રીઓનાં નામે ટ્રન્ક ટેલીફોન અને તારનો ઉપયોગ કરીને ખોટા ખબરો ફેલાવીને છાપાંને કફોડી સ્થિતિમાં મૂકવાનું કેટલાક દુષ્ટ માણસો રીતસર કાવતરું ચલાવી રહેલા છે. લીંબડીના હીજરતીઓના પ્રકરણ અંગે ભિક્ષુ જમનાદાસ પકડાયાના 'સમાચાર' ટ્રન્ક ઉપર આવતાં 'સંદેશ' અને 'ગુજરાત સમાચારે' ભરોસો રાખીને છાપ્યા અને તે પછી તેમની જે રેવડી થઇ, વિરોધી પત્રોએ એનો જે લાભ ઉઠાવ્યો, એ હજી લોકસ્મૃતિમાં તાજી હકીકત છે.

બીજો એવો અને એથી પણ વધારે શોચનીય દાખલો ૧૯૪૨ ના ડીસેંબરમાં બની ગયો. મુંબઈ તેમજ અમદાવાદનાં દૈનિકોએ ચોંકાવનારા ખબર છાપ્યા, કે મુંબઇના વિદ્વાન તબીબ ડૉ. પી. ટી. પટેલનાં પત્નીનું કરપીણ ખૂન થયું છે. એ પછી ત્રીજે જ દિવસે 'સંદેશ'ને ડબલ કોલમ હેડિંગ સાથે છાપવું પડયું :

"સંદેશ'ના તા. ૧૫–૧૨–૪૨ ના અંકમાં મુંબઇના સ્વ. જાણીતા ડોકટર શ્રી. પી. ટી. પટેલનાં પત્ની અ. સ્વ. કુસુમ બહેનના ખૂનના સમાચાર પ્રગટ થયા છે. આ સમાચાર પ્રગટ થયા પછી અમને અમદાવાદમાં રહેતાં સગાંવહાલાંઓ તરફથી તપાસ સૂચવતા ટેલીફોનો મળ્યા હતા અને અમે અહીં આગળ તેમનાં નિકટનાં સગાંઓમાં તપાસ કરતાં એવા કંઇ જાતના સમાચાર એમને મળ્યા નહોતા. આથી અમે વધુ તપાસ કરતાં મજકુર સમાચાર તદ્દન ખોટા હોવાનું જણાયું છે......

'આ ગંભીર ભૂલ માટે અમે અંતઃકરણપૂર્વક દિલગીર છીએ અને એ બહેનને આથી થયેલા અન્યાય અંગે અમે દિલગીરી જાહેર કરીએ છીએ.

'અમારા નડિઆદના ખબરપત્રી તરફથી તા. ૧૩–૧૨–૪૨ નો તાર 'સેન્સર' માટે જતાં તા. ૧૪–૧૨–૪૨ ના રોજ સાંજે અમને મળેલો જે તા ૧૫ મી ના સવારના અંકમાં અમે પ્રગટ કર્યો.........

'અમારા વાચકોની જાણ માટે અમે એ જણાવી દઈએ કે એજ હકીકતનો નડિઆદનો તા. ૧૩ નો સંદેશો મુંબઈથી પ્રગ થતા 'જન્મભૂમિ'ના તા. ૧૫ મી ની (ટપાલની આવૃતી તા. ૧૬) અંકમાં ૫ મે પાને ત્રીજા કોલમમાં પ્રગટ થયો છે.

'આ ગંભિર ભૂલ માટે અમે પણ તપાસ કરી રહ્યા છીએ. (તંત્રી)'

અને 'જન્મભૂમિ'ને નિચેનો એકરાર કરવો પડયો :

'જન્મભૂમિ' તા, ૧૫–૧૨–૪૨ ટપાલ આવૃત્તિ તા. ૧૬–૧૨–૪૨ પાના પાંચ ત્રીજા કોલમમાં મુંબઇના જાણીતા મર્હુમ ડૉકટર પટેલનાં પત્ની શ્રી કુસુમબહેનના ખૂન થયાના વર્તમાન પ્રગટ થયા છે. પણ ખોટા માલૂમ પડયા છે. શ્રી કુસુમ બહેન હૈયાત છે. અને હાલ વડોદરામાં છે. તેમના પોતા તરફનો, બીજાઓનો અને અમને તે ખબર આપનાર ખબરપત્રીનો પત્ર આ બાબતમાં મળ્યો છે.

'અમારા તરફથી થયેલ આ પ્રસિદ્ધિ માટે અમે ઘણા દિલગીર છીએ.'

અને આ બાબતમાં ગોથું ખવરાવનાર બીજું–અને અજ્ઞાત હોવાથી–વિશેષ ગંભીર તત્ત્વ તે અફવા છે. એક લોકવાર્તા છે કે એક રાણીને શુભ પ્રસંગ આવવાનો હતો. પ્રજાજનો એ જાણીને હર્ષઘેલાં થયાં અને જન્મ પ્રસંગ પહેલાં લોકોનાં ટોળાં કુતૂહલથી મહેલ પાસે જમા થવા લાગ્યાં. યથા સમય રાણીને રંગે સહેજ શ્યામળી કન્યા અવતરી. ડાકટરે નર્સના કાનમાં કહ્યું કે કન્યા શ્યામળી છે. નર્સે બારણે ઊભેલી દાસીને કહ્યું કે કુંવરી કાળી છે. દાસીએ હજુરિયાને કહ્યું કે છોડી કાગડા જેવી શાહકાળી

છે. ત્યાં ટમટમતા નગરશેઠે કાન માંડયા હતા તેમને સંભળાયું કે રાણીને કાગડો અવતર્યો છે. અને છેવટે લોકો એવી વાત ચર્ચતા વિખરાયા કે રાણીએ કાગડાના કાળા ઝુંડને જન્મ આપ્યો છે.

વૃત્તપત્રો પણ અજાણતાં બની જાય છે. અને જો પત્રકાર ખૂબજ સાવધ અને સશંક ન રહે, તો સહેજે થાપ ખાઈ જાય છે.

આવાં ઘણાં ભયસ્થાનો દૈનિકના ઉતાવળીયા જીવન અંગે ઉપસ્થિત થયા કરે છે. પરંતુ જોખમ, એ તો દૈનિકના તંત્રીમંડળનું નિત્યજીવન છે. દૈનિકનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જોને !

અને તેમ છતાં : 'માંહિ પડયા તે મહાસુખ માણે, દેખનારા દાઝે જો ને !'

સાપ્તાહિક પત્રમાં દૈનિકનાં અઠવાડિક ફીચરોને વિશિષ્ટ અને સમાચારને ગૌણ સ્થાન હોય. સાપ્તાહિકો બે પ્રકારનાં હોય છે–વિવેચનલક્ષી, અને વૃત્તલક્ષી. પહેલા વર્ગનાં અઠવાડિકો પણ હવે ધીમે ધીમે વૃત્તલક્ષી બનતાં જાય છે. આ સમાચારનો જમાનો છે, અને અઠવાડિકોને પણ એ જરૂરતને અનુકૂળ થવું જ પડે છે. એ ઝોક પહેલો ખરેખરો 'સૌરાષ્ટ્રે' આપ્યો કહી શકાય.

ઘણાંખરાં દૈનિકોને પોતાની સાપ્તાહિક આવૃત્તિઓ હોય છે, 'હિંદુસ્થાન'ની અઠવાડિક આવૃત્તિ વર્ષો સુધી પોતાનો વટ પાડતી હતી, અને ક. ગી. કોઠારી, ખુ. ત. શાહ, હંસા મહેતા ઇ. તેનું તંત્રીપદ શોભાવતાં હતાં. આગળ જતાં એજ દૈનિક પત્રનું રૂપાન્તર થઈ તેના સાપ્તાહિકે પણ 'પ્રજામિત્ર–કેસરી' નું રૂપ ધર્યું; અને આજે એ દૈનિક ગયું છે, પરંતુ તેનું અઠવાડિક ચાલે છે. 'મુંબઈ સમાચાર'નું અઠવાડિક જૂનું અને જાણીતું છે, અને 'જન્મભૂમિ' સાપ્તાહિક 'પ્રવાસી' રૂપે

અઠવાડિક અંક કાઢે છે. બીજાં બધાં સ્વતંત્ર સાપ્તાહિકો છે, તેમાનાં ઘણાંને સીનેમાનો ધંધો નિભાવે છે.

કોઇ પણ સારા ગણાતા સાપ્તાહિકનો હાથમાં પડયો તે અંક ઉપાડીને એની વિષયસૂચિ જોઇશું, તો તેના કાર્યક્ષેત્રનો તરત ખ્યાલ આવશે.

'મુંબઇ સમાચાર'નો તા. ૨૭-૧૨-૪૨નો અંક સામે પડયો છે. દૈનિકની અઠવાડિક આવૃત્તિ રૂપે નીકળતાં સામાહિકોના પ્રતિનિધિ તરીકે એનાં પાનાં ઉથલાવી જોઈએ. તે શું પીરસે છે?—

(૧) કવર ઉપર રંગીન ચિત્ર,

(૨) 'ઉઘાડે છોગે' : લેખક ખંડુભાઇ આર. દેસાઈ.

(૩) સંસ્કૃતિના નિઃશ્વાસ (અગ્રલેખ),

(૪) યુરોપમાં નવો ધડાકો (યુદ્ધ વિષે ખાસ સચિત્ર લેખ).

(૫) 'પહેલી નજરે' લેખક 'મસ્તફકીર.'

(૬) 'સુએઝ' : સામસામાં બે પાનાંને ભરી દેતા શકય તેટલાં મોટાં બીબાંનાં મથાળાં, નકશા, તસ્વીરો ઇ. સહિતનો મોટો ફીચર લેખ.

(૭) પૂરા પાનાનાં મથાળાં નીચે યુદ્ધ સમાચાર.

(૮) કાઠીઆવાડના વર્તમાન.

(૯) વળી ત્રણ પાનાં સમાચારની ધમાલ

(૧૦) કેસરબાગમાં મળેલી મુસલમાનોની 'જબ્બર' સભાનો અહેવાલ.

(૧૧) પાછા નકશા સહિત યુદ્ધ સમાચાર.

(૧૨) 'શેર બજારમાં મંદીના ગભરાટની લોક લાગણી' : શેર અને નાણાં બજારનું નિયમિત પાનું

(૧૩) વિશેષ સમાચાર

(૧૪) સાપ્તાહિક ભવિષ્ય.

(૧૫) વેશપલટા ઇનામી હરિફાઇ

(૧૬) છેલ્લાં બે કવરપેજ ઉપરનાં ચિત્રો.

બીજો દાખલો લઈએ કોઈ દૈનિકની ઓથની અપેક્ષા વિના સ્વતંત્ર-રીતે પ્રગટ થતા અઠવાડિક 'બેઘડીમોજ'નો એના તા. ૨૭–૨–૪૨ના અંકમાં :

(૧) કવર પેજ : એક નટીનું ચિત્ર અને એક અવતરણ.

(૨) વિગ્રહને પગલે પગલે

(૩) ચાલુ વાર્તાનો હફતો.

(૪) 'એક અભિનય ૫૦૦ વાક્યોની ગરજ સારે છે.' સીનેમા વિષયક મુલાકાતી લેખ.

(૫) 'ચોજના વિહોણી વાતો': લેખક ભારદ્વાજ—હળવું કોલમ.

(૬) સાહિત્યના સૂર : લેખક શ્રી ક્નૈયો.

(૭) ટૂંકી વાર્તા

(૮) 'લગ્નનો ગૂંચવતો કોયડો': સામાજીક ચર્ચાકોલમ

રાજકારણમાં પડ્યા વિના હળવી ચર્ચા અને મનોરંજનના સાહિત્ય ઉપર નિર્ભર રહેતાં પ્રમાણમાં ઊંચી કક્ષાનાં સપ્તાહિકોનો આ નમૂનો ઠીક ઠીક લાક્ષણિક ગણી શકાય.

ત્રીજા પ્રકારનાં સપ્તાહિકોને સમજવા માટે આપણે તા. ૧–૧–૪૩નું 'ફૂલછાબ' લઈએ:

(૧) પહેલું પાનું: સર્વનું નવ વર્ષ, સર્વના ઇસુ દેવ.

(૨) એક પ્રકટ પત્ર, ભાવનગરના મહારાજાને, જ્ઞાતિગ ગુણાનુરાગી

(૩) સાંભેલાના સૂર : નિયમિત કટાર, જાહેર વ્યક્તિઓને ખુલ્લા પત્રો રૂપે

(૪) ભાવનગરનાં ગામડાં : ગામ ખબરો.

(૫) યુદ્ધના સચિત્ર ખબરો.

(૬) ખાંડ કંટ્રોલનો કપરો અનુભવ રાજકોટ રાજ્ય અને એજન્સીના સટિક ખબરો.

(૭) નફાખોરોને નશ્યત, પણ પ્રજાપ્રબંધમાં વિલંબ: પોરબંદરનો કાગળ.

(૮) ચમત્કાર: હળવી કટાર.

(૯) સાહિત્યની દુનિયા.

(૧૦) અજમાયશી લગ્નની અર્થહીનતા.

(૧૧) ભૂખનાં ભાલાં: વધતા ભાવોનું ઊર્મિલ અવલોકન.

(૧૨) કોણ ગુનેગાર: મોંઘવારીનું ભાવનાચિત્ર.

(૧૩) દમન અને તોફાનની તારીજ.

(૧૪) લોટ ખલાસ થઇ ગયો છે: અન્નની તાણનો કરુણ કિસ્સો.

જેને અઠવાડિક ભવિષ્ય તેજી—મંદીની રૂખ ઇ. ની અપેક્ષા લોકપ્રિયતા માટે નથી પરંતુ રાજકીય અને સામાજિક સમસ્યાઓની ઊર્મિલ છણાવટ ઉપર જેનો મદાર છે, એ પ્રકારનાં અઠવાડિકોનો આ નમૂનો લાક્ષણિક છે...... 'નવસૌરાષ્ટ્ર' 'ગુજરાતી' 'પ્રજાબંધુ,' 'ગુજરાતી પંચ' ઇ. સારાં સારાં આ કક્ષાનાં સપ્તાહિકો આપણે ત્યાં છે, પરંતુ 'ફૂલછાબ'ના મેઘાણીસ્પર્શ અને 'નવસૌરાષ્ટ્ર'ના કોઠારીરંગ ઉપરાંત વ્યંગચિત્રો, નકશા અને અન્ય પ્રસંગચિત્રો પણ તેને બીજાં બધાંથી નોખું સ્થાન આપે છે.

આ પ્રકાર ઓછા વત્તા પ્રમાણમાં ઘણાં સાપ્તાહિકોમાં હોય છે. હળવી તેમજ ગંભીર પરંતુ નિયમિત કટારોને પ્રત્યેક અઠવાડિક પોતાની વિશિષ્ટતા બનાવે છે. વૃત્ત કરતાં તેના વિવેચનને અઠવાડિયામાં સહેજે વધારે અવકાશ હોવાથી આવી કટારો વૃત્તની વિવિધ દૃષ્ટિએ ચર્ચા કરે છે. પ્રતિષ્ઠિત સામયિકો સભર વાચનસંભાર આપે છે ખરાં, છતાં એકંદર અત્યારના વૃત્તપ્રધાન સમયમાં સાપ્તાહિકોની સ્થિતિ વિચિત્ર થઇ પડેલી દેખાય છે. એ નથી રહ્યું અગાઉની જેમ ગંભીર વિચાર અને

મનન પીરસતું સંગીન સામાયિક, તેમ નથી બની શકતું તાજા તમતમતા ખબર આપતું લોકપ્રિય વૃત્તપત્ર.

આ સાપ્તાહિક સમૂહમાં 'ગુજરાતી' પોતાની ધાટી અચળ સાચવી રહેલું છે—'વોહી રફ્તાર બેઢબ હૈ, પીછે સે જો ચલી આતી !' એનાં દેવનગરી મથાળાં, એનો ઊઠાવ–એ બધું સદાકાળ ઝિંદાબાદ !

સાપ્તાહિકોનો મોટો ભાગ સીનેમા, અઠવાડિક ભવિષ્ય, ફ્યુચર્સ, ઇનામી હરિફાઇઓ, કે 'બ્લૅક મેઇલીંગ', છાકટા અને બિભત્સ સાહિત્ય ઈ. માંથી પોષણ મેળવતો થઇ ગયેલો આજે દેખાય છે. એનાથી અલિપ્ત રહીને શિષ્ટ જીવન જીવનારાં પત્રો બે આંગળીના વેઢા ઊપર ગણાય તેટલાં પણ ગુજરાતમાં મળવાં કઠણ છે. એજ સ્થિતિ હિંદની બીજી ભાષાઓમાં પણ પ્રવર્તે છે. હલકી હળવી વાતો, Tit Bits ના વાહિયાત તરજુમા, ઇ. વસ્તુઓ બુદ્ધિની પ્રાથમિક કક્ષાના વિશાળ જનસમુદાયને રૂચતાં હોવાથી સારાં સામાયિકો પણ તેમાં લપસી પડતાં જોવામાં આવે છે.

અર્ધસાપ્તાહિકો અને પાક્ષિકો આપણે ત્યાં સાવ જૂજ છે. પાક્ષિકોમાં 'જ્યોતિર્ધર' આગળ મસ્તક નમે છે. પોતે અપનાવેલા ક્ષેત્રમાં એ ગુજરાતીમાં એક અને અદ્વિતીય પત્ર છે.

ચૂંટણીઓની હુંસાતુંસીએ વૃત્તપત્રોને નવું જ મહત્વ આપ્યું છે. ધારાસભાની, સુધરાઇની, જીલ્લા કે ગામપંચાયતની, રાષ્ટ્રીય મહાસભાની, સાહિત્યસભાની, હિંદુસભાની, મુસ્લિમ લીગની, ન્યાતની, જાતની, પોળની, ખડકીની, અનેક પ્રકારના મંડળોની, અને લિમિટેડ કંપનીઓના ઓધ્ધેદારોની વરણીઓ આધુનિક જાહેર જીવનને આવરી રહી છે; ખાનગી જીવન પણ તેનાથી રંગાઇ ગયાં છે; અને પ્રત્યેક વરણીનો પ્રાણ જાહેરાત છે, પ્રચાર છે, અને તે કારણે છાપાં છે; લોકશાહીના આ અંગે છાપાંને તો છાપરે જ ચઢાવી મૂકયાં છે; મોટી વરણીઓ વખતે છાપાં હેલે ચઢે છે અને દુનિયા બધીને હેલે ચઢાવે છે.

પ્રકરણ ૪

છાપાં અને રાજદ્વાર

There is nothing more likely to ensure a virile press than the unwearying correction supplied by rebellious or cocksure readers......Jouralism is not an exact profession. It is an art and a business. It cannot repel the intrusion of a host of inffectual amateurs. Indeed it offers itself as an open target for the public to shoot at. It needs the stimulus of external criticism.

A. G. Cummings.

હિંદનાં છાપાં વિષે એવી ટીકા સામાન્યપણે કરવામાં આવે છે કે બીજા દેશોનાં છાપાંની સરખામણીમાં એ નિરસ–શુષ્ક હોય છે. અતિ-ગંભીરપણાનો તેના ઉપર આક્ષેપ રહે છે. જીવનનાં હળવાં પાસાં, રમત-ગમતો, પ્રેમપ્રસંગો, ગમતગોઠડી તથા ટીખળની ઉપેક્ષા કરતાં હોવાનું આળ તેમને માથે ચઢાવવામાં આવે છે. ટીકાકારો આપણાં છાપાંને પૂછે છે: 'પણ આટલાં બધાં ભાષણો શા માટે? નિવેદનોની ભરમાર શા કાજે? સરકારની અનંત યાદીઓની હારમાળા શીદ? ધારાસભાઓના શીયાળાની રાત શા લાંબા અહેવાલોના આટલા થોકડા શું કરવા? બસ આઓ, પીઓ અને મજા કરો!'

અને વાત પણ સાચી. પશ્ચિમનાં જીવનના ઉલ્લાસની ઝાકમઝોળ મચાવતાં વૃત્તપત્રોની ગમ્મતભરી કટારો દેખીને આ દેશના વૃત્તકારનાં મોંમાં પાણી આવે છે. ખૂન સિનેમાની નટીઓનાં નાજનખરાં અને ગલગલીયાં કરાવે એવા એમના પ્રણયકિસ્સા, ધનવાનોની મૂર્ખતાભરી કાંટાબાજીઓ... માનવપ્રકૃતિને સહજ પ્રિય એવી એ નિંદાકૂથલીને હિંદનાં છાપાં પહેલે પાને શા માટે ન મૂકી શકે?

Nineteenth Century ના ઑગસ્ટ ૧૯૪૬ના અંકમાં પ્રખ્યાત પત્રકાર હૅમિલ્ટન ફાઇફ લખે છે:

'Fifty years ago newspapers were dull. They consisted almost entirely of political articles and speeches. But they were conducted by men who felt they had a duty to perform. The press was then called the Fourth Estate. It was as necessary a part of the democratic system as the other estates of the realm—lords spiritual, lords temporal and commons. Leading articles were written by men more than equal in knowledge, and usually superior in intellect to politicians. In the modern newspaper, the leading article has almost ceased to exist. The press is vastly more readable and entertaining. In some directions it is more informative. It touches life at many more points. But no one calls it the Fourth Estate.!' [પચાસ વર્ષ પહેલાંનાં છાપાં શુષ્ક હતાં. એમાં રાજકારણી લેખો અને ભાષણો જ ભરાતાં. પરંતુ તેનું સંચાલન કર્તવ્યભાનવાળા પુરુષો કરતા. તે સમયે છાપાં ચોથી સત્તા કહેવાતાં. પાદરી ઉમરાવો, દુન્યવી ઉમરાવો અને દીવાને આમ—કૉમન્સ—ની સાથે તે પણ પ્રજાસત્તાની રાજ્યપદ્ધતિનું આવશ્યક અંગ હતું. મુત્સદ્દીઓના જેટલાજ જ્ઞાનવાન અને હોશિયાર તો

તેમનાથી વધારે બુદ્ધિમાન મનુષ્યો તેના તંત્રીલેખો લખતા. અર્વાચિન વૃત્તપત્રમાં તંત્રીલેખ લગભગ અદૃશ્ય થયો છે. છાપાં ખૂબજ સુવાચ્ય અને મનોરંજક બન્યાં છે. કેટલીક બાબતોમાં એ વધારે માહિતીપૂર્ણ પણ છે. જીવનને એ વધારે સ્થળોએ સ્પર્શે છે. પરંતુ હવે એને ચોથી સત્તા કોઇ નથી કહેતું.]

સર ટૉમસ મનરોએ કહ્યું છે કે 'નિરંકુશ વૃત્તવિવેચન, અને પરદેશીઓનું સાંસ્થાનિક પ્રભુત્વ, એ બે વસ્તુઓનો મેળ મળી શકે નહિ, અને લાંબો વખત એમનો સહવાસ ટકે નહિ કારણ, નિરંકુશ વૃત્તપત્રોનું પ્રથમ કર્તવ્ય શું હોય? પરદેશીની ધૂંસરીમાંથી દેશને મુક્ત કરવાનું!'

'સ્વદેશમિત્રન'ના વિખ્યાત તંત્રી શ્રી. સી. આર. શ્રીનિવાસને દ્વિતીય તામીલનાડ પત્રકાર પરિષદના પ્રમુખપદેથી તા. ૧૧-૮-૪૦ના રોજ ખૂબ વિદ્વતાવાળું વ્યાખ્યાન આપ્યું હતું. તેમાં તેમણે સદ્‌ગત શ્રી. રંગસ્વામી આયંગર વિષે ઉલ્લેખ કરતાં કહ્યું હતું :

"Himself a journalist, he engaged in active political work also. I have often been asked whether journalists, without prejudice to their responsibilities as journalists, can take part in political activities. The late Mr. Kasturiranga Iyengar held the view that a journalist would be wise to avoid any suspicion of partisanship in the views he gives expression to in the columns of the paper. It would be foolish however to set up a rigid code of conduct on a matter like this, for all times and to all persons. Mr. Kasturiranga Iyengar himself could not escape active participation in political work when the call came to him. I may, however, add that this actual experience served but to confirm the views he already held in this matter. The fact of the matter is that in a subject country just

beginning to be self–conscious, it is difficult to avoid the intrusion of politics in every sphere of public activity and it is idle to suggest that those whose profession equips them with knowledge on many matters of public interest should deny themselves or their country the benefit of their knowledge and experience. At the time I refer to, it may not be amiss to stress also that whole–time politicians of the type we are now familiaer with in the post–Gandhian period had not then come into existence.'

[જાતે પત્રકાર હોઇ રાજકારણી કામમાં પણ એ જોડાતા. મને ઘણીવાર એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે પત્રકારો પોતાની પત્રકાર તરીકેની જવાબદારીઓને બાધ કર્યા વગર રાજદ્વારી પ્રવૃત્તિમાં ભાગ લઇ શકે ખરા ? સદ્‌ગત શ્રી. કસ્તુરી રંગ અયંગરનો એવો મત હતો કે પત્રકાર છાપાંનાં કોલમોમાં જે અભિપ્રાય દર્શાવે તેમાં પક્ષપાતના વહેમને પણ અવકાશ ન આપે એમાં ડહાપણ રહેલું છે. પરંતુ આવી બાબતમાં બધા મનુષ્યો માટે શાશ્વત ધોરણ ઠરાવી શકાય નહિ. શ્રી. કસ્તુરીરંગ અયંગર પોતે પણ જરૂર આવી પડતાં રાજકારણી કામમાં જોડાવાની ના પાડી શકતા નહોતા. પરંતુ તે સાથે હું એટલું કહું કે એમને તેનો જે અનુભવ મળતો તે એમના મતનો સમર્થક હતો. વાત એમ છે કે સ્વભાનની જાગૃતિની પ્રથમાવસ્થાવાળા પરાધીન દેશમાં જાહેર જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં રાજકારણનો પ્રવેશ અટકાવવો મુશ્કેલ છે, અને જેમનો ધંધો જેમને જાહેર હિતની ઘણી બાબતોમાં માહિતીથી સુસજ્જ કરે છે તેવા માણસો પોતાનાં જ્ઞાન અને અનુભવના લાભથી પોતાના દેશને વંચિત રાખે, એવી ધારણા વ્યર્થ જ હોય. જે સમયની વાત કરૂં છું તે કાળે ગાંધી યુગને સુપરિચિત એવો રાજકારણને પોતાનો નિત્ય નિરંતર વ્યવસાય કરી રહેલા રાજનીતિજ્ઞોનો પ્રકાર અસ્તિત્વમાં આવ્યો નહોતો]

આ છેલ્લું કથન બીજા પણ કેટલા હિંદી પત્રકારનેતાઓ પરત્વે સાચું છે ! 'હિંદુ'ના રંગસ્વામી ઐયંગરઃ 'ક્રોનીકલ'ના ફિરોઝશાહ; 'કેસ-

રી'ના બાલ, 'ધી પીપલ'ના લાલ અને 'બંગાળી'ના પાલ તથા સર સુરેન્દ્રનાથ; 'સર્વન્ટ ઓફ ઇન્ડિયા'ના ગોખલે; 'હમદમ' અને 'કોમ્રેડ'ના મહમદઅલી; 'ફોર્વર્ડ'ના દેશબંધુ દાસ અને સુભાષબોઝ; 'સ્વરાજ્ય'ના ટી. પ્રકાશમ; 'યંગ ઇન્ડિયા', 'નવજીવન' ઇ. ના ગાંધીજી; 'ન્યુ ઇન્ડિયા'નાં એની બીસંટ; 'ઇન્ડિપેન્ડન્ટ'ના મોતીલાલ નેહરૂ; 'નેશનલ હેરલ્ડ'ના જવાહરલાલ.........

પ્રભાવશાળી પત્રકાર શ્રી. સંપૂર્ણાનંદ કોંગ્રેસ રાજતંત્રમાં યુક્તપ્રાંતોના કેળવણીખાતેદાર પ્રધાન હતા તે અરસામાં અલાહાબાદમાં ન્યુસપેપર મ્યુઝીયમ ખુલ્લું મૂકતે તેમણે તા. ૨૭-૮-૩૯ના રોજ કહ્યું હતું:

'We are passing today through abnormal times. World forces, the conflicts of race and colour and cultures, the clash between faith and reason, the unabashed lust and pride of the dictatorships and the hypocritical cowardly selfishness of the democracies, the collapse of the old economy based on the exploitation of the many by the few and the rise over their ruins of new systems based on a recognition of the dignity of man. All this is producing a tremendous change in our lives.

'And besides, we have great problems of our own. We have to win our freedom from foreign political domination and to secure to crores of our nationals, trodden today under the heels of a dead feudalism, the right to live as human beings. We have to batter down the walls of ignorance and poverty that are crushing our souls out of us and we have to evolve a new political, social and economic order in which life will be work and work will be joy.......' [આજે

આપણે અસામાન્ય સંજોગોમાં છીએ. જગતવ્યાપી ઝગડા, જાત અને વર્ણ તથા સંસ્કૃતિનાં ઘર્ષણ, શ્રદ્ધા અને બુદ્ધિની અથડામણ, સરમુખત્યારીની બેશરમ લોલુપતા અને અભિમાન તથા લોકતંત્રોની ઢોંગી કાતર સ્વાર્થવૃત્તિ, ઘણાની થોડાને હાથે થતી લૂંટના અર્થશાસ્ત્રની પડતી તથા તેના ખંડેર ઉપર માનવતાના ગૌરવને માન્ય રાખતી પધ્ધતોનું સર્જન–આ બધું આપણાં જીવનમાં જબરદસ્ત ફેરફાર કરી રહેલું છે. અને તે ઉપરાંત, આપણી પોતાની પણ મહાસમસ્યાઓ છે; રાજકીય તાબેદારીમાંથી મુક્તિ મેળવીને, આજે મરી પરવારેલી જમીનદાર પધ્ધતિની એડી નીચે કચરાઈ રહેલા આપણા કરોડો દેશબાંધવોને માનવી તરીકે જીવવાનો હક્ક આપવો આપણે માટે હજુ બાકી છે. દેહમાંથી આપણા આત્માને કચરીને નીચોવી રહેલી અજ્ઞાન અને ગરીબીની દીવાલોને આપણે તોડી પાડવી છે, અને જેમાં જીવન એટલે શ્રમ, અને શ્રમ એટલે આનંદ બની રહે તેવી નવી રાજકીય, સામાજિક અને આર્થિક રચના આપણે ઘડી કાઢવાની છે.]

એક તાજો બનેલો પ્રસંગ લઇએ. સર સ્ટૅફર્ડ ક્રિપ્સે પત્રકારો સાથે વાર્તાલાપની પ્રથાનો ખૂબ ઉપયોગ કર્યો હતો. એમના પ્રયત્નોને બહેલાવી બતાવવાના પ્રયત્નો પણ ખૂબ થયા હતા. એમ કહેવાય છે કે અખબારનવીસોના ૫૦૦ પ્રશ્નોના એમણે ઉત્તર આપ્યા હતા. એમાંના એક પ્રશ્નના ઉત્તરમાં એમણે હિંદના પત્રકારોને amateur politicians—અધંધાદારી રાજનીતિજ્ઞો કહ્યા હતા. આ શબ્દોએ તે સમયે ઘણી ચર્ચા જગાડી હતી. કેમકે સતત અનાદરથી આળી થઈ ગયેલી ચામડીવાળાં હિંદનાં અખબારોને ‘અધંધાદારી’ શબ્દમાં કંઇક ઊતરતાપણાના સૂચનની, હળવા તિરસ્કારની ઝાંખી થઈ. હિંદની રાજકીય પરિસ્થિતિ જ એવી છે કે પત્રકાર તેમ જ રાજનીતિજ્ઞ જાહેર કાર્યકર્તાએ સેવાભાવી થવું જોઈએ; અને પત્રકાર પૉલિટિશિયન તથા પૉલિટિશિયન પત્રકાર હોવો જ જોઇએ, એ આપણે જોયું. ત્યારે ક્રિપ્સના કટાક્ષનો અર્થ? એ જ, કે પત્રકાર પૉલિટિશિયન થઈ શકે નહિ, અને થાય તો પણ હલકી કક્ષાનો.

મદ્રાસના “હિન્દુ” એ કરેલી નુકતેચીનીમાં નીચેનો ફકરો હતો:

"But why should not a journalist be· also a good politician ?......Why cannot he be suspected of profound study and wise views about the needs of men in society ? Why should he be thought·of as an inferior guide in public affairs to one whose qualification to be called a politician is that he has won (or lost) an election ? What Mr. Bernard Shaw has said about journalists is applicable also to the other class; a calling which requires no certificates of competence and has no prescribed standards. May not famous lines of another humourist be used of politicians too ?

You cannot hope to bribe or twist
Thank God the British journalist.
But when you see what he will do
Unbribed, there's no occasion to."

પત્રકાર અને રાજ્યકર્મચારીઓના સંબંધ વિષે સર મીરઝા ઇસ્માઇલે કલકત્તામાં ૧૯૪૦ના એપ્રિલમાં પત્રકારોના સંમેલન સમક્ષ સુંદર વ્યાખ્યાન કરતાં કહ્યું હતું:

"It is wonderful when one looks back to think how much there was in the old days of mabap Government that was antagonistic between the views of the administrator and the views of the journalist. The administrator, anxious to work out a problem which, he was convinced, was for the good of the country without disturbing influences, or to bluff out a bargain with another Government or a Corporation on what was perhaps a weak hand, the weakness of which he was anxious should not be given away. The journalist, on the other hand, anxious to give his public news, anxious ·to help in the solution of national

problems, and ready, if we are to believe the confessions of some leading journalists themselves, to sacrifice his mother-in-law if he could thereby secure a scoop over his rivals. And then at a later stage came even more troublous days when journalists became specialists in all sorts of difficult problems and Governments found themselves compelled to appoint their own specialists under the title of Publicity or Propaganda officers. they used to say that there are three degrees of liars–the liar, the damned liar, and the expert witness. I am afraid that in those days that I have just referred to we substituted for the comparative and the superlative degrees, on the one side the special correspondent, and on the other side the propaganda officer.........

"There is another very important point of contact between us, and that is the personal aspect of the matter. The public likes to know, not only how it is governed, but by whom it is governed, and journalist helps it to this knowledge by the most intimate descriptions of what every public man eats and drinks, what time he gets up in the morning and what time he lies down to rest, and what kinds of clothes he wears......

"Indeed, it is, if not an essential at any rate a very wise measure, for a public man in these days to provide himself with the same symbol by which the journalist and the caricaturist can identify him, such as a goat, an umbrella, a forelock or an orchid in his buttonhole. And you can help us all if you will discover in us some characteristic that will make a kindly and humourous appeal to those who read your sallies upon us."

પ્રકરણ ૫

પત્રકાર એટલે—

"It is not necessary to be a thug in order to qualify as a professional journalist. Even that section of the Press which deliberately "mongers" sensationalism and which exploits the baser aspects of human nature, is not wholly bad from the view point of practical journalism......To lose faith in the good sense and healthy resentments of the reading public is one of the gravest mistakes any journalist or editor or publisher or author can make."

—*Cecil Palmer*

છાપાંની મોહની સાચે જ અજબ છે. એનાં કામબાણ જેને એક વાર વાગ્યાં, તે એનો સદાકાળનો તલબગાર રહે છે. અને એ મોહાસ્ત્રથી આજે કોણ બચ્યું છે? સવારમાં છાપાં વહેંચનારો છોકરો જરા મોડો થાય અથવા (ટપાલમાં એ આવતું હોય તો) ટપાલીને આવતાં વાર લાગે તો આજનો શહેરી અધીરો થઈ જાય છે. છાપાંની રોજિંદી તલબ બીજા કોઈ ખાનપાનના વ્યસન કરતાં ઓછી તીવ્ર નથી હોતી. છાપું હાથમાં આવે નહિ ત્યાં સુધી ચેન ન પડે, એવી સ્થિતિ ઘણા શહેરીઓની થઈ પડે છે.

છેવટે છાપાવાળો છોકરો—કે પછી ટપાલી આવે, અને નાગરિક બંધુ તેની ઘડી ઉકેલી સંતોષથી એનાં પાનાં જોતો પ્રથમ મથાળાં ઉપર દૃષ્ટિ ફેરવી જાય અને પછી પોતાને જેમાં ખાસ રસ પડતો હોય તે—વેપાર-વણજ, રમતગમત, શેરબજાર ઇત્યાદિનું પાનું કાઢીને એકાગ્રતાથી તેના અભ્યાસમાં મશગૂલ થઈ જાય, તે પછી ક્રમશઃ આખા અખબારને ખૂંદી વળે—અને બાકીનો દિવસ એ અંકમાંથી મળેલી માહિતીને આધારે આખા સંસારના વ્યવહારની મિત્રમંડળી અને કુટુંબકબીલા સાથે ચર્ચા કરવામાં વીતાવે.

આ ક્રમ આજે તો સામાન્ય થઈ પડયો છે, ઘેર ઘેર જોવામાં આવે છે.

પરંતુ છાપાંરૂપી દિવ્યચક્ષુના જાદુથી એક કલાકમાં જગત સમસ્તનું અવલોકન કરવાની શક્તિ પ્રાપ્ત કરનાર વાચકને ભાગ્યે જ ખ્યાલ હોય છે કે સર્વજ્ઞતાના સાક્ષાત્કારસમા એ અખબારનાં ચાર, આઠ કે સોળ પાનાંના ઉત્પાદન પાછળ મહેનતુ માનવીઓની કેટલી વિશાળ ફોજની ફોજ અવિશ્રાંતપણે કાર્યમગ્ન રહેતી હોય છે, કેટલાંયે ભેજાં એને કાજે નિરંતર વલોવાતાં હોય છે, અને કેટલીયે ક્રિયાઓમાંથી પસાર થઈને એ કાગળ અને તેમાં મુદ્રિત થયેલું વાચન વૃત્તપત્રના દર્શનીય રૂપમાં પ્રસિદ્ધ થવા પામે છે.

સમાચારનું વિતરણ કરનારી સંસ્થાઓ, જાહેરખબરો મેળવવા તથા આપવાના કાર્ય પાછળ મચી રહેતી નાની સરખી માનવસેના, મુદ્રણયંત્રને ચલાવનારા કારીગરો, બીબાં ગોઠવનારા, પ્રૂફ તપાસનારા, અને મુદ્રણ માટેનો મસાલો તૈયાર કરનારું તંત્રીકાર્યાલય—એ સર્વના સુસંગત સહકારનો પરિપાક એટલે વાચકનું પ્રિય ચોપાનિયું.

વૃત્તપત્રનું ધરમૂળનું પ્રાથમિક કર્તવ્ય તે પ્રામાણિકપણે તાજામાં તાજા અને વિશ્વસનીય સમાચારો આપવાનું. બીજું બધું એની હેઠ. આ પાયા ઉપર જ આખા અખબારની ઇમારત ઊભી હોય છે. અખબારમાંથી ખબર કાઢી નાખો એટલે એ અખબાર મટી જાય. વૃત્તપત્ર કહો, વર્તમાનપત્ર

કહો, અખબાર કહો કે ન્યુસપેપર, એ પ્રત્યેકનો પ્રાણ વૃત્ત, વર્તમાન, ખબર અને ન્યુસ જ છે—એ જ એનો આત્મા છે, અને જેની પાછળ અખબારી આલમનો આખો ટાકસંચો ફરે છે તે ધરી પણ એ જ છે.

અર્થાત, અખબારનું કેન્દ્ર વાસ્તવમાં તેનું તંત્રીમંડળ હોય. અખબારના સંચાલનરૂપી આસ્માનમાં તંત્રીમંડળરૂપી સૂર્યની આસપાસ અન્ય કાર્યવિભાગોનું ગ્રહમંડળ નિરંતર ફરતું રહે છે.

વૃત્તપત્રનું એ હૃદય : એ જ એનું જીવનધન.
એ તંત્રીમંડળમાં કામ કરનારા તે પત્રકાર.

ત્યારે પત્રકાર કોણ ? કેટલાક પ્રમાણિત, લબ્ધપ્રતિષ્ઠ પત્રકારોનાં એ મુદ્દા વિષેનાં કથનો આપણને આ બાબતમાં અવશ્ય માર્ગદર્શક થઈ પડે. શ્રી. મણિલાલ ઇચ્છારામ દેસાઇએ આ પ્રશ્નનો આપેલો ઉત્તર આ રહ્યો :

"છાપખાનાના કંપોઝીટર, પ્રેસમૅન, કાગળની ઘડી વાળનાર, ફારમો ઝુંપનાર, લવાજમોનો હિસાબ રાખનાર, છાપખાનાની વ્યવસ્થા કરનાર, હ્રસ્વનું દીર્ઘ અને દીર્ઘનું હ્રસ્વ કરનાર પ્રૂફો તપાસનાર, અથવા ખુદ છાપખાનાનો માલિક પણ પત્રકાર કે જર્નાલિસ્ટ ગણાતો નથી. જર્નાલિસ્ટ કે પત્રકાર તો તેને જ કહી શકાય કે જે સવારથી સાંજ, રાત અને દિવસ, એક પત્રના ઘડતરના સર્વ કાર્યમાં ભાગ લેતો હોય, એનું જીવન એ ઘડતરની વિચારણા કરવામાં જ વિતાડતો હોય, એક દેશના લોકોનું અનેક સ્વરૂપનું જીવન આલેખવાનો જ જેણે ધર્મ સ્વીકાર્યો હોય, તે પત્રકાર અથતા જર્નાલિસ્ટ, એક રીતે કહીએ તો, એક દેશના લોકોની મનોદશા દર્શાવનારી છે. પત્ર તે અરિસો છે. અમુક સ્થિતિમાં વ્યક્તિએ શું કરવું તેનો નિર્ણય બુદ્ધિ ચિત્તની સાથે મળીને કરે છે, તેમ લોકોએ કે પ્રજાએ પોતાના આંતરિક કે બાહ્ય વ્યવહારમાં શું કરવું તેનો નિર્ણય કરનાર બુદ્ધિ સ્વરૂપ જર્નાલિસ્ટ અથવા પત્રકાર છે. લોકોની મનોદશાનું, વૃત્તિઓનું દર્શન તેના જર્નલ કે પત્રમાં થાય છે. એટલે પત્રના બુદ્ધિવાળા વિભાગના ઘડતરમાં ભાગ લેનારાને પત્રકારની પંક્તિમાં બેસાડી શકાય. તંત્રી, ઉપતંત્રી, મદદનીશ તંત્રી, અગ્ર લેખ લખનારા, રિપોર્ટરો અથવા ઠામ ઠામ ફરીને ખબરપત્રો લખનારા, એઓનો સમાવેશ પત્રકારોમાં કરવામાં આવે છે. હિંદુસ્થાનમાં તંત્રીખાતામાં ભાષાંતરકારો પણ હોય છે. ભાષાંતર કરવા

ઉપરાંત વિષયોની પસંદગી કરવાનું કાર્ય પણ જો કરતા હોય તો તેઓ પણ પત્રકારમાં ગણી શકાય. હિંદની કોઇ પણ ભાષામાં એક પણ પત્ર ભાષાંતરકાર વિના ચાલી ના શકે. આપણે ત્યાં પુસ્તકોનાં અવલોકનકારોનો વર્ગ નથી, પણ ઇંગ્લેન્ડમાં અવલોકનકારોનો પણ એક વર્ગ હોય છે, તેમ ચોક્કસ વિષયોમાં પારંગત સાક્ષરો પણ તત્તત્ વિષયોમાં લખવાનું કાર્ય કરે છે, અને તેઓ પણ પત્રકારની જ્ઞાતિના જ ગણાય છે."

પત્રકાર કોને કહી શકાય તેનું નિરૂપણ કર્યા પછી પ્રશ્ન એ પડે છે, કે વૃત્તપત્રનાં અને તે કારણે પત્રકારનાં કર્તવ્ય કયાં ?

ઉપર આપણે એવું વિધાન કરી ગયા કે અખબારનું મૂળ કાર્ય ખબર આપવાનું–પ્રામાણિકપણે વિશ્વસનીય સમાચારોનું વિતરણ કરવાનું હોય. એ કાર્યમાં સમાચારસંસ્થાઓ, ખબરપત્રીઓ અને રિપોર્ટરોનો સહકાર રહે. એ ત્રિવિધ તાલ મળે ત્યારે જ તંત્રી તૈયાર સમાચારના ફકરારૂપી સંગીતનું કલેવર ઘડી શકે.

આ કામ થઇ રહ્યા પછીનું અખબારનું અત્યંત મહત્ત્વનું કાર્ય તે, જે તે સમાચાર સંબંધે વિવેકબુદ્ધિને સતેજ રાખીને, પ્રમાણનો ખ્યાલ સાચવીને પોતાનાં મંતવ્યો રજૂ કરવાનું. આ કામ અત્યંત નાજુક :અને જવાબદારીભર્યું છે. તેમાં જરાક ગફલત થતાં તેનાં પરિણામ ગંભીર આવવાનો અને રાઈનો પર્વત થઈ જવાનો પૂરો સંભવ રહે. આ મંતવ્યદર્શન સ્પષ્ટ બાનીમાં અને જે કહેવું હોય તે સીધે સીધું લખીને કરી શકાય છે ખરું; પરંતુ તેના બીજા અનેક પરોક્ષ અને ઘણી વાર વધારે મર્મસ્પર્શી પ્રકારો પણ હોય છે.

પ્રકરણ ૬

અધિપતિરાજ !

" That is the way to write" said the chief editor, "peppery and to the point. Musk-and milk journalism gives me the fantods."

About this time a brick came through the window with something of a crash and gave me a considerable of a jolt in the back. I moved out of range-I began to feel in the way.........

The colonel appeared in the door a moment afterwards with a dragon revolver in his hand.........

He said, "you'll like this place when you get used to it."

I said, "I'll have to get you to excuse me. I think the paragraphs which I have written today and into whose cold sentences your masterly hand has infused the fervent spirit of Tennesseean journalism will wake up another nest of hornets......I decline to be present at these festivities. I came south for my health; I will go back on the same errand, and suddenly. Tennessee journalism is too stirring for me."

—*Mark Twain in "Journalism in Tennessee"*

અધિપતિરાજ !

વૃત્તપત્રનાં સર્વ પાસાંનું નિયમન કરવાની, તેને ઉત્તમમાં ઉત્તમ પ્રકારે સજાવીને તેનો થાળ સમાજદેવ આગળ નિતનિત ધરવાની જવાબ-દારીની ધૂંસરી પત્રના તંત્રીના સ્કંધ ઉપર હોય છે.

અખબારનો તંત્રી એટલે અખબારદેહનું હૃદય, અખબારનૌકાનો ટંડેલ, અખબારયંત્રનો ઇજનેર, અખબારઆકાશનો ધ્રુવતારો.

એ પોતે પત્રકાર તો હોય જ. પત્રકારત્વનાં બધાં પાસાંથી એ સુપ-રિચિત હોવો જોઈએ. જરૂર પડતાં તેમાંનું કોઇ પણ કામ જાતે કરી લેવાની તેની આવડત અને તૈયારી હોય જ. એ કોઇ વાતે કાચો હોય એ કેમ પોસાય ?

કાર્લાઇલે છેક એના જમાનામાં પણ જાહેર કર્યું હતું કે "પત્રકારત્વ મહાન વસ્તુ છે. જગતને સમજાવનાર પટાવનાર હોવાને કારણે પ્રત્યેક તંત્રી શું તેનો શાસક પણ નથી ?" (Great is Journalism. Is not every editor a ruler of the world,, being a persuador of it ?)

શ્રી. આનંદશંકર ધ્રુવે બીજી ગુજરાતી પત્રકાર પરિષદના પ્રમુખપદેથી ૧૯૨૭માં વ્યાખ્યાન કરતાં એક ફ્રેંચ લેખકના શબ્દો ટાંકયા હતા કે "તમને ઠપકો મળે, જેલ મળે, તમે નિંદાના ભોગ બનો તો ભલે; અરે ફાંસીને માંચડે પણ ચડજો. પરંતુ તમારા અભિપ્રાયો તો પ્રસિદ્ધ કરજો જ. એ માત્ર હક્ક નથી; એ ધર્મ છે—ફરજ છે."

તંત્રીને જગતનો ઉપદેશક અને શિક્ષક કહેવામાં આવે છે. એ આમ-જનતાનો સલાહકાર અને સાથી તો છે જ. અને તેમ હોવાથી એની અંગત જવાબદારી પણ વધી પડે છે. એણે પોતાનું ચારિત્ર્ય બને તેટલું શુદ્ધ રાખવું જોઇએ. પોતે જે ઉપદેશ કે સલાહ આપે, તેમાં એ પોતે ખરા મનથી માનતો હોવો જોઇએ, નહિ તો એના બોલનું વજન પડે જ નહિ.

વૃત્તવિવેચન

સાબરમતી આશ્રમમાં મહાત્મા ગાંધી આગળ એક વખત વિદ્યાપીઠના શિક્ષકો તરફથી પ્રશ્ન મૂકવામાં આવ્યો હતો: છોકરાંને અમુક ઉપદેશ આપનાર માસ્તરે પોતે એ પ્રમાણેનું વર્તન રાખવું આવશ્યક છે કે નહિ. સવાલ એ હતો કે બીડી પીવી નહિ. એવો બોધ આપનાર માસ્તર પોતે બીડી પીતો હોય, તો તે શિક્ષક થવાને યોગ્ય લેખાય ખરો ? આ મુદ્દા ઉપર બે પક્ષ પડી ગયા હતા. એક પક્ષનો એવો આગ્રહ હતો કે શુદ્ધ ચારિત્ર્ય વિના વિદ્યાર્થી ઉપર ઉપદેશની અસર થાય જ નહિ, અને પોતાના બોધને જાતે અમલી રૂપ આપવા જે તૈયાર ન હોય તે ઉત્તમ શિક્ષક બની શકે જ નહિ. અને બીજા પક્ષનું કહેવું એવું હતું કે કહેવું એક વાત છે અને કરવું એ જુદી વાત છે. બહુ બહુ તો છોકરાંના દેખતાં માસ્તર બીડી ન પીએ, એટલું પૂરતું ગણાવું જોઇએ. શિક્ષણને અને શિક્ષકના અંગત જીવનને કશો સંબંધ નથી.

ગાંધીજીએ અલબત્ત પહેલા પક્ષના લાભમાં ફેંસલો આપ્યો હતો.

એક છોકરો ગળપણ અત્યંત ખાતો હતો. એ ટેવ છોડાવવામાં એનાં કુટુંબીજનો નિષ્ફળ પડ્યાં, એટલે એમણે નિશાળે જઇને શિક્ષક પાસે એ બાળકને કહેવડાવ્યું કે તું ગળ્યું બહુ ન ખાઈશ.

પરંતુ છોકરાએ એનું કહેવું માન્યું નહિ. એ તો ગળ્યું ખાતો જ રહ્યો.

શિક્ષક પાસે પુનઃ ફરિયાદ જતાં એણે વિચાર કરીને કહ્યું કે છ મહિના પછી એ છોકરાને મારી પાસે લાવજો.

છ મહિના પછી માસ્તરે બાળકને એ જ શબ્દોમાં એ જ બોધ આપ્યો. અને બન્યું એવું કે ત્યારથી બાળકે ગળપણ ખાવું ઓછું કરી નાખ્યું.

એના વડીલોએ આ પરિવર્તનનું કારણ પૂછતાં શિક્ષકે કહ્યું કે પહેલી વાર સલાહ આપતી વખતે હું પોતે ગળ્યું બહુ ખાતો હતો, તેથી મારા કથનનો પ્રભાવ પડયો નહિ. પરંતુ છ મહિના સુધી મેં પોતે ગળપણનો ત્યાગ કર્યો, અને તે પછી મેં બાળકને સલાહ આપી, તે તરત એના ચિત્તમાં ઊતરી ગઈ.

આવું જ પ્રામાણિક તંત્રી પરત્વે પણ સમજવું. જે લેખકને પોતે દર્શાવેલા વિચારોમાં અંગત શ્રદ્ધા નથી હોતી, તેના લખાણમાં સમાજને શ્રદ્ધા કેવી રીતે બેસે ?

મદ્રાસના વિખ્યાત "હિંદુ"ની ષષ્ઠિ અબ્દપૂર્તિ–સાઠ વર્ષ પૂરાં થયાના ઉત્સવનો ખાસ અંક ૧૯૪૦માં નીકળ્યો હતો. તેમાં સર સ્ટેનલી રીડે લખ્યું હતું :

"પ્રથમ સ્થાન હું નિષ્પક્ષ વૃત્તિને–સામા માણસના દૃષ્ટિબિંદુને સમજીને, પોતે તેમાં સહમત ન હોવા છતાં તેને માન આપવાની શક્તિને–આપું......... મારું ખાસ માનવું છે કે ખરો પત્રકાર એ જ કે જે પોતે જેની હિમાયત કરતો હોય તે કાર્યમાં પોતે જાતે પણ ખરા મનથી, આગ્રહથી અને જુસ્સાથી માનતો હોય. પ્રભાવ પાડવા માટે એ વસ્તુ ખાસ જરૂરી છે."

એક અનુભવી ગુજરાતી પત્રકાર લખે છે :

"પત્રકારની નરી નીડરતા કદાચ અણધાર્યું નુકસાન પણ કરી બેસે, નરી ગુણગ્રાહકતા કદાચ ખુશામદ સુધી પણ પહોંચી જાય, નર્યું સ્પષ્ટ વક્તૃત્વ કદાચ કડવાશના ઢગલા ખડકે, નરી તટસ્થતા કદાચ નબળાઇમાં પરિણમે, જો પત્રકારમાં સત્યનિષ્ઠા ન હોય તો. એટલે સત્યનિષ્ઠા એ પત્રકારત્વને મતાગ્રહો અને પૂર્વ-ગ્રહોથી બચાવે છે, અભ્લિલતાંથી દૂર રાખે છે, તુલનાશક્તિને વધુ ને વધુ તીવ્ર બનાવે છે અને આપમતલબ તથા જૂઠા અહં સામે સદાની જાગ્રતિ આપે છે. પત્રકાર સત્ય અને અસત્યને, નીતિ અને અનીતિને, સદાચાર અને દુરાચારને એક જ તુલામાં ન તોળી શકે. એટલે ગુ. સા. સંમેલનના ચૌદમા અધિવેશનમાં શ્રી. ચુનીલાલ વ. શાહે કહ્યું તેમ પત્રકારત્વ માટે 'તટસ્થતા' એ ભ્રામક શબ્દ છે. તટસ્થતા એ તો સત્યાચરણમાંથી છટકી જવાની છટકબારી છે. સત્યનિષ્ઠા એ જ પત્રકારનો ધર્મ હોઈ શકે."

છેક ૧૮૭૪ની સાલે "રાસ્તગોફ્તાર"માં જોડાયેલા રીઢા પત્રકાર પાલનજી બરજોરજી દેસાઈએ કહ્યું છે :

"તંત્રી ઉપર છાપાની નામનાનો મુખ્ય આધાર છે. તેના અગ્રલેખો સહુથી ધ્યાન ખેંચે છે, માટે તે પુખ્ત જ્ઞાનથી, નિષ્પક્ષપાતપણે પરમેશ્વરને હાજરનાજર જાણીને લખાવા જોઈએ."

"ગુજરાતી"ના વિદેહ તંત્રી શ્રી. મણિલાલ ઇચ્છારામ દેસાઈએ જાહેર કર્યું હતું :

"પત્રનો ધંધો એવો છે કે જ્યાં પહેલી પંક્તિના વિદ્વાનનું પાણી છ માસમાં ઊતરી જાય, અર્થાત્ કે તેની ઉચ્ચ કલ્પનાશક્તિનો ભંડાર ખાલી થઇ જાય. ઈમર્સને કહ્યું છે તે ખોટું નથી, કે એક ટકો પ્રેરણા અને નવ્વાણું ટકા પરસેવો. ગિબ્સ પણ કહે છે કે "Even the most successful journalist, if he is on the writing side of a newspaper, can rarely bank on the past achievements, however long and brilliant, but must for ever jerk his brain and keep his curiosity untired."

શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઈએ મુંબઈમાં પત્રકારો સમક્ષ એવા ઉદ્‌ગાર કાઢ્યા હતા કે "પત્રકારો તો પ્રજાજીવનના ઘડવૈયા છે."

મદ્રાસના એડવોકેટ જનરલ સર અલ્લાડી કૃષ્ણસ્વામી ઐયરે તા. ૨૫–૯–૩૯ ના રોજ પુદુકોટાના પત્રકાર મંડળ સમક્ષ ભાષણ કરતાં કહ્યું હતું :

"હિંદુસ્તાનના શિક્ષણદાતા તમે છો; હિંદના પ્રત્યેક કુટુંબમાં જ્ઞાનદીપ પ્રકટાવવાનું કામ કરનારા તમે છો, અને લોકસત્તાનાં નવાં ધોરણ સ્થાપવાની જવાબદારી તમારી છે."

તંત્રીઓનું આતું અસિધારાવ્રત છે. અસિ પણ કદાચ ઓછી પડે, "क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत्कवयोवदंति એ ઉપનિષત્કારે દૈનિકના તંત્રી પરત્વે કહ્યું હોય, તો નવાઈ નહિ !

વિખ્યાત મહારાજ લાયબલ કેસનો ચુકાદો આપતાં જસ્ટીસ જોસફ આર્નોલ્ડે કહ્યું હતું :

"A public journalist is a public teacher; the true function of the press – that by virtue of which it has rightly grown to be one of the great powers of the modern world – is the function of 'teaching, elevating and enlightening those who fall within the range of

his influence. To expose and denounce evil and barbarous practices, to attack usages and customs inconsistent with moral purity and social progress, is one of its highest, its most imperative duties."

[જાહેર પત્રકાર જાહેર શિક્ષક છે. અર્વાચીન જગતની મહાન શક્તિઓમાંની એક તરીકેનું સ્થાન અખબારોએ જે કર્તવ્યને કારણે મેળવ્યું છે તે તેની અસરના વર્તુળમાં આવનાર સર્વ કોઇને શીખવવા, ઉન્નત કરવા અને જ્ઞાન આપવાનું કર્તવ્ય છે. દુષ્ટ અને જંગલી રિવાજો ઉઘાડા પાડી તેનો વિરોધ કરવો, નૈતિક વિશુદ્ધતા અને સામાજિક પ્રગતિ સાથે અસંગત હોય તેવી રૂઢિઓ ઉપર પ્રહાર કરવા, એ તેની ઉચ્ચતમ, અનિવાર્યતમ ફરજ છે.]

આ બધો ભાર તંત્રીને શિરે જ સમજવો. છાપાના અધિપતિની કેટલી ગંભીર, વ્યાપક અને જોખમી જવાબદારી !

ગાંધીજીએ પહેલી ગુજરાતી પત્રકાર પરિષદને (૧૯૨૪) સંદેશો મોકલ્યો હતો અને તેમાં એમણે ગરીબડા તંત્રી આગળ ભવ્ય આદર્શ મૂકયો હતો.

" મને લાગે છે કે આપણા દેશમાં જેને બીજો કાંઈ ધંધો ન મળે તે જો જરાએ લખી જાણતો હોય તો છાપાં લખવાનો ધંધો કરવા બેસી જાય છે. હાલ મારે માથે ઉત્તર હિંદુસ્થાનનાં ઘણાં ઉર્દૂ છાપાં વાંચવાનું આવી પડયું છે. મારું વાંચન ઉપરના વિચારને બહુ પોષે છે. ગુજરાતી વર્તમાનપત્રોનો મારો અનુભવ કંઇક એવા જ પ્રકારનો છે......તંત્રીપદ આજીવિકાને સારૂ નહિ પણ કેવળ લોકસેવાને સારૂ જ સ્વીકારાય, એવી જવાબદારી જે સંસ્થા આપણને શીખવે તે આવકારને પાત્ર છે. "

શું કહ્યું ? ગરીબડો ? આપણે "ગરીબડા તંત્રી' કહ્યું, પરંતુ એમ કહેવામાં સો ટકાનું જોખમ છે ! યુક્તપ્રાંતોના ગવર્નર સર મૉરીસ હૅલેટે ૧૯૪૩ના જાન્યુઆરીમાં લખનૌમાં સેન્ટ્રલ ઍડવાઇઝરી બૉર્ડ ઑફ એજ્યુકેશનની બેઠકનો પ્રારંભ કરતાં પ્રવચન કર્યું હતું, અને તેમાં તેમણે વિદ્યાર્થીઓ તથા તેમના શિક્ષાગુરુઓને ચેતવણી આપી હતી :

" But do not let them be guided merely by slogans... still less by those unfortunate people, the editors and

leader-writers of our newspapers." [પરંતુ તેઓ માત્ર સૂત્રોના ભુમબરાડાથી દોરવાઇ ન જાય......ખાસ કરીને આપણાં વૃત્તપત્રોના કમનસીબ તંત્રીઓ અને અગ્રલેખકારોથી તો નહિ જ.]

આ "કમનસીબ" શબ્દનો વૃત્તકારો પરત્વેનો ઉપયોગ "પાયોનીયર" જેવા પત્રથી પણ સહન થઇ શકયો નહિ, અને એણે રવિવાર તા. ૧૭–૧–૪૩ના અંકમાં "Our 'Unfortunate' selves" મથાળાથી અગ્રલેખમાં જાહેર કર્યું :

"Dealing with that word 'unfortunate' first – What precisely, we wonder, did His Excellency have in mind ?...whatever the answer, we would respectfully assure His Excellency that we know of no "editors and leader-writers" who regard themselves as "unfortunate." As a class, they are intensely proud of their profession, and as keen to discharge its heavy obligations as they are appreciative of its great opportunities for public service. "Unfortunate," forsooth ! They regard themselves as distinctly FORTUNATE, for if there is little ease and less money in their lives there are compensating factors which only themselves can appraise or evaluate. Thinking of India particularly at this stage, we pay sincere tribute to the many grand fellows of the Press who conduct or serve newspapers with no hope of financial reward above mere subsistence level: and who risk being gaoled–and often are–in the fearless proclamation of their political convictions. Their politics may not be ours–they are certainly not those of the I. C. S.–but we know them to be honest, and what greater fortune can man ask for than that which derives from personal and professional integrity ?"
["કમનસીબ" કહીને એ નામદાર કહેવા શું માગે છે ?......અમે તે નામદારને

ખાત્રી આપીએ છીએ કે પોતાને "કમનસીબ" લેખતા હોય એવા કોઇ "તંત્રી" કે "અગ્રલેખકાર" અમારી જાણમાં નથી. એક વર્ગ તરીકે તેઓ પોતાના ધંધા માટે અત્યંત મગરૂર છે અને તેની જાહેર સેવાની મહાન તકોની પુષ્કળ કદર કરે છે. વાહ "કમનસીબ!" તેઓ તો પોતાને ચોક્કસ રીતે "નસીબદાર" માને છે, કેમકે તેમના જીવનમાં આરામ અને ધન ઓછાં હશે પરંતુ તેનો બદલો આપનારાં એવાં તત્ત્વો તેમને મળે છે કે જેનાં મૂલ્ય તેઓ જ મૂલવી શકે. હિંદનો, ખાસ કરીને અત્યારને તબક્કે, વિચાર કરતાં અમે વૃત્તવિવેચનના એ મહાનુભાવોને હાર્દિક માનાંજલિ આપીએ છીએ, કે જે માત્ર જીવન ટકાવવા ઉપરાંત બીજા કશા ધનની અપેક્ષા વિના વૃત્તપત્રો ચલાવે છે અથવા તેની સેવા કરે છે, અને જે પોતાના અભિપ્રાયોની નીડર જાહેરાત ખાતર જેલનું જોખમ ખેડે છે-અને ભોગવે પણ છે. એમનાં રાજકીય મંતવ્યો અમારાં ન પણ હોય; આઇ. સી. એસ.નાં તો તે નથી જ. પરંતુ અમે જાણીએ છીએ કે તેઓ પ્રામાણિક છે. અને અંગત તથા વ્યાવસાયિક પ્રમાણિકતાના સંતોષમાંથી પ્રગટ થતા સદ્ભાગ્ય કરતાં કઇ વધારે મોટી નસીબદારીની માનવી આશા રાખી શકે ?]

એટલે પત્રકારને "બિચારો" કહેતાં પણ બે વાર વિચાર કરવા જેવું છે. આટલું લખ્યા ઉપરાંત તા. ૧૯-૧-૪૩નાં અંકમાં Hallett's Light our Guideનું અહમદનું વ્યંગચિત્ર પણ "પાયોનીયરે" પ્રસિદ્ધ કર્યું હતું. એ બહુ સૂચક હતું.

પ્રકરણ ૭

તંત્રીનાં લક્ષણો – અને અપલક્ષણો

The editor of an American newspaper dropped into a special afternoon service for the first time for many years. He listened to the service for a while and then rushed to his office.

" What are you fellows doing ?" he shouted. "How about the news from the seat of war ?"

" What news ?"

" Why, all this about the Egyptian army being drowned in the Red Sea. The minister up at the church knows all about it, and you haven't got a single word of it in our latest edition ! Bustle round you fellows, and get out an extra special, sharp."

—Anecdote.

આજથી પચીસત્રીસ વર્ષ ઉપર આ મહાન પણ મુફલિસ ધંધામાં પડનાર દેશી ભાષાનાં છાપાંના તંત્રીઓમાં એવા થોડા જ હશે કે જેમણે કાર્યાલય સાફ કરવાથી માંડીને ફર્મા ઝુંપવા સુધીનાં પત્રપ્રકાશનનાં બધાં કાર્યો કરેલ ન હોય. આજે પણ પત્રઉત્પાદનની બધી વિગતોનો એને પરિચય હોવો આવશ્યક છે જ. અને તે સાથે, તંત્રીએ બીજે પણ ક્યાં ક્યાં ધ્યાન આપવાનું રહે છે ?

રોજરોજના સમાચાર, રાજકારણી તથા અન્ય પક્ષો અને વર્ગોના આંતરપ્રવાહો, રાજકારણી દુનિયાના કાચંડાની કાયા જેવા પલટાતા રંગરાગ, એ બધાના સતત અને તાજા સંસર્ગમાં એ રહે, અને તેમાંની ગમે તે બાબત ઉપર ગમે તે સમયે ટૂંકામાં ટૂંકી નોટીસે બુદ્ધિ અને અભ્યાસનો આભાસ આપે તેવી નુકતેચીની કરવાની એની તૈયારી હોય.

વૃત્તપત્રો સામે જે કાયદાઓની કતાર સદૈવ ભરેલા તમંચા તાકીને ઊભી જ હોય છે, તે બધા નિરંતર તેની નજરમાં રહેવા જોઇએ. નહિ તો ક્યારે ક્યા નિબંધ, નિયમ કે ધારાધોરણની અડફટમાં અટવાઈ પડાય, તેનો શો ભરોસો ?

જમેઉધારનાં પાસાં મેળવવાનાં અને ઉદરનિર્વાહની જોગવાઈ કરવાનાં ફાંફાં છતાં એ ઉચ્ચ આદર્શો અને ભાવનાઓથી રંગાએલો, પ્રામાણિક, બુદ્ધિપ્રતિભાથી મંડિત અને સમાજમાં પ્રતિષ્ઠાવાળો હોય, તો જ તેનું ગાડું ગુજરાતી પત્રકારત્વને ચીલે સરખી રીતે ચાલે.

એનામાં વ્યવસ્થાશક્તિ, મનોબળ, નિર્ણયશક્તિ, ધીરજ અને સહનશીલતા તો હોવાં જ જોઇએ. અને જરૂર પડતાં ઝુકાવવાની હિંમત વિના તો ચાલે જ નહિ.

આ પ્રત્યેક વસ્તુની પ્રત્યેક તંત્રીને નિત્ય અને નિરંતર જરૂર પડ્યા કરે છે એવું નથી. પરંતુ એ સર્વ માટે એની તૈયારી અને તત્પરતા તો આવશ્યક છે જ.

ગુજરાતી અખબારની સૃષ્ટિમાં સાધનસંપન્ન કાર્યાલય, નાણાંની છૂટ, અને રોજગાર ચાલુ રહેવાની થોડીઘણી ખાત્રી હોવાના દાખલા આજની પ્રગતિની કક્ષાએ પણ ભાગ્યે જ શોધ્યા જડે. કેટલા તંત્રીઓએ પાંચ વર્ષ પણ એક જ સ્થળે નોકરી કરી હશે ? "મુંબઇ સમાચાર," "જામે" "સાંજ," "કૈસર"—એનાં તંત્રીપદો અવિચળ જેવાં કહી શકાય. કેમ કે માલિકી અને તંત્રીપદ તેમાં હાથમાં હાથ મિલાવીને ચાલે છે. એવું જ "પ્રજાબંધુ," "ગુજરાતી પંચ," "સંદેશ" અને "ગુજરાત સમાચાર"નું

પણ છે. પરંતુ જ્યાં માલિક અને તંત્રી જુદા હોય, તંત્રી ભાડૂતી હોય, ત્યાં તો મામલો સાવ જુદો પડે છે. "હિંદુસ્થાન"ની કારકિર્દીથી જે જાણકાર હશે તે એ પત્રને તંત્રીપલટાનું ચૅમ્પીયન કહ્યા વિના ભાગ્યે જ રહે.

મુંબઈનાં આજનાં જૂનાં અને ખૂબ લબ્ધપ્રતિષ્ઠ પત્રકારોમાંનાં લગભગ દરેકે અડધો ડઝન શેઠ કર્યા હશે. કેટલાકનો 'સ્કોર' તો ડઝન ઉપર પણ ગયો હોય તો નવાઈ નહિ.

અહીં પત્રકાર જગતની ગંભીર સમસ્યા આવીને ઊભી રહે છે.

પત્રની નીતિ કોણ ઘડે ? તંત્રી, માલિક કે ગ્રાહક ?

આ બાબતમાં સુપ્રસિદ્ધ તંત્રીમાલિક શ્રી. મણિલાલ ઇચ્છારામ દેસાઈના વિચારો આ રહ્યા:

"તેનું કર્તવ્ય સત્યને વળગી રહેવાનું, સ્વતંત્રતા સાચવવાનું અને લોકહિત જળવાય તેવી સલાહ આપવાનું છે. પણ ઘણી વાર ગ્રાહકો તંત્રીને પોતાની ઇચ્છાનુસાર ચાલવાનું કહે છે અને લોકોની મોરલી પર ચાલનારા નાયકો લોકોને પત્ર કે તંત્રીની વિરુદ્ધ ઉશ્કેરે છે, બહિષ્કારનો મંત્ર ભણાવે છે અને સ્વતંત્ર મતના પત્રને નુકસાન કરે છે. લોકહિત સમજનારાઓ, વાંચનલેખનની સ્વતંત્રતા માંગનારાઓ આ પદ્ધતિને અધમ, નિંદ્ય માને છે.

"ગ્રાહકોએ કે છાપખાનાંના કામદારોએ પત્રની સ્વતંત્ર નીતિની આડે આવવાનો હક્ક નથી. પત્રની નીતિમાં માથું મારવાનો દાવો કરનારા, જ્યાં પત્રના માલિક અને તંત્રી જુદા જુદા હોય છે ત્યાં, માલિક કંપનીની બોર્ડ કે કંપનીના ભાગીદારો છે. માત્ર પૈસા કમાવવાનો જ હેતુ હોય ત્યાં સ્વતંત્રતા કે સત્યનો વિચાર ના જ થાય. ત્યાં તો તંત્રી પોતાની બુદ્ધિનો વિક્રેતા બને છે. કાયદાનો ધંધો કરનારા જે પૈસા આપે તેના વાદી કે પ્રતિવાદી બની બુદ્ધિનો ઉપયોગ કરીને લડે છે, તંત્રી જો તેમ કરે તો તેનું સ્થાન હલકું બને છે. લોકોની સેવા કરનારા તંત્રીને પોતાની નિર્ણયાત્મક શક્તિનો સ્વતંત્રતાથી ઉપયોગ કરવાની છૂટ હોવી જ જોઈએ એવી મારી માન્યતા છે. જે હેતુથી–જે નીતિનો અમલ કરવા માટે કંપની સ્થાપવામાં આવી હોય, પત્ર સ્થાપવામાં આવ્યું હોય, તે હેતુને અનુસરીને ચાલવાને તંત્રી–પત્રકાર બંધાયલો છે. એ હેતુ નષ્ટ થતો હોય તો માલિકો વાંધો લઈ શકે, અને તંત્રીને રજા આપી શકે. પણ તે સિવાય

માલિક કે ડિરેક્ટરોએ કે સિન્ડીકેટે તંત્રીના કામમાં માથું મારવું તે અસહ્ય છે, પત્રને ઢંગધડા વિનાનું બનાવવાનો રસ્તો છે.

"એના કરતાં તો માલિક પોતે જ તંત્રી બની પોતાની ઇચ્છાનુસાર લખનારાઓ રાખે તે ઇષ્ટ છે, તેને પૂતળાં જેવા તંત્રી–અગ્રલેખ લખનારાની કશી જરૂર નથી. પત્રકારના ધંધામાં આ વસ્તુ ઘણી મહત્ત્વની મને લાગે છે, કારણ કે આજે શિક્ષણનો વધારો થતો જાય છે, અને સંસ્કારી માણસોને નોકરીધંધાના અભાવે ભાડૂતી તંત્રી બનવાના પ્રસંગો વધે છે. તેઓ પેટને વાસ્તે સ્વતંત્રતા અને સત્યનું લીલામ કરનારા ના બને તે લોકોએ જોવાનું છે."

"બેધડી મોજ"ના ૧૯૨૭ના પત્રકાર પરિષદ અંકમાં પ્રસિદ્ધ પત્રકાર અને કુશળ તંત્રસંચાલક શ્રી. સીતારામ શર્માએ પોકાર કર્યો હતો:

"ગમે તેવા નિષ્ણાત, તેજસ્વી મેધાવાળા, સ્વતંત્ર મિજાજવાળા પત્રકારને રણકતા રૂપિયાના ખણખણાટ આગળ નમવું પડે છે ! પગાર આપનારની ગમે તેવી લાયકાત હોય છતાં તે એને એકેએક બાબતમાં પોતાને મનગમતી દિશાએ હાંકી શકે છે !"

આ પ્રશ્ન કેટકેટલા સમર્થ પરંતુ આર્થિક રીતેલાચાર પત્રકારોનાં અંતરોને અકળાવતો હશે ?

આ સમસ્યા વિષે ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલનના ચૌદમા અધિવેશનના પત્રકારત્વ વિભાગના પ્રમુખ શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહે તા. ૫–૧૦–૪૧ના રોજ પોતાના વ્યાખ્યાનમાં વ્યક્ત કરેલા ઠરેલ વિચારો અવશ્ય મનનીય છે, અને આ પ્રશ્ન બાબત છેલ્લામાં છેલ્લી કહી શકાય તેવી વસ્તુસ્થિતિ એમાં રજૂ થાય છે. તેઓ કહે છે:

"પત્રનીતિ તંત્રીની વ્યક્તિગત વિચારસરણીનો પડઘો જ હોવાની કશી જરૂર આજે રહી નથી. પત્રનીતિનો નિશ્ચય કરવામાં આજ સુધીના જગતના પત્રકારત્વે ત્રણેકવાર દર્શન કર્યાં છે. એક વખત એવો હતો કે જ્યારે પત્રોના માલિકોની ઇચ્છા જ પત્રનીતિ બનતી અને તંત્રીને એ મુજબ વર્તવું પડતું. પચ્ચાશી પૂર્વે ગુજરાતી પત્રો તો માલિક તંત્રીઓના હાથમાં જ હતાં. ત્યાર પછી તંત્રીઓની વ્યક્તિગત વિચારસરણી પત્રનીતિ બની જાય એવો યુગ ઇંગ્લાંડ–અમેરિકાએ જોયો અને ગુજરાતી પત્રકારત્વમાં ય એવા છૂટાછવાયાં દાખલા મળે છે. જે ત્રીજો યુગ આજે

વર્તે છે તે તંત્રીમંડળે નિશ્ચિત કરેલી પત્રનીતિનો છે, જેમાં તંત્રીના વ્યક્તિગત વિચારોને જ સર્વથા અનુકૂળ પત્રનીતિ હોવી જોઈએ એવું બંધન નથી હોતું, પણ પત્રનું જ સુઘટિત—સુનિશ્ચિત વ્યક્તિત્વ સર્વદા મોખરે રહે છે. અમેરિકામાં એક વાર એવો પ્રશ્ન ઊઠયો હતો કે તંત્રીલેખની હેઠળ લેખ લખનારની સહી કેમ નથી આવતી, અને તંત્રી પોતાની જાતને પત્રના નામ હેઠળ છુપાવીને બિન-જવાબદાર ઉદ્‌ગાર કેમ કાઢયા કરે છે? પરંતુ એ પ્રશ્ન ખોટો છે. સુવ્યવસ્થિત રીતે ચાલતાં ગુજરાતી પત્રો પણ તંત્રીના પોતાના અંગત અભિપ્રાયોનો પડઘો પાડતાં નથી; પત્રનીતિને અનુસરીને જ બોલે છે અને તેથી વાચકો ઉપર તેનો સઘન પ્રભાવ પડે છે. જેઓ સ્વતંત્રતાનો અર્થ અતંત્રતા કરે છે તેઓ કદાચ એ પત્રનીતિને તંત્રની આસપાસ વીંટાયેલું એક બંધન કહેશે, અને સૌ કોઇને ન્યાય આપવાની તટસ્થતાને ઊંચું સ્થાન આપશે; પરંતુ જ્યારે જીવનનાં બધાં ક્ષેત્રોમાં એક જ આદર્શ સિદ્ધ કરવાને જુદા જુદા વિચારોના નિદર્શકોના જુદા જુદા પક્ષો બંધાયા છે અને એ પક્ષો પોતપોતાની દૃષ્ટિએ જ આદર્શ સિદ્ધ કરવા મથે છે, વ્યાજબી લાગે ત્યારે સાથે મળીને કામ કરે છે, જરૂર જણાયે જુદા પડીને લડે છે પણ ખરા, ત્યારે જે પત્રકારત્વનો આશય સત્યસંશોધન દ્વારા, સત્ય તરફ જનતાને દોરવા દ્વારા અને લોકકલ્યાણ દ્વારા સેવાવ્યવસાય ચલાવવાનો છે, તે પત્રકારત્વ એક જ નિશ્ચિત મતનું પ્રતિપાદન ન બને તો તે અસ્તિત્વ ધરાવવાને યોગ્ય જ ન રહે."

તંત્રીઓ જ્યારે યુદ્ધરમણે ચડે છે ત્યારે મહા ઉત્પાત કરી મૂકે છે, અને પોતાની સાઠમારીમાં આખા જનસમાજને ખળભળાવી શકે છે. વૃત્તપત્રોનાં વાગ્યુદ્ધો અનાદિ કાળથી ચાલતાં આવ્યાં છે. કોઈ કોઈ વાર તો તંત્રીઓ મહિનાઓ સુધી જનસમુદાયને મફતમાં અત્યંત મનોરંજક તમાશાના થાળ પીરસ્યા જ કરે છે. આ ક્રમ બધી જ ભાષાઓનાં છાપાં માટે સર્વસામાન્ય છે. "પિકવિક પેપર્સ"ના ઈટન્સવીલ ગૅઝેટ અને ઈટન્સવીલ ઇન્ડિપેન્ડન્ટનાં કાલ્પનિક ધમસાણની સર્વત્ર અને રોજ પ્રત્યક્ષ આવૃત્તિઓ નીકળ્યા જ કરતી હોય છે. આપણે ત્યાં તેવું છેલ્લું પ્રદર્શન "જન્મભૂમિ" અને "ફુલછાબ" વિરૂદ્ધ "પ્રભાત" અને "નવ-સૌરાષ્ટ્ર"ના સમરાંગણનું ૧૯૪૦ના પ્રારંભમાં થઈ ગયું. તે પછી બધાં પ્રતિષ્ઠિત પત્રોએ જાહેરમાં पत्रकारो पत्रकारं दृष्ट्वा श्वानवद्घुर्घुरायतेनी

પ્રથાને તિલાંજલિ આપવાનો સર્વાનુમત નિર્ણય કર્યો લાગે છે. અને એમાં જ એમની શોભા છે.

તંત્રીનાં કર્તવ્યોમાં પ્રથમ સ્થાન તંત્રીલેખને જ હોય, એ કુદરતી છે. અગ્રલેખ અથવા તંત્રીલેખ ખૂબ કૌશલ્યની અપેક્ષા રાખે છે. શીઘ્ર છતાં પાકટ વિચારોવાળું અને પ્રમાણબદ્ધ લેખન અગ્રલેખ માટે આવશ્યક છે.

લોકોને માટે સર્વસામાન્ય આશ્ચર્યનો વિષય છે કે રોજરોજ તંત્રીને લખવાનું સૂઝતું ક્યાંથી હશે?

અગ્રલેખ એટલે શક્ય તેટલા છેલ્લા ખબરઅંતરોમાંની પસંદ કરેલી એકાદ વાનગીનું ફુલાવેલું કે સટિક પુનરુચ્ચારણ; વળી રાણપુર શૈલીએ ભાવોદ્રેક અને શબ્દોની શોભાના માર્ગ ખુલ્લા કરીને ચિત્તને હરી લે એવા શબ્દસમુચ્ચયથી અગ્રલેખને શોભાવવાના કાર્યમાં સરળતા કરી આપેલી છે, એવી ટીકા પણ ઘણે સ્થળેથી થાય છે.)

એ ટીકામાં કેટલેક અંશે વાસ્તવિકતા હોવા છતાં, અગ્રલેખ તૈયાર કરવો એ બાળચેષ્ટા નથી જ. ભલભલા કલમબાજ તેનાથી હારે છે.

જોન મોર્લી Recollectionમાં પત્રકારત્વ વિષે લખતાં તેને માત્ર અસ્થિર જ નહિ પરંતુ ભયાવહ અને ભરમાવનારું કહે છે, અને એવો અભિપ્રાય દર્શાવે છે કે Unless the editor of a newspaper is well-read the little capital of his idea will be exhausted and he will become a bore."
[પત્રના તંત્રીનું વાચન જો પૂરતું વિશાળ ન હોય, તો તેનો મર્યાદિત વિચારભંડોળ જોતજોતામાં ખરચાઈ જાય અને એનું લખાણ ટાયલું બની જાય.]

તંત્રીલેખ તો વૃત્તપત્રની વિશિષ્ટતા છે, એનું નાક છે, એની પ્રતિષ્ઠા છે. "હિંદુસ્થાન-પ્રજામિત્ર"ના રજતમહોત્સવ અંકના અગ્રલેખમાં એ પત્રની વિશિષ્ટતાઓમાંની ચોથી એને ગણાવી છે. આપણા જાણીતા તંત્રીઓની

શૈલી તથા લેખનકળાનો એમાં સંક્ષિપ્ત પરંતુ તાદશ પરિચય આપણને મળે છે. લેખક કહે છે કે એ પત્રના તંત્રીલેખોમાં

"ભાષાનાં સચોટતા અને વૈભવ, કુશળ ધારાશાસ્ત્રીને જેબ આપે એવી હકીકતોની રજૂઆત, વ્યાપક દૃષ્ટિબિંદુને ગર્ભમાં છુપાવી સ્પષ્ટ અને સપ્રમાણ રીતે રજૂ થનારી દલીલો, અને સ્પષ્ટ માર્ગદર્શન કરાવનારો અંત.........સ્વ. વિભાકરનાં પ્રવાહી દલીલબાજી અને ભાષાવૈભવ; અલંકારિતા વિનાનાં પણ પરસ્પર ભૂષણરૂપ બનતાં ભાષા અને વિચાર વડે તસલ્લી કરાવી આપે એવા ગોરધનભાઈના તંત્રીલેખો, ક્યારેક મર્માળી અને સદાયે ઊર્મિલ વિચારધોધે વહેતી શ્રી. સામળદાસની શૈલિ; પ્રસંગ અને વિષયને અનુરૂપ ભાષા અને શૈલિનાં આભૂષણો પરિધાન કરી ક્યારેક બરછી, કયારેક હથોડો અને સદા યે ભોમિયો બનતી શ્રી. ઇન્દુલાલ યાજ્ઞિકની કલમ; અને આસપાસ નજર ફેરવી નવી દુનીયાના નિશાન તરફ તરાપ મારતા ચિત્તાના જેવી તડપ અને ચોટદાર શ્રી, છેલશંકર વ્યાસની લેખિની..."

ગુજરાતી દૈનિક પત્રકારત્વમાં અગ્રલેખની કળાના વિકાસનું અવલોકન સ્વતંત્ર પુસ્તક માટે પૂરતો મસાલો પૂરો પાડે તેમ છે. પરંતુ અહીં એ વિષે એટલું જ કહેવું બસ થશે, કે પાઇકા ટાઇપમાં કોલમોનાં કોલમો ભરીને એકૂી ધાટીએ લખાતા અગ્રલેખોની ઢબમાં પહેલો પલટો "હિંદુસ્થાન"નાં કોલમોમાં ૧૯૨૩–૨૪માં થયો અને પાઇકાને બદલે ઇંગ્લીશ સાદા ટાઇપથી અગ્રલેખ ભરવાનો પ્રયોગ તેમાં જોવામાં આવ્યો હતો. ડબલ કોલમમાં અગ્રલેખ ભરાય, અને બે કોલમથી એ વધારે લાંબો ન જ હોય, એ પદ્ધતિ ચાલુ કરનાર "જન્મભૂમિ" છે. વળી અગ્રલેખમાં નાનાં મોટાં બીબાંના ઉપયોગ વડે લેખને વધારે સચોટ બનાવવાનો પ્રારંભ પણ એ જ પત્રે કરેલો છે; અને ત્યાર પછીથી ઘણાં પત્રોએ એ પદ્ધતને અપનાવી છે.

"ફુલછાબ"માં ૧૯૪૧ના ઉત્તરાર્ધમાં પત્રકારત્વના વિષય ઉપર એક લેખમાળા પ્રસિદ્ધ થઈ હતી. તેમાં તંત્રી, તંત્રીમંડળ, પત્ર અને પત્રસંચાલન સંબંધી કેટલીક અનુભવની વાતો સામાન્ય આમસમાજની માહિતી માટે સરળતાથી રજૂ કરવામાં આવી હતી. તંત્રી અને તેના કાર્ય વિષે તેમાં લખ્યું હતું :

તંત્રીનાં લક્ષણો – અને અપલક્ષણો

"પત્રકારત્વની સંસ્થાની નીતિ, રૂઢિ કે મર્યાદાઓ સાથે તંત્રીનું વ્યક્તિત્વ, એના સંસ્કાર કે રસવૃત્તિ ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. તંત્રીનો યોગ્ય કે અયોગ્ય આગ્રહ ઘણી વાર પત્રની નીતિ ઉપર પણ ગંભીર અસર કરે છે. પત્રની રૂઢિને કાયમ રાખીને કયા વસ્તુ-વિષયને કયારે અને કેટલું મહત્ત્વ આપવું એનો આધાર તંત્રી ઉપર રહે છે. કયા બનાવને, કઈ વસ્તુને કેવું સ્વરૂપ આપવું, કેવો ઝોક આપવો એનો ઘણોખરો આધાર તંત્રી ઉપર રહે છે. તંત્રી દરેક અંકના ઘડતરની રેખા દોરે છે અથવા તંત્રી કઈ જાતનું ઘડતર માગે છે એ સમજી લઈને તંત્રીમંડળ એ રેખાઓમાં ચણતર કામ શરૂ કરે છે, એમાં રંગપૂરણી કરે છે; અને એ ચણતરમાં, રંગપૂરણીમાં રંગોને આછા ઘેરા બનાવવા કે ચણતરના ઘાટને અમુક સ્વરૂપ આપવા તંત્રી છેલ્લો હાથ મારે છે.

"હમેશાં આમ જ બને છે એમ નહિ. પણ પત્રનું આખું ઘડતર તો તંત્રીની ઇચ્છા મુજબ જ થતું હોય છે. પછી તંત્રી હાજર હોય યા ન હોય...બંધારણીય રીતે તંત્રીઓના હોદ્દાઓ પણ જુદા જુદા હોય છે. કોઇ મેનેજિંગ એડીટર હોય છે, કોઇ એડીટર હોવા સાથે મેનેજિંગ ડિરેક્ટરનો હોદ્દો પણ ધરાવતો હોય છે અને કોઇ એકલું તંત્રીપદ જ સંભાળતા હોય છે.

"કેટલાક તંત્રી એવા પણ હોય છે કે પોતાના પ્રકટ થયેલા અંકમાં શું આવ્યું છે એ ન જાણતા પણ હોય અને પ્રવાસોમાં ભટકતા હોય. કેટલાક એક લીટી પણ પોતાની આંખ તળેથી પસાર થયા સિવાય પ્રગટ થવા દેતા નથી. કેટલાકનું તો માત્ર શોભીતું નામ જ અંક ઉપર છપાતું હોય છે અને તંત્ર કોઈ બીજા જ ચલાવતા હોય છે. જ્યારે કેટલાક તંત્રીઓને પોતાના સહતંત્રીમાં એટલો બધો વિશ્વાસ અને શ્રધ્ધા હોય છે કે પોતે દેખરેખ રાખતા હોવા છતાં આખું સંચાલન સહતંત્રીઓને મરજી મુજબ ચલાવવા દે છે.

"જ્યાં સહતંત્રીઓ અને તંત્રી વચ્ચે મનમેળ, રસમેળ, વિચારમેળ કે સંસ્કારમેળ હોય છે ત્યાં તો બધા એક સાંકળની એક કડીરૂપ બનીને પત્રનું સંચાલન કરતા હોય છે. જેમ સહતંત્રીઓ તંત્રીની સલાહથી બધું કરે છે તેમ તંત્રી પણ ઘણીખરી બાબતમાં સહતંત્રીઓની સલાહ લઈને જ આગળ વધે છે, અને પત્ર સમૃધ્ધ અને બળવાન બને છે. પણ એનો વધુ આધાર સહતંત્રીઓની બુધ્ધિશક્તિ ઉપર રહે છે. પત્રના ઘડતરમાં પોતાની વિશિષ્ટતાઓ ઉમેરીને, પોતાની જ્ઞાનસમૃધ્ધિ ઠાલવીને, સ્વતંત્ર રંગો પૂરીને પત્રકારત્વની દુનિયામાં એ નવી ભાતો

ઉઠાવે છે. વાસ્તવમાં કોઈ પણ પત્રની સમૃદ્ધિમાં, પ્રતિષ્ઠામાં કે સેવાપરાયણતામાં સહતંત્રીઓનો ફાળો જરાય ઓછો નથી હોતો. એટલે સહતંત્રીઓ તંત્રીના માત્ર હાથપગ જ નહિ, પણ મગજ અને હૃદયનું કામ પણ કરે છે. ખરી રીતે સહતંત્રીઓ અને તંત્રી મળીને જ એક સંપૂર્ણ તંત્રી બને છે."

અગ્રલેખો છાપામાં સૈદ્ધાન્તિક દૃષ્ટિએ વધારેમાં વધારે મહત્ત્વના ગણાય ખરા, પરંતુ આમસમાજને, જેના ઉપર વૃત્તપત્રના વિકાસ અને નિભાવનો આધાર રહે છે તે જનસમૂહને લાગેવળગે છે ત્યાં સુધી તો અખબારનું મહત્ત્વ તેના સમાચાર અને એ સમાચારને રજૂ કરવાની જુદી જુદી આકર્ષક દિલજિત પદ્ધતો છે. અને આ કળા ઉપતંત્રીનો વિષય છે.

પ્રકરણ ૮

આકર્ષણનો કીમિયો

This story won first prize in a competition run by an American periodical for stories of brevity and dramatic content :—

Elvina Parker received a telegram from her brother who was accompanying her husband on a big-game expedition in Africa. The telegram read : "Bob killed lion hunting—Fred."

Elvina overcome with grief, wired back: "Send him home—Elvina."

Three weeks later a large packing case arrived from Africa. Inside was a lion. Elvina sent a telegram: "Lion received. Must be mistake. Send Bob—Elvina."

Back from Africa came the reply: "No mistake. Bob in lion—Fred."

—*Newspaper Item.*

કેટલાંક પત્રોમાં ન્યુસએડીટર નોખા હોય છે ખરા, પરંતુ વાસ્તવમાં ગુજરાતી પત્રકારત્વની દુનિયામાં, ન્યુસએડીટર કહો કે ઉપતંત્રી કહો, એ બધું એકનું એક છે. આપણે ત્યાં વાતાગમ્ય વિભાગીકરણ હજી શક્ય નથી. એવી વ્યવસ્થાના પ્રયોગો હજી અત્યંત મર્યાદિત છે, અને ઘણાં-ખરાં પત્રોમાં ઉપતંત્રીએ સમાચારોના સંકલનને પણ સંભાળવાનું રહે છે.

જુદી જુદી રીતે ભેગા કરેલા સમાચારોને રજૂ કરવાની કળા વૃત્તવિવેચનનું મહત્ત્વનું અંગ છે. ખબરઅંતરની રજૂઆત કરવામાં પ્રત્યક્ષપણે તો વિવેચન નથી હોતું, પરંતુ તેમાં insidiously–પ્રચ્છન્ન સૂચનથી, પરોક્ષ ઇશારાથી, શાબ્દિક નેત્રપલ્લવીથી સંજ્ઞા કરીને બાકીનું વાચકની કલ્પના ઉપર છોડી દેવામાં આવે છે. તેથી તો તેની અસર પ્રત્યક્ષ વિવેચન કરતાં પણ કોઈ કોઈ વાર વધારે સચોટ અને મર્મસ્પર્શી નીવડે છે, એ બુદ્ધિમાન અખબારવાચકોથી અજાણ્યું નથી. રાજસત્તાને કેટલાક નાજુક પ્રસંગોએ માત્ર અગ્રલેખો ઉપર જ નહિ પરંતુ જેને નકરા કોરા સમાચાર કહેવામાં આવે તેનાં મથાળાં તથા તેની શબ્દરચના ઉપર પણ અંકુશ મૂકવાની જરૂર જણાય છે, તેનું કારણ પણ આ હકીકતમાં રહેલું છે. ટૂંકડા મથાળાના બે સાદા શબ્દોના નિરાયાસ દેખાતા પરંતુ અર્થગંભીર બની જતા સંયોગમાં ઘણી વાર આખા કોલમના અગ્રલેખન કરતાં વધારે ડંખ સમાઈ જાય છે. ગાંધીજી એ કળાના કોવિદ છે. એમના "મરમના ઘા", "હુંકાર", "સાબૂત કાંડાંબાવડાં", "પાંચસો મે મજલે", "ગટર મુકદમ" ઇત્યાદિ લેખમથાળાં વાચકના ચિત્તમાં સોંસરાં ઊતરી જઈને ત્યાં લગભગ કાયમનું સ્થાન મેળવે છે, એ સહુ કોઈનો અનુભવની વાત છે. મુંબઇનાં જૂનાં વર્તમાન પત્રો તથા આજના "સયાજીવિજય"ના પણ અગ્રલેખોનાં મથાળાં ટુલાઇન ટાઇપમાં પૂરી ત્રણ લીટીઓ કરતાં ઓછું સ્થાન ભાગ્યે જ રોકતાં હતાં—રોકે છે. તેમાં પહેલો પલટો લાવવાનું માન "હિંદુસ્થાન અને અખબારે સોદાગર"ને ભાગે જાય છે. વાસ્તવમાં, મથાળાંની કળાના વિકાસનાં પગથિયાં એણે જ રચેલાં છે અને એ સોપાનપંક્તિએ ચડીને આજે ગુજરાતી અખબારો તેમની શીર્ષકબંધનની આજની ઉત્તમ કક્ષાએ પહોંચવા પામેલાં છે. આ વિકાસક્રમમાં એક પ્રબળ અને નુતન તત્ત્વ પૂરનાર તે, અન્યત્ર આપણે નોંધ્યું છે તેમ, રાણપુરની ચટકદાર ભેટ છે.

આ રહ્યા એ ભેટના કેટલાક નમૂના :

"હોલવાયલો તિખારો", "હસતા હોઠ પાછળ હીબકતું અંતર", "કરુણ કારકિર્દીનો કરુણ મૃત્યુલેખ", "ફ્રાન્સ! તારી ડૂબતી નૌકા!" "વઢવાણ તારો દારૂનો ઇજારો!" "જો જો, મુડદાં જાગે નહિ!" "હાય-સંધિ! હાય સનંદ! હાય કરાર!" "સમાધાનની વાતોથી સાવધાન!" "અધોગતિ પર આગે કદમ" ઇ. ઇ.

વાંચનારના મન ઉપર પહેલી જ નજરે છાપ પાડવાની ઉત્સુકતામાં, તેને ઝડપી લેવાની આતુરતામાં આ ઢબ આત્યંતિકતા તરફ ખેંચાઈ જાય છે, એવી ટીકા અવાસ્તવિક તો નથી જ. અવનવી ચમત્કૃતિ–સનસની માટેની હિંદનાં છાપાંની એષણા પશ્ચિમના રાહે ખૂબ જ વધી છે અને એકંદર હિંદી છાપાં એ રવાડે ચડેલાં છે. મોટાં મોટાં મથાળાં, એમાં સમાચાર સમગ્રનો નિચોડ વધારેમાં વધારે શકય તેટલા ઉત્તેજક, રોમાંચક શબ્દોમાં ભરવો–એ પ્રયત્ન અત્યારે ઘણાંખરાં છાપાં કરતાં દેખાય છે. એ મથાળાં વાંચતે જાણે આપણે એની ચીસો રીતસર સાંભળીએ છીએ. છાપાંનાં પાનાં ફેરવો એટલે તેનાં મથાળાં તમારી સામે કલબલાટ કરી મૂકે છે. મોટા કાળા હરફની કતારો ગળાં ફાડીને તમારા કાનને બહેરા કરી મૂકે છે.

આ મથાળાંના શોરબકોરનો ખરો ખ્યાલ તેના શબ્દો કરતાં તેની ગોઠવણીમાં, આઠ આઠ કોલમમાં પથરાયેલા આઠ લાઇન ટાઇપના ઝંડા અને તેની ઉપરનીચે બીજાં મથાળાંની બિછાવેલી રચના જોવાથી જ આવી શકે.

કાન પડયું સંભળાય નહિ એવા આ સામસામી એકબીજાથી વધારે શોરબકોર કરવાની હરીફાઈના ટકોરખાનામાં બિચારા સત્યનો ઝીણો, નાજુક નાદ તો કયાંથી જ સંભળાય......

છતાં એકંદર નજરે જોતાં, ગુજરાતી છાપાંએ મથાળાંની કળા સારા પ્રમાણમાં હસ્તગત કરી છે, અને થોડામાં ઘણું કહી નાખવાની યુક્તિઓમાં નૈપુણ્ય મેળવ્યું છે, એ નિર્વિવાદ છે. આકર્ષણની અન્ય યુક્તિઓ, નાના મોટા ટાઇપની પસંદગીઓથી માંડીને સાત સાત કોલમની શીર્ષકપતાકાઓ, ચોકઠાં, વિવિધ સૂચક આકૃતિઓની ગોઠવણ ઈ. ઈ. અનેક નુસખાઓનાં

પમ્યુટેશન્સ અને કૉમ્બીનેશન્સ આપણા પત્રસંચાલકો આજે એવી સુંદર રીતે કરી રહેલા છે. કે ગોઠવણ અને ગેટ–અપની બાબતમાં ગુજરાતી દૈનિકોને તોલે આવે એવાં પત્રો હિંદમાં અન્યત્ર ભાગ્યે જ જોવામાં આવે છે. આ ગર્વવચન નહિ, પરંતુ હકીકત માત્ર છે.

ચૌદમા સાહિત્યસંમેલનના પત્રકારત્વ વિભાગના પ્રમુખે કહ્યું છે :

"વર્તમાનપત્રોના વિષયોની સાદી સીધી રજૂઆત, સામાન્ય મથાળાં અને ઠાવકી ભાષા જેઓને શિષ્ટ લાગે છે, તેઓને ગુજરાતી પત્રોમાં વિષયોની આકર્ષક રજૂઆત, તેજસ્વી ભાષા અને ચોટદાર શીર્ષકો 'પીળું પત્રકારત્વ' ભાસે છે. ધોતિયું પહેરવાના જ કામમાં આવે છે; તેને રંગીન નક્સીદાર કિનારીની જરા યે જરૂર નથી. છતાં જો રંગીન કિનારીદાર ધોતિયું પહેરવામાં હીનતા કે કુરુચિ નથી મનાતી, તો વર્તમાનપત્રોની કલાયુક્ત સજાવટ ટીકાને પાત્ર ન લેખાય અને તે 'પીળા પત્રકારત્વ'ની કોટિમાં ન આવે. આકર્ષક શીર્ષકો અને કલાયુક્ત સજાવટ એ વર્તમાનપત્રોની જ નહિ પણ વાચકોની જરૂરિયાત બની છે. વિદ્યુદ્વેગી પ્રવૃત્તિશીલ જીવનમાં જે થોડો સમય વર્તમાનપત્રોના વાચનને લોકો આપી શકે છે, તેટલા સમયમાં તેઓ પ્રવર્તમાન પ્રસંગોના તત્ત્વને ચિત્તમાં છાપી લેવા મથે છે, તેટલા માટે તે એક જરૂરિયાત બની છે."

ગોઠવણીની આ તરકીબો ઉપરાંત, સમાચાર આપતા ફકરાના શબ્દોની પસંદગી તથા વાક્યની રચનામાં પણ ગર્ભિત સૂચનની ખૂબ ખુબી રહે છે, અને તેમાં જ ઉપતંત્રીની બુદ્ધિ અને ચતુરાઈની કસોટી થાય છે. સમાચારનાં નિર્દોષ દેખાતા શબ્દોના કુશળ સંબંધ સમાજને ગંભીરમાં ગંભીર સૂચનો કરી શકે છે. રોજના અખબારવાચનમાંથી વાચકો આ હકીકતનું સમર્થન વારંવાર મેળવી શકે છે.

સામાન્ય સમાચારની એક જ નાનકડી વિગતને માત્ર અડધો ડજન શબ્દોમાં પણ અનેક રીતે રજૂ કરી શકાય છે. તત્ત્વમાં તો એ બધા પ્રકારો એક જ હકીકત વાચક સમક્ષ રજૂ કરે છે; પરંતુ પ્રત્યેક વર્તમાનપત્ર વાતવાતમાં રાજકીય, સામાજિક કે આર્થિક વિષય પરત્વેનાં પોતાનાં વિશિષ્ટ મંતવ્યનો ઓપ તેના ઉપર સફાઈથી ચડાવી દે છે. આ રીતે સમાચારની રજૂઆત–તેનું મથાળું, તેની શબ્દરચના, તેની આગળ-

પાછળ ગોઠવેલા બીજા સમાચારોના સાન્નિધ્યનો સંયોગ ઇત્યાદિ અંગઉપાંગો સહિત—વૃત્તવિવેચનનું પ્રબળ અને ઉત્કટ અંગ બની રહે છે. તેના સહારાથી, તંત્રીલેખોના દમનશમનના સંજોગોમાં પણ કુશળ તંત્રીઓ અને ઉપતંત્રીઓ વૃત્તવિવેચનનું પોતાનું કાર્ય અબાધિત અસરકારકતાથી ચલાવવા અને પ્રતિબંધ મૂકનાર સત્તાના હેતુને અફળ કરી મૂકવામાં સફળતા પ્રાપ્ત કરી શકે છે. તેથી આ હથિયાર તંત્રીના શસ્ત્રાગારમાં મહત્ત્વનું સ્થાન રોકે છે. તેને સદૈવ સતેજ રાખવામાં ચતુર તંત્રી પોતાના કર્તવ્યપાલનની સાચી સલામતી સમજે છે, અને રોજિંદા સામાન્ય ઉપયોગ ઉપરાંત સંકટ સમયની સાંકળ તરીકેની પણ તેની અગત્યની ખૂબ ખૂબ કદર કરે છે. શ્રી. ભણસાળીના ઉપવાસ પ્રસંગે ગુજરાતી દૈનિકોએ કરેલો દીપકોનો ઉપયોગ તેનું સુંદર ઉદાહરણ છે.

આ રજૂઆતકળામાં એકથી વધારે વ્યક્તિઓનો હાથ હોય છે. પરંતુ એના ઉપર છેલ્લો અને જવાબદાર હાથ ફરે છે ઉપતંત્રીનો—અને કોઈ કોઈ વાર તંત્રીનો પણ. પરંતુ તેમનું કામ, એ સમાચાર પૂરા પાડનાર વ્યક્તિ અગર સંસ્થા જો ધારે તો સરળ કરી શકે છે. સમાચારસંસ્થાઓમાં ઘણે ભાગે પ્રવીણ પત્રકારો કામ કરતા હોય છે, અને તેઓ સામાન્યતઃ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થવા યોગ્ય આકાર જે તે સમાચારની વિગતને આપીને જ મોકલે છે. એટલે ઉપતંત્રીએ માત્ર તેનાં મથાળાં અને ગોઠવણીની ચિંતા કરવાની રહે છે. સમાચાર પૂરા પાડનારી સંસ્થાઓ તરફથી આવતા ખબરઅંતર ઘણુંખરું બધાં અખબારો માટે સામાન્ય હોઈ તેના સંબંધમાં બહુ કહેવાપણું નથી રહેતું. પરંતુ પ્રત્યેક પત્રને તેનું અમુક વિશિષ્ટત્વ હોય છે – હોવું જોઇએ. એ વિશિષ્ટત્વ મોટે ભાગે સ્વતંત્રપણે પોતાના આગવા ખબરઅંતર મેળવવાની વ્યવસ્થાનું રૂપ લે છે. જેને આપણે "ખબરપત્રી" તરીકે સામાન્ય રીતે ઓળખીએ છીએ, એ પ્રકારનું પ્રાણી અખબારના મોભામરતબા તથા લોકપ્રિયતાની જમાવટમાં કેટલો મહત્ત્વનો ભાગ ભજવવાની સ્થિતિમાં હોય છે, તેનો ખ્યાલ આપણને તે સંબંધી વિચાર કરતાં સહેજે આવી શકે છે.

પ્રકરણ ૯

આદ્ય ખબરપત્રીઓ

नराणां नापितो धूर्तः पक्षिणां चैव वायसः ।
चतुष्पदां शृगालस्तु स्त्रीणां धूर्ता च मालिनी॥

—सुभाषित

આજના સમર્થ પત્રકારો—ખબરપત્રીઓના પુરોગામી કોણ? ખબરપત્રી નામના પ્રાણીનો ઉદ્‌ભવ વર્તમાનપત્રના પ્રાદુર્ભાવ સાથે થયો. તે પહેલાં ગંભીર રાજકીય કે આર્થિક મહત્ત્વના અગર સમાજનાં નાનાં મોટાં માનવીઓને લગતા ટોળ–ટપ્પા અર્થાત્ સમાચાર વાત રસિયા જનસમાજને પહોંચાડવાની કશી વ્યવસ્થા આપણા સમાજમાં હતી જ નહિ શું? મનુષ્ય સ્વભાવે કરીને, પ્રકૃતિ વડે જ કુતૂહલપ્રિય છે; એક યા બીજા રૂપમાં નિર્દોષ નિંદા કે ચતુર ચાડીચુગલીની મોજ દિવસમાં નિદાન એક વખત પણ પેટ ભરીને ઉડાવ્યા વિના તેને ચેન પડતું નથી. વર્તમાનપત્ર વાંચ્યા વિના વિહ્‌વલ થઈ જનારા આજના મનુષ્યની એ અખબારાભિમુખ વૃત્તિનાં મૂળ એ તેના અનાદિ કાળથી ચાલી આવતા સહજ સ્વભાવમાં છે. તો પછી આજે એ વૃત્તિને છાપાં જે સંતોષ આપી રહ્યાં છે, તે સેવાકાર્ય ભૂતકાળમાં કોણ કરતું હતું? કોઇ નહોતું કરતું એમ તો ન જ કહી શકાય. કારણ, તેવી ખબરઅંતરની આપલેના વ્યવહાર વિના સંસારનું સંચાલન અશક્ય બની જાય, અંધેર તથા અવ્યવસ્થાથી

સમાજ વ્યાપી જાય, અને દુનિયા ચાલે નહિ. પરંતુ દુનિયા જેવી તેવી પણ ચાલે છે, અને પહેલાં પણ ચાલતી હતી એ નિઃસંદેહ છે. ત્યારે જગત્યંત્રના સંચાલનનાં તેલસિંચન તથા નિયંત્રણરૂપી તત્ત્વો ભૂતકાળમાં ક્યાં હતાં ?

આ પ્રશ્નના ઉત્તરમાં ગમે તેવા સ્વમાનશીલ ખબરપત્રીએ પણ આ સાર્વત્રિક સમાનતાના જમાનામાં માઠું લગાડવાનું ન હોય. ડાર્વિને આપણને વાંદરાના વંશજ કહ્યા છે તેથી શું આપણે રોજ ડાર્વિનને નામે દાંતિયાં કરીએ છીએ ?

પશુજગતના પત્રકાર તરીકે કાગડો અને શિયાળ પ્રસિદ્ધ છે. પરંતુ માનવી તેથી આગળ વધ્યો છે. આજના આપણા ખબરપત્રીના પુરોગામી તે વાળંદ અને માલણ ! સ્ત્રીરિપોર્ટરની પ્રથા યૂરોપ–અમેરિકામાં ખૂબ પ્રવર્તે છે અને હિંદમાં હજી તેનું અનુકરણ નથી થયું, કેમકે વિલાયતના 'સુધારા'ને અપનાવવામાં હિંદ બહુ ઢીલ કરે છે. વિલાયતમાં વાસી થઈ જાય ત્યારે હિંદમાં તેને નવી નવાઈ તરીકે સ્થાન મળે છે, એવો આક્ષેપ સામાન્ય રીતે 'ગરીબકી જોરુ સબકી ભાભી' જેવી સ્થિતિમાં આવી પડેલા આપણા દેશ ઉપર મુકાય છે. પરંતુ પ્રસ્તુત વિષયમાં એવા આક્ષેપકારો ખાણુ ખાય છે. માલણરૂપી સ્ત્રીરિપોર્ટરનું જેટલું પ્રાબલ્ય આપણા સ્ત્રીસમાજમાં હતું, તેટલું હજામનું પણ ભાગ્યે જ હશે. હજામ તો મૂંડતે મૂંડતે માત્ર પુરુષના કાનમાં ગામના ગપાટા "સ્ટૉપ પ્રેસ"— "યંત્ર ઉપર જતાં"—સંભળાવીને છૂટી જાય. પરંતુ ગુણિયલ ગજરો ગૂંથી લાવતી માલણ રણવાસમાં "ખાસ રાજદ્વારી ખબરપત્રી" તરીકે "જાણભેદુ મંડળો" પાસેથી પ્રાપ્ત કરેલી રસરસતી વાનીઓ અને ગુપ્તમાં ગુપ્ત નવરંગી હકીકતોની જે લહાણુ કરતી અને જે સંદેશાની લાવ–લઈજામાં પોતાની સેવા અર્પતી હતી, તેની વ્યાપક અસર આગળ વાચાળ વાળંદ પણ પાણી ભરે ! અંતે તો આજની જેમ આગલા જમાનામાં પણ, જીવનનાં પ્રાયઃ સર્વ ક્ષેત્રોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રકારે

સૂત્રધાર તો સ્ત્રી જ હતી. એટલે કે વર્તમાનપત્રની પાશ્ચાત્ય પ્રથાના આગમને આપણે ત્યાં સ્ત્રીરિપોર્ટરની સંસ્થાને નિર્વ્યવસાય કરી મૂકી છે, તેનો નાશ કર્યો છે.

રાજાથી માંડીને રંક, તથા રાણીથી માંડીને રાંધનારી સુધીના સમાજના પ્રત્યેક ઘરનાં માનવીઓ પ્રાક્‌વર્તમાનપત્રકાળમાં વાળંદ અને માલણના રૂડા પ્રતાપે કરીને સમયના પ્રવાહની સાથે ટકી શકતાં હતાં. "મેં તો રાજાએ મુંડયા સે, ને પાડાએ મુંડયા સે"નો દાવો કરનારા 'રાત'ને રાજા તથા રાજપુરુષોના કાન જેટલા એકાંત અને અભિમુખતાના વાતાવરણમાં ઉપલબ્ધ રહેતા, તેટલા તેમના રહસ્યમંત્રીઓને પણ નહિ હોય. અને તેઓ એ તર્કોનો છૂટથી તથા મહત્ત્વનાં પરિણામો આપે એવી રીતે ઉપયોગ કરતા હોવાની સાક્ષી જૂના સમયની કથાવાર્તાઓ પુષ્કળ પ્રમાણમાં પૂરે છે. માલણો કંઇક રોમાંચક રોમાન્સને રચી તેમ જ રઝળાવી શકતી, અને કંઇક રજવાડાંની ઊથલપાથલોનાં નિમિત્ત બનતી, એ હકીકત પણ જાણીતી છે. તત્ત્વમાં આજનાં વર્તમાનપત્રો તેથી વિશેષ શું કરી શકે છે? પરંતુ સામુદાયિક કેશોચ્છેદ કરતા આજના "હેરકટીંગ સલૂનો" કે "ફ્લોરિસ્ટ"ના જમાનામાં એવી પ્રવૃતિને સ્થાન નથી, અને વર્તમાનપત્રના યુગમાં વાળંદ તથા માલણનું એ રૂપાંતર પૂર્ણપણે સમુચિત તથા સમયોચિત છે, એની ના નહિ પડાય.

જીવનના પ્રત્યેક ક્ષેત્રને એ "ખબરપત્રીઓ"ની વાચાળતા તથા કલ્પના સ્પર્શતી હતી. વાળંદ તથા માલણને અહીં અખબાર નહિ પરંતુ ખબરપત્રી લેખ્યાં છે, તે યોગ્ય છે; કેમકે આજના ખબરપત્રીની જેમ તેમની પ્રવૃત્તિ પણ સમાચાર અને તે પણ સટિક સમાચાર આપવાની હતી. પ્રત્યેક સાંભળનાર તેમ જ સંભળાવનારના જે તે વિષય પરત્વેના પૂર્વગ્રહને અનુકૂળ રંગે એ ટીકાઓ, આજે થાય છે તેવી જ રીતે ચતુરાઈથી રંગાતી. એ કાર્યમાં ત્યારે પણ આજની જેમ જ વિશિષ્ટ પ્રકારના કૌશલ્યની અપેક્ષા રહેતી હતી. વાળંદ માત્ર વ્યક્તિ નથી, સંસ્થા છે. તેની વાચાળતા

માત્ર એ સંસ્થા હિંદી શાખામાં જ મર્યાદિત નહોતી અને નથી. એ તો જે ચાર વસ્તુઓને કવિએ सामान्यमेतत्पशुभिर्नराणाम् કહી છે તેની જેમ વિશ્વવ્યાપક છે. યૂરોપ અમેરિકામાં પણ વાળંદ મહોદયની ગામગપાટાની પટુતાનાં ગુણગાન અસલના વારાથી ગવાતાં આવ્યાં છે. આજે, અખબારના સાર્વત્રિક દિગ્વિજયના સમયમાં પણ, ગામડાના વાળંદની દુકાન ગામનો ગપાટાચોરો લેખાય છે. એટલે કે ખબરપત્રીના વ્યવસાયની વાત કરતે આ બે સમાજસેવક વર્ગોને વીસરીએ, તો આપણે નગુણા કહેવાઈએ.

પરંતુ ભૂતકાળમાં ખબરપત્રીના વ્યવસાયની તવારીખ પાંચ—પચીસ સો વર્ષમાં જ પરિસીમિત છે, એવી માન્યતા ભૂલ ભરેલી હોય. વૃત્તવિવેચકોના, અને વિશેષતઃ ખબરપત્રીઓના આદિ પુરુષ બીજા કોઈ નહિ પણ મહર્ષિ નારદ છે. આજનો બાતમીદાર, સંદેશવાહક, ખબર-પત્રી કે ખાસ મુલાકાતી પ્રતિનિધિ ગામની, પરગામની, પરપ્રાન્તની, અને બહુ બહુ તો પૃથ્વીનાં બધાં સ્થળોની નવા—જૂની તારટેલિફોનથી પોતપોતાનાં અખબારોને પૂરી પાડી શકે; પરંતુ ઊર્ધ્વસ્થ શિખારૂપી 'એરિયલ', નારદી વીણારૂપી 'ટ્રાન્સમિટર' તથા પાવડીરૂપી એર-પ્લેઈનથી સુસજ્જ એવા આદ્ય ખબરપત્રી નારદજી ત્રણે લોકના સમા-ચારનું અત્યંત અસરકારક પ્રસરણ સર્વત્ર તથા સપાટાબંધ કરતા હતા, એ વિધાનની સાબિતી કયા હિંદુસ્તાની સ્ત્રીપુરુષને પૂરી પાડવાની આવશ્યકતા રહે છે? ખબરપત્રીની કળામાં એમનું કૌશલ્ય, એટલે એ કળાની ઇતિશ્રી; આજના ખબરપત્રીએ એ કૌશલ્યનાં ધ્યાન ધરી, તેની આરાધના કરીને એ પ્રસાદીની પ્રાપ્તિ અર્થે તપ કરવાં ઘટે. પરંતુ એ કળાનો ઉપયોગ પણ નારદ ઢબે 'નારદવેડા'ના પ્રકારે એમણે કરવો જોઇએ, એવું ઉપર્યુક્ત સલાહમાંથી ફલિત નથી થતું, એ બાબતની અહીં વિના વિલંબે ચોખવટ કરી લઈએ! વાસ્તવમાં તો આજના કેટલાક ખબરપત્રીઓ એવા ધંધા કરે છે, અને અત્યંત ઘૃણાપાત્ર પ્રકારે જેને

તેને લડાવી મારવાના પ્રયત્નોમાં પાછા પડતા નથી. પરંતુ એ ઢબનાં કરતૂકોની નોંધ આપણે અન્યત્ર લીધેલી હોઈ એ દળણું અહીં ફરીથી દળવાની જરૂર રહેતી નથી.

ખબરપત્રી એ પત્રકારનું એક અંગ, એક સ્વરૂપ માત્ર છે; સમાચાર મેળવવા અને પૂરા પાડવાનું કાર્ય પત્રકાર–ખબરપત્રી કરે, અને તેને ગોઠવી યોગ્ય રીતે છાપીને પ્રસિદ્ધ કરે તંત્રીમંડળનો પત્રકાર. અહીં પત્રકારના ખબરપત્રી સ્વરૂપનું વિવરણ આપણે કરવાનું છે.

વૃત્તપત્રોના સંચાલન, વિકાસ અને પ્રભાવના શ્વાસપ્રાણસમી થઈ પડેલી તથા રિપોર્ટર, કૉરસ્પોન્ડન્ટ, સ્પેશિયલ રીપ્રેઝેન્ટેટિવ, સ્પેશિયલ કૉરસ્પોન્ડન્ટ, સંવાદદાતા, પ્રતિનિધિ, વૃત્તાંતનિવેદક ઇ. ઇ. અનેક નામોથી ઓળખાતી આ વ્યક્તિવિશેષનું અખબારી આલમમાં ઘણું માહાત્મ્ય છે. અનેક નામ છતાં એનું કામ પ્રાયઃ એક જ છે–સમાચાર લાવી આપવાનું.

એ બધાં નામાભિધાનો વચ્ચે જાડાપાતળા ભેદ પાડવા હોય તો પાડી શકાય; કારણ તે પ્રત્યેકનું અમુક સવિશેષ કર્તવ્ય હોય છે જ. પરંતુ વ્યવહારમાં હિંદી વૃત્તવિવેચનને લાગેવળગે છે ત્યાં સુધી, એવા ભેદને ઘણો અવકાશ રહેતો નથી. હિંદુસ્થાનનાં છાપાંના ખબરપત્રીઓ પશ્ચિમ જેટલા આત્યંતિક હદે સ્પેશિયાલિસ્ટ હોય, એ વસ્તુસ્થિતિ પોસાય તેમ નથી. વાસ્તવમાં એ બધા ખબરપત્રી જ છે. પરગામથી લખતા હોય તે ખબરપત્રી, અને અખબારની કચેરીનો સ્થાનિક પગારદાર માણસ હોય તે રિપોર્ટર અથવા વૃત્તાંત્તનિવેદક, એટલા જ મુખ્ય ભેદ પાડવા વ્યવહારુ ઉપયોગ માટે પુરતા થઈ પડશે.

એટલે કે ખબરપત્રીઓ બધા તત્ત્વે કરીને એક છે; એ સર્વને સાંકળનાર તત્ત્વ તે ખબરો આપવાનું કાર્ય છે; અને તેટલું જ મહત્ત્વનું તેનું કર્તવ્યઃ મેળવેલા ખબરો પોતાનાં છાપાંને વધારેમાં વધારે જલદી મળે, ખાસ કરીને હરીફ પત્રો કરતાં વહેલા મળે, હરીફ ખબરપત્રી–મિત્રો

કરતાં પાછળ ન પડી જવાય તે માટે અનેક યુક્તિપ્રયુક્તિઓ યોજવાની બુદ્ધિનો તેમાં ઉપયોગ થાય, એ છે.

અહો ! એ કાર્યનું કેટલું વૈવિધ્ય ! સમાચાર પ્રાપ્ત કરવા તથા પાઠવવાનાં કેટલાં સાધન ! અને કેટલાં ક્ષેત્ર ! અને તે પ્રત્યેક ક્ષેત્રને ખેડવાની કેટલીક નિરનિરાળી પદ્ધતિઓ ! પશ્ચિમનાં ઘણાંખરાં પ્રમુખ અખબારોનો મદાર મોટે ભાગે તેમના વિખ્યાત અને કાબેલ ખબરપત્રીઓ જ હોય છે. યૂરોપ તથા અમેરિકાના સમર્થ પત્રકારોમાંનો લગભગ પ્રત્યેક કોઈ ને કોઈ સુપ્રસિદ્ધ અખબારના ખાસ ખબરપત્રી તરીકે નામના મેળવેલો અખબારનવીસ છે, અને ત્યાંના ખબરપત્રીઓનાં વર્તુલમાં ઉત્તમોત્તમ પત્રકારોનાં નામ આપણા જોવામાં આવે છેઃ દા. ત. એ. જી. ગાર્ડિનર, જે. એ. સ્પેન્ડર, ડબલ્યુ. ટી. સ્ટેડ, એચ. એન. બ્રેઈલ્સફોર્ડ, જ્યોર્જ સ્લોકોમ્બ, એ. એ. મિલર, ઍલ્ડસ હકસલી, લુઈ ફિશર, "પર્ટિનૅક્સ," જોન ગન્થર, માદામ તાબુઈ, ફિલિપ્સ ગ્વેડાલા, ઈ. ઇ. બીજાં કેટલાંયે નામો ગણવાં હોય તો ગણાવી શકાય.

અક્ષરજ્ઞાનનાં અતિ ઊંચાં પ્રમાણ દર્શાવતા પાશ્ચાત્ય દેશોમાં એવી સ્થિતિ હોય, હિંદ જેવા દરિદ્ર તથા અભણ દેશ અને હિંદી પત્રો જેવી પ્રમાણમાં સાધનોની તંગી ભોગવતી અખબાર–આલમમાં અખબારી ખબરપત્રીનું મહત્ત્વ તથા તે સાથે તેની જવાબદારી કેટલાં ગંભીર હોવાં જોઈએ, એ લક્ષમાં રાખવા જેવી બાબત છે.

ખબરપત્રીઓના પ્રકારભેદ ગણાવીએ, તો "ખાસ ખબરપત્રી," "અમારો ખબરપત્રી," "એક ખબરપત્રી," "ખાસ પ્રતિનિધિ," અને "અમારા પ્રતિનિધિ," એ બહારગામ માટેના પ્રકારો; પ્રત્યેકનો ખુલાસો તેના વિશેષણમાં આવી જાય છે, એટલે તેના ઉપર વિશેષ ટિપ્પણીની જરૂર રહેતી નથી. સ્થાનિક ખબરો, શાળા–સંમેલનો, પાયા નાખવાની ક્રિયાઓ, ઉદ્‌ઘાટન–સમારંભો, જયંતિઓ, પુણ્યતિથિઓ, નાનાવિધ સમારોહો, વાર્ષિક સમારંભો, પ્રદર્શનો ઇ. નિત્ય તેમ જ નૈમિત્તિક

સભા-સભારંભોના અહેવાલો જેવી સામગ્રી રોજ-બ-રોજ ભેગી કરનારા, નિયમિત પગારધારી તેમ જ છૂટક મહેનતાણું મેળવનારા અથવા વિના લવાજમે 'સેવાવૃત્તિ'થી એ કાર્ય કરનારા બધાં વૃત્તકારોને 'રિપોર્ટર' અથવા વૃત્તાંતનિવેદક કહી શકાય. વર્તમાનપત્ર તરફથી મહાપુરુષો, મહાન નારીઓ અગર અન્ય પ્રકારની વૈચિત્ર્યભરી વિશિષ્ટતાવાળાં નર-નારીઓની પ્રસંગ પ્રમાણે 'મુલાકાત' લઈ તેમના પ્રસંગોચિત વિચારોનું બયાન પ્રસિદ્ધિ માટે મેળવનાર મુલાકાતિયા રિપોર્ટરને 'પ્રતિનિધિ' કે 'ખાસ પ્રતિનિધિ' પણ કહેવામાં આવે છે.

છાપાનો ખબરપત્રી કદાચ કોઈનું બહુ ભલું નહિ કરી શકતો હોય, પરંતુ અનેકનું બૂરું કરવાની ચાવી તો તેના હાથમાં અવશ્ય હોય છે; અને એ કારણે ખબરપત્રીની જવાબદારીનો પાર નથી. તેના એક જ 'અહેવાલ'માં જબરદસ્ત ઊથલપાથલોની શકયતા રહેલી હોય છે, તેનું એક જ કથન એવા વસમા વમળ પ્રકટાવી શકે છે—એના વંટોળ નિપજાવી શકે છે કે જેની ઝપટમાં ઘુમરાઈને મોટાં મોટાં વર્તમાનપત્રોને આસમાની સુલતાની દેખવા વારો આવે છે અને મોટામોટા નેતાઓનાં જીવન સમૂળાં પલટાઈ જાય છે. 'બોમ્બે ક્રોનિકલ'ના ધારવાડના ખબરપત્રીએ વીસ વર્ષ પહેલાં એ વૃત્તપત્ર ઉપર બદનક્ષીના આરોપને અવકાશ આપીને અસહ્ય દંડની સજા ઉતારી હતી. ૧૯૪૨ના એપ્રીલ મહિનામાં 'નેશનલ હેરલ્ડ'ના તંત્રી શ્રી કે. રામરાવ ઉપર ચાલેલા મુકદ્દમા અને તેના ચુકાદાની ઊથલપાથલો તથા તંત્રીના જેલનિવાસમાં આવેલા તેના નતીજાની ઘટના હજી તાજી જ છે. એ બધું એક ખબરપત્રીના લખાણમાંથી નીપજ્યું હતું. 'હિંદુસ્તાન ટાઇમ્સ'ના તંત્રી શ્રી. દેવદાસ ગાંધીનો કારાવાસ પણ એક ખબરપત્રીના લખાણના ફળસ્વરૂપ જ હતો. હિંદના પત્રકારત્વના ઇતિહાસમાં સંવાદદાતાઓના કર્તવ્યપાલન અંગે ઊભા થયેલા વિકટ પ્રસંગોના દાખલા ઘણા મળી આવે તેમ છે. અને અન્ય દેશોમાં પણ એ જ સ્થિતિ છે. ખબરપત્રીના વચન ઉપર રાજકીય તેમ જ આર્થિક દુનિયામાં મહત્ત્વનાં

પરિવર્તનો થાય છે, શેરબજારો ગરમનરમ બને છે, કંઈક ગરીબ તવંગર અને તવંગર ગરીબ બને છે. બજેટોની આગાહીઓના ખેલ હજી આપણે ક્યાં ભૂલ્યા છીએ?

ખબરપત્રીઓની જવાબદારીનું બીજું પણ એક પાસું જોઈએ. ૧૯૨૦ની સાલે લો. ટિળક સરદારગૃહમાં મરણપથારીએ હતા. એક દિવસ મુંબઈના એક દૈનિકે પોતાના રિપોર્ટરને એમની તબિયતની ભાળ કાઢવા મોકલ્યા. સરદારગૃહ આગળ કોઈએ એમને લોકમાન્યના માઠા ખબર આપ્યા. તેની ચોકસાઈ કરવા ન રોકાતાં, આવા અત્યંત મહત્ત્વના અને દુઃખદાયક સમાચારની ગંભીરતાના ભારથી પોતાની રોજની સાવચેતી ચૂકીને એ ગૃહસ્થ પોતાના પત્રની કચેરીમાં પહોંચી ગયા, અને સાંભળેલી વાત ત્યાં કહી. થયું! અગાઉથી જ લોકમાન્યના જીવનકાર્યનો લેખ તેમની છબી સાથે કાળી બોર્ડર સહિત કંપોઝ કરીને પ્રેસમાં તૈયાર જ પડયો હતો, તેમાં ખાલી રાખેલી જગામાં તારીખ ઈ. ભરીને તંત્રીએ ફરમો ધમધમાવીને યંત્ર ઉપર ચડાવી દીધો; આ ચોંકાવનારા સમાચારનો ખાસ વધારો નીકળ્યો, અને દીવાસ્વપત્રો વહેંચાઈ ગયાં. શહેરમાં સન્નાટો છવાઈ ગયો.

અને લોકમાન્યે તે પછી ઠીકઠીક સમયે દેહ છોડયો હતો!

એ વૃત્તપત્રની કેવી રેવડી થઈ હશે, એ વાચક કલ્પી લે.

૧૯૨૩ની સાલમાં રૉઈટરનો તાર આવ્યો હતો કે ગાયકવાડ જર્મનીમાં ગુજરી ગયા. બોરીબંદરનાં 'વૃદ્ધ માતુશ્રી'એ કયો ગાયકવાડ તેની ખાતરી કરવાની લપછપમાં ન પડતાં શ્રીમંત સયાજીરાવ ગાયકવાડને પોતાની મૃત્યુનોંધ પોતાના અવસાન પહેલાં ૧૬ વર્ષ અગાઉ જાતે વાંચવાનો ઓરિયો વીતાડયો હતો, અને તેમાં એણે જે આગલી પાછલી યાદ કરીને શ્રીમંતને સુફિયાણી વાણીથી નવાજ્યા હતા, એ કિસ્સો પણ ક્યાં હજી ભુલાયો છે! એમ તો રૉઈટરે લેનીનને તેના મોત પહેલાં

કેટલીયે વાર મારી નાખ્યો હતો, અને છેવટે સાચો મૂઓ ત્યારે રોઇટરને તેની જાહેરાત કરતાં કેટલીયે વિમાસણ થઈ હશે !

ક્વેટાના ધરતીકંપ વખતે મદ્રાસના વિખ્યાત 'હિંદુ'ના ખબરપત્રીએ ક્રિકેટર મહમદ નિસારને સદેહે સ્વર્ગે પહોંચાડયો હતો, એ કિસ્સાએ હિંદભરમાં પ્રસરાવેલા હાસ્યનિનાદના પડઘા હજી નથી શમ્યા.

અર્થાત્, બાહોશમાં બાહોશ ખબરપત્રીઓ, પ્રખરતમ સમાચાર–સંસ્થાઓ, અને વૃત્તપત્રો પણ આવાં ગોથાં ખાઈને જનસમાજના ક્રોધ, તિરસ્કાર કે હાંસીને પાત્ર બની જાય છે. એવી લપસણી ખબરપત્રીની દુનિયા છે.

પ્રકરણ ૧૦

એ તાજના કાંટા

"Work! This says it all! The worst misfortune that can beall a beginner is to arrive too soon. Behind every solid reputation are twenty years of effort and toil."

—*Emile Zola*

આખા રના જીવનમાં અને દેશના રાજકારણમાં પણ ખબરપત્રી કેટલો અસરકારક ભાગ ભજવી શકે છે, તેનું 'માન્ચેસ્ટર ગાર્ડિયન' જીવતું જાગતું ઉદાહરણ છે. તેનાં તંત્રી સી. પી. સ્કૉટે, હજાર બે હજાર ગ્રાહકોમાં ફરતા એક સમયના ગામડી ચોપાનિયાનું તેના હાલના પ્રચંડ રૂપમાં કરેલું પરિવર્તન, એ રોમાંચક પરાક્રમોથી ભરપૂર વૃત્તપત્રની દુનિયાના અદ્‌ભુત ઇતિહાસમાં પણ સવિશેષ રોમાંચક પ્રકરણ આલેખે છે. એ છાપાના દેશાવરના જગપ્રસિદ્ધ ખાસ ખબરપત્રીઓની તુલનાશક્તિ ઉપર એમના તંત્રીને પૂર્ણ ભરોસો હતો, અને તેને આધારે 'માન્ચેસ્ટર ગાર્ડિયન'ના તંત્રીલેખો દેશના તેમ જ સામ્રાજ્યના પણ રાજકારણમાં સનસનાટી ફેલાવી દેતા હતા. એ ક્રમ હજી પણ ચાલુ છે. એના ખાસ યુદ્ધવર્ણનપટુ સંવાદદાતાઓના બોઅર સંગ્રામના અને આયર્લૅન્ડના 'બ્લૅક ઍન્ડ ટૅન'ના સપાટાના અહેવાલોની છાપ બ્રિટનની સમગ્ર રાજનીતિ ઉપર પડતી હતી.

વૃત્તવિવેચન

ગઈ સદીના કાબેલ પત્રકાર ખબરપત્રીઓમાં હેન્રી સ્ટીફન દ બ્લોવિ-ઝનું નામ બહુ ગવાયેલું હતું. રાજદ્વારી ખબરપત્રીઓના લાક્ષણિક નમૂના તરીકે એની કાર્યપદ્ધતિનો જરાક પરિચય કરવો યોગ્ય છે. કેમકે રાજકારણી બાતમીદારોનો આખો સમુદાય પોતપોતાની બુદ્ધિ અને ચતુરાઈ પ્રમાણે છતાં એકંદર એને જ રાહે પોતાની નાજુક ફરજો બજાવે છે.

બ્લોવિઝ ૧૮૭૮ની સાલે લંડનના 'ધી ટાઈમ્સ'નો પારીસ ખાતેનો બાતમીદાર હતો. એ સમય યૂરોપના ઇતિહાસમાં ખાસ મહત્ત્વનો હતો. આખા ખંડની ખટપટોનું કેન્દ્ર પારીસ હતું. બ્લોવિઝ ઉપરાછાપરી અત્યંત ગુપ્ત અને ખૂબ મહત્ત્વની બાતમીઓ ગમે તેમ કરીને મેળવતો અને પોતાના અખબારને પહોંચાડતો હતો. એ સાલે બર્લિનમાં યૂરોપીય રાજસત્તાઓની કૉન્ગ્રેસ મળવાની હતી. બ્લોવિઝને હાથે જર્મન ચાન્સેલર બિસ્માર્ક એકબે વાર થાપ ખાઈ ચૂકયો હતો, તેથી એ ખબરપત્રી ઉપર એ સારી રીતે નારાજ હતો, એટલે તેને તાજી અને અગત માહિતી મેળવવાની કશી ખાસ સવડ કરી આપવા બિસ્માર્ક તૈયાર નહોતો. પરંતુ એ ચકોર બાતમીદારે એ પરિષદનો સંપૂર્ણ અહેવાલ મેળવવાની મનમાં ગાંઠ વાળી હતી. પણ જેવું પારીસ વાચાળ, તેવું બર્લિન ચડીચુપ હતું. એવા પ્રતિકૂળ સંજોગો અને વાતાવરણમાં ફોડવો પણ કોને?

ખૂબ ખાંખાંખોળાંને અંતે બ્લોવિઝને છેવટે એક પ્રતિનિધિના રહસ્ય-મંત્રી સાથે મૈત્રી બાંધવામાં સફળતા મળી. તેની મદદથી એણે રોજ-રોજના કામકાજના અહેવાલ મેળવવાની સાદી પરંતુ આબાદ યુક્તિ યોજી.

બ્લોવિઝ જે હોટેલમાં ઉતર્યો હતો, ત્યાં પેલો તેનો મિત્ર રોજ પરિષદની બેઠક પછી 'તાજેમાજે' થવા આવતો હતો. અંદર આવતાં એ પોતાની ટોપી હોટેલના ઓવરકોટ અને ટોપીઓ રાખવાના ખંડમાં નિર્ણીત સ્થળે ટાંગીને અંદર પ્રવેશતો; પરવારીને પાછો જતાં એ પોતાની ટોપી રહેવા દઈને બ્લોવિઝની નજીકમાં જ રહેતી ટોપી પહેરી જતો.

પોતાની ટોપીની અંદરની ચામડાની પટ્ટી પાછળ એ રોજ રોજ થતા કામકાજની નોંધના ટાંચણવાળી પાતળા કાગળની કાપલી ગોઠવી રાખતો હતો.

એ રીતે બ્લોવિઝને રોજિંદા અહેવાલ મળી જતા હતા, અને તેની મદદથી આખી પરિષદનું સળંગ બ્યાન એ નિરાંતે તૈયાર કરી શકયો હતો.

આ પરિષદને અંતે થયેલા બર્લિનના પ્રખ્યાત ૧૮૭૮વાળા તહનામાની નકલ પણ બધાથી પહેલી મેળવવાનો બ્લોવિઝે મનસૂબો કર્યો હતો. અગાઉથી નકલ મળે એવી એની માંગણીને બિસ્માર્ક દાદ દે તેમ નહોતું. ઘણી ખોજને પરિણામે એક પ્રતિનિધિએ તેની વહાર કરી. કૉન્ગ્રેસની છેલ્લી બેઠકને આગલે દિવસે તૈયાર હોય તેટલી કલમો નિર્ણીત સ્થળે અને સમયે આપવા એ કબુલ થયો. બ્લોવિઝ રાજીના રેડ થઈ ગયો.

પરંતુ રખે કોઈને વહેમ જાય તે માટે એણે જુદા પ્રકારના પેતરા માંડ્યા. એણે નકલ માટે ચાન્સેલરને અરજી કરી. ધાર્યા પ્રમાણે બિસ્માર્કે તેના ઉત્તરમાં નનૈયો વાસ્યો. આ 'અપમાન'થી બ્લોવિઝને બહુ લાગી આવ્યું. એણે સરેઆઝાર જાહેર કર્યું કે મને નકલ મળવાની નથી તેથી પરિષદની પૂર્ણાહુતિ સુધી બર્લિનમાં બેસી રહેવાની પણ મારે જરૂર નથી. પોતાના સાથીને એણે રવાના થઈ જવા માટે સરસામાન બાંધવાની તાકીદ આપી દીધી. પૂર્ણાહુતિને આગલે દિવસે, પહેલેથી થઈ ચૂકેલી ગોઠવણ પ્રમાણે એને તહનામાનો ખરડો મળી ગયો હતો. તેમાં માત્ર છેલ્લી બે કલમો બાકી હતી. બ્લોવિઝ ખૂબ નાસીપાસી અને નિરાશાનું પ્રદર્શન કરીને બર્લિનથી ચાલી નીકળ્યો. જતાં જતાં છેલ્લી બે કલમો પેલા પરદેશી મિત્રને મોંએ સાંભળી લીધી. ફોટોગ્રાફરની પ્લેટ જેવા તેના સ્મરણપટ ઉપર એનો અક્ષરેઅક્ષર અંકિત થઈ ગયો. એના પોતાના અંગત મંત્રીને પણ એણે અણસાર સરખો આવવા દીધો નહોતો.

આગગાડી બર્લિનની હદ વટાવી ગઈ એટલે તરત એણે પોતાના સાથીને બોલાવીને તેના કોટનું અસ્તર ખોલી તેની અંદર તહનામાની

પોતે હાથે લખી કાઢેલી નકલ સરકાવી દીધી, અને અસ્તર પાછું સીવી લીધું. ત્યાંથી બીજા ડબામાં એને મોકલીને પરભાર્યા કચેરીએ પહોંચી જવાની સૂચના પણ આપી દીધી. બ્લોવિઝ જાણતો હતો કે એની પોતાની હિલચાલ ઉપર સખ્ત જાસૂસી હતી. એ જાસૂસોને એણે આવી રીતે થાપ આપી.

પરિણામ : બીજાં બધાં પત્રો કરતાં પહેલાં 'ધી ટાઈમ્સ'માં એ તહનામું પ્રસિદ્ધ થયું, અને એ છાપું વળી પાછું સોગઠી મારી ગયું.

આ તો સાઠ વર્ષ ઉપરની વાત થઈ. આજે આ બાતમી મેળવવાની પ્રવૃત્તિના વેગ, વિસ્તાર, વૈવિધ્ય અને વૈચિત્ર્યમાં અનેકગણો વધારો થઈ ગયો છે, પરંતુ યુકિતબાજીના પ્રકાર એ જ છે.

બ્લોવિઝનાં કારસ્તાન ચાલતાં હતાં તે સમયે હિંદમાં એ ધંધો પારણામાં ઝૂલવા સુધી પણ માંડ પહોંચ્યો હતો.

અમદાવાદમાં ૧૯૨૭ની સાલે મળેલી બીજી ગુજરાતી પત્રકાર પરિષદના સ્વાગતાધ્યક્ષ આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવના શબ્દોમાં કહીએ તો:

"બેશક સત્ય પ્રકટ કરી અસત્ય અને અજ્ઞાનને વિદારવું એ પત્રકારની પહેલી ફરજ છે. એ ફરજ અદા કરવાનું મુખ્ય સાધન એના ખબરપત્રીઓની વ્યવસ્થા છે. ક્રીમિયન વખતે 'ટાઇમ્સ'ના ખબરપત્રી મી. રસેલે કરેલી સત્ય પ્રકાશનની સેવા ઈંગ્લેંડ હજી સંભારે છે. છપ્પનિયા દુકાળ વખતે 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા" પત્રે પોતાના ખબરપત્રી મી. રીડ (જે પછીથી 'ટાઇમ્સ ઑફ ઇન્ડિય'ના તંત્રી અને સર સ્ટેનલી રીડ થયા) તેમને ગુજરાતનાં ગામડાંમાં દુકાળની હકીકત મેળવવા મોકલ્યા હતા. એમની તેજસ્વી કલમથી આલેખાયેલાં ચિત્રોએ સરકારની આંખ ઉઘાડી હતી એ સહુને યાદ હશે, તે જ પ્રમાણે જમીન-મહેસુલ સંબન્ધી સરકારની અનીતિને 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'માં ઉઘાડી પાડનાર "J" સહીના સ્વ. જોશીના પત્રો અને એમણે કરેલી સેવા એના વાચકો ભૂલી શકે તેમ નથી."

ગુજરાતી વર્તમાનપત્રોની આ ક્ષેત્રમાં દેખાતી સ્થિતિ ઉપરનો શ્રી. ધ્રુવનો કટાક્ષ પણ બોધક છે :

"આપણાં ગુજરાતી પત્રોએ એ જાતની સેવા કરી નથી, એમ નથી..... પણ પ્રમાણમાં અલ્પ. પશ્ચિમમાં, તેમાં પણ વિશેષ કરીને અમેરિકામાં સમાચાર એકઠા કરી પ્રસિદ્ધ કરવાની યોજના બહુ મોટા પાયા ઉપર હોય છે. એ કામ માટે પુષ્કળ ધનની અપેક્ષા હોઇ, આપણે ત્યાં એવી વિશાળ યોજના થવી મુશ્કેલ છે. પણ 'આકાશ ઘેરાયલું,' 'ગુલાબી ઠંડી,' 'અવારનવાર ઝાપટાં,' "ઉટાંટિયાનું જોર," 'મહેરબાન—સાહેબનો મુકામ' એ કરતાં તો હું ધારું છું કે આપણાં ગામોમાં અને શહેરોમાં કાંઇ વધારે જાણવાજોગ બનાવ બનતા હશે. અને મહેતાજી કરતાં કાંઈક ઊંચી સાહિત્યશક્તિ ધરાવતા સમાચારપત્રીઓ મેળવવામાં બહુ ધનની જરૂર પડે એમ લાગતું નથી. બલ્કે એ જ મહેતાજીઓના આ જાતના સમાચારપત્રો તરફ તંત્રી તરફથી નાપસંદગી બતાવવામાં આવે તો એ જ સમાચારપત્રીઓ વધારે સારા લેખ લખી શકે. સમાચારપત્રીના કામ માટે માત્ર સમાચાર ઉપરાંત સમાચારની સત્યાસત્યતા, એનું લાઘવગૌરવ, અને સરસતા–નિરસતા પારખવાની શક્તિ, તેમ જ એને શબ્દોમાં મૂર્તિમન્ત કરવાની સાહિત્યશક્તિ જોઇએ."

અલબત્ત ૧૯૨૭ પછીથી આ ક્ષેત્રમાં સ્થિતિ ઘણી સુધરી છે, અને આજે સમર્થ, બુદ્ધિમાન કલમબાજો આપણા ખબરપત્રીઓની કતારને જેબ આપવા નીકળી પડવા લાગ્યા છે; તેમનાં કથનો પ્રજામતના ઘડતર ઉપર ઘેરી અસર પાડીને એ ઘડતરમાં મુખ્ય ફાળો આપી રહ્યાં છે. છતાં હજી સુધારણા તેમ જ વ્યવસ્થાને ખૂબ અવકાશ તો છે જ. શ્રી. શામળદાસ ગાંધી સાથેના 'જન્મભૂમિ' કાર્યાલયમાં ૧૯૩૭ની સાલે મારે થયેલ એક વાર્તાલાપમાં તેમણે આ વિષયમાં મને પોતાના મનોરથની ઝાંખી કરાવી હતી, તે મારે માટે અવિસ્મરણીય છે. એમને તો છેક લન્ડન અને ન્યુયૉર્ક સુધી પોતાના અખબાર માટે સ્વતંત્ર તાર–ટેલિફોનની રેષા નાખવાની તથા આખા હિંદમાં તેમ જ જગતનાં બધાં મહત્ત્વનાં પાટનગરોમાં પણ ખબરપત્રીઓની જાળગૂંથણી રચવાની હોંશ હતી. એમના ઉત્સાહ, એમની આંખમાં ચમકતો અદમ્ય નિશ્ચય અને એમની કાર્યશક્તિ જોતાં મને ખાતરી થઈ હતી કે 'હિંદુસ્તાન'ના કાર્યાલયના ૧૯૨૩ની સાલના એ મારા ટૂંક સમયના પણ કાર્યસાથી

માટે, જરાક સંજોગોની સહાય મળે તો, એ કાર્ય વધારે પડતું નહોતું જ. પંદર વર્ષમાં અનેક પ્રતિકૂળતાઓ છતાં દૈનિક પત્રકારત્વમાં તેઓ જે થનથનાટ લાવી શકયા છે, તે એ શક્તિનો થોડો ખ્યાલ આપણને આપે છે. અને છતાં, હજી "દેહલી દૂર અસ્ત......" બહુ જ દૂર અસ્ત!

ખબરપત્રીઓનું મુખ્ય કાર્ય ગમે ત્યાંથી અને ગમે તેમ કરીને પોતાના અખબાર માટે સમાચાર મેળવવાનું હોય છે. બાતમીઓ અને સમાચારો મેળવવા માટે સામ, દામ, દંડ અને ભેદ એ ચારે પ્રકારના કિસ્સા અજમાવવાના પ્રસંગ કૃતનિશ્ચય ખબરપત્રીને ભાગે આવે છે. કેટલીયે કચેરીઓના ગુપ્ત દફતરી દફનમાંથી જાદુઈ કરામત વડે છૂપી બાતમીઓની ભૂતાવળનાં એને આહ્વાન કરવાં પડે છે. એ કાર્યમાં છક્કડ ખાનાર અથવા જરા સરખી પણ ભૂલ કરનાર બાતમીદાર માર્યો પણ જાય. તેથી સમાચાર મેળવવાના કામ માટે અખબારનવીસે ગમે તેવાં જોખમ ખેડવા તૈયાર અને તત્પર રહેવાનું હોય છે.

એ પ્રામાણિક હોઇ પ્રપંચ કરે નહિ, છતાં પ્રપંચને સમજવાવાળો, અને સારા કામ માટે જરૂર પડે તો તેમ કરવાની શકિતવાળો પણ હોય. કોઈ એને ગાંજી કે આંજી જાય નહિ તે માટે એવી આવડત હોવી જરૂરી છે.

ખબરપત્રી વિષે વિવેચન કરતાં મણિલાલ ઇચ્છારામ દેસાઈએ કહ્યું છેઃ

"ખુરશી પર કામ કરનારા ઘણા મળી શકે છે, પણ બહાર ફરીને રિપોર્ટો લખનારા, મેળવનારા, સારાં ઉપયુક્ત વર્ણનો લખનારાની જરૂર કાંઈ ઓછી નથી, બલ્કે વિશેષ છે. રિપોર્ટરો ઉત્સાહી, સાહસિક અને ખંતીલા જોઈએ. મોઢામાં કોળિયો મૂકતો હોય, બચ્ચાને ખેલવતો હોય કે સ્ત્રી સાથે જરા ગુફતેગો કરતો હોય, ત્યાં તો ખૂન કે મારામારી કે હુલ્લડની બૂમ પડે, તો તે સર્વે ય પડતું મૂકીને તેણે તે સ્થળે એકપગે દોડવું જોઈએ. છાપાંના રિપોર્ટરે પોતાને માટે ઊંઘ કે ખાવાનું જાણે છે જ નહિ, એમ સમજવું જોઇએ. તંત્રીને માટે જેમ વિલાસ ભોગવવાના નથી તેમ રિપોર્ટરને પણ નથી. એકે તો ટીકા પણ કરી છે કે જો સ્ત્રી સુખ ભોગવવા માંગતી હોય તો તેણે તંત્રીને કે રિપોર્ટરને તો

પરણવું જ નહિ, એક જુવાન પત્રકાર લખે છે કે મારી માતા બિછાને પડી હતી છતાં તેને દવા આપવાનો વિચાર કર્યા પૂર્વે અમુક સમયમાં મારું લખેલું ફોરમૈનના હાથમાં મૂકવાનો વિચાર પ્રથમ કરવો પડતો હતો. 'હિંદી પંચ' વાળા ભાઈ બરજોરજીએ મને કહ્યું કે ભાઈ, ઘરમાં સર્વ માંદા હોય તે છતાં રવિવારની સવારનો વિચાર કરીને લખવા બેસવું જ જોઈએ. સ્નેહીની માંદગીની ચિંતા હોય છતાં લોકોને ખુશ કરવા માટે મગજમારી કરવી જ જોઈએ. ધર્મ તે ધર્મ બજાવવો જ જોઇએ."

સારા ખબરપત્રીને રાજસ્થાની પ્રશ્નોનો તેમ જ રાષ્ટ્રીય અને આંતર-રાષ્ટ્રીય રાજકારણનો ચાલુ અભ્યાસ પણ હોવો જોઈએ. પત્રકારનું અભ્યાસક્ષેત્ર ગામડાગામમાં ઢોરને પૂરવાના ડબ્બાથી માંડીને રશિયન સમરાંગણના મોરચા તથા વેનેઝુએલાની છેલ્લી રાજક્રાંતિ સુધી વિસ્તરે; ગાંધીજીની મઢૂલીથી માંડીને સીમલાના વડા હાકેમના નિવાસસ્થાન સુધી તેને પોતાને દૃષ્ટિને દોડાવ્યા જ કરવી પડે. એ ઉપરાંત પ્રાંતોના સ્થાનિક પ્રશ્નો તો જુદા જ.

ખબરપત્રી–પત્રકારમાં દુર્દમ ઉત્સાહ હોય, એ ખડતલ હોય, રૉબર્ટ બ્રુસના કરોળિયા જેવો લીધી વાત નહિ છોડનાર 'ચોંટહુક' હોય; એટલું હોય તો જ ખબરપત્રીનું ગાડું સહેલસૂતરું ચાલી શકે.

ખબરપત્રી સાહસિક, ચતુર, બુદ્ધિમાન, હદ વગરની કુતૂહલવૃત્તિના તનમનાટથી તરવરતો, સમયસૂચક, કળ તેમ જ બળ ઉભયના ઉપયોગમાં પ્રવીણ અને ખૂબ ઉદ્યમી હોવો જોઈએ. વળી પત્રકારની લાગણી નાજુક અને તીવ્ર હોવા સાથે ગમે તેવાં અપમાન તથા હડસેલા કાર્યસિદ્ધિ અર્થે હસ્તે મુખે સહી લેવાની, કડવા ઘૂંટડા ગળી લેવાની, વાણિયાને પણ આંટે એવી ગમ ખાવાની શક્તિ તથા અખૂટ ધીરજ તેનામાં પૂરતા પ્રમાણમાં હોય, અને તે સાથે તેના જિહ્વાગ્રે મધુને કાયમ સ્થાન રહે.

ખબરપત્રી કલાકાર, ફોટોગ્રાફર, અને લઘુલિપિકાર પણ હોય, તો વળી ઓર રંગ જામે.

એ વાચાળ છતાં પ્રત્યેક શબ્દ તુલના કરીને બોલવા તથા લખવાવાળો હોવો આવશ્યક છે. તેમ ન હોય તો એને 'ભાંગરો વાટતાં,' 'આટો બાફતાં' કે 'કચૂંબર કરતાં' વાર ન લાગે.

પશ્ચિમના ખબરપત્રીઓ પોતે જ સનસનીદાર, અવનવી બાતમીઓ મેળવવાના અને તેને હરકોઈ પ્રકારે પોતાના અખબારને બીજાં કરતાં વહેલી પહોંચતી કરવાના ધર્મપાલન કાજે ધરતીના ખૂણેખૂણા ફરી વળે છે, ઘોર જંગલો અને અજાણ્યા પ્રદેશોમાં ભટકીને માથું હાથમાં લઈને રખડે છે. ૧૯૪૨ના એપ્રીલ મહિનાની ૨૬મી તારીખનો વૉશિંગ્ટનનો એક તાર વૃત્તપત્રોમાં પ્રસિદ્ધ થયો હતો; તેમાં લખ્યું હતું કે અમેરિકન અખબારનવીસ મિસિસ લીઆ બર્ટેંડ તા. ૨૪ એપ્રીલે કુર્દિસ્તાનમાં બહા૰રવટિયાને હાથે બંદૂકથી ઠાર થઈ છે......નકશામાં જરા જુઓ તો ખરા, કે કયાં વૉશિંગ્ટન, અને કયાં કુર્દિસ્તાન? આવાં જોખમો તો ખબરપત્રીનું કામ કરતાં અનેક સ્ત્રીપુરુષો ખેડે છે; એના શતાવધિ દાખલા બનતા જ રહે છે.

યુદ્ધ અંગેના ખબરપત્રીઓ રોજ જીવ મૂઠીમાં લઈને ફરતા હોય છે. કેદ પકડાવું, જખમી થવું અકથ્ય હાડમારીઓ વેઠવી, અને કોઈ વાર ઠાર-પણ થવું એ તેમને કબૂલ છે; પરંતુ કર્તવ્યપાલનથી તેઓ ચલિત થતા નથી.

ઇંગ્લેન્ડના 'ન્યુસ ક્રોનિકલ'ના યુદ્ધખબરપત્રી ફિલિપ જોર્ડનને સોવિયેટ–જર્મન સંગ્રામનો અહેવાલ પોતાના અખબાર માટે મેળવતાં કેવો અનુભવ થયો તેનો ચિતાર એ પોતે એક લેખમાં આપે છે. બાર મહિનાના પર્યટન દરમ્યાન એ વિમાનોમાં ૩૦,૦૦૦ માઈલ ઊડયો હતો; શેટલૅન્ડ ટાપુઓથી લઈ તિબેટની સરહદ, અને યુરલ પહાડોથી બેલ્જીયન કોંગો જેટલાં એકબીજાથી દૂર આવેલાં સ્થળોમાં એને ભટકવું પડયું હતું. હાડકાં ઠરી જાય તેવી ઠંડીવાળા દેશ અને ૧૨૦° તાપવાળા પ્રદેશો એણે વારાફરતી પગતળે કાઢી નાખ્યા હતા.

વૉલ્ગા, ટિગ્રિસ, યુફ્રેટિસ, બ્રહ્મપુત્રા, ગંગા, ઈરાવદી, નાઈલ, કોંગો, ટેગસ અને શેનોન જેવી જગતની પ્રચંડ નદીઓ તરવા વારો એને તેની કામગીરી દરમ્યાન આવ્યો હતો.

લેનીનના સ્મૃતિમંદિર અને પિરામિડ, શ્વેડગોં, તાજમહાલ તથા ન્યુજેરૂસલેમ અને પર્સીપોલિસનાં ખંડેરોની છાયામાં ફરવાના પ્રસંગો પણ એને મળ્યા હતા. એણે રાજમહેલોમાં અને મુફલિસપણાની છેલ્લી કક્ષાના ઝૂંપડાંમાં પણ રાતવાસા કર્યા હતા. એક રાત રશિયાનાં પ્રચંડ મેદાનોમાં બરફના ઢગલાથી છવાઈ ગયેલી ગાડીમાં, અને બીજી ઝગઝગતા તારલાઓથી મઢેલા બર્માના આકાશ નીચે ઘોર જંગલમાં એણે ગાળી હતી. જ્યાં રાત છે જ નહિ તેવા દેશમાં અને જ્યાં દિવસ નહિ જેવો છે ત્યાં પણ એણે મુસાફરી કરી હતી. વાઈસરૉય, ગવર્નરો, સેનાપતિઓ, મુત્સદ્દીઓ, સંતસાધુ, વેશ્યાના દલાલો અને ઠગબાજો સાથે મંત્રણાઓ કરવાના પ્રસંગો એને પ્રાપ્ત થયા હતા.

નાનકડાં વહાણોની અથડામણો અને ઉત્તમ સ્ટીમરોની બાદશાહીઓ એણે અનુભવી; રૉલ્સરૉઈસ, રિક્ષા, ખટારા, ટાંગા અને બરફગાડીઓમાં એ ફર્યો. અઢાર દેશોની ધરતી ઉપર એણે પગ ધર્યા. બીવરબ્રુક અને ઈડન સાથે એ મોસ્કોમાં, સિકોરસ્કી સાથે કુઈબીશેવમાં, ઍલેકઝાંડર સાથે રંગૂનમાં, અરે ક્રિપ્સ સાથે એ દિલ્લીમાં હતો. "વિધાત્રીનાં આંગળાં લખતે થાકી જાય તેટલી ઝડપથી દેશોના ભાગ્યપલટા લખાતા મેં દીઠા છે" એમ એ કહે છે.

આશા–નિરાશા, સફળતા–નાસીપાસી, શૌર્ય–ભીરુતા એ બધું એણે અનુભવ્યું છે. આખી માનવજાતને જીવ સાટે ઝનૂનથી ઝૂઝતી એણે નિહાળી છે............

અને એ બધું એક અખબારના રિપોર્ટરની ફરજનું એક અંગ માત્ર હતું. અને એવા તો સેંકડો રિપોર્ટરો ચારચાર વર્ષથી અહોનિશ એ પ્રકારની ફરજો બજાવી રહેલા છે.

વૃત્તવિવેચન

ખબરપત્રીના વચન ઉપર તંત્રીનો બધો મદાર રહે છે. એને ભરોસે અખબાર ઉજળું રહે છે. વૃત્તવિવેચનના અદ્‌ભુત મહાયંત્રનું એ ગતિ-પ્રેરક બળ છે; અખબારી આલમના ચક્રની એ ધરી છે.

અહો, કેવું મહત્ત્વનું એ પ્રાણી! કેવું વિલક્ષણ, કેવું વિચક્ષણ! જગતમાં એવાં સર્વગુણસંપન્ન માનવી જન્મતાં હશે ખરાં? શાસ્ત્રનાં બત્રીસ અને બાડાનાં બોતેર કરતાં યે વધારે લક્ષણોની અપેક્ષા પત્રકાર પરત્વે રાખવાનો આ હિસાબ થયો!

વ્યવહારમાં એ આદર્શ ભાગ્યે જ સિદ્ધ થાય છે. એ બધા ગુણસમુચ્ચયમાંથી અમુક પ્રમાણમાં કુદરતી બક્ષીસ રૂપે મળ્યું હોય, અને બાકીનું ખંત તથા પરિશ્રમથી પૂરું કરીને અનેક માનવીઓ ખાસ્સા ખબરપત્રી બની શકે છે, એ વાત ખરી. પરંતુ આદર્શ તો ઉપર કહ્યો તે જ છે, એમાં કશો સંદેહ નથી. એનાથી જેટલું ઓછું, તેટલી ઊણપ સમજવી. પરંતુ સામાન્ય, રોજિંદા વ્યવહાર માટે એવું અટલ ધોરણ પકડી બેસવાની જરૂર રહેતી નથી. રોજ રોજના સમારંભો, ખેલતમાશા, અદાલતોના ખટલા, મર્યા–માર્યાના કિસ્સા, વહેવારનાં વહેણ, લોકનેતાઓની સામાન્ય મુલાકાતો, ઉદ્‌ઘાટનની ક્રિયાઓ, ઇ. સાથે કામ પાડવા માટે જરાક સમયસૂચક, વાચાળ અને સામા માણસને રાજી રાખવાની આવડતવાળો સામાન્ય કક્ષાનો પત્રકાર હોય, તો ય કામ ચાલી શકે. તે માટે ઝડઝમકવાળા અને વીરશ્રીના ઝબકારા વેરતા પ્રતાપી પત્રકારની જરૂર ન હોય.

સમાચાર મેળવવામાં અને તેનો ઉપયોગ કરવામાં વિવેકબુદ્ધિનો ખર્ચ ખૂબ કરવાનો રહે છે. સમાચારના ચાર પ્રકાર હોય છેઃ (૧) સીધે-સીધા, મળે તેવા રૂપમાં જ પ્રસિદ્ધ કરી શકાય તેવા, (૨) જેનું ગોળગોળ શબ્દોમાં સૂચન માત્ર કરી શકાય તેવા, (૩) પ્રસિદ્ધ થતાં જ જેનો ઇન્કાર થયા વિના રહે નહિ તેવા, અને (૪) જાહેર કરી શકાય જ નહિ

તેવા. કમઁસંજોગે ઘણી ખરી ખાસ રસપ્રદ અને ઝમકદાર બાતમીઓ ચોથા પ્રકારની હોય છે, એ ખબરપત્રીઓ માટે મોટો અફસોસનો વિષય છે !

પોતાને મળેલી બાતમી એ ચારમાંના કયા પ્રકારની છે તેની તુલના અને પછી તરત તેની યોગ્ય ત્રેવડ કરવી, એ ખબરપત્રીની અંગત જવાબદારી છે. એમાં કોઈનું ડહાપણ એને કામ ન લાગે.

પત્રકારનું જીવન બધું રંગીલું, ઝમકદાર, સનસની ભર્યું, રસરસતું અને સિનેમાના ચિત્રપટ જેવું અદ્‌ભુતરંગી હોવાની જે સામાન્ય માન્યતા પ્રવર્તે છે, તે ભૂલભરેલી છે. પત્રકારો જાણે છે અને અનુભવે છે કે અખબારી જીવનમાં સદૈવ રંગરા નથી હોતા. એમને મહાપુરુષોના સમાગમ નિતનિત નથી થતા. છાપાંની કચેરીઓમાં, ઘણી વાર સમાચારના સૂકવણાના સંતાપભર્યા લાંબા ગાળા આવે છે. એવા પ્રસંગે તંત્રી અને તેના મદદનીશોને ચાતક બનીને કંઈ નવાજૂનીરૂપી સ્વાતિજલબિંદુની પ્રતીક્ષા કરતા બેસી રહેવું પડે છે. તે વખતે વિરહી પ્રણયીની જેમ એક એક પળ જુગ જુગ જેવી થઈ પડે છે. વળી સનસનીદાર સમાચારની ઊણપ જણાઈ આવે નહિ તે માટે તેવા સમયમાં પત્રકારને બમણું ભેજાવલોણું કરીને અવનવી યુક્તિઓ લડાવવી પડે છે. પત્રકારત્વમાં ‘ હૈયાંને વીછળી નાખે ’ તેવી નિરાશાઓ, નાસીપાસીઓ અને કાળી મહેનત ભરેલાં છે, એનો ખ્યાલ સામાન્ય વાચકસમુદાયને કયાંથી હોય ?

અને છતાં પત્રકારત્વની એક ઝલક કાજે પત્રકારને એ બધું મંજૂર છે, વસૂલ છે—એવી ‘ એક પળ માટે જીવનનાં દાન ઓછાં છે ! ’ કોઈ કહેશે કે આટઆટલી શક્તિઓ અને આવડતોના ખાણુખજાના જેવો અલૌકિક મનુષ્ય કદાચ હોય, તોપણુ તે એ બધી શકિતઓનો ઉપયોગ દ્રવ્ય, કીર્તિ કે ઉભયના સંપાદન માટેની અન્ય કોઈ વધારે સહેલી અને ઓછી કષ્ટકારી પ્રવૃત્તિમાં ન કરતાં, ખબરપત્રીના :આવા કાંટાળા, ભૂખડીબારસ ધંધામાં શા માટે પોતાનો કિંમતી જીવ પરોવે ? પરંતુ એ પ્રશ્ન જ અસ્થાને છે.

સાચો પત્રકાર કોઈનો કહેવાથી કોઈ થઈ શકતો નથી, કોઈ નો બનાવ્યો બનતો નથી; એ તો એક ધૂન છે, જીવનભરની લગની છે, શોખ છે, વશીકરણમંત્ર છે. એક વાર પત્રકાર થયો, તે આજીવન પત્રકાર રહ્યો સમજવો. અખબારી જીવનનું જેણે લોહી ચાખ્યું, તેને એની સુરતા લાગી જ સમજવી. એ લત છૂટે, તો જીવ સાથે જાય; તે પહેલાં નહિ. પત્રકારત્વ એક મનોદશા છે, ચિત્તની અટલ સ્થિતિ છે, કાયમી રોગ છે. પત્રકાર એક અસાધ્ય મરીજ છે. અને છતાં એ રોગમાં એ રાચે છે, અને તેને મટાડવાની મહેનત કરનારને દુશ્મન સરખો લેખે છે. કવિ કે પાગલ (એ બધું એક જ ને?) ની જેમ પત્રકારને છાપાંના ધંધાનું વહાલું લાગે છે. એના અનુસરણ વિના તેનાથી રહી શકાય જ નહિ. સમય અને સંજોગોને વશ થઈને એને અન્ય વ્યવસાયનો આશ્રય કદાચ લેવો પડે, તોપણ એ વંઠ્યો તે વંઠ્યો; એનું ચિત્ત, એની વૃત્તિ, એની કલ્પના, એની કાયાનું રૂંવેરૂંવું પત્રકારત્વની લાક્ષણિક પ્રવૃત્તિઓ માટે તડપે છે. અફીણનો વ્યસની પણ છાપાંના ધંધાના વ્યસની કરતાં ભાગ્યે જ વધારે લતખોર હશે.

હિંદમાં છાપાંના ધંધાની સ્થિતિ સાવ કડકાબાલુસ છે. પત્રકારત્વ ઉપર જીવનારા આજીવન ખાખી બંગાળી રહે છે. અને તેમ છતાં, બુદ્ધિ-પ્રતિભાથી સુસંપન્ન અને સમર્થ ભારતપુત્રો અન્ય સુલભધન ધંધારૂપી રાજમહેલોના વૈભવ છોડીને છાપાંની અળખામણી ઝૂંપડીનો આશરો સેંકડોની સંખ્યામાં લઈ રહેલા જોવામાં આવે છે. "જે કોઈ પ્રેમ અંશ અવતરે..." વાળી એ બાબત છે. એનું વર્ણન ગમે તેટલું કરીએ, તેથી શું? "જાણ્યું કેમ આવે રે, માણ્યાને પરમાણે?"

કાંટાળો કાંટાળો તોયે પત્રકારત્વનો તાજ છે. મિલ્ટન પોતાના મહા પરાક્રમી સેતાન પાસે કહેવડાવે છે તેમ, સ્વર્ગની નોકરી કરતાં દોજખની બાદશાહી વધારે સારી— Better to reign in Hell than serve in Heaven!

પત્રકાર, ખબરપત્રી કે રિપોર્ટરના જીવનમાં પ્રલોભનને ડગલે ને પગલે અવકાશ રહે છે. કોઈ હોંશીલા ધનવાનને પોતાને ત્યાં થતા સીમંતના સમારંભને અહેવાલ છાપાંમાં છપાવવાની તમન્ના જાગે, કોઈ કોડીલા કારખાનામાલિકને પૈસે ખરીદેલી પ્રસિદ્ધિની અપેક્ષા સ્ફુરે, કોઈ કીર્તિ-ભૂખ્યા લોકનેતાને પોતાનું ભાષણ સજાવી સમરાવીને બીજી સવારના છાપામાં વાંચવાની વૃત્તિ ઊપજે, ત્યારે રિપોર્ટરના ખીસામાં નાનુંશું પર-બીડિયું સરકી જાય, તો તેમાં કોઈએ નવાઈ પામવાની જરૂર નથી. શૅર બજારમાં સવડ પડતી ચડઊતરની લહેરી ઉછળાવવા માટે, કોઈ રાજકીય હેતુની સિદ્ધિને અર્થે, કોઈને ઉતારી પાડવા કાજે અથવા સાચીખોટી મોટાઈ મેળવવા માટે પણ ખબરપત્રીની કલમમાં રૂપેરી તેલ પુરાવાના પ્રસંગો અખબારી આલમને અજાણ્યા નથી. અને તેથી વધારે તો, તેવા પ્રસંગો અમુક સમાચારની પ્રસિદ્ધિ **થવા** માટે નહિ, પરંતુ **થતી અટકે** તે **માટે** બનતા હોવાના સંભવ ઉપર કેટલાક અખબારી ધંધાનાં ‘ કાળાં મેઢાં ’નો પેટપૂર્તિ અર્થે મદાર રહે છે. પરંતુ, એ બધું ખરું હોવા છતાં, એકંદર હિંદનો ખબરપત્રી પ્રામાણિક છે, કર્તવ્યનિષ્ઠ છે, પોતાના ધંધાને જેબ આપનારો અને ખરેખર કાર્યક્ષમ છે, એ સ્વીકારાયેલી હકીકત છે.

અને ખબરપત્રીનાં કાર્યક્ષેત્રોની ટીપ તો જુઓ !

૧. અકસ્માત, આગ, નાના મોટા ખટલા, પોલીસ ચોકી તથા અદાલતોના ન્યાયાધીશથી માંડીને કારકુન સુધીના કર્મચારીઓની નોખી નિરાળી દુનિયા.

૨. સભાઓ અને નિત્ય તથા નૈમિત્તિક સમારંભો.

૩. શેરબજાર તથા બીજાં બજારો, અને એકંદર વ્યાપારવણજવિષયક બાતમી.

૪. વહાણોની અવરજવર, માલની ચડઊતર ઇ.

૫. ધારાસભા, સુધરાઈ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ઇ.ની કામગીરીઓ.

૬. રાજકીય સંસ્થાઓ તથા પક્ષોના આંતરિક તેમ જ બાહ્ય રાજકારણની આંટીઘૂંટીઓ, અને ગમે તેના તરફથી ગમે ત્યારે ઉપાડાતાં નાનાવિધ આંદોલનો.

૭. અમલદારી આલમના રહસ્યમય ભેદભરમો.

૮. નાનામોટા લોકનેતાઓ, તથા રાજકીય, સામાજિક, આર્થિક આદિ ક્ષેત્રોના મહારથીઓ સાથેના સંપર્ક અને ખાસ મુલાકાતો.

૯. રાજદ્વારી "અટકળો," "જાણકાર મંડળો"ની વિચારસરણીઓ, રાજનીતિ પરત્વેનાં આધારભૂત સાધનો, આગાહીઓ ઇ. હવાઈ કિલ્લાની જવાબદારીભરી છતાં રસરસતી રાજરમતો.

૧૦. ઉગ્ર ચળવળો, ખંડબળવા, કોમી અને બીજાં તોફાનો, ઇ.ની નાજુક તથા જોખમભરી કામગીરી.

૧૧. પરદેશો પરત્વેની બાતમી, યુદ્ધસમાચાર મેળવવા તથા પહોંચાડવાની પ્રવૃત્તિ, ઇ.

૧૨. ખેલક્રીડા—ટેનિસ, ફૂટબૉલ, ક્રિકેટ ઇ. રમતોનાં જાહેર દંગલો, જેની દુનિયા જ આખી નિરાળી છે, અને જેની ભાષા પણ સામાન્ય ભાષાથી પ્રાયઃ નોખી છે.

૧૩. ખેલતમાશા, નાટકચેટક, સિનેમા ઇ.

૧૪. ફોટોગ્રાફી—સચિત્ર વૃતાંત્તલેખન, વગેરે વગેરે.

આમાનું પ્રત્યેક ક્ષેત્ર કાર્યક્ષમતા માટે કેટકેટલી શક્તિઓની અપેક્ષા રાખે છે! મોટે ભાગે એ પ્રત્યેક વિભાગમાં જેના તેના તદ્વિદો જ કામ કરે છે, એટલા પૂરતો પ્રત્યેક બાતમીદારનો વિકાસ વિશિષ્ટ પ્રકારે થવા પામે છે. પરંતુ એવું જડબેસલાક અને અભેદ્ય વિભાગીકરણ ખબરપત્રીના ધંધામાં ખાસ કરીને હિંદુસ્તાનમાં પોસાય નહિ. જરૂર આવી પડતાં ગમે તે વૃત્તાંતખોજકે ગમે તે વિભાગમાં ઝંપલાવવા તૈયાર રહેવું પડે છે, એમાં ખાસપણું કામ નથી લાગતું.

સાચા, બાહ્યાભ્યંતર પત્રકારની છેલ્લી આશા કઈ? પત્રકાર તરીકે જન્મી, પત્રકાર તરીકે જીવીને પત્રકારત્વની પૂરી ઝકઝોર વચ્ચે પ્રાણ છોડનાર એક ગુજરાતી પત્રકાર કહી ગયો છે:

"પત્રકારને મહેનતના બદલામાં પૈસા મળે પણ ખરા, ન પણ મળે. લૉર્ડ મોર્લિએ કહ્યું છે કે પૈસાની આશાવાળાએ પત્રકારના ધંધામાં આવવું

વહિ. "As nobody, according to the proverb, has ever seen a dead donkey so nobody has ever seen a retired reporter or editor living on he proceeds of his past toil, like businessmen in other adventures of life. He must go on writing and recording, getting news until the pen drops from his hand, or the little bell tinkles for the last time on his typewriter and his hand falls over an unfinished sentence..........." મને વૃદ્ધ થવાની આશા છે, પણ રાજ્યના અધિકારીઓ જેને retired on pension કહે છે તેવું પેન્શન ખાવાની આશા નથી. એ પેન્શન તો વાક્ય અધૂરું રખાવીને પ્રભુ મેળવી આપશે!"

પ્રકરણ ૧૧

કેટલાંક વિશિષ્ટ અંગો

"Why are you wearing spectacles, old men ?"

"Well, through crossword puzzles I have contracted an optical defect. One eye travels vertically and the other horizontally !"

—*A quip*

છાપાં માટે કશું પણ વિશિષ્ટ પ્રકારનું લખાણ કરવાની ઇચ્છા જેને હોય, તેણે એક વસ્તુ લક્ષમાં રાખવી પડે છે. તે એ, કે સામાન્ય રીતે છાપાં વાંચનાર સરળ અને હળવા વાચનની જ અપેક્ષા રાખે છે. છાપાંમાં ખાસ લેખો દાખલ કરવામાં તેના તંત્રીનો હેતુ પણ મુખ્ય તો વાચકને માહિતીવાળું છતાં મનોરંજક અને વિનોદ—આહ્લાદ આપે તેવું લખાણ પૂરું પાડીને એની પોતાના પત્ર પ્રત્યેની અભિમુખતાને દૃઢતર બનાવવાનો હોય છે. ભારે ભાષા, કઠણ વિચારસરણી, અથવા ઉભયને સમજવામાં કડાકૂટ કરાવે એવું ક્લિષ્ટ લખાણ છાપાંપરસ્તો માટે ત્યાજ્ય સમજવું. એક જમાનો છાપાંમાં ભારે વાચન ભરવાનો હતો, અને તે યોગ્ય જ હતું. તે સમયના સંજોગો, પ્રસંગો અને ઘટનાઓનો પ્રવાહ, જીવનના વહનની તે સમયની પ્રમાણમાં મંદ ગતિ, અને જીવનવ્યવસાયવિષયક અન્ય સંજોગોનો સમન્વય તે માટે અનુકૂળ હતો. તેમ છતાં, મુખ્યત્વે માસિકો અને બહુબહુ તો અઠવાડિકોમાં એનો સમાવેશ થઈ જતો. આજે

પણ સામાહિકોમાં કેટલેક અંશે એને અનુકૂળ સ્થાન હોઈ શકે, પરંતુ દૈનિકમાં નહિ જ. હવે તો અઠવાડિકોને પણ ખૂબખૂબ પ્રમાણમાં પ્રાસંગિક થવું પડે છે.

પોતાની લેખનઇચ્છાને અમલી બનાવતા પહેલાં લેખકની અમુક માનસિક તૈયારી હોવી જોઈએ. અખબારમાં જે લેખ મોકલવાનો હોય તે, સર્વથી પ્રથમ તો, વૃત્તવિષયક હોવો જ જોઈએ. બીજું, કયા પ્રકારના વાચકવર્ગના 'કરકમળ'માં એ પહોંચવાનો સંભવ છે. તેનો પણ ખ્યાલ કરી લેવો ઠીક પડે. કેમકે લેખનશૈલિ, વિચારસરણી, ભાષા, વિચારગૂંથણી ઇ. નો આધાર તેના ઉપર રહે છે. મીસ ગર્ટ્રુડ ગ્લીસન 'જર્નાલિઝમ વિધાઉટ ટિયર્સ'માં કહે છે:

"ઘણાખરા છાપાંવાચકો ચિંતનશીલ વર્ગના નથી હોતા. તેઓ સીધી હકીકત સીધી રીતે કહેલી હોય તો સમજી શકે છે, પરંતુ વિચારમંથનનો તેમને અણગમો હોય છે અને જેનું તાત્પર્ય સહેજે સમજી શકાય નહિ તેવા લેખ વાંચવાની કડાકૂટ એમને નથી ગમતી. તેથી, સામાન્ય રીતે દશ વર્ષની વયનું ઠીકઠીક બુદ્ધિમાન બાળક સહેલાઈથી સમજી શકે તેના કરતાં વધારે ઊંચી કક્ષાના લખાણથી પત્રકારે ચેતીને ચાલવું ઇષ્ટ છે. યાદ રાખવું, કે શબ્દોની પસંદગી, વાક્યોની રચના અને તે સાથે લેખના વિષય તેમ જ તેની છણાવટમાં વપરાતા વિચારોને પણ આ ધોરણ લાગુ પડે છે."

કેટલાક વિષયો લગભગ દરેક માનવીને ઓછાવત્તા પ્રમાણમાં આકર્ષે એવા હોય છે. દા. ત. નાણાં અને તેની કમાણી; ઉદર અને તેનું ભરણ પોષણ—અર્થાત ખોરાક; અને સર્વથા વિશેષ પ્રેમ! એનાથી આબાલવૃદ્ધ, નરનારી, કોઈ થાકતું જણાતું નથી! ખાસ લેખો માટે આવા વિષયો ઉચિત થઈ પડે ખરા, જો કે તેમાં પણ નજીકના ભૂતકાળમાં બનેલી અથવા વર્તમાનમાં બનતી કોઈ લોકચિત્તાકર્ષક ઘટનાના પ્રસંગને ગૂંથી તેટલો પ્રાસંગિક રંગ પૂરવાથી લેખની ઉપયોગિતા અખબારની દૃષ્ટિએ વધી શકે. ટૂંકી વાર્તાઓ પણ તેવા જ કોઈ પ્રાસંગિક વાતાવરણને અનુલક્ષીને હોય તો વિશેષ આવકારયોગ્ય બને. ગુજરાતી દૈનિકોમાં, ખાસ કરીને 'જન્મ-

ભૂમિ', 'વંદેમાતરમ' આદિ છાપાંમાં આવતી નવલિકાઓનો ઝોક જોવાથી આ સૂચનની વાસ્તવિકતા સમજાશે.

લોકરુચિ રડવા તરફ બહુ ઢળે છે—sob stuff એને ગળે ઝટઝટ ઊતરે છે; એનો લોકને કંટાળો આવતો હોવાનું કોઈ પત્રકારની જાણમાં નહિ હોય. સાહિત્યક્ષેત્રની નવલકથાઓ પણ ચિત્રપટની જેમ, જેટલી હચમચતાં હૈયાં, રડતી સૂરતો અને વલોવાતાં જિગરોથી ઉભરાય, તેટલા પ્રમાણમાં લોકોના—અને વિશેષતઃ સ્ત્રીવર્ગના ચિત્તને એ વધારે આવરી લે છે; એ હકીકત ઉપર તો નવલકથા તથા સિનેમાની આખી દુનિયા નિર્ભર છે. છાપાંનું પણ તેવું જ સમજવું. રાણપુરી શૈલીની લોકપ્રિયતાનું રહસ્ય પણ એ જ. હચમચતું, ધગધગતું, વલવલતું, થડકાવતું, આશ્ચર્યચિહ્નો, અલ્પવિરામો, એક વાક્યે પૂર્ણ થતા પ્રત્યેક પેરાવાળું લખાણ, એટલે લોકમાનસનું 'ખુલ–જા–સિસમ', એવું સામાન્ય રીતે થઈ પડેલું છે.

મર્મસ્પર્શી લેખો રસ્તામાં રેઢા નથી પડ્યા. અખબારને સ્વીકાર્ય લેખ પાછળ રીતસરની યોજના, ગોઠવણી અને કલા જોઈએ; વિષય નક્કી કર્યા પછી તેને સંગત વિચારો ટપકાવી લેવા જોઈએ; ટપકાવ્યા પછી તે પ્રત્યેકની તુલના થાય, યોગ્ય ક્રમમાં એ ગોઠવાય, પ્રત્યેકનું પ્રમાણસર વિવેચન લખાય, અને એ સર્વનો સમુચ્ચય લેખનો આકાર ધારણ કરે. એનો પ્રત્યેક શબ્દ વિચારેલો અને હેતુપુરઃસર યોજેલો હોય. લેખનો પ્રારંભ પહેલી જ નજરે આંખ તથા ચિત્તને ઝડપી લે તેવા શબ્દો અથવા હકીકતથી થયેલો હોય. તેના પેરા તેમ જ વાક્યો ટૂંકાં અને સ્વતઃપૂર્ણ હોય, એનું સંકલન સળંગ રહે, અને તેનો અંત લૂલોલંગડો નહિ પરંતુ જેનો રણકો વાંચનારના મનમાં દીર્ઘકાળ સુધી રહી જાય તેવો ટકોરાબંધ આવે.

લેખન માટે ભેગી કરેલી સામગ્રી ભલે નીરસ હકીકતો, આંકડા અને ઉતારાની હોય. સૂકાંલૂખાં કોષ્ટકોનો તેમાં ભલે બોજ હોય, પરંતુ કુશળ કારીગર તેનામાં જીવ પૂરે છે, તેને નવલ રંગોથી નવાજે છે અને મનોહર સ્વાંગથી સજી તેને ચિત્તાકર્ષક બનાવે છે. સેન્સસ રિપોર્ટોને તેનાં ઉદાહરણો

કહી શકાય. આપણા શ્રેષ્ઠ હકીકતસંગ્રાહક શ્રી. ડુંગરશી ધરમશી સંપટ ગુજરાતમાં આ ક્ષેત્રમાં ઉત્તમ દૃષ્ટાંતરૂપ છે. દરેક પત્રકાર એ કળામાં યથાશક્તિ પાવરધો હોવો જ જોઈએ.

અખબારી લેખો માટે સ્ત્રી અત્યંત આકર્ષક વિષય છે. પરંતુ એ સાથે સાથે ઘણું દાક્ષિણ્ય માગી લે છે! મીસ ગ્લીસન કહે છે તેમ "સ્ત્રીની વાતમાં ગમે તે લેખક સોગઠી મારી શકે નહિ. જો સત્યના અનુશીલનની ઘેલછા તમને હોય, અને સ્ત્રીઓ વિષે લખતાં તમારી ઓળખાણવાળી અને તમારાથી આસ્માન–જમીન જેવા જુદા સ્વભાવવાળી નારીઓને તમે સ્મરણપટથી વેગળી રાખી શકતા ન હો, તો બનવા જોગ છે કે તમારો લેખ તંત્રીના મનને બહુ રીઝવી શકશે નહિ." ટૂંકામાં, સ્ત્રી વિષે લખતાં હકીકત અને વાસ્તવવાદ કરતાં કલ્પના તથા આદર્શવિહારને વધારે અવકાશ આપવો સલાહ ભર્યો છે. 'ખુશામદ ખુદાને પણ પ્યારી છે,' એ ધોરણે!

પ્રાણીજીવન પણ લોકોને ઠીકઠીક આકર્ષે છે. વાઘ, સિંહ, દીપડા, અને બધાથી વધારે સાપને લગતા કિસ્સા તથા તેમના સ્વભાવ તથા વર્તનનાં વિવેચનો ખૂબ પસંદગી પામે છે. અખબારી ઢબના લેખો માટે એ પ્રાણીઓ 'નંબરી' વિષયો કહેવાય. પરંતુ કોઈ પ્રાણી વિષે લખતાં હકીકતની ખૂબ ચોકસાઈ કરી લેવી; ભાંગરો વટાઈ જાય નહિ તેની કાળજી રાખવી. સામાન્ય રીતે પ્રાણીઓ સંબંધે આપણાં લોકોમાં ઝીણી માહિતી નથી હોતી; પણ કોણે જાણ્યું, કયાંથી કયો કોવિદ કયારે ફૂટી નીકળે? પ્રાણીકથા ગરીબ, અમીર, નાનામોટા, સ્ત્રીપુરુષ, સૌને ગમે છે, એ તેની વિશેષતા છે. કોઈ કોઈ વાર કોઈ ઘટના બની જાય, અને તેમાંથી પ્રાસંગિક ખને અવકાશ મળી જાય; દા. ત. શહેરના પ્રાણીસંગ્રહમાંથી કોઈ જાનવર છટકી જવાનો પ્રસંગ બને, તો તે પ્રાણી તરફ લોકચિત્ત આકર્ષાય જ; અને એ પ્રાણી વૃત્તલેખ માટે ઉચિત વિષય બને. ગામમાં સરકસ આવ્યું હોય ત્યારે પણ આ ક્ષેત્ર ઉપયોગી થઈ પડે; સંવત્સરીઓ; પુણ્ય-

તિથિઓ અને જન્મદિવસો પણ ઉત્તમ વિષયોનો ભંડાર ઉઘાડી આપે છે. તેના લેખકનો આશય તેના પ્રથમ પરિચ્છેદમાં જ સ્પષ્ટ થવો જોઈએ કે જેથી વાચક સમજી શકે, કે કયા રાહે લેખ જવાનો છે, અને ત્યાંથી જ અટકવું કે પછી આગળ વાંચવું. દીર્ઘસૂત્રી પ્રાસ્તાવિક વિવેચનો અખબારી સાંવત્સરિક લેખો માટે કદી અનુકૂળ ન હોઈ શકે. ઉત્તમમાં ઉત્તમ લખાણોને પણ લૂલી શરૂઆત છાપાંની નજરે મારી નાખે છે. અને લેખનો પ્રારંભ, નાટકનો પડદો ઊઘડે તેમ, ધડાકા સમેત કરવો કેટલો દુષ્કર છે, લાંબા પ્રસ્તાવિક વિવેચનથી બચવું કેટલું મુશ્કેલ છે, એનો અનુભવ કયા સિદ્ધહસ્ત લેખકને પણ એક યા બીજા પ્રસંગે નહિ થયો હોય? અંગ્રેજી કહેતી પ્રમાણે, પહેલો ઘા કર્યો એટલે અડધી લડાઈ જિતાઈ; એ સૂત્ર અખબારી લેખન માટે sine qua non સમજવું.

કોઈ મહાપુરુષ વિષે લખવું હોય ત્યારે કેટલીક બાબતો લક્ષમાં રાખવી ઠીક પડે છે. ધારો કે જગદીશ બોઝ, સી. વી. રામન કે ફેરાડે જેવા વૈજ્ઞાનિકની સંવત્સરી અથવા તો એ વૈજ્ઞાનિકે મેળવેલી કોઈ નવી સિદ્ધિ વિષે અખબારી લેખ લખવો છે. તેવા લેખમાં એ મહાપુરુષના અન્વેષણ કાર્યની વૈજ્ઞાનિક બારીકીઓનું વર્ણન વધારે પડતું ન હોય તો સારું. એ અન્વેષણો વિષે જે લખવાનું હોય તેમાંથી પરિભાષા, આંકડા ઇ. નો સરળ શબ્દોમાં અને લોકભોગ્ય રીતે ટૂંકાણમાં ઉલ્લેખ થાય તો યે બસ. પરંતુ એ લેખમાં human interest–માનવતાના હૃદયના તારને છેડે તેવા ભાવનાઉત્તેજક પ્રસંગો તો અવશ્ય હોવા જોઈએ. એ વૈજ્ઞાનિકનું કૌટુમ્બિક જીવન, એની અંગત ટેવો, એનામાં રહેલા માનવતત્ત્વને પ્રકટ કરતા નાના મોટા પ્રસંગો ઇ. સંભારથી લેખની વાની દીપી ઊઠે.

વળી જાહેર ઉત્સવો, પર્વો, વાર્ષિક સમારંભો, કુસ્તી તેમ જ મરદાની રમતોનાં દંગલો ઇ. પણ સુંદર લેખ–ફાલ આપી શકે, અને આપે પણ છે. એ સર્વમાં મનુષ્યત્વ–ભાવનાતત્ત્વને ગૂંથવામાં પત્રકાર લેખકની ખૂબી રહે છે. ગામાને તેની પહેલવાની ઉપરાંત બીજાં પણ પાસાં છે. એનો

સ્નેહાળ સ્વભાવ, ભલાઈ, એની ખાવાપીવાની વિશિષ્ટતા ઇ. નાં યોગ્ય રીતે લખાયેલાં વર્ણનો ઘણા જ ઉમંગથી વંચાય છે. તેવું જ ધાઉસ મહંમદ, વિજય મર્ચંટ, જાનકીદાસ ઇત્યાદિનું સમજી લેવું. દિવાળી, હોળી, વસંતોત્સવ, ઈદ, નાતાલ, પર્યુષણ, પટેટી ઇ. પણ રસભર સામગ્રીના ખજાનારૂપ ગણાય. પરંતુ પ્રત્યેક લેખમાં કશુંક નવીન, અથવા તો જૂની વસ્તુનું નવીન ઢબે નિરૂપણ તો હોવું જ જોઈએ. જેના ઉપર પ્રતિવર્ષ સેંકડો લેખ લખાયા જ કરે છે, તેવા વિષયોના પિષ્ટપેશણને આકર્ષક બનાવવા માટે એટલું અનિવાર્ય લેખાય; અને તે પણ પ્રાસંગિક હોઈ એક પ્રકારે વૃત્તવિવેચન બને છે.

પ્રવાસ સુંદર વિષય છે. પરંતુ તેને રસિક બનાવવાની હથોટી જવલ્લે જોવામાં આવે છે. પ્રવાસનાં સ્થળો તથા મુસાફરીની વિગતો ટાઈમટેબલ અથવા ગાઈડબુક બની જાય; અને તે પણ બહુ આધાર રાખવા યોગ્ય નહિ. પ્રસંગોની—ખાસ કરીને હાસ્યપ્રસંગોની ગૂંથણી, ફકરે ફકરે નૂતનતાના ફણગા, નવલકથા જેવી રસની જમાવટ અને પાત્રોનો વિકાસ—એ બધું પ્રવાસવર્ણનમાં ઉતારવું સહેલું નથી. અને તેથી ગુજરાતીમાં ઉત્તમ પ્રકારના પ્રવાસસાહિત્યનું આટલું બધું દારિદ્ર જોવામાં આવે છે. આ દિશામાં ખેડ થવા માંડી છે, અને તેમાં ચતુર અને ઝમકદાર કલમ માટે હજી ખૂબ અવકાશ છે.

પ્રવાસવર્ણનના લેખમાં શું શું ન જોઈએ તેની યાદી એક અનુભવી તંત્રીએ નીચે પ્રમાણે કરી હતી:

૧ કાવ્ય,

૨ નૈસર્ગિક દૃશ્યોનાં ઉમળકાભર્યાં વર્ણનો,

૩ પ્રવાસના કોઈ પણ તબક્કે તમારામાં પ્રકટતી ભાવનાનું વર્ણન,

૪ અજ્ઞાનગ્રસ્ત પરદેશવાસીને તેના દેશનો કારભાર કેવી રીતે ચલાવવો તેનો બોધ આપતા પ્રસંગો, અને

૫ કોઈ પણ સ્થળની સહુ કોઈને સુપરિચિત વિગતો વિષે વિવેચન.

—આટલું વર્જ્ય સમજીને ચાલવાથી પ્રવાસલેખનમાં નવું ચેતન દેખાવાનો ઠીકઠીક સંભવ રહે. એવા લેખ માટે અધૂરી સામગ્રી કરતાં વધારે પડતી સામગ્રી વિશેષ બાધક થઈ પડે તો નવાઈ નહિ. અને સર્વથી વિશેષ, આ ક્ષેત્રમાં પણ મનુષ્યતત્ત્વ, ભાવનાતત્ત્વ, લાગણીને સ્પર્શતું તત્ત્વ લાખેણું લેખાય. રોઝીટા ફોર્બ્ઝની કલમ આ ક્ષેત્રમાં અનુકરણીય છે.

બાળવાર્તાઓ કોને માટે લખાય છે?......અને મોટે ભાગે એ વાંચે છે કોણ?......ઘરમાં ઘરધણી એમ કહે છે કે છોકરાંના ઘરમાં કશી મીઠાઈ કે ચવાણું કાયમ હોવું જ જોઈએ, ત્યારે એ કથન સાંભળનાર એમ જ કહે, કે છોકરાંનું બહાનું અને દાઢસ્વાદ મોટાંનો. એવું બાળ-સાહિત્ય વિષે પણ છે, એમ મનુષ્યસ્વભાવથી પરિચિત હોય તે બધા જાણે છે. એ કથાઓ તેના અદ્દ્ભુત તત્ત્વથી સર્વને આકર્ષે છે. મનુષ્ય માત્ર અનાદિકાળથી અદ્દ્ભુત, અગમ્ય, ખ્યાલી, તરંગી દુનિયાથી મુગ્ધ થતો આવ્યો છે. ધર્મો, ધાર્મિક માન્યતાઓ, પુરાણો, વાર્તાના દરિયા ને દરિયા, એ સર્વનું મૂળ અદ્દ્ભુતની માનવસહજ પૂજામાં છે. અખબાર-વાચક પણ માનવસૃષ્ટિનું જ પ્રાણી હોઈ અદ્દ્ભુત રંગની ઝાંય એના ચિત્તને આવરી લે, એમાં શું આશ્ચર્ય? અખબારી દુનિયા નૂતનતા, વિસ્મય, સેન્સેશન તથા પ્રસંગપરંપરા ઉપર નભે છે; અને વાર્તાનાં એ બધાં મહત્ત્વનાં અંગો છે, તેથી વાર્તાને પણ અખબારમાં સ્થાન હોય, અને છે. અખબારી વાર્તાલેખનનું શાસ્ત્ર જ જુદું છે અને તેનું વિવેચન આખા ગ્રંથ અને અલગ અભ્યાસની અપેક્ષા રાખે છે. એ ક્ષેત્રમાં પડવા ઈચ્છનાર તેમાં ઝુકાવ્યા પહેલાં એ શાસ્ત્રને જોઈતપાસી લે, તો એને ફાયદો થયા વિના ન રહે. ઉમદા વાર્તાલેખક પણ એવા અભ્યાસથી વધારે ઉમદા વાર્તાલેખક બને છે, એ લેખકવર્ગમાં અનુભવસિદ્ધ હકીકત છે.

વાર્તા ઉપરાંત આશ્ચર્ય ઉત્પન્ન કરવાના, કુતૂહલ પ્રકટાવવાના, વિસ્મય પમાડવાના બીજા પણ ઘણા પ્રકારો છે. તે સર્વમાં આશ્ચર્ય

તથા સર્વ પ્રકારના રસ દર્શાવતા શબ્દોનો છૂટથી ઉપયોગ થઈ શકે. વિસ્મયકારક વસ્તુને વિસ્મયકારક કહેવાથી તે વધારે વિસ્મયકારક ભાસે છે, એ મનોવિજ્ઞાનની સામાન્ય વિગત છે.

એમ તો સામાન્ય સમાચારને પણ અદ્‌ભુતતાનો ઓપ ચડાવવાનું પત્રકારને ભાગે રહે છે. ખાસ કરીને મથાળાંની બાંધણી એવી કારીગરીથી વિશેષ શોભે છે. વિસ્મયલેખમાં એ કળાને સભંગ અને વિસ્તૃત અવકાશ હોવાથી એને માટે સારી હથોટી જોઈએ. એના પહેલા ફકરાના પહેલા જ શબ્દો વાચકને સોત્સુક કરી મૂકે અને રસવૃત્તિને સતેજ કરે, એમાં ખરી મજા રહેલી છે.

છાપાં માટે 'લેખો' લખાય છે તેમાંના ઘણા વાસ્તવમાં 'નિબંધ' હોય છે. આ બે લેખનપ્રકારો વચ્ચેનો ભેદ સમજવા યોગ્ય છતાં સમજવો અઘરો છે. નિબંધ કોઈ પણ વિષય કે વસ્તુ ઉપર લખાય. અખબારી લેખ માટે ક્ષેત્ર એટલું બધું વ્યાપક નથી. આપણાં જૂનાં છાપાંમાં નિબંધ ઘાટના લેખો વિશેષ આવતા, કેમકે પત્રકારત્વ તે સમયે પ્રમાણમાં અમુક વિદ્વાન વર્ગમાં જ, લેખન તેમ જ વાચન પરત્વે પણ, મર્યાદિત હતું. પરંતુ હવે સમય પલટાયો હોઈ તેનો માર્ગ સંકડાયો છે; આજે જમાનો લેખનો વધારે અને નિબંધનો ઓછો છે.

નિબંધમાં મતપ્રદર્શન થઈ શકે, જ્યારે લેખમાં અભિપ્રાય કરતાં હકીકતને માહિતીને વધારે અવકાશ રહે. શબ્દસંકલનામાં બાહોશ અને કલ્પનાકુશળ લેખક બેઠો બેઠો ઉત્તમોત્તમ નિબંધ લખી શકે, પરંતુ લેખ માટે માહિતી જોઈએ; તે રેફરન્સનાં પુસ્તકો અથવા અન્ય સ્થળોએથી ભેગી કરીને તેનું વર્ગીકરણ કરવું પડે, તેનું નિરૂપણ કરવું પડે. નિબંધકાર લખવા પહેલાં પોતાના વિચારો અને મંતવ્યોને ગોઠવી લે છે, જ્યારે લેખકાર માહિતીની ગોઠવણ કરીને પછી તેને લેખ રૂપે સાંકળે છે. અર્થાત્, લેખ માટે આધારયોગ્ય માહિતીની, હકીકતની મુખ્યત્વે અપેક્ષા રહે, અને અખબાર માટે સામાન્ય રીતે એ યોગ્ય કહેવાય.

નિબંધ અને લેખ વચ્ચે અટલ ભેદ પાડી શકાય નહિ. એમના ગંગા–જમના પ્રવાહ પ્રારંભમાં અમુક હદે વિભક્ત રહેવાના ખરા પરંતુ તેમનાં જળ વહેલાં મોડાં આગળ જતે ભળીને એક સ્રોત બની જાય તો આશ્ચર્ય નહિ. માત્ર સૈદ્ધાન્તિક ફરક સ્પષ્ટ રીતે લક્ષમાં રહે, તો તેનાથી લેખનને ધાર્યો વળ પહેલેથી આપવાનું સુગમ પડે. તંત્રીઓ કોઈ પિનલકોડની કલમો જેવા નિબંધનિયમો લઈને ન્યાય તોળવા નથી બેસતા. જેમાં નૂતનતા, પ્રાસંગિકતા, અને ઝમક જણાય તે એને સામાન્યતઃ સ્વીકાર્ય હોય; અને તેને માટે નિબંધ કરતાં લેખશૈલી વધારે અનુકૂળ રહે, એ મુદ્દો પત્રકાર વીસરે નહિ.

પ્રકરણ ૧૨

મુલાકાત, અને "શ્રીમાન તંત્રી જોગ"

A·Reporter was interviewing President Calvin Coolidge. "Do you wish to say anything about Prohibition?" was the first question.

"No."

"About the farm bloc?"

"No."

"About the World Court?"

"No."

The reporter turned to go.

"By the way," said Coolidge, "don't quote me."

—Stewart Anderson (in "Sparks of Laughter.")

ખાસ લેખો, વિશિષ્ટ અખબારી લખાણો, જેને 'ફીચર્સ' કહેવામાં આવે છે તે, વાંચવામાં મજા પડે એવી રીતે લખાવાં જોઈએ. એ હેતુ પાર પાડવા માટે ખાસ શૈલિનો કોઈ નિયમ કે ધોરણ નથી. એ તો વૈયક્તિક વસ્તુ છે. પ્રતિભાસપંન્ન કલમબાજની પોતાની નિરાળી અને આગવી ઢબ હોય છે. પરંતુ છાપાં માટે ખાસ લેખો લખનારાઓએ

એક મૂળભૂત હકીકત હવે સમજી લેવાની છે, કે જેને છાપાંળવી ભાષા તરીકે ઓળખવામાં આવે છે એ લેખનશૈલિનો જમાનો હવે નથી રહ્યો. સાહિત્યિક અને પત્રકારી ભાષાઓના ભેદ ઝડપથી ભુંસાતા જાય છે.

છાપાંની ભાષાનો વિકાસ છેલ્લાં વીસ વર્ષોમાં દેશના જાહેરજીવનનાં બીજાં ક્ષેત્રોની હારોહાર વેગથી થયો છે. અંગ્રેજીમાં જેને જરાક તિરસ્કાર મિશ્રિત સ્મિત સાથે journalese ને નામે ઓળખવામાં આવે છે અને જેને આપણા ચઢેલાં ભવાંવાળા સાક્ષર મહોદયો છાપાંળવું કહીને મૂછમાં હસે છે, એ અકુદરતી, ખૂણાખચકાવાળી, કાંકરા જેવી કર્કશ વસ્તુ હવે ઉત્તેજન કે અનુસરણને યોગ્ય નથી ગણાતી. ગુજરાતી છાપાંમાં લગભગ છેક હમણાં સુધી રૂઢ રહેલી તેવી છાપાંગરી ખીચડિયા ભાષા શૈલિ તથા નવા જમાનાની નિર્મળ ઝરણાં જેવી સરળ ગાંધીશૈલિ વચ્ચેનો ભેદ, એટલે મથુરાની ગલીઓના કાળા ખડબચડા પથ્થરોથી જડેલા રસ્તા ઉપર લોખંડના પાટાવાળા પરંતુ સ્પ્રિંગ વગરના રગશિયા એક્કાના સવેગ સંચાલન અને મુંબઈના ક્વીન્સ રોડ ઉપર રોલ્સ રૉઇસની સહેલગાહ વચ્ચેનો ભેદ સમજવો !

વૃત્તલેખને આદરણીય બનાવવાનો એક નુસખો તેની સાથે ગમે તે પ્રકારે પણ કોઈ પ્રસિદ્ધ પુરુષ કે સ્ત્રીનું નામ જોડવાનો છે. લેખના લેખક તરીકે, અને તેમ ન બની શકે તો તેના વિષય તરીકે પણ મોટા નામનું આકર્ષણ થાય છે. મુલાકાતી લેખ આ પ્રકારનું પૂર્ણ રૂપ ગણાય. સારાં વૃત્તપત્રો આ યુક્તિનો નાનાવિધ ઉપયોગ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કરે છે. અને ખરેખર, મુલાકાત (ઇન્ટરવ્યુ) અતિ રસિક, નિત્યનવલ વસ્તુ છે.

પહેલી નજરે, મોટા માણસોને મળીને તેમનાં અંતરની વાતો કઢાવવાનો ખ્યાલ ભડકામણો લાગે. પરંતુ વાસ્તવમાં એ કામ એટલું બધું વિકટ નથી હોતું. આ સંબંધમાં અનુભવી પત્રકારો જાણે છે કે :

૧. મોટા માણસોને મળવું બનતાં સુધી મુશ્કેલ નથી હોતું.

૨. તેઓ પ્રસિદ્ધિ પ્રત્યે ઘણે ભાગે વિમુખ કે ઉદાસીન પણ નથી હોતા.

૩. કીર્તિ કે મોટપને મજલે પ્રસિદ્ધિની સીડી વડે ચડાય છે, અને એના સહારે ત્યાં ટકાય પણ છે, એ ઘણાંખરાં મોટાં માનવીઓ સારી રીતે સમજે છે.

૪. જો તેમની સાથે વિવેકથી વાત કરવામાં આવે તો તેઓ પોતાનું દિલ ખોલવા તૈયાર બલકે તત્પર હોય છે.

૫. જે સંકોચ મુલાકાત લેનાર અનુભવે છે તેના કરતાં વધારે સંકોચ મુલાકાત આપનારને રહેતો હશે; એ સ્થિતિ પ્રત્યક્ષ જોવામાં ન આવે તોપણ સાચેસાચ તેની હસ્તી હોય છે, એ ચોક્કસ જાણવું.

૬. પોતાના પ્રત્યે વિનય અને સન્માન દર્શાવાય એ નાનાં તેમ જ બધાં મોટાં માનવીઓને પણ ગમે જ. છતાં સામાન્ય રીતે તેઓ વધારે પડતા શિષ્ટાચારનો આગ્રહ નથી રાખતા. જ્યારે મુલાકાત આપનાર નર કે નારી નિખાલસપણે વાત કરવાની વૃત્તિ દાખવે, ત્યારે તેજી મુલાકાતી પત્રકાર માટે એટલો ઇશારો પૂરતો થઈ પડે; યોગ્ય મર્યાદામાં રહીને એ લગભગ મૈત્રીને દાવે જે વાત કરવી હોય તે કરી લે છે.

૭. માનવપ્રકૃતિનો જરા અભ્યાસ, જરાક દાક્ષિણ્ય, જરાક મીઠી જીભ, મુલાકાત આપનારનાં મહત્કાર્યો તરફ વાતને વળાંક આપવાની થોડીક આવડત–એટલી મૂડી મુલાકાતવાંછુ પત્રકારને સાફલ્યની મંઝીલે પહોંચાડવા પૂરતી છે.

૮. મુલાકાત લેતા પહેલાં ચતુર મુલાકાતી પોતાના 'શિકાર'ની કારકિર્દીથી બને તેટલો પરિચિત થઈ રહે છે, અને વાત દરમ્યાન તેવી માહિતી પોતાને હોવાનો ઇશારો પણ લાગ જોઇને એ કરી લે છે. એવું એવું મોટાં માણસોને બહુ ગમે છે.

૯. મુલાકાત આપનારનાં અમુક વિષય પરત્વેનાં મંતવ્યો જાણવાં હોય ત્યારે 'એ તો મને આવડે છે'ની સર્વજ્ઞ વલણ રાખવામાં જોખમ છે. વસ્તુનો ઈશારો કરીને બાકીનું 'શિકાર' ઉપર છોડી દેવું જરૂરી છે. અન્ય મનુષ્ય માત્રની જેમ મહામનુષ્યોને પણ સામાને 'સમજણ પાડવી' બહુ ગમે છે.

૧૦. જરૂર પડતાં કુશળ પત્રકાર અજ્ઞાનનો પણ ડોળ કરે છે એમ કરવાથી સામું માણસ પ્રસન્ન થાય છે, તેનું મિથ્યાભિમાન ખીલે છે અને

પોતાના વિશેષ જ્ઞાનના ખ્યાલથી ફુલાઈને એની જીભનાં મિજાગરાં આડકતરી ખુશામદના તેલથી કૂણાં પડીને મોકળાં બને છે.

૧૧. મુલાકાતનો અહેવાલ લાગતાવળગતા મહાજનને બતાવીને પછી જ છાપવામાં સલામતી રહેલી છે. પોતે કહેલા શબ્દો વિષે ગેરસમજૂત થતી હોવાની કડવી ફરિયાદો નેતાઓ તરફથી વારંવાર થાય છે, અને તેને લીધે જીવડકાળા તથા વૈમનસ્ય પ્રકટીને મુલાકાતી પત્રકાર વિના-કારણે અળખામણો થઇ પડે છે. તેથી પ્રકટ કરતા પહેલાં વાર્તાના મુખ્ય નાયકનો "ધોળી માર્કો" તેના ઉપર મરાવી લેવો, એ સલાહ-ભર્યું છે. તે ઉપરાંત, પુનઃવાચન અંગે સહજસાજ પણ થતા ફેર-ફાર ઘણી વાર અહેવાલને વિશેષ ઓપ ચડાવી તેને વધારે આકર્ષક બનાવે છે, અને તેથી એ નજરે પણ અહેવાલ તપાસરાવી લેવો ઇષ્ટ છે.

૧૨. વાતોડિયાપણું, પરંતુ સુનિયંત્રિત વાતોડિયાપણું મુલાકાતી પત્રકારને સુલભ હોવું જોઈએ, કેમકે મૂંગો મહાજન સહેવાય, પરંતુ મૂંગા મુલાકાતીને કોઈ મહાજન દાદ આપે નહિ.

૧૩. મુલાકાતની ફૅશન પ્રતિવર્ષ, પ્રતિમોસમ બદલાતી રહે છે. જેવાં મોસમ અને વાતાવરણ, તેવાં મુલાકાત અને તેનાં વર્ણન—જેવાં ભાઈનાં હેત તેવાં બેનનાં ગીત—હોય તો જ સમયોચિત થઈ પડે અને શોભે.

૧૪ અને છેલ્લું, મહાજન ગમે તેટલો મહાન છતાં માનવી છે. સામાન્ય માનવીના બધા ગુણદોષ, ગમતું કે ન ગમતું, ઇ. તેનામાં પણ હોય છે. એ હકીકત બરાબર લક્ષમાં રાખનાર મુલાકાતી માટે સફળતાની દિલ્હી દૂર નથી.

અને એ બધું છતાં જ્યારે માથાનો મહાજન મળે અને ડાંડાઈએ ચડે, ત્યારે તે કાચાપોચા મુલાકાતીની કેવી દશા કરી શકે છે એનો ખ્યાલ માર્ક ટ્વેઇનના "ઇનોસન્ટ્સ ઍબ્રૉડ"માં "ઍન એકાઉન્ટર વિથ ઍન ઇન્ટરવ્યુઅર" વાળો કિસ્સો આપે છે. એ જેણે ન વાંચ્યું હોય તેની મુલાકાતી પત્રકાર તરીકેની તાલીમ અધૂરી જ સમજવી !

લગભગ પ્રત્યેક પ્રતિષ્ઠિત વૃત્તપત્રમાં વાચકો તરફથી આવતા ચર્ચા-પત્રો માટે તંત્રીલેખવાળા પાનામાં મુકરર કરેલું સ્થાન હોય છે. છાપાં

જોગ પત્ર લખવાની પણ કળા છે. તંત્રીને સંબોધીને જ પત્ર લખાય, એ શિષ્ટાચાર અનિવાર્ય સમજવો. પરંતુ વાસ્તવમાં એ સમગ્ર વાચકવર્ગને ઉદ્દેશેલો હોય છે. જાહેર જનસમાજની વ્યક્તિઓ જાહેર હિતના પ્રશ્નો પરત્વેના પોતાના વિચારો, જાહેરને જેમાં રસ પડે તેવા પ્રકારની ફરિયાદો, ચર્ચા ઇ. આ સવડનો લાભ લઈને કરી શકે છે; અને લોકમતને કેળવવાનું, તેને ધાર્યો ઝોક આપવાનું તેમ જ અસત્ય કથનો, ખોટા ખબરો ઇ. નું નિવારણ કરવાનું એ સબળ સાધન છે.

પશ્ચિમમાં તો આ કળાનો ખૂબ જ વિકાસ થયો છે. ઇંગ્લેન્ડના કોઈ પણ અસંતુષ્ટ શહેરીની મોટામાં મોટી ધમકી એ હોય કે I shall write to the Times about it! આપણે ત્યાં પણ એનો વિકાસ થતો જાય છે. પરંતુ હજી પત્રલેખકોનો એક એવો વર્ગ પણ આપણામાં છે, કે જે ન્યાય અને જાહેર હિતની દેખીતી બાબતોમાં પણ, છાપાંજોગ ચર્ચાપત્ર લખવાની દોડાદોડી કરે છે ખરા પણ પોતાનું નામ જાહેર કરવાના અખાડા કરે છે. કેટલાકો તંત્રીને અમુક હકીકત અને નામઠામ મોકલે છે, છતાં તે ગુપ્ત રાખવાની શરત પણ કરે છે. તેઓ નથી જાણતા કે તંત્રીને તેવો અનુરોધ કરવાનો હોય જ નહિ. તંત્રી તો ગુપ્તાગુપ્તતાનો નિષ્ણાત હોય; તેના નિર્ણય ઉપર જ ચર્ચાપત્રલેખકે બધું છોડી દેવું જોઈએ.

શ્રી. મણિલાલ ઇચ્છારામે કહ્યું હતું:

"તંત્રી પાસે ગુહ્ય વાત કહેવી, ગુપ્ત રાખવાની શરતે વાત કહેવી, તેનો અર્થ શો? મારા પિતાને તે પસંદ નહોતું. તેઓ કહેતા કે, જો તમને મારામાં વિશ્વાસ ના હોય તો, કહો નહિ; જગતને કેટલું કહેવું અને કેટલું ના કહેવું તેનો નિર્ણય કરવાનો હક્ક તંત્રીનો છે, ખબર આપનારાનો નથી; કોઈને નુકસાની ના થાય તે જોવાનું કામ તંત્રીનું છે, અને જો તંત્રી તેટલું ના સમજે તો તે તંત્રીની ખુરશીએ બેસવાને યોગ્ય નથી. ઘણાકો નામ ગુપ્ત રાખવાના આશયથી તખલ્લુસ વાપરે છે. અને વળી પાછા પોતાના મિત્રાદિમાં પોતાની હોશિયારી દર્શાવવાને કહે છે કે, આ તખલ્લુસ મારું છે. મારે કહેવું પડે છે કે, આપણે ત્યાં આવા ઘણા છે. હું કહીશ કે અન-અક્ષરોમાં જ એવાં માણસો પડયાં છે

એમ નથી, પણ સાક્ષરોમાંયે એવાં છે. મારો તેઓને પ્રશ્ન છે કે, જો તમે લેખની નીચે ગુપ્ત રહેવા માટે તખલ્લુસ મૂકતા હો, અને તે પછી એ તખલ્લુસનો સ્વીકાર તરત જ કરવા નીકળો તો મારે મન તમે મોટા હિચકારા અને દંભી છો. એમ કરવું જ હોય તો પછી તંત્રી પાસે પોતાનું નામઠામ ગુપ્ત રાખવાની દૃષ્ટિએ જ જવું વાંધા પડતું છે. વળી એ જ વાત તંત્રીને બીજો કોઈ ના પહોંચાડે તેની શી ખાતરી છે? ડીલેને તેથી કહ્યું છે કે "I don't much care to have confidential papers sent to me at any time, because the possession of them prevents me from using the information which from one source or another is sure to reach me without any such condition of reserve." (મને ગુપ્ત કાગળો મળે એ પસંદ નથી. કેમકે એમાં રહેલા સમાચાર કોઈ સ્થળેથી મને તેવી ગુપ્તતાની કશી પણ શરત વિના મળ્યા વિના રહેતા નથી, અને તેવે વખતે તેનો ઉપયોગ, મારાથી કરી શકાતો નથી.)

"શ્રીમાન તંત્રીશ્રી" કે "અધિપતિરાજ" અથવા "ટુ ધી એડિટર"ના સંબોધનના સાયા નીચે વૃત્તવિવેચન કરનારે, સારાં વૃત્તપત્રોમાં આવતાં ચર્ચાપત્રોનો અભ્યાસ કરવો જોઈએ. એનું લખાણ મુદ્દાસરનું, શબ્દોની ખૂબ કરકસરવાળું હોય, તેનો પ્રત્યેક શબ્દ તેની અનિવાર્ય જરૂરતને કારણે જ પસંદ કરેલો હોય, અને તેનું પ્રત્યેક વાક્ય સચોટ અસરકારક હોય. તેમાં ઢીલાપણું ન ચાલે. તેનો આરંભ, મધ્ય અને અંત, બધું જ સુઘટિત અને સુઘડ હોય.

આ નિયમો ધ્યાનમાં રાખીને કોઈ પણ શહેરી મોટામાં મોટાં છાપાં અને તેનાં ઉત્તમોત્તમ પાનાં ઉપર વધારેમાં વધારે આકર્ષક રીતે જાહેર પ્રશ્નોની, સગવડ અગવડોની અને જરૂરતોની ચર્ચાને મેદાને ખુશહાલ ઊતરી શકે છે.

આ ચર્ચાપત્રના લેખકની દૃષ્ટિ થઈ. વૃત્તપત્રની દૃષ્ટિએ પણ આ લોકવાણી–વિભાગને વધારે વિકસાવીને તેનો લાભ ઉઠાવવો જોઈએ. ચતુરાઈથી પસંદ કરેલા વાચકોના ચર્ચાપત્રોના સંગ્રહને કુશળ તંત્રી બહુ જ આકર્ષક

વાચન રૂપે રજૂ કરી શકે છે. તેમાં માનવચિત્તનાં બધાં પાસાંને સ્પર્શ કરી શકાય છે. પ્રકાશન માટે કયા ચર્ચાપત્રને પસંદ કરવા, તે બાબતમાં પણ વૃત્તપત્રોમાં ધોરણભેદ પ્રવર્તે છે." ઇન્ટ્રોડકશન ટુ જર્નાલિઝમ "ના પાન ૨૯૦માં આનું એક દૃષ્ટાંત ટાંકેલું છે. "ટાઇમ્સ ઑફ ઈંડિયા "ના તંત્રી મી. ફ્રાન્સીસ લોએ એક જાહેર સભામાં કહ્યું હતું કે મજકુર સભાના પ્રમુખ (મી. એમ. સી. ચાગલા)નો લખેલો પત્ર મારા અખબારમાં પ્રસિદ્ધિ પામ્યો નથી, કેમકે એ ગૃહસ્થ હજી લોકોની આંખે ચડેલા નથી, અને ગાંધીજી જેવા જગબત્રીશીએ ચડેલા ઇસમોએ લખેલા ચર્ચાપત્રો જ વૃત્તપત્રો છાપી શકે તેમ છે. કહેવા કહેવાની પણ રીત હોય છે, અને મી. લોનું આ કથન બહુ સુંવાળું નથી, પરંતુ હિંદનાં કેટલાંક છાપાંની એવી મનોદશા તેમાં પ્રતિબિંબિત થાય છે, કે તંત્રીની વિચારસરણીને રુચિકર ન હોય તેવાં ચર્ચાપત્રોને સ્થાન આપવું નહિ. પરંતુ " ઇન્ડિયન સોશિયલ રિફૉર્મરે" એ સંબંધમાં કહ્યું હતું તેમ, પત્રકારત્વ વિષેના આ ખ્યાલમાં બધાં પત્રો સંમત નથી હોતાં, અને "આવેલા ચર્ચાપત્ર નીચેની માત્ર સહી જ નહિ જોતાં આખા પત્રને સાદ્યંત વાંચીને પછી તેના સ્વીકાર કે અવજ્ઞાનો નિર્ણય કરનારા તંત્રીઓ પણ વિદ્યમાન છે ખરા!"

વાચકોના વિચારો તંત્રીજોગ ચર્ચાપત્રરૂપે આવે તેની તારવણી, અવતરણોની પસંદગી અને રજૂઆત કેટલાં મનોરંજક અને સચોટ થઈ શકે છે, તેનો ખ્યાલ આજનાં કેટલાંક દૈનિકો આપે છે.

પ્રકરણ ૧૩

વ્યંગચિત્રનું પત્રકારત્વ

" The cartoon is an editorial for the unlettered, often for the illiterate, and they must not be lectured; they must be flattered, and they allow themselves to be inspired; you may make them feel brave, a little foolish, and very sentimental. But you must not lecture them. You must catch the eye, hold the attention, touch off a spark in their mind and give the public something to remember; and you will do this, if you are good, in considerably less space than is occupied by a single horse in a picture by Rosa Bonheur. You will do it with out colour and often without anything but the simplest lines drawn in ink. Moreover, you will please have the whole thing done twenty minutes after the event has occurred, and be sure that your interpretation of it will be corroborated by history. "

—*Gilbert Seldez in "Hindu" of 5-4-42*

કટાક્ષચિત્ર, ઠઠ્ઠાચિત્ર પણ વૃત્તવિવેચનની એક સચોટ બાજુને શોભાવે છે. પાનાં ભરીને વિવેચન કરતાં એક નાનકડું વ્યંગચિત્ર ઘણી વાર વધારે સુંદર અને સ્પષ્ટ રીતે વસ્તુસ્થિતિનું નિરૂપણ કરી શકે છે. "ફુલછાબ"નો

ચકોર, "નવસૌરાષ્ટ્ર"નો વિચિત્ર, "જન્મભૂમિ"નો શનિ, "ક્રોનિકલ"નો રાધા, "હિન્દુસ્થાન ટાઇમ્સ"નો શંકર, "પાયોનિયર"નો હમીદ, "ટાઇમ્સ"નો બેનબેરી ઈ. અનેક પીંછીધરો અખબારસવારીના શોભીતા સાજન છે. શંકર એમનો શિરમોર છે. હિંદનો એને લો કહીએ તોપણ વધારે પડતું નથી.

વાંચવાની જરા પણ તકલીફ આપ્યા વગર, વિના પ્રયત્ને અને મનોરંજક રીતે આંખ અને ચિત્તને જીતી લેતું પ્રસંગલક્ષી ચિત્ર ખરેખર કુશળ કલાધરના હાથમાં વૃત્તવિવેચનનું રામબાણ બની રહે છે. પ્રસંગચિત્રની કળા સરજનજૂની છે. અજંતા, એલોરા કે એલિફન્ટાનાં ચિત્રો પણ ઘણે અંશે પ્રસંગચિત્રો જ છે...પરંતુ તેના આજના રૂપમાં તો પ્રસંગચિત્ર પશ્ચિમથી જ આયાત કરેલું છે. તેના બે પ્રકાર છેઃ કેરિકેચર અને કાર્ટૂન.

તા. ૨૮ સપ્ટેંબર ૧૯૪૩ના રોજ મુંબઈના રેડિયો સ્ટેશનેથી કટાક્ષચિત્રોની કલા વિષે ગુજરાતના એક સુંદર કલાધર અને "રાવતલિપિ"ના વિધાયક શ્રી. બચુભાઈ રાવતે સુંદર વિવેચન કર્યું હતું. એટલું બધું સુંદર, કે અહીં તેમાંથી કેટલાક ફકરા લગભગ સળંગ ઉતારીશું. માત્ર તે સાથે "ગુજરાત સમાચાર"ના૧૯૩૯ના દિવાળીના અંકમાં છપાયેલાં કટાક્ષચિત્રો પણ અહીં લઈ શકાયાં નથી, એટલો અફસોસ કરવાપણું રહે છે.

શ્રી. બચુભાઈ રાવતે કહ્યું હતું :

"કેરિકેચર અને કાર્ટૂન આમ તો એક જ કલાપ્રકારનાં બે પાસાં. બેમાં ફેર ગણાતો હોય તો એટલો કે કાર્ટૂનમાં કોઈ સામાજિક કે રાજકીય પ્રસંગ અગર પરિસ્થિતિની નબળી અને ઠપકાપાત્ર બાજુ પકડી કાઢીને તેના ઉપર તીણો વ્યંગ કરેલો હોય છે જ્યારે કેરિકેચર કોઈ વ્યક્તિનું જ હસામણું ચિત્ર હોય છે. કોઈ પણ વ્યક્તિના ચહેરા કે શરીરની આગળ પડતી વિશિષ્ટતા પકડી લઈને તેને જરા અતિશયોક્તિની માત્રા આપી ટિખળપૂર્વક તેનું હસનીય કે બેડોળ જે ચાડું ચીતરવામાં આવે તે ઠઠ્ઠાચિત્ર. રાજાઓ ને સરમુખત્યારો, ધર્મગુરુઓ ને દેશનેતાઓ, સમાજસેવકો ને પંડિતો, વિદ્વાનો ને વીરો, પ્રજાના એવા કોઈ પણ અગ્રણી પુરુષના ઉપાલંભપાત્ર વર્તન કે વાણીને પ્રસંગે તેનું એવું ઠોળચિત્ર આલેખવામાં આવે છે. પણ એમાં કલાકારની શક્તિની ખરી

કસોટી છે, કેમકે હાસ્યને પાત્ર વ્યક્તિના ચહેરાની લાક્ષણિક ખાસિયત પકડી લઈને તેને ઓછામાં ઓછી રેખાઓમાં અને નાનું બાળક પણ પારખી શકે એવી આબાદ રીતે ઉતારવામાં તીણી નજર અને કલમ પરનું પ્રભુત્વ જોઈએ છે. અને ચતુર કેરિકેચરિસ્ટ પ્રત્યેક વ્યક્તિમાંથી એવી કંઈ ને કંઈ સામગ્રી શોધી જ કાઢે છે. દા. ત. માહાત્મા ગાંધીજીના ચહેરામાં મોટા કાન, ગોળ ચશ્માં, આગળ પડતો નીચલો હોઠ, મુક્ત હાસ્ય કરતા ગાલ અને તે વેળા નીચલા જડબામાં બન્ને બાજુ દેખાતા રહ્યાસહ્યા દાંત, વાળનાં થોડાંક તરણાં વાળી ટૂંકી ચોટલી—આ બધી ચિત્રકારની માનીતી સામગ્રી થઈ પડે. એ જ રીતે દરેક વ્યક્તિના ચહેરાની કોઇ ને કોઇ વિશિષ્ટતાને આગળ પાડી ને કેરિ-કેચરિસ્ટે પ્રજામાં પ્રચલિત અને માનીતી કરી મૂકી હોય છે. જર્મન ક્યસરની વાંકડી મૂછો, હિટલરની ટૂથબ્રશ જેવી મૂછો અને ડાબું કપાળ ઢાંકતો વાળનો ગુચ્છો જાણીતાં છે. મુસોલિનીની ભૂશિર જેવી દાઢી ને મોટા ડોળા, ઈંગ્લૅન્ડના જૂના પ્રધાન બાલ્ડવિનનું ગાજર જેવું નાક અને મોંમાં સદા રહેતી ચુંગી...લૉઇડ જ્યોર્જનાં ફગફગતાં લટિયાં નીચે ચોરસ ચહેરો, સર જોન સાઇમનની લાંબી ડોક પર રહેતું નાનકડું માથું—આ બધાં જગતભરનાં માનવીઓની આંખમાં એવાં તો રમી રહ્યાં છે, કે ગમે ત્યાં જોતાં વેત તેને ઓળખી શકાય."

"કેરિકેચરને આ જમાનાનો ઇસપ કહ્યો છે એ તેની ટૂંકામાં ટૂંકી અને ઉત્તમ વ્યાખ્યા છે. ઇસપની એ નીતિ કથાઓએ જે સરળતા ને સચોટતાથી જન સામાન્યને નીતિબોધ અને વ્યવહાર જ્ઞાન આપ્યાં તેટલી જ ચોટથી અને આયાસ વિના આજે ઠઠ્ઠાચિત્રો ને વ્યંગ ચિત્રો સમાજ તથા રાજકારણના જટિલ પ્રશ્નોને સામાન્ય માણ-સના અંતરમાં ઉતારી દે છે. ઇસપની ભાષા જેમ સાદી છે તેમ ટોળચિત્રોમાં પણ ઝાઝી લપછપ વિનાની સરળ સચોટ રેખાઓ હોય છે. ઇસપે પશુ પક્ષી પ્રાણીનાં ઉદાહરણથી યોજેલી નાની વાર્તાઓ દ્વારા બોધ પાયો છે તેમ વ્યંગચિત્રકારોએ પણ કર્યું છે. જાણીતી લોકવાર્તાઓ, પુરાણકથાઓ અને ઇતિહાસના પ્રસંગોના રૂપકમાં આધુનિક પ્રશ્નોને તેઓ એવા આબાદ યોજે છે કે પ્રજા અત્યંત સર-ળતાથી તેનો મર્મ પકડી લે છે. આ જ હેતુથી તેમણે એવાં કેટલાંક સંજ્ઞાચિત્રો પણ સરજાવ્યાં છે, જે પ્રજામાં અમર થઇ ગયાં છે. દા. ત. ઈંગ્લેન્ડનો જૉન બુલ, અને અમેરિકાનો અન્કલ સૅમ એ તે તે દેશના રાષ્ટ્રપુરુષો તરીકે કાર્ટૂનોમાં જાણીતા છે. હાથમાં જંગી દાતરડીવાળો સમયદેવ, હાડપીંજર સ્વરૂપનો મૃત્યુદેવ, ઑલિવવૃક્ષની ડાળખી અને નિર્દોષ કબૂતર ધારણ કરતી શાંતિદેવી...ની સંજ્ઞાઓ જેમ પરિચિત છે, તેમ બ્રિટિશ સિંહ, રશીયન રીંછ, અમેરિકન ગરુડ, વગેરે

વિવિધ પ્રજાઓની લાક્ષણિકતા દર્શાવતાં પ્રાણીઓનાં રૂપકો પણ જાણીતાં છે. આ બધી સંજ્ઞાઓ અને રૂપકચિત્રો જગતભરનાં કાર્ટૂનોમાં રોજિંદાં પાત્રો જેવાં બની ગયાં છે........"

"અગાઉ એવું થતું કે માણસની ખાસીયત બતાવવા માટે તેના સ્વભાવ અનુસારના કોઇ પ્રાણી કે પશુ રૂપે તેને ચીતરવામાં આવતો. આજ પણ એ પદ્ધતિ ક્વચિત જણાય છે. એમાં સચોટતા ઘણી છે પણ એ ઉંચી કલા નથી. દા. ત., સ્વાર્થના ટૂકડા માટે લટપટ કરતા માણસને કૂતરા રૂપે, અર્થ વગરનું ભૂંક્યા કરતા કોઈ માણસને ગધેડા રૂપે, ખોટી શેખી કરનારાને પોપટ રૂપે કે દુષ્ટ ક્રૂર માણસને વરુના આકારમાં ચીતરવો, એ તો સાદી ચિત્રણા થઈ. પણ જ્યારે એ માણસનો જ ચહેરો એવી સમર્થ રીતે આલેખેલો હોય કે એમાં સ્વાર્થના ઝેરથી છીંકોટા નાખતા વરુનાં નસ્કોરાંની દૂર રેખાઓ તમને દેખાય, ત્યારે એ ખરું કેરિકેચર. ઘણાં માણસો ચહેરે મહોરે વાઘ જેવાં હોવા છતાં અંદરખાને મુલાયમ ને ભોળા હોય છે. સાચો કેરિકેચરિસ્ટ એના વાઘ જેવા મહોરા પાછળ પણ એવી મૃદુ રેખાઓ ઉઠાવદાર રીતે મૂકી દે છે. ઈંગ્લેન્ડનો જગવિખ્યાત કાર્ટૂનિસ્ટ ડેવિડ લો તથા મૅક્સ બીરબોમ આવા સમર્થ કલાકાર ગણાય છે. અને બીરબોમે તો કોઈ કળાશાળાની વિધિસરની તાલીમ પણ નથી લીધી, છતાં ! એનું નામ જ પ્રતિભા."

"આમ કેરિકેચરિસ્ટ કે કાર્ટૂનિસ્ટ એ કોઇ મામુલી ચિતારો નથી. પ્રજાને કલ્યાણકર ભાવનાઓ અને અમર આદર્શોનાં અમૃત પાનાર મહાન કલાકારો જેટલી જ મહત્તા બીજી દૃષ્ટિએ એની પણ છે. પ્રજાના કે રાજસત્તાના દોષો પર મર્મપ્રહાર કરીને તેની સાન ઠેકાણે લાવવાનું પ્રબળ હથિયાર તેના હાથમાં રહેલું છે. પ્રજાહિતની નિગેહબાની કરવાનું અને લોકશિક્ષણનું જે કામ પત્રકાર પોતાની કલમથી કરે છે તે કાર્ટૂનિસ્ટ પોતાની પેન્સિલ અને પીંછીથી કરે છે. આમ પ્રજાઘડતરનો પુરોહિત બનીને કેરિકેચરિસ્ટ જે ઉજ્જ્વલ સેવા કરી શકે છે તેની સાક્ષી યૂરપનો છેલ્લા ત્રણ સૈકાનો ઇતિહાસ પૂરે છે. મોટા રાજપુરુષો, ધર્મગુરુઓ કે લોકનેતાઓ, અરે, ખુદ પત્રકારત્વ પણ, ઘણી વાર જે વાતો લોકોને ઝટ નથી સમજાવી શક્યા તે આ કટાક્ષકલાએ સરલતા ને સચોટતાથી પ્રજાને ગળે ઉતારી દીધી છે. યૂરપમાં એક કાળે સંસ્થાનો વધારવાનો સામ્રાજ્યવાદ વિકસ્યો, તેને પડખે મૂડીવાદના સિદ્ધાન્તો ફાલ્યા, તેના પ્રતિકાર રૂપે સમાજવાદ, બોલ્શેવિઝમ, કૉમ્યુનિઝમ વગેરે "ઇઝમ" આવ્યા. આ બધા વાદનાં મૂળતત્ત્વોને જન-

સામાન્યમાં કોણ સમજાવવા ગયું હતું? આમજનતા શું એના નિબંધો વાંચવા બેઠી હતી? એ કામ ખરું તો કર્યું કાર્ટૂનો અને કૅરિકેચરોએ. મોટા બુદ્ધિમાન વજીરથી માંડી એક અદના હમાલ સુધીનો સમસ્ત પ્રજાવર્ગ જે સમજી શકે, માણી શકે અને એનો મર્મ ગ્રહી શકે, એવું એકમાત્ર અને અમોઘ સાધન, તે આ કલા જ છે. કેમકે કોઈ પણ વિષય ઉપરથી તેનાં ગુંચવણભર્યાં આવરણો દૂર કરીને તેનો સાદો આત્મા કેમ પકડી લેવો અને લોકરંજની રૂપે તેને કેમ રજૂ કરી દેવો એ કિમીયો કૅરિકેચરિસ્ટ જ જાણે છે. એ કિમીયાગર જેટલો પોતાની કલામાં વધુ ઉસ્તાદ એટલો તે વધુ લોકહૃદયનો સ્વામી, જનસમાજનો દોરણહાર. ઈંગ્લેન્ડના "ઇવનિંગ સ્ટાન્ડર્ડ" પત્રનો જગવિખ્યાત કાર્ટૂનિસ્ટ ડેવિડ લો અને "ડેઈલી એક્સપ્રેસ"નો સ્ટ્રુડ, જર્મનીના "ક્લેડરેડરા"નો જૉનસન અને "સિમ્પ્લીસીસીમસ"નો ગુલબ્રાન્સન, અમેરિકાના "સેઇન્ટ લુઇ ડિસ્પેચ"નો ફિત્ઝપાટ્રિક અને "ન્યુ યોર્ક સન"નો કોલિન કર્બી—એવા અનેક એ પ્રજાહૃદયમાં એ ઉચ્ચસ્થાન ભોગવે છે.

"આપણે ત્યાં તો આ કલાનો સારો જેવો અભાવ છે. છતાં એ દિશામાં પ્રયત્નો નથી થયા તેવું નથી. તેની પ્રથમ શરૂઆત કદાચ "હિંદી પંચે" કરી,...... ...આજની નજરે એમાંની ચિત્રણા અને ચોટ આપણને કદાચ નબળાં લાગે, પરંતુ એ પ્રશસ્ય પ્રયત્ને કરેલી કામગરી આપણા પત્રકારત્વમાં એક મહત્ત્વના સીમાચિહ્ન રૂપ ગણાય. તે ઉપરાંત "પંચદંડ," "ભીમસેન," "નટવર" આદિ પત્રોના નાના મોટા પ્રયત્નો થયા છે. અમદાવાદનું આજનું સાપ્તાહિક "ગુજરાતી પંચ" શરૂ થયું ત્યારે પોતાને પહેલે પાને એક કાર્ટૂન આપતું અને પોતાનું નામ સાર્થક કરતું."

"આ પછી ઘણે લાંબે ગાળે "વીસમી સદી"માં શ્રી. રવિશંકર રાવળે અફલાતુનની સહીથી આલેખેલાં ટોળચિત્રો ને વ્યંગચિત્રો, સૂરતના વીમાવાળાભાઈઓના "તોપ" પત્રના પ્રયત્નો; તેમજ કાઠીયાવાડના "સૌરાષ્ટ્ર" પત્રમાં ક્વચિત આવેલાં કાર્ટૂનો, એ છૂટા છૂટા અંકોડાઓ ઇતિહાસની સાંકળ સાંધે છે. પરંતુ આજથી વીસેક વરસ પર "હિંદી પંચ" બંધ થયું ત્યારપછી એ દિશામાં એના જેટલું બહોળું ને એકધારું કામ કોઇએ કર્યું નથી.

"પ્રજાની કેળવણીનું આટલું પ્રબળ સાધન અને પશ્ચિમના પત્રકારત્વમાં આપણી નજર સામે ઝળહળી રહેલી તેની ઉજ્જવલ કામગરી જોતાં છતાં આપણે એનો ઉપયોગ કરવામાં પછાત જ રહ્યા છીએ, એ ખેદકારક નથી? અને દોષનું પાત્ર એકલું આપણું ગુજરાત જ છે એવું નથી. મહારાષ્ટ્ર,

મદ્રાસ, બંગાળ, ઉત્તર હિંદ બધે આંખ ફેરવી વળતાં ક્યાં યે ભારતીય પત્રકારત્વમાં એ અંગ બહુ ખીલેલું જણાતું નથી. આજ જો કે મહારાષ્ટ્રના "કિર્લોસ્કર" વગેરે પત્રની કાર્ટૂનમાળા, મદ્રાસ તરફનાં માસિકો અને બંગાળી "શિશિર"નાં એવાં વ્યંગચિત્રો, ઉતર હિંદના અંગ્રેજી પત્રકારત્વમાં જાણીતાં થયેલાં શંકરનાં કાર્ટૂનો, એ તાજી ફૂટેલી આશાસ્પદ સરવાણીઓ છે. એટલી જ સરવાણીઓ આપણે ત્યાં "ફૂલછાબ" "નવસૌરાષ્ટ્ર" "પ્રજાબંધુ" વગેરે સાપ્તાહિકોમાં ફૂટી છે. હમણાં પ્રકટેલા "રેખા"માસિકમાં પણ ફુટી છે. પંદર વીસ વર્ષના નિરાશાજનક ખાલી ગાળા પછીનાં આ આછેરાં વહેણ અને એની પાછળનું ઉત્સાહભર્યું માનસ જોતા તો આશા પડે છે કે ભવિષ્યમાં એ બહોળે પ્રવાહે વહીને ગુજરાતને પુષ્ટ કરશે."

તથાસ્તુ, બચુભાઈ, તથાસ્તુ! આમીન!! કેમકે ટીખળચિત્ર તો નિરક્ષર, અભણ માનવીનો નિઃશબ્દ તંત્રીલેખ છે, એવો અભિપ્રાય ગિલ્બર્ટ સેલિડઝે દર્શાવ્યો છે. "હિંદુ"ના તા. ૫–૪–૧૯૪૨ ના અંકમાં એણે લખ્યું છેઃ

"કાર્ટૂન તો નિરક્ષરનો તંત્રીલેખ છે. એમને ઉપદેશ ન કરાય. એમને પઢાવાય ખરા, અને પ્રેરણા પણ આપી શકાય. તમે એમનામાં શૌર્યનો આવિર્ભાવ ભલે કરો, એમને જરા મૂરખ પણ બનાવો, અને ઊર્મિઓ પણ એમનામાં પુષ્કળ પ્રકટાવો; પણ બોધ ઉપદેશ તો એમને ન જ અપાય. આંખને તથા ચિત્તને પકડી લઈને તેમાં ચીનગારી પ્રકટાવો, અને જનસમાજને યાદ રહી જાય તેવું કશું કરી આપો. અને તમે સમજુ માણસ હો તો આ બધું તમે થોડામાં થોડી જગાના ઉપયોગ વડે કરશો, અને તે પણ જે ઘટનાની વાત કરવી હોય તે ઘટના બન્યા પછી વીસેક મિનીટમાં તે થઈ જવું જોઈએ, એટલું જ નહિ પણ એ ઘટનાનો જે મર્મ તમને સૂઝ્યો હોય તેને આગળ ચાલતાં ઇતિહાસનું પણ સમર્થન મળે તેની ખાતરી તમારે રાખવી ઘટે. વ્યંગચિત્ર આટલું તો માગી જ લે!"

અને હવે તો ચિત્રવડે વૃત્તવિવેચન કરવાની કળા ફક્ત વ્યંગ ચિત્રમાં જ સીમિત નથી રહી. ચિત્રાલેખનનાં બધાં અંગોમાં પ્રાસંગિકતાએ પગપ્રસરણ કરવા માંડયું છે. ચિત્રકળા સાથે સમાગમમાં રહેવાનો જેને શોખ હશે તે આ કથનની વાસ્તવિકતા આપમેળે દેખી શકશે.

પ્રકરણ ૧૪

વૃત્તવિવેચનનું હાર્દ–પ્રચાર

"Propaganda is an attempt, either consciously or as a part of systematic campaign by an individual or a group holding certain beliefs or desiring certain ends to influence others to adopt identical attitudes."

—*A. J. Mackenzie*

છાપાંનાં કર્તવ્યો ત્રણ છે. બીજું બધું તેની હેઠ સમજવું:

૧. પ્રચાર.
૨. વધારે પ્રચાર, અને
૩. પ્રચાર જ પ્રચાર.

આ હસ્તિપદમાં બીજાં બધાં પગલાં સમાઈ જાય છે. આજે જગત ઉપર, જગતના દેશો ઉપર, જગતના માનવસમૂહો ઉપર–એટલું જ નહિ પરંતુ જગતની લગભગ પ્રત્યેક વ્યક્તિ ઉપર પણ પ્રભુત્વ કોનું ચાલે છે? રાજાઓનું, સરમુખત્યારોનું? પાર્લામેન્ટોનું?

અમુક અર્થમાં, "ટેકનીકલ" અર્થમાં એવું કંઈક ખરું, પરંતુ વાસ્તવમાં સંસાર ઉપર અમલ પ્રચારકોનો છે, પ્રચારવિદ્યાનો છે.

યૂરોપ અમેરિકાને પગલે એશિયા અને હિંદ પણ એ સર્વગ્રાહી શાસનમાં સંકળાઈ રહેલાં છે. આપણું રોજિંદું જીવન, તેની ઝીણામાં

જરૂરતો એક અથવા બીજા રૂપમાં પ્રચારને અવલંબે છે. નહાવાધોવાના સાબુથી માંડીને વરકન્યાની ખોજની અને ક્ષયનાં સેનેટોરિયમની પસંદગી માટે આપણે છાપાંમાં પ્રસિદ્ધ થતા પ્રચાર તરફ વળીએ છીએ. એ પ્રચાર જાહેરાતરૂપે, લેખરૂપે કે ચિત્રરૂપે પણ હોઈ શકે, કે માત્ર બે લીટીના, બે શબ્દોના મથાળારૂપે પણ હોય, પરંતુ એ પ્રચારનું જ અંગ છે. પ્રચારે આજે એવું વ્યાપક, વિરાટ રૂપ ધારણ કર્યું છે.

આ પ્રમાણેની આજની પરિસ્થિતિને લીધે જાહેરાત અને પ્રસિદ્ધિની કળામાં આજનો જમાનો પોતાને બહુ આગળ વધેલો માને છે. વર્તમાન સમયના પ્રસિદ્ધિકારો દાવો કરે છે કે તેમણે જાહેરાતની કળાને ખૂબ કેળવી છે, અને અત્યાર સુધી કદી નહિ જોવામાં આવેલો વિકાસ સાધ્યો છે. પરંતુ બીજાં ઘણાં ક્ષેત્રોની જેમ આ જાહેરાતના ક્ષેત્રમાં પણ જૂના જોગીઓ તે આપણા પૂર્વજોને ચરણે બેસીને ગોએબલ્સો, સ્ટેલિનો, ચર્ચિલો અને રૂઝવેલ્ટોએ પણ ઘણું શીખવાનું રહે છે. ઈસુખ્રિસ્તના જન્મ પહેલાં હજારો વર્ષો અગાઉથી જાહેરાતની કળામાં મિસર તથા ભારતવર્ષે પ્રવીણતા મેળવેલી હોવાના પુરાવા આપણને જોઈએ તેટલા મળી શકે છે.

એમિલી ડેવિસ લખે છે કે મિસરમાં આજથી ૩૦૦૦ વર્ષ પહેલાં જાહેરાતની કળાના નિષ્ણાતો કામ કરતા હતા, અને તેમને જે અવનવીન ખ્યાલો સૂજતા તેની આગળ આપણા આજના પબ્લિસિટી એકસપર્ટો પાણી ભરે !

ઇજીપ્તના એક ગામમાં પથ્થરની પા માઈલ લાંબી દીવાલ છે. એ આખી દીવાલ ઉપર કાદેશના યુદ્ધમાં મિસરી સેનાએ મેળવેલા વિસ્મયકારક વિજયનાં પ્રશસ્તિચિત્રોની આવલિ પ્રચંડ આકૃતિઓમાં કોતરેલી છે. એ વિજય વિસ્મયકારક એટલા માટે, કે વાસ્તવમાં એ પરાજય હતો ! સખ્ત હારને ઝળકતી જીતના લિબાસમાં રજુ કરવા માટે સાડાચારસો ગજ લાંબી પ્રચંડ પથ્થરી જાહેરાતની તોલે આજના સમયનાં કોઈ પણ દીવાલપત્રો આવે ખરાં ?

વળી મિસરનો સિતારો પૂર બહારમાં ચમકતો હતો તે સમયે, મિસરનો ફિરઔન સંસારનો શ્રેષ્ઠ માનવી છે, પુરુષોત્તમ છે, એવું જનસમાજના ચિત્ત ઉપર ઠસાવવા માટે પ્રસિદ્ધિના નિષ્ણાતો એવી અવનવી યુક્તિઓ રચ્યા કરતા હતા, કે આજે જેને જગતનો મહાપુરુષ ઠરાવી બેસાડવો હોય તેને છાપરે ચડાવવા માટે થતી પ્રચારની ચિત્રવિચિત્ર ગુલાંટબાજીઓ પણ તેની આગળ ઝાંખ મારે છે. સ્ટાલીનની છબીવાળાં રશીયાનાં અગણિત સંખ્યામાં વહેંચાયેલાં દીવાલપત્રો અને ચર્ચિલની સચિત્ર પ્રશસ્તિઓ મિસરના ફિરઔનની વિરાટ શિલામૂર્તિઓ તથા ચિત્રાકૃતિઓ આગળ અચ્ચેબાલેકા ખેલ જેવી ફિક્કી પડી જાય છે. મિસરી ગોએબલ્સો પોતાના શાસકોને એવી લૌકિક તેમ જ અલૌકિક શક્તિઓ તથા પ્રતિભાઓથી નવાજતા હતા કે જેની આગળ આજના પબ્લિસિસ્ટની કલ્પના કહ્યું ન કરે. એમની જાહેરાતો મોટા પાયા ઉપર થતી હતી; એવા મોટા પાયા ઉપર, કે આજનાં છાપાં, પુસ્તકો કે પોસ્ટરો એની આગળ શરમોંદાં પડી જાય. એમનાં વૃત્તપત્રો વિશાળ શિલાઓ ઉપર લખાતાં, અને તેમાં ફિરઔનોનાં પરાક્રમોનાં વર્ણન, એમના અદ્‌ભૂત ગુણ અને શક્તિઓનાં યશોગાન ચીતરાતાં. આજની જાહેરાતનું કોઈ પણ અંગ તેમાં બાકી નહોતું.

શિકાગોની યુનિવર્સિટીના પૌરસ્ત્યવિદ્યાના પ્રાધ્યાપક ડૉ. જૉન વિકસને ૧૯૪૨માં અમેરિકન હિસ્ટોરિકલ એસોસિએશન સમક્ષ મિસરની પ્રચારપટુતાનાં કેટલાંક ઉદાહરણો રજૂ કર્યાં હતાં. મિસરીઓનો એ સિદ્ધાન્ત હતો કે રણમેદાનમાં યુદ્ધ ન જીતી શકાય તો વાંધો નહિ. ઘેર જઈને જીત્યાનું કહેવું, જીત થયાનો ખ્યાલ લોકોના મનમાં ઠસાવવો—એટલું થયું એટલે લડાઈ જીતાયા બરાબર સમજવી. ઉપર આપણે કાદેશના વિજયની વાત કરી, તે ઇ. સ. પૂર્વે ૧૩મી સદીના રામેસિસ બીજાની કલાકૃતિ હતી. સાડી ચારસો ગજની એ ચિત્રાવલી દર્શાવે છે કે નામદાર સમ્રાટ પોતાનાં સૈન્યોને સીરીયા લઈ ગયા, ત્યાં શત્રુદળ ઉપર તેઓશ્રીએ એકલે હાથે છાપો માર્યો, દુશ્મનોના યુદ્ધરથો એ સુભટ મહારાજને ઘેરી વળ્યા,

એવા અઢી હજાર રથની ફોજની વચમાં એકલો હોવા છતાં હજારો રથોનો એણે કચ્ચરઘાણ વાળી નાખ્યો, અને પછી પોતાના શૂરા સિપાહીઓને હાકલ કરી: "સબર મારા બહાદુરો, ફતેહ તો મેં એકલે હાથે મેળવી છે !"

રામેસિસ સીરીયા ગયો એ સાચું. દુશ્મનોએ એના રથને સેનાસહિત આગળ વધવા દીધો, અને પછી એને ઘેરી વળ્યા. ફસાઈ પડેલા રામેસિસે ત્યાંથી રથને જે મારી મૂક્યો તે માંડ જીવ બચાવીને પોતાની છાવણી ભેગો થયો.

પરંતુ રાજકીય હેતુઓ માટે, આ પરાજયને વિજયના રૂપમાં ફેરવીને રજૂ કરવાની રામેસિસને જરૂર હતી. આ સદીનાં યુદ્ધોમાં પણ તેવી ઘટનાઓ ક્યાં અજાણી છે ! રામેસિસે ડિંગ હાંકી; પોતાની રૈયતને દિવસની રાત તથા રાતનો દિવસ મનાવવામાં એ સફળ થયો; ધાપોધાપ ચુમાલ્લસો ! પણ એના પાસા પોબાર પડ્યા. એનો "હોમફ્રન્ટ" આવા પ્રચારથી સુદૃઢ રહ્યો. આજનો પ્રચારનિષ્ણાત છાપાં, રેડિયો, ટપાલ અને તારનાં વિપુલ સાધનો છતાં તેથી વિશેષ શું કરી શકે ? અને રામેસિસના રિપોર્ટિંગની ઝમકમાં, એણે વાપરેલા શબ્દોની સચોટતામાં આજનો નિષ્ણાત પણ બહુ સુધારો કરી શકે તેમ નથી.

તે પછી એક સો વર્ષ વીત્યાં, અને રામેસિસ ત્રીજાએ પોતાના ચતુર નામરાશિ પૂર્વજના આ આખા કિસ્સાનો ઉપયોગ બે વાર ફરી ફરીને કર્યો હતો, અને બનાવટી વિજયોના ડંકા વગાડ્યા હતા !

મિસરનાં મંદિરોના પૂજારીઓ અને પુરોહિતો, એ મિસરના પ્રચાર-નિષ્ણાતો હતા. રાજાના મંત્રીઓ પ્રસરણ માટેના તુક્કા ગોઠવી કાઢતા, પરંતુ લોકોમાં તેની જાહેરાત કરીને ધારી અસર ઉપજાવવાનું કામ એ પૂજારીઓ કરતા. એ તે સમયના હર્સ્ટ, બીવરબ્રૂક, રોથરમીયર અને નોર્થક્લિફો હતા, અને શિલાઓ, મંદિરની દીવાલો, ઈ. તેમનાં વૃત્ત-પત્રો હતાં. એનું સરક્યુલેશન દેશના ખૂણે ખૂણામાં, ખૂબ સચિત્ર અને સચોટ થતું હતું. તેની ફાઇલો અમર અને અચળ રહેતી.

એ જમાનામાં બધે વિદ્યા અને ચતુરાઈ પુરોહિત વર્ગમાં કેન્દ્રિત હોવાથી આવાં કાર્યો તેમના હાથમાં હોય એ સ્વાભાવિક છે. એ ધર્મ-ગુરુઓ હોવાથી તેમનામાં લોકોને શ્રદ્ધા વિશેષ હોય; અને તેથી તેમના કથન તથા લેખનનું વજન વધારે પડતું હતું. છેક નજીકના ભૂતકાળ સુધી રાજશાસન અને ધર્મશાસન ભેગાં રહીને સરખી સત્તાએ કામ કરતાં હતાં, એ સર્વ કોઈ જાણે છે,

આ તો ફક્ત બે રામેસિસોની વાત થઈ. પણ મિસરમાં એવા સેંકડો ફિરઓન થઈ ગયા. તેમાંનો કોઈ પણ રાજકર્તા કાચો નહોતો. અહીં આપણે એમની હાથચાલાકીનું એક જ ઉદાહરણ લીધું છે. પરંતુ મિસરમાં રાજાને દેવપદ અર્પવાના પ્રચારનો ખામુખા અને વ્યવસ્થિત ઉપયોગ ઈ. સ. પૂર્વે છેક ત્રીસમી સદીમાં પણ થતો હતો.

રામેસિસ કરતાં પણ જૂનું એક ઉદાહરણ લઈએ. ઇ. સ. પૂર્વે ૧૫ મી સદીમાં આમીનહોટેપ બીજો નામે રાજકર્તા થઇ ગયો. મેદાની રમતોમાં એ એક્કો હતો. પણ એક્કો તે કેવો એક્કો ! એના "પ્રેસ એજન્ટ"ની કળાએ એની પાસે એવાં અપૂર્વભૂત પરાક્રમો કરાવ્યાં છે કે જેની આગળ અર્જુનનાં ગાંડિવ કે જૉની વિસમુલરની જળ ઉપરની પ્રભુતા અને મેઘાણીના કાઠી વીરોના હનુમાનકુદકા ઝાંખાં પડી જાય. એ જમાનામાં રાજાને એવો પ્રતાપી ભીમ બળિયો વીર આલેખવાની જરૂર હતી. એવાં બણગાંના ટેકા ઉપર જ રાજ્યને ટકાવવાનું હતું. કારણ કે એ સમયના ફિરઓન વાસ્તવમાં નિર્બળ હતા !

આ ઉપરથી કોઇ રખે એમ માની બેસે કે પ્રાચીન હિંદ એ ડિમ-ડિમવાદનની વિદ્યામાં પછાત હતું. બિલકુલ નહિ !

કાશ્મીરથી સેતુબંધ અને કરાચીથી રંગૂન સુધીના વિશાળ ભૂખંડમાં સ્થળે સ્થળે મળી આવેલા અને હજી પણ હજારોની સંખ્યામાં મળ્યા કરતા શિલાલેખો અને તામ્રલેખો પાછળ શો હેતુ હતો, એ સમજવા માટે કોઈ ગુરુની ખોજ કરવાની ભાગ્યે જ આવશ્યકતા હોય ! અશોકના

શિલાલેખ, એટલે એ ભૂપાલની ઉત્તમ કક્ષાની જાહેરાત; એ ધરણીપતિ કેવા ભલો, કેવા ઇન્સાફી, કેવા ધર્મ-તથા કર્તવ્યપરાયણ, અને ટૂંકામાં, સર્વાંશે કેવા મહાન હતા, તેની એ પથ્થરાંકિત અમર યશગાથાએ છે; આજની જેમ જો એ માત્ર ગ્લેઝવાળા પ્રિન્ટિન્ગ પેપર કે પાર્ચમેન્ટ ઉપર પણ લખાઈ હોત, તો કેટલાં વર્ષ તેનું આયખું ચાલત? માટીમાં આપ-મેળે મળી જતાં એને કેટલી વાર લાગત? પરંતુ રાતી તારાટપકીદાર શિલા ઉપર આલેખેલી તેની કીર્તિકથા ઉપર સૈકા સરકી જાય છે, અને એ પથ્થર કાળના વહનને હસે છે!

અને તામ્રલેખો-એ પણ જે તે દાનવીરનાં યશોગાનના પ્રચારનું શું જેવું તેવું સાધન છે?

આપણી જૂની ઇમારતો, ખાસ કરીને આપણાં પ્રાચીન મંદિરો શિલાલેખોનાં સંગ્રહસ્થાનમાં હતાં. મંદિરોમાં વર્ષ છેડે સહસ્રાવધિ માનવી-ઓ આવી ને જાય; રોજ રોજની એ જાહેરાત થઈ; ઉચ્ચ વર્ણના, ઉચ્ચ કક્ષાના જનસમાજના લક્ષને આકર્ષવાના સાધન તરીકે કવીન્સ રોડ ઉપરના જાહેરાતના મોટા મોટા લક્કડ પડદા, સીનેમાની સ્લાઇડો, કે છાપાના કોલમો પણ એની આગળ પાણી ભરે. ખાસ કરીને દક્ષિણ ભારતમાં મંદિરોની ભીંતોને લેખોથી આચ્છાદિત કરવાનો ચાલ પુરાતન કાળમાં વિશેષ પ્રમાણમાં હતો, એવું જોવામાં આવે છે. આજની જેમ પ્રાચીન સમયમાં પણ જાહેરાતની કળામાં મદ્રાસી નિપુણ તો ખરા જ!

ગામે ગામ આવાં લેખમંડિતમંદિરો અસલના વારાથી હતાં. ગામનો એ જ સટાકચોરો. ત્યાં બેઠાં અલકમલકની હંકાય, અરસપરસ ખબર અંતરની આપ-લે ગામલોકો તેમ જ પરદેશી આગંતુકો ત્યાં જ કરે. મંદિરમાં જ શાળા, ત્યાં જ ચિત્રસંગ્રહ-અને તે પણ ઉત્તમ પ્રકારે પ્રચારલક્ષી ચિત્રોનો સંગ્રહ-પણ મંદિર જ. દવાખાનું કહો તો પણ એ જ. અને રાજકારણની વાટાઘાટ અને ઘડતરનું પણ એ જ લોકપ્રિય કેન્દ્ર. ત્યાં ઇતિહાસ રચાય; અને ત્યાં આલેખાયેલા લેખોમાં અનેક નાની

મોટી કારવાઇઓ આખા ગામની નજરે ચઢે તેવી રીતે મોટાં પોસ્ટરો કરતાં પણ વિશેષ આકર્ષક રૂપમાં જડાઈ રહેલી હોય.

દક્ષિણ ભારતનાં એ મંદિરોમાં એવા લેખોનું સંરક્ષણ સારું થયેલું છે. તેમાં એ સમયના રીતરિવાજ, યુદ્ધ ને સુલેહો, રાજકીય આંદોલનો, આર્થિક તેમજ સામાજિક ઘટનાઓ, સાંસ્કૃતિક પરિસ્થિતિ, રાજદરબારોના પ્રસંગો, રાજાજ્ઞાઓ ઈ. ઈ. ની સુરેખ જાહેરાત અદ્યાપિ પર્યંત ઉપલબ્ધ છે.

આ લેખો કોતરવા તથા તામ્રપત્રો આલેખવા માટે ખાસ અધિકારીઓ રાખતા. "અણુરતુનાં બે તામ્રપત્રો" (બુદ્ધિપ્રકાશ પૃ. ૮૮, અં. ૩ પા. ૧૧૩)માં વડોદરા રાજ્યના પુરાતન વસ્તુસંશોધન ખાતા અધિકારી પંડિત અં. શં. ગદ્રે લખે છે:

> "…. આ પ્રદાનનો અમલ કરનારા અધિકારીઓની સામાન્ય રીતે (सर्वान् एव) નોંધ લેવામાં આવેલી છે. આ દસ્તાવેજને અમલમાં મૂકનાર અર્થાત્ "દૂતક" કુમાર ધ્રુવસેન છે….લેખક, સંધિ વિગ્રહાધિકારી અણહિલ છે, જે તેનો પિતા સ્કન્દ ભટનો અનુગામી હતો. ગુ. સં. ૩૩૪ થી ૩૬૫ સુધી અણહિલે મુખ્ય લેખકનું કામ કર્યું હતું, અને ધ્રુવસેન ત્રીજો, ખરગ્રહ બીજો અને શીલાદિત્ય ત્રીજો, એમનાં રાજશાસનો એણે જોયાં હતાં. આ રાજાના ગુ. સં. ૩૫૭નાં જે સરવાળા લેખને "એપિગ્રાફિયા ઇન્ડિકા" પુ. ૨૨, પા. ૧૧૪માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે અને લેખકનું નામ "સંધિવિગ્રહાધિકારીકૃત–દ્વિવિરપતિ–મહાપ્રતિહાર સામંત મમ્મક" એવું આપેલું છે" ઈ. ઈ.

આ અધિકારીઓ, એ તે સમયના સરકારી માહિતીખાતાના અધિકારીઓ; એમની પ્રેસનોટો કાગળને બદલે તાંબાનાં પતરાં ઉપર જે તે અધિકારીઓના નામઠામ અને રાજકર્તાના સહીસિક્કા સાથે પ્રસિદ્ધ થતી હતી. અને એ અધિકારીઓનું કાર્યસ્થાન, તે એમની કચેરીઓ. ઉપરનું ટાંચણ દર્શાવે છે કે તે જમાનાના આ પત્રકારો અને તેમના કાર્યને કેટલું મહત્ત્વ આપતું હતું.

પ્રકરણ ૧૫

આધુનિક પ્રચારવિદ્યા

The inculcation of traditional value attitudes is generally called education, while the term propaganda is reserved for the spreading of the subversive, debatable or merely novel attitudes. If deliberation implies the consideration of a problem without predisposition to promote any particular solution, propaganda is concerned with eliciting such predispositions.

—*Encyclopaedia of social sciences*

પ્રચારને કલા લેખશો કે વિદ્યા : આ પ્રશ્ન ઘણી વાર પૂછાતો સંભળાય છે. પરંતુ વાસ્તવમાં એ વસ્તુ સહેલાઈથી વ્યાખ્યા વડે બંધાય તેવી નથી. એ આઝાદ-તબીયત ચીજ કલા યે છે, ને વિજ્ઞાન પણ છે. પ્રચાર કલા હોવા બદલ કશા પુરાવાની અપેક્ષા ભાગ્યે જ હોઈ શકે. એના પ્રત્યેક રૂપમાં કલાની જરૂર પણ છે. તે વિના પ્રચાર ઢંગધડા વિનાનો, નિરર્થક, ઊંધી અસર ઉપજાવનારો અને કંટાળા ભરેલો થઈ પડે છે. જ્યારે ખરું જોતાં તેનું કર્તવ્ય સર્વદા માનવીના ચિત્તને હરી લે તેવો સુંદર, સુરેખ, સ્પષ્ટલક્ષી, સચોટ અને નિત્યનવિન બનવાનું છે. એ હેતુની સિદ્ધિ માટે કલા કલા તો તેના પ્રત્યેક અંગ ઉપાંગમાં તાણાવાણા શી વણાયેલી હોય—એના રંગે વણતા પહેલાં રંગાયેલી હોવી જોઈએ.

અને પ્રચાર વિજ્ઞાન હોવા છતાં તેનામાં વિજ્ઞાનની ચોક્કસતા અને સુરેખ મર્યાદા નથી. ગમે તે દિશામાં રેલાઈ જાય તેવી એ લગભગ પ્રવાહી વસ્તુ છે. પરંતુ એ અમુક ચોક્કસ ધોરણોને તો વફાદાર રહે છે જ, અને એ ધોરણોમાં રહીને પ્રચારકલાનો વૈજ્ઞાનિક ઢબે વિકાસ થઈ શકે છે. એ ધોરણો, એ સિદ્ધાન્તોનું જેટલા પ્રમાણમાં અનુશીલન થાય તેટલા પ્રમાણમાં પ્રચારકાર્યને સફળતા સાંપડે.

પ્રચાર એટલે આમ સમાજને સમજાવવા પટાવવાનું કલા–વિજ્ઞાન, એવી કંઈક વ્યાપક વ્યાખ્યા આપણે કરી શકીએ; પરંતુ એ ચર્ચામાં પડવાને બદલે એને "વિદ્યા" જ કહીએ તો કેવું? એ વિદ્યા સરજનજૂની છે, પરંતુ તેણે વૈજ્ઞાનિક ચોક્કસતા તથા નિયમબદ્ધતા હમણાં હમણાં જ ધારણ કરવા માંડી છે. એની પદ્ધતિનો વિકાસ આપણી નજર સામેના ભૂતકાળમાં જ આવા પ્રચંડ અને વિવિધ રૂપે સધાયો છે. કારણ, એનાં ત્રણ મુખ્ય સાધનો–છાપાં, ચિત્રપટ અને રેડિયો, એ તેમના આજના કાર્યક્ષમ રૂપમાં થોડાં વર્ષે થયાં જ ખીલી નીકળ્યાં છે. પ્રચાર તેનાં સાધનોને અવલંબે છે. અને સાધનોના વિકાસ સાથે પ્રચારનો વિકાસ પણ કલ્પનાને મુંઝવે તેટલી હદે થયેલો આપણે જોઈ રહ્યા છીએ. ઉપર કહેલાં ત્રણ સાધનોને કેળવણી અને અક્ષરજ્ઞાનના પ્રચારની પ્રગતિએ ખૂબ બળ આપી તેમનાં ક્ષેત્રોને ઘણાં જ વિશાળ બનાવી મૂકયાં છે.

યૂરોપમાં સરમુખત્યારો પ્રચારને પગથીયે પગથીયે એમના આજના સત્તાશિખરે ચડ્યા છે. પ્રચાર કેવી દોધારી તલ્વાર છે તેનો પુરાવો આપણી સામે વિરાટ રૂપમાં પડેલો છે. એણે સરમુખત્યારોને સરજ્યા અને એણે જ માનવમાત્રની સમાનતા અને સ્વાધીનતાના સિદ્ધાન્તોને સંસારભરમાં પ્રસરાવીને લોકશાહીને તેનાં વિવિધ રૂપોમાં પોષણ આપ્યું છે. કોમ્યુનિઝમ અને બોલ્શેવિઝમોની વિચારસરણીનો જગતવ્યાપી ફેલાવો કરનાર શક્તિ એ–અને માનવ માત્રના ચિત્તને ગુલામીની સાંકડી ગલીમાં પૂરી, કરોડો મનુષ્યોને પોતાના એક જ બંધુની તતુડીના તાલે નાચવામાં આનંદ લેતાં બનાવનાર જાદુઈ લકડી પણ એ જ. સ્થાપિત હક્કોનું નિરંતર

સંરક્ષણ વાંછનાર 'છે' વર્ગના પુંજીપતિ વૃત્તપત્રના પ્રચારસ્તંભોમાં જ પોતાની સલામતી સમજીને સારાં છાપાં હાથમાં રાખવા માટે જીવ પટકે છે. અને મૂડીવાદીની ચુંગાલમાંથી છૂટવા માટે પ્રાણ પટકી નાખતો "નથી" વર્ગનો શ્રમજીવી સમૂહ પણ અખબારની ઓથે ઓથે પ્રચાર કરીને માનવચિત્તમાં પલટો આણવાની તથા પોતાની મુક્તિ સાધવાની આશા સેવે છે, અને પ્રબળ છાપાં હાથ ઉપર રાખવા ખાતર ગજા ઉપરાંતના ભોગ આપે છે.

પ્રચાર એટલે લોકચિત્તની કેળવણી જ. ચિત્તને અમુક પ્રકારની હકીકતથી, અમુક ઢબના જ્ઞાનથી વંચિત રાખવી, અને અમુક વળની માહિતી ખાસ આપવી; અમુક માહિતી એને અમુક જ રૂપમાં મળે તેવી વ્યવસ્થા ગોઠવવી; તેને આપવાની માહિતીઓને ચોક્કસ ઘાટનાં ચોકઠાંમાં ઢાળી, તેમાં અમુક રૂપરંગ અને સ્વાદ પૂરવા—એવાં એવાં મૅનિપ્યુલેશન્સ—ગોઠવણોની ઇંદ્રજાળ–પ્રચારના એક જ શસ્ત્ર વડે અનેક ધાર્યાં પરિણામો ઉપજાવી શકે છે. પરંતુ લોકશાહીના પ્રસરણમાં પ્રચાર સોળે કળાએ નિર્બન્ધ ખીલી શકે. લોકથી કશું જ છુપું ન રાખવું, બધું જ જાણીને પોતાના અભિપ્રાય બાંધવાની અને લોકસંગ્રહને સદૈવ લક્ષમાં રાખીને પોતાના અભિપ્રાય અનુસાર વર્તવા—વર્તાવવાની મનુષ્ય માત્રને છૂટ, એનું જ નામ ખરી લોકશાહી. એની જેટલી મર્યાદા, એનું જેટલું કુંઠન, એટલી તે દેશની લોકશાહી મર્યાદિત અને કુંઠિત સમજવી. અમેરિકાની, અને ખાસ કરીને ઈંગ્લેન્ડની લોકશાહીને હજી પણ ભ્રામક અને અપૂર્ણ કહેવામાં આવે છે, તેનો પડઘો ત્યાંનાં વર્તમાનપત્રોના પ્રચારના રોજરોજ સ્પષ્ટ જોવામાં આવતા પ્રકારમા પડતો જ રહે છે. એટલે કે કોઇ પણ દેશમાં છાપાં, સિનેમા અને રેડિયો મારફત અને વિશેષતઃ છાપાં મારફત થતો પ્રચાર, ત્યાંના રાજશાસનની સ્થિતિનો પ્રમાણિક અરીસો બની રહે છે.

પ્રચાર માત્ર કોઈ સંસ્થા, સમૂહ, કે દેશને જ નહિ પરંતુ જગતભરને આવરી લે છે; કેવા ઉત્પાત મચાવવા એ સમર્થ છે, તે જગત આજે જોઈ રહ્યું છે. પ્રચારના શસ્ત્રે લીગ ઓફ નેશન્સની ઇન્ટરનેશનલ લેબર

ઓફિસ, ઝેરી અને માદક દ્રવ્યો તથા "સફેદ વ્યાપાર" સામેની તેની ઝુંબેશ, મુડીવાદનું નિયમન ઇ. ક્ષેત્રોમાં સુંદર કામગીરીનું સાધન બનીને ઠીકઠીક જનકલ્યાણ સાધ્યું–અને એ જ શસ્ત્રે એ જ લીગ ઓફ નેશન્સનું જગતના રક્ષકમાંથી ભક્ષકમાં રૂપાન્તર કરી આજે ઉત્પાત મચાવી દીધો છે, દુનિયા બધી ડહોળી મૂકી છે.

પ્રચાર એટલે તર્કશાસ્ત્રની પરાકાષ્ટા. દલીલના ચારે પ્રકાર તેને ખપે. અને તે ઉપરાંત એ નવા યોજે તે જુદા. यत्र धुमस्तत्र वह्निની મીઠી સમજદારીથી માંડીને દંડ દલીલ આર્ગ્યુમેન્ટમ ઍડ બૅકયુલમ સુધી એનું કાર્યક્ષેત્ર વિસ્તરે છે. બધું કરી છૂટયા પછી, અને જરૂર પડે ત્યાં અને તે પહેલાં પણ शेषं कोपेन पूरयेत्‌નું સૂત્ર એને ઘણું જ કાર્યસાધક થઈ પડે છે. તર્કનાં બધાં સત્ય તેમજ ભ્રામક રૂપો એના બાણભાથામાં ભરેલાં હોય છે, અને જરા પણ સંકોચ વગર આબાદ નિશાનબાજીથી કુશળ પ્રચારક ધારી અસર પાડવા એ સર્વનો ઉપયોગ કરે છે.

જનસમૂહોના પારસ્પરિક સંબંધોમાં, અને તે કારણે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં પ્રચાર ખૂબ મહત્ત્વ ધારણ કરે છે. જનસમૂહોને અગર રાષ્ટ્રોને સમાજવ્યવસ્થાના કોઈ નવા પ્રકારને આગળ કરવા હોય અને એમ કરવામાં એમનું હિત સમાયેલું એમને લાગતું હોય, ત્યારે તેઓ જે પ્રચારની ઝુંબેશ ઉપાડે છે, તેનાથી આંતરરાષ્ટ્રીય અથવા આંતરસામૂહિક સબંધો વીંખાઈ જાય છે, બખેડા ઊભા થાય છે અને ઘર્ષણ વધી પડે છે. સામ્રાજ્યવાદી હકદાવાના કાવાદાવા, લશ્કરી છેડછાડ, વિચ્છેદની વૃત્તિ–એવાં અનેક રૂપ પ્રચાર તેવા પ્રસંગોએ ધારણ કરે છે. છેલ્લાં પાંચ વર્ષોએ એ બધા પ્રકારો દીઠા છે. પહેલો પ્રકાર તો દુનિયા પ્રાગૈતિહાસિક સમયથી જોતી આવેલી છે, અને હિંદના તો એ બે હજાર વર્ષના અંગત અનુભવની વાત છે. લશ્કરી છેડછાડનું પણ તેવું જ છે. એ વિચ્છેદવૃત્તિનાં આંદોલનને વર્સેઈના કરારોએ જે વેગ આપ્યો તેણે આજના જગત યુદ્ધને પ્રગટાવ્યું છે, અને હિંદમાં પણ બર્માના વિચ્છેદ ઉપરાંત પાકિસ્તાનનાં ખ્વાબનેય તેણે અવકાશ આપ્યો છે.

તે સાથે પ્રચારનાં કેટલાંક રૂપોએ સમાધાની તથા તથા કોઈના પણુ સ્વાતંત્ર્યના ઉચ્છેદ વિના સહકાર સાધવાના સુલેહ શાંતિના રાહ તરફ પણુ લક્ષ આપ્યું છે. "લીગ ઓફ નેશન્સ'ની કેટલીક પ્રવૃત્તિઓ અને હિંદની પ્રમુખ રાષ્ટ્રીય સંસ્થાની ગાંધીજીની રાહબરી તેનાં ઉદાહરણે પૂરાં પાડે છે.

અમુક જનસમૂહ અથવા રાષ્ટ્રની રચનાના મૂળનું જ ઉન્મૂલન કરવાના હેતુથી મંડાતો પ્રચાર ક્રાંતિકારી કહેવાય છે અને તે પોતાના જ પ્રતિકાર રૂપે પ્રતિપ્રચારની ઝુંબેશ–counter–revolutionary propaganda ને અસ્તિત્વમાં લાવે છે.

પોતાના હેતુઓને અનુકૂળ થઈ પડે તેવી રીતે લોકોની વલણને બલવત્તર કરવી, વિરોધી વલણોનું પરિવર્તન કરવું, તટસ્થ અથવા બેદરકાર વ્યક્તિ કે વર્ગોને સ્વપક્ષે વાળવા કે પછી બીજું કશું ન બને તો તેમને નિદાન વિરોધ પક્ષે સરી જતાં રોકવા—આ પ્રચારકની પ્રવૃત્તિના મુખ્ય ઉદ્દેશો હોઈ શકે. ટૂંકામાં, પોતે ધારેલા હેતુ પરત્વે અમુક લોકવર્ગની અભિરુચી ઢળે અને તેને અનુકૂળ પ્રકારે એ વર્તે એ રીતે એ હેતુનું નિરૂપણુ કેવી રીતે થઈ શકે–એ સમસ્યા પ્રચારક સમક્ષ નિરંતર રહે છે. નિરૂપણુના પ્રકાર તથા વૈવિધ્ય પ્રચારકની કળા અને આવડત ઉપર નિર્ભર રહે છે. આ અભિરુચિ મેળવવા માટે પ્રચારક જે યુક્તિ પ્રયુક્તિઓ યોજે તેમાં એની કુનેહ અને સર્જનશક્તિની કસોટી રહેલી છે. એ. જે. મેકેન્ઝી કહે છે:

Thus for the utilization of national hatred the enemy must be represented as a menacing, murderous aggressor, a satanic violater of the moral and conventional standards, an obstacle to the cherished aims and ideals of the nation as a whole and of each constituent part. Through the elaboration of war aims the obstructive role of the enemy becomes particularly evident. The maintenanceof hostility depends upon supplement-

ing the direct representation of the menacing, obstructive, satanic enemy by assurances of ultimate victory, thus preventing diversion of attention. The preservation of friendly relations depend upon representing an allied nation as strenuously prosecuting the war and thus protecting common values. They all must appear to assent heartily to the cherished war aims of the nation and to conform to all the mores.

Propagenda must be co-ordinated with information and espionage services which can supply material to the propagandist and report progress of propaganda work (Encyclopaedia of socil sciences)

(આ પ્રમાણે, રાષ્ટ્રીય ધિક્કાર વધારવા માટે દુશ્મનને ભયાનક, ખૂની, હુમલાખોર, નીતિની પ્રણાલિકાઓનો નાશ કરનાર સેતાન, રાષ્ટ્રના મહામૂલા આદર્શોનો વિધ્વંસક કહેવો જોઇએ. યુદ્ધ ઉદ્દેશોની જાહેરાતો વડે દુશ્મનની અવરોધકવૃત્તિ ઉપર ખાસ ભાર મૂકી શકાય દુશ્મનની સેતાનિયતના પ્રદર્શન સાથે ફતેહની આગાહીઓ જોડવાથી જ લડાયક ખમીર નીભાવી શકાય. વળી સથી રાજ્ય યુદ્ધ સંચાલન માટે અત્યંત પરિશ્રમ કરે છે અને નીતિના સંરક્ષણમાં ફાળો આપ્યા જ કરે છે, એવું બતાવતા રહેવાથી દોસ્તીના સંબંધ નભી શકે. આપણી બધી યુદ્ધનેમોમાં તેની હાર્દિક સંમતિ છે અને આપણા બધા ઇરાદા તેને મંજૂર છે એવું દુનિયાને બતાવવું જ જોઇએ. પ્રચાર સાથે માહિતી અને જાસુસીની સેવાશ્રેણીઓનો સુમેળ સધાવો જોઇએ. કેમકે પ્રચારકને મસાલો તેમાંથી મળે છે. તેમાણે પ્રચારકને પ્રચારની પ્રગતિથી માહિતગાર રાખવો જોઇએ.)

૧૯૩૪માં લખાયેલું, પરંતુ કેટલું અદ્યતન—આજે પણ કેટલું સાચું !

પ્રચારવિદ્યા, પ્રચારકળા અને પ્રચારવિજ્ઞાન હવે એવી સૂક્ષ્મ કક્ષાએ પહોંચી ગયાં છે, કે અમુક ધારેલા પ્રચારપ્રકારની ચોક્કસ :અસર કેવી થશે તેનો અગાઉથી તાગ કાઢવા માટે પહેલેથી પ્રાયોગિક અજમાયશો કરવા તરફ આજકાલ પ્રચારકો ઝોક લઈ રહેલા છે. અમુક પદ્ધતથી ધારી અસર નિપજવાની ખાતરી આ રીતે કરી લીધા પછી જ પ્રચારકેન્દ્રો આગળ

વધવામાં સલામતી લેખે છે. કારણ, માનવ સ્વભાવ એવી નાજૂક વસ્તુ છે, કે કઈ વસ્તુનો કેવો પ્રત્યાઘાત તેના તરફથી થાય તે કોણ જાણે? પ્રચારનું psychological approachનું આજના જમાનામાં આત્યંતિક વિકાસ પામેલું પાસું આટલી ઝીણવટ માગી લે છે. ઘણી વાર વૃત્તપત્રોમાં "ઑફિશીયલ સ્પોક્સમેન" "અનઑફીશીયલ સ્પોક્સમેન," "સત્તાવાર મુખપત્ર," "અર્ધસત્તાવાર મુખપત્ર" ઈ. શબ્દપ્રયોગો જોવામાં આવે છે, તે પણ ચકાસીને કામ લેવાનાં સાધનો જ છે. ધ્યાનથી વાંચનારને છાપામાં આવી બીજી ઘણી સહેતુક યુક્તિઓ જોવા મળશે.

યૂરોપે આ શસ્ત્રને ખૂબ જ અસરકારક અને કાર્યક્ષમ બનાવ્યું છે. એના ઉપયોગમાં સરમુખત્યાર કહેવાતાં શાસનો ચઢે, કે લોકશાહીનો દાવો કરનારી રાજસત્તાઓ વધે, એ દલીલનો વિષય છે. પરંતુ ઉભયે મળીને એ બધી કાર્યક્ષમતા અને કૌશલ્યનો પરિપાક આજના માનવસંહાર અને સંસ્કારસંહારમાં લાવી મૂકયો છે, એ તો નિઃસંદેહ છે: આજના સંગ્રામમાં ધરી સત્તાઓ એ હથીયારની સચોટતાનો દાનવી પુરાવો બતાવે છે, તો ગયા મહાયુદ્ધમાં મિત્રરાજ્યોએ તેની જીવલેણ કાર્યસાધકતાની પરાકાષ્ટાનો જગતને પરિચય આપ્યો હતો. અને આજે પણ કોણ કોનાથી ગાંજયું જાય એમ છે? અત્યારે, આ લખાણ લખાય છે તે સમયે પ્રચારકાર્ય કેવી સ્થિતિમાં છે તેની વિગતોમાં ઉતરવાનું શકય તેમ ઈચ્છવા યોગ્ય પણ નથી, અને એનાં કારણો દર્શાવવાની બુદ્ધિમાન માણસો ભાગ્યે જ અપેક્ષા રાખે. પરંતુ દિલ્લીના "સ્ટેટ્સમેન"ના તા. ૧૦–૧૨–૪૨ ના અંકના અગ્રલેખ Experiment with truthમાંથી લીધેલું નીચેનું અવતરણ તેનો ટૂંકામાં છતાં તાદૃશ ચિતાર રજુ કરે છે:

That truth ranks among war's first casualties has became a trusim. It undergoes distortion, suppression, truncation, is forced into unnatural disguises, made to suffer multitudinous brutal deaths. This is a disgusting business and much of it is justified by military

necessity, for war itself is disgusting, and wars must be fought to win......Truth twisted once may be twisted again. Who can be sure that it is not being twisted now? The modern man-in-the-street is a sceptical being. It is a commonplace now-a-days that nothing officially said can be believed. (યુદ્ધના પહેલા ભોગમાંનો એક "સત્ય" છે, એ તો હકીકત છે. એને ફૂટી મચડી, દાબી કચડી, ભાંગીતોડી, અનેક પ્રકારના ખોટા દેખાવોથી ઢાંકીને વારંવાર મારી નાખવામાં આવે છે. આ ઘૃણાપાત્ર કૃત્ય છે, અને તેમાંનાં ઘણાખરાં કૃત્યોનો લશ્કરી જરૂરતના નામે બચાવ થાય છે, કેમકે યુદ્ધ પોતે જ ધિક્કારપાત્ર વસ્તુ છે, અને યુદ્ધો જીતવા માટે જ લડાવાં જોઇએ...સત્યને એક વાર મરડયું, તો પછી એને બીજી વાર મરડવામાં શો વાંધો? અત્યારે પણ તેને મરડી મૂકવામાં નથી આવતું તેની ખાતરી શી? આજનો માનવી શંકાશીલ બની ગયો છે. સત્તાવાર રીતે કહેવામાં આવે તે કશું માનવું નહિ, એ આજકાલ સામાન્ય વલણ થઈ પડી છે)

અને આ અંતરનો ઉભરો ધરી રાજ્યોનાં જુઠાણાં પરત્વે નહિ પરંતુ બ્રિટન અને અમેરિકાના પ્રચારપ્રકાર પરત્વે 'સ્ટેટ્સમેન' જેવાને કરવા વારો આવ્યો છે.

છાપાંનો પ્રચાર કેવો સમર્થ છે તેના દાખલા આપણા સમયની ઘટનાઓ થોકબંધ પૂરા પાડે. ૧૯૨૪ની સાલનો 'ઝીનોવીફ પત્ર'નો જૂઠો ઝપાટો, હોર-લાવાલ યોજના સામેની ઝુંબેશ ઈ. પ્રચાર ઉભરાઓએ બ્રિટનનાં મંત્રીમંડળોનાં સિંહાસન ડોલાવ્યાં છે, એના ઈન્દ્રોને ઉથલાવી પાડયા છે. રશીયા સામેના વિષવમને બોલ્શેવિઝમને સંસારનો દાનવ બનાવી મૂકયો —અને એ જ સાધને એને આજે દૈવત્વના ઉચ્ચ આસને સ્થાપી દીધો છે! ડૉ. ગોએબલ્સ તો પ્રચારશક્તિનું પ્રતીક બની રહ્યો છે. જાપાનની પ્રચારપટુતાએ લાંચરૂશ્વત વડે અખબારી આલમની પ્રચારશક્તિને મનગમતો ઝોક આપ્યો છે, અને ખુદ બ્રિટનની આંખને પણ કેટલીક હદ સુધી આંજવામાં એ ફાવી ગયું હતું, તેનો નજીકના ભૂતકાળનો ઇતિહાસ સાક્ષી છે. પ્રચાર પાછળના અબજો રૂપીયાના વ્યય પણ જે તે દેશને પોસાતા જ હશે ને! કારણ કે મોટી મોટી મોટી રાજસત્તાઓથી માંડીને નાનામાં

નાની ઠાકોર ઠકરાતો પ્રચારખાતાં સ્થાપે છે, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અખબારોને હાથમાં રાખવા મથે છે, અને આડા કે અવળા, સીધા કે ઊંધા પાટા લોકોની આંખે બાંધીને તેમને "ઊંઠાં ભણાવવા"ની ઘોડદોડમાં પોતાના 'જોકી'ને આગળ રાખવા આકાશપાતાળ એક કરે છે.

વેપારના વિસ્તાર માટે તેમજ સામ્રાજ્યોના સંસ્થાપન અને સંરક્ષણ અર્થે પણ પ્રચાર વગર હવે ચાલે નહિ. સંસ્કાર અને સંસ્કૃતિને પણ એ સાધન વડે પોષણ આપી શકાય છે, એ પણ હકીકત છે.

એ. જે. મૅકેન્ઝી કહે છે :

"Propaganda is an attempt, either consciously or as a part of systematic campaign by an individual or group holding certain beliefs or desiring certain ends, to influence others to adopt identical attitudes.

Enclyclopaedia of the social sciences (1934) Vol XII (સમાજવિદ્યાઓનો સર્વસંગ્રહ ૧૯૩૪) પા. ૫૨૧ ઉપર પ્રચારની વ્યાખ્યા એવી કરેલી છે કે

"Propoganda in the broadest sense is the technique of influencing human action by the manipnlation of representations.

"Both advertising and publicity fall within the field of propaganda. The word was first given general currency by the Roman Catholic Church to refer to the dissemination of its doctrine and was later adopted and adapted by Marxists. Modern revolutioneries use propaganda to mean the spreading of doctrine; incitement is agitation."

કેળવણી અને પ્રચારનો ભેદ સમજાવતાં એ લેખ કહે છે:

"The inculcation of traditonal value attitudes is generally called education, while the term propaganda is reserved for the spreading of the subversive, debatable or merely novel attitude."

પ્રકરણ ૧૬

વૃત્તપ્રચારની સપ્તપદી

The newspaper, the cigarette, the tooth paste, all depend upon a daily mass referendum. The possibility always looms that a new combination of appeals will supersede the old and push old tracts of capital out of use.

This regard for men in the mass rests upon no democratic dogmatisms about men being the best judges of their own interests, flitting from one alternative to the next without solid reason or clinging timorously to the fragments of some mossy rock of ages.

The propagandist takes it for granted that the world is completely caused but that it is only partly predictable, and he believes that one of the most potent causes of social change is the problem attitudeitself, which so often produces the goalsymbols capable of guiding adjustment. This means that the propagandist is able and anxious to apply the methods of scientific observation and analysis to the processes of society but that he is content to direet his creative flashes to final guidance in action"

—*Encyclopaedia of social sciences*

આજે પ્રચારે આ રૂપ ધારણ કરેલું છે, અને પોતાના પ્રબળ સાથી સિનેમા અને રેડિયો સહિત વૃત્તપત્રો પણ એ જ રાહે વિચરી રહેલાં છે. એ સાધન વિના હિંદમાં રાજસત્તા પોતાની બધી શક્તિઓ છતાં પ્રમાણમાં નિરુપાય રહે; એ હકીકત તે સારી રીતે સમજે છે, તેની પ્રતીતિ તેના તરફથી ચાલી રહેલાં માહિતી ખાતાં અને અખબારો ઉપર અપાતા ધ્યાનમાં આપણે દેખી રહેલા છીએ; ઉત્તર પક્ષે, કોંગ્રેસ તથા બીજી લોક અવાજનું સમર્થન કરનારી સંસ્થાઓ પણ પોતાની પ્રવૃત્તિઓની સફળતા માટે મોટે ભાગે છાપાં ઉપર જ નિર્ભર છે. ઉભય પક્ષ પોતપોતાની વિચારસરણી લોકને ગળે ઉતારવા મથી રહેલાં છે......

માર્ક્સનું 'ધી કેપિટલ,' 'હિટલરનું મેઈં કાંફ,' અને મુસોલિની તથા સ્ટાલિનનાં પણ એ જ રાહે નીકળેલાં પ્રકાશનો પુસ્તકાકારે છતાં તત્ત્વે વૃત્તવિવેચન જ છે, એની ના નહિ પાડી શકાય.

પ્રચારનું વિભાગીકરણ કરીએ, તો બે મુખ્ય વિભાગ પડે :

૧ સીધી, "માર બુધું ને કર સુધું"ની પદ્ધત.

૨ સૂચન, ઇશારા, નાજૂક કળવકળ વડે ચિત્તને ધાર્યા રાહે વાળવાની પરોક્ષ પદ્ધત.

આ બેમાંથી પરોક્ષ પદ્ધત માટે કેટલું વિશાળ, કેટલું વૈવિધ્યપૂર્ણ અને કેટલું બુદ્ધિપ્રચુર ક્ષેત્ર પથરાયેલું પડયું છે, તેનો ફોડ પાડવાની આજના જમાનામાં ભાગ્યે જ જરૂર પડે. પ્રચાર એ અત્યંત નાજૂક યંત્ર છે. ખૂબ ખૂબ કાળજી અને ઝીણવટથી કરેલી એની ગોઠવણોને સંજોગોનો એક જ સપાટો અથવા અણધાર્યા પ્રસંગોનો એક જ ઉભરો ક્ષણ વારમાં ઉથલાવી શકે છે, ગમે તેવી ગણતરીને ઊંધી વાળે છે. એ હકીકતને પણ પ્રચારકોવિદે લક્ષમાં રાખવી પડે છે. આ બધું સંભાળી સાચવીને, મુખ્યતઃ એ. જે. મેકેન્ઝીએ ચીંધેલા નીચેના સપ્ત નિયમોનું પાલન કરવામાં આવે, તો પ્રચારસાધકને અવશ્યમેવ સિદ્ધિ પ્રાપ્ત થાય, એવું પ્રચારવેદનું વચન છે!

૧. પુનરુચ્ચારણ: લોકસ્મૃતિ અત્યંત ટૂંકી હોય છે, અને એ જ પ્રચારકનું મોટામાં મોટું હથિયાર છે. ઉપરાછાપરી બનતી ચોંકાવનારી ઘટનાઓના આ જમાનામાં નવી વાત આવી એટલે આગલી વિસરાઈ જ સમજવી. ૧૯૨૦માં ગાંધીજીને કોઈએ પૂછેલું કે તમે તમારાં પત્રોમાં વારંવાર ફરી ફરીને એકની એક વાત કેમ કહ્યા કરો છો? ગાંધીજીએ તેનો "યંગ ઇન્ડિયા"માં એવી મતલબનો ઉત્તર આપ્યો હતો કે "Repetition is the essence of propaganda." વ્યાપારી પ્રચાર કે રાજકારણી પ્રચાર, પ્રત્યેકમાં જાહેરાત અનિવાર્ય છે. અને જાહેરાત એટલે એકની એક વસ્તુ વારંવાર લોકોની આંખ આગળ મૂકયા જ કરવી, ગમે તેવો બેદરકાર માણસ પણ વહેલો મોડો તેને વાંચતો અને પછી વિચારતો થઈ જાય ત્યાં સુધી એનું એ દળણું ફરી ફરીને દળ્યા કરવું, અને ધારી અસર નીપજાવ્યે છૂટકો કરવો. એ પ્રચારનું પ્રથમ સ્વરૂપ.

૨. રંગપૂરણી: જે વસ્તુની બજાર તેજ કરવાની હોય, લોકને ગળે જે વાત ઉતારવાની હોય તેનાં માત્ર ગુણગાન કર્યાથી પૂરતી અસર નીપજતી નથી. પરંતુ કોઈ વ્યક્તિવિશેષ અને વસ્તુવિશેષ સાથે તેને સાંકળી દઈ તેમાં human interest–લાગણીનું, ભાવનાનું પાસું ઉમેરવાથી તે લોકહૃદયને ઝટ સ્પર્શે છે. એ વસ્તુ કે એ વિચારસરણી પરત્વે મમતા અને તેના વિરોધ પક્ષ તરફ અણગમો પ્રકટાવવો, સાચી બનેલી કે ખ્યાલી ઘટનાઓ સાથે સાંકળી લઈને એ રાંગોળીને બને તેટલી ઝકમદાર બનાવવી, એ કળામાં પ્રચારક સિદ્ધહસ્ત હોવો જોઈએ. આજે જર્મની ઈટાલી કે જાપાનને હરાવવા માટે હિટલર, મુસોલિની કે ટોજોને આપણે એ દેશનાં પ્રતીકો બનાવી દુશ્મનવૃત્તિનાં તેમને કેન્દ્ર બનાવી રહેલા છીએ, અને ચીન તથા રશિયાની લડત પ્રત્યે એક વખતે પરિશ્રમપૂર્વક પ્રકટાવેલી વિમુખતાને વિસારે પાડીને સમભાવ ઉત્પન્ન કરવાના વિકટ કાર્યમાં એ દેશોની લડતોનાં ચીઆંગ કાઈ શેક તથા સ્ટાલીનને પ્રતીકો બનાવવાની યુક્તિએ કેવી સરળતા આણી છે! એમને આપણો અનુરાગ, આપણી પ્રશંસા, આપણો પ્રેમ, અને જાણે આપણાં સગાંસંબંધી કરતાં

પણ વધારે નિકટનાં એ આપણાં સ્વજન હોય તેવી જાતની લાગણીને યોગ્ય ચીતરવામાં મિત્રરાજ્યોનું પ્રચારયંત્ર સમગ્ર રંગાવલીને ઢલવી દેવામાં પાછું વળીને કયાં જોય છે? હિંદના રાજકારણમાં પણ એ જ ઘટના આપણે ફરી ફરીને બનતી નથી દેખી? હજી નથી દેખતા?...

૩. સત્યનો જરૂર પૂતો અંશ: સાવ ધરમૂળ વિનાનો જૂઠો પ્રચાર નભી શકતો નથી. વાછડો ખીલાને જોરે કૂદે, તેમ નફટમાં નફટ જુઠાણાં હકીકતના ગમે તેટલા નજીવા પણ એક અંશમાંથી દુનિયા આખીને ઠગવાની શક્તિ મેળવે છે.

આના દાખલા શોધવા જવું પડે એમ નથી. હિંદ, હિંદના લોકો તેમના રીત રિવાજો, તેમની સંસ્થાઓ અને તેમના નેતાઓ વિષે અલ્પાંશ હકીકતને આધારે જે કાલ્પનિક શબ્દચિત્રો દોરાય છે અને હિંદને હલકું પાડવાના પ્રયત્નો પશ્ચિમનાં વૃત્તપત્રોમાં વારંવાર થયા કરે છે, તેનાં દૃષ્ટાંતો આપણને મળતાં જ રહે છે, એનું ઐતિહાસિક ઉદાહરણ ગાંધીજીએ 'ગટરમુકાદમ'ના બિરુદથી નવાજેલી મિસ કૅથરીન મેયોનું 'મધર ઇન્ડિયા' તથા તેણે પ્રકટાવેલા ગંધાતા વૃત્તસાહિત્યના ઢગલાનું છે. છેક ૧૯૪૨માં પણ હિંદી વિરોધી પ્રચારનો ઉભરો આવી ગયો હતો અને હિંદનાં વૃત્તપત્રોમાં તે બાબત પુષ્કળ ઉહાપોહ થયો હતો. રાષ્ટ્રીય મહાસભાના નેતાઓ, મહાસમિતિની કાર્યવાહી ઇ. નાં ધૃણા ઉપજાવે તેવાં વર્ણનોનો જાણે કે જુવાળ ઉભરાઈ ઉઠયો હતો. એ પ્રત્યેકની પાછળ રજ જેટલી ગણુ હકીકતની ઓથ તો હતી જ.

યુદ્ધના સમયમાં આ કાળી કળાને વિશેષ અવકાશ મળે છે. ૧૯૧૮–૧૯ની લડાઈ વખતે ખૂબ જતનથી પ્રસરાવાયેલી ત્રાસ જુલમની "હકીકતો" ના ઘણાખરા પરપોટા યુદ્ધ પછી ફટાફટ ફૂટી ગયા હતા. અને આ યુદ્ધ પરત્વે પણ એમ જ થશે, એ નિર્વિવાદ છે. પરંતુ અખા ભગતે વર્ણવેલા ઉત્પાતની પાછળ વા વાયાથી નળીયું ખસ્યાનું પણ સત્ય હતું તો ખરૂં જ. કાગનો વાઘ કરવામાં આવે, રાઈનો પર્વત કુશળ પ્રચારક કરી જાણે, પરંતુ તેમાં નિદાન કાગ અને રાઈની હસ્તી અનિવાર્ય હોય.

પ્રચારની ઇમારત સાવ હવાઈ કિલ્લો ન હોઈ શકે. હકીકતના ઇશારા પૂરતા આછો અધુરા તો યે પાયાની તેને ગરજ રહેવાની. એવું યુદ્ધની ઉભય પક્ષે ફેલાવાતી ત્રાસ જુલમની પરિકથાઓનું પણ હોય છે.

અને એમ તો પરિકથાઓ પણ ક્યાં સાવ વાસ્તવિકતાના બીજ વિના પ્રકટે છે?......

તેથી જ અંગ્રેજીમાં એવી મતલબની કહેવત છે કે નર્યા જુઠાણા કરતાં અર્ધ સત્ય વધારે ભયાવહ છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રને આ સૂત્ર આવરે છે, એ સહજ વિચાર કરવાથી પણ સમજાય તેવું છે.

૪. **સૂત્ર** : આંદોલનની જડ એટલે એક અથવા વધારે સૂત્રો. એમાંથી જ આંદોલન આબેહયાત–જીવનજળ મેળવે છે. England expects every man to do his duty ના નેલ્સનના સૂત્રે નેપોલીયનને હરાવ્યો. Liberty, equality, fraternity ની સંજ્ઞાએ ફ્રાન્સમાં ક્રાંતિને પાર પાડી. Workers of the world uniteના પોકારે ધરતીના ખૂણે ખૂણામાં શ્રમજીવી સમાજને જાગૃત કર્યો છે. "હર હર મહાદેવ"ની ગર્જનાએ રાજપૂતને કેસરીયાં કરાવ્યાં હતાં. "દીન દીન"ના જાદુએ ઇસ્લામને યૂરોપ, એશીયા અને આફ્રિકામાં પણ એક સમયે વિસ્તારી દીધો હતો. Hang the Kaiser ના સૂત્રથી લોઇડ જ્યોર્જ ગયું મહાયુદ્ધ જીતી ગયો. Buy British ના જોશે અંગ્રેજ કારખાનાં સદ્ધર બની ગયાં. આજના મહાયુદ્ધમાં પણ ચર્ચિલ કે રૂઝવેલ્ટનો સતત પ્રયત્ન એક જ દેખાય છે – લોકમાનસને પકડી લે, જાદુની ભુરકીથી મુગ્ધ કરે, તન્મય બનાવી દે, તેની કલ્પનાને ઝડપી લે તેવાં સૂત્રો નીપજાવવાનો.

અને સંસ્થાઓ તથા નેતાઓના જયકારો તથા ઇન્કિલાબ ઝિંદાબાદ હિંદના રાજકારણમાં પણ કેવો ભાગ ભજવી રહેલાં છે, તે નજર સામેની વાત છે. પ્રસંગ આવ્યે એટલું અહીં નોંધી લેવાની લાલચ નથી રોકી શકાતી કે સૂત્રોની અનેકતા દેશની રાષ્ટ્રીયતાની એકાગ્રતાને વીંખી નાખે છે. ગાંધીજી તથા જવાહરલાલે વારંવાર કહેલું છે તેમ, આંદોલનનું

મુખ્ય સૂત્ર એક જ હોય. જેમ અનેક દેવદેવતાઓ અને તેમની માનતાઓએ હિંદુ ધર્મને વિચ્છિન્ન તથા શિથિલ કરી નાખ્યો લાગે છે જ્યારે એક જ દેવ ઉપર મદાર બાંધી રહેલા સંપ્રદાયો વીર્યવાન દેખાય છે, તેવું રાષ્ટ્રીય પોકારોનું પણ છે. જ્યારે દેશ આખો એક જ સૂત્ર પોકારતો થશે, ત્યારે તેની દેશ પ્રત્યેની વફાદારી એકાગ્ર બનશે; અને એ એકાગ્રતાને રોકવાની શક્તિ ધરતી ઉપર કોઈની નહિ હોય.

ગમે તેમ, પણ સૂત્રો કોઈ પણ હિલચાલનો પ્રાણ છે, એ આપણે અનાદિ કાળથી જોતા આવ્યા છીએ.

સૂત્રની રચનામાં શબ્દોની ઝમક અને યમક ખૂબ ખુબી આણે છે. ખરી કળા એના ઘડતરમાં સમાયેલી છે.

૫. લક્ષ્ય : દ્રોણાચાર્યે પોતાના પાંડવ શિષ્યોની તીરંદાજીની પરીક્ષા લીધી, અને માટીના કબૂતરને વીંધવાની આજ્ઞા કરી, ત્યારે એકલો અર્જુન જ કહી શકયો હતો કે એ નિશાન શિવાય બીજું કશું જ મને દેખાતું નથી. અને બાણાવલી તો અર્જુન જ, એ કહેતી થઈ પડી છે. પ્રચારકળાના અર્જુનો પણ એક જ અને ચોક્કસ નિશાન ઉપર પોતાનાં બાણ માંડે. એમાં ધ્યાનભંગ થયા, ધ્યાન વહેંચાઈ ગયું તો સમજવું કે તેટલું શરસંધાન ખોટું થવાનું, તાક ઓછી ઊતરવાની. તેથી જ પ્રત્યેક આંદોલનના કુશળ પ્રણેતા લડતનું ચોક્કસ ધ્યેય ઊભું કરવાના મહત્ત્વને ભૂલતા નથી. લક્ષ્ય જેટલું અસ્પષ્ટ, તેટલી લડત કે પ્રચાર હેતુરહિત.

કોઈ પણ પત્રકારે કશું પણ લખતી વખતે ઉદ્દેશ સ્પષ્ટ કરીને તેને દૃષ્ટિ સમીપ રાખવો જોઈએ. પત્રકારે ચોક્કસ હેતુ વિના, અમુક અસર નિપજાવવાના મુકર્રર કરેલા ઈરાદા વિના કશું પણ લખવું નહિ. અને નહિ તો પ્રચારની કાર્યસાધકતાનું મુખ્ય અંગ–સચોટતા–એના લખાણમાં નહિ આવે.

સાધનોની ગમે તેટલી વિપુલતા, વિવિધતા અને કદાચ નિરાશા ઉપ-

જાવે તેવી પરસ્પર વિસંગતતા હોય તોપણ એક ધ્યેય, એક લક્ષ્ય ઉપર એકાગ્રતા સાધીને મતભેદનો અવકાશ સાંકડો બનાવી શકાય છે, એક મતના મુદ્દાઓને મહત્ત્વ આપી શકાય છે અને આંદોલનને એક જ માર્ગે વાળી શકાય છે. આ કાર્યમાં જ લોકનેતાની તેમ જ અખબારના તંત્રીની કુશળતાની કસોટી રહેલી છે.

૬. **પ્રચ્છન્ન હેતુ** : પ્રચારવિદ્યાની એક વ્યાખ્યા પ્રખ્યાત અમેરિકન પ્રચારનિષ્ણાત જી. એસ. વાઇરેક એવી કરે છે કે "પ્રચાર એટલે લોકમતનું યથેચ્છ ઘડતર ઘડીને અમુક ચોક્કસ સિદ્ધિ મેળવવા માટે પોતાની ઉત્પત્તિ, પોતાનો હેતુ અગર ઉભયને ઈતર સ્વાંગ સજાવીને ચલાવવાનું આંદોલન." આ વ્યાખ્યા પ્રમાણે તો ધારેલા હેતુને ઢાંકીઢૂંકીને અન્યથા રૂપમાં રજૂ કરવાની યુક્તિ પ્રચારનું મુખ્ય અંગ બની રહે. કૉમ્યુનિસ્ટોનું નિકંદન વાળવાના મુખ્ય છતાં કાળજીથી ગુપ્ત રાખેલા હેતુ માટે યોજાયેલો "રાઇશટાગ"ની આગનો ગોએબલ્સે યોજેલો કિસ્સો, કે હિંદમાં અમુક લોકપ્રિય રાજકીય સંસ્થાને અગર વ્યક્તિને ઉતારી પાડવા માટે વૃત્તપત્રોમાં આડકતરી રીતે ઉપજાવી કઢાતી અર્ધસત્ય તેમ જ અસત્ય બનાવટો, એનાં ઉદાહરણો છે. "દેશદ્રોહ"ને બહાને સ્ટાલિને માંડેલી સાથીસંહારની પરંપરા, હિટલરે જુન ૧૯૩૪માં હેર રોએમ આદિ એક સમયના જાની દોસ્તોનું નિકંદન કાઢીને જર્મન રાષ્ટ્રને કરાવેલું રક્તસ્નાન, અને ઉભયના અપાયેલા સત્તાવાર "ખુલાસા" એ જ રાહે જાય છે. આડકતરી રીતે ધાર્યો હેતુ પાર પાડવાની યુક્તિઓ પાછળ અબજો રૂપિયા ખરચાય છે. બોલ્શેવિઝમનો પ્રચાર તેનું લગભગ જગત્વ્યાપી ઉદાહરણ કહેવાય.

પરંતુ પ્રત્યેક આંદોલનમાં આ ગુપ્તતા અનિવાર્ય નથી. ઘણી વાર ઉદ્દેશને અસંદિગ્ધપણે વ્યક્ત કરીને પછી તેની પ્રાપ્તિ માટે પ્રચારલહરીઓ પ્રકટાવવાનું પણ ઘણું કાર્યસાધક થઈ પડે છે.

૭. **સમયસાધકતા** : બરાબર લાગ જોઈને, વખત વરતીને પ્રચારનો ફટકો મારવો, તે. એમાં અડધી સફળતા રહેલી છે. બાર મહિનાની ચળવળ

કરતાં ઘણી વાર એક જ મોકાસરનો ફટકો વધારે કામ કરી જાય છે. સમયસાધકતાની ત્રેવડ, ક્યારે શું કહેવું અને શું ન કહેવું એની સયુક્તિક સમજ, એટલે ફતેહની ચાવી. વૃત્તપત્રોને આ કળા સિદ્ધ હોવી જોઈએ.

આ સપ્તપદી સમજપૂર્વક ફરનાર પત્રકારનું પ્રચારદેવી સાથે સંલગ્ન યોગ્ય પ્રકારે થઈ ગયું સમજવું. ત્યાં સુધીના પત્રકારના એ દેવીને રીઝવવાના પ્રયત્નો સંવનનની કક્ષામાં જ સીમિત લેખાય.

યુદ્ધસમય પ્રચારના ઝનૂની વંટોળિયા ઉત્પન્ન કરે છે. એ વિદ્યાને ૧૯૧૪–૧૯ના સમયે ભયંકર પલટો આપ્યો હતો, જેની વીસ વર્ષની કારકિર્દીએ તેથી યે મોટા યુદ્ધને જન્મ આપ્યો છે. એ આંદોલન કેવાં ઉગ્ર હતાં તેનો ખ્યાલ યુનાઇટેડ સ્ટેટસની ૧૪–૧૯ની કારવાઈ જોતાં આવી શકે છે. એ દેશમાં યુદ્ધપ્રચારના નિર્દેશક જ્યોર્જ ક્રીલે અમેરિકાને યુદ્ધનું તીવ્ર ભાન કરાવી તેનામાં ઉત્સાહ પ્રેરવા માટે એક લાખના ફેલાવાવાળું દૈનિક છાપું કાઢયું હતું. યુદ્ધલક્ષી ફિલ્મો સાથે ૧,૭૦,૦૦૦ પૌંડ વેરી નાખ્યા હતા; ૨,૦૦,૦૦૦ લૅન્ટર્ન સ્લાઇડો વહેંચી હતી; ૭૫,૦૦૦ 'ચાર મિનીટિયા પ્રચારકો' ને પ્રવાસે મોકલી તેમની પાસે ૭,૫૫,૧૯૦ મર્મસ્પર્શી ભાષણો કરાવ્યાં હતાં; ૧૮,૦૦૦ અખબારોનો સાથ મેળવ્યો હતો; અમેરિકાની લડાયક તાકાત અને પ્રેસિડન્ટ વિલ્સનનાં ભાષણોના દુનિયાની બધી જ ભાષાઓમાં તરજૂમા કર્યા હતા......

આ રાક્ષસી ધોરણે બધા દેશોએ પ્રચારની એવી ત્રમઝટ બોલાવી, એવી ત્રમઝટ બોલાવી, કે યુદ્ધના નાશ માટેના યુધ્ધે તેથી ય વધારે વિનાશકારી યુદ્ધનું સર્જન કર્યું છે!

પ્રચારની વિશાળ ઇમારતના બધા ખંડો તપાસવાને અહીં અવકાશ નથી. સિનેમા, રેડિયો, 'ટુરિસ્ટ' વિદ્યા, જાસૂસીના પ્રકારો......એવા તો હજારો ખંડોપખંડોથી એ ઇમારત ચિકાર છે, અને એ પ્રત્યેક એક એક વિશાળ ગ્રંથ માગી લે છે. પરંતુ આ પાનાંમાં તો વૃત્તપત્રોને લાગેવળગે

છે તેટલા પૂરતો જ અને તે પણ આછોપાતળો જ ઉલ્લેખ શક્ય છે. બાકી હિટલર–મુસોલિનીની સરજતો શેના ઉપર ઊભી છે? સોવિયેટ યુનિયન કોને જળસિંચને ફૂલ્યુંફાલ્યું છે? જાપાને આજની ફાટફાટ થતી શક્તિઓ ક્યાં સાધનો વડે વિકસાવી છે? હિંદમાં બ્રિટિશ રાજસત્તા શાને સહારે પોતાનો ઝંડો અણનમ રાખે છે? કોંગ્રેસ અને ગાંધીજીનાં જીવન-કાર્યોને ક્યાં સાધનો પોષી શકે છે? મહમદઅલી ઝીણા, આંબેડકર કે ોયને પણ જગબત્રીશીએ ચડવાનો અવકાશ કોણ આપે છે?...

બીજાં બધાં સાધનો ઉપરાંત, મુખ્ય તો છાપાં! છાપાં!! છાપાં!!!

પ્રચાર એટલે વકીલાત. વકીલાતમાં પ્રચારકે ખાસ પ્રવીણતા સિદ્ધ કરવી પડે. તેથી વકીલાતના ગુણદોષ પ્રચાર પરત્વે પણ પ્રગટ થતા જોવામાં આવે છે. પ્રચાર માટે એમ કહેવાય છે કે ઘણી વાર પ્રચારક પોતે કેટલું જનહિત કર્યું તેની નોંધ રાખવાને બદલે પોતે કેટલી વાર આબાદ સોગઠી મારી ગયો અને અણધાર્યો શિકાર પાડ્યો તેની ટીપને વધારે મહત્ત્વ આપે છે, અને તે રીતે લોકચિત્તને તથા લોકોની વિવેક-બુદ્ધિને આડે રસ્તે ચડાવે છે. વકીલ જેમ પોતે પોતાની પ્રવૃત્તિ વડે કેટલી સમાજસેવા સાધી તેનો હિસાબ રાખવાને બદલે યેન કેન પ્રકારેણ પોતે જે કેસોમાં ફતેહ મેળવી તેની સંખ્યા ઉપર પોતાની સફળતાનો મદાર બાંધે છે તેવી રીતે. અર્થાત્ પોતાના કાર્યના નૈતિક અને સૂક્ષ્મ કરતાં જડ અને સાંપત્તિક પાસાને તેમાં વધારે મહત્ત્વ અપાય છે. પ્રચારકનું કાર્યક્ષેત્ર જ એવું છે કે એની પ્રવૃત્તિને આ જાતનો ઝોક મળ્યા વિના રહે નહિ. વકીલ એક ન્યાયાધીશ તથા ન્યાયમંદિરની મર્યાદામાં રહીને કામ કરે છે, જ્યારે પ્રચારકનો ન્યાયાધીશ સમગ્ર જનસમાજ અને એનું ન્યાયમંદિર આખું જગત છે. ઈન્સાફની સફાઈ ખાતર, મયદાનવ જેવી જળને સ્થળ તથા સ્થળને જળ બતાવવાની ધંધાદારી વકીલાતની યુક્તિપ્રયુક્તિઓની ઉપરવટ થવાની લાલચને રોકવા પૂરતી વિવેકબુદ્ધિ, સાધનો તથા મનોવૃત્તિ પણ ન્યાયાધીશ જેવી વ્યક્તિમાં હોવાની આપણે

હમેશાં ખાતરી રાખી શકતા નથી. તો પછી પોતાના અજાણ્યા વકીલવર્ગ ઉપર જુબાની લેવા—આપવાના જડબેસલાક નિયમોની સાંકળ બાંધવાની અપેક્ષા આમસમાજ પાસે તો કેવી રીતે જ રાખી શકાય? પ્રચારક વકીલ ખરો, પરંતુ તે ન્યાયાધીશ વિનાના પંચ આગળ, અને ઘણી વાર તો પંચના પણ સત્તાવર્તુલની બહાર કામ કરતો હોય છે.

પ્રચારના નિયમન માટે, તેને આડે રસ્તે ચડી જતાં વારવા માટે અનેક નુસખાઓ બતાવવામાં આવે છે. અફીણ કે ગાંજો વેચનારની જેમ પ્રચારકોને ઈજારો આપવાની પ્રથા દાખલ કરવાની ગંભીર સૂચનાથી માંડી ને છેક પ્રચારક નામના પ્રાણીને ધરણીતલ ઉપરથી નાબૂદ કરવાની, પૃથ્વીને નપ્રચારકી બનાવી મૂકવાની મજાકિયા સૂચના સુધીની જાતજાતની દરખાસ્તો પેશ થયેલી આપણે જાણી છે. પરંતુ વ્યવહારમાં, એક હેતુ માટે થતા પ્રચારનો પ્રતિકાર તેથી વિરુદ્ધ હેતુ માટે પ્રચારઝુંબેશ ઉપાડવાના રૂપે થતો જોવામાં આવે છે.

ઉપરાંત, જે વસ્તુસ્થિતિ સામે આંદોલન થતું હોય, તેનાં વાંધાભર્યાં તત્ત્વો કાઢી નાખવાથી વિરોધપ્રચારનો પાયો ઊડી જઈ તેને અવકાશ રહે નહિ; પરંતુ એક તરફથી છૂટછાટ આપ્યા વિના તથા તે વિષેનો પ્રચાર ચલાવ્યા વિના બીજી તરફ દમનનો કોરડો જ વીંઝાતો રહે, તો વિરોધી ચળવળ ભારેલા અગ્નિની જેમ સુલેહશાંતિની ઠગારી રાખ નીચે ધૂંધવાતી રહે. ૧૯૪૨માં વૃત્તપત્રોએ તંત્રીઓની પરિષદ મારફત ઉપાડેલી સ્વરક્ષણની ઝુંબેશ પરત્વે સરકારની જે નીતિ બે વર્ષથી જોવામાં આવે છે, તેમાં આ ઉભય પ્રકારો પુષ્કળ પ્રમાણમાં પ્રકટ થતા રહેલા છે.

પ્રચારની કળાને યૂરોપે ખૂબ ખીલવી છે એ ખરું, પણ અમેરિકા તેમાં વિશિષ્ટપણે એક્કો છે. ત્યાં 'ઇન્સ્ટિટ્યુટ ફોર પ્રોપેગૅન્ડા એનાલિસિસ' —પ્રચારકાર્યનું પૃથક્કરણ કરનારી સંસ્થા—સ્થાપવામાં આવી છે અને તેના તરફથી એક પત્રિકા પ્રસિદ્ધ થયેલી છે, તેમાં આ કળાને સત્યના સંશો-

ક્ષનની નહિ પરંતુ પોતાનો કક્કો ખરો કરાવવાની તથા ઉત્તરપક્ષને શબ્દ-જાળથી ગૂંગળાવી નાખવાની કળા કહેલી છે, અને તેનાં રહસ્યો ખુલ્લાં પાડી આપેલાં છે. આપણને તેમાં જાણવા મળે છે કે આ વિદ્યાનું પ્રથમ પગલું તે Name Calling–નામકરણ. જે વસ્તુ, કે જે વિચાર પ્રત્યે આપણને અગણમો હોય, તેને એવાં નામ તથા વિશેષણો લાગુ કરી દેવાં કે જેની સાથે ઘૃણાનું વાતાવરણ જડાઈ ગયેલું હોય. આ યુક્તિથી લોકો પ્રથમ દૃષ્ટિએ જ એ વસ્તુ અથવા વિચાર પરત્વે અજાણતાં પણ અણ-ગમા તરફ ઢળી જાય, અને તેના ગુણદોષ જેવી ક્ષુલ્લક બાબતો તપાસવાની પંચાતમાં ન પડતાં તેનાથી વેગળા જ ખસે.

બીજું પગથિયું તે Glittering Generalityનું. એટલે કે અમુક વસ્તુ અથવા ખ્યાલને કોઈ સદ્‌ગુણદર્શક શબ્દ સાથે સાંકળી દેવાનો નુસખો. આ સંયોગના પ્રતાપે લોકો પહેલી નજરે જ તેના તરફ આકર્ષાય અને એક વાર તો આંખ મીંચીને તેને સ્વીકારી લેવા પ્રેરાય.

તે પછીનો તબક્કો, તે Transfer; અમુક વ્યક્તિ કે વસ્તુ પ્રત્યેના લોકાદરના ભાવનો લાભ લઈ, એ આદર ઇપ્સિત વસ્તુ કે વિચાર ઉપર ઉતારી લેવાની યુક્તિ. આ, અને Testimonial અર્થાત પ્રતિષ્ઠિત નાગરિકના પ્રમાણપત્રનો ઉપયોગ–ઉભય મળીને ગમે તે વસ્તુનો સ્વીકાર કરવા લોકોને લલચાવવા માટે કાર્યક્ષમ થઈ પડે.

જેને સીધી સાદી પ્રચારની રીતો કહેવાય, તેને પણ ઉપેક્ષણીય લેખ-વામાં નથી આવી. લોકોને એમ કહેવું કે અમુક વિચારો અથવા મંતવ્યો 'સામાન્ય જનતાનાં લાક્ષણિક' હોઈ, તે કારણે એ આદરણીય હોવાં જ જોઈએ. આ 'Plain Falks' Theory. પ્રેસિડન્ટ રૂઝવેલ્ટની Fireside Chats પાછળ આ દૃષ્ટિકોણ જ હતો. તે ઉપરાંત Card Stacking એટલે કે આડે રસ્તે ખેંચી જાય તેવી હકીકતોનો ઢગલો ને ઢગલો ખડકી મૂકવો તે. સત્યની સંતાકૂકડી તથા જૂઠાણાંનાં પરોક્ષ સૂચનનો તેના ઉપર ઓપ ચઢાવ્યો હોય, તો વળી પરિણામ ઓર અચ્છું આવે. વળી Band

Waggon–દુનિયા બધી અમુક રાહને અનુસરે છે માટે તમારે પણ અનુસરવો–महाजनो येन गतः स पन्थाः –એ દલીલનો ઉપયોગ કરવો તે.

પ્રચારયંત્ર કેવું પ્રચંડ, કેવું સર્વગ્રાહી અને સર્વશક્તિમાન તથા તે સાથે કેટલું બધું નાજુક બની ગયું છે, તેનો કેટલેક અંશે ખ્યાલ આ ટૂંક વિવેચનથી આવી શકશે. હિંદનાં તથા તેમાં યે ગુજરાતનાં છાપાંને થોડેઘણે અંશે પણ લાગુ પડે તેવાં પ્રચારપાસાં તરફ આંગળી ચીંધીને જ આ ખંડમાં સંતોષ માની લીધો છે, અને આ વિદ્યા–કલા–વિજ્ઞાનની ઝીણી આંટીઘૂંટીઓની જાળગૂંથણીથી તો વેગળા જ રહેવાનું અહીં પસંદ કર્યું છે.

પ્રકરણ ૧૭

ઇંગ્લૅન્ડ

'The modern newspaper is an effective, business-like, well organised machine made up of men and women writers who prepare the news; editors and sub-editors who edit the news; an intricate system of wires, cables, and radio which brings the news gathered from all points of the earth and relays it to the newspaper office on high speed printer machines which type out the news letter by letter at the rate of sixty words a minute; type-setting machines which transform the written word into metal; a stereotyping department which transforms the flat page into a half cylinder; the printing presses on which this half cylinder is locked and which have a production capacity of forty eight thousand 36-,40- and 48-page papers per hour; a distribution system employing trucks which carry the paper to the news-stand and to the reader."

—*Lee B. Wood*

આનું નામ તે છાપું કહેવાય! પશ્ચિમના અદ્યતન વૃત્તપત્રના કાર્યાલયનો ખ્યાલ આપતો આ ફકરો ન્યુયૉર્કના 'વર્લ્ડ ટેલિગ્રામ' પત્રના

'એક્ઝીક્યુટીવ એડિટર' મી. લી બી. વુડે 'રાઇટિંગ અપ ધી ન્યુસ' નામે (સંપાદક મરીયમ લુંડી) પુસ્તકના 'ધી એડિટર્સ અનર્ઇઝી ચેર' નામક પ્રથમ પ્રકરણમાંથી લીધો છે.

અદ્યતન પત્રની તંત્રીકચેરીમાં વિભાગઅધિપતિઓ જ કેટલા હોય છે! એડિટર, એક્ઝીક્યુટિવ એડિટર, મૅનેજિંગ એડિટર, ઍસિસ્ટન્ટ મૅનેજિંગ એડિટર, સિટી એડિટર, મેઇક-અપ એડિટર, હેડ ઑફ કોપી ડેસ્ક, ટેલિગ્રાફ એડિટર, નાઇટ એડિટર, ફીચર એડિટર, સ્પૉર્ટ્સ એડિટર............

ઉપરાંત મદદનીશો, રિપોર્ટરો, લેખકો, અહેવાલોને યોગ્ય રૂપ આપનારા, અગ્રલેખકારો, પ્રૂફરીડરો ઇ. ઇ.ની તો નાની સરખી ફોજ!

અને ઉત્તમોત્તમ રેફરન્સ લાયબ્રરી, તાર, ટપાલ, ટેલિફોન, રેડિયો ઇ.ની ખાસ સ્વતંત્ર ગોઠવણો......

આ કક્ષાએ પહોંચતાં યૂરોપના અખબારને ૪૮૫ કરતાં વધારે વર્ષો લાગ્યાં છે એમ કહી શકાય. કેમકે પશ્ચિમમાં પ્રથમ બીબાં કોતરનાર જોહન ગ્યુટેનબર્ગ હતો. એ જર્મને સીસકાક્ષરોનું કારખાનું ઈ. સ. ૧૪૫૪માં નાખ્યુ હતું.

તે પછીનું યૂરોપનું છાપખાનું ઇટાલીમાં બે જર્મનોએ રોમ પાસે ૧૪૬૪માં સ્થાપ્યું. ૧૪૬૯માં વેનીસમાં બે છાપખાનાં નીકળ્યાં. એક વર્ષ પછી ફ્રાન્સ, સ્વિટ્ઝરલૅન્ડ, હોલૅન્ડ અને બેલ્જીયમમાં મુદ્રણસ્થાનો ચાલવા લાગ્યાં.

ઇંગ્લંડનો વિલિયમ કૅક્સ્ટન જર્મનીથી મુદ્રણ શીખી ગયો હતો. ૧૪૭૬માં એણે વેસ્ટમિન્સ્ટરમાં ઇંગ્લંડનું પહેલું છાપખાનું સ્થાપ્યું હતું. ૧૪૯૫માં ઍલ્ડસ મેનુશીયસ રોમેનસે વેનીસમાં મોટું મુદ્રણાલય શરૂ કર્યું હતું. મુદ્રણકળાએ તે પછી આખા યૂરોપને ઝપાટાબંધ આવરી લીધું.

યૂરોપના પત્રકારત્વનો પ્રારંભ વ્યાપારના વિકાસ અને વાણિજ્યના લોભ અંગે થયો હતો. પહેલું વૃત્તપત્ર વાણિજ્યના ખબર અંતર વ્યાપા-

રીઓને આપવા માટે ૧૬૦૯માં જર્મનીમાં નીકળ્યું હતું. તેનું નામ Avisa Relation Oder Zeitung. ૧૬૧૧ માં નેથેનીયલ બટરે 'ન્યુસ ફ્રોમ સ્પેઇન' નામે છાપું શરૂ કર્યું, અને તે સાથે ઍન્ટવર્પમાં Nieuwe Tijdingen પત્ર નીકળ્યું. ૧૬૨૨માં 'ધી વીકલી ન્યુસ ફ્રોમ ઇટાલી, જર્મની એટસેટેરા' નામનું ચોપાનિયું લંડનમાં પ્રસિદ્ધ થયું. ૧૬૨૫–૨૭માં 'મર્ક્યુરીયસ બ્રિટેનિકસ' નામે છાપું સ્થપાયું.

ગ્રેટબ્રિટન

ઈંગ્લૅન્ડમાં અને યૂરોપમાં આ જમાનામાં જે ખ્રિસ્તી સંપ્રદાયો અને પંથો વચ્ચે ભયંકર વિગ્રહ ચાલતા હતા, તેના પડઘા વૃત્તપત્રો ઉપર પડતા હતા, એ કહેવાની ભાગ્યે જરૂર હોય. જે તે સમયનો જે તે દેશનો રાજકર્તા પોતાને મનગમતા જે તે પંથને પ્રતિકૂળ હોય તેવાં પત્રોનું ઝનૂનથી દમન–શમન કરતો હતો. ઇંગ્લૅન્ડમાં વીસેક વર્ષ સુધી આ ક્રમ રહ્યો, પરંતુ ઈ. સ. ૧૬૪૧માં અખબારી દમન ઊડી ગયું અને એ વ્યવસાયના વિકાસને મોકળો માર્ગ મળ્યો. એ જ સાલમાં પાર્લામેન્ટના અહેવાલો છાપતું સામયિક શરૂ થયું હતું.

પાર્લામેન્ટ અને રાજા વચ્ચેના ગજગ્રાહ અને આંતર્વિગ્રહના ફળરૂપે ઉભય પક્ષનાં કેટલાંક સામયિકો એ અરસામાં નીકળ્યાં હતાં.

ઈંગ્લૅન્ડનો પહેલો મહાન પત્રકાર મહાકવિ જોન મિલ્ટન હતો. એ અઠંગ પત્રકાર હતો. એને ચોપાનિયાંથી યુદ્ધ ચલાવવાની કળા સિદ્ધ હતી. એનું પત્ર 'મર્ક્યુરીઅસ પોલિટિકસ' એકાદ વર્ષ ચાલ્યું હશે (૧૬૬૦), પરંતુ એના પત્રકારત્વની ઝલક એનાં પ્રખ્યાત તીખાં તમતમતાં છૂટાં ચોપાનિયાંમાં જનસમાજને વર્ષો સુધી ધમધમાવતી હતી. વૃત્તવિવેચનના છૂટાપણાનો એ ત્યાંનો પહેલો અટંકી હિમાયતવીર હતો.

૧૬૬૫માં અર્ધસાપ્તાહિક 'ઑક્સફર્ડ ગૅઝેટ' શરૂ થઈ ને બીજે વર્ષે 'લંડન ગૅઝેટ' બની ગયું, અને ત્યારથી એ સરકારી જાહેરાતો છાપતું અર્ધસાપ્તાહિક કાયમ રહ્યું છે.

૧૭૦૨માં પહેલા ઈંગ્લિશ દૈનિક 'ડેઈલી કુરન્ટે' દેખા દીધી.

પ્રસિદ્ધ સાહિત્યકાર અને રૉબિન્સન ક્રુઝોના સર્જક ડેનિયલ ડીફોએ ૧૭૦૪માં 'ધી રિવ્યૂ' સ્થાપ્યું હતું. દસ વર્ષ પછી એ બંધ પડયું. એ અઠવાડિયામાં ત્રણ વાર નીકળતું હતું. તેવું જ સામયિક ૧૬૯૬માં 'લૉઇડ્ઝ ન્યુસ' નીકળ્યું હતું. એ 'લૉઇડ્ઝ લિસ્ટ'ને નામે દૈનિક રૂપે હજી પણ હયાત છે. પ્રસિદ્ધ સાહિત્યકારોને હાથે જ ત્યાં વૃત્તપત્રોને પોષણ મળતું હતું. જોનાથન સ્વિફ્ટ અગ્રલેખનો સર્જક હતો. એ 'એગ્ઝામિનર'ના તંત્રીપદે હતો. રિચર્ડ સ્ટીલે ૧૭૦૯માં 'ટૅટલર' શરૂ કર્યું. એ સાહસમાં તેનો સાથી બીજો મહાન લેખક ઍડિસન હતો. ૧૭૧૧માં 'ટૅટલર'નું સ્થાન પ્રખ્યાત 'સ્પેક્ટેટરે' લીધું. આ છાપું પણ અઠવાડિએ ત્રણ વાર પ્રસિદ્ધ થતું હતું.

૧૭૫૭ની સાલે ઇંગ્લૅન્ડમાં અખબારોનું વાર્ષિક વેચાણ ૭,૧૧,૭૫૭ અને ૧૭૬૭માં ૧૧,૩૦૦,૯૮૦ હતું. ૧૭૭૭માં લંડનમાં ૫૩ છાપાં પ્રકટ થતાં હતાં.

અઢારમી સદીમાં પણ વૃત્તવિવેચન સમર્થ સાહિત્યકોની કલમથી પોષાતું રહ્યું હતું. ડૉ. જૉનસનનાં રૅમ્બ્લર અને આઇડલર પ્રખ્યાત છે. જોન વિલ્કિસનું છાપાંના છૂટાપણા માટેનું ત્રણ વર્ષનું યુદ્ધ અને ૧૭૭૨માં તેને મળેલી સફળતા બ્રિટિશ પત્રકારત્વનાં સીમાચિહ્નો છે. એ સદીમાં જ પત્રકારત્વનું જાહેરખબરોના વ્યવસાય સાથે સંકલન થયું અને પોતાનો નિભાવ કરવાનું એ સાધન તેણે ઉત્પન્ન કર્યું. ૧૭૮૯ની ફ્રાન્સની રાજક્રાંતિ અને તેમાંથી ઉદ્ભવેલાં વિચારવમળોએ યૂરોપ આખાના ચિત્તને નવા ખ્યાલોથી ડહોળી નાખ્યું હતું, અને એ મનોમંથનની અસર પત્રકારત્વ ઉપર પણ ખૂબ વ્યાપક થાય એ સ્વાભાવિક છે. આવો બ્રિટિશ પત્રકારત્વનો પ્રારંભ હતો.

૧૯મી સદીના પ્રારંભ સાથે, પત્રકારત્વમાં તેના સમર્થ સાહિત્યકાર

સર્જકોની વ્યક્તિવિશિષ્ટતાની છાપ ઓછી થઈ અને તે જનસમાજને વધારે પ્રતિબિંબિત કરવા લાગ્યું. એવો છેલ્લો વ્યક્તિવિશેષ તે 'વીકલી પોલિટિકલ રજીસ્ટર'નો પ્રભાવશાળી તંત્રી કોબેટ (૧૮૦૨–૩૫). તે પછીથી મહત્ત્વની વસ્તુ તંત્રી નહિ પરંતુ વૃત્તપત્ર જ બનવા લાગી.

બ્રિટિશ અખબારી ઇમારતના ધરખમ પાયા સમું 'ધી ટાઈમ્સ' જોન વૉલ્ટરે ૧૭૮૫માં શરુ કર્યું હતું; સરકારના જનમમરણના સાથી જેવું એ છાપું મૂળ ઉત્પન્ન થયું હતું સરકાર સામે ઝનૂનથી લડવા! તાજા અને સનસનીદાર સમાચારની શક્તિનો પ્રથમ પરિચય કરાવનાર પત્ર એ જ હતું. મુદ્રણ માટે વરાળયંત્રનો પ્રથમ ઉપયોગ કરનાર પત્ર પણ એ જ હતું (૧૮૧૪). ૧૮૩૪માં તેનું દૈનિક વેચાણ ૧૦,૦૦૦ હતું; ૧૮૪૭માં એ ૪૦,૦૦૦ અને ક્રિમીયન યુદ્ધ વખતે ૫૧,૦૦૦ ઉપર પહોંચ્યું હતું!

'ધી ટાઈમ્સ' ની તંત્રીપરંપરા પ્રખર લેખકોની હતી. તેમાં જે. ટી. ડીલેઇન શિરોમણિ લેખાયો છે (૧૮૪૧). ધીમે ધીમે આ અખબાર જામતું અને ઉદ્દામવાદમાંથી સરકતું સરકતું, સંરક્ષણવાદમાં જઈ ને ઠરીઠામ થયું છે.

'ધી ટાઈમ્સ'નો હરીફ 'સ્ટાન્ડર્ડ' (૧૮૨૭) દૈનિક. એણે પણ એના જમાનામાં શક્કો પાડયો હતો, પરંતુ તેના માલિકો ઘણા બદલાયા અને તેની અધોગતિ થઈ. પરંતુ બીજો હરીફ 'માર્નિંગ સ્ટાન્ડર્ડ' હજી સુધી પોતાનો ઝંડો ફરકાવતું રહેલું છે. એની સ્થાપના ૧૭૭૨માં થઈ હતી. કોલરીજ, સધી, આર્થર યન્ગ, વિલીયમ વર્ડઝવર્થ, મેકવર્થ પ્રેઇડ ઈ. પ્રખ્યાત સાહિત્યકારોનું એનું લેખકમંડળ હતું.

૧૮૦૪માં 'ડેઈલી ક્રોનિકલ' અને 'ડેઈલી ન્યુસ'નો જન્મ થયો. ત્યાર સુધીનાં છાપાં એક પેનીએ વેચાતાં હતા, પણ આ નવા પત્રે અડધી પેનીથી ઝૂકાવટ કરી. એના તંત્રી એચ. ડબ્લ્યુ. માસિંગહામનું નામ અખબારી આલમમાં સંમાનિત છે. 'ડેઈલી ન્યુસ'ના તંત્રી તરીકે એ. જી. ગાર્ડિનર જેવા પ્રતિભાસંપન્ન પત્રકારે ખૂબ કીર્તિ સંપાદિત કરી છે.

ઈંગ્લેન્ડનાં છાપાંનો ધૂમકેતુ તે 'ડેઈલી મેઈલ' (૧૮૯૬). જન્મ સાથે જ, હનુમાનની જેમ, એણે પ્રસિદ્ધિ અને લોકપ્રિયતાના સૂર્યને પકડવા પ્રચંડ કૂદકો માર્યો. વૃત્તપત્રના ક્ષેત્રમાં એ સમયે મોટો પલટો આવ્યો હતો અને 'ડેઈલી મેઈલ' તેનું પ્રતીક હતું. એના લેખકોમાં રડયાર્ડ કિપ્લિંગ હતો. યુદ્ધ અને સામ્રાજ્યવિસ્તારના જાદુની ભૂરકીએ પ્રજાને આંજી નાખી હતી, પાગલ બનાવી હતી. અને એ પાગલપણાનો પડઘો તે 'ડેઈલી મેઇલ.'

એ સમયનું 'ડેઈલી એક્સપ્રેસ' નોંધપાત્ર ગણાય. અર્થશાસ્ત્ર અને ધંધાવ્યવસાયનાં ક્ષેત્રોએ પણ છાપાંની ઉપયોગિતા તે સમયમાં સ્વીકારી હતી અને વ્યવસાયપત્રકારત્વનો ઠીક ઠીક વિકાસ થવા પામ્યો હતો.

લંડનનું સાંજિયું દૈનિક પત્રકારત્વ શરૂ કરનાર 'ગ્લોબ' (૧૮૦૩) હતું. ૧૮૬૫માં પ્રખ્યાત સાંજિયું 'પૉલમૉલ ગૅઝેટ' જન્મ્યું. બુદ્ધિપ્રધાન પ્રજાવર્ગનું એ લાડકું છાપું હતું. એની સાહિત્યકક્ષા છેક સુધી ઊંચી રહી છે. જ્યોર્જ ઈલિયટ, ચાર્લ્સ રીડ, એન્થની ટ્રોલોપ આદિ સાહિત્યઆકાશના તેજસ્વી તારકો એનાં કોલમોને પોતાની ઓજસવંતી કલમથી નવાજતા હતા. એની તંત્રીપરંપરામાં જેઈમ્સ ગ્રીનવુડ અને ડબલયુ. ટી. સ્ટેડ, લૉર્ડ મોર્લી, સર એડવર્ડ કૂક અને લૉર્ડ મિલનરનાં નામો પણ જોવામાં આવે છે. જે. એલ. ગાર્વિન તેના છેલ્લા તંત્રી છે અને તેનો માલિક મી. ઍસ્ટર છે.

આ અમીરતબિયત પત્રને 'વેસ્ટમિન્સટર ગૅઝેટ' રૂપી મોટો હરીફ છે. ૧૮૯૨માં એ શરૂ થયું હતું. મી. જે. એ. સ્પેન્ડર જેવાં અંગ્રેજી પત્રકારત્વનાં કેટલાંક પ્રથમ પંક્તિનાં નામો તેના તંત્રીમંડળમાં શોભે છે. આ છાપું લિબરલ પક્ષનું મુખપત્ર છે.

મજૂરપક્ષ સ્વભાવતઃ આર્થિક પાસે એટલો બળવાન નહિ હોવાથી તેને છાપાં સ્થાપવામાં વિશેષ કષ્ટ પડયું હતું. એ પક્ષ પ્રમાણમાં મોડો સ્થપાયો હતો. એક બે સામાહિકોથી જ તેનું કામ ચાલતું હતું. છેક વીસમી સદીના બીજા દસકામાં તેનું પ્રથમ દૈનિક 'ડેઈલી હેરલ્ડ' શરૂ થયું હતું.

સમર્થ તંત્રીઓના પરિશ્રમે તેને આજે ઇંગ્લાંડનાં અગ્રસ્થ અખબારોમાંનું એક બનાવી મૂક્યું છે.

બ્રિટનની સચિત્ર અખબારસવારીનો ચિતાર આપતાં ગ્રંથો ભરાય. અહીં તો તેનો બહુ જ આછો પરિચય શક્ય છે. આ ક્ષેત્રમાં લંડનમાં વીસ વર્ષ પહેલાં 'ડેઇલી ગ્રાફિક', 'ડેઇલી મિરર' અને 'ડેઇલી સ્કેચ' નિકો હતાં. એમના ફેલાવાનાં લાખે લેખાં હતાં. એમાં વૃત્ત અને તેનું વિવેચન ચિત્રો અને છબીઓની દાર્શનિક તથા અત્યંત ચિત્તગ્રાહક પદ્ધતિથી રજૂ થાય છે. એ પદ્ધતિનો મોટો લાભ એ છે કે લિખિત વૃત્તવિવેચનની જેમ બોધ, સલાહ કે શિખામણનાં ટાયલાંને એમાં અવકાશ નથી હોતો !

સચિત્ર અખબાર સાપ્તાહિકોમાં ખરેખરું ખીલી નીકળે છે. ' ઇલસ્ટ્રેટેડ લંડન ન્યુસ ' (૧૮૪૨), ' ગ્રાફિક ' (૧૮૬૯), ' સ્કેચ ' (૧૮૯૨) ' સ્ફીયર ' (૧૯૦૧), ' ટૅટલર', ' કન્ટ્રી લાઇફ ' ઇ.એ વૃત્તવિષયક ચિત્ર-કળાનાં પ્રત્યેક અંગનો જે વિકાસ સાધ્યો છે અને આબાલવૃદ્ધ સર્વ કોઇનાં ચિત્તને જે રીતે આવરી લીધાં છે તેનું યથાસ્થિત વર્ણન અશક્ય છે. ઇંગ્લૅન્ડ આ ક્ષેત્રમાં યૂરોપથી આગળ હતું. પરંતુ ફ્રાન્સ, જર્મની અને અમેરિકા ત્રીસેક વર્ષ થયાં તેનાથી ક્યાંના ક્યાં આગળ નીકળી ગયાં છે. ફિલાડેલ્ફિયાના ' સૅટર્ડે ઇવનિંગ પોસ્ટ'ના ઉઠાવ અને ફેલાવા આગળ ઇંગ્લૅન્ડનાં એ પ્રચંડ અખબારો પણ વામન લાગતાં હતાં. એ બધાંના સંયુક્ત ફેલાવા કરતાં એ એકલું પાંચગણું વધી જતું હતું !

અર્થશાસ્ત્ર અને શરાફીના ક્ષેત્રમાં ' સ્ટૅટિસ્ટ ' (૧૮૭૮) અને 'ઇકો-નોમિસ્ટ' (૧૮૪૩) જૂનામાં જૂનાં કહેવાય. રમતગમતમાં પ્રારંભકાર 'ફીલ્ડ' (૧૮૫૩). મહિલાઓ માટેનું પ્રથમ પત્ર 'ક્વીન' અને 'બઝાર' હતાં.

સાહિત્યના ક્ષેત્રને ખેડતાં બ્રિટિશ સાપ્તાહિકોમાંનાં કેટલાંક તો ખૂબ જ પ્રતિષ્ઠિત છે. તેમાં પ્રથમ પદ ૧૮૨૮માં સ્થપાયેલા ' એથીનિયમ'ને ઘટે. 'ટાઇમ્સ લિટરરી સપ્લીમેન્ટ' પણ તેમાં ઉત્તમ સ્થાન ભોગવે છે.

એડિસનના ‘સ્પેક્ટેટર’ને ૧૮૨૮માં પુનઃ જીવાદોરી પ્રાપ્ત થઈ; તેની સાથે શ્રેષ્ઠ સાહિત્યકારોની નામાવલિ સંકળાતી રહી છે: હટન, મેરેડિથ, ટાઉનસેન્ડ, લો, સ્ટ્રેચી ઈ.. બીજું વિખ્યાત નામ ‘સૅટરડે રિવ્યૂ’નું છે. મી. માસિંગહામે ૧૯૦૭માં સ્થાપેલું ‘નેશન’, ‘એથીનિયમ’ સાથે જોડાઈ ગયું છે. અને ‘ટી. પી.ઝ વીકલી’ના નામનિર્દેશ વગર તો બધું લખ્યું અફળ જ સમજવું. ઇંગ્લેન્ડના સર્વશ્રેષ્ઠ પત્રકાર તરીકે તેમના સમયમાં પંકાયેલા મહાન પત્રકાર ટી. પી. ઓકોનોરનું એ લોકલાડીલું તેજસ્વી સાપ્તાહિક હતું.

સાંપ્રદાયિક વૃત્તપત્રોનો પણ સાથે સાથે ખૂબ વિકાસ થયો હતો. એમાં સાહિત્યસેવાનું તત્ત્વ ક્રમશઃ વધારે ને વધારે સ્થાન રોકતું રહેલું છે. ‘બ્રિટિશ વીકલી’, ‘ગાર્ડિયન’, ‘ચર્ચ ટાઇમ્સ’, ‘ક્રિશ્ચિયન વર્લ્ડ’, ‘ક્રિશ્ચિયન’, ‘ક્રિશ્ચિયન કોમનવેલ્થ’, ‘ટૅબ્લેટ’, ‘જ્યુઈશ ક્રોનિકલ’ ઈ. પત્રો ખ્રિસ્તી ધર્મના જુદા જુદા પંથો અને વાડાનું પ્રતિનિધાન કરે છે. તેમાં ‘વૉરક્રાય’ મુક્તિફોજના મુખપત્રનું સ્થાન નિરાળું છે. એના એક સમયે ૭ લાખ ઉપર ગ્રાહકો હતા!

લગભગ પ્રત્યેક ધંધારોજગારનું પોતીકું વિશિષ્ટ વૃત્તપત્ર, ઇંગ્લેન્ડમાં ન હોય તો બીજે ક્યાં હોય? એનાં જંગલો વટાવવાં અહીં સર્વથા અશક્ય છે. માત્ર મુખ્ય વ્યવસાયોનાં મુખ્ય પત્રોનો અત્યંત આછેતરો ઉલ્લેખ પણ આપણાથી માંડ થઈ શકશે.

વૈદ્ય માટે ‘લૅન્સેટ’ (૧૮૨૩), અને ‘બ્રિટિશ મેડિકલ જર્નલ’ (૧૮૫૬) એ મુખ્ય પ્રમાણભૂત સામયિકો ગણાય. વકીલોનો મદાર ‘ટાઇમ્સ લૉ રિપોર્ટ્સ,’ અને ‘સૉલિસિટર્સ જર્નલ’ ઉપર વીસ વર્ષ પહેલાંની વાત ઉપર હતો. ઇજનેરોનું ‘એન્જીનીયર’ (૧૮૫૬) પહેલેથી હજી સુધી એક જ માલિકના હાથમાં રહેલું છે. ૧૮૬૬માં ‘એન્જીનીયરિન્ગ’ શરૂ થયું. વિજળીનું પ્રતિનિધાન ‘ઇલેક્ટ્રિકલ રિવ્યૂ’ (૧૮૭૨) અને ‘ઇલેક્ટ્રિશિયન’ (૧૮૭૮) કરે છે. યાંત્રિકો માટે આ ઉપરાંત ‘મેકૅનિકલ વર્લ્ડ’ આદિ

અનેક સાપ્તાહિકો અને માસિકો ચાલે છે. ઉપરાંત 'આઇરન ઍન્ડ કોલ ટ્રેડ્ઝ રિવ્યૂ,' 'ગ્રોસર' ઈ. સેંકડો છાપાં પોતપોતાના ક્ષેત્રમાં ખૂબ કામગીરી કરી રહેલાં છે. બાગાયતનું 'ગાર્ડનર્સ ક્રોનિકલ' (૧૮૪૧) પ્રથમ વૃત્તપત્ર હતું. દરજીઓનું પહેલું છાપું 'ડ્રેપર્સ રેકોર્ડ' હતું.

પરંતુ 'પંચ'! એના ઉલ્લેખ વિના બધું એકડા વગરનાં મીંડાં જ ને! બહુ આશ્ચર્ય અને હાસ્ય ઉપજાવે તેવી હકીકત એ છે કે એ હાસ્ય-પત્રનો પ્રારંભ ઉપર્યુક્ત 'ગાર્ડનર્સ ક્રોનિકલ'ને નામે થયો હતો! આ એક જ સચિત્ર હાસ્યપત્રે એક સો વર્ષ સુધી એ ક્ષેત્રનો જે વિકાસ સાધ્યો છે, તેનાં મૂલ્યાંકન કોણ અને કેવી રીતે કરી શકે?

આ વાત સુશિક્ષિત, અને 'ઉપલા થરના' કહેવાય એવા વર્ગો માટેના વૃત્તપત્રકારત્વની થઈ. પરંતુ અર્ધશિક્ષિત સમાજ, કારીગરો અને કિશો-રોના આમસમૂહો માટે નીકળતાં પત્રો તો બાકી જ છે. લોકરુચિને માફક આવતી એક બાબત તે ગુનાખોરીના બનાવો, પોલીસ કોર્ટના કેસ, રમતગમતોના અહેવાલ છે. એ ક્ષેત્રની 'સ્પેશીયાલિટી' વાળાં પ્રચંડ પત્રો હતાં અને છે. લંડનનું જૂનામાં જૂનું એવું છાપું ૧૮૪૨માં સ્થપા-યેલું 'લોઈડ્ઝ વીકલી ન્યુસ'. તેની સવા બાર લાખ નકલો આજથી વીસ વર્ષ પહેલાં ખપતી હતી! 'ન્યુસ ઓફ ધી વર્લ્ડ' (૧૮૪૩) તે સમયે સવા બાવીસ લાખ સુધી પહોંચ્યું હતું. 'રેનોલ્ડઝ વીકલી ન્યુસ' (૧૮૫૨), 'પીપલ' અને માન્ચેસ્ટરનું 'સન્ડે ક્રોનિકલ', એ બધાં વીસ વીસ લાખ ઉપરની ગ્રાહકસંખ્યાવાળાં અઠવાડિકો હતાં.

૧૮૭૦ના ફોસ્ટર્સના એજ્યુકેશન ઍક્ટને પરિણામે ઈંગ્લેન્ડમાં વાર્તાઓ, 'રસિક' માહિતીઓ, ટૂચકા, રમૂજ, સાદી સાદી ગોઠડીઓ અને ચમ-ત્કારિક વિચિત્રતાઓના ખબરઅંતર જેવા છોકરવાદી વાચનને પસંદ કરતો અર્ધભણેલો અધકચરો વિશાળ જનસમૂહ હસ્તીમાં આવ્યો. આ ઘરાકીના અફાટ ખજાનાની સાહસિક વૃત્તકારવર્ગ ઉપેક્ષા કરે ખરો? પરંતુ

ચાલુ છાપાંના તંત્રીઓ પોતાના જવાબદારી, ગાંભીર્ય અને વિવેકબુદ્ધિના રાહને છોડવા તૈયાર નહોતા. તેથી આ હળવી રુચિને પોષવા તથા તેનો લાભ ઉઠાવવા નવો જ વૃત્તકારવર્ગ નવી પદ્ધત પ્રકટાવીને બહાર પડયો. તેથી ઇન્ગ્લૅન્ડના પત્રકારત્વના બધા થરોમાં એક મહાન પલટો થયો, અને પત્રકારત્વની ચટકરંગી ચુંદડીમાં ચોખલિયાળી ભાત પડી!

'ટિટ–બિટ્સ', 'આન્સર્સ', 'પીયર્સન્સ વીકલી' જેવાં લોકપ્રિય બીજાં કોઈ પ્રકાશનો હશે ખરાં? એનાં નામ કોણે નથી સાંભળ્યાં કે જાણ્યાં? એ પત્રપ્રકારની આ વાર્તા છે.

આ નવા આંદોલનનો જનક સર જ્યૉર્જ ન્યુન્ઝ. એણે ૧૮૮૦માં માન્ચેસ્ટરમાં 'ટિટ–બિટ્સ' કાઢયું. તે પછી ૧૮૮૮માં બે હાર્મ્સવર્થ ભાઈઓએ 'આન્સર્સ' શરૂ કર્યું. એ બન્ને આજે ઉમરાવ છે. 'પીયર્સન્સ વીકલી' ન્યુન્ઝના મૅનેજર સી. આર્થર પીયર્સને શરૂ કર્યું હતું. પરંતુ આ હિલચાલ સ્વતંત્ર સર્જન કરીને અટકી નહિ. એ ત્રણે પ્રારંભકવીરો સમર્થ, વીર્યવાન અને અત્યંત સાહસિક પુરુષો હતા. વીસ વીસ અને ત્રીસ ત્રીસ લાખની ઘરાકીએ તેમના હાથમાં દ્રવ્યના ઢગલા મૂકી દીધા. લોકરુચિની નાડ ઉપર તેમની આંગળી બરાબર બેઠી હતી. વળી જે કેળવણીના કાયદાએ આ જ્ઞાનપિપાસા જગાડી હતી તેની પ્રાથમિક કક્ષા પસાર થતાં, લોકમાં ઉપર્યુક્ત ત્રણ ચમત્કારિક પત્રો કરતાં કંઇ વિશેષ, કંઈ ઉચ્ચતર વાચનની અપેક્ષા જાગી હતી. પરંતુ એમાં પણ ચમત્કૃતિ તો હોવી જ જોઈએ! ન્યુન્ઝ, પીયર્સન અને હાર્મ્સવર્થ બિરાદરો લોકને શું, કેવું અને કેવા રૂપમાં જોઈએ છે તે પૂર્ણપણે સમજતા હતા.

પરિણામ?

એ કે એ ત્રણેએ વિરાટ પ્રકાશનસંસ્થાઓ સ્થાપી. દૈનિક પ્રકાશનો અને તેની લાખે લેખાવતી ઘરાકીની ઝકઝોર મચી રહી; અને તેના છાંટા જૂનાં અખબારોને પણ ઊડ્યા વિના કેમ જ રહે? એમનાં અમુક તત્ત્વો તેમણે પણ સંકોચ અને શંકા સાથે પણ ઝીલ્યાં ખરાં.

ન્યુઝ સંસ્થાનું મુખ્ય અખબાર ' વેસ્ટમિન્સ્ટર ગેઝેટ '; પીયર્સનનું ' ડેઇલી એક્સપ્રેસ ' અને હાર્મ્સવર્થનું ' ડેઇલી મેઇલ '. તેમાં હાર્મ્સવર્થ બંધુઓ બધાને ટપી ગયા. તેમનું સાહસ બે ભાગમાં વહેંચાઈ ગયું. એક ભાગ તે 'આન્સર્સ'નો મૂળ સ્થાપક વર્ગ; અને તેનો પ્રકાશનસમૂહ, લોર્ડ નોર્થક્લિફ અને સર હેરલ્ડ હાર્મ્સવર્થ (તે આગળ જતાં લોર્ડ રોથરમીયર) હસ્તક, ખૂબ લોકપ્રિય છાપાં અને સાહિત્યનું ઉત્પાદન કરતો રહ્યો. અને તેનો ફાંટો મિ. કેનેડી જોન્સની દેખરેખ નીચે રાક્ષસી કદનાં દૈનિકો 'ઇવનિંગ ન્યુસ', ' ડેઇલી મેઇલ ', ' ડેઇલી મિરર ' ઇ. ઉપર એકાગ્ર બન્યો.

પ્રખ્યાત લોર્ડ નોર્થક્લિફના ચમકદાર અખબારવ્યવસાયનો આવી રીતે વિકાસ થયો હતો. અમેરિકાના હર્સ્ટની પ્રચંડ ગ્રાહકસંખ્યાની હરિફાઇ કરે એવો ઇંગ્લેન્ડનો નરવીર હોય તો નોર્થક્લિફ.

અને નાનાવિધ નવજાગૃતિના થનગનાટના વિશેષ વૈચિત્ર્યથી વિલસતી, નિત્યનવિન, નિત્યવિચિત્ર નારીના મનોરંજન કાજે પ્રકટ થતાં વિશિષ્ટ પત્રો નારીઘેલા ઇંગ્લેન્ડમાં નહિ તો બીજે કયાં ફાલેફૂલે ? 'કવીન'ની વાત આપણે કરી ચૂકયા. પરંતુ ફેશન, વિનોદ તથા સૌન્દર્યવર્ધનના નિત્ય વધતા ઉન્માદને પહોંચી વળવા એ એકલું પૂરતું નહોતું. એની કુમકે 'લેડીઝ પિકટોરિઅલ' (૧૮૮૦) ' ધી લેડી ' (૧૮૮૫), ' વુમન ' (૧૮૮૯), 'જેન્ટલવુમન' (૧૮૯૦), 'લેડીઝ ફીલ્ડ' (૧૮૯૮) ઇ. પ્રચંડ ફેલાવાવાળાં અનેક સુંદર સામયિકો નારીજગતની સેવામાં નીકળી પડયાં છે. તે ઉપરાંત, લગભગ પ્રત્યેક દૈનિક તથા અન્ય સામયિકો જોગમાયા નારીના મનોરંજન અર્થે સમર્પિત પોતપોતાના ખાસ વિભાગોને ખૂબ ખંતથી કેળવે છે.

મહિલાઓએ આટલેથી સંતોષ નહિ પામતાં પત્રકારત્વના વ્યવસાયમાં પણ ઝૂકાવ્યું; અને તેનાં રિપોર્ટિંગ જેવાં કેટલાંક વિશિષ્ટ અંગો તેમને એવાં અનુકૂળ થઈ પડયાં છે, કે સાચે જ એમણે પશ્ચિમના વૃત્તકારત્વમાં એક નવા યુગનું સર્જન કર્યું છે એમ કહીએ તો ખોટું નથી.

આ તો મુખ્યત્વે લંડનની વાત થઈ. પરંતુ તેની બહાર પ્રાંતોમાં

પણ પત્રકારત્વનો વિકાસ પ્રચંડ થયો હતો. પ્રાંતીય શહેરોનાં પત્રોના વગવસીલા, રાજકારણ તથા સમાજવ્યવસ્થા ઉપર તેની અસર વ્યાપક અને ઊંડી છે. તેમાં જૂનામાં જૂનું ૧૮૧૭માં સ્થાપેલું 'સ્કૉટ્સમન' ગણાય. એ છાપું એડિનબર્ગમાં નીકળ્યું હતું. સ્કૉટલૅન્ડનું એ મુખ્ય અખબાર કહેવાય.

'માન્ચેસ્ટર ગાર્ડિયન' એટલે લંડન બહારના બ્રિટિશ પત્રકારત્વનો બિનતાજ બાદશાહ. મિ. સી. પી. સ્કૉટની અડધી સદીની જીવનસમર્પિત સેવાએ એનામાં સમાજની સમર્થ વિધાયક શક્તિ પ્રકટાવી હતી. ૧૮૨૧માં એનો જન્મ થયો હતો. એનો ઇતિહાસ એટલે એક સદીનો ગ્રેટ બ્રિટનનો ઇતિહાસ.

હિંદના 'બળવા'ના વર્ષ ૧૮૫૭માં 'બર્મિંન્ગહામ ડેઇલી પોસ્ટ' પ્રકટયું. 'યોર્કશાયર પોસ્ટ,' 'લિવરપૂલ ડેઈલી પોસ્ટ,' 'લિવરપૂલ કૂરિયર' 'ન્યુકેસલ ક્રૉનિકલ,' 'બ્રેડફર્ડ ઑબ્ઝર્વર,' 'યૉર્કશાયર ઑબ્ઝર્વર,' 'શેફીલ્ડ ટેલિગ્રાફ,' અને તેનો પત્રસમૂહ ઈ. ઉત્તર ઈંગ્લૅન્ડનાં મહત્વનાં અખબારોમાંનાં મુખ્ય ગણાય. લૉર્ડ નોર્થક્લિફની માલિકી પણ તેમાંનાં કેટલાંક ઉપર હતી; તેમાં 'સ્પોર્ટિંન્ગ ક્રૉનિકલ' અને 'ડેઇલી ડિસ્પેચ' મુખ્ય. 'માન્ચેસ્ટર ઇવનિંગ ન્યુસ' નામે સાહસિક પત્રે ઝડપી પત્રકારત્વના 'સ્ટૉપ પ્રેસ'ના નુસખાની પહેલ કરી હતી.

દક્ષિણ ઈંગ્લૅન્ડમાં 'બ્રિસ્ટલ ટાઇમ્સ ઍન્ડ મિરર,' 'બ્રિસ્ટલ મર્ક્યુરી,' પ્લીમથનું 'વેસ્ટર્ન ડેઇલી મર્ક્યુરી' ઈ. ખૂબ મોટાં અખબારો ફૂલ્યાંફાલ્યાં હતાં. એ તરફ પ્રખ્યાત પ્રકાશકકુટુંબ સ્પેન્ડર્સની જમાવટ થઈ હતી.

'ગ્લાસ્ગો હેરલ્ડ' (૧૭૮૩) બહુ જ મહત્વનું અખબાર લેખાય છે. 'ગ્લાસ્ગો ડેઇલી રેકૉર્ડ', 'ઍબર્ડીન જર્નલ' (૧૭૪૮), 'ઍબર્ડીન ફ્રી પ્રેસ' (૧૮૫૩) 'ડન્ડી ઍડવર્ટાઇઝર' (૧૮૦૧), 'ડન્ડી કૂરિયર' (૧૮૫૧)—એ સ્કૉટલૅન્ડનાં મુખ્ય છાપાં. વેઇલ્સમાં 'વેસ્ટર્ન મેઇલ' (૧૮૬૯), 'ન્યુસ ઑફ

ધી વર્લ્ડ" અને 'સાઉથ ડેઈલી ન્યુસ' (૧૮૭૨) ઉપરાંત કેટલાંક સાંજિયાં દૈનિકો અને સામાહિકોનો પ્રચાર પુષ્કળ છે.

આયરલૅન્ડમાં ડબ્લીનનું 'આઈરિશ ટાઇમ્સ' મોટામાં મોટું રાષ્ટ્રીય પત્ર હતું. ઉપરાંત 'ડબ્લીન ડેઈલી ન્યુસ' (૧૫૫૧), 'ફ્રીમન્સ જર્નલ' (૧૭૬૩), 'બેલ્ફાસ્ટ ન્યુસલેટર' (૧૭૩૭), 'કૉર્ક એગ્ઝામિનર' (૧૮૪૦) એ ત્યાંનાં જૂનામાં જૂનાં છાપાં.

બ્રિટિશ સામ્રાજ્યની ગોરી વસાહતોમાં 'મોન્ટ્રીલ ગૅઝેટ' (૧૭૬૫), 'મોન્ટ્રીલ હેરલ્ડ', 'સ્ટાર', ટોરોન્ટોનું 'ગ્લોબ', સિડનીનું 'સિડની ડેઈલી ટેલિગ્રાફ', 'મેલ્બોર્ન આર્ગસ' (૧૮૪૬), 'મેલ્બોર્ન એઈજ' (૧૮૫૪), 'સિડની બુલેટિન', 'કેઈપ ટાઇમ્સ' (૧૮૭૬), 'જોહાનીસબર્ગ સ્ટાર' ઈ. પુરાણાં અને પત્રકારત્વમાં ઐતિહાસિક દૃષ્ટિએ નોંધપાત્ર સામયિકો લેખાય.

બ્રિટિશ વૃતવિવેચનના પ્રારંભ અને વિકાસનાં આ મુખ્ય સીમાચિહ્નો. છેલ્લાં વીસ વર્ષ દરમ્યાન આ વસ્તુસ્થિતિ એકંદર કાયમ હતી, પરંતુ તેમાં કેટલીક નૂતનતાઓ આવી હતી. દા. ત., 'ડેઈલી હેરલ્ડ'નું મહત્વ ખૂબ વધી ગયું હતું. વળી જાહેરખબરની ઉપેક્ષા કરનાર બ્રિટનનું એક માત્ર કૉમ્યુનિસ્ટ તરવરીયું અને તરવારિયું ' ડેઈલી વર્કર ' શરૂ થયું હતું. તેણે ઘણી તડકાછાંયડી દીઠી, પરંતુ પોતાનું તેજકીરણ એણે ઝાંખું પડવા દીધું નથી. મોટાં છાપાં એટલે જાહેરાતનાં ગરજાળ; તે વિના એમનાથી નભી શકાય જ નહિ. અને જાહેરાત કરનારા એટલે મોટા કારખાનાંમાલિકો અને પૂંજીપતિઓ. ક્રાંતિ, ઊથલપાથલ, પૂંજીવાદનો નાશ અને એવા વિપ્લવ-કારક આંદોલનોની હિમાયત કરતાં પત્રોને એ કેવી રીતે પોષે ! એમાં તો સ્વનાશ નોતરવા જેવું થાય. વિશાળ ફેલાવાનો લાભ લેવાના મોહને પણ મર્યાદા હોય. અમુક હદ પછી, એ લોભ પણ આત્મવિઘાતક માર્ગે તેમને આગળ ખેંચી શકે નહિ. તેથી ગ્રેટબ્રિટનમાં વિપ્લવવાદી અને ક્રાંતિ-કારી અખબારોનો પ્રભવ અસંભવિત છે. એ તો દેશ જ્યારે આર્થિક અંધેરમાં ડૂબે ત્યારે જ એ પ્રકારના પત્રકારત્વને અવકાશ મળે !

અદ્યતન બ્રિટિશ પ્રેસમાં કૉન્ઝર્વેટિવ જમાત, સંખ્યા તેમજ શક્તિમાં અતુલ છે. અત્યારના ત્યાંના 'નૅશનલ' રાજતંત્રમાં અંદર અંદર ટીકાખોરી અને ચડભડાટ દેખાય છે, પરંતુ બહારના 'દુશ્મન' સામે તો "બધા શ્વાન એક સાથે" થઈ જ જાય. અત્યારનું યુદ્ધ પક્ષોની ભેળસેળ કરી રહેલું છે; એને અંતે કદાચ નવા જ રાહે પક્ષો પડે તો નવાઈ નહિ.

સામ્યવાદી–સોશિયાલિસ્ટ–તર્કશ્રેણી અત્યારના સંજોગોમાં બળવત્તર થતી જાય છે. છતાં પત્રોમાં તેનું પ્રતિનિધાન સંરક્ષણવાદી છાપાંની સરખામણીમાં સૂર્ય સામે કોડીયું ધરવા જેટલું જ છે.

નોર્થકિલફ, રોથરમીયર, રોન્ડા ઈ. જેવા કરોડપતિ પત્રસમૂહમાલિકો બ્રિટિશ વૃત્તપત્રોના ભાગ્યવિધાતા છે. તેમને છતે અત્યારની સમાજવ્યવસ્થા સાથે ચેડાં કાઢવાની કોની ગુંજાયશ હોય? વાતોનાં વાળુ ભલે ગમે તેટલાં થાય, પરંતુ તેના અમલનું નામ લેવાની પણ કોઈની તાકાત નથી.

ચાલુ વિગ્રહ ફાટી નીકળ્યો તે વખતે ઇંગ્લૅન્ડના પત્રકારત્વની સ્થિતિ ટૂંકામાં નીચે પ્રમાણે હતીઃ

એ ધંધામાં ૮૦,૦૦૦ માણસો કામ કરતાં હતાં. એ કામગાર સમુદાય થોડા જ સમૂહોમાં વહેંચાયેલો હતો, અને તેમાંના ઘણા ખરા સમુદાયો ઉપર થોડાં માતબર ધનકુબેર કુટુંબોનું પ્રભુત્વ હતું. એવા મોટા સમૂહો અગિયાર હતા. તેમાં મોટામાં મોટોસમૂહ હાર્મ્સવર્થ સંઘનો હતો. તેની પાસે ત્રણ સવારિયાં, બાર સાંજિયાં, બે રવિવારિયાં અને છ સાપ્તાહિક પત્રો હતાં, તે ઉપરાંત કૅમરોઝ, કેમ્સલી, ઇલીફ, ઑડહમ, બીવરબ્રૂક, અને કૅડબરી જેવાં ધરખમ ખાન્દાનોની માલિકીનાં જંગી જૂથોના હાથમાં મોટે ભાગે પ્રાન્તોનાં પત્રો હતાં. સ્વતંત્ર રીતે ચાલતાં છાપાં લંડનમાં બે જ હતાં–"ટાઇમ્સ" અને "ડેઇલી વર્કર." ૧૯૩૮માં "ડેઇલી એક્સપ્રેસ" અને "ડેઇલી હેરલ્ડ"નો ફેલાવો વીસવીસ લાખ ઉપર હતો. અને "ડેઇલી મેઇલ", "ડેઇલી મિરર", તથા "ન્યુસ ક્રૉનિકલ"માંના દરેકનું રોજિંદું

વેચાણ દસ લાખ ઉપર હતું. એ રવિવારિયાંના ગ્રાહક ત્રીસ ત્રીસ લાખ ઉપર અને ત્રણનાં દસ અને વીસ લાખની વચમાં હતાં. નવ દૈનિકોની ગ્રાહક સંખ્યા ૧૯૩૯માં એક કરોડ પચાસ લાખ અને બાર રવિવારીયાંની દોઢ કરોડ હતી, અને તેનો મોટો ભાગ કરોડપતિ ખાનદાનોનો ગુલામ હતો. અત્યારે ૧૯૪૪માં આ વસ્તુસ્થિતિમાં ખાસ ફેર પડેલો હોવાનું માનવા કારણ નથી. બલકે ફેર પડયો હોય તો પૂંજીવાદનો કાબૂ વધવા રૂપે જ હોય.

'ટાઇમ ઍન્ડ ટાઇડ', 'વેસ્ટર્ન મેઇલ' આદિ ઘણાં પ્રભાવશાળી અને પ્રગતિમાન અખબારોએ પત્રકારત્વના તખ્તા ઉપર દેખા દીધી છે. પ્રાગતિક વૃત્તવિવેચનનો જથો વધ્યો છે. પરંતુ સ્વભાવે કરીને જ બ્રિટનનું પત્રકારત્વ કોઈ પણ મોટા ફેરફારને, પૂંજીવાદના ગઢનો કાંગરો પણ ખેરવે એવા આંદોલનને, કદી મચક નહિ જ આપે; અને મર્યાદિત વાણિવિલાસથી મુગ્ધ થનારા ખાણુ ખાય છે, એની પ્રતીતિ એ પત્રકારત્વના પ્રવાહોને ધ્યાનથી નીરખનાર કોઈ પણ બુદ્ધિશાળી મનુષ્યને પૂર્ણપણે થયા વિના નહિ રહે. નાફેરવાદ, એ બ્રિટિશ છાપાંનો જીવનાધાર; બાકી બધું પોથીમાંનાં રીંગણાં, વાડીનાં નહિ.

પ્રકરણ ૧૮

યૂરોપ, અમેરિકા, ટર્કી, જાપાન.

The Editor sat in his sanctum
His countenance furrowed with care
His mind at the bottom of business
His feet at the top of a chair.
His chairarm an elbow supporting
His right hand upholding his head,
His eyes on his dusty old table
with different documents spread.

—*Anon*

યૂરોપખંડમાં અખબારપ્રકાશનના વિકાસની આંટીઘૂંટીની આછેતરી નોંધ પણ આ ટૂંકા અવલોકનમાં અશક્ય અને અસ્થાને છે. અહીં તો અમુક અગ્રગણ્ય નામોનો પણ થોડો ઉલ્લેખ થઈ શકે, તો યે પૂરતું ગણાય.

ફ્રાન્સમાં ૧૭૮૯માં 'જુર્નાલ દે દેબાત" (Journal des Debats) નો જન્મ થયો. ૧૮૩૬માં પ્રખ્યાત લેખક એમિલ દ ગિરાદી (Emil de Girardin)એ 'લા પ્રેસ' (La Presse) શરૂ કર્યું. ૧૮૫૪માં પ્રખ્યાત અખબાર 'લ ફિગારો' (Le Figaro) નો ઉદ્ભવ થયો. દુતાકે (Dutacq) પ્રસિદ્ધ 'લ સીએકલ' (Le Sieckle) નો પ્રારંભ

કર્યો હતો. ૧૮૭૮માં હેન્રી રોશેફોર્તે (Henri Rocheforte) એ 'લાં લાન્તર્ન' (La Lanterne) ની સ્થાપના કરી હતી, પરંતુ એની અણુગમતી નીતિને લીધે રાજસત્તાએ તેને તરત જ દાબી દીધું હતું. આ ફ્રેન્ચ પત્રકારત્વની સ્થાપનાનાં મુખ્ય સીમાચિહ્નો.

છેલ્લાં વીસ વર્ષોએ ફ્રેંચ પત્રકારત્વને વિકાસની પરાકાષ્ટા બતાવી હતી. એ સમયમાં પારિસનાં મુખ્ય વૃત્તપત્રો (૧) 'લ તાં' (Le Temps), 'જુર્નાલ દે દેબાત', 'ફિગારો,' 'જુર્નાલ,' 'લ સીએકલ', 'પેતિત પારિશિયાં,' 'પેતિત જુર્નાલ', 'લ માતીં,' 'લેકલેર' (L'Eclair), અને 'એકો દ પારી' (Echo de Paris) એ સામાન્ય રિપબ્લિકન રંગનાં; (૨) 'લૉરોર' (L'Aurore), 'લા લાન્તર્ન', મોં. જોરે (Jaures) નું 'લ્યુમાનિતે' (L'Humanite), મોં. કલેમેંસોનું 'લ બ્લૉક,' એ રૅડિકલ સોશિયાલિસ્ટ મતનાં; (૩) 'લા પાત્રી' (La Patrie), 'લા કોકાર્દ' (La Co-carde) અને 'લાંત્રાંસિઝાં' (L'Intransigeant) એ નેશનાલિસ્ટ ઝોકવાળાં છાપાં, અને (૪) 'લ ગોત્વા' (Le Gautois), 'લ સોલર્લ' (Le Soleil) અને 'લા ક્રવા' (La croix) કૉન્ઝર્વેટિવ વર્ણનાં અખબાર હતાં.

પારિસ બહારનાં વૃત્તપત્રોમાં મુખ્ય નામો તે બોર્ડોનું 'લા ગિરોંદ' (La Gironde), 'લા દેપેશ' (La De'peche, Toulouse), 'લ લીઓં રિપુબ્લિકા' (Le Lyon Republican) લીલનું 'લેકો દુ નાર્દ' (L'Echo du Nord) અને 'લીઓં જુર્નાલ દ રોવાં' (Lyon Journal de Rouen).

૧૯૩૯ નું ફ્રાન્સનું સરવૈયું કાઢીએ તો જણાય છે કે ફ્રેન્ચ જેવી રંગીલી પ્રજા ઇંગ્લૅન્ડના જેવા હળવા પત્રવ્યવસાયથી વેગળી રહેતી હતી! તેને વિચારવિનિમય, મનનની નાજૂક જાળગૂંથણી તથા તેના સૂક્ષ્મ પ્રકારોને બહેલાવવાનો ખૂબ શોખ હતો! આ કથન વિરોધાભાસવાળું

અને માનવું મુશ્કેલ લાગે, પરંતુ એ નરી હકીકત છે, કે ફ્રેન્ચ પત્રકારત્વ કરેલ, અને પત્રવ્યવસાયને ઇંગ્લૅન્ડ કરતાં વધારે ગંભીર મહત્ત્વ આપતું હતું, અને ત્યાંના પત્રસંચાલકો 'ફ્લીટ સ્ટ્રીટ'ના તેમના ધંધાબંધુઓ કરતાં વધારે ચતુર, દક્ષ, સુસંસ્કૃત—અને વધારે આઝાદતબીયત પણ હતા. ઇંગ્લૅન્ડની જેમ મહાન, સમર્થ વ્યક્તિઓ કે ધનકુબેર સંસ્થાઓના હાથમાં ફ્રેન્ચ પત્રોનાં ઝૂમખાં કદી કઠપૂતળી બની રહ્યાં નથી ઇજારાની નાગચૂડને તેમણે કદી ફાવવા દીધી નથી – ના, તેના આત્યંતિક અધો-ગતિના સમયમાં પણ નહિ! એ. જે. કમિંગ્ઝ જેવા લબ્ધપ્રતિષ્ઠ બ્રિટિશ પત્રકારનો એવો વિચારવંત અભિપ્રાય છે, અને ટ્વેન્ટિએથ સેન્ચુરી ગ્રંથમાળામાં પ્રસિદ્ધ થયેલા એમના 'ધી પ્રેસ' નામના ગ્રંથમાં તેણે એનું સ્પષ્ટીકરણ કર્યું છે.

૧૯૩૯ પછીની વ્યગ્ર સ્થિતિમાં એ દેશના ચૂંથાઈ ગયેલા પત્રકાર-ત્વનો પરિચય મેળવવો અશક્ય છે.

ભુખડીબારસ ઇટાલીમાં આ પ્રચંડ પત્રકારત્વ સાથે સરખાવવા જેવું કદી પણ કશું નહોતું. મિલાનનું 'ઇલ સેકોલો' (૧૮૬૬), અને 'લા કૂરિયર ડેલાસેરા' (૧૮૭૬), રોમનાં 'ટ્રિબ્યુના', 'મેસાગેરો' અને 'લૉઝર્વેટૉર રોમાનો', એ ફાશીઝમ પહેલાનાં મુખ્ય પત્રો હતાં. ફાશીઝમે ફુગાવેલા પોલા પત્રકારત્વના નકલી રબ્બર-ફુગાની તો નોંધ પણ નિરુપયોગી છે.

યૂરોપનો ફ્રાન્સની હારમાં મૂકાય એવો પત્રકારત્વખંડક હોય, તો તે જર્મનીનો. નાત્સીઝમના જમાના પહેલાં 'બેર્લિનર ટાગેબ્લાટ' (Berliner Tageblatt) અને 'લોકલ આઉત્સાઈગર' (Lokal Auzeiger) ના ફેલાવા બધાથી વધારે મોટા હતા. એ લિબરલ રંગનાં હતાં. કૉન્ઝર્વેટિવ 'નાયે પ્રૉઇસિત્સિશે ત્સાઈટુંગ' (Neue Preuszische Zeitung), વ્યાપારી 'વોસિશે ત્સાઇટુંગ' (Vosische Zeitung),

ડીમોક્રૅટિક 'મૉર્ગેન પોસ્ટ' (Morgen Post), સોશિયાલિસ્ટ 'ફૉર વૅર્ટ્સ' (Vorwarts), અર્ધ સરકારી 'નૂડડોઇડશે આલ્ગેમાઇને ત્સાઈટુંગ' (Norddeutsche Allgemeine Zeitung), ક્રૂપ્સનાં કારખાનાંનું મુખપત્ર 'બેર્લિનર નૉઇસ્ટે નાખ્રિખ્તન' (Berliner Neuste Nachrichten)–એ પાટનગર બર્લિનનાં મુખ્ય પત્રો. બર્લિન બહારનાં 'ફ્રેન્કફુર્ટર ત્સાઈટુંગ' (Frankfurter Zeitung,) 'કિળનિશે ત્સાઇટુંગ' (Kolnische Zeitung), 'હેમ્બુર્ગિશે નાખ્રિખ્તન' (Hamburgische Nachrichten), 'મિન્શનર નૉઇસ્ટે નાખ્રિખ્તન' (Miinchener Neueste Nachrichten) અને તીખું તમતમતું સાપ્તાહિક 'સિમ્પ્લી સિસીમસ' (Simplicissimus) ખૂબ પ્રચલિત હતાં.

અને તે પછી તો પરિવર્તનો શરૂ થયાં. ૧૯૨૦થી ૧૯૩૯નો જર્મનીનો અખબારઇતિહાસ, એટલે મોટી ઊથલપાથલો. એ જ્વાલામુખી શા ઉત્પાત ૧૯૩૩ પછી નાત્સી તંત્રમાં સર્વસત્તાધિકારને ધોરણે ૧૯૩૯ સુધી ઠરીઠામ રહ્યા. નાત્સી અમલ દરમ્યાન પ્રવર્તતી સ્થિતિ ચીતરતાં પુસ્તકો ભરાય, અને લાગણીઓ પણ દુઃખાય! છતાં થોડાં વાક્યોમાં એનો ઉપરચોટિયો ચિતાર લેવાનો પ્રયત્ન કરીએ.

મી. કમિંગ્ઝ કહે છેઃ

The mortal injury done to the great German Press provides a more effective argument than any I could employ as a warning of the terrible consequences that follow the total suppression of liberty of thought. When the Nazis obtained power in Germany the blight that fell on culture virtually destroyed the German Press as a living organisation besides putting an end to the journalist's authority and ruining his economic position. The great majority of German newspapers have forfeited beyond question the respect

of readers as well as support of advertisers...It must not be forgotten that the German public is the best educated and most intelligent in Europe, with a strong sense of culture and keen intellcetual curiosity.

કેવો કરુણ અંજામ !

આ ઉલ્કાપાતમાં પણ ૧૯૩૯ સુધી પોતાનું કર્તવ્ય પાળવાના, પત્રકારત્વના મોભામરતબાના રહ્યાસહ્યા અવશેષોને વળગી રહેવાના દયનીય પણ પ્રયત્નો કરવાનો દુબળોપાતળો યશ 'ફ્રેન્કફુટર ત્સાઇટુંગ', 'બેર્લિનર ટાગેબ્લાટ', 'હેમ્બુર્ગર ફ્રેમદનબ્લાટ' (Hamburger Fremdenblatt) અને 'કિલનિશે ત્સાઇટુંગ' પ્રભૃતિ અખબારોને ફાળે જાય છે. જ્યાં નાઝી વર્ચસ્વ પ્રબળ હતું ત્યાં છાપાં નિર્જીવ હતાં. જર્મનો છાપાંપરસ્ત જાત હતી. પણ એ બધું પલટાઈ ગયું છે. નાત્સી અમલમાં છાપાંનો ફેલાવો પચાસ ટકાથી પણ અધિક ઘટી ગયો હતો. પત્રકારત્વના પ્રત્યેક વિભાગને એક આપત્તિએ આવરી લીધો હતો. વૃત્તપત્રો તો મુઆ સરખાં થઈ ગયાં હતાં. સાંપ્રદાયિક પત્રોને નાત્સીવાદનું હીમ લાગ્યું હતું. લોકોને નાત્સીવાદનાં કતારબાંધ્યાં છાપાં વાંચવાં નથી, અને સત્તાવાળા તેને લોકો પાસે વંચાવવા મથે છે. એ માટે અનેક આકરા ઉપાયો પણ યોજાય છે. અને જનસમાજ જેને ઊલટથી વાંચતો હતો તેવાં સેંકડો આઝાદતબીયત પ્રચંડ અખબારો ક્યારનાં ઓલવાઈ ગયાં છે.

નાત્સી સત્તાએ પહેલો પંજો છાપાં ઉપર જ પછાડયો હતો. થીઓડોર વુલ્ફ, જ્યોર્જ બર્નહાર્ટ, ફ્રેડરીક સ્ટાંફર અને હેલ્મટ ફોન ગેરલાખ જેવા પ્રસિદ્ધ પત્રકારો ત્યાંથી વહેલા નાસી છૂટયા હતા.

જો કે જર્મનીમાં પત્રકારની દશા બીજા કોઈ પણ બુદ્ધિપ્રધાન વ્યવસાયના પૂજારીઓ કરતાં કંઈ વધારે હીણી નહોતી. હિટલરશાહીએ તો એ સર્વનો તેજોવધ કરી નાખ્યો હતો.

એણે જર્મનીમાં નવી જીવનફિલસૂફી, નવી જીવનપદ્ધતિ, અને નવી વિચારસરણીની સૃષ્ટિ તલ્વારની ધારે સર્જી છે. એના પ્રચંડ અને ધરમૂળના વિપ્લવનાં મૂલ્યાંકન કરનાર આજે કોઈ પણ પત્રકાર પૂર્વગ્રહથી અલિપ્ત રહી શકે જ નહિ. તેથી તેનો વાસ્તવિક અંદાજ કાઢવાનું કામ તો થોડા વેગળા ભવિષ્યના કોઈ મહેનતુ તારૂંખ માટે અનામત છોડી દઈને આગળ ચાલવું, એવું ન્યાયવૃત્તિ માગે. દરમ્યાન, આટલી "પહેલી છાપ", "પહેલા પ્રત્યાઘાત"નું, જેવું છે તેવું આલેખન કરીને આ અત્યંત મહત્ત્વના વિષયને આપણે છોડવો પડશે.

અમેરિકાનું પ્રથમ વૃત્તપત્ર ૧૬૯૦ ની સાલે બેન્જામિન હૅરિસ નામે બોસ્ટનના એક નાગરિકે ચાર પાનાના સાર્થનામ ચોપાનીયા રૂપે કાઢયું હતું. પરંતુ તેને મેસાચ્યુસેટ્સના ગવર્નરે બંધ કરાવ્યું હતું. ૧૭૦૪ના એપ્રિલમાં બોસ્ટનના પોસ્ટમાસ્ટર જાન કેમ્પબેલે સ્થાપેલું "બોસ્ટન ન્યુસલેટર" સિત્તેર વર્ષ સુધી ચાલ્યું હતું. ૧૭૧૯ માં એ જ શહેરના બીજા પોસ્ટ માસ્ટર નામે વિલિયમ બ્રુકરે "બોટન ગૅઝેટ" શરૂ કર્યું હતું. તેનો મુદ્રક પ્રખ્યાત બેન્જામિન ફ્રાન્કલિનનો ભાઈ જેઇમ્સ ફ્રાન્કલિન હતો. તે પછી એ ગૃહસ્થે "ન્યુ ઇંગ્લૅન્ડ કૂરન્ટ" કાઢયું હતું.

અમેરિકામાં એક સદીથી વધારે વયોવૃદ્ધ પત્રોમાં "નૉર્થ અમેરિકન રિવ્યિર" (૧૮૧૫), 'સૅટર્ડે ઇવનિંગ પોસ્ટ' (૧૮૨૧), 'કન્ટ્રી જેન્ટલમન' (૧૮૩૧), 'મિશિગન ફાર્મર' (૧૮૪૩), 'થેઈલ લિટરરી મૅગેઝિન' (૧૮૩૬), 'સાયન્ટિફિક અમેરિકન' (૧૮૪૫), 'બૅન્કર્સ મૅગેઝિન' (૧૮૪૬) અને બીજાં કુડીબંધ પત્રો છે.

અમેરિકા એટલે ડૉલર; અમેરિકન પત્રકારત્વ એટલે ડૉલરકારત્વ, એનાં છાપાં અથાગ; એનાં છાપાંના ખર્ચા અફાટ; એના ફેલાવા અપાર; એની ધાંધલ અનંત; સનસની એનું જીવન; નિત્ય નવા કિસ્સા એ એનું જીવનધન.

દુનિયાના બીજા કોઈ પણ પત્રસમૂહ કરતાં અમેરિકાનાં પત્રો પાસે

નાણું ખર્ચવાની સગવડ વધારે દેખાતી રહે છે. આવી આકરી આંતરિક હરિફાઈ જોતાં, પ્રમાણમાં તેમને આમદાની પણ એટલી મોટી થતી હશે કે નહિ તે તો કોણ જાણે, પણ ચટકદાર સમાચાર મેળવવા કાજે જે રકમો ખર્ચવા અમેરિકાનાં છાપાં કરારે આગળ આવે છે, તેના આંકડા સાંભળીને જ કાચાપોચા પત્રકારનાં ગાત્ર ગળી જાય !

વિખ્યાત 'ન્યુ યોર્ક હેરલ્ડ' ૧૮૩૫માં શરૂ કરનાર વિલિયમ ગોર્ડન બેનેટ એ કાર્યપદ્ધતિનો 'બાપા રાવળ' હતો. પરંતુ 'ન્યુ યોર્ક વર્લ્ડ' (૧૮૬૦) નો સ્થાપક જોસેફ પુલિઝર તેને પણ ટપી ગયો હતો. પુલિઝર અલૌકિક પત્રકાર થઈ ગયો. આ બે છાપાંનું અમેરિકન પત્રકારત્વમાં અજોડ સ્થાન છે.

પરંતુ સેન્સેશન–સનસનીનું ચેમ્પિયન 'ન્યુ યોર્ક અમેરિકન' ગણાતું હતું. વિલિયમ હર્સ્ટની અનેક પત્રોની 'પત્રાવલી'માંનું એ એક છે. એની વૃત્તપત્રમાળા આખા અમેરિકા ખંડને આવરી રહી છે. હર્સ્ટ પત્રકાર આલમની અજાયબીઓમાંનો એક ગણાય છે.

ચમકઝમક ઉપર ગુજારો કરતાં આ પ્રચંડકાય છાપાં. પરંતુ 'ટ્રિબ્યુન' (૧૮૫૧) 'ટાઇમ્સ' (૧૮૫૧), અને 'સન' જેવાં જરા વધારે ધીરગંભીર અખબારો પણ ન્યુ યોર્કમાં ખૂબ લોકાદર પામે છે. ૧૭૬૬માં સ્થપાયેલું 'ન્યુ યોર્ક ઇવનિંગ પોસ્ટ' ઐતિહાસિક મહત્વનું છે. ઈ. એલ. ગોડકિને સ્થાપેલું 'નેશન' ખૂબ પ્રખ્યાતિ પામ્યું છે, અને સાહિત્યના ક્ષેત્રમાં તેનો પ્રભાવ સારો પડે છે. 'ઇવનિંગ પોસ્ટ' હરેક જાતની જાહેર જીવનની બદીના કટ્ટા શત્રુ તરીકે વિખ્યાત થયું છે.

ન્યુ યોર્કની બહારનાં છાપાંની સંખ્યા આકાશના તારાની જેમ ગણી ગણાય નહિ તેવી છે. જૂનાંમાં જૂનાં પત્રોમાં બોસ્ટનનું 'ટ્રાન્સ્ક્રીપ્ટ' (૧૮૩૦), 'હેરલ્ડ' (૧૮૩૬), ૧૮૭૨ માં જનરલ ટેલરે શરૂ કરેલું 'ગ્લોબ', ૧૮૨૪માં જન્મેલું 'સ્પ્રિન્ગફીલ્ડ રીપબ્લીકન,' વૉશિંગ્ટનનું 'પોસ્ટ' (૧૮૭૭),

તથા ફિલાડેલ્ફિયાનું 'પબ્લિક લેજર' (૧૮૩૬) અને 'પ્રેસ', એ છાપાં જૂનાં અને જાણીતાં હતાં. શિકાગોમાં વૃત્તપત્રો ઘણાં જ ફૂલ્યાં ફાલ્યાં છે. તેમાં મુખ્ય 'ટ્રિબ્યુન' (૧૮૪૭), હર્સ્ટે શરૂ કરેલું 'એગ્ઝામિનર,' 'ઇન્ટર ઓશન' અને 'રેકોર્ડ હેરલ્ડ.'

અને અમેરિકાનાં વ્યાવસાયિક વૃત્તપત્રોનો વિચાર સરખો કરતાં થથરી ઉઠાય છે. એ પત્રસૈન્યની ગણના કરવાનું મહાભારત કાર્ય એટલું દુષ્કર છે, કે તે દિશામાં પ્રયત્ન કરવાનો વિચાર માંડી વાળવામાં જ ડહાપણ છે.

આ વીસ વર્ષ ઉપરની વસ્તુસ્થિતિ હતી. તે પછી અમેરિકા આગળ વધ્યે જ ગયું છે. છેલ્લાં દસ વર્ષનું અવલોકન કરતાં પ્રથમ વસ્તુ આપણા જોવામાં એ આવે છે કે અમેરિકન પત્રકારત્વ ઉપર બ્રિટિશ અખબારો તરફથી અનેક પ્રકારના આક્ષેપો મૂકાતા રહે છે. પત્રકારત્વનાં સઘળાં દૂષણોની જાણે એ ખાણ હોય એવું દુનિયાને મનાવવાના પ્રયત્નો થયા જ કરે છે. પરંતુ એવી બદનામી કરવા પાછળ ઈર્ષ્યાનું તત્ત્વ હોવું જોઇએ. કેમકે વાસ્તવમાં અમેરિકન પત્રકારત્વનો વાંક એક જ છે–એ બીજા બધા હરીફો કરતાં વધારે સાહસિક અને સજાગરુ છે, તે ! કમિંગ્ઝ કહે છે: 'Comparing the American Press as a whole with the British Press I don't know that the advantage rests so emphatically on this side of the Atlantic" (એકંદર અમેરિકન પત્રકારત્વને બ્રિટિશ જોડે સરખાવતાં પરિણામ બ્રિટનના લાભમાં જ જાય એવું મારાથી કહી શકાતું નથી).

અમેરિકા એટલે વ્યાપાર રોજગાર. ત્યાંનાં છાપાં અને ત્યાંનો વ્યાપાર એકબીજાને પોષે છે. ત્યાંના જાહેર જીવનમાં, ચૂંટણીઓમાં, છાપાં ધારે તેને તારે અને ધારે તેને મારે, એવો એમનો પ્રભાવ છે. અમેરિકાની પ્રચારકળા એટલે જાહેરાતની કળાનો આડો આંક.

એક સમયનું પ્રચંડ પત્ર 'ન્યુ યોર્ક વર્લ્ડ' ૧૯૨૯ની મંદીનો ભોગ

બની ગયું. એનાં લિબરલ સાથીઓ 'બાલ્ટિમોર સન' અને સેઈન્ટ લુઇસનુ 'પોસ્ટ ડિસ્પેચ' પણ એવું સ્થાન લઈ શકે તેમ નથી.

અમેરિકાની હર્સ્ટ પત્રમાળા જેવી સ્ક્રિપ્સ–હાવર્ડ હારમાળા અનેક છાપાં રૂપી કઠપૂતળીઓના નાચથી જનતાને વશ કરે છે. તેમાં મુખ્ય ન્યુ યોર્કનું "વર્લ્ડ ટેલિગ્રામ" છે.

આવાં એક જ માલિકનાં અનેક છાપાંને "ટાબ્લોઈડ" અર્થાત્ યંત્રમાં ઢાળેલી ટિકડીઓ કહેવામાં આવે છે. તેમના ફેલાવા પ્રચંડ હોય છે અને તેમની પ્રચારશક્તિનો પાર નથી. તેવી "ટિકડીઓ"માં પહેલો નંબર ન્યુ યૉર્કના 'ડેઇલી ન્યુસ'નો છે.

ન્યુ યોર્ક 'ટાઇમ્સ', અને 'હેરલ્ડ ટ્રિબ્યુન' પોતાનો શક્કો પાડવાનું ચાલુ રાખી રહેલાં છે.

અમેરિકા પત્રસમૂહોના માલિકોનો દેશ છે. હર્સ્ટો અને સ્ક્રિપ્સ–હાવર્ડો તેના બાદશાહો છે. એ બાદશાહોના સમુદાયમાં નવા ઉમેદવારો ઉમેરાતા જાય છે. તેવો છેલ્લો ઉમેદવાર નામે ડેવિડ સ્ટર્ન છે. એણે જબરદસ્ત વૃત્તપત્રોની સાંકળ ઘડવા માંડી છે.

અને સૌથી વિચિત્ર હકીકત એ છે, કે અંગ્રેજી ભાષાભાષી બે મહાન દેશોની આ પત્રકારદુનિયાઓ વચ્ચે બાપ માર્યાનાં વેર છે. એકબીજાની નિંદા કરતાં એમાંથી કોઈ પરવારતું નથી!

૧૯૪૩ના જાન્યુઆરી મહિનામાં હિંદ સરકારના નિમંત્રણથી ટર્કી–તુર્કસ્તાનનાં વૃતપત્રોનું પ્રતિનિધિમંડળ દૈનિક 'ઉલુસ'ના તંત્રી શ્રી. ફાલિહરિફ્કી અતાઈની આગેવાની નીચે હિંદમાં વસ્તુસ્થિતિ નિહાળવા આવ્યું હતું. હિંદની અખબારઆલમે તેની ખૂબ ખાતરબરદાસ્ત કરી હતી. એ પ્રસંગે ટર્કીના અખબારો તરફ પણ લોકલક્ષને ઠીક ઠીક ખેંચ્યું હતું. એ દેશના વૃતવિવેચન સંબંધે ઉપલબ્ધ માહિતી ટૂંકાણમાં અહીં આપવી સમયોચિત થઈ પડશે.

તુર્કસ્તાનનાં વૃત્તપત્રો અમેરિકા અને ઈંગ્લેન્ડના તેના સહયોગીઓ જેટલું જ છુટાપણું અને અખબારી આઝાદી ભોગવે છે, પણ એક સમયે તેમની એવી દશા હતી કે તેઓ સ્વાતંત્ર્ય, રાજશાસન, રાજબંધારણ, માતૃભૂમિ. ઈ. જેવા શબ્દો પણ પ્રસિદ્ધ કરી શકતાં ન હતાં. સુલતાન અબ્દુલ હમીદ બીજાના શાસનયુગ (૧૮૭૬–૧૯૦૯)માં સરકારની ટીકા કરવાના અથવા નોકરશાહીના વર્તનને વખોડવાના ગુના બદલ ઘણાં અખબારોને બંધ કરી દેવામાં આવ્યાં હતાં; પણ આજે તેવી સ્થિતિ નથી. તુર્કસ્તાનનાં અખબારો છુટાપણું ભોગવે છે, અને સરકારની વાજબી ટીકા પણ કરી શકે છે. વર્તમાન યુદ્ધને અંગે આવશ્યક મર્યાદાઓ બાદ કરતાં ત્યાંનાં અખબારો પોતાના વિચારો દર્શાવવા માટે મુક્ત છે.

અંકારા ખાતે ટર્કિશ પ્રેસ બ્યુરો નામની સંસ્થા છે, જે તુર્કી સરકાર અને વર્તમાનપત્રો વચ્ચે સંબંધસાંકળની ગરજ સારી રહી છે.

આ સંસ્થા તરફથી 'આઇને તારિખી' નામનું માસિક પ્રસિદ્ધ થાય છે. વર્તમાનપત્રોને કોઈ પ્રશ્ન અંગે સરકારી દૃષ્ટિબિંદુ જાણવાની અગર સરકારની પરદેશ–નીતિ વિષે ચોખવટ કરવાની આવશ્યકતા આવી પડે છે, ત્યારે તુર્કી તંત્રીઓ આ સંસ્થા મારફત એવી ચોખવટ મેળવી લે છે. પરંતુ તે મરજિયાત છે.

તુર્કસ્તાનના દૈનિકો અમુક નિર્ણિત કદના કાગળો ઉપર છપાય છે: પણ તેનાં ચાર કે છ જ પાનાં હોય છે, અને તે સાત કોલમોમાં છપાય છે. તેમાં પ્રસંગોચિત તસ્વીરો પણ છપાય છે; પણ તુર્કી અખબારોમાં સામાન્ય રીતે રાજદ્વારી વ્યંગચિત્રો પ્રગટ થતાં નથી, જો કે 'અકશામ' જેવાં અપવાદરૂપ અખબારોમાં રાજદ્વારી કાર્ટૂનો અવારનવાર દેખાય છે ખરાં.

તુર્કી અખબારોના નામ રાતી શાહીમાં અને બાકીનું બધું લખાણ કાળી શાહીમાં પ્રગટ થાય છે એ તેમની એક વિશેષતા કહી શકાય. પણ

એ અખબારોની જગાનો બહુધા ભાગ રાજદ્વારી સમાચારો અને રાજકીય વિચારો પાછળ જ રોકાયેલો નજરે પડે છે અને જાહેર ખબરોનું પ્રમાણ તો તદ્દન ક્ષુલ્લક હોય છે. દૈનિકોના અગ્રલેખો સામાન્યતઃ ખૂબ જ અભ્યાસપૂર્ણ હોય છે. એ તંત્રીઓનો તુર્કી રાજદરબાર તેમ જ સમાજમાં ઉચ્ચ દરજ્જો છે.

ટર્કીમાં ૧૨૩ દૈનિક અખબારો અને ૧૪૦ અન્ય સામયિકો પ્રસિદ્ધ થાય છે. રોજિન્દા અખબારોનો મોટો ભાગ અંકારા, ઇસ્તમ્બુલ, અઝમીર (સ્મર્ના), અડાના, બ્રુસા વગેરે સ્થળે પ્રગટ થાય છે. આ દૈનિકોમાં 'ઉલુસ' 'મનીસબ્બાહ', 'અકશામ' 'ઇકદામ' 'જમહુરિયત' ઇ. અગ્રસ્થાને છે. 'મિલ્લત' 'પતન' 'હિકમત' વગેરેનું પણ સમાજ અને સરકારમાં સારું સ્થાન છે. 'અકશામ' અને 'મિલ્લત'ની ફ્રેન્ચ આવૃત્તિઓ પણ બહાર પડે છે. બાકીનાં તમામ વર્તમાનપત્રો ૧૯૨૮ની સાલથી તુર્કસ્તાનની ભાષા અને રોમન લિપિમાં પ્રસિદ્ધ થાય છે. તે પહેલાં એ અરબ્બી લિપિમાં છપાતાં હતાં.

ટર્કીમાં કેટલાંક અખબારો અને સામયિકો પરદેશી હિતો તરફથી પ્રગટ થાય છે. દાખલા તરીકે ઇટાલિયનોનું 'બેયોગ્લુ' (Beyoglu) જર્મનોનું 'ટર્કિશ પોસ્ટ' (Turkishe Post) ફ્રેન્ચોનું 'ઇસ્તમ્બુલ' (Istambul) અને યહુદીઓનું 'જરનલ ઓરિયન્ટ' (Journal Orient)

ટર્કીમાં લગભગ દરેક સ્ત્રીપુરુષ વર્તમાનપત્ર વાંચી શકે છે. એમાં મોટો વર્ગ ખેડૂત હોવાથી તેઓ અખબારો ખરીદી શકતા નથી અને પુસ્તકાલયોમાં તેનો લાભ લે છે. પત્રકારત્વના ધંધાને એ દેશમાં લાભદાયી ધંધો ગણવામાં આવતો નથી, છતાં તુર્કી અખબારોનુ ભવિષ્ય ઉજ્જ્વલ છે. ત્યાં દિનપ્રતિદિન કેળવણી વધતી જાય છે અને હુન્નરઉદ્યોગોની ખીલવણી પણ ઝડપભેર થઈ રહી છે, તેથી પત્રકારત્વના ધંધામાં પડનારાઓ માટે ટર્કીમાં સારું ભવિષ્ય પડેલું છે, એમ જરૂર કહી શકાય.

ટર્કીનાં મુખ્ય દૈનિકોના ખાસ બાતમીદારો જુદા જુદા દેશોનાં પાટનગરોમાં રહેતા હોઈ, તેઓ પોતાના અખબારોને અને વાચકોને પરદેશોને લગતી રાજદ્વારી બાબતો અને પ્રવૃત્તિઓથી સતત પરિચિત રાખે છે. ટર્કીમાં એક સ્વતંત્ર સમાચારસંસ્થા પણ છે. એનું નામ એનોલોલુ ન્યુઝ એજન્સી છે. એની વડી કચેરી અંકારામાં છે અને દેશનાં જુદાં જુદાં મોટાં શહેરોમાં એની શાખાઓ છે. એના પ્રતિનિધિઓ અને ખબરપત્રીઓ દેશભરમાંથી સમાચારો મેળવીને મુખ્ય કચેરીને મોકલે છે અને ત્યાર બાદ એ કચેરી તરફથી અખબારોને ખબરો પૂરા પાડવામાં આવે છે.

×

એશિયાખંડમાં તો પશ્ચિમને તેનાં જ સાધનો અને રાહોરસમમાં ટક્કર મારવાનો જાપાને એકહથ્થુ ઇજારો લીધેલો છે. વૃત્તપત્રોના વિષયને પણ જાપાને તેની સર્વગ્રાહિતામાંથી બાકી રાખ્યો નથી. પ્રચારવિદ્યામાં એની પ્રગતિ અદ્‌ભુત છે. જાપાન આખું રેડિયો-પાગલ છે. દસથી વીસ યેનમાં રેડિયો સેટ ત્યાં મળે છે, એટલે ઘેર ઘેર તેને સ્થાન છે, અને તે ઉપરાંત બધાં જ વિશ્રાંતિસ્થાનો, અને હોટેલો ઇ. જાહેર સ્થળોએ રેડિયો તો હોય છે જ. નાનામાં નાનાં ગામડાં અને જંગલો પણ તેનાથી વંચિત નથી. આઝાદ, કેવળ સ્વદેશના જ હિત ઉપર એકાગ્ર રહેતી રાજસત્તાના હાથમાં આ હથિયાર ઉત્તમોત્તમ પ્રકારે કેવું રાષ્ટ્રવિધાયક બને છે, તેનું જાપાન સજીવ દૃષ્ટાંત છે. એ પરાધીન દેશ નથી કોઈ બહારનાની પળશી કરવાની તેને જરૂર હોય. માત્ર ૧૮૫૬થી શરૂ થયેલી તેની ઊર્ધ્વગતિ એ આત્મોન્નતિના એકાગ્ર પ્રયત્નને પરિણામે ગગનચુંબી બની રહી છે.

જાપાનના પ્રચારસરંજામ અને સાહિત્યવ્યવસાયનો પણ એક અને અનન્ય હેતુ દેશાભિમાન, 'સરફરોશીકી તમન્ના' અને શક્તિની સાધનાનો છે. ત્યાંનું પુસ્તકપ્રકાશન એટલે રોજ સેંકડોની સંખ્યામાં પુસ્તકોની પ્રસિદ્ધિ.

જાપાનનો વર્તમાનપત્રોનો બાદશાહ સેજીનોમા કિંગ, કોડાન ક્લબ, ફુજી, ઑડાર્ઈ, ફુજીન ક્લબ, શો—ને ક્લબ અને યુજેન ક્લબ જેવાં નવ મહાન માસિકો પ્રસિદ્ધ કરે છે, અને તેની ઘરાકીની સંખ્યા ૬૫ લાખ અર્થાત્ કુલ જાપાનની વસ્તીના ૧૦ ટકા છે.

જાપાનનાં સામયિકો આબાલવૃદ્ધ, સ્ત્રીપુરુષ, પ્રત્યેક હુન્નરધંધા, અને માનવીની બધી જ પ્રવૃત્તિઓને સાંગોપાંગ આવરી લે છે.

દૈનિકોની કહાણી તો તેથી પણ વિશેષ ચમત્કારિક છે. 'આસાહી'ની ૨૦,૦૦,૦૦૦ નકલો છપાય છે. 'ઓસાકા માઇમીકી' ની રોજ એક લાખ નકલો ખપે છે. અને એવાં તો ઘણાં વૃત્તપત્રો ત્યાં નીકળે છે. જાપાનના ઘડતરમાં જાપાનના વૃત્તવિવેચનના હિસ્સાનો અંદાજ કોણ કાઢી શકે ?

વૃત્તવિવેચન

ખંડ બીજો

અંગ્રેજી વૃત્તવ્યવસાય

ખંડ બીજો

અંગ્રેજી વૃત્તવ્યવસાય

પ્રકરણ ૧

આદર્શો અને અવરોધો

" Nowhere throughout the British Empire is the Government so powerful relatively to the governed as in India. Nowhere, on the other hand, is the Press so weak in influence as it is with us...The Press is, in one sense, like the Government, a custodian of public interests, and any attempt to hamper its freedom by repressive legislation is bound to affect these interests prejudicially, and cannot fail in the end to react upon the position of the Government itself."

G. K. Gokhale (1903)

સમાચારપ્રસરણના અને વૃત્તવિવેચનના ધંધાનો પ્રારંભ હિંદમાં તો જનસમાજની કેળવણી અર્થે થયેલો કહી શકાય. ઘણાં વર્ષો સુધી હિંદનાં અખબારોનું એ જ કાર્યક્ષેત્ર રહ્યું હતું. તેનું વ્યાપારી પાસું તો પ્રમાણમાં થોડા જ સમયથી અસ્તિત્વમાં આવ્યું છે; જો કે જન્મ્યા પછી એની અભિવૃદ્ધિ ઘોડાને વેગે થઈ છે ખરી. વૃત્તવિવેચનમાં રસ લઈ તેમાં જીવનને

ઓતપ્રોત કરનારા એ જમાનાના આપણા દેશબંધુઓનું એવું માનવું હતું કે દેશના કુમાર તથા યુવાન વર્ગને તાલીમ અને જ્ઞાન આપવાનું કાર્ય શિક્ષણની સંસ્થાઓ કરે છે ખરી; પરંતુ તે ઉપરાંત પુખ્ત વયનાં, પ્રૌઢ સ્ત્રીપુરુષોના સમુદાયને પણ વધારે વિશાળ અર્થમાં કેળવણી આપવાની જરૂર તેનાથી ઓછી નથી. અને એ કાર્ય માટે સામયિક વૃત્ત અને તેના વિવેચનના પ્રચાર જેવું કાર્યક્ષમ સાધન બીજું ભાગ્યે જ હોઈ શકે. એ કાર્યને કર્તવ્ય તરીકે, ધર્મ તરીકે સ્વીકારીને તે સમયના આપણા લોકનાયકોએ પોતાની તન, મન અને ધનની પણ સર્વશક્તિઓને તેના અનુસરણમાં ખર્ચી હતી.

આજથી એકસો વર્ષ પહેલાંની આપણી સ્થિતિનો વિચાર કરીએ, અને વર્તમાન વસ્તુસ્થિતિ સાથે એને સરખાવીએ, તો કહેવું જ પડે કે એ આપણા અખબારી વડવાઓનું મંતવ્ય અવાસ્તવિક નહોતું; અને સમયના વહને તેમની દીર્ઘદર્શિતા, તેમના દેશાભિમાન અને તેમની બુદ્ધિમત્તાની આપણને પૂર્ણપણે પ્રતીતિ કરાવી આપી છે. લોકોના માનસમાં થયેલા વિસ્મયકારક પરિવર્તનનો જશ કેવળ અખબારોને ભાગે જાય છે એવું કહેવાનો આમાં આશય નથી. કેળવણીના પ્રચારે અવશ્ય એ ક્રિયામાં મુખ્ય હિસ્સો આપેલો છે. પરંતુ અખબાર તેની બહુ પાછળ નથી. આજે જનસમાજમાં જાહેર જુસ્સો આટલો વ્યાપક થયેલો છે તે આપણી રાજકીય અને અન્ય પ્રકારની સંસ્થાઓને આભારી છે જ; પરંતુ એ સંસ્થાઓની પ્રવૃત્તિઓને પત્રકારની સબળ ઓથ ન હોત તો ? માત્ર રાજકારણી પ્રગતિ નહિ, પરંતુ સામાજિક અને ઔદ્યોગિક વિકાસનાં તેટલાં જ મહત્ત્વનાં ક્ષેત્રો પણ પત્રકારનાં ઋણી છે. હિંદના વૃત્તવિવેચનના પ્રાતઃસ્મરણીય સંસ્થાપકો રાજા રામમોહનરાય, દાદાભાઈ નવરોજજી, સુરેન્દ્રનાથ બેનરજી, શિશિરકુમાર તથા મોતીલાલ ઘોષ, વિશ્વનાથ નારાયણ માંડલિક, નારાયણ ગણેશ ચંદાવરકર, બાળ ગંગાધર ટિળક, ગોપાલ કૃષ્ણ ગોખલે, જી. સુબ્રહ્મણ્યઐયર, પંડિત મદનમોહન માલવીયા, બાબુ ગંગાપ્રસાદ વર્મા,

લાલા લજપતરાય, મિસિસ બેસન્ટ, ઇચ્છારામ સૂર્યરામ દેસાઇ, સી. વાય. ચિન્તામણી – નામો ગણાવતાં પાર આવે તેમ નથી. એ મહાનુભાવોના આજના પત્રકારો વારસ છે, અને એમણે સ્થાપેલા ઉચ્ચ ધોરણને નિભાવી રાખવાનું આપણું પવિત્ર કર્તવ્ય થઈ પડે છે.

અને ભરતખંડના વૃત્તવિવેચનના વિકાસમાં અંગેજી પત્રકારોનો ફાળો પણ નોંધપાત્ર છે. રોબર્ટ નાઈટ, માર્ટિન વૂડ, વિલિયમ ડિગ્બી, એસ. કે. રૅટકલીફ, ગ્લીન બાર્લો – એ અને બીજાં ઘણાં નામો આગળ પત્રકારનું મસ્તક નમે છે. વૃત્તવિવેચનની સ્વતંત્રતા માટેની લડતની પહેલ કરવાનું માન ગમે તે કારણે તો યે બ્રિટિશ હિંદી પત્રકાર ખાટી જાય છે. આજથી સિત્તેર વર્ષ પહેલાં બંગાળામાં એક અંગ્રેજ પત્રકારે એ લડત ઉપાડી હતી અને તે માટે ઘણું સહન કર્યું હતું. આજે એમના સીધા વારસ બી. જી. હૉર્નિમન છે. આટલો ઋણસ્વીકાર કર્યા પછી એ તો કહેવું જ પડે છે કે તેમ છતાં હિંદમાં અંગ્રેજ પત્રકારોની પ્રવૃત્તિ મુખ્યતઃ પોતાનાં ખાસ રાજકીય, સામાજિક તેમ જ આર્થિક હિતોની આબાદી સાધવામાં જ સીમિત રહેલી છે. આજે પણ એ મનોદશા બદલાઈ નથી, અને આપણે જોઈએ છીએ કે હિંદની પ્રગતિ કે સુધારણાને લગતા લગભગ પ્રત્યેક પ્રશ્ન પરત્વે તેમનો દૃષ્ટિકોણ હિંદી પત્રકારથી સાવ નિરાળો, અને કંઈક વિરોધી રહે છે. તેથી વૃત્તવિવેચનનો કાર્યભાર બધો હિંદી પત્રકારોને માથે જ રહે છે. અને એ કર્તવ્ય એમણે એકંદર એકનિષ્ઠા તથા કર્તવ્યપરાયણતાથી બજાવ્યું છે, એની કોઈનાથી ના નહિ કહી શકાય. દેશની સર્વતોમુખી પ્રગતિની લડતની હરોલમાં હિંદી પત્રકાર આગલી કતારમાં રહેતો, સામી છાતીએ ઘા ઝીલતો રહ્યો છે; એણે પીછેકદમ ભર્યાં નથી, અને બીજા કોઈ પણ પ્રકારના જાહેર કાર્યકર્તા કરતાં વધારે વિકટ જોખમો એ હસતે મુખડે સહન કરતો રહ્યો છે. આજનો પત્રકાર એ પ્રણાલિકાને અતૂટ સાચવીને પોતાના ધંધાપૂર્વજોની કીર્તિને જેમ આપી રહેલો છે, એ નિર્વિવાદ છે.

દેશી પત્રકારત્વ અને પત્રકારો પ્રત્યે પહેલેથી જ રાજ્યકર્મચારીઓની કેવી વલણુ રહેલી છે તેનો વિચાર કરીએ, ત્યારે આ કર્તવ્યપરાયણતાની વિસ્મયકારક મહત્તા તેના વાસ્તવિક રૂપમાં સમજી શકાય છે.

હિંદી છાપાંનો ઉષઃકાળ હિંદના ક્ષિતિજ ઉપર નહોતો પ્રકટ્યો ત્યારથી જ તેના ઉપર એકધારી કડક નજર રહેતી આવી છે. હેસ્ટિંગ્ઝની કાઉન્સિલના ત્રણુ સભાસદો ઍડમ, ફેન્ડેલ અને બેઈલી—એ ત્રણે ય એ બાબતમાં કટ્ટર હતા. સરકારી દફતરે બેઈલીની એવી મતલબની નોંધ છે કે, ફોજની રાજીખુશીની ફરમાબરદારી અને તાબેદારી, દેશી લશ્કરની વફાદારી, સરકારની બળવત્તર સતા અને મજબૂત ઘડતર, તથા અનભિજ્ઞ અને વહેમી દેશી આમજનતાના હિત ઉપર અસર કરતાં સરકારનાં કૃત્યોની દાનત તથા વલણુ પરત્વે એ આમસમૂહ જે અભિપ્રાય બાંધે, તેના ઉપર હિંદમાં બ્રિટિશ રાજસત્તાનો મુખ્ય આધાર રહે છે. હિંદી છાપાં વિષે એણે વિધાન કર્યું છે કે પોતાના રાજકર્તાઓની ચાલચલગત કે વર્તણૂક વિષે અથવા તો તેમનાં જાહેર કાર્યો સંબંધે કોઈ પણ પ્રકારની ટીકા કરવાને "નેટિવ રૈયત" ને નિરંકુશ છૂટ આપવી તેમાં ડહાપણુ અથવા મુત્સદ્દગીરી છે, એવું તો "ઘેલામાં ઘેલો સુધારક" પણુ હરગિજ કહી શકે નહિ !

આ ૧૮૨૨ની સાલની વાત થઈ. સડસઠ વર્ષ પછી, ૧૮૮૯માં, હિંદી પત્રકારત્વ પગભર થવા માંડ્યા પછીના જમાનામાં પણુ, એ જ મનોદશા અફર અમલમાં રહેલી જોવામાં આવે છે.

એ સાલે ગવર્નર જનરલે ઇન્ડિયન ઑફિશિયલ સીક્રેટ્સ ઍક્ટમાં ફેરફાર કરવા ધાર્યો હતો. હિંદમાં એ બાબતનો બ્રિટિશ કાયદો તો અમલમાં હતો જ, પરંતુ દેશી વૃત્તકારોના ખાસ લાભાર્થે તેની "નેટિવ" આવૃત્તિ કાઢવાનો આ પ્રયત્ન હતો. એ કાયદા અનુસાર જે કૃત્યો ગુનેગાર હતાં તે, ફરિયાદ માંડવાની કડાકૂટ કર્યા વગર પણુ પોલીસ પોતાની ઇચ્છા

અનુસાર કામ ચલાવી શકે તેવાં અને જામીન ઉપર છૂટવાની સવડ વગરનાં ઠરાવેલાં હતાં. એટલે એ કાયદો અમલમાં આવે તો સરકાર ફાવે તેને અદાલતે ઘસડી શકે એવી સ્થિતિ સંભવિત હતી. કલકત્તાના "ઇંગ્લિશમન" જેવા પત્રને પણ આ પ્રયાસમાં રાજતંત્રનું "રશિયાકરણ" કરવા જેવું પગલું ભાસ્યું હતું.

આ ધારો અમલમાં આવે તો તે ઍન્ગ્લોઇન્ડિયન પત્રકારોને નહિ પણ હિંદી તંત્રીઓ અને લેખકોને જ સકંજામાં લે તેમ હતું. ગોખલેજીએ તે વિષે પોતાનો પ્રખર વિરોધ જાહેર કરતાં એક પ્રવચનમાં કહ્યું હતું:—

"કોઇ પણ એન્ગ્લોઇન્ડિયન અખબારના તંત્રીને પકડીને ટાંટીયા ઘસડતો પોલીસ થાણે લઇ જવાની હામ ભીડનાર અમલદાર મને બતાવો તો ખરા. પરંતુ હિંદીઓને લાગે વળગે છે ત્યાં સુધી, મને લાગે છે કે, તેમની પલટણો ને પલટણોને પગે ચલાવી ને પોલીસ થાણે લઈ જવાની તક મળતાં ખુશી થાય એવા અમલદારો આ દેશમાં પડયા છે. હિંદી તંત્રીઓને, અને તેમાં પણ નાના તંત્રીઓને, જેમને હંમેશાં પોતાની ટીકાઓ વડે નારાજ ક્ર્યા જ કરવા પડતા હોય તેવા શખ્સોના સકંજામાં સોંપવાને પરિણામે, અનિવાર્ય થઈ પડનારા સત્તાના દુરૂપયોગનો વિચાર સરખો ત્રાસદાયક છે."

શરૂ શરૂમાં અંગ્રેજ પત્રકારો રાજતંત્રની ટીકા કરતાં હતાં અને તે માટે તેમને સોસવું પણ પડતું હતું. પરંતુ દેશી પત્રકારત્વનો ઉદય થતાં એ જ એન્ગ્લોઇન્ડિયન છાપાં સરકારનાં ટેકેદાર લેખાયાં, અને એ વર્ગમાંના કોઈ પત્રકાર ઉપર હસ્તક્ષેપ થવાના સંજોગો પણ અકલ્પ્ય થઈ પડ્યા. ગોખલેજીએ શાણી સલાહ આપી હતી કે:—

"અત્યારની પરિસ્થિતિમાં જે કંઈ શોચનીય તત્ત્વ હોય તેને માટે યોગ્ય અને સમુચિત તથા બ્રિટિશ સરકારને શોભતો ઇલાજ, આ ખરડામાં લખ્યા પ્રમાણે છાપાંને મોઢે ડૂચો દેવાનો નહિ, પરંતુ પાર્લામેન્ટના કાયદા, રાજ્યકર્તાઓના ઢંઢેરા અને વાઇસરોયની જાહેરાતોમાં વારંવાર વચનો અપાયેલાં ને અંધારામાં રાખીને ખૂંચવી લેતા ગુપ્ત પરિપત્રો કાઢવાની પ્રથાને બંધ કરવાનો છે."

પરંતુ એ પ્રથા હિંદના રાજશાસનનું અવિભાજ્ય અંગ બની રહેલી છે. વૃત્તપત્રો પરત્વે પણ એ જ વસ્તુસ્થિતિ પ્રવર્તે છે, તે હિંદી પત્રોના છેલ્લા અને સફળ ઑલ ઇન્ડિયા ન્યુસ્રપેપર્સ એડિટર્સ કૉન્ફરન્સની ત્રણ ચાર વર્ષોની મથામણના આપણી નજર સામે ઘડાતા ઇતિહાસમાં સ્પષ્ટ દેખાઈ આવે છે. પત્રકાર પરિષદની સરકાર સાથેની એ મંત્રણાઓ શેર બજારની અનિશ્ચિત વધઘટ અને ચમત્કારિક તેજી મંદીનો ખ્યાલ આપે છે, અને કોહીનૂર, કે ડિફર્ડના જેવા ઊથલા ખાઈને સામાન્ય મતિને મૂંઝવે છે. એનું છેલ્લું સ્વરૂપ બર્મા કૉર્પોરેશન જેવું જોવામાં આવ્યું છે!

હિંદી પત્રકારને જે અવરોધો અને આક્રમણોનો સામનો કરીને આગળ વધવાનું રહે છે, તેમાંના કેટલાકની ટીપ કરીએ:

(૧) પહેલું સ્થાન રાજકીય પરાધીનતાને ભાગે જાય. એ સ્થિતિ અંગેનાં બંધનો અપાર અને અકથ્ય છે. યથેચ્છ વિકાસ માટે આવશ્યક નિર્બંધ વાતાવરણનો અભાવ, સ્વતંત્ર વિહારને રુંધનારા અનેક હુકમો, વટહુકમો, કાયદાકાનૂન, ધારાધોરણો, ઑર્ડિનન્સો ઈ. વિપુલ સામગ્રીનું ઉત્પાદન દેશી છાપાંના જન્મકાળથી મંડાયું છે ને હજી પૂર વેગે ચાલુ છે. પ્રત્યેક દેશી પત્રને ગળથૂથીમાં આ અવરોધ પ્રાપ્ત થાય છે.

(૨) રાજ્યસત્તા પરત્વેની વસ્તુસ્થિતિ ઉપર કહી તેવી છે; પરંતુ આંતરિક અસુવિધાઓની સંખ્યા તથા રુંધનશક્તિ તેનાથી ઓછી ઊતરે તેવી નથી. જૂજ અપવાદ બાદ કરતાં, દેશી વૃત્તપત્રે ઘણા માલિકોને રાજી રાખવા પડે છે. પ્રથમ તો, અખબાર કોઈ પૂંજીપતિની માલિકીનું હોય તો તેના સંચાલકે તેની ખિદમત પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે પણ કરવી જ રહી. અને તંત્રીની પોતાની માલિકીનું પત્ર હોય, તો પણ તેને ભાગે જેવી તેવી મુસીબતો નથી રહેતી. દા. ત. આપણા દેશના અનેક રાજકીય, ધાર્મિક, સુધારક, જૂનવાણી કોમી. ઈ. વાડાઓમાંના બધામાંથી અથવા તેમાંના કેટલાકમાંથી એણે પોતાનો વાચકસમુદાય મેળવી લેવાનો રહે છે. એ

સ્વતંત્ર પત્રકારનો પહેલો માલિક. બીજો માલિક જાહેર ખબર આપનાર. અને નોકરશાહીને અમુક નિશ્ચિત હદથી આગળ વધીને નારાજ નહિ કરવામાં રહેલું ડહાપણ, એ ત્રીજો માલિક.

આ બધી ખિદમતોના ટકોરખાનામાં તંત્રીના અંતર્યામિની તૂતી ઓછાવત્તા પ્રમાણમાં દુઃશ્રાવ્ય થઈ પડે, તો આશ્ચર્ય શું? આશ્ચર્ય તો એ છે કે એ બધું છતાં આપણે ત્યાં, ખાસ કરીને ગુજરાતીનું, વૃત્તવિવેચન આટલી ઊંચી કક્ષાએ ચઢવા પામ્યું છે!

(૩) હિંદનાં પત્રોની ત્રીજી મુસીબત ભાષા પરત્વેની છે. હિંદની જનસંખ્યા પ્રચંડ છે. પરંતુ તે અત્યંત ગરીબ અને નિરક્ષર છે. ભાષાઓનું બાહુલ્ય અને લોકની નિરક્ષરતા દેશી પત્રોના વિકાસમાં ખૂબ નડે છે. દેશી ભાષાઓમાં વધારેમાં વધારે જનસંખ્યા હિંદીને ફાળે જાય છે. દસ કરોડથી વધારે હિંદીઓ એ ભાષા વાપરે છે. સાટે નિરક્ષરતાનું પ્રમાણ હિંદી ભાષાભાષી પ્રદેશોમાં વધારેમાં વધારે મોટું અને બાધક છે. વળી હિંદી ભાષાભાષી લોકો ઘણા વહીવટી પ્રાંતોમાં વહેંચાઈ ગયેલા હોઈ, એક પ્રાંતનાં વર્તમાનપત્રોને અન્ય પ્રાંતોમાં ફાલવાફુલવાનો ઓછો જ અવકાશ હોય, એ માટેનાં ઘણાં કારણો સમજી શકાય. સંખ્યાબળમાં બીજે નંબરે બંગાળી આવે છે—૭ કરોડ ઉપર; તેમનામાં પણ નિરક્ષરતા પુષ્કળ વ્યાપક છે.

બીજી બધી સ્થાનિક ભાષાઓમાં ત્રણ કરોડથી ઓછી જનસંખ્યા છે.

આ બાધા અંગ્રેજી વૃત્તપત્રોમાં નડતી નથી. વળી યુનિવર્સિટીઓએ અંગ્રેજી અક્ષરજ્ઞાનનો પ્રચાર સમગ્ર દેશમાં કરેલો છે, તેથી તેમાંનાં કેટલાંક આખા ભરતખંડમાં પ્રસરેલાં છે.

(૪) વૃત્તપત્રનું મહત્ત્વનું અંગ વેપારવણજ, શરાફી, વાહનવ્યવહારનાં સાધનો, ઈ. ગણાય. જાહેરખબરોનો મુખ્ય જથો એ તત્ત્વોમાંથી જ મળી શકે. અને એ સર્વ ઉપર આજે રાજકર્તા વર્ગનું પ્રભુત્વ છે. એંગ્લોઇન્ડિયન

છાપાંને અંગ્રેજી રાજસત્તાની સર્વોપરિતા જેવો તેવો લાભ નથી અપાવતી. કાયદાકાનૂન અને ધારાધોરણોનાં શસ્ત્રો એમને માટે છુટ્ટાં હોય, એ સંજોગો જોતાં સહજ છે. આ વસ્તુસ્થિતિમાં સમાયેલા સંગીન ફાયદા દેશી વૃત્તવિવેચનને કયાંયે પાછું નાખી દે છે.

(૫) બીબાં ગોઠવવામાં દેશી ભાષાઓને અંગ્રેજીના પ્રમાણમાં વધારે મુસીબત રહે છે. મુદ્રણનાં સાધનો, યંત્રો, શાહી, રોલર કંપોઝિશન, ફોટોગ્રાફ તથા બ્લોકનાં સાધનો ઈ. અદ્યતન પત્રકારત્વના આવશ્યક સરંજામ માટે આપણે પરદેશો ઉપર અથવા તો હિંદમાં પરદેશીઓએ જમાવેલાં કારખાનાં ઉપર લગભગ પૂર્ણપણે આધાર રાખવો પડે છે. ખુદ કાગળ સંબંધે પણ એ જ સ્થિતિ છે.

(૬) પરદેશોના ખબરોના વહનનો ઇજારો બ્રિટિશ છે. સ્વતંત્ર પ્રકારના સમાચાર દેશી પત્રોને દુષ્પ્રાપ્ય છે. દેશી માલિકીનાં બે ચાર પત્રો વિલાયતમાં પોતાના ખબરપત્રીઓ રાખે છે ખરાં, પરંતુ તે તો દરિયામાંથી ઘડો પાણી ઉલેચવા જેવું ઉપેક્ષણીય છે.

(૭) બધા સમાચાર અંગ્રેજીમાં ઉપલબ્ધ હોવાથી પ્રત્યેક દેશીપત્રનો આધાર તરજુમા ઉપર રહે છે. તેમાં વૃત્તની ઘણી ખૂબી મારી જાય છે. એને લીધે આપણી દેશી ભાષાઓમાં હાસ્યાસ્પદ હદે છતાં શોચનીય તરજુમિયાપણું દાખલ થઈ ગયું છે. કદાચ આ વાક્ય સ્વયં એ આક્ષેપનું ઉદાહરણ પૂરું પાડશે !

કરાંચીમાં મળેલા ગુજરાતી સાહિત્ય સંમેલનના પત્રકારત્વ વિભાગના પ્રમુખ શ્રી. શામળદાસ ગાંધીએ પોતાના વ્યાખ્યાનમાં કહ્યું હતું:—

"મુંબઈમાં ૧૯ દૈનિક ચાલે છે. ૫ ગુજરાતી ૫ મરાઠી, ૪ ઉર્દૂ અને ૫ અંગ્રેજી. આ ૧૯ દૈનિકની સ્થાનિક કચેરીઓમાં લગભગ ૨૦૦ પત્રકારો કામ કરે છે. એ પત્રકારોના પગારની વધુમાં વધુ અને ઓછામાં ઓછી સરેરાશ આ છે:

અંગ્રેજી રૂા. ૧૫૦૦ થી ૭૫
ગુજરાતી ૪૦૦ થી ૪૩
મરાઠી ૧૧૭ થી ૩૬.
ઉર્દુ ૧૦૦ થી ૪૦."

આ આંકડા તો પાંચેક વર્ષ પહેલાંના, અને એકલાં દૈનિક પત્રકારોના જ છે. આજે તો મુંબઇ અને ગુજરાતમાં પણ દૈનિકોની સંખ્યા સારી પેઠે વધી છે; અને સાપ્તાહિકોની પણ. છતાં એ આંકડાઓમાં ખાસ ફેર નથી પડયો. સારું પત્ર પણ ૮-૧૦ થી વધુ પત્રકારોને રોકી શકતું નથી અને સામાન્ય પત્ર ઓછામાં ઓછા ચાર અને વધુમાં વધુ છથી વધારે પત્રકારોને નોકરીમાં રાખી શકે તેટલી આર્થિક સદ્ધરતા ધરાવતું હોતું નથી.

ગુજરાતી પત્રકારત્વ વિષે કહ્યું તે પ્રાયઃ પ્રત્યેક દેશી પત્રસમૂહ માટે તેટલું જ લાગુ પડે છે.

(૯) છાપાંને આજના જમાનામાં પ્રચંડ હરીફોનો મુકાબલો કરવો પડે છે. આ મુસીબત દેશી અને ન્ય, બધાં પત્રોને આવરી લે છે. તેમાં રેડિયો મોટામાં મોટો હરીફ છે. આખો દિવસ અને રાત એ જાદુઈ પેટીમાંથી જગતભરના ખબરઅંતર એકાગ્રતા પૂર્વક ઝર્યા જ કરે છે. તા. ૧-૧૦-૩૯થી ઑલ ઇન્ડિયા રેડિયોના રોજ ગુજરાતી, મરાઠી, તામિલ, તેલુગુ અને પુસ્તુ ઉપરાંત પાંચ ઈંગ્લિશ અને ચાર હિંદી સમાચાર બુલેટિન મળીને રોજરોજ કુલ ૨૭ બુલેટિન પ્રસિદ્ધ થવા માંડયાં છે! આ બધાં બુલેટિન દિલ્હીથી અને પછી બીજાં બધાં મથકોથી પ્રસિદ્ધ થાય છે, અને તેને માટે ૩૦ ઉપરાંત તંત્રીઓ, તરજુમાકારો અને બોલનારાની પલટણ રાખેલી છે.

આ સમાચારશ્રેણીઓના વળી સખ્ત ઇજારા છે. તેથી જાહેર થયેલા ખબરોનો ઉપયોગ કરનાર વૃત્તપત્ર સખ્ત નસીયતને પાત્ર થાય છે.

એમ્પાયર પ્રેસ યુનિયનના બીજા વાર્ષિક નિવેદન (૧૯૪૦) માં એવી ફરિયાદ કરવામાં આવેલી છે કે:

The B. B. C. with frequent news bulletins which include up to the minute news, has become a formidable competitor. The question of priority of release of official news to the B. B. C. is of primary importance to the Press. (છેક છેલ્લી મિનીટની ખબરો આપતી અને ઉપરા છાપરી નીકળતી સમાચાર શ્રેણીઓ વાળી બી. બી. સી. વસમો હરીફ થઈ પડી છે. સરકારી રાહે અપાતા સમાચાર સબંધી બી. બી. સી. ની અગ્રેયતા વૃત્તપત્રો માટે ગંભીર મહત્ત્વનો વિષય થઇ પડી છે.)

ઇંગ્લેંડ અને ગોરા સામ્રાજ્યનાં વિરાટ પત્રોને આ હરીફાઈ આટલી વસમી લાગે, તો પછી હિંદનાં છાપાંને AIR કેટલો ખટકતો હશે! પરંતુ ઠીક છે કે હિંદમાં હજી ગરીબી તથા બીજાં અનેક કારણે રેડિયોનો પ્રચાર હજી તો વિશાળ આમસમૂહના, ફક્ત અંગ્રેજી છાપાં વાંચનારા ઉપર ઉપરના, આછા થરના પણ અમુક અંશને જ સ્પર્શી શક્યો છે!

અને તેને પણ ટક્કર મારે એવી મોટી હરીફાઈ કરનાર તો સરકારી પ્રકાશન ખાતાં, માહિતી ખાતાં, અને પ્રચાર ખાતાં છે. હજારો રૂપિયાના માસિક પગારોવાળા પ્રકાશન અમલદારો, મદદનીશો અને તરજુમાકારો હિંદી સરકાર રાખે છે. કોઈ પણ દેશી વૃત્તપત્રને ન પોસાય એવા ચાર ચાર આંકડાના પગાર સારામાં સારા પત્રકારોને આકર્ષી લે, તો શી નવાઈ? હિંદની લગભગ દરેક ભાષામાં માસિક, સાપ્તાહિક, પાક્ષિક અને દૈનિક પ્રચારપત્રિકાઓ ડઝનબંધ નીકળે છે. તેમાં ખૂબ ખર્ચે ઉત્તમ કાગળ, ઉત્તમ ચિત્રો અને આકર્ષક દેખાવની સવડ હોય છે; તેની વિનામૂલ્યે હજારોની સંખ્યામાં વહેંચણી થાય છે. સત્તાવાર સમાચાર તેમાં અપાય છે. આ સામાયિકો ઉપરાંત પ્રચારચિત્ર અને ઈતર ચોપાનિયાં અનેક આકારે સેંકડોની સંખ્યામાં ઉભરાતાં જ રહે છે.

આ પ્રચારઘોષની સરસાઈમાં ઊભા રહેવાનું કોઈ દેશી વૃત્તપત્રનુ ગજું નથી. આ હરિફાઈ સામે છાપાંમાં ઘણી વાર બબડાટ થયો છે, પરંતુ સત્તા આગળ શાણપણુ શું કામ લાગે!

કલકત્તામાં ૧૯૩૫માં મળેલા ઑલ ઇન્ડિયા જર્નાલિસ્ટ્સ કૉન્ફરન્સના ત્રીજા અધિવેશનના સ્વાગતાધ્યક્ષ શ્રી. મૃણાલ કાન્તિ બોઝના સર્વગ્રાહી પ્રવચનમાં નીચેનો ફકરો જોવામાં આવે છે :

"Another serious danger that threatens the newspaper industry is government competition with newspapers in the field of business. Newspapers and periodicals draw their sustenance largely from advertisements. When Government begins to seek profit by advertisement through the radio or start periodicals and seek to drag advertisement from the market for publication in these periodicals, it looks serious for the Press...What may appear a harmless experiment to the Government may prove to be the death of many of the papers." (પત્રવ્યવસાય ઉપર ઝઝૂમતું બીજું જોખમ, તે ધંધા રોજગારના ક્ષેત્રમાં સરકાર તરફથી છાપાંની થતી હરીફાઇ. વૃત્તપત્રો અને સામયિકો મોટે ભાગે જાહેરખબરોમાંથી પોષણ મેળવે છે. જ્યારે સરકાર પોતે રેડિયો મારફત જાહેરાત વડે નફાખોરી શોધે છે અથવા સામયિકો સ્થાપીને તેમાં પ્રસિદ્ધ કરવા માટે બજારમાંથી જાહેરખબરો ખેંચી લેવા નીકળી પડે છે, ત્યારે છાપાં માટે ગંભીર મામલો દેખાય છે...... સરકારને મન જે નિર્દોષ પ્રયોગ જેવું લાગતું હોય તે કેટલાં યે છાપાંનો પ્રાણ લેનાર પણ નીવડે).

હાડિયાને મન હસવું, ને દેડકાનો જીવ જાય! આ ભયસૂચન છેક ૧૯૩૫માં આટલું ગંભીર હતું. દસ વર્ષ પછીની સ્થિતિ એના કરતાં અનેકવિધ વધારે તીવ્ર અને વિકટ બની છે.

(૧૦) અને એક અસુવિધા એવી છે કે જેની ગણના આ ટીપમાં

છેલ્લી કરેલી હોવા છતાં તેનું મહત્વ તથા શોચનીયતા એ સર્વ કરતાં વધારે ગંભીર છે. તે આ લાંબા સમયના "પેક્સ બ્રિટાનિકા"ના રૂડા પ્રતાપે હિંદીઓમાં આવી ગયેલી સર્વાંગી પરવશતા, અને સ્વાશ્રયનો વિનાશ.

"પાયોનીયર"ના તા. ૧૮-૧૨-૪૨ના અંકમાં તંત્રીલેખની બાજુમાં નીચેનો ચર્ચાપત્ર પ્રસિદ્ધ થયો હતો:

Troublesome Monkey

Sir,

We, the inhabitants of Mohalla Juhi-Khurd, Cawnpore, beg to submit through your columns, a petition to the proper authorities. There is a monkey in the Mohalla which, for the last three weeks, has been attacking the women and children of this area. It has bitten more than a hundred people and some of the cases are proving serious. We fear that one of these days one of our children will be missing. Nothing has so far been done to remove the menace, and we trust you will publish our petition so that the authorities can take action as soon as possible.

Yours, etc

Cawnpore. WORRIED RESIDENTS.

ભરતખંડના "તેંત્રીશ કોટિ દેવતા"ના માનસિક અધઃપતન અને પરાધીનતા વિષે વિશેષ વિવેચનની અપેક્ષા રહે છે ખરી?

આપણાં વૃતપત્રોએ એ અસીમ અનર્થને ધીરજ, ખંત અને અથાગ પરિશ્રમ વડે ટાળવો જ રહ્યો. આવા વાતાવરણમાં નિડર, સ્વતંત્ર અને નિષ્પક્ષ પત્રકારત્વને માટે વિકાસક્ષેત્ર ક્યાંથી સંભવે?

પ્રકરણ ૨

પત્રકારની ગીતા

"Easy writing's curst hard reading"

—*Richard Brinsley Sheridan*

તેમ છતાં, રાષ્ટ્રીય જાગૃતિના, સામાજિક સ્વમાનના અને નોખી સાંસ્કારિક અસ્મિતાના ગૌરવભાનના જુવાળે આ બધાનું ઘણે અંશે સાટું વાળી નાખ્યું છે; અંગ્રેજી છાપાં દિવસે દિવસે ઘટતાં જાય છે, તેમનો તેજોવધ થતો જાય છે. વિલાયત અને વિલાયતીમાં ખૂબ અંજાઈ મહાલી ચૂક્યા પછી આપણને લાગવા માંડયું છે કે આપણો ઉગારો છેવટે આપણા પોતીકાપણામાં જ છે– "ધરતી છેડો ઘરનો નેડો." રાણી વિક્ટોરિયાએ હિંદની રાજ્યલગામ પોતાનાં હાથમાં લીધી તે સમયે હિંદમાં ૧૫ ઍંગ્લો ઇન્ડિયન અને ૨૫ દેશી માલિકીનાં અંગ્રેજી છાપાં હતાં. આજે અંગ્રેજોની માલિકીનાં માત્ર પાંચ દૈનિક અને થોડાં અઠવાડિકો જ છે; દેશી ભાષાનાં પત્રોનો વિકાસ આ ઘટાડા માટે જવાબદાર છે. પરંતુ જેને રાષ્ટ્રના સર્વાંગ ઘડતરનો મુખ્ય શિલ્પી ગણાય તેવા પત્રકારત્વના ધંધાના સંચાલકની એ વ્યવસાય માટેની યોગ્યતાની ચોકસાઈ કરવાનું આપણી પાસે કશું સાધન નથી!

વકીલાત, વૈદક, અને વિદ્યાદાનની જેમ વૃત્તવિવેચનનો પણ સ્વતંત્ર વ્યવસાય લેખાવો જોઈયે. એને માત્ર રાજકીય મતમતાંતર અગર કોમી

મંતવ્યોના પ્રચારનું સાધન માની લેવું બસ ન હોય. કોઈ પણ ધંધા કરતાં સારા પત્રકારના ઘડતરમાં ઓછી મહેનત નથી. વકીલ, વૈદ કે શિક્ષણાચાર્યના રાહે, પત્રકારત્વના જાણકારની પણ પ્રમાણિત મહોર શા માટે ન હોય! એનો મોભો, દરજ્જો, અને સ્થાન શા માટે સ્પષ્ટ ન થાય? એ ધંધા માટે પણ બીજા "લર્નેડ પ્રોફેશન્સ"ની જેમ શા માટે "વર્તનના નિયમો" ન હોય? પોતાના ધંધાના નિયમનો અનાદર કરનાર દાક્તરને મેડિકલ કૌન્સિલ યોગ્ય દંડ કરે છે. પત્રકાર પરત્વે પણ, એની શિસ્ત અને આંતરશુદ્ધિ માટે એવું શુભ નિયમન શા માટે ન હોય? મહત્વના પ્રત્યેક પ્રશ્ન પરત્વે પત્રકારનું વર્તન પ્રમાણિક તો હોવું જ જોઈએ. અને તે માટે અમુક વર્તન નિયમોનું પાલન ફરજિયાત હોય, તેમાં સમાજની તેમજ પત્રકારત્વની પણ ઉન્નતિ રહેલી છે. દરેક દેશી ભાષાસમૂહ માટે એક કેન્દ્રિત ધોરણ જે તે ભાષામાં સ્થાપવું પ્રથમ દૃષ્ટિએ લાગે છે તેવું અસાધ્ય નથી. એ કામ કષ્ટસાધ્ય હોઈ શકે; પરંતુ આખો દેશી વૃત્તવ્યવસાય જ કષ્ટસાધ્યતાની પ્રત્યક્ષ મૂર્તિ જેવો નથી?

પત્રકારત્વના વિકાસની સરખામણીના ૧૯૨૭ની સાલના આંકડા મળી શકે છે:–

દેશ	વસ્તી	છાપાંની સંખ્યા
હિંદ	૩૧,૮૯,૪૨,૪૮૦	૩૪૪૦
અમેરિકા	૧૧,૫૩,૭૮,૦૦૦	૨૦,૬૮૧
જાપાન	૬,૧૦,૮૧,૯૫૪	૪૫૯૨
કૅનેડા	૮૭,૮૮,૪૮૩	૧૫૫૪

૧૯૨૬–૨૭ની સાલે હિંદમાં પ્રસિદ્ધ થતાં વૃત્તપત્રો, માસિકો તથા સર્વ પ્રકારનાં સામયિકોની સંખ્યાનો સરવાળો ૫૧૪૪ જેટલો બતાવવામાં આવેલો છે. એ સ્થિતિએ પણ હિંદ કેવી રીતે પહોંચ્યો, તે "શારદા"ના ૧૯૩૦ના તંત્રી અંકમાં 'વર્તમાનપત્રો અને મુદ્રાલયોની ભારતમાં પ્રગતિ'

શીર્ષક નીચે રા. લક્ષ્મીચંદ ડોસાભાઈ શાહે લખેલા ટૂંકા પરંતુ માહિતી આપતા લેખમાં આપેલા કોઠામાંથી લીધેલું નીચેનું અવતરણ ઉપયોગી થઈ પડશે.

સાલ	છાપખાનાં	વર્તમાનપત્રો	માસિક, ત્રૈમાસિક ઇ.
૧૮૯૧–૯૨	૧૬૪૯	૬૦૨	૩૪૯
૧૯૦૧–૦૨	૨૧૯૩	૭૦૮	૩૭૫
૧૯૧૦–૧૧	૨૭૫૧	૬૫૮	૧૯૦૨
૧૯૨૦–૨૧	૩૭૯૫	૧૦૧૭	૨૨૯૭
૧૯૨૬–૨૭	૫૭૨૪	૧૫૧૭	૩૬૨૭

આમાં બધી જ ભાષાઓનો, ઇંગ્રેજીનો પણ સમાવેશ થઈ જાય.

આ આંકડામાંથી શું ફલિત થાય છે?

એ, કે ઉપર વર્ણવેલી મુસીબતોને કારણે વૃત્તવ્યવસાયમાં હિંદ ઘણો જ પછાત છે. ૧૯૨૭ પછીથી વસ્તુસ્થિતિમાં સરવાળે બહુ ફરક નહિ પડ્યો હોય. પરંતુ જો મુખ્ય બાધાઓ ટળે, તો જોતજોતામાં એવો ફરક પડે, કે જગત વિસ્મયથી આંખો ચોળીને ઘડીભર જોઈ જ રહે!

વિલાયતનાં પત્રોમાં 'જર્નાલિસ્ટ્સ ક્રીડ' એ શીર્ષક હેઠળ નીચેની નિયમાવલી ૧૯૪૨ ની સાલે પ્રસિદ્ધ થઈ હતી:

THE JOURNALIST'S CREED

I beliee in the profession of journalism.

I believe that the public journal is a public trust; that all connected with it are, to the full measure of their responsibility, trustees for the public; that acceptance of lesser service than the public is betrayal of this trust.

I believe that clear thinking and clear statement, accuracy and fairness, are fundamental to good journalism.

I believe that a journalist should write only what he holds in his heart to be true.

I believe that suppression of the news, for any consideration other than the welfare of society, is indefensibie.

I believe that no one should write as a journalist what he would not say as a gentleman; that bribery by one's own pocketbook is as much to be avoided as bribery by the pocketbook of another. that individual responsibility may not be escaped by pleading another's instructions or another's dividends.

I believe that advertising, news and editorial columns should alike serve the best interests of readers; that a single standard of helpful truth and cleanness should prevail for all; that the supreme test of good journalism is the measure of its public service.

I believe that journalism which succeeds best—and and best deserves success–fears God and honours man; is stoutly independent, unmoved by pride of opinion or greed of power; constructive; tolerant bnt never careless; selfcontrolled, patient, always unafraid; is quickly indignant at injustice; is unswayed by the appeal of privilege or the clamour of the mob; seeks to give every man a chance and, as far as law and honest wage and recognition of human brotherhood can make it so, an equal chance; is profoundly patriotic while sincerely promoting international goodwill and cementing world

comradeship; is a journalism of humanity, of and for to-day's world.

(મને પત્રકારત્વના વ્યવસાયમાં શ્રદ્ધા છે.

જાહેર અખબાર 'જાહેર "ટ્રસ્ટ" છે અને તેની સાથે સંબંધ ધરાવતા સર્વ કોઈ 'જાહેર જનતા તરફના "ટ્રસ્ટી" છે. એ સેવાને જાહેર સેવા કરતાં જરા પણ ઓછી લેખવી એ મજકુર ટ્રસ્ટીપણાને દગો દીધા સમાન હોય. હું માનું છું કે સ્પષ્ટ વિચાર, સ્પષ્ટ નિવેદન, ખરી હકીકત અને ઈન્સાફી દૃષ્ટિ સારા પત્રકારત્વનાં શ્વાસ પ્રાણ હોય; કે પત્રકાર ખરા મનથી માનતો હોય તે જ લખે; કે સજ્જન તરીકે ન બોલી શકાય તે પત્રકાર તરીકે લખાય નહિ; કે પોતાના ખિસ્સાની લાંચખોરી પારકાના ખિસ્સાની લાંચખોરી જેવી જ ત્યાજ્ય છે; કે અન્ય કોઈની સૂચના અગર લાભાલાભનું બહાનું વ્યક્તિગત જવાબદારીમાંથી છૂટા કરવા માટે પૂરતું ન જ હોય; કે જાહેરાતના સમાચાર તેમજ તંત્રીલેખો ઉભય, વાચકનાં શ્રેષ્ઠ હિતોનાં પોષક હોય; કે જાહેર સેવાની ઉચ્ચતા એ જ વૃતપત્રની ઉત્તમતાની પારાશીશી લેખાય; કે સફળ તથા સફળતાને યોગ્ય પત્રકારત્વ પ્રભુનો ડર અને માનવી પ્રત્યે સન્માન રાખે જ અને આઝાદનબિયત, અભિપ્રાયના અહંકાર કે સત્તાના લોભથી અલિપ્ત, વિધાયક, સહિષ્ણુ પરંતુ બેપર્વા તો નહિ જ, સંયમી, ધીરજવંતુ, વાંચકો પ્રત્યે સદૈવ સન્માનશીલ પરંતુ સર્વદા નિડર, અન્યાય પરત્વે અતિઅસહિષ્ણુ, સત્તાના અધિકારને તેમ ટોળાંના ધીંગાણાને પણ મચક નહિ આપનાર, પ્રત્યેક માનવીને શક્ય તેટલી સમાન તકો આપનાર, ખૂબ દેશાભિમાની છતાં વિશ્વબંધુત્વનું સહૃદય સમર્થક—એવું બધું જ પત્રકારત્વનું લક્ષણ હોય; અને તે માનવતાનું, આજના જગતનું તેમજ આજના જગત માટેનું હોય.)

આવા આદર્શો પત્રકારત્વની આજની દુનિયા સેવે છે.

પશ્ચિમનું પત્રકારત્વ ઘણીવાર આપણી સમક્ષ આદર્શ તરીકે ધરવામાં આવે છે. આ સંબંધમાં આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવના નીચેના વિચારો મનનીય થઈ પડશે :

'આપણાં વર્તમાનપત્રો પશ્ચિમના જેવાં કરવાં જોઈએ એમ મારું કહેવું નથી. એવી અનુકરણ ભાવના જેમ કેળવણી વગેરે પ્રદેશોમાંથી તેમ આ વિષયમાંથી પણ નીકળી જવી જોઈએ. સ્વતંત્ર રીતે જે સારું તે જ સારું. વર્તમાનપત્રની સંસ્થા પશ્ચિમની હોઈ પશ્ચિમ તરફ દૃષ્ટિ નાંખવી એ વાજબી છે, અન્યના ગુણો લેવા એ પણ યોગ્ય છે, પણ આપણાં પત્રોને આપણી જરૂરિયાત જોઈ તે પ્રમાણમાં ખિલવવાં એ ઇષ્ટ છે. હજી પરરાજ્યો સાથે સન્ધિવિગ્રહના પ્રસંગ આપણે નથી, તેમ આપણા જીવનના બીજા પ્રદેશો પણ એટલા બધા વિસ્તર્યા નથી કે એના વર્તમાનને પહોંચી વળવા માટે બહુ ધનની અપેક્ષા પડે. બેશક અત્યારે ખર્ચાય છે તે કરતાં અધિક ધન એ ધંધામાં નાંખવાની જરૂર છે, પણ અધિક એટલે અધિક જ, બહુ નહિ. હિંદુસ્તાનમાં એટલું ધન તો છે કે જે અક્કલમંદી અને દેશસેવાના ભાવથી ખર્ચાય તો ઘણાં સુધારાનાં કામોને એ પહોંચી વળે. આપણી ઘણીખરી અશક્તિ કાર્યકરી બુદ્ધિ અને દેશસેવાની તીવ્ર વેદના—એ બેની ન્યૂનતામાંથી ઉત્પન્ન થાય છે. કહે છે કે 'सर्वे धर्मास्तण्डुलप्रस्थमूला' સર્વ ધર્મનો આધાર શેર ધાન્ય ઉપર છે. અર્થાત્ ખાવાનું મળતું હોય તો જ ધર્મ બની શકે. પણ ધ્યાનમાં રાખો કે કર્તવ્ય કરવા માટે માત્ર શેર ધાન્યની જરૂર છે, એટલી સંપત્તિ પ્રાપ્ત થઈ કે ત્યાંથી દેશસેવાનો અમાપ ધર્મ શરૂ થયો સમજો. આ ધર્મ પત્રકાર ઉપર છે તેટલો બીજા કોઈ ઉપર પણ નથી. હિંદુસ્તાનના વર્તમાન પ્રશ્નો અર્થશાસ્ત્રની દૃષ્ટિએ નહિ પણ ધર્મ અને કર્તવ્યશાસ્ત્રની દૃષ્ટિએ ઉકેલવા જોઈએ, અને "धर्मादर्थश्च कामश्च" એ ભારત સાવિત્રીના મંત્રનું સ્મરણ કરી એ માર્ગે પ્રબળ લોકમત પ્રવર્તાવવો એ વર્તમાનપત્રોનું કર્તવ્ય છે. પડેલા દેશ "કૅલ્કયુલેટિંગ સ્પિરિટ" યાને

હિસાબી દૃષ્ટિથી કદી ઊભા કરી શકતા નથી. એ મહાન કાર્ય માટે તો "આઇડીયાલિઝમ" યાને ભાવનાનાં તેજ જ જોઇએ."

ગુજરાતી પત્રકારત્વના સંરક્ષણુ માટે પત્રકારમંડળ સ્થાપવાના પ્રયત્નો ઘણુા થયા છે. ગુજરાતી પત્રકારપરિષદોનાં નિવેદનો તેનાં સાક્ષી છે. એમાં જેનો ઉલ્લેખ નથી તેવા પ્રયત્નો પણુ થયેલા છે. તેવો એક પહેલો પ્રયત્ન ૧૯૨૨માં થયો હતો. "હિંદુસ્થાન અને અખબારે સોદાગર"ના પ્રતિનિધિ તરીકે મારવાડી વિદ્યાલયમાં "સિવિલ ડિસ-ઓબીડિયન્સ ઇન્કવાયરી કમીટી"ના સભાસદો મોતીલાલ નેહરૂ, રામભજદત્ત ચૌધરી, ટી. પ્રકાશમ આદિ નેતાઓના યોજાયેલાં ભાષણો રિપોર્ટ કરવા હું એક વાર ગયો હતો. ત્યાં તે સમયના કોંગ્રેસ સ્વયંસેવકોના ગણુનાયકની અસહિષ્ણુતાને લીધે પત્રપ્રતિનિધિ તરીકે મારો અનાદર થવાનો અણધાર્યો પ્રસંગ આવ્યો હતો. પૂરતી તપાસ પછી તે સમયના અગ્રગણ્ય ગુજરાતી પત્રકારોએ એ પ્રશ્ન ઉપાડી લીધો, એ અનાદરને ગુજરાતી વૃત્તવ્યવસાયનો અનાદર માની લીધો, અને તેના સંરક્ષણુની આવશ્યકતા સ્વીકારીને સદ્‌ગત શ્રી. અંબાલાલ બુલાખીરામ જાનીને ત્યાં ગુજરાતી પત્રકારમંડળની તરત સ્થાપના કરવામાં આવી. તે સમયે રા. મસ્તફકીર, રા. કાલીદાસ શેલત, રા. 'મધુકર' મગનલાલ કાપડીયા, રા. માણેકચંદ ઘડિયાળી, રા. મોહનલાલ મોદી આદિ પત્રકારો ભેગા થઇને એ મંડળમાં જોડાયા હતા, અને સદ્‌ગત શ્રી. મહેરજીભાઇ માદનનો એ પ્રયત્ન પ્રત્યે ખૂબ સદ્‌ભાવ હતો. સંજોગોવશાત્ એ મંડળ બહુ ટક્યું નહિ. પરંતુ એને ગુજરાતી પત્રકારોના સંગઠનના પ્રયત્નોનો પ્રારંભ કહીએ તો વધારે પડતું નથી. છેવટ છેવટમાં, મુંબઇમાં એવા સંગઠનના શુભનિષ્ઠ પ્રયાસો વખતોવખત થતા જોવામાં આવે છે ખરા, પરંતુ એ પ્રયાસોની સફળતા હજી ય સંદિગ્ધ દેખાય છે.

આ બધું ખરૂં; એ બધી અપૂર્ણતાઓ અને જવાબદારીઓના બોજા

અને મુસીબતોના બોજ માથે વહે છે. છતાં, પત્રકાર કોઇ અજબ પ્રાણી તો છે જ; કોઇનો રોકયો એ રોકાય નહિ; કોઇનો દાબ્યો એ દબાય નહિ.

પત્રકારો સંબંધે એક ગપ છે :

એક પત્રકારનું અવસાન થયું, એટલે એનો જીવ સ્વર્ગના દરવાજે જઇને ઊભો

દ્વારપાળે એને પૂછ્યું: 'પૃથ્વી ઉપર તમે શું કરતા હતા ?'

'હું પત્રકાર હતો' ઉત્તર મળ્યો.

દ્વારપાળે તરત દરવાજા બંધ કર્યા; બંધ કરતે કહી દીધું: 'તમારે માટે અહિં સ્થાન નથી.'

પત્રકાર ત્યાંથી ઊપડયો તે શયતાનને દ્વારે ગયો. ત્યાં પણ એ પત્રકારનો જીવ છે એ સાંભળીને એને કહી દેવામાં આવ્યું કે નરકાગારમાં પણ પત્રકાર માટે સ્થાન નથી.

પત્રકારે આસપાસ દૃષ્ટિ કરી. એક નિર્જન ગ્રહ ઉપર એણે વાસ કર્યો. ત્યાં એણે છાપખાનું સ્થાપ્યું, અને છાપું કાઢયું.

અખબાર શરુ કર્યાને એક મહિનો થતામાં એને સ્વર્ગ અને નરક, ઊભય સૃષ્ટિઓના મફત અને નિરંકુશ પ્રેસ પાસ મળી ગયા !

પ્રકરણ ૩

અંગ્રેજી છાપાંનો ઉષઃકાળ

"Give me the liberty to know, to utter and to argue freely according to conscience, above all liberties."

—*John Milton, in Aeropagetica*

હિંદમાં આજે જુદે જુદે સ્થળેથી બધી ભાષાનાં મળીને ત્રણથી ચાર હજાર સામયિકો પ્રસિદ્ધ થાય છે. એ છાપાંની પાછળ લગભગ પોણાબસો વર્ષનો ઇતિહાસ ભૂતકાળમાં લંબાયેલો પડયો છે. અને તેના ઉપર ત્યારથી લઈને છેક આજ સુધી બ્રિટિશ રાજસત્તા સાથેના આ દેશના તાબેદારીના સંબંધની છાપ વિધાતાના લેખ શી અણલખી છતાં અટલ આલેખાયેલી પડી છે. કંપની સરકારના સમયમાં છાપાં તરફ તેના સત્તાધીશોને અણગમો હતો. પોતાના શોષણ તેમજ શાસનના કાર્યની સરળતામાં એવા નવરા નથળા કુથલીખોરોનો ટકટકારો તેમને ખૂબ અકળાવતો. આ સ્થિતિ તે સમયમાં ઇંગ્લૅન્ડમાં પ્રવર્તતી મનોદશાને જ પ્રતિબિંબિત કરતી હતી એમ તત્કાલીન આંગ્ન ઇતિહાસ જોતાં જણાય છે. રાજકારણ અને તેની સાથે સીધો સંબંધ રાખતાં છાપાં, ઉભય તરફ તે સમયનો ત્યાંનો જનસમાજ ઘૃણાની નજર રાખતો હતો. અને ત્યાંનાં "ટાઇમ્સ", "મોર્નિંગ પોસ્ટ", ઇ. જેવાં આજનાં

ગ્રાહકોનાં દસ લાખે લેખાં લખાવતાં છાપાં તે સમયમાં પાંચ–દસ હજારનો ફેલાવો પણ માંડ ભોગવતાં હતાં. સર વૉલ્ટર સ્કૉટના જમાઈને લંડનના એક અગ્રગણ્ય દૈનિકના તંત્રીપદે વિરાજવાનું નિમંત્રણ મળતાં એ ધંધો હલકટ તથા ગૃહસ્થને ન છાજે એવો હોવાને કારણે સ્કૉટે એ નિમંત્રણનો અસ્વીકાર કર્યો હતો, એ તેનું એક લાક્ષણિક દૃષ્ટાંત છે.

ઇંગ્લૅન્ડમાં આ સ્થિતિ ત્યાંના પ્રખર પત્રકારો પરત્વે હતી. જ્યારે હિંદમાં છાપાં શરૂ કરનારા તો ત્યાંના છાંડેલા, કશા પણ મોભા મરતબા વિનાના રખડુ કહી શકાય તેવી કક્ષાના ફરંદા માણસો જ હતા. તેમને માટે કંપની બહાદુરને કેટલો તિરસ્કાર હશે, એ સમજી શકાય તેવું છે. વૉરન હેસ્ટિંગ્ઝે હિંદના આદિ વૃત્તપત્ર તરીકે લેખાયેલા એક તુચ્છ ચોપાનીયાના તંત્રીને કચડી નાખવામાં પોતાની બધી શક્તિ ખરચી હતી. એનાથી ટીકા ખમાતી જ નહોતી. બંગાળના યૂરોપીયન પત્રો સંબંધે ૧૮૬૮માં સર હેન્રી મેઈને લખ્યું હતું કે એ છાપાં "બેદરકાર, છીછરાં, અને નિંદાખોર છે તે આપણે હમેશાં જાણતા હતા. અને હવે એ પણ જાણવા મળે છે કે એ રૂશ્વતખોર પણ છે." એ ગંદાં, ગલીચ ચોપાનીયાં-માંથી પ્રકટેલું વૃત્તવિવેચનનું બીજ પાંગરી પ્રસરીને આજનું રોનકદાર વૃક્ષ બન્યું છે!

અસલથી જ હિંદમાં છાપાંની તવારિખ મુદ્રણસ્વાતંત્ર્ય અને મુદ્રણ–નિયમન વચ્ચેના ગજગ્રાહની તવારિખ બની રહેલી છે. પરદેશી રાજસત્તા માટે ટીકા અસહ્ય જ હોય. તેમાં પણ સત્તાની જડ બરાબર જામી ન હોય ત્યાંસુધી એ ટીકારૂપી કોદાળીનો એને ભય રહ્યા જ કરે, કે નવી માટીમાં માંડ પકડ લેતાં મૂળીયાંને ઉખેડવામાં રખે એ પ્રત્યક્ષ કે પરોક્ષપણે પણ નિમિત્ત બની જતી. આ ખેંચતાણની લંબાણ વિગતોમાં અહિં નહિ ઉતરીએ. કેમકે અંગ્રેજી વૃત્તપત્રોના વિકાસના આ નિબંધમાં કરેલા ટૂંકા અવલોકનમાં તેના વાસ્તવિક રૂપની ઝાંખી થોડી ઘણી પણ થશે જ.

એ ઘટના વિચિત્ર છતાં સત્ય છે, કે છાપાંલક્ષી દમનક ધારાધોરણોનાં મંડાણ અંગ્રેજોની માલિકીનાં વર્તમાનપત્રોને અંકુશમાં રાખવા થયાં હતાં, અને કેટલાયે દસકાઓ સુધી તે હેતુથી જ તેનો વિકાસ પણ થયા કર્યો હતો. દેશી ભાષાનાં છાપાં અસ્તિત્વમાં આવ્યાં, અને એમણે મસ્તક ઉઠાવ્યું, કે તરત દમનના વાયરા તે દિશામાં વળ્યા, અને અગાઉ બાપ માર્યાનાં વેર હોય તેવા ઝનૂનથી લડતી રાજસત્તા તેમજ યૂરોપિયન છાપાં "બહારવાળા" સામે એક થઈ ગયાં ! ત્યારથી પ્રેસ એક્ટોની ઝીક દેશી માલિકીનાં વૃત્તપત્રોએ ઝીલી છે. આવી રીતે છાપાં પરત્વે થયેલા કાયદા કાનૂનની કથા અંગ્રેજી અખબારોના વિકાસ સાથે લગભગ વીસમી સદીના પ્રારંભ સુધી એવી તણાવાણા શી વણાઈ ગઈ છે, કે તેના અવલોકનમાં જ અંગ્રેજી છાપાંના વિકાસની રૂપરેખા પણ સમાઈ જાય છે. તેથી એ વાર્તાનું આ ખંડમાં આપણે સંક્ષિપ્ત છતાં સળંગ આકારે અવલોકન કરી લઈશું.

હિંદના વૃત્તવિવેચનના ઉષ:કાળ સમયે, એટલે આજથી ૧૬૦ વર્ષ પહેલાં કેવી સ્થિતિ પ્રવર્તતી હતી તે જાણવા પ્રત્યેક પત્રકાર તેમજ વૃત્તપત્રોના વિકાસમાં રસ લેનાર પ્રત્યેક બુદ્ધિમાન ગુજરાતી ઇંતેજાર હોય એ સ્વાભાવિક છે. એ સમયની દેશની રાજકીય, આર્થિક, વ્યાપારી અને સામાજિક પરિસ્થિતિનો વાસ્તવિક ખ્યાલ ઈતિહાસના કોઈ પણ ગ્રંથ કરતાં તે સમયનાં અખબારોની ફાઇલો વધારે નિકટવર્તી રૂપમાં આપી શકે. એવી માહિતી મેળવવાનું સાધન હિંદના પહેલા અખબાર તરીકે ગણાવાયેલા "બેંગોલ ગેઝેટ"ની ફાઇલો પૂરું પાડે છે. એનો તંત્રી જેઈમ્સ ઑગસ્ટસ હિકી નામે એક ચક્ષતાપુર્જા અંગ્રેજ હતો. હિંદુસ્તાનના એ પ્રારંભવીર પત્રકારની કારકીર્દી ઘણી રસપ્રદ બાબતો ઉપર પ્રકાશ નાખે છે. ઇ સ. ૧૭૬૮ના નવેંબર મહિનામાં કલકતા કાઉન્સિલ હાઉસ આગળ તેમજ જાહેરાતનાં અન્ય સ્થળોએ એક સૂચના ચોંટાડવામાં આવી હતી. તેનો ગુજરાતી તરજુમો નીચે પ્રમાણે છે :

"આવી રીતે મી. બોલ્ટ્સ જાહેર કરે છે, માહિતી આપે છે કે આ શહેરમાં મુદ્રિત અખબારની ખોટ હોવાથી વેપારરોજગારને ઘણી અડચણ પડે છે, અને પ્રત્યેક બ્રિટિશ પ્રજાજન માટે ઘણા જ મહત્વના હોય તેવા સમાચારો પણ એ (વ્યાપારી) વર્ગને પહોંચાડવાનું કાર્ય અત્યંત દુર્ઘટ બને છે તેથી મુદ્રણહુન્નરના જાણકાર હોય તેવા કોઇ પણ માણસ અગર માણસોને, જો તે બીબાં તથા બીજાં સાધનો નિપજાવી શકતા હોય તો, મુદ્રિત અખબાર ચલાવવામાં સારામાં સારૂં ઉત્તેજન આપવા તેઓ તૈયાર છે. દરમ્યાન જાહેરને એવું જણાવવાની તેઓ રજા લે છે કે ઘણી વસ્તુઓની માહિતી હસ્તલિખિત રૂપમાં તેમની પાસે પડેલી હોવાથી અને એ હકીકતો પ્રત્યેક વ્યક્તિ સાથે નિકટમાં નિકટનો સંબંધ ધરાવતી હોવાથી, કુતૂહલ અગર તેથી વધારે પ્રશંસાપાત્ર હેતુથી પ્રેરાઇને તે માહિતી મેળવવા ઇચ્છનાર કોઇ પણ માણસને મી. બોલ્ટ્સને ઘેર જઇને એને વાંચવા અગર તેની નકલ કરી લેવા દેવામાં આવશે. રોજ સવારના દસથી બાર સુધી એક માણસ તે માટે હાજર રહેશે."

આ જાહેરાતને હિંદના પ્રથમ વૃત્તપત્રનો પૂર્વરંગ કહી શકાય. કલકતા શહેર તે સમયે ઝડપથી ફૂલતું ફાલતું હતું. છ વર્ષ પછી ગવર્નર જનરલ–ઇન–કાઉન્સિલનું તથા વરિષ્ઠ ન્યાયમંદિરનું પણ એ કેન્દ્ર થવાનું હતું. વર્તમાનપત્રની સ્થાપના માટેના એવા અનુકૂળ દેખાતા સંજોગો છતાં મી. બોલ્ટ્સના જાહેર જુસ્સાને બાર વર્ષ સુધી સફળતા મળી નહિ. છેક ઈ. સ. ૧૭૮૦માં કલકત્તામાં આવી વસેલા મી. હિકીએ બીડું ઝડપ્યું, અને તેના સાહસના ફલસ્વરૂપ 'બેંગૉલ ગૅઝેટ'ના પહેલા અંકે એ સાલે દેખા દીધી. બ્રિટિશ મ્યુઝીયમમાં એ વર્તમાનપત્રની ફાઇલને જતનથી સાચવી રાખી છે. એના પહેલા પાના ઉપર લખ્યું છે:

"માર્ચ ૧૭૮૦થી માર્ચ ૧૭૮૨, જે દિવસે હુકમ મુજબ બીબાં જપ્ત કરવામાં આવ્યાં હતાં."

હિકી ઈંગ્લૅંડમાં કંપની સરકારના મુદ્રક તરીકે કામ કરતો હતો. કલકત્તે આવીને થોડો સમય રખડી ખાધા પછી આ સાહસમાં એણે ઝંપલાવ્યું હતું. પોતાના અખબારના માલિક, તંત્રી, વ્યવસ્થાપક, બીબાં ગોઠવનાર, મુદ્રક અને પ્રકાશક—એ બધું એ પોતે જ હતા. 'બેંગોલ ગૅઝેટ'નાં કૉલમોમાં વખતોવખત પોતાના જીવનની સુખદુ:ખની વિગતો પણ એ આપતો હતો, અને તેમાં એના વાચકવૃન્દના સમભાવની અપેક્ષા જાહેર કરતો હતો. એણે આલેખેલાં એ શબ્દચિત્રો એટલાં રંગબેરંગી અને આકર્ષક છે કે એની સંક્ષિપ્ત પણ નોંધ અહિં લેવી પડશે.

હિકીના આત્મવૃત્તાંત ઉપરથી જણાય છે કે એણે કલકત્તામાં વેપાર માંડયો હતો અને આયાત નિકાસનું કામ પણ એ કરતો હતો. પરંતુ ૧૭૭૫–૭૬ની સાલે એના માલધારી જહાજને ભરદરીયે નુકસાન થયું અને તેમાં એનો માલ ખરાબ થઈગયો. એનું ૪૦૦૦ સિક્કાનું દેવું પણ તે જ અરસામાં ચૂકવવાનું હતું. એ કર્જદારીથી મુક્ત થવા માટે હિકી કહે છે કે એણે પોતાની બધી મિલ્કત લેણદારોને આપી દીધી છતાં તેમાંથી ફક્ત રૂ. ૨૦૦૦ ઉભા થઈ શકયા, અને તોયે "કાળા બંગાળી વેપારીઓ જરાયે મોળા પડયા નહિ." છેવટે પોતાની બધી ખાનગી મિલ્કત પણ એણે બિચારાએ લેણદારોને હવાલે કરી, અને ૧૭૭૬ના ઓકટોબર મહિનામાં એને "જામીન છોડવવા માટે જાતે કલકત્તાની તુરંગમાં હાજર થઈ, જીવનમાં પહેલી જ વાર કારાવાસની દિવાલોમાં પ્રવેશ કરવો પડયો."

જેલમાંથી હિકી સાહેબ કઈ હિકમત લડાવીને છૂટા થયા, એની નોંધ તેઓશ્રીએ જાહેરની જાણ માટે પ્રસિદ્ધ કરી નથી, પરંતુ એ બહાર નીકળ્યા હતા એ નિ:સંશય છે. પણ એવી આપત્તિઓથી શેહ ખાય તેવી એ મૂર્તિ સુંવાળી નહોતી. હાથ જોડીને બેસી ન રહેતાં, થોડા જ સમય પછી "પોતાના કુટુંબના ભરણ પોષણ અર્થે તેમજ લેણદારો માટે વ્યવસાય કરવા કાજે ઉદ્યોગ ધંધાની યોજના" એણે ઘડી કાઢી. એ યોજના તે "બેંગોલ ગૅઝેટ" છાપું અને તેનું છાપખાનું.

વૃત્તપત્ર કાઢ્યું તો ખરૂં, પણ તે સાથે એણે સ્પષ્ટ રીતે જાહેર કરી દીધું હતું કે

"છાપાં છાપવાનો મને શોખ નથી, મને તેમ કરવાની ખાસ વૃત્તિ નથી. આકરી મજુરીના ગુલામજીવનની મને ટેવ નથી. તેમ છતાં મારા ચિત્ત અને જીવની સ્વાધીનતાનાં મૂલ્ય ચુકવવા માટે મારા દેહને ગુલામીમાં જકડવામાં પણ મને આનંદ મળે છે."

આ પારમાર્થિક હેતુ અર્થે શહીદ થવાની હિકી સાહેબની તમન્નાનાં બણુગાંમાંથી પણ એ હકીકત તરી આવે છે, કે તે સમયમાં પણ (૧) પત્રકારે કેવા ખડતલ, અદમ્ય, અને વૈવિધ્યપૂર્ણ અનુભવોને જીવનમાં ઘટાવવાની તૈયારીવાળા હોવું આવશ્યક હતું, (૨) વૃત્તવિવેચનનો ખાસ શોખ તથા આવડત ન હોવા છતાં એને છાપું ચલાવવામાં પરાણે આનંદ લેવો પડતો હતો, અને (૩) દેહની ગુલામી જેવો વૃત્તકારનો વ્યવસાય કરવાનું એને ભાગે રહેતું. આ મૂળભૂત બાબતોમાં તો ૧૬૨ વર્ષે પણ આપણા દેશમાં વસ્તુસ્થિતિમાં ખાસ ફરક પડ્યો નથી, એમ કહેવામાં આવે, તો એ કથનની વાસ્તવિકતાનો બહોળો સ્વીકાર આજની પત્રકાર આલમમાં થાય.

હિકીનું છાપું અઠવાડિક હતું. તેનો પહેલો અંક ૧૯મી જાન્યુઆરી-એ નીકળ્યો. તેમાં એણે પોતાના અખબારની કાર્યનીતિની ચોખવટ કરી હતી, કે આપણે તો તકરારના ખડકોથી વેગળા રહીને જ આપણું વહાણ હંકારવું છે, અને "બધા પક્ષો માટે ખુલ્લું છતાં કોઈની અસર નીચે નહિ આવતું રાજકારણી અને વ્યાપારી સામાહિક" ચલાવવું છે.

૨૨×૮ ઇંચના કદનાં બે પાનીયાં, અને દરેક પાનાની બે તરફ છાપેલાં ત્રણ ત્રણ કોલમો, એ એનું સ્વરૂપ હતું. તેમાં સ્થાનિક તથા બહારગામના ખબરપત્રીઓનાં લખાણો ઉપરાંત કોઈ કોઈ વાર "છેલ્લામાં છેલ્લા ઇંગ્લેન્ડથી આવેલા તાજા સમાચાર" પણ પ્રસિદ્ધ થતા. એ

છેલ્લામાં છેલ્લા તાજા સમાચાર ઓછામાં ઓછા ચાર મહિના જેટલા વાસી તો હતા જ.

એ અખબારના કોઈ હિંદી વાંચકો હોવાનો સંભવ ઓછો હતો, કારણ એની જાહેરાતો માત્ર યૂરોપિયન સમાજના ઉપયોગમાં આવે તેવી હતી. અને હિંદી ગ્રાહકો કે વાંચકો હશે તોપણ ઘણા થોડા હશે. કેમકે એ જમાનામાં અંગ્રેજી ભાષા શીખી શીખીને કેટલા શીખ્યા હોય? હિકીએ કદી પણ હિંદીઓના હિતની હિમાયત કરી નહોતી. અને વતનીઓના હિતનો વિષય જ્યારે છેડવાવારો આવે ત્યારે એના અખબારની બહુમૂલ્ય ભલામણો બ્રિટિશ હિતસંબંધને પ્રાધાન્ય અને હિંદીને ગૌણસ્થાન આપવા પૂરતી જ રહેતી. દા. ત., હિકીના એક અગ્રલેખમાં નીચેનો ફકરો પણ જોવામાં આવે છે:

" આ કટોકટીના પ્રસંગે (હૈદરઅલી વિષે) મદ્રાસના ગવર્નર વ્હિઠાલે જે કર્યું છે તે બહુ જ ઉચ્ચ કોટિની બુદ્ધિ અને જુસ્સાને અનુસરીને, કર્યું છે; તે એ કે મદ્રાસની તિજોરીમાં વ્યાજે એક કરોડ રૂપિયા ભરી દેવાની આર્મિ-નીયનો અને શ્રીમંત વતની દુબાશોને આપણે ફરજ પાડી છે. એ જ કાર્ય સાચે જ સમયોચિત અને સમુચિત છે, કે અંગ્રેજોની ઉદારતાના આશ્રયે ધનનો સંચય કરનારાઓએ પોતાને મળતા સંરક્ષણના બદલામાં, પ્રસંગ પડતાં, પોતાનો ફાળો આપવો જ જોઇએ. બળજબરી, વ્યાજખોરી, અને શોષણ વડે કલ્પનાતીત ધનસંગ્રહ કરી રહેલા અહિંના વાણિયાઓને પણ સરકાર માટે અત્યાર કરતાં વધારે ઉપયોગી બનાવી શકાય તેમ છે."

હેસ્ટિંગ્ઝના જમાનામાં રાજકર્તા વર્ગની આ સામાન્ય મનોદશા હતી, તે ઇતિહાસના અભ્યાસકો જાણે છે. રાજસત્તાને રાજી રાખવા ખાતર જ હિકી આવું લખાણ નહોતો કરતો. એ તો પ્રસંગ આવે અને સ્વાર્થનું ઘર્ષણ થાય ત્યારે સરકારના અભિપ્રાયોની ઉપેક્ષા કરીને પણ પોતાને ઠીક લાગે તે લખ્યા કરતો હતો. એટલે ખુશામદ ખાતર નહિ, પણ માત્ર સામ્રાજ્યમનોદશાના દિગ્દર્શન તરીકે જ હિકી હિંદીઓ પ્રત્યે એ પ્રકારની મનોદશા વ્યક્ત કરતો હતો.

એના અખબારમાં સાહિત્ય અને કાવ્યચર્ચાને પણ પ્રમાણમાં સ્થાન મળતું હતું. કાવ્યમાં મોટે ભાગે રમૂજી જોડકણાં આવતાં હતાં.

રાજકર્તા સમાજને રસ પડે તેવા વિષયો હિકીના ચોપાનિયામાં ચર્ચાતા હતા. લોકરુચિને પોષવા એ પ્રયત્નશીલ રહેતો. અને તેમાં જ તેની પડતીનાં બીજ હતા. લોકરુચિ એટલે એના સમયનો ગોરો સમાજ. એનું મનરંજન કરતાં કરતાં એનું વૃત્તવિવેચન અધોગતિએ ઊતર્યું, અને ધીમે ધીમે અશ્લિલતાથી લદબદ થઈ ગયું. ગૃહસ્થાઈનો દાવો કરતા વર્ગમાં એના અખબારનું વાચન અણગમતું બની ગયું.

૧૭૮૧ માં 'ઇન્ડિયા ગેઝેટ' નામનો હિકીનો હરીફ જાગ્યો. એ ચાર પાનાનું સાર્થનામ ચોપાનિયું હતું, અને એનું મુદ્રણ તથા ગોઠવણી આકર્ષક હતાં. તેના સંચાલકો પીટર રીડ અને બી. મૅસિનિક નામે અંગ્રેજો હતા. આ પ્રતિસ્પર્ધીએ હિકીના ભેજાના રહ્યાસહ્યા સમતોલપણાને નષ્ટ કરી નાખ્યું. 'ઇન્ડિયા ગઝેટ'ને સરકાર તરફથી ટપાલને લગતી કેટલીક સવલતો મળી, તેથી ઉશ્કેરાઇને હિકીએ એવી મતલબનો આક્ષેપ પ્રસિદ્ધ કર્યો કે મિસિસ હેસ્ટિંગ્ઝ સાથે અઘટિત સંબંધ સાધીને એ ભલી બાઈના પતિ ઉપર એ રીતે દબાણ લાવીને આવી સવલત જેને મેળવવી હોય તે ભલે મેળવે, પરંતુ હિકી જેવા સજ્જનનું એ કામ નહિ! અને આ લખાણ કોના સંબંધમાં હતું? ખુદ ગવર્નર-જનરલ વૉરન હેસ્ટિંગ્ઝ અને તેની પત્નીના!

૧૪ નવેંબર ૧૭૮૦ તારીખે ફૉર્ટ વિલિયમમાંથી હુકમ છૂટ્યો કે મી. હિકીના છાપખાનામાં વિનાકારણ સારા માણસોની બદનક્ષી થવા માંડી છે તેથી પોસ્ટ ઑફિસે એની નકલોની વહેંચણી કરવી નહિ. આવી રીતે એના બહારગામના ઘરાકો ટળી ગયા. પણ હિકી સાહેબ એમ ગાંજ્યા જાય તેવા નહોતા. એણે સખત ભાષામાં ટીકા કરી કે અમે એમ કોઇના બાપની ખુશામદ કરનાર નથી, અને સ્વતંત્રતા તથા જીવના પણ ભોગે હું મારી ઇજ્જતનો બચાવ કરવામાં ઓછો નહિ ઊતરું.

અંગ્રેજી છાપાંનો ઉષઃકાળ

"શું હું ગુલામીની ઝુંસરી અને સ્વચ્છંદ જુલમની બરદાસ્ત નીચે ગર્દન ઝુકાવીશ? ના......"

અને આ પ્રસંગ બન્યા પછી હિકીએ માઝા મૂકી, અને તેના ચોપાનિયામાં અનિષ્ટ તત્ત્વો ઊભરાઈ ઊઠયાં. એની ઝેર નીતરતી કલમના ઝપાટાથી ગમે તેવા મોટા અમલદાર, માનનીય શહેરી કે સજ્જન ગૃહસ્થની આબરૂ સલામત નહોતી. છેવટે ગવર્નરે અદાલતનો આશ્રય લીધો, અને મુખ્ય ન્યાયમૂર્તિની આજ્ઞાથી હિકીને પરહેજ કરવામા આવ્યો. તેની પાસેથી રૂ. ૪૦૦૦ના જામીન માગવામાં આવ્યા, પણ હિકીથી તેની વ્યવસ્થા થઈ શકી નહિ, એટલે કારાવાસમાં એ સ્થાન પામ્યો. પરંતુ એની ગેરહાજરીમાં યે એનું ચોપાનિયું જેવું ને તેવું વિષ વરસાવતું નિયમિત નીકળતું રહ્યું. જેલમાંથી હિકી એનું સંચાલન કરતો હતો. ૧૭૮૨ના માર્ચમાં એણે હેસ્ટિંગ્ઝ સામે છેલ્લું રોષપ્રદર્શન કર્યું, અને તરત એના બીબાં જપ્ત થયાં.

આવું હિંદના પ્રથમ ગણાતા વૃત્તપત્રના જીવનનું વૃત્તાંત છે. એ દેશની અંગ્રેજી ભાષાની પત્રકારઆલમ પોતાના આ પુરોગામી માટે પોતાને જેટલી મગરૂરી લેવી હોય તેટલી સુખે લે! પરંતુ રાજસત્તા અને પત્રકાર વચ્ચેની આ પહેલી ઐતિહાસિક ટક્કરમાં સમાયેલા મુદ્દામાં અભિમાન લેવા જેવું કશું નથી, અને શરમાવાપણું ઘણું છે, એમાં **આજના અંગ્રેજ** પત્રકારોનો શો દોષ? અને અંગ્રેજી વૃત્તવિવેચનના ક્ષેત્રમાં આ દેશના વતનીના પ્રથમ સાહસનું સ્વરૂપ, કાર્યપદ્ધતિ કે પત્રનીતિ હિકીની કક્ષાએ પહોંચવા ન પામી હોય, તો તેમાં હિકીનો યે શો વાંક? લેખનના સ્વાતંત્ર્યની લડતના પ્રથમ હિમાયતીવીર અને બલિદાન બનવાનો યશ હિકીને ઘણી વાર આપવામાં આવે છે પરંતુ તેની ખરી વસ્તુસ્થિતિ એ પોકળ માન્યતાના પરપોટાને પળવારમાં આવી રીતે ફોડી નાખે છે!

પ્રકરણ ૪

છાપાં અને કાયદા : સમાંતર વિકાસ

A Free Press and the dominion of strangers are things which are quite incompatible and which cannot long exist together. For what is the duty of a Free Press? It is to deliver the country from a foreign yoke, and to sacrifice to this one great object every meaner consideration; and if we make the press really free to the Natives as well as to the Europeans, it must inevitably lead to this result...We cannot have a monopoly of the freedom of the press.

—*Sir Thomas Munro* (*in a Minute on 'Danger of a Free Press in India' 1822*)

ઈ. સ. ૧૭૮૦ના નવેંબર મહિનામાં બી. મેસિનિક નામના એક નાટક કંપનીવાળા ગૃહસ્થે 'ઇંડિયા ગેઝેટ' છાપું કાઢ્યું હતું, તેની નોંધ ઉપર આપણે લીધી છે. તેના ચાર વર્ષ પછી 'કલકત્તા ગેઝેટ' અને ૧૭૮૫ના ફેબ્રુઆરીમાં 'બેંગોલ જર્નલ' પ્રકટ થયાં. ૧૭૮૫ના છેડામાં 'ઓરીએન્ટલ મૅગેઝીન' નામે છાપું નીકળ્યું, અને ૧૭૮૬માં 'કલકત્તા ક્રાનિકલે' દેખા દીધી. ધીમે ધીમે રાજસત્તાને છાપાંનું પોતાને ઉપયોગી

થઈ પડે તેવું પાસું સમજાવા લાગ્યું, અને તેની કટારો તથા જાહેર-ખબરની સવડમાં એને પોતાની સત્તાનું સંસ્થાપન વધારે સુદૃઢ બનાવવાના સાધનની કંઈક ઝાંખી થવા માંડી હતી. તા. ૧૨–૧૦–૧૭૮૫ના રોજ મદ્રાસમાં સાપ્તાહિક 'ધી મદ્રાસ કુરિયર'નો ઉદ્ભવ થયો. એનો જોન્સ્ટન નામે સરકારી છાપખાનાનો જ મુદ્રક હતો. એ ચોપાનિયું સરકારમાન્ય હતું, અને સરકારી જાહેરાતો તેમાં પ્રકટ થતી. સરકારના આશ્રય તથા ઓથનો આ પ્રમાણે હિંદમાં પ્રારંભ મદ્રાસથી થયેલો જોવામાં આવે છે. એને સરકાર તરફથી અનેક પ્રકારે સહાય–સવડો મળતી હતી અને તેના જોરે એનું ગાડું સુખે ગબડતું હતું.

છતાં બંગાળાના પ્રથમ પત્રની જેમ મદ્રાસમાં પણ રાજસત્તાને છાપાં સાથે અથડામણ તો થતી જ હતી. 'કુરિયર' સંબંધી અધિકારીઓને ફરિયાદો કરવા વારો ઘણી વાર આવ્યો હતો, પરંતુ અહીં હિકી નહોતો. 'કુરિયર' તરત 'સુંવાળો ઉત્તર' આપીને આફત ટાળતું!

ઈ. સ. ૧૭૯૫ના એપ્રીલની બીજી તારીખે મદ્રાસમાં મી. હંફ્રીઝે વગર પરવાને 'ઇન્ડિયા હેરલ્ડ' નામે છાપાનો પ્રારંભ કર્યો હતો, પરંતુ સત્તા સાથે ચકમક ઝરતાં તેને કેદ કરીને વિલાયત રવાના કરી દેવો પડયો હતો.

૧૭૯૫માં સાપ્તાહિક 'મદ્રાસ ગેઝેટ' જન્મ્યું હતું. તેને સરકાર તરફથી હુકમ કરવામાં આવ્યો હતો કે પહેલેથી ફોજી ખાતાના સેક્રેટરીને બતાવીને મંજૂરી લીધા વિના સરકારી હુકમો એણે છાપવા નહિ. આ રીતે સેન્સરશિપના પ્રારંભનો જશ પણ મદ્રાસને ફાળે જ જાય છે. ૧૭૯૯માં તો એવો સરકારી ફતવો નીકળ્યો કે બધાં જ વર્તમાનપત્રો છપાયા પહેલાં સરકારી અધિકારીને બતાવીને મંજૂર કરાવી લેવાં જોઈશે.

બંગાળા અને મદ્રાસ ઊભય કરતાં મુંબઈ અંગ્રેજ સરકારના અમલ નીચે વહેલું (૧૬૬૧) આવ્યું હતું, પરંતુ ત્યાં પહેલું છાપું છેલ્લું

નીકળવા પામ્યું હતું. એ ઘટના ૧૭૮૯માં બની; એ સાલે અઠવાડિક 'બોમ્બે હેરલ્ડ'નું પ્રાકટ્ય થયું. ૧૭૯૦માં 'બોમ્બે કુરિયર', તેનું જ રૂપાન્તર આજનું 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા.' મોબેદ જીજીભાઈ બહેરામજી છાપગર નામે પારસીએ પહેલાં ગૂજરાતી બીબાં ઢાળીને એ અખબારમાં ગૂજરાતીમાં જાહેરખબર છપાવી હતી.

સરકારના પ્રત્યેક હુકમને શિરસાવંદ્ય કરવાના વચન સાથે ૧૭૯૧માં 'બોમ્બે ગૅઝેટ' અસ્તિત્વમાં આવ્યું, પરંતુ પ્રસંગવશાત પોલીસની ટીકા કરવા જતાં રાજસત્તાની એના ઉપર ખફગી ઊતરી, અને સેન્સરશિપ એને માથે બેઠી. પરંતુ છેવટે સરકારે એ પત્રને અપનાવી લઈ તેનું નામ બદલીને 'ગવર્નમેન્ટ પેપર' રાખ્યું. ૧૭૯૨માં હેરલ્ડ અને ગૅઝેટ જોડાઈ ગયાં. ગૅઝેટને રાજસત્તાનો પૂર્ણ સહકાર અને સહાય ઉપલબ્ધ હતાં, અને મુંબઈમાં તે સમયથી સરકારને છાપાં ખૂબ ઉપયોગી સાધન થઈ પડયાં.

વિલિયમ ડુએન નામે એક અમેરિકન ગૃહસ્થ કંપની સરકારમાં નોકર હતો. ૧૭૯૧માં એણે 'બેંગોલ જર્નલ' સ્થાપ્યું હતું. લોર્ડ કોર્નવૉલિસના મરણની કલકત્તામાં તે સમયે ઊડેલી ગપ એણે છાપી મારી હતી, અને તેના એવા છાંટા ઊડયા હતા કે જેને લીધે ફ્રેન્ચ રાજસત્તા સાથે અંગ્રેજ સરકારને અથડામણનો પ્રસંગ આવી પડયો હતો. ખબરપત્રીઓના ગોટાળાનો આ કિસ્સો એક નાદર નમૂનો પૂરો પાડે છે. ડુએન ઝમકદાર સેન્સેશનનો શોખીન હતો, અને વારંવાર એનું અમેરિકન ખમીર એને જાતજાતનાં ગતકડાં કરવા પ્રેરતું હતું. અનેક ખેંચતાણને અંતે ગવર્નર જનરલે છેવટે એને કેદ કરીને ઇંગ્લૅન્ડ ચઢાવી દીધો હતો. આ અરસામાં તંત્રીઓને સરકાર તરફથી વારંવાર ચેતવણી અને ધમકી મળવાના પ્રસંગ બન્યા જ કરતા હતા. જે રાજસત્તા પોતાના જાતભાઈઓ પ્રત્યે પણ આટલી અક્ષમાશીલ થઈ

શકે, તે તાબેદાર કોમના ‘ તિનપાંચ ’ કરનારા છાપાંવાળા સાથે કામ લેવામાં શું બાકી રાખે?

‘ ટેલીગ્રાફ ’ ‘ બેંગોલ હુરકારુ,’ ‘ ઈન્ડિયા ગૅઝેટ ’ અને ‘ એશિઆટિક મિરર,’ એ અંગ્રેજ માલિકીનાં છાપાં ઉપર સરકારની નારાજી ઊતરી હતી, અને સત્તાનો સપાટો એમને ચાખવો પડયો હતો. એ સમયે તે ઉપરાંત ‘ કલકત્તા મૉર્નિંગ પોસ્ટ,’ ‘ કલકત્તા કુરિયર,’ ‘ ઓરીએન્ટલ સ્ટાર ’ ‘ સ્ટાર,’ ‘ ઓર્ફન પ્રેસ,’ ઈ. બીજાં પત્રો પણ બંગાલમાં ચાલતાં હતાં. એ બધાંને સેન્સરશિપનો કડવો અનુભવ થયો હતો, અને તે સામે એ છાપાંમાં ખૂબ જ ઉહાપોહ થયો હતો, પરંતુ તેની કશી અસર થઈ નહિ. ‘ પ્રેસ રેગ્યુલેશન્સ’નો અમલ સરકાર કડકપણે કરતી જ હતી. સૅમ્યુઅલ જેઈમ્સ બ્રાઇસ નામે પાદરી ધર્મપ્રચારના કામે ૧૮૧૪ ના નવેંબરમાં કલકત્તે આવ્યો અને ‘એશિયાટિક મિરર’નું તંત્રીસ્થાન એણે સંભાળી લીધું. આ પત્રે નિયમનનાં બંધનો ઢીલાં કરવામાં સારો ભાગ ભજવ્યો હતો. તે સમયના પ્રેસ સેન્સર ચીફ સેક્રેટરી ઍડમ સાથે એને પણ તરત સંઘર્ષણ થયું હતું. ૧૮૧૮ માં કડક મિજાજી ઍડમની જગાએ વિલિયમ બટરવર્થ-બેઈલી આવ્યો હતો. તા. ૭–૩–૧૮૧૮ ના રોજ જોન બર્ટન અને જેઈમ્સ મેકેન્ઝીએ ‘ ગાર્ડિયન ’ નામે રવિવારિયું પ્રકટ કર્યું હતું, અને ૧૮૨૦ માં ‘કલકત્તા જર્નલ ’ નામે પત્રનો જન્મ થયો હતો.

સેન્સર અને તંત્રીઓ વચ્ચેના ઝગડાએ ધીમે ધીમે ઉગ્ર રૂપ લીધું. બન્ને પક્ષે જાતભાઈઓ રહ્યા એટલે સહેલાઇથી અને ફાવે તેમ દમન-શમન કરવાનું રાજસત્તા માટે શકય નહોતું. છેવટે ૧૮૧૮ ના ઑગસ્ટમાં હેસ્ટિંગ્ઝની સલાહથી એમ ઠર્યું કે સેન્સરશિપ ઉઠાવી લઈ ને પત્રોના નિયમન માટે અમુક નિયમો દાખલ કરવા, કે જેથી સરકાર અખબારી આક્રમણ સામે સુરક્ષિત રહે, અને છાપાંને કોઇ પણ રાજકર્મચારી વ્યક્તિની મોહતાજી કરવાની સ્થિતિમાંથી મુક્તિ મળે. મુંબઇના તે સમયના

ગવર્નર માઉન્ટસ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટને મુંબઇમાં પણ એ નિયમો લાગુ કર્યા, પરંતુ એને એ બહુ મોળા લાગ્યા હતા! આ 'ઉદારતા'ને મદ્રાસની અંગ્રેજ આલમે વધાવી લઇને હેસ્ટિંગ્ઝને આપવા માટે માનપત્ર પણ તૈયાર કર્યું હતું, પરંતુ મદ્રાસના સેન્સર મહોદયે તેને અટકાવવા ખૂબ પ્રયત્ન કર્યો હતો. છતાં શ્રેષ્ઠ અમલદારો અને ન્યાયાધીશોની મળીને ૫૦૦ સહીઓ તેના ઉપર થઈ હતી. આ માનપત્ર બડા લાટને મેજર બ્લૅકર હસ્તક કલકત્તામાં અર્પણ થયું હતું.

અંગ્રેજ અખબારજીવનની એ બાલ્યાવસ્થામાં આ તબક્કે જેમ્સ સિલ્ક બકિન્ગહામનું નામ બહુ ગવાતું હતું. ૧૮૧૮ ની એ યાદગાર સાલમાં એણે 'કલકત્તા જર્નલ'નું તંત્રીપદ લઈને એને અર્ધસાપ્તાહિકમાં ફેરવી નાખ્યું. એની ઝમકદાર કલમે બીજા હરીફ જાતભાઇઓની અદેખાઇ વહોરી લીધી, અને એમની વચ્ચે સામસામા જે આક્ષેપો અને ભાંડણ ચાલ્યાં તેનો જોટો, 'હલકું લોહી હવાલદારનું' એ કહેતીને હિસાબે નિંદાનું લક્ષ્ય બનેલાં દેશી પત્રોમાં પણ ભાગ્યે જ મળી શકશે. 'પિકવિક પેપર્સ'ની 'ઇટન્સવૉલ ગૅઝેટ' અને 'ઇન્ડિપેન્ડન્ટ'ની સાઠમારી આપણને એ દંગલનો કંઇક ખ્યાલ કદાચ આપે ખરી! સિલ્ક બકિંગહમની ઝમકદાર કલમ હાકેમોને પણ ચીમકી આપ્યા વિના ક્યાં સુધી રહી શકે? મદ્રાસનો ગવર્નર, વડો ન્યાયાધીશ તથા કલકત્તાનો લૉર્ડ બિશપ બધા એના સપાટામાં આવી ગયા હતા. એ ટીકામાં અત્યારની દૃષ્ટિએ કશો દમ નહોતો, પરંતુ અસહિષ્ણુ ગોરી સત્તાની ચામડી તે સમયે અત્યાર કરતાં યે વધારે નાજુક હતી. ૧૮૧૯થી જે ઝગડો મંડાયો, તે એ તેજસ્વી અંગ્રેજના છાપાએ હરીફ પત્રોને એક પછી એક પાછાં પાડી દીધાં. છેવટે જૂનવાણી છાપાં બધાં બંધ થવા વારો આવ્યો ત્યારે ખુદ કંપની સરકારના નોકરોએ જ 'જૉન બુલ ઇન ધ ઇસ્ટ'ની સ્થાપના કરી હતી.

છેવટે બકિંગહમને બદનક્ષીના એક ખટલામાં સંડોવવામાં સરકારને

સફળતા મળી, છતાં તેમાં પણ અદાલતે એને નિર્દોષ ઠરાવીને છોડી મૂકયો ! 'જોન બુલ'ના ધમપછાડા, તથા એડમ અને તેના સાથીઓના ઝનૂની હુમલા છતાં હેસ્ટિંગ્ઝની પોતાના દેશબાંધવ પત્રકાર પ્રત્યેની ઉદાર વૃત્તિ મોળી પડી નહિ અને ઉપરાઉપરી વંટોળિયા પ્રકટાવતા બકિંગહમનો વાળ સરખો વાંકો થઈ શકયો નહિ. પરંતુ કરમસંજોગે ૧૮૨૩માં જોન એડમને અવેજી ગવર્નર જનરલ થવા વારો આવ્યો, અને તરત એણે આંખની કણી શા બની ગયેલા એ પત્રકાર ઉપર ઝપટ મારી, અને બકિંગહમે ભરતખંડને રામરામ કરી લીધા (૧૮૨૩).

હેસ્ટિંગ્ઝવાળા પ્રેસ રેગ્યુલેશન્સ રીતસરના કાયદા નહિ હોવાથી તેની અમલબજવણીમાં બાધા આવતી હતી, તેથી બકિંગહમના વિદાય થયા પછી તરત પહેલું કામ જોન એડમે એને પાકા કાયદાના રૂપમાં ફેરવાવી લેવાનું કર્યું. એણે ઓર્ડિનન્સ-વટહુકમના રૂપમાં તેને ધોરણસર પ્રસિદ્ધિ આપી દીધી, અને તેને પગલે એને લગતા નિયમો પણ 'ગવર્નર-જનરલ ઇન કાઉન્સીલ'ની સત્તાથી જાહેર થઈ ગયા. તેમાં (૧) છાપખાનું રાખવા માટે પરવાનો લેવાની ફરજ (૨) વગર પરવાને ચાલતા છાપખાનાની જપ્ત થવાને પાત્રતા, (૩) પુસ્તક તથા વર્તમાનપત્રના પહેલા તથા છેલ્લા પાના ઉપર મુદ્રક તથા મુદ્રણસ્થાન વિષેની ઠર્યા મુજબની માહિતી આપવાની ફરજ (૪) પ્રત્યેક પ્રકાશનની નકલ માજીસ્ટ્રેટને મોકલવાની ફરજ (૫) પ્રસિદ્ધિને યોગ્ય ન જણાય તેવા પ્રકાશનની પ્રસિદ્ધિની મનાઇ માટે જોગવાઇ (૬) તેવી મનાઇનો ભંગ કરનારની શિક્ષાપાત્રતા, ઇ. ને લગતાં ધોરણ ઠરાવવામાં આવ્યાં. આજે પણ એ જ નિયમો તત્ત્વે કરીને અમલમાં છે.

આ કાયદાકાનૂનના અનાદરની પરાકાષ્ટા અપરાધી પત્રકારને દેશપાર કરવામાં સમાઇ હતી.

રાજા રામમોહનરાયે પાંચ સાથીઓ સહિત હિંદવાનોને નામે આ

નિયમાવલી સામે વડી અદાલત સમક્ષ વાંધો ઉઠાવ્યો, પરંતુ ન્યાયમૂર્તિએ તે નામંજૂર કર્યો. રાજા રામમોહનરાયે હાથ જોડીને બેસી નહિ રહેતાં શહેનશાહને અરજી કરી, અને તેમાં એમણે હિંદુ તથા મોગલ રાજાઓના અમલમાં પત્રકારોને મળતી છૂટ સાથે આ ધારાધોરણની સરખામણી કરી બતાવી. આ વિનંતિપત્ર સાચે જ એક મહત્ત્વનો દસ્તાવેજ છે. દેશી તંત્રીનો રાજસત્તા સામેનો એ પ્રથમ અને ઐતિહાસિક પોકાર છે. આજે પણ ખૂબ રસપ્રદ થઇ પડે એવું એનું લખાણ છે.

પરંતુ પ્રીવી કાઉન્સીલે પણ એ અપીલ રદ કરી.

પેલા અઠંગ પત્રકાર બકિંગહામે ઇંગ્લેન્ડ જઇને કાઢેલા એક પત્રમાંથી ઉતારા લેવાના અપરાધસર ' કલકત્તા જર્નલ 'ને સરકારે તાળાં વસાવ્યાં હતાં. તે પછી ' જૉન બુલ ' અને ' હુરકારૂ ' વચ્ચે સાઠમારી જામી. ' જૉન બુલ ' તો કંપની સરકારનું જ વાજિંત્ર હતું, છતાં એ પણ સરકારના વાંકમાં ૧૮૨૪માં આવ્યું હતું, અને તેના કાન ચીમળવા પડયા હતા.

છાપાંના કાયદા નીચે દેશપાર થનાર ત્રીજો અંગ્રેજ ' કલકત્તા જર્નલ'નો તંત્રી સૅન્ડફર્ડ આર્નોટ હતો.

૧૮૨૪માં ' ધી સ્કૉટસમન ઇન ધી ઇસ્ટ 'નો જન્મ બકિંગહમને છોડવી પડેલી મુદ્રણ સામગ્રીથી થયો. તેનો તંત્રી બહુ સાવચેત રહેવા છતાં રાજરોષમાં આવી ગયો. વર્તમાનપત્રની સ્વતંત્રતાના પ્રશ્ન ઉપર આ બધાં છાપાં ચડભડતાં હતાં અને સરકારે એ ચર્ચા નિષિદ્ધ જાહેર કરી હતી. એ નિષેધ છતાં એ વિષયની છેડતી કરવાના અપરાધ બદલ આ નવા છાપાનું અવસાન થયું હતું.

મુંબઇમાં આ સમયે ' બોમ્બે ગૅઝેટ ' ઉપર એણે ન્યાયમૂર્તિનું અપમાન કર્યાના તોહમતસર મુકર્દમો મંડાયો હતો, અને તેની પાસેથી રૂ. ૪૦ હજારની જમાનત મંગાઈ હતી. આજના જમાનતયુગનો આ

આદિપ્રસંગ કહીએ, તો ખોટું નહિ. રકમ ન ભરાતાં એ પત્રના તંત્રી સી. સી. જે. ફેર દેશપાર થયા; દેશપારિત અંગ્રેજ અંક ચાર! મુંબઈનો ગવર્નર એલ્ફિન્સ્ટન છાપાં પરત્વે ખૂબ જ અસહિષ્ણુ અને કડક હતો, અને મુંબઈમાં પણ છેવટે તા. ૧૧–૬–૧૮૨૫ના રોજ બંગાળાવાળાં ધારાધોરણો લાગુ થઈ ગયાં.

તા. ૨૧–૧૦–૧૮૨૪ના દિવસે કલકત્તામાં 'વીકલી ગ્લીનર' નામે નવું અઠવાડિક નોંધાયું, અને આઠ દિવસ પછી 'ધી કોલમ્બીયન પ્રેસ ગૅઝેટ'નો પણ ત્યાં ઉદય થયો હતો.

આ ચાર અંગ્રેજ તંત્રીઓ પછી વારો આવ્યો 'બેંગોલ હુરકારૂ'નો. સીરામપોરની તે વખતની ડૅનિશ સરકાર વિષે એક વાંધાભર્યો લેખ છાપવા માટે એ છાપું વાંકમાં આવ્યું હતું. 'જૉન બુલ' અને 'સ્કૉટસમન' પણ એવી જ સ્થિતિમાં યથા સમય આવી પડયાં હતાં. 'ઇન્ડિયા ગૅઝેટ' 'ગવર્નમેન્ટ ગૅઝેટ,' 'બેન્ગોલ વીકલી મેસેંન્જર,' અને 'વીકલી ગ્લીનર'ને પણ એક પછી એક રાજસત્તાની ખફગીનો સ્વાદ ચાખવાના પ્રસંગો આવ્યા હતા. 'કોલંબીયન પ્રેસ ગૅઝેટ'નું ડેકલેરેશન રદ કરવામાં આવ્યું, અને એના તંત્રીએ બીજું છાપું કાઢવા માટે કરેલી અરજી સરકારે નામંજૂર કરી.

આ તબક્કે કંપની સરકારે પોતાના નોકરોને છાપાં સાથે સંબંધ રાખવાની મનાઈ ફરમાવી. મુંબાઈમાં ગવર્નરની કાઉન્સિલનો એક સભ્ય ફ્રાન્સિસ વૉર્ડન જે પંદર વર્ષ સુધી સેન્સર હતો, એ પોતે 'બૉમ્બે ગૅઝેટ' અને 'બૉમ્બે કુરિયર'નો માલિક પણ હતો. અને મુંબઈની વડી અદાલતના ન્યાયાધીશ સામે એ જ અમલદાર તંત્રીએ, અમુક નિવેદનની નકલ પ્રસિદ્ધિ માટે આપવા બાબતમાં પોતાના હરીફ પત્રના લાભમાં વહેરોવંચો કર્યાનો આક્ષેપ મૂકતાં સ્થિતિ વિષમ થઇ પડી હતી. આ ઘટનાના ફલસ્વરૂપ ઉપર્યુક્ત નિષેધ નાખવો પડયો હતો, અને તેને ત્રણે

પ્રેસિડન્સીઓમાં લાગુ કરવામાં આવ્યો હતો. એનો ધક્કો બંગાળાનાં ત્રણ છાપાંને લાગ્યો, અને ડૉ. બ્રાઉસનું ધર્મપ્રચારક ચોપાનિયું 'સમાચાર દર્પણ' વાંધામાં આવી પડ્યું, પરંતુ તેને સરકારે ખાસ સવડ કરી આપી કે જેથી 'પવિત્ર' કાર્યમાં અંતરાય ન આવે. વળી એ પ્રચારના પ્રતિકાર 'જામે જહાનનુમા'ને સરકાર તરફથી મળતી મદદ પણ બંધ કરવામાં આવી. જમણો હાથ દર વખત મોં ભણી જ જવાનો !

૧૮૨૮માં કલકત્તામાં 'ધી કલકત્તા ગૅઝેટ' નામે દૈનિકની સ્થાપના થઈ હતી.

આ અરસામાં કેટલાંયે સાપ્તાહિકો, માસિકો અને ત્રૈમાસિકોએ અવતાર લીધા. તેમાંનાં કેટલાંયે રાજસત્તાના રોષનો ભોગ પણ બન્યાં. એની તવારીખ લખવા બેસીએ, તો પાર ન આવે.

ટૂંકામાં, એક હકીકત આ છાપાંલક્ષી ધારાધોરણો અને તેના અમલના વર્ણનમાંથી સ્પષ્ટ આગળ તરી આવે છે કે, એ દેશપાર થનારા અથવા તેથી ઓછા પ્રમાણમાં રાજસત્તાની છતરાજી સહન કરનારા તંત્રીઓમાંના એકનું પણ 'બલિદાન' હિંદ અગર તેના વતનીઓના હિત સાથે લેશ માત્ર સંબંધ ધરાવતું નહોતું. એ આખો કલહ કૌટુમ્બિક હતો; 'નેટિવ' પ્રત્યે તો એ સહુ એકમત હતા !

લૉર્ડ બેન્ટિન્કના સમયમાં, ૧૮૪૦ની સાલે 'મિરર ઓફ ધી પ્રેસ'નો ઉદ્‌ભવ થયો હતો. મુંબઈમાં તે સમયે 'ક્રોનીકલ,' 'કોમર્શીયલ ઍડવર્ટાઇઝર,' અને 'ઓરીએન્ટલ ક્રિશ્ચિયન સ્પેક્ટેટર' પણ શરૂ થયાં હતાં. 'બોમ્બે કુરિયર'નો તંત્રી સ્ટોકલેર આગળ જતાં કલકત્તાના 'જૉન બુલ'નો તંત્રી થયો, અને તેણે એ પત્રનું 'ઈંગ્લિશમન'માં પરિવર્તન કરી નાખ્યું હતું (૧૮૩૦).

પ્રકરણ ૫

૧૮૫૭ પછી

" In the day of confusion of reason when all is delusion;
In the day of the tyrants of tongues when the truth is for hire."

—*Archibald Macleish*

૧૮૩૦ અને ૧૮૩૩ વચ્ચે બંગાળમાં નવાં નવ અંગ્રેજી છાપાંએ દેખા દીધી હતી. તેમાંનું 'કલકત્તા ગૅઝેટ' સરકારી હતું. મુંબઈમાં પણ તેવું જ સરકારી ગૅઝેટ શરૂ થયું હતું. બેન્ટિકની રાજનીતિ છાપાં પરત્વે સહિષ્ણુ અને ઉદાર હતી, અને તેને લીધે અખબારી સાહસોને સારો વેગ તેના સમયમાં મળ્યો હતો.

૧૮૩૪માં મદ્રાસ સરકાર છાપાંના કાયદાને વધારે ઉગ્ર બનાવવાની તજવીજમાં હતી, તે સમયે કલકત્તામાં વિલિયમ ઍડમ, દ્વારકાનાથ ટાગોર, રસિકલાલ મલ્લિક, રસમય દત્ત અને બીજા કેટલાક અંગ્રેજ પત્રકારોએ પણ અખબાર નિયમનના નિયમો રદ કરવા માટે ગવર્નર જનરલને તા. ૬–૨–૧૮૩૫ના રોજ અરજી સાદર કરી હતી. આ ઉન્નતિના અરસામાં ઍન્ગ્લોઇન્ડિયન વૃત્તપત્રો ઠરી ઠામ થવા માંડ્યાં, અને તેમની આજની પ્રતિષ્ઠાની ઇમારતનો પાયો નાખવાનો તેમને અવકાશ મળ્યો હતો.

લૉર્ડ બેન્ટિન્કની દિલસોજીએ હિંદનાં છાપાંની દુનિયાને દમનશમનના રોજના સંતાપમાંથી હાશકારો કરવાવારો આપ્યો ખરો, પરંતુ પેલા અળખામણા ઍડમ રેગ્યુલેશન્સને રદ કરવાનું માન (૧૮૩૫) તેનો અવેજી અનુગામી સર ચાર્લ્સ મેટકાફ ખાટી ગયો હતો. એની કૃતજ્ઞતારૂપે કલકત્તાએ 'મેટકાફ હૉલ'માં એનું નામ અમર કર્યું છે.

પરંતુ કંપની સરકારની કોર્ટ ઑફ ડિરેક્ટર્સે મેટકાફના કાર્ય પરત્વે નાપસંદગી દર્શાવીને આકરા શબ્દોમાં એની ખબર લઇ નાખી (૧૮૩૬), અને અંતે એને નોકરી છોડવી પડી (૧૮૩૮).

મુંબઇમાં આ અરસામાં વ્યાપારી વિકાસની ધૂમ મચી હતી, અને કેટલાક વેપારીઓએ ભેગા મળીને ૧૮૩૬માં 'ધી બૉમ્બે ટાઇમ્સ ઍન્ડ જર્નલ ઑફ કૉમર્સ'નો ડૉ. જે. ઇ. બ્રેનાનના તંત્રીપદે પ્રારંભ કર્યો. એ જ આજનુ 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા.'

૧૮૩૯ની સાલે કલકત્તામાં ૨૬ યુરોપિયન છાપાં હતાં; તેમાંના ૬ દૈનિક હતાં. મુંબઇમાં દસ અને મદ્રાસમાં નવ યુરોપિયન છાપાં હતાં. તે ઉપરાંત લુધિયાના, દિલ્હી, રંગૂન, મોલમીન (બર્મા), આગ્રા, અને સીરામપોર, એ દરેક સ્થળેથી એકેક અંગ્રેજી છાપું પ્રસિદ્ધ થતું હતું.

અને હવે પછી નોંધ લેવાની રહે છે હિંદની એ અવિસ્મરણિય આગકસોટી – ૧૮૫૭ના 'બળવા'ની ! એ ઉત્પાતના પડઘા સર્વ સાથે છાપાંના ક્ષેત્રમાં પણ ખૂબ પડયા. એ ઘટના બની ત્યાં સુધીનાં છાપાંલક્ષી ધારાધોરણોના અવિશ્રાંત મંથન ચાલતાં હતાં. પરંતુ ૧૮૫૭ની સાલે તેમાંથી 'પ્રેસ ઍક્ટ'નું નવનીત તારવી આપ્યું. યુરોપિયન છાપાં લોહીતરસ્યાં થઇ ગયાં હતાં. બંગાળનાં છાપાં હિંદીઓને ભરખવા પાગલ બન્યાં હતાં. અને બીજે હાથે દેશી છાપાં અસંતોષથી અસ્વસ્થ બની બેઠાં હતાં. છેવટે ૧૮૫૭નો ઍક્ટ અંક ૧૫ એક વર્ષ માટે

જાહેર થયો. એણે ફરીથી છાપાંની નોંધણી, પરવાના, નિષેધોની ટીપ, અપરાધો બદલ દંડ, ઈ. સંબંધે ધારાધોરણ સ્થાપિત કર્યાં; ૧૮૨૩ના એડમ રેગ્યુલેશન્સની એ કાયદો પુનરાવૃત્તિ બની રહ્યો.

આ કાયદા નીચે કેટલાક દેશી તંત્રીઓ ઉપર ફિતુરના ખટલા મંડાયા. આના પ્રત્યાઘાત રૂપે એ છાપાંની કટારો કરતાં પણ વધારે 'ફિતુરી' લખાણુવાળી હસ્તલિખિત પત્રિકાઓ ઠેરઠેર ઊભરાઈ-ઊઠી અને તેનો હાથોહાથ વિશાળ ફેલાવો થવા લાગ્યો.

'બળવા'થી ભડકેલી સરકારે અંગ્રેજી રાજસત્તાના આકળા સમર્થન વીરોની પણ ખબર લઇ નાખી, અને 'ફ્રેન્ડ ઓફ ઇન્ડિયા' તથા 'બોમ્બે ટાઇમ્સ' સાથે એને સંઘર્ષણ થયું. તા. ૨૩-૧૨-૧૮૫૭ ના દિવસે મી. નવરોજી ફરદુનજીની સુચનાથી 'બોમ્બે ટાઈમ્સ'ના શેરહોલ્ડરો નવા સંજોગોનો વિચાર કરવા ભેગા થયા. નવરોજીએ અંગ્રેજી માલિકોનાં છાપાં તરફથી હિંદીઓને દેવાતી ગાળો સામે વાંધો ઉઠાવીને જાહેર કર્યું કે પત્રકારનું ધ્યેય તો દેશના આમવર્ગનું હિત સાધવાનું હોવું જોઇએ. પરંતુ એ પત્રના તંત્રી મહાશય 'પક્કા સાહેબ' હતા. એમણે પોતાની વલણ બદલવાની સાફ ના પાડી દીધી. એને ભાગીદારોએ રૂખસદ આપતાં એણે 'બોમ્બે સ્ટૅન્ડર્ડ' નામનું નવું છાપું કાઢ્યું હતું.

બીજા અંગ્રેજ પત્રકારોએ પણ નવા કાયદા સામે વાંધો ઉઠાવ્યો હતો. પરંતુ તેમાં તેમનો ઉદ્દેશ દેશી પત્રો કરતાં જુદો જ, બલકે ઘેટા વિરુદ્ધ વરૂના જેવો વિપરિત હતો, એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

'બળવા'ના શમન પછી કંપની સરકારનું રાજ્ય પરવાર્યું અને ૧૮૫૮માં રાણી વિક્ટોરિયાનો તે બાબતનો ઢંઢેરો હિંદમાં પિટાયો. નવી પરિસ્થિતિમાં જૂના કાયદા પણ ફેર તપાસાય એ દેખીતું છે. લૉર્ડ મેકાલેએ ઘડેલા ફોજદારી કાયદાની 'ફિતુર કલમ' (૧૧૩) પણ ફેર-

તપાસ માટે હાથમાં લેવામાં આવી, અને નવી આવૃત્તિમાંથી એ પડતી જ મુકાઈ.

આ કાળ ઍંગ્લો ઇન્ડિયન પત્રોની જેમ દેશી માલિકીનાં અંગ્રેજી તેમ જ દેશી ભાષાનાં પત્રોને પણ ઠરીઠામ થવાનો હતો. બંગાળામાં હરીષચંદ્ર મુકરજીએ 'હિંદુ પૅટ્રિયટ' અને પંડિત ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર તથા દ્વારિકાનાથ વિદ્યાભૂષણે 'સોમપ્રકાશ' અંગ્રેજી અખબારોનો પ્રારંભ કર્યો હતો.

૧૮૬૧ની સાલે ઇન્ડિયા કાઉન્સિલ ઍક્ટ પ્રસિદ્ધ થયો, અને હિંદના રાજબંધારણમાં હિંદીઓને જેવું તેવું પણ પગ મૂકવા પૂરતું સ્થાન મળ્યું. આનો પડઘો અખબારી આલમમાં પણ પડે જ. ૧૮૬૦ થી ૧૮૮૦ સુધીમાં 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા,' 'પાયોનિયર' [અલાહાબાદ], 'મદ્રાસ મેઇલ,' કલકત્તાના 'સ્ટેટ્સમન,' લાહોરના 'સિવિલ ઍન્ડ મિલિટરી ગૅઝેટ' અને મદ્રાસના 'હિંદુ'નાં પ્રાકટ્ય થયાં. આ બધાં સમર્થ પત્રો આજે પણ મોજૂદ છે.

૧૮૬૭ની સાલે નવા પ્રેસ ઍક્ટને જન્મ આપ્યો, અને તેણે ૧૮૫૭ના કાયદાને દફનાવી દીધો. આ કાયદામાં છાપાંની નોંધણી, મુદ્રક તથા પ્રકાશકનાં નામ છાપવાની ફરજ, તથા પ્રકાશન અંગેના અન્ય કર્તવ્યો મુકરર કરી આપ્યાં, અને તે અંગેના નિયમો બાંધ્યા.

૧૮૬૫ માં અલાહાબાદમાં 'પાયોનિઅર' પ્રકટ થયું. તેના ચાર વર્ષ પહેલાં, ૧૮૬૧ માં 'બોમ્બે ટાઇમ્સ'નું 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા' માં રૂપાન્તર થયું. ૧૮૬૮ માં 'અમૃત બઝાર પત્રિકા' એ બંગાળી લિબાસમાં જન્મ ધર્યો હતો; પરંતુ સંયોગવશાત, ૧૮૭૪ ના એપ્રિલ મહિનામાં તેની કાયાપલટ થઈ, અને એણે અંગ્રેજી સ્વાંગ ધારણ કર્યો, જો કે તેનો દેશી આત્મા તેમાં જેવો ને તેવો જાગ્રત હતો, અને સદૈવ જાગ્રત રહેલો જ છે.

તેના પછી અગિયાર વર્ષે, ૧૮૭૫ ના એપ્રીલમાં રોબર્ટ નાઈટે સરકારી નોકરી છોડીને "સ્ટેટ્સમન" ની સ્થાપના કલકત્તામાં કરી.

આ છાપાંના વિકાસના અરસામાં દેશી ભાષાઓમાં મળીને મુંબઈ ઈલાકામાં ૬૨, સરહદ પ્રાંત આદિ અને મધ્ય પ્રાંતોમાં ૬૦, બંગાળામાં ૨૮ અને મદ્રાસમાં ૧૯ ને આશરે અખબારો પ્રકટ થતાં હતાં.

"સ્ટેટ્સમન" ને પગલે ૧૮૭૬ માં લાહોરથી દૈનિક 'સિવિલ ઍન્ડ મિલિટરી ગૅઝેટ" હસ્તીમાં આવ્યું, તે પહેલાં તે ચાર વર્ષથી સીમલામાં સાપ્તાહિક રૂપે નીકળતું હતું. ૧૮૭૭ માં સરદાર દયાલસિંગ મજીઠિયાએ સર સુરેન્દ્રનાથ બેનરજીના આગ્રહથી લાહોરમાં "ટ્રિબ્યુન" ની સ્થાપના કરી, જે આજે પણ પોતાની છાપ હિંદના જાહેર જીવન ઉપર પાડી રહેલું છે. પેલા સામ્રાજ્ય ભાટ રડયાર્ડ કિપ્લીંગનો એ જમાનો હતો. લાહોરના 'સિ. મિ. ગૅઝેટ'માં અને પછી 'પાયોનિયર'માં એ રહ્યો હતો, અને એ પત્ર તરફથી ખબરપત્રી તરીકે જગતના પર્યટને નીકળ્યો હતો.

તા. ૧-૧-૧૮૭૭ ના યાદગાર દિવસે વિકટોરિયા હિંદનાં 'મહારાણી' જાહેર થયાં, અને તેના ઢંઢેરાના ફલસ્વરૂપ રાજકાજમાં હિંદીઓના વિશેષ સંપર્ક માટેનાં આંદોલનોનાં પગરણ એ સમયમાં મંડાયાં. હિંદુ જગતના સંસારઅર્ણવમાં સમાજ સુધારણાની નાનકડી નાવડીઓ સંશોધન અર્થે નીસરવા લાગી, અને એકંદર હિંદનો જનસમાજ અત્યાર સુધીની સંગ્રામો તથા અશાંતિની બહિર્મુખતાથી જરા પરવારીને અંતર્મુખી જાગ્રતિ તરફ વળ્યો.

હિંદી માલિકીનાં અખબારો આ નવા જુસ્સાથી પ્રેરિત થઈને રાજશાસનની અત્યારે હળવી અને મોળી લાગે તેવી પરંતુ તે સમયે ગુસ્તાખીની પરાકાષ્ઠા જેવી થઈ પડતી ટીકાવૃત્તિને પોતાની કટારોમાં અવકાશ આપવાની હામ ભીડવા લાગ્યાં હતાં. ૧૮૭૫ માં તે સમયના હિંદી વઝીર લોર્ડ સેલિસબરીએ તેના દમન માટે ઇચ્છા પ્રદર્શિત કરી હતી, અને

લોર્ડ લિટને નવા શામક કાયદાનો મુસદ્દો ઘડી મોકલ્યો હતો. ૧૮૭૭ માં 'હિંદુ પૅટ્રિયટ'ના પ્રતિનિધિ તરીકે સર સુરેંદ્રનાથ પણ દિલ્હીમાં મળેલી એક પત્રકાર સભામાં ગયા હતા, અને ત્યાં એ આગામી આફતની આગાહી કરવામાં આવી હતી. વરસ–સવા વરસમાં એ ધારેલી ઝપટ દેશી છાપાં ઉપર બરાબર ઊતરી.

૧૮૭૮નો વર્નાક્યુલર પ્રેસ ઍક્ટ મદ્રાસ સિવાય હિંદમાં સર્વત્ર લાગુ થયો. એનો સાર નીચે પ્રમાણે:

દેશી ભાષામાં નીકળતા કોઇ પણ અખબારના મુદ્રક અને પ્રકાશક, સરકાર સામે બેદિલીની લાગણી ફેલાવે તેવું અગર ના. શહેનશાહની રૈયતની જુદી જુદી જાતો, કોમો, ન્યાતો અને ધર્મોનાં માનવીઓ વચ્ચે દુશ્મનભાવ પ્રકટાવે તેવું કશું પણ નહિ છાપવાની કબૂલાત આપવાના હુકમને પાત્ર રહેશે. જો કોઇ છાપું આ કાયદાને અવગણશે, તો એકવાર ચેતવણી અને બીજીવાર જમીને એ પાત્ર બનશે. આ જોખમમાંથી જેને બચવું હોય તેને માટે સેન્સરશિપની યોજના કરવામાં આવેલી છે, અને છાપ્યા પહેલાં પ્રૂફો જોઇ લેવા સેન્સર નીમાયા છે.

આજે વર્તમાનપત્રોને દોહ્યલા દિવસો બતાવતા ધારાધોરણો તથા વટહુકમોનું આખું તત્ત્વ આમાં ભર્યું પડેલું નથી દેખાતું? પોણી સદી પછી એજ દમનશમનની સ્થિતિ આજે પણ હિંદમાં આવી ઊભી છે!

આ ઍક્ટને પગલે પ્રેસ કમિશનર નીમાયો, અને તેના ઓળા દેશી અખબાર જગત ઉપર ગમગીન રીતે પથરાયા. ઍંગ્લો ઇન્ડિયન છાપાંને આવી સરકારી માસ્તરગીરી ન પોસાઈ. કેટલાક સંઘર્ષણના નરમગરમ પ્રસંગો બની પણ ગયા, અને એમણે એ બાબત અરજીઓ પણ કરી;–શેની? પ્રેસ કમિશનરશિપ કાઢી નાખવાની નહિ, પરંતુ દેશી છાપાં માટે તે કાયમ કરવાની! લૉર્ડ લિટનની કારકિર્દીમાં દેશી છાપાંના માઠા દિવસ હતા. એ કાયદાની ઝપટમાંથી બચવા બે ભાષામાં નીકળતાં

'અ. બ. પત્રિકા'એ માત્ર અંગ્રેજીમાં જ મુદ્રણ કરવાનું રાખ્યું. એ ધારા સામેનો રોષ વધતો ગયો, અને એ મંથનમાંથી મદ્રાસના વિખ્યાત 'હિંદુ'ના પ્રાકટ્યરૂપી નવનીત નીકળ્યું (૨૦–૯–૧૮૭૮). તે પહેલાં દેશી સાહસથી બે અંગ્રેજી છાપાં મદ્રાસમાં નીકળ્યાં હતાં, પરંતુ એ નિષ્ફળ ગયાં હતાં. 'હિંદુ' પહેલાં પાંચ વર્ષ સુધી સપ્તાહિક રૂપે પ્રકટ થયું હતું.

૧૮૭૯માં સર સુરેંદ્રનાથ 'બંગાળી' દૈનિકના તંત્રીપદે વિરાજ્યા હતા.

દેશી છાપાંને મોઢે દેવાયલા તાળા પાછળની અકળામણ વધતી હતી. ભારેલા અગ્નિ ઉપરની રાખોડી ઊડી જઇને અંદરથી ચીનગારીઓ ચમકવા લાગી હતી; તેવામાં લિટન જઇને સજ્જન શાસક લૉર્ડ રિપન વાઇસરૉય પદે આવ્યા, અને ઉપર્યુક્ત ઍંગ્લો ઇન્ડિયન પત્રોની વિરોધ અરજીની ઉપરવટ થઇને એમણે પ્રેસ કમિશનરશિપને રુખસદ આપી દીધી (૧૮૮૧). દેશમાં રાજકીય જાગ્રતિ જોર ઉપર આવવા લાગી અને 'હિંદુ' અઠવાડિયામાં એકને બદલે ત્રણવાર નીકળવા લાગ્યું (૧૮૮૩).

તા. ૨–૪–૧૮૮૩ના 'બંગાળી'ના અંકમાં ઇક્કા મુકદ્દમાના સંબંધમાં કોઈ હિંદુ દેવની મૂર્તિને જાહેરમાં ઉપાડી લાવવાના એક અદાલતના કાર્ય સામે સર સુરેને ટીકા કરી. આ 'અદાલતના તિરસ્કાર' બદલ એ બંગાળ કેસરીને બે મહિનાનો કારાવાસ સહેવો પડયો હતો. આ પ્રમાણે લેખનસ્વાતંત્ર્ય તથા સ્વમાન ખાતર જેલને મહેલ કરનારા પત્રકારોના આજના જમાનાના આદ્ય પુરુષ સર સુરેન હતા; એમની જેલયાત્રાએ તે સમયનાં છાપાંમાં નવી ઉત્તેજના આણી હતી.

પ્રકરણ ૬

ત્રીજો યુગ: રાષ્ટ્રીય મહાસભા

"બાહોશ માણસો વકીલાત અથવા સરકારી નોકરી કે એવા બીજા ધંધામાં જોડાય તો આર્થિક દૃષ્ટિએ જે લાભ મેળવે તે લાભ હિંદના અપવાદરૂપ પાંચ દસ તંત્રીઓ સિવાયના મોટા ભાગને મળતો નથી...આર્થિક દૃષ્ટિએ જો કે આ લોકો માટે આ ધંધો તદ્દન નકામો છે, પણ સમાજ સેવા કરવા માટે આ એક ઉપયોગી સાધન છે અને નિષ્પક્ષપાત, નિડર અને ખરા તંત્રીઓ દેશ તેમજ સમાજની અમુલ્ય સેવા બજાવી શકે છે."

—લક્ષ્મીચંદ ડો. શાહ

દેશના લોકો પોતાની રાજકીય આકાંક્ષાઓ જેની મારફત વ્યક્ત કરી શકે તેવા કોઈ કેન્દ્રવર્તી મંડળની સ્થાપના હિંદમાં થાય, તો રાજ-સત્તા તથા પ્રજા ઉભય માટે હિતાવહ છે, એવી લોર્ડ રિપને ભાવના વ્યક્ત કરી હતી. એ શુભભાવનાના પરિપાક રૂપે તેમના હિંદના કિનારેથી વિદાય થયા (૧૮૮૫) પછી 'હિંદી રાષ્ટ્રીય મહાસભા'નો પુણ્યપ્રભવ થયો હતો.

૧૮૮૫ના નાતાલના તહેવારોમાં રાષ્ટ્રીય મહાસભાનું પ્રથમ અધિ-વેશન એલન ઑક્ટેવિયસ હ્યુમના અવિશ્રાંત પરિશ્રમને અંતે મુંબઈમાં મળ્યું હતું! અને તેમાં ૭૨ વકીલો, તંત્રીઓ અને શિક્ષકો પ્રતિનિધિ

રૂપે ભેગા થયા હતા. બીજું અધિવેશન ૧૮૮૬માં કલકત્તે મળ્યું ત્યારે ૪૪૦ પ્રતિનિધિ પધાર્યા હતા, જેમાંના ૩૩ મુસલમાન હતા.

હ્યુમના પ્રયત્નોથી "હિંદુ" ૧૮૮૯થી દૈનિક બનવા પામ્યું હતું. રિપનને પગલે આવેલા લૉર્ડ ડફરીનની પણ છાપાં પ્રત્યે અભિમુખતા હતી.

રિપન પછી લૉર્ડ લૅન્સડાઉનના શાસન કાળમાં "અ. બ. પત્રિકા" એ કાશ્મીર સંબંધી એક ગુપ્ત સરકારી વટહુકમ યેન કેન પ્રકારેણ મેળવીને પ્રકટ કર્યો, અને તરત રાજસત્તાની કચેરીઓ ખળભળી ઊઠી. એ જ છાપાંને કારણે વર્નાક્યુલર પ્રેસ ઍક્ટ થયો હતો, અને આ વખતે એને જ નિમિત્તે તા. ૯-૧૦-૧૮૮૯ના રોજ ગુપ્ત કાગળીયાં કે માહિતીની પ્રસિદ્ધિની મનાઈ ફરમાવતો કાયદો ઘડાવા પામ્યો હતો.

રાષ્ટ્રીય મહાસભા આ દરમ્યાન વર્ષો વર્ષ આગળ વધતી હતી. કેવળ સંસારસુધારણા ઉપરાંત રાજકારણી ક્ષેત્રમાં પણ તેણે હસ્તક્ષેપ શરૂ કર્યો હતો, અને તેની રાજકીય આકાંક્ષાઓ રાજસત્તાના હિંદની રાજકારણી પ્રગતિ વિષેના ખ્યાલો આગળ કરતાં તે સમયે પણ ઘણા વધારે આગળ પડતા બની ગયા હતા. ઇલ્બર્ટ બિલ (૧૮૮૩), એઇજ ઓફ કન્સેન્ટ બિલ (૧૮૯૧), ઇન્ડિયા કાઉનસિલ્સ ઍક્ટ (૧૯૨), તથા ૧૮૯૬ના મુંબઇની મરકીની મહામારીના નિયમ માટેના નિયમોએ રાજકીય ઉત્તેજનાને વેગ આપ્યો હતો. અહીં તેની વિગતો અસ્થાને થઇ પડે, તેથી આ રસરસતા પ્રસંગોનો આટલો નિર્દેશ જ આપણી વૃત્તવાર્તાના વસ્તુના વિકાસ અર્થે અનિવાર્ય હોવાના કારણે કરીને આગળ ચાલીશું. આ કાયદાઓના સીધા ફળ રૂપે "અ. બ. પત્રિકા" અઠવાડિક મટીને ૧૮૯૧થી દૈનિક બની ગયું હતું.

અને હવે નામ આવે છે શ્રી. કે. નટરાજનના "ઇન્ડિયન સોશિયલ રિફૉર્મર"નું. ૧૮૯૦માં એણે દેખા દીધી, અને ત્યારથી લઇને આજ

સુધી તેની સંગીન કટારો સ્વતંત્ર પ્રવાસ સાચવીને એકધારી સેવા બેધડક કરી રહેલી છે.

૧૮૯૪માં લોર્ડ એલ્જિન વડા હાકેમપદે આવતાં ફોજદારી નિબંધની "ફિતુર કલમ" (૧૨૪ એ)માં ફેરફાર થયો. તેનું નિમિત્ત લોકમાન્ય ટિલક અને તેમનું "કેસરી" બન્યાં હતાં. ૧૮૯૭માં ત્રાસવાદી ઘટનાઓ વધી પડી, લોક અવાજમાં ઉગ્રતા આવી. '૧૨૪ એ'ની પુનર્ઘટના તેના પ્રતિકાર અર્થે કરવામાં આવી, અને આજના સર્વગ્રાહી રૂપમાં એ ધારા-પોથીમાં સ્થાન પામી. ઉપરાંત, '૧૫૩ એ"ની નવી કલમે પણ ફોજદારી નિબંધમાં પ્રવેશ કર્યો, જેમાં રૈયતના જુદા જુદા વર્ગો વચ્ચે દુશ્મની અગર ધિક્કારના પ્રસરણ સામે જેલ તથા દંડનું શસ્ત્ર ઉગામવામાં આવ્યું હતું. તે સાથે ૫૦૫મી કલમની પુનર્ઘટના પણ થઇ, અને લોકટીકામાંથી ખુશ્કી તેમ જ તરી સૈન્યો તથા તેને લગતી બાતમીને બાકાતી મળી, "જાહેર શાંતિના ભંગ"ના અપરાધની વ્યાખ્યા ઘડાઇ, અને એકંદર છાપાં ઉપરના અંકુશો પદ્ધતિસરના તથા છાપાંગરી ભાષામાં "જડબે સલાક" કહીએ તેવા બન્યા.

૧૮૮૦ના પ્રારંભમાં "ટાઇમ્સે" અઠવાડિક આવૃત્તિ પણ શરૂ કરી હતી, પરંતુ તેને સચિત્ર બનતાં વીસ વરસ થયાં હતાં, અને લગભગ ૧૯મી સદીના અંતમાં એણે આજના "ઇલસ્ટ્રેટેડ વીકલી"નું રૂપ ધરી, વૃત્તની રજુઆત તથા તેના વિવેચન માટે શબ્દને બદલે ચિત્રનો પ્રધાન-પણે ઉપયોગ કરવાની કળા હિંદના વૃત્તવિવેચનના ક્ષેત્રમાં દાખલ કરી હતી. ૧૮૮૮માં કલકત્તાનું વિખ્યાત 'કૅપિટલ' શર્લો ટ્રીમીને કાઢ્યું, અને તેજ સમયે 'ઇન્ડિયન એન્જીનિયરીંગ' તથા 'ઇસ્ટર્ન એન્જીનિયર' નીકળ્યાં. આ પ્રમાણે હિંદમાં હુન્નરઉદ્યોગલક્ષી પત્રકારત્વનો પ્રારંભ થયો હતો. અને તેજ રાહે રમત ગમત અને મનોરંજનનાં ક્ષેત્રોનાં પણ વિશિષ્ટ સમાચારપત્રો હતાં, પરંતુ તે ગૌરાંગવર્ગમાં જ સીમિત

હતાં. પણ દેશી માલિકીનાં છાપાંએ એ વિષયોના વિભાગ પોતાની કટારોમાં સ્થાપીને તેનો ઉત્તરોત્તર વિકાસ કર્યો હતો. ૧૮૯૯માં સચ્ચિદાનંદ સિંહે 'હિંદુસ્થાન રિવ્યુ' સ્થાપ્યું. વૃત્તપત્રોમાં માસિકોને સ્થાન ભાગ્યે જ હોઈ શકે, અને તેથી આ આખી રૂપરેખામાં એનો ઉલ્લેખ કરેલો નથી, પરંતુ 'હિંદુસ્થાન રિવ્યુ', જી. એ. નટેશનનું 'ઇન્ડિયન રીવ્યુ' (મદ્રાસ, ૧૯૦૮) અને રામાનંદ ચટ્ટોપાધ્યાયનું 'મોડર્ન રિવ્યુ' (કલકત્તા) એ ત્રણ એવાં વિશિષ્ટ માસિકો છે કે એના ઉલ્લેખ વિના હિંદનું વૃત્તવિવેચનવર્ણન અધૂરું જ લેખાય.

આપણે હવે વીસમી સદીમાં પ્રવેશ કરીએ. નટેશન ઉપરાંત સી. વાય. ચિંતામણી અને નૃસિંહ ચિંતામણ કેળકર આ અરસામાં ધ્યાન ખેંચે છે. કેળકર 'કેસરી' (મરાઠી) અને 'મરાઠા' (અંગ્રેજી)ના તે સમયે તંત્રી હતા, કેમકે લોકમાન્ય તે અરસામાં દેશસેવાનાં મૂલ્ય કારાગારમાં ચૂકવતા હતા. ૧૯૦૩ના અંતમાં 'ઓફિશિયલ સીક્રેટ્સ ઍક્ટ' સુધારીને તેમાં ખુશ્કી અને તરી સૈન્યોને લગતી ખાનગી બાતમીઓ ભેગી સામાન્ય 'સિવિલ' અર્થાત મુલ્કી બાતમીઓના પ્રકાશનને પણ ગુનાખોરીનું કાર્ય ઠરાવ્યું. આ નવા આક્રમણ સામેની લડતમાં શ્રી. ગોપાળ કૃષ્ણ ગોખલે ખૂબ ઝૂઝયા હતા.

સમયનો પ્રવાહ આપણને હવે કર્ઝન સાહેબના બંગાળાના ભાગલા પાડવાના તુરખા (૧૯૦૫) અને તેનાં વસમાં પરિણામોના વંટોળનાં દર્શન કરાવે છે. સર સુરેંદ્રનાથ બેનરજીએ એ લડતના નેતા તરીકે અને 'બંગાળી'એ તેમના શસ્ત્ર તરીકે એ સમયે દેશને દોરવણી આપી. મદ્રાસમાં હિંદી જનતાનો અવાજ 'હિંદુ' બુલંદ રીતે પ્રકટ કરતું હતું. સ્વદેશીની ભાવનાનો પણ એ ઉષઃકાલ હતો.

મુંબઇમાં 'એડવોકેટ ઓફ ઇન્ડિયા' અર્થાત છાપાં વેચનારા છોકરાઓનું 'આઇડો કાઇટ' શરૂ થયું હતું.

રોઇટર અને એસોશીએટેડ પ્રેસ આ અરસામાં હિંદમાં હસ્તીમાં આવ્યાં, અને વૃત્તસંગ્રહ તથા સમાચારના પુરવઠાના ક્ષેત્રમાં નવો યુગ નોંધાયો, એમ કહી શકાય.

બંગાળાના ભાગલાનાં આંદોલન તથા લોકમાન્યના તીખા તમતમતા પ્રચારના ફલસ્વરૂપે ૧૯૦૮માં 'ન્યુસપેપર (ઇન્સાઇટમેન્ટ ટુ ઓફેન્સીઝ) એક્ટ' સરકારે ઘડયો, અને બળવાની ઉશ્કેરણી કરતા કોઇ પણ તંત્રીને બટંબે પહોંચાડવાનું શસ્ત્ર રચ્યું. એ હથિયારે નવ વાર કર્યા, અને તેમાં સાત છાપખાનાં જપ્ત થયાં—ચાર બંગાળામાં, બે પંજાબમાં અને એક મુંબઇમાં. પરંતુ તેનું પરિણામ એ આવ્યું કે દેશી છાપાંની લોકપ્રિયતા પુનમની ભરતી જેવી ઊભરાઇ ઊઠી, અને એ ડગુમગુ હાલતમાંથી ઉગરીને સદ્ધર બની ગયાં.

આ ઉથલપાથલોને પગલે મોર્લીમિન્ટો સુધારાએ ૧૯૦૯ માં દર્શન દીધાં. એ સમયે લોકનો ઝોક એ સુધારાની તરફેણમાં હતો, અને દેશના લોકસંમાનિત અગ્રણીઓ કિંકર્તવ્યમૂઢ હતા. પરંતુ સરકારની નીતિના પ્રતાપે આત્યંતિક મતવાદીઓને જબરું સમર્થન મળ્યું. લાલા-લાજપતરાય, બિપિનચંદ્ર પાલ, બાલ ગંગાધર ટિળક, ઉપાધ્યાય, અરવિંદ ઘોષ આદિ નેતાઓને કારાવાસ મળ્યો. દેશી અખબારી દુનિયાએ આ સુધા-રાની ખૂબ ખણખોદ કરીને એના ઉપર ચઢાવાયેલા ગિલિટને ઉરાડી દઇ તેનું અસલ રૂપ છતું કરી આપ્યું. તે સમયના મૉડરેટ લેખાયેલા સર ફિરોઝશાહ મહેતા, સર દીનશા વાચ્છા, ગોખલેજી અને માલવીજીએ મળીને અલ્લાહાબાદમાં ૧૯૦૯ માં "લીડર"ની સ્થાપના કરી.

લોકમાન્યનાં ઉગ્ર અને વેધક આંદોલનો રાજસત્તાને અદ્ધર જીવે રાખતાં હતાં. સરકારને દેશનો મિજાજ વિફરતો લાગ્યો. ત્રાસવાદી કૃત્યો ઉપરાંત લોકમતની એકંદર જાગૃતિએ જનસમાજને સમસમાવી દીધો હતો. એ મામલાને પહોંચી વળવા ૧૯૧૦ માં "વૃત્તપત્રોના વધારે સારા

નિયમનની સગવડ માટેનો કાયદો" ઘડાયો. આ પ્રેસ ઍક્ટે કારોબારીને યથેચ્છ દંડનો પરવાનો આપ્યો. આ કાયદાની અમલ બજવણીના પવને દેશમાં અશાંતિ અને અસંતોષની ટમટમતી ચીનગારીઓને ભડકામાં પલટાવી નાખી.

બંગભંગના આંદોલનના દાયકા પછી વાચ્છા, ફિરોઝશાહ, ટિળક, દાદાભાઈ નવરોજજી, ગોખલે આદિ સમર્થ મોવડીઓએ મુંબઇમાં રાજકીય લડતનો શંખનાદ ગજાવ્યો, અને હોર્નિમનને હાથે બોરી બંદરની વૃદ્ધાનું બિરદ પામેલા 'ટાઇમ્સ'ની તથા આખડેકાઇટનું ઉપનામ પામેલા 'ઍડવોકેટ ઓફ ઇન્ડિયા'ની દોરવણી નીચે ચાલતી પ્રચારપ્રવૃત્તિના પ્રતિકાર અર્થે તા. ૩-૩-૧૯૧૩ ના રોજ સર ફિરોઝશાહે "બોમ્બે ક્રોનિકલ" ની સ્થાપના કરી, અને મુંબઇની સડકો "કારનીકેઇલ"ના પોકારોથી ગાજી ઊઠી. હોર્નિમને એને એવો કસુંબી રંગ ચઢાવ્યો, કે જનતા એની કલમને હિલ્લોળે ચઢી.

અને એ અરસામાં કોઇ ગાંધી નામના માનવીની કીર્તિના પડઘા, આફ્રિકાને સમુદ્રતટેથી અરબી દરીયા ઓળંગીને હિંદને કિનારે પરથમ પહેલા સંભળાવા લાગ્યા હતા. હિંદનાં વર્તમાનપત્રોએ પોતાના દરિયાપાર વસતા દેશબંધુઓની લડત તથા તેની સફળ અને અલૌકિક નેતાગિરીને વધામણાં દીધાં, ને હિંદના રાજકારણ સાથે તેના પત્રકરણમાં પણ આગામી નવા યુગની ઝાંખી ક્ષિતિજ ઉપર આછી આછી થવા લાગી.

૧૯૧૪માં મહાયુદ્ધ ફાટી નીકળ્યું. હિંદે રાજસત્તાને તેમાં સાથ આપવાનો પ્રશ્ન અખબારો સામે આવી ઉભો. પરદેશોના સંરક્ષણ અને તેમના સ્વાતંત્ર્યની વાત બહુ સુંદર છે, અને અત્યંત આવશ્યક પણ છે; પરંતુ તે સાથે હિંદની રાજકીય આકાંક્ષાઓનું શું ?...આ મહાપ્રશ્ન તેમને મૂંઝવી રહ્યો. આગળ જતાં ૧૯૩૯ નાં મહાયુદ્ધ પ્રસંગે બન્યું તેમ તે સમયે પણ એમણે ઘોષણા કરી હતી કે યુદ્ધમાં હિંદે જે અદ્‌ભૂત સાથ આપ્યો, તેના

બદલામાં રાજસત્તાએ એટલું તો અવશ્ય કરવું જોઈએ કે જેથી યુરોપમાં સ્વાયત્તશાસન અને આત્મનિર્ણયના જે આદર્શો માટે મિત્રરાજ્યો લડતાં હતાં, તે આદર્શો હિંદ પરત્વે પણ મૂર્તરૂપ ધારણ કરે. અને આ ધોરણે 'હોમરૂલ'નું આંદોલન જન્મ પામ્યું. એનાં હિમાયતી વીરાંગના ડૉ. એની બેસન્ટને લો. ટિળકનો સબળો સાથ હતો. વસંતમૈયા 'ન્યુ ઈન્ડિયા' સાપ્તાહિક રૂપી શસ્ત્ર સજીને પ્રચારને મેદાને પડયાં (૧૯૧૬), અને તરત જ તેમની પાસે રૂા. ૨૦૦૦ ની જમાનત માગવામાં આવી.

હિંદ સરકારે પોતાના છાપાંલક્ષી શસ્ત્રાગારને વધારે સુસજ્જ બનાવવાનું આ સમયે નિરધાર્યું, ને ધારાપોથી ઉપર 'ડિફેન્સ ઑફ ઈન્ડિયા ઍક્ટ ૧૯૧૪' ચડાવી દીધો. તે પહેલાં '૧૨૪ એ' અને '૧૫૩ એ' કલમો (૧૮૯૮), 'સિડિશીયસ મીટિંગ્ઝ ઍક્ટ' તથા 'ન્યુસ પેપર્સ ઇન્સાઈટમેન્ટ ટુ ઑફેન્સીઝ ઍક્ટ' (૧૯૦૮), પ્રેસ ઍક્ટ (૧૯૧૦) અને 'ક્રિમિનલ લૉ ઍમેન્ડમેન્ટ ઍક્ટ' (૧૯૧૩) તો ત્યાં વિરાજમાન હતા જ. 'ન્યુ ઈન્ડિયા'ની જમાનત જપ્ત થઈ અને બીજી રૂા. ૧૦,૦૦૦ ની ઠોકાઈ. આ ગજગ્રાહથી ખીજાઈને સરકારે મિસિસ બેસન્ટને નજરકેદ કર્યાં (તા. ૧૬-૬-૧૯૧૭). આ ઘટનાએ લોકમતની જ્વાળામાં ઘી હોમ્યું. કોંગ્રેસ કયારની મોળીઘોળી સામાજિક સંસ્થા મટીને ચેતનવંતી રાજકારણી મંડળી બની ગઈ હતી. એનો અવાજ કયારનો લોકહૃદયને સ્પર્શવા લાગ્યો હતો. વર્તમાનપત્રો કયારનાં એની દોરવણીની અપેક્ષા તથા તેના અનુશીલનને પંથે પરવર્યાં હતાં.

ચાલુ (૧૯૩૯) મહાયુદ્ધ સમયે સરકારે વર્તમાનપત્રોને 'ખરી માહિતી' પૂરી પાડવાના હેતુથી પ્રચારખાતાં ખોલ્યાં છે, છાપાંના સલાહકારો નીમ્યા છે અને એકંદર યુદ્ધનું સમર્થન થાય, તેનો વિરોધ રોકાય તથા લોકલક્ષ યુદ્ધસંચાલન ઉપર સાનુકુળ રીતે કેન્દ્રિત બને તે અર્થે ખાસ કરીને દેશી માલિકીના છાપાજગતને અખબારી સલાહકારો તથા

પ્રચારવિભાગોની જાળગૂંથણીથી આવરી લીધું છે. એ પદ્ધતિનાં મૂળ, ૧૯૧૪ વાળા યુદ્ધ સમયે ૧૯૧૮માં મિત્રરાજ્યો માટે સ્થિતિ અતિ નાજૂક બની ગઈ હતી ત્યારે સ્થાપવામાં આવેલા 'બ્યુરો ઓફ પબ્લિક ઇન્ફર્મેશન'માં આપણને સાંપડે છે. વળી દેશી છાપાં જાતે સમરાંગણો જોઈને વાસ્તવિક માહિતી મેળવે અને યુદ્ધના કાર્યમાં સજ્ઞાન સહકાર આપવા પ્રવૃત્ત થવા પ્રેરાય તે હેતુથી દેશી પત્રોના એક પ્રતિનિધિ મંડળને પણ યુરોપનાં રણક્ષેત્રો ઉપર પર્યટન કરાવવામાં આવ્યું હતું. એના મોવડી 'હિંદુ' વાળા શ્રી. કસ્તુરી રંગ ઐયંગર હતા.

પ્રકરણ ૭

૧૯૨૦-૩૦

"A free press seems to be the natural concomitant of free institutions. It is on the other hand from its very nature antagonistic to despotic rule, and above all, to foreign domination......Our Government in this country can never be a popular government in any sense of the term. It must be a despotism......No one who knows the country will be wild enough to assert that the people are fit for representative institutions and government"

—*Lord Elphinstone.*

૧૯૧૮માં અતિચર્ચા પામેલો મોન્ટફર્ડ રિપોર્ટ અને સુધારાની યોજના બહાર પડયાં. 'મવાલ' કહેવાતા નેતા વગેરે એ યોજના શિરસાવંદ્ય કરી પરંતુ તે સાથે અમુક સુધારા તેમાં થાય એવી ઇચ્છા પણ દર્શાવી. હોમરૂલવાળા જનસમાજે તેને સ્વીકારવાની ના પાડી ને તેમાં વધારે ફેરફારની અપેક્ષા બતાવી, અને 'જહાલ' વગેરે તો એનો સર્વથા અસ્વીકાર કર્યો. હિંદમાં તે પછીના રાજકારણમાં તથા તે સાથે વૃતવિવેચનના જગતમાં પણ આ રાહે જ પક્ષો ચાલતા આવેલા છે.

એજ સાલમાં શ્રીનિવાસ શાસ્ત્રીના તંત્રીપદે પૂનાની સર્વન્ટસ ઓફ

ઇન્ડિયા સોસાઇટી તરફથી 'સર્વન્ટ ઑફ ઈંડિયા' સાપ્તાહિક પ્રકટ થયું. એકવીશ વર્ષની સેવાપરાયણ કારકિર્દી પછી એને આર્થિક સંકડામણને કારણે ૧૯૩૯માં લીલા સંકેલી લેવી પડી.

અને હવે આવે છે હિંદના ભાગ્યપલટાના નવા યુગના પીડાકારી પરંતુ પુણ્યયુગનો જન્મ. યુદ્ધને અંતે જનસમાજે હિંદની સેવાની કદર માટે સરકાર પ્રત્યે આશાભરી મીટ માંડી, પરંતુ તેને આપવામાં આવ્યા 'રોલેટ ઍક્ટ'ના દમનપ્રચુર કાયદા. આ ઘટનાએ નરમ દળની પણ જડ હચમચાવી મૂકી, અને 'કાળા કાયદા' સામે દેશભરમાં પુણ્યપ્રકોપની જ્વાળા ભભૂકી ઊઠી.

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ૧૯૧૫ માં સ્વદેશ પાછા આવ્યા હતા, અને ગોખલેજીની સલાહથી બે વર્ષનું મૌન ધારી બેઠેલા હતા. એમણે એ બે વર્ષોમાં દેશની નાડ ખૂબ અભ્યાસ તથા નિરીક્ષણ વડે પરખી લીધી હતી. કાળા કાયદાની નવાજિશે દેશને ચમકાવી મૂક્યો, અને એને પ્રતીતિ થઈ કે રાજકીય મુક્તિ માંગી મળતી નથી, પરંતુ કેટલાયે બત્રીસ લખણાનાં લીલાં માથાંની વાવણીમાંથી સ્વાતંત્ર્યનો ફાલ પ્રકટે છે; અન્યથા નહિ. એ ઇતિહાસપ્રણિત સત્યનું દેશને, પારસી છાપાગરી ઢબે કહીએ તો, 'આચકા સમેત' ભાન થયું. ગાંધીજીએ આ મનોમંથનમાંથી દેશને અસહયોગનું નવનીત તારવી દીધું.

ગાંધીજીએ ૧૯૧૯ના ફેબ્રુઆરીમાં અસહયોગનું આંદોલન ઉપાડયું, ને હિંદના રાજકારણના ઈતિહાસમાં નવો યુગ નોંધાયો.

આ નવા પ્રયોગે દેશની રાજકીય અને તે સાથે વૃત્તિવિવેચક આગેવાનીને ડહોળી નાખી, અને નીરક્ષીરને નોખાં પાડી દીધાં. સ્વાતંત્ર્યપ્રાપ્તિ અર્થે અંતિમ હદ સુધી જવાની તૈયારી વાળા, અને અમુક મર્યાદાને ઓળંગવાની સ્પષ્ટ ના પાડનારા, એવા બે વર્ગોમાં હોમરૂલનું આંદોલન વહેંચાઈ ગયું.

અને પછી તો પંજાબનો દમનવંટોળ–જાલીયાંવાળા બાગ–અમદાવાદ વીરમગામની હોળીઓ ઇ. ઘટનાઓ બની. સરકાર પણ પડકાર કરતી મેદાને પડી. 'હિંદુ' પાસેથી જમાનત મગાઈ. 'બોમ્બે ક્રોનિકલ'ના તંત્રી હોર્નિમન દેશપાર થયા. દેશપાર થનાર એ પાંચમો અંગ્રેજ તંત્રી; પરંતુ ફરક એટલો કે પહેલા ચાર ગોરા ગૃહસ્થો અંગ્રેજ કોમના આંતરિક ગૃહકલેશ અંગે ગયા હોઇ તેમની રવાનગી સાથે દેશનાં હિતને કશો સંબંધ નહોતો, જ્યારે આ પાંચમા વૃત્ત વિવેચકે હિંદ માટેની ન્યાયની લડત કાજે પોતે માની લીધેલા વતનમાંથી દેશવટો મેળવ્યો હતો. 'ક્રોનિકલ' ઉપર સેન્સરશિપ ઠોકાઇ; તેની જમાનત જપ્ત થઇ. એ છાપાએ વિરોધપ્રદર્શન અર્થે તંત્રીકટારો કોરી રાખવા માંડી, અને સેન્સર થયેલાં લખાણો ઉપર તારક નિશાની છાપી તેના તરફ લોકલક્ષ આકર્ષવાની યુક્તિ શરૂ કરી.

૧૯૨૦માં ટિળક મહારાજ વિદેહ થયા, અને ગાંધીજીએ પોતાનું થંભાવેલું આંદોલન પુનઃ ઝુકાવ્યું (તા. ૧–૮–૧૯૨૦). એ આજના રાષ્ટ્રીય સપ્તાહના પર્વનું મૂળ. સાથે સાથે ખિલાફતની ઝુંબેશ ચાલી, અલીભાઈઓ પ્રકાશમાં આવ્યા, હોર્નિમનનું સ્થાન અંગ્રેજ મુસ્લિમ પ્રચારક પત્રકાર માર્માડયુક પિકથોલે લીધું, મોતીલાલ નેહરુએ અલાહાબાદમાં 'ઇન્ડિપેન્ડન્ટ' કાઢયું (જે ચાર વર્ષબાદ બંધ પડયું,) અને વૃત્તલક્ષી જગત આખું હેલે ચડયું. આ મહામંથને વૃત્તના વિવેચનની આખી સૂરત પલટાવી નાખી હતી અને તેમાં સ્વમાન, સ્વાશ્રય અને આત્મનિષ્ઠાનાં ઓજસ પૂર્યાં હતાં. રાષ્ટ્રીય માનસવાળાં પત્રોમાંથી યાચનાવૃત્તિ ઓસરી ગઈ, અને એકંદરે અરજીનું સ્થાન હકકદાવાઓએ તથા ભીરુતાનું સ્થાન સોન્નતમસ્તક આપકર્મી થવાની હોંશે લીધું.

(ગાંધીજીનાં "નવજીવન" અને "યંગ ઈન્ડિયા" આ પરિવર્તનને મોખરે હતાં. મનોદશાની સાથે વિવેચનની ભાષાને પણ એણે પલટાવી નાખી,

એની શૈલી બદલી મૂકી, તથા આદર્શોને ધોઇને સ્વચ્છ કરી દીધા અને લડતનાં સાધનો પરત્વે પણ નવી દૃષ્ટિનો સુરમો દેશની આંખમાં આંજી આપ્યો. ટૂંકામાં, વૃતવિવેચનમાં ગાંધીશૈલીએ સર્વતોમુખી ક્રાંતિ જગાડી.

આ ક્રાંન્તિનું એક અંગ તે સર્વદેશીય સ્વદેશીની ભાવના. ભાષાને પણ એ ભાવનાએ આવરી લીધી, અને દેશનાં રાજકીય તેમજ અન્ય સર્વ કાર્યો અર્થે હિંદી ભાષાના ઉપયોગની હિમાયતે દેશી પત્રોને નવો વેગ આપ્યો.

રાષ્ટ્રવાદીઓએ સુધારાનો બહિષ્કાર કર્યો, પરંતુ નરમ દળે ઉદ્દામ નેતાઓની ગેરહાજરીનો લાભ લઇને ધારાસભાની ખુરસીઓ તથા હિંદીઓને જે ઉપલબ્ધ હતા તે પદાધિકારો હસ્તગત કર્યા. સરકારે ચોતરફના દબાણને લીધે ૧૯૨૨માં "ન્યુસપેપર્સ ઇન્સાઇટમેન્ટ ટુ ઑફેન્સીઝ ઍક્ટ" (૧૯૦૮) અને ૧૯૧૦ ના પ્રેસ ઍક્ટને રદ કર્યા, પરંતુ દેશી રાજાઓને "રક્ષણ" આપવા માટે "પ્રિન્સીઝ પ્રોટેક્શન ઍક્ટ"નું નવું હથિયાર સજવાનું યોગ્ય ધાર્યું, અને ગાંધીજીને કારાવાસી કર્યા. એમની અનુપસ્થિતિ દરમ્યાન ઉદ્દામ દળ નાફેરવાદીઓ અને ધારાસભા પ્રવેશના હિમાયતીઓ, એવા બે વાડામાં વહેંચાઈ ગયું. એનું પ્રતિબિંબ છાપાંમાં પણ પડે એ સ્વાભાવિક છે. "સ્વરાજીસ્ટ" પક્ષને પણ પોતાનું મુખપત્ર જોઈએ જ, એટલે દિલ્હીમાં "હિંદુસ્થાન ટાઇમ્સ"નો એ આવશ્યકતામાંથી ઉદ્ભવ થયો.

નવા સુધારા અને તેમાં રહેલા નોકરીઓ તથા અધિકારપદોના પ્રલોભને તેમજ અહીં જેના વિવેચનની જરૂર નથી એવા સંજોગેઓ મહાસભાવાદી સમૂહમાંથી કેટલાક મુસ્લિમોને અલગ કર્યા, અને રાજકારણમાં તથા તેને પગલે વૃત્તવિવેચનમાં કોમી તત્વે તડાં પાડયાં.

એ સમયની રાજકીય ઉથલપાથલોના પડઘા છાપાંમાં તો પડતા જ હતા. બલકે ઘણે અંશે એ ઉથલપાથલોનાં સર્જક જ એ હતાં એમ

કહી શકાય. પરંતુ તેની ચર્ચાને આ નિબંધમાં અવકાશ આપવાનું શક્ય નથી, એટલું જ નહિ પરંતુ એની પ્રમુખ ઘટનાઓનો પૂરો ઉલ્લેખ પણ અતિવિસ્તારના ભયને લીધે અહીં કરી શકાય તેમ નથી. પરંતુ એટલું તો કહેવું જ પડશે કે દેશને એ બનાવોએ નખશિખ હચમચાવી મુકયો હતો. આમસમાજના છેક નીચલા થર સુધી લોકજાગૃતિનો તેજાબ પહોંચી વળ્યો હતો, અને દેશમાં ભાગલા, વાડા, પક્ષો, પક્ષોમાં પણ પક્ષો ઇ.નો જે અપૂર્વભૂત સંખ્યામાં રાફડો ફાટવા માંડયો, તે એ જાગૃતિની ઉત્તેજનાનું એક બાહ્ય રૂપ જ હતું.

સાઇમન કમિશનનો બહિષ્કાર, મિસ મેયોના 'મધર ઇન્ડિયા'ની પ્રસિદ્ધિ, મુસ્લિમ લીગના કોંગ્રેસથી છૂટાછેડા અને બીજે રસ્તે પ્રયાણ, મહારાષ્ટ્રીય નેતાઓમાંના કેટલાકોનું ન. ચિં. કેળકર, એમ. આર. જયકર આદિ પુઢારીઓની આગેવાની નીચે 'રિસ્પોન્સિવ કોઓપરેશન'ના સંપ્રદાયમાં સંગઠન, મહમદ પેગંબરના 'અપમાન'ના કિસ્સા અને તેના પ્રતિકારની પરંપરા, ઈ. ઘટનાઓ પત્રકારસમાજને ખૂબ ડહોળી રહી હતી. ૧૫૩મી કલમનું શસ્ત્ર એ ઉત્પાતને પહોંચી વળવા માટે પૂરતું નહિ લાગતાં સરકારે 'ક્રિમિનલ લૉ એમેન્ડમેન્ટ ઍક્ટ' ઘડી ને તેનું સ્પષ્ટીકરણ કર્યું.

અને આ અરસામાં હિંદના જાહેર રાજકારણમાં બોલ્શેવિક હાઉએ ડોકું ઊંચું કર્યું. કોમ્યુનિસ્ટ પ્રચારની પ્રવૃત્તિ ધીમે ધીમે વેગ પકડવા લાગી. ઔદ્યોગિક અસંતોષ પણ આ સમયે ઊભરાઈ રહ્યો હતો અને ચોતરફ હડતાલો ઉપર હડતાલોના કડાકાભડાકાથી વાતાવરણ ગાજી ઊઠયું હતું. આ વસ્તુસ્થિતિ સમાજવાદના પ્રચાર માટે અનુકૂળ હતી, અને એ સંયોગમાં સરકારે ખૂબ સૂચકતા દીઠી. પરિણામે, ૧૯૨૮માં 'પબ્લિક સેફ્ટી બિલ' ધારાસભામાં દાખલ થયું. પ્રેસિડન્ટ પટેલે પોતાના પ્રમુખ તરીકેના હકોનું નિર્ભયતા તથા મક્કમતાથી પ્રતિપાદન કરીને

ઇતિહાસ રચ્યો; પછી તો મેરઠ વાળો મુકર્દમો, દિલ્હીમાં વડી ધારાસભામાં પડેલો બૉંબ, લાહોર ષડયંત્ર ખટલો. ઑર્ડિનન્સ વડે 'પબ્લિક સેફ્ટી બિલ'ની વાઇસરોયે કરેલી જાહેરાત અને તેના અમલ નીચે લેસ્ટર હચિન્સ અને કિશોરલાલ ઘોષ જેવા વિખ્યાત પત્રકારો ઉપર ચાલેલો મુકર્દમો, નેહરુ સમિતિએ રાજબંધારણનો ઘડેલો તથા 'નેહરુ રિપોર્ટ' ને નામે પ્રખ્યાત થયેલો મુસદ્દો, જવાહરલાલનો રાજકારણના ક્ષિતિજ ઉપર વધવા લાગેલો પ્રભાવ, ગાંધીજીના 'હુંકાર', 'સાબૂત કાંડાં બાવડાં,' ઇ. લોકહૃદયને હલમલાવનારા લેખોની પ્રબળ પરંપરા...આ બધી ઘટનાઓએ છાપાંના કલેવર તેમ જ આત્મામાં પણ ખૂબ પરિવર્તન કર્યાં હતાં. એ તો ગાંધીયુગ. ગાંધીવાણીએ લોકજીવનને ચમકાવી મૂકયું હતું. તેનાં નિત્ય નવિન 'પ્રજીવનકો'ની પરંપરા ગણાવતાં કેમ પાર આવે?

તા. ૩૧–૧૦–૧૯૨૯ના રોજ સરકારી ગેઝેટના ખાસ વધારામાં વાઇસરોયે સાઇમન કમિશનની ભલામણોની વિચારણા માટે ગોળમેજી પરિષદની યોજના જાહેર કરી,.અને ત્યારથી જે વિષ્ટિના દરિયા ઉલેચવાનાં મથામણ ચાલ્યાં. તે હજી તાજો જ ઇતિહાસ છે. દેશનાં વર્તમાનપત્રો ઉપર એ સર્વ ઘટનાઓની ઘેરી અસર પડતી હતી, અને તેના વિવેચનસાગરમાં ઘૂમતા મતભેદના મગરમચ્છો તથા તેના પ્રવાહને રૂંધતા ને અકળાવતા કાયદાકાનૂનોના અંતરાયો મોટા વમળો પ્રકટાવતા, નવા અખબારી કોલંબસોને તેની સપાટી ઉપર સંશોધનસફરે નીકળવા લલચાવતા, કેટલીય છાપાં કિશ્તીઓને ઉછાળી નાખતા, ઘૂઘવતા, ઘૂમરાતા પ્રગટતા અને શમતા હતા. રાષ્ટ્રીય મહાસભા ગાંધીજીની નેતાગીરી નીચે નવા નવા પ્રયોગો અજમાવતી હતી, રાજકારણને **બાહ્યાભ્યંતરઃ શુચિ** બનાવવા માટે તેના અવિરત પ્રયત્નોમાંથી નાના વિધ ફણગા ફૂટતા હતા, અને વૃત્તપત્રો તેમાં ઊગતાં આથમતાં હતાં. વાઇસરોયની મુલાકાતોની પરંપરાઓ નિરંતર ચાલતી હતી. લાહોરની મહાસભાના ઠરાવે હિંદના

આધુનિક ઇતિહાસમાં લાલરંગી સીમાચિહ્ન સ્થાપ્યું હતું. એ અધિવેશને બંગાળાને બોઝ-સેનગુપ્ત વાડાઓમાં વહેંચી નાખ્યું, અને તેમાંથી "ફોરવર્ડ," અને "એડવાન્સ" રૂપી બે પત્ર પહેલવાનો મેદાને પડ્યા. ગોળમેજીનો બાયકૉટ, તા. ૧૨-૩-૧૯૩૦નું ઉગ્ર અસહયોગ આંદોલન, તેમાં દેશી માલિકીનાં વૃત્તપત્રોએ ભજવેલો ગૌરવભર્યો ભાગ અને એમનાં મહામૂલાં બલિદાનો, સપ્રુ-જયકર સમાધાનયુગલની પ્રવૃત્તિઓ, ઉપરા-છાપરી ઑર્ડિનન્સોની બૉમ્બવર્ષા-એ ઘટનાઓથી વાતાવરણ વિદ્યુતમય બની ગયું હતું. ૧૯ એપ્રીલ અને ૭ જુલાઇના ગાળામાં સાત વટ હુકમો નીકળ્યા હતા અને તે બધા વર્તમાનપત્રો ઉપર ત્રાટક્યા હતા.

એ વટ હુકમોમાંનો એક તે ૧૯૩૦નો ઇન્ડિયન પ્રેસ ઑર્ડિનન્સ છાપાંના નિયમન અર્થે ખાસ ઘડાયો હતો. એણે જમાનતો અને જપ્તીઓની ત્રમઝટ બોલાવી. રાષ્ટ્રીય અખબારોની એણે કપરી કસોટી કરી, અને એકંદર કહેવું જોઇએ કે વૃત્તવિવેચક સમુદાયે તે સમયે પોતાના સ્વમાનનો ઝંડો વીરતાથી ફરકતો અને ઉન્નત રાખ્યો હતો.

આ અરસામાં વિશાળ ભરતખંડમાં ઊગતાં-આથમતાં વૃત્તપત્રોની પરંપરાનું પગેરું બરાબર પકડાતું નથી. સમય દોહ્યલા હતા. આંદોલનો ઉગ્ર હતાં. રાજદંડ લાલીયા ઘોડાની રીતે ઝનૂનથી ફરી વળતો હતો. દેશનેતાઓની ગિરફતારીઓ, સ્વદેશીની તથા બ્રિટિશ બૉયકૉટની પ્રવૃતિઓ, અખિલ ભારતીય ચર્ખાસંઘ ઉપરાંત ગ્રામોદ્યોગ મંડળની સ્થાપના અને તેના મંડનની પ્રવૃત્તિઓ, હરિજન સેવાસંઘની શાંત સેવા, સાઇમન નિવેદને પ્રકટાવેલા ભીષણ તરંગો, કોમી મતધોરણની વિષવર્ષા, લાઠીના સુસવાટા, દમનના દેકારા ઇ. ની ઝકઝોર મચી રહી હતી.

નવા વૃત્તલક્ષી ધારાની ઝપટમાં "ક્રૉનિકલ" તથા ફ્રી પ્રેસની સંવાદ સંસ્થા આવી ગયાં—અને બીજે હાથે "ફ્રી પ્રેસ જર્નલ"નો જન્મ થયો, જેણે વૃત્તવિવેચનની પદ્ધતમાં, ગુજરાતીની રાણપુર શૈલીના રાહે નવો

ચીલો પાડયો. અસહયોગની રુકાવટ, ગોળમેજીના અહેવાલો મેળવવાના કાર્ય ઉપર અખબારોની એકાગ્રતા તથા તેને લીધે વૃત્ત વિવેચનના એ વિભાગમાં "ખાસ ખબરપત્રોની"ની પદ્ધતિનો થયેલો વિકાસ ખાસ ધ્યાન ખેંચે છે. ગોળમેજીમાં "લીડર"ના તંત્રી સર સી. વાય. ચિંતામણી અને "યંગ ઇન્ડિયા"વાળા શ્રી. શિવરાવ જેવા પત્રકારો પણ સભાસદો હતા.

પ્રકરણ ૭

૧૯૩૧ પછી

"ત્રીજી બાબત એ કે ગુજરાતનું પત્રકારત્વ હજી પોતાના ઈતિહાસના એકાદ ગ્રંથ માટે ય અધિકારી બનેલું નથી દેખાતું એ દિલગીરી જેવી તેવી નથી. કેમ ગુજરાતના પત્રકારત્વનો કોઇ પ્રેમી એવો પત્રકારત્વનો ઇતિહાસ ગ્રંથ લખવા પ્રેરાતો નથી ?"

ચંદ્રશંકર ન. પંડયા (શારદા જાન્યુ. ૧૯૩૧)

દરમ્યાન પેલા સમર્થ સમાધાન યુગલના પ્રયત્નોને સફળતા મળતી હતી, અને તેમાંથી અંતે ગાંધી–અર્વિન તહનામું પ્રકટયું (તા. ૬–૩–૧૯૩૧). છાપાંએ આ યુદ્ધથોભનું ઝીણવટથી પૃથક્કરણ કર્યું. દેશમાં એણે ઉત્તરપક્ષે અને વિપક્ષે વાદ વિવાદની પ્રચંડ લહરીઓ પ્રકટાવી. ભગતસિંગની ફાંસીએ તો દેશમાં સન્નાટો છાયી દીધો હતો. આ તંગ વાતાવરણમાં કરાચીનું અધિવેશન મળ્યુ.

ટૂંકામાં, ગાંધીજી ગોળમેજીમાં જવા સંમત થયા, મહાસભાએ એ વિચારને અનુમોદન આપ્યું, રાષ્ટ્રીય મહાસભાના એક માત્ર પ્રતિનિધ તરીકે ગોળમેજીનાં ગોળ ચક્કરમાં એમણે પણ પડતું નાખ્યું.

બંગાળામાં વધતા જતા ત્રાસ–વાદના શમન કાજે ૧૯૩૧માં ઈન્ડિયન પ્રેસ ઈમર્જન્સી પાવર્સનો વટ હુકમ જાહેર થયો હતો, તે

કાયદા રૂપે ધારાપોથી ઉપર અદ્યાપિ વિરાજમાન છે. તેના કોરડામાંથી રાષ્ટ્રીય પત્રોમાંનું કોઇક જ બચ્યું હશે. એનાં નોંધ યોગ્ય બલિદાનોમાં "ક્રોનિકલ", "આનંદ બઝાર પત્રિકા", "લિબર્ટી", "ફ્રી પ્રેસ જર્નલ", "ઇન્ડીપેન્ડન્ટ" ઇ. ગણાવાય. તે ઉપરાંત "ફૉરેઇન રિલેશન્સ એક્ટ (૧૯૩૩)" ધારાપોથીમાં પ્રવેશ્યો, અને તે ઉપરાંત બંગાળાના ઉત્પાતને પહોંચી વળવા માટે "બેંગોલ ક્રિમિનલ લૉ એમેન્ડમેન્ટ ઍક્ટ"નું હથિયાર પણ ઘડાયું.

'છેલ્લો કટોરો ઝેરનો" પીવા લંડન ગયેલા ગાંધીજીને ગોળમેજીમાં ગોથાં ખાઇને, ખાલી હાથે ફરવા વારો આવ્યો. દેશમાં તો બધો સમય ગાંધી-અર્વિન કરારની અવગણના થતી રહી હતી, અને ચોખ્ખું દમન અને આંદોલનના પરસ્પર પ્રત્યાઘાતોથી આસમાન ગાજી રહેલું જ હતું. જવાહરલાલ પકડાયા હતા. સરહદી ગાંધી ગિરફતાર થયા હતા. હતાશ થયેલા ગાંધીજી ડીસેંબર ૧૯૩૧માં હિંદને કિનારે પાછા ઉતરતાં જ જેલમાં ઝડપાઇ ગયા. તા. ૪-૧-૩૨ના રોજ ચાર નવા વટહુકમ સરકારી શસ્ત્રાગારમાંથી નીસર્યા : (૧) ઇમર્જન્સી પ્રેસ ઓર્ડિનન્સ (૨) અનલૉફુલ ઇન્સ્ટિગેશન ઓર્ડિનન્સ, (૩) અનલૉફુલ એસોસીએશન ઓર્ડિનન્સ, અને (૪) પ્રીવેન્શન ઑફ મોલેસ્ટેશન એન્ડ બૉયકૉટિંગ ઓર્ડિનન્સ. એણે (૧) સવિનયભંગને ઉત્તેજન આપનારાં લખાણોના પ્રકાશન (૨) ના-કરના પ્રચાર, (૩) સભામંડળો તથા કોંગ્રેસની સ્થાવર જંગમ મિલકત તથા (૪) પિકેટિંગ અને બૉયકૉટ એ બધા સામે મોરચા માંડીને અસહયોગની ચળવળને સાંગોપાંગ આવરી લીધી. આંદોલન ક્રમશ: હળવું પડતાં એ ચારે વટહુકમોને એકત્ર કરીને છેવટે ૧૯૩૨ના સ્પેશીયલ પાવર્સ ઓર્ડિનન્સરૂપે તેમનું સંગઠન કરવામાં આવ્યું હતું.

સરકારે આપેલા કોમી ફેંસલાએ બંગલામાં તો જાણે ઉલ્કાપાત મચાવી દીધો હતો. હરિજનોના અલગ મતાધિકારના મુદ્દા ઉપર

ગાંધીજીએ તા. ૨૦–૯–૩૨ ના દિવસે આમરણાંત ઉપવાસ આરંભ્યા, અને એ ઘટનાએ આંબેડકરને મહત્વ આપ્યું. આ અનશનમાંથી પુના વાળી સમજુતી પ્રકટી (૨૬–૯–૩૨.).

રાષ્ટ્રીય છાપાંની દૃષ્ટિ મર્યાદામાં હિંદબહાર બનતી હિંદની હિતવિરોધી ઘટનાઓ પણ આવી હતી. ઓટાવાના કરાર, પરદેશ વાસી ભારતીઓ પ્રત્યેના ગેરવર્તાવ, બર્માનો વિચ્છેદ, લંડનની ત્રીજી ગોળમેજી ઇ. મથાળાં એનાં કોલમોને ભરચક રાખતાં હતાં. હિંદના રાજકારણની પ્રગતિમાં બાધક તત્વોની ટીપમાં કોમી વિખવાદ અને મુસ્લિમ લીગ ઉપરાંત દેશી રાજ્યોના પ્રશ્નને ત્રીજી ગોળમેજીએ રીતસર આકાર અને મહત્વ આપ્યાં. ગાંધીજીના બીજા અનશનનો પ્રારંભ તા. ૮–૫–૩૩ ના દિવસે હરિજન પ્રવૃત્તિ અંગે થયો, તેમને કારાવાસમાંથી મુકત કરવામાં આવ્યા, અને તા. ૨૯ મી એ અનશન શમ્યાં.

આ વખતે મહાસભાના પ્રમુખ લોકનાયક અણે હતા. ગાંધીજીની સલાહથી સામુદાયિક લડતને મોકુફ રાખીને એમણે સવિનય ભંગને વ્યકિત પરત્વે મર્યાદિત જાહેર કર્યો. ગાંધીજીએ સાબરમતી આશ્રમ વિખેરી નાખ્યો, અને પુનઃ લડત જાહેર કરતાં તેમને પકડીને એક વર્ષના કારાવાસ માટે યરવડા મોકલી દેવામાં આવ્યા. પરંતુ ૧૬ મી ઓગસ્ટે ત્રીજા અનશનનો આરંભ થયો, અને તરત એમને છોડી મૂકવામાં આવ્યા. આ બધી ઘટનાઓમાંનો ઉલ્લેખ આવશ્યક છે, કારણ એમાંની પ્રત્યેક દેશની અખબારી દુનિયા ઉપર પ્રગાઢ અસર કરી હતી. હજી એ સમય આપણી અત્યંત નિકટનો છે. વળી વિસ્તારના ભયને કારણે એ અસરનું વિવેચન અહિં શકય નથી, અને એ બધું હજી લોકની સ્મૃતિમાં તાજું જ હોઈ આવી સંક્ષિપ્ત રૂપરેખા માટે એનું વિવેચન આવશ્યક પણ નથી.

મહાસભામાં પુનઃ ધારાસભા પ્રવેશનો પ્રશ્ન જાગ્યો. સરકારે એવી

માન્યતા જાહેર કરી હતી કે મહાસભા મૃતપ્રાય બની ગઇ છે અને લોક ઉપર તેનો હવે પ્રભાવ નથી પડતો. આ આહ્‌વાનથી ઉત્તેજિત થઇને મહાસભાએ એ ચૅલેન્જનું બીડું ઝડપ્યું. દરમ્યાન મુંબઇ ના "ફ્રી પ્રેસ જર્નલ"ના પડઘા મદ્રાસમાં 'ઇન્ડિયન એક્સપ્રેસ' ની સ્થાપનામાં પડયા હતા. ૧૯૩૫ના હિંદશાસન ધારાની ઘોષણા થતાં તેની અપૂર્ણતાઓની પ્રતિઘોષણા લગભગ પ્રત્યેક મતમતાંતરનાં પત્રોમાં જાગી ઊઠી. પરંતુ રાજસત્તાનો પડકાર ઊભો જ હતો. ગાંધીજી ક્ષેત્ર સન્યાસમાં ગયા, અને ચૂંટણીના જંગમાં રાષ્ટ્રિય મહાસભાએ ઝુકાવ્યું. આ અરસામાં માલવીજી અને શ્રી. અણે કોમવાદના પ્રશ્ન ઉપર કોંગ્રેસમાંથી ખસી ગયા હતા.

અને પછી આવ્યો ૧૯૩૭ નો કોંગ્રેસ પ્રધાનપદાનો અરસો. મુંબઇ, બિહાર, મધ્યપ્રાંતો, મદ્રાસ, ઓરિસા, યુક્તપ્રાંતો, સરહદપ્રાંત અને આસામ અને અડધું પડધું સિંધ, એ પ્રાન્તોમાં કોંગ્રેસશાસન પ્રવર્ત્યું. તા. ૩–૯–૧૯૩૯ ના રોજ વર્તમાન મહાયુદ્ધની ઘોષણા થઈ, તે સમયે સ્થિતિ આ હતી. તે સમયે બંગાળામાં અંગ્રેજી અખબારોમાં 'અ. બ. પત્રિકા' 'હિંદુસ્થાન સ્ટૅન્ડર્ડ', 'સ્ટેટ્સમન' અને 'ઍડવાન્સ' પ્રમુખ ગણાય. તે ઊપરાંત મુસ્લિમ વાજીંત્રોમાં 'સ્ટાર ઓફ ઇન્ડિયા' પણ ચાલે છે. 'મૉડર્ન રિવ્યુ' ૧૯૦૭ માં રામાનંદ ચેટરજીએ પ્રારંભ્યું હતું.

મુંબઇમાં 'ક્રૉનિકલ', 'ટાઇમ્સ', 'ઇલસ્ટ્રેટેડ વીકલી,' 'ઇવનીંગ ન્યુસ ઓફ ઇન્ડિયા', 'ફ્રી પ્રેસ જર્નલ', 'બૉમ્બે સેન્ટિનલ', 'કૉમર્સ,' 'ઇન્ડીપેન્ડન્ટ ઇન્ડિયા,' 'ઇન્ડિયન સોશીયલ રિફૉર્મર,' ઇ. અંગ્રેજી છાપાં ૧૯૩૯ ની સાલે ખૂબ પ્રસિદ્ધ હતાં, અને હજી છે.

યુદ્ધની ઘોષણા સમયે ગાંધીજીનાં અંગ્રેજીમાં થતાં પ્રકાશનો, 'હરિજન', અને ગુજરાતી 'હરિજનબંધુ' ના એક એક શબ્દની દેશમાં કાગને ડોળે રાહ જોવાતી હતી, અને છેક ૧૯૪૨ ના ઑગસ્ટ મહિના સુધી 'હરિજન' આખા દેશના વૃત્તપત્રોને દર અઠવાડીએ કોલમો ભરીને ઉત્તમોત્તમ 'મૅટર'

પુરૂં પાડતું હતું. એની કટારોમાં મહાદેવ દેસાઇ ઉત્કટ કોટિના પત્રકાર તરીકે ખીલી નીકળ્યા હતા. મધ્ય પ્રાંતોમાં 'હિતવાદ' અને 'ડેઇલી ન્યુસ,' બિહારમાં 'ઇન્ડિયન નેશન' અને 'સર્ચલાઇટ' એ મુખ્ય ગણાય. મદ્રાસમાં 'ઇન્ડિયન એકસપ્રેસ,' 'હિંદુ' અને 'ફ્રી પ્રેસ' સમર્થ પત્રો હતાં; ઉપરાંત જસ્ટીસ પાર્ટીનું વાજીંત્ર "જસ્ટીસ," "મદ્રાસ મેઇલ" ઇ. પણ નોંધ-યોગ્ય તો ખરાં જ. એ ઇલાકામાં પણ અન્ય પ્રાંતોની જેમ દેશી ભાષાનાં વૃત્તપત્રોની અસર પ્રબળ છે અને તેની આગળ અંગ્રેજી છાપાં ઉત્તરોત્તર ઝંખવાતાં જાય છે. દિલ્લીમાં "હિન્દુસ્થાન ટાઇમ્સ," અને "નેશનલ કૉલ," "રોઇઝ વીકલી," તથા "સ્ટેટસમન" મુખ્ય ઇંગ્લીશ અખબાર હતાં. ત્યાં પણ હિંદી તથા ઉર્દુ અખબારો જ લોકમતના સાચા ઘડવૈયા ૧૯૩૯માં હતાં, અને હજી છે. પંજાબમાં "ટ્રિબ્યુન", "સિ. મિ. ગેઝેટ," "ડેઇલી હેરલ્ડ" ઇ. પ્રમુખ અંગ્રેજી પત્રો કહેવાય, પરંતુ ખરો પ્રભાવ હિંદી, ગુરુમુખી અને ઉર્દુનો જ પડે છે. સિંધમાં "કરાંચી ડેઇલી," "સિંધ ઓબ્ઝર્વર," અને "ડેઇલી ગેઝેટ" મેદાનમાં આગળ પડતાં લેખાય. યુક્ત પ્રાંતોમાં પં. જવાહરલાલના મુખપત્ર તરીકે સમ્માન્તિ થયેલું "નેશનલ હેરલ્ડ," "લીડર," અનેક પરિવર્તનોને અંતે હીન દશામાં આવી પડેલું એક સમયનું સમર્થ "પાયોનિયર" તથા "સ્ટાર" નોંધને પાત્ર ખરાં. સરહદ ઇલાકામાં એક પણ અંગ્રેજી દૈનિક નહોતું.

મહાયુદ્ધના પ્રારંભ સમયે હિંદમાં અંગ્રેજી અખબારો પરત્વે આ વસ્તુસ્થિતિ હતી. આ યુદ્ધ અંગે ઉપસ્થિત થયેલા તથા થતા સંજોગો, તેમજ તેના પ્રત્યાઘાત રૂપે અખબારી સંસારમાં પણ થયેલી અને થતી ઉથલપાથલો ચાલુ છે, તથા યુદ્ધના સંજોગોજ માગી લે છે કે અત્યારના ઘડાતા ઇતિહાસના આલેખનનો પ્રયત્ન આ તબક્કે કરવા જેવો નથી. વૃત્ત વિવેચનના વિકાસ તથા અત્યારની તેની કક્ષાની ભૂમિકાને તેના વાસ્તવિક રૂપમાં સમજવા માટે તેના અંગ્રેજી અંગનું આટલું અવલોકન પૂરતું છે.

આ રેખાંકનમાંથી શું ફલિત થાય છે ? ભૂત અને વર્તમાન કેવા ભવિષ્ય પ્રતિ અંગુલિનિર્દેશ કરે છે ? આ પ્રશ્ન સ્થાને છે, કેમકે વૃત્તવિવેચક તો અમુક અર્થમાં ત્રિકાળદર્શી પણ હોય.

કેવળ અંગ્રેજી માલિકીથી હિંદમાં વૃત્તપત્રોનો પ્રારંભ થયો. પછી દેશી માલિકીનાં અંગ્રેજી છાપાં પ્રકટયાં, ફૂલ્યાંફાલ્યાં, અને યુરોપીયન હરીફોને ભોંય ભારે થઇ પડી. તે પછીનો ત્રીજો કાળખંડ આપણે નીરખી રહ્યા છીએ, તે દેશી ભાષાના એક સમયનાં નીમાણા જેવું જીવન માંડ હસડતાં દેશી ભાષાનાં અખબારોએ પ્રાપ્ત કરેલી પ્રચંડ શક્તિનો, અંગ્રેજી વૃત્તપત્રોના વર્ચસ્વને ક્રમશઃ પરંતુ વિધાતાના લેખ જેવી અનિવાર્ય ઢબે ઓગાળતા તેના તાપનો છે.

અને હવે ?

આપણે આ ક્રમ ઉપર પણ એક વિહંગદૃષ્ટિ ફેરવી લઈએ.

પ્રકરણ ૮

દેશી માલિકીનું પત્રકારત્વ

"In short there is still plenty of room in journalism for youth, idealistic, iconoclastic, eager, and willing to serve its own generation, faithfully and fearlessly. I believe that the worst features of contemporary journalism are but transitory."
—Cecil Palmer

હિંદીઓની માલિકીનાં અંગ્રેજી અખબારોનો આરંભ અમુક જાહેર જુસ્સાવાળા, સેવાભાવી અને ત્યાગવૃત્તિશીલ લોકનાયકોની જનસમાજને કેળવવાની અભિલાષાઓમાંથી થયો હતો, એ હકીકત છે. એ પ્રારંભનાં વૃત્તપત્રોને અનેક અગવડોની કસોટીઓ પાર કરવી પડતી હતી. પરંતુ એક વાત ચોક્કસ છે કે એ પત્રોના સંચાલકો ઉચ્ચ કક્ષાના વિદ્વાનો અને બુદ્ધિમાન લોકનેતાઓ હોવાથી એમનાં લખાણો તેજસ્વી અને પ્રભાવશાળી હતાં. "અમૃત બઝાર પત્રિકા"ના મોતીલાલ ઘોષ, "હિંદુ"ના સુબ્રહ્મણ્ય ઐયર તથા એ. રંગાસ્વામી ઐયંગર, "લીડર"ના સી. વાય. ચિન્તામણી આદિ સમર્થ કલમધરોની બુદ્ધિ હિંદી માલિકીનાં અંગ્રેજી પત્રોમાં ઝળકતી હતી.

એ છાપાં શરૂઆતમાં ચાર કે આઠ પાનાનાં નીકળતાં, અને સમા-

ચાર કે જાહેર ખબરના પણ એ બધાંને વાંખા હતા. સમર્થ અને સાધનસંપન્ન ઍન્ગ્લોઇન્ડિયન છાપાંમાંથી એમને સમાચાર ઉઠાવવા પડતા, અને શ્રીમંત શુભેચ્છકોની સહાયથી એમનો નિભાવ જેમતેમ થતો હતો. કોઈ કોઈવાર કોઈ રાજા રજવાડા કે શ્રીમંત માણસ અડફટે ચડી જાય, અને તેમની છાની રાખવા જેવી કોઈ બાબત હાથમાં આવી પડે, તો તેનો આર્થિક લાભ ઉઠાવવામાં પાછાં નહિ પડનારાં પત્રો તે સમયે પણ હતાં. આજે એવાં છાપાં છે, એટલું જ નહિ પણ ધનશોષણના ધંધાને કળાની કક્ષાએ પહોંચાડવામાં કેટલાંક વૃત્તપત્રોએ તેઃ કમાલિયત સિદ્ધ કર્યાનું સહુ કોઇના જાણવામાં છે. અમુક હકીકત છાપવા માટે, અમુક બાબતઃ વિષે મૌન સેવવા માટે, અને અમુક વિષે મૌન છોડવા માટે, એવા ધનશોષણના નાના-વિધ પ્રકારો કેળવવામાં આવેલા છે; અને જ્યાંસુધી રાજા રજવાડાં છે, શ્રીમંતો છે, તેમની નાના વિધ કાર્યવાહીઓ છે, અને સમાજની રચના અત્યારે છે તેવી છે, ત્યાંસુધી એનો લાભ ઉઠાવનારા પત્રકારોને પણ અવકાશ છે.

૧૯૧૩માં સર ફિરોઝશાહ મહેતાએ "બૉમ્બે ક્રોનિકલ" સ્થાપ્યું. એ દેશી માલિકીના પત્રકારત્વના ઇતિહાસમાં વિશેષ પ્રસંગ ગણાય. તેજ અરસામાં મદ્રાસના "હિંદુ"એ પોતાની સમાચારના સંપાદનની પ્રવૃત્તિનો વિકાસ સાધવા માંડ્યો, અને ટૂંક સમયમાં એણે તેમાં અદ્વિતીય પ્રતિષ્ઠા સંપાદન કરી.

તે પછી મોતીલાલ નેહરુની પ્રેરણા નીચે "ઇન્ડિપેન્ડન્ટ" નીકળ્યું, અને વૃત્ત વિવેચનના આસમાનમાં આંખને આંજી નાખે તેવો ઝબકારો મારીને એ કાલગર્ભમાં લીન થઈ ગયું.

લાહોરના "નેશન"ની પણ એજ કથની છે, પરંતુ ત્યાંનું "ટ્રિબ્યુન" જામી ગયું. "ડેઇલી હેરલ્ડ" પણ ત્યાં જ પ્રકટ્યું હતું.

પટણાનું "સર્ચલાઇટ" પણ નોંધપાત્ર છાપું છે.

કલકત્તાનું "અમૃત બઝાર પત્રિકા" તો ક્યારનું ને પહેલાંથી પોતાની છાપ પાડી રહ્યું હતું. "ઇન્ડિયન ડેઇલી મેઇલ" ધુમધડાકા સાથે નીકળ્યું ખરું, પણ એનો કરુણ ફેજ થયો. કલકત્તામાં દેશબંધુ ચિત્તરંજન દાસ, સુભાષ બોઝ અને જતીન્દ્ર મોહન સેનગુપ્તની પ્રેરણાથી "લિબર્ટી" અને "ઍડવાન્સ"નાં તેજસ્વી કોલમો ઝળકી ઉઠયાં.

અલાહાબાદનું "લીડર" પહેલેથી પ્રભાવશાળી પત્ર હતું અને હજી છે.

છેક રંગૂનમાં "રંગૂન મેઇલ" અને "ડેઇલી ન્યુસ" લોકોમાં ખૂબ આદર પામતાં હતાં.

ગાંધી યુગનાં મંડાણ થયાં ત્યાંસુધી અંગ્રેજી કેળવણીના ફળરૂપ એ ભાષાનું જ્ઞાન સાર્વત્રિક થઈ ગયું હતું. અને રાજકારણમાં રસ લેનાર માટે એવું જ્ઞાન અત્યંત આવશ્યક, બલ્કે અનિવાર્ય લેખાતું હતું. હિંદી રાષ્ટ્રીય મહાસભાના રાજકારણે લગભગ સમગ્ર શિક્ષિત સમાજને આવરી લીધો હતો, અને વિલાયત જઇ આવેલા હિંદી બુદ્ધિમાનોએ દેશમાં દેશાભિમાનની જે લહર પ્રકટાવી, બંગભંગ જેવી ઘટનાઓએ એ આંદોલનોને જે પ્રબળ વેગ આપ્યો, તેના રૂડા પ્રતાપે અંગ્રેજી છાપાં માટે અત્યંત વિશાળ ક્ષેત્ર ઉભું થઇ ગયું, અને સાથે સાથે બ્રિટિશ માલિકી તથા બ્રિટિશ મનોદશાવાળાં પત્રો પ્રત્યે અરુચિનું વાતાવરણ પણ પ્રસરવા લાગ્યું.

આજથી ત્રીસેક વર્ષ પહેલાં હિંદના લગભગ દરેક મોટા શહેરમાં એકથી વધારે ઍન્ગ્લોઇન્ડિયન પત્રોનો નિભાવ થતો હતો; એ પત્રો સંપત્તિશાળી હતાં; રાજદરબારમાં તેમજ—અને તે કારણે—જનસમાજમાં એમનું વજન ઘણું પડતું. હિંદીઓ તેના વાચનમાં રસ અને ગૌરવ લેતા. તે સમયે હિંદી રાજકારણે તેના આજના તેજસ્વી રૂપમાં પ્રવેશ

કર્યો નહોતો. રાજકીય પક્ષોના ભેદ તેમજ તેની વ્યાપકતા અસ્થિર હતાં. પરંતુ ટૂંક સમયમાં ખાસ કરીને ગાંધીયુગના પ્રારંભ (૧૯૧૯થી) વસ્તુસ્થિતિ બદલાઇ ગઇ છે.

આજે જ્યાં જુઓ ત્યાં, દરેક મહત્વના શહેરમાં, સારાં હિંદી અગ્રેજી વૃત્તપત્રોનું મનોસામ્રાજ્ય પ્રવર્તે છે. અંગ્રેજોની માલિકીનાં છાપાં ઓસરી ગયાં છે, અને તેમના વિશાળ વાચક સમુદાયો દેશી છાપાં તરફ વળી રહ્યા છે. અમુક અપવાદ બાદ કરતાં એમની જાહોજલાલી નામશેષ થઇ છે. "ટાઇમ્સ ઑફ ઇન્ડિયા" કે બહુ બહુ તો "સ્ટેટસમન" અને તેથી યે વધારે હિંમત કરીએ તો "મદ્રાસ મેઇલ"ને બાજુએ મૂકતાં બીજું કયું સદ્ધર અને વજનદાર બ્રિટિશ છાપું આજે જોવામાં આવે છે?

૧૯૧૪-૧૯ વાળા મહાયુદ્ધ પહેલાં કલકત્તામાં તેવાં મોટાં ચાર બ્રિટિશ પત્રો હતાં. કયાં છે એ મહાન "ઇંગ્લિશમન"? કયાં છે "એમ્પાયર"? કયાં છે વટ્ટદાર "ઇન્ડિયન ડેઇલી મેઇલ"? એ ચારમાંનું માત્ર "સ્ટેટસમન" હજી ઢસરડો તાણે છે. મુંબઇનું "ઍડવોકેટ ઑફ ઇન્ડિયા", "ગેઝેટ" અને બીજાં જાહોજલાલીથી તરબતર રહેતાં છાપાંનાં તો હવે નામ પણ ભૂલાવા માંડયાં છે. બાકી રહ્યું છે આખા શહેરમાં નામ દેવા જોગ "ટાઇમ્સ" અને તેનો એક સાંજીઓ પડઘો! મદ્રાસ ઇલાકાના "ટાઇમ્સ"નો અસ્ત તો કયારનો થયો છે. "એથેનીયમ ઍન્ડ ડેઇલી ન્યુસ" "મદ્રાસ ટાઇમ્સ"માં સમાઇ ગયું, અને એ છાપાનું અસ્તિત્વ "મદ્રાસ મેઇલ" નીચે લખાતા શબ્દો "with which is incorporated the Madras Times" માંજ હવે જોવામાં આવે છે. એક જમાનાના ચમરબંદ "પાયોનીયર"ની હસ્તી હજી રહેવા પામી છે ખરી, પરંતુ તેની માલિકી બે-ત્રણવાર બદલાઈ ને અત્યારે અમુક પ્રકારના પુંજીવાદના ધોરણે વિશિષ્ટ હિતસંબંધ ધરાવતા કેટલાક હિંદીઓના હાથમાં અર્ધદગ્ધ ઍન્ગ્લોઇન્ડિયનવેડા કરતું એ

પડેલું છે. એને જોઇને એ કડી યાદ આવે છે : "માનસ સરમાં ઉછરેલી તું.......!"

હિંદી માલિકીનાં પણ મોટાં મોટાં અંગ્રેજી પત્રો શરૂ થઈને તરત સમાપ્તિએ પહોંચ્યાના દાખલા જોઈએ તેટલા છે. પરંતુ તેવી રીતે અસ્ત થયેલાં છાપાંનું સ્થાન તરત તેવાજ પ્રકારનાં બીજાં વૃત્તપત્રોએ પૂરી દીધું છે; તેમના અવસાનમાંથી ઍંગ્લોઇન્ડિયન છાપાં લાભ ઉઠાવી શકયાં નથી, જ્યારે બ્રિટિશ છાપાંની ખાકમાંથી અનેક હિંદી છાપાંનો પ્રાદુર્ભાવ થયેલો છે. આજે વાસ્તવમાં બોલબાલા દેશી અખબારોની છે; અને ભવિષ્ય પણ દેશી અખબારોનું જ છે, કેમકે ખુદ દેશનું ભાવિ તેનાં દેશી સંતાનોનું જ છે.

પ્રકરણ ૯

પત્રકારત્વના શિક્ષણની ખોજમાં

"But in art excuses count for nothing, good intentions are of no avail; the artist must at every instance heed his instinct; so that the art is the most real of all things; the sternest school in life and truly the last judgment."
—Marcel Proust

પત્રકારો સર્વત્ર મહત્કાર્ય કરી રહેલા છે; હિંદના પત્રકારો તો, દેશના સંજોગો જોતાં, અદ્દભૂત કાર્યશક્તિ દર્શાવી રહ્યા છે. પરંતુ જો તેમને પદ્ધતિપુરઃસર અભ્યાસક્રમની તાલીમનો લાભ મળ્યો હોત, તો તેમની કાર્યશક્તિ અને કાર્યસિદ્ધિ છે તે કરતાં પણ વધારે જોવામાં આવત.

એવી માન્યતા પત્રકારસમુદાયમાં સારા પ્રમાણમાં પ્રવર્તે છે.

યૂરોપ, અમેરિકા અને જાપાનમાં આ વિષયના શિક્ષણની સાંગોપાંગ વ્યવસ્થા કુદીબંદ યુનિવર્સિટીઓ કરે છે, અને એની રીતસર સરકાર-માન્ય પદવીઓ એનાયત થાય છે. એનો ટૂંકામાં ટૂંકો પરિચય આપતાં પણ આખો સ્વતંત્ર ગ્રંથ થઈ જાય, એટલું એનું બહોળું સાહિત્ય છે, એટલે અહિં આટલો ઇશારો જ બસ થશે.

આ વિદ્યાપીઠો ઉપરાંત ખાનગી પત્રકારત્વ શિક્ષણની શાળાઓનો પણ

પાર નથી. જાતે પ્રત્યક્ષ તાલીમ મેળવવાની વ્યવસ્થા તો સ્થળે સ્થળે છેજ; પરંતુ તે ઉપરાંત ટપાલ મારફત શીખવતી પત્રકારત્વની શાળાઓ પણ પશ્ચિમમાં અનેક છે, અને મૅકસ પેમ્બર્ટન જેવા પ્રસિદ્ધ લેખિની-સ્વામીઓ તેનું સંચાલન કરે છે.

જ્યારે આપણે ત્યાં?......કોને પડી છે? પરદેશી રાજસત્તા અને અભણુ ધનકુબેર, એ હિંદની વિશેષતાઓ છે; એ બેમાંથી પત્રકારત્વની ઉન્નતિની કોને પડી હોય?

ઉલટું, એ સંભવિત નથી, કે પત્રકારત્વની ઉન્નતિ અને આઝાદીમાં એમની પોતાની સલામતીની ભયગ્રસ્તતા દેખાતી હોય?

પરંતુ એ તો અટકળ અને સમજદારીનો વિષય છે. હિંદની વર્તમાન રાજકીય પરિસ્થિતિમાં જેટલાં મનશા ભૂત અને શંકા ડાકણ પ્રકટે તેટલાં ઓછાં.

દરમ્યાન, પત્રકારત્વના શિક્ષણની વ્યવસ્થા થાય તે માટે કરવામાં આવેલા પ્રયાસોનો ઇતિહાસ ટૂંકામાં જોઇ જઇએ.

ગુજરાત પત્રકાર મંડળના મંત્રીઓએ પહેલી ગુજરાતી પત્રકાર પરિષદ સમક્ષ તા. ૧-૧૧-૨૪ ના રોજ સાદર કરેલા નિવેદનમાં નીચેની ફરિયાદ છે.

'આપણે અહિં પત્રકારના ધંધાનું શિક્ષણ અને જ્ઞાન મેળવવા માટે કોઇ પણ વ્યવસ્થા નથી, અગર તો તેના અભ્યાસ માટે જોઇતાં સાધનો પણ ઉપલબ્ધ નથી. યુનીવર્સીટીના અભ્યાસક્રમમાં તેને સ્થાન અપાયું નથી, વળી એવી કોઈ સંસ્થા નથી કે જ્યાં તેનું શિક્ષણ અપાતું હોય. આમ પત્રકારના ધંધામાં પ્રવેશ કરનાર મુખ્યત્વે શિખાઉ પણ બીનઅનુભવી હોય છે. યુનિવરસિટીની એકાદ ઉપાધિ પ્રાપ્ત થઇ હોય કે કોઇ વર્તમાનપત્ર કે માસિકમાં સહેજસાજ લખવા માંડયું હોય એટલે એમજ માની લેવાય છે કે આપણામાં પત્રકારની યોગ્યતા આવી ગઇ. પણ તે ગેરસમજ છે, માત્ર એક ભ્રમજ છે.'

આ બતાવે છે કે વીસ વર્ષથી તો પત્રકારત્વની ધોરણુસર તાલીમ

માટેની વ્યવસ્થિત માગણી ગુજરાતનો એ વ્યવસાય કરી રહેલો છે. તેને પણ તેટલાંજ વર્ષ અગાઉથી એવા યોજનાબદ્ધ શિક્ષણની ખામી સાલતી રહી હતી, એમ માનવાને કારણ છે.

એ પરિષદે પસાર કરેલા ઠરાવોમાંનો એક નીચે પ્રમાણે હતોઃ

'પત્રકારના ધંધાના વિકાસ માટે ધંધાનું શાસ્ત્રીય શિક્ષણ અત્યંત આવશ્યક છે, એવી આ પરિષદની દૃઢ માન્યતા છે, તેથી મુંબઇ યુનિવર્સિટીને તેમજ ગુજરાત વિદ્યાપીઠને તે જાતના શિક્ષણનો સત્વર પ્રબંધ કરવા આ પરિષદ વિનતિ કરે છે' (રજૂ કરનાર શ્રી દત્તાત્રય બા. કાલેલકર)

૧૯૨૭ માં બીજી ગુજરાતી પત્રકાર પરિષદ અમદાવાદમાં જ મળી. તેના મંત્રીઓના નિવેદનમાં ફરિયાદ હતી કે,

"વળી પત્રકારના ધંધામાં પ્રવેશ કરનારને પત્રકારત્વ વિષે થોડું ઘણું પ્રાથમિક જ્ઞાન અને અનુભવ પ્રાપ્ત થાય, તે માટે યુનિવર્સિટી પોસ્ટ ગ્રેજ્યુએટ ક્લાસ જેવો પત્રકારત્વનો વર્ગ કાઢે એ જરૂરનું છે. અત્યારે તો શિક્ષકના ધંધાની જેમ અનુભવ વધે, જ્ઞાન પ્રાપ્ત થાય તેમ તે ધંધામાં પોતાના વ્યક્તિત્વની છાપ પાડવા શક્તિમાન નીવડે છે. પણ તેની પાછળ તેને સમય અને શક્તિનો ઘણો ભારે ભોગ આપવો પડે છે. જો શરૂઆતથી તેને એ ધંધાનું થોડું ઘણું વ્યવહારુ શિક્ષણ મળ્યું હોય તો તેની અનેક મુશ્કેલીઓ અને મૂંઝવણ જરૂર ઓછાં થઈ જાય. એ આશયથી અમારા મંડળે મુંબાઇ યુનિવર્સિટીને નવી સુધારાની યોજનામાં પત્રકારત્વને સ્થાન આપવા વિનતિ કરી હતી. અને સર ચીમનલાલે વાઇસ ચાન્સેલર તરીકે એમના કોનવોકેશન વ્યાખ્યાનમાં એ વસ્તુ પર ભાર મૂક્યો ત્યારે અમને આશા બંધાએલી કે મુંબાઇ યુનિવર્સિટી એ કાર્ય મોડું વહેલું જરૂર ઉપાડી લેશે; પણ તે સંબંધમાં હજુ સુધી કશું આશાજનક સાંભળવામાં આવ્યું નથી. વડોદરા યુનિવર્સિટી કમિશનને અમારા મંડળે પત્રકારત્વને સ્થાન આપવા આગ્રહ કરેલો પણ એ કમિશનના રીપોર્ટમાં તે પ્રતિ લક્ષ અપાયું હોય એમ માલૂમ પડતું નથી."

અને તે પછી તો પત્રકારત્વ ગુજરાતી સાહિત્ય પરિષદનો એક વિભાગ બની રહ્યું અને તેનાં સ્વતંત્ર અધિવેશનો બંધ થયાં.

૧૯૨૯માં કલકત્તામાં ઑલઇન્ડિયા પ્રેસ કૉન્ફરન્સના પ્રમુખ શ્રી. નટરાજને કહ્યું હતું :

"The first thing to do is in my opinion for journalism to be recognised as a distinct profession like law and medicine and not a mere adjunct of political or communal propaganda. The education and training required to make a good journalist now a days is not less arduous than to make a good lawyer or a doctor. For want of a professional standard many young men drift in and out of newspaper work as much to their own disadvantage as to the detriment of the profession."

(મારા મત પ્રમાણે પત્રકારત્વ વિષે પ્રથમ કાર્ય એ કરવાનું છે કે તેને, રાજકારણ કે કોમી પ્રચારના સાધન તરીકે માની લેવાને બદલે કાયદા કે દાકતરીની જેમ અલગ ધોરણબદ્ધ વ્યવસાય તરીકે તે માન્ય થવું જોઇએ. આજના જમાનામાં સારા પત્રકાર થવા માટે આવશ્યક તાલીમ સારા વકીલ કે સારા દાકતર માટેની તાલીમ કરતાં જરાપણ ઓછી કપરી નથી. વ્યવસાયી ધોરણને અભાવે ઘણા જુવાનીઆ એ ધંધામાં ખેંચાઇ આવે છે તેમ પાછા તેની બહાર ખેંચાઇ જાય છે, અને પોતાને તેમજ પત્રકારના ધંધાને પણ હાનિ કરે છે.)

૧૯૩૫માં ઑલ ઇન્ડિયા જર્નાલિસ્ટ્સ કૉન્ફરન્સનું ત્રીજું અધિવેશન કલકત્તામાં તા. ૧૭–૧૮ ઓગસ્ટે શ્રી. સી. વાય. ચિંતામણીના પ્રમુખપણા નીચે મળ્યુ હતું. તેના સ્વાગતાધ્યક્ષ શ્રી. મૃણાલકાંતિ બોઝે ખૂબ માહિતીપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. તેમાં પત્રકારોની તાલીમ વિષે તેમણે કહ્યું હતું કે હિંદમાં પત્રકારત્વના શિક્ષણ માટે કશી સવડ નથીઃ

"There is no provision for training in journalism in India. The need is unquestioned though there may be some difference of opinion regarding the best method

of providing such training. The majority view appears to be that special institutions for the purpose should be established as in some other countries of the West. The idea of providing courses in journalism in universities has been largely supported. Theoretical instruction as is imparted in universities must of course, be supplemented by practical training in the university itself or in newspaper offices. The Indian journalists' Association has given a scheme to the university of Calcutta which has been considering the matter rather too long, one would think. The other universities have also under consideration this scheme or similar schemes. The Inter-University Board has recommended that diplomas in Journalism should be given by the Indian universities'.'

'હિંદમાં પત્રકારત્વની તાલીમ માટે કશી સગવડ નથી. તેની તાલીમની પદ્ધતી બાબત મતભેદ હોય, પરંતુ તેની જરૂરત વિષે તો કશો પ્રશ્ન જ નથી. મોટો ભાગ એવા મતનો લાગે છે કે પશ્ચિમના કેટલાક દેશોમાં છે તેવી રીતે એ કામ માટે ખાસ સંસ્થાઓ સ્થપાવી જોઇએ. યુનિવર્સિટીઓમાં પત્રકારત્વના અભ્યાસક્રમ યોજવાના વિચારને ઘણું સમર્થન મળેલું છે. વિદ્યાલયમાં સૈદ્ધાન્તિક શિક્ષણ અપાય, તેની પૂર્તિરૂપે વિદ્યાલયમાં જ અથવા વૃત્તપત્રોની કચેરીઓમાં એની કામગીરી પણ શીખવવી જોઇએ. ઇન્ડિયન જર્નાલિસ્ટસ એસોસિએશને કલકત્તા યુનિવર્સિટીને યોજના તૈયાર કરી આપી છે, અને તેના ઉપર અતિ દીર્ઘસૂત્રી વિચારણા થયા કરતી લાગે છે. બીજી યુનિવર્સિટીઓ પણ આ અથવા તેને મળતી યોજનાઓ વિચારી રહી છે. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડે એવી ભલામણ કરી છે કે હિંદની યુનિવર્સિટીઓએ પત્રકારત્વની પદવીઓ એનાયત કરવી જોઇએ.)

આ અવતરણો પત્રકારત્વ વિદ્યાલયના ખ્યાલનો ઉત્તરોત્તર વિકાસ રજૂ કરે છે. ૧૯૩૫ સુધીમાં હિંદની યુનિવર્સિટીઓ પત્રકારત્વના અભ્યાસક્રમ

અને પદવીની યોજનાઓનો ગંભીરપણે વિચાર કરવા સુધી પહોંચી હતી. પરંતુ આશ્ચર્યની બીના એ છે કે એ સાલની પરિષદે તે સમયના યુનાઇટેડ પ્રેસના પ્રતિનિધિ ડૉ. અંકલેસરીઆની દરખાસ્ત અને "વિશ્વવાર્તા"ના તંત્રી શ્રી. ટી. કે. સરકારના અનુમોદનથી રજૂ થયેલી ઉપર્યુક્ત અવતરણના રાહે ઘડાયેલી દરખાસ્તને ૪૯ વિ. ૫૧ મતે ઉરાડી મૂકી હતી ! !

કલકત્તા યુનિવર્સિટીના ત્રૈમાસિક પ્રકાશનમાં એ વિદ્યાપીઠ માટે શિક્ષણક્રમનો વિગતવાર મુસદ્દો પ્રગટ થયો હતો.

મદ્રાસ વિદ્યાપીઠની સેનેટમાં તા. ૨૯–૩–૧૯૪૦ના રોજ પત્રકારત્વનો અભ્યાસક્રમ સ્થાપીને તેની પદવી એનાયત કરવાની ભલામણ ઉપર ગરમાગરમ વાદવિવાદ થયો હતો, અને ૩૨ વિ. ૨૦ મતે દરખાસ્ત મંજૂર થઇ હતી.

મુંબઇ વિદ્યાપીઠના ૧૯૨૭ના પદવીદાન–સમારંભના પ્રમુખે તેવા શિક્ષણની સવડની હિમાયત કરી હતી.

આવી રીતે કોઇ પત્રકારત્વનું ભણતર આપી શક્યું નહિ, ત્યારે વડીધારાસભાની ૧૯૪૦ના જાન્યુઆરીની બેઠકમાં શ્રી. લાલચંદ નવલરાય ભાગ્યાના ભેરુ થઇને મેદાને પડયા, અને તેમણે તંત્રીઓની શિક્ષણ વિષયક અને નૈતિક લાયકાતોનું ધોરણ મુકરર કરી તેનો અમલ કરવાના કાયદાનો ખરડો રજૂ કર્યો હતો ! એ સૂચનાની પાછળ જે તે સમયના તંત્રીસમાજની બીનલાયકાત અને નૈતિક અધોગતિનો કટાક્ષ હતો. તેણે ઘણાં પત્રોનો રોષ વહોરી લીધો હતો. વડીધારાસભાએ પણ એજ કારણે એ ખરડાને ઉરાડી મૂકયો હતો. એના એક માત્ર સમર્થક ભાઇ પરમાનંદ હતા. શ્રી. એન. એમ. જોષી અને વડી સરકારના ગૃહસચીવ સર રેજીનાલ્ડ મેક્સવેલે તેના ઉપર ખુબ કટાક્ષ, ઠઠ્ઠા અને ઉદંત નુકતાચિની કરી હતી. 'સ્ટેટ્સમન' જેવાં પત્રે પણ 'એડિટર્સ અનએજ્યુકેટેડ'ના શીર્ષક નીચે તંત્રી નોંધ લખીને અભિપ્રાય આપ્યો હતો કે

"Editors get, on the whole, as many kicks as half-pence, usually delivered through the "Letters to the Editors" columns and sometimes through the law of libel There seems no urgent necessity for a govermnental kick in addition."

(એકંદર તંત્રીઓને જેટલા ટકા તેટલા જ લાતા પ્રહાર સામાન્ય રીતે "'શ્રીમાન તંત્રીશ્રીજોગ"ના કોલમ મારફત અને કોઈ કોઈવાર બદનક્ષીને લગતા કાયદા મારફત મળતા રહે છે તેમાં સરકારી ચરણની લાત ઉમેરવાની કોઈ તાત્કાલિક આવશ્યકતા નથી જણાતી)

અર્થાત, જ્યારે આ પ્રશ્ન ધારાસભા સુધી છેવટે પહોંચવા પામ્યો, ત્યારે આવા રૂપમાં !

ગુજરાતી પત્રકારોએ તો શિક્ષણની યોજના ઘણા સમયથી ઘડી હતી. ૧૯૨૪ની પત્રકાર પરિષદના પ્રમુખે એવી એક રૂપરેખા દોરી હતી:

"પત્રકારના ધંધામાં દાખલ થવા ઇચ્છનારને દેશ વિદેશના લોકોના રાજદ્વારી અને આર્થિક ઇતિહાસ, અર્થશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર, અને રાજ્યતંત્ર શાસ્ત્રનાં સામાન્ય જ્ઞાનની અને તુલના કરી આ બાજુ કે બીજી બાજુએ નિર્ણય આપવાની શક્તિની આવશ્યકતા છે. પત્રકારનો ધંધો શીખવા માટેની ખરી શાળા-પાઠશાળા તો તંત્રી અને તંત્રીખાતાનો સમાગમ અને તંત્રીખાતું છે. ત્યાં દરરોજ વ્યવહારુ જ્ઞાન મળી શકે છે. બીજું સ્થાન જો વર્તમાનપત્રોમાં આવતા વિષયોનું વાંચન અને વિવેચન કરનારા વર્ગો કે મંડળો સ્થાપવામાં આવે તો ત્યાં છે વિદ્વાનો અને તંત્રીઓ અને તંત્રીખાતાંઓના માણસો સર્વને તેમાં ભાગ લેવાની છૂટ હોવી જોઈએ આવાં મંડળો કે વર્ગો ઝઘડા કરાવનારા ન અને તેની સંભાળ તેમાં ભાગ લેનારાનો પોતાની ઉદારતા પર રહે છે. ત્રીજો માર્ગ હાલમાં અમેરિકામાં જ અજમાવાય છે. આપણે ત્યાં શાળા-પાઠશાળાઓમાં તેનું અનુકરણ કરી શકાય. શાળા-પાઠશાળાઓની સાથે એક નાનું છાપખાનું મુદ્રણાલય રાખવું.

"આ શાળાના વિદ્યાર્થીઓ પ્રાથમિક જ્ઞાન, અનુભવ મેળવીને વધારે વ્યવહારુ જ્ઞાન મેળવવા માટે સારાં વર્તમાનપત્રોના તંત્રીખાતામાં બે ચાર વર્ષનો અનુભવ લે. તો મારું માનવું છે કે આપણે આપણા નવયુવકોમાંથી પત્રકારના અને છાપખાનાંના ધંધા માટે લાયક કેળવાયેલો વર્ગ ઉત્પન્ન કરી શકીશું.

આ પ્રકારે જો આપણે પાયો નાખ્યો હશે તો ટૂંક સમયમાં તે પર સારૂં મકાન આપણે ચણી શકીશું."

પરંતુ આ બધાનો સરવાળો ? છેક હમણાં સુધી શૂન્ય, મહા મોટી શૂન્ય ! કોઈ વિદ્યાલયે પ્રવૃતિ ઉપાડી નહિ, તેમ એ ક્ષેત્રમાં ખાનગી સાહસ પણ થયું નહિ. છેક ૧૯૪૨ના અરસામાં પંજાબ યુનિવરસિટીએ પત્રકારત્વ વિભાગ કાઢયો છે. તે હજી પ્રયોગની કક્ષામાં ગણાય. કલકત્તા, મદ્રાસ અને મુંબઈ ૧૯૪૪ની સાલ સુધી વિચારણાના વનમાંથી બહાર નીસર્યાં નથી. દરમ્યાન, આજનાં વૃત્તપત્રોનાં કાર્યાલયો રૂપી વિદ્યાલયો અને સ્વાનુભવ રૂપી મહા વિદ્યાપીઠ પત્રકારોના તાલીમી ઘડતર કાજે પોતાથી બનતું કરી છૂટે છે !

એ અનુભવરૂપી વિદ્યાલયે અને જાતમહેનતરૂપી વિદ્યાપીઠે જેવી તેવી સેવા નથી બજાવી, એ આપણે ઉપરટપકે જોઇ લીધું છે. આ પરોક્ષ શિક્ષણમાં પત્ર પ્રદર્શનો મહત્વનો ભાગ ભજવે છે. ગુજરાતી પત્રકાર પરિષદો સાથે તેમજ સ્વતંત્ર રીતે પણ તેવાં પ્રદર્શનો યોજાયાં છે. અખિલભારતીય પરિષદો અંગે પણ તેવાં પ્રદર્શનો થતાં રહ્યાં છે. ૧૯૩૯ના ઓગસ્ટ મહિનામાં અલાહાબાદમાં શ્રી. સંપૂર્ણાનન્દે ખુલ્લું મૂકયું હતું. અલાહાબાદના વિદ્યામંડળનું એ આયોજન હતું. ૧૯૨૭ની ગુજરાતી પત્રકાર પરિષદ અંગે ગુજરાતી પત્રોનું પ્રદર્શન થયું હતું. તેવાં બીજાં પણ કેટલાંક પ્રદર્શનો ગોઠવાયાં હતાં. પુસ્તકાલય પરિષદો તથા પુસ્તકાલય ખાતાનાં પ્રદર્શનોએ પણ આમાં પોતાનો ફાળો આપ્યો છે. અન્ય ભાષાઓનાં પત્રોનાં પણ પ્રદર્શનો થતાં હોવાનું વર્ણો થયાં આપણે અખબારોમાં વાંચીએ છીએ. અને એ આયોજનો એકંદરે જન સમાજને તેમજ પત્રકારોને પણ ખૂબ બોધક તથા માહિતી-દાયક થઈ પડે છે, એ નિઃસંશય છે. ગુજરાતમાં કાયમી પત્ર પ્રદર્શન ને અવકાશ છે.

અને કોણે જાણ્યું ? ગુજરાત સાહસિક છે. કોઇએ ન કર્યું તે એ કરી પણ બતાવે—પત્રકાર વિદ્યાલય સ્થાપી પણ બતાવે ! એથી પણ વિશેષ ચમત્કારિક કાર્યો ગુજરાતે કર્યાં છે; તો એ શા માટે નહિ !

પ્રકરણ ૯

મુદ્રણ

"With the development of printing, learning no longer remained the monopoly of those to whom manuscript texts were available." —*Margaritta Barns.*

હિંદમાં ૧૯૩૯ ની સાલે ૩૦૦૦ કરતાં વધારે છાપખાનાં હતાં અને તેમાં એક લાખ ઉપરાંત માનવીઓ કામ કરતાં હતાં. આ સંખ્યામાં નાનકડાં છાપખાનાની ગણના થઇ નથી. એવાં 'વન્-મૅન-પ્રેસ' તો સેંકડોની સંખ્યામાં ચાલે છે અને હજારો કારીગરો તેમાં પોતાનો નિર્વાહ ચલાવે છે.

મુદ્રણ કળાનો વિકાસ હિંદમાં છેલ્લે છેલ્લે સુંદર થયો છે. તેમાં દેશી સાહસોમાં ગુજરાતી ટાઇપ ફાઉન્ડ્રીનું સ્થાન નિરાળું છે. હિંદમાં યૂરોપનાં કારખાનાની ઢબે એણે બીબાંના વૈવિધ્ય તથા તેના પ્રચારના સાહિત્યની સુંદરતામાં ઘણો ઉમેરો કર્યો છે.

અત્યારના વિકાસનાં મૂલ્ય જેટલાં આંકીએ તેટલાં ઓછાં જ હોય; પરંતુ તે સાથે એમ રખે કોઇ માને કે હિંદ પ્રાચીન સમયમાં મુદ્રણ-કળાથી અનભિજ્ઞ હતું.

સિંધમાં મોહન જો ધડો તથા હરપામાંથી મળેલી પુરાતત્ત્વની વિપુલ

સામગ્રીમાં લેખો, મુદ્રાઓ ઇ. મુદ્રિત નોંધો હિંદી મુદ્રણકળાની પ્રાચીન-તાનાં સાક્ષી છે. એ નોંધો અત્યારે ઉકેલાઇ રહી છે. એ વંચાઇ રહેશે ત્યારે પાંચ–સાત હજાર વર્ષ પૂર્વેની હિંદની મુદ્રણકળા ઉપર પણ નવો પ્રકાશ પડશે.

વળી અશોકના લેખો, કીર્તિસ્તંભો તથા ઇમારતોમાં પથ્થર ઉપરનાં પણ એક પ્રકારનાં મુદ્રણ જ કહેવાય ને !

ઇ. સ. પૂર્વે ૫૦૦ વર્ષ પહેલાં હિંદમાં ૬૪ લિપિઓ વિકસિત કક્ષામાં અને સાર્વત્રિક ઉપયોગમાં હતી. એ સર્વના મૂળરૂપ લિપિ બ્રાહ્મી કહેવાતી હતી. એની પદ્ધતિપુરઃસરની રચના હતી. અને ઉચ્ચાર તથા લેખન, એ બેનો તેમાં બરાબર સમન્વય હતો. પરદેશી યાત્રીઓ નોંધી ગયા છે કે પ્રાચીન સમયમાં લેખન માટે ભૂર્જપત્ર વૃક્ષની અંતરછાલ મુખ્યત્વે વપરાતી હતી. તાડપત્ર ઉપરના લેખ ચોથી ઇસવી સદી સુધીના હસ્તગત થયેલા છે. આજે પણ ભૂર્જપત્ર અને તાડપત્રના જૂના નમૂના વિપુલ સંખ્યામાં જોવામાં આવે છે. હુ એન ત્સંગ એ સાધનનો બહોળો ઉપયોગ થતો હોવાની સાખ પૂરે છે. ધમ્મપદ ગ્રંથ ખરોષ્ઠિ લિપિમાં પહેલી ઇસવી સદીમાં ભૂર્જપત્ર ઉપર લખાયો હતો.

ઉપરાંત મુદ્રણ અને લેખન માટે સુતરાઉ અને રેશમી કાપડ, લાક-ડાનાં પાટિયાં અને ચામડાંનો પણ ઉપયોગ મોટા પ્રમાણમાં થતો હતો. અને શિલાના ઉપયોગની તો સહુ કોઇને ખબર છે.

કાગળની બનાવટ હિંદમાં ઇસવીસન પૂર્વે ત્રીજા સૈકામાં થતી હોવાના પુરાવા પણ હોવાનું કહેવાય છે. મોહન જો ધડોમાં હાથ લાગેલા નમૂનાના સંગ્રહમાં એક ખડિયો પણ છે.

પ્રાચીન સમયનો લહિયો અથવા લિપિકાર એજ આજનો મુદ્રક. છેક ઇસવીસન પહેલાના ચોથા સૈકામાં પણ લિપિકારને રાજ્યમાં સન્માન

ભર્યું સ્થાન હતું. અન્યત્ર આ ગ્રંથમાં પ્રાચીન સમયના વૃત્તવિવેચનની ચર્ચામાં એની નોંધ લેવાઇ ચૂકી છે. મુદ્રણના અન્ય દેશોમાં થયેલા પ્રારંભનું પણ ટૂંકું અવલોકન સાથોસાથ એ સ્થળે કરેલું જ છે

હિંદમાં વિકસેલા મુદ્રણવ્યવસાયની વિગતે તવારીખ લખવી હોય તો તે માટે સરંજામ પુષ્કળ છે. પરંતુ આ પુસ્તકમાં આપણે વૃત્તના ઉત્પાદન, મુદ્રણ અને પ્રકાશન કરતાં તેના વિવેચન તરફ વધારે લક્ષ આપવા ધારેલું હોવાથી જેને હિંદનાં અને તે પણ દેશી ભાષાઓનાં મુદ્રણનાં સીમાચિહ્નો કહી શકાય, તેની બહુ આછી અને અધૂરી નોંધથી જ સંતોષ માનીશું.

હિંદમાં દેશી ભાષાનું પહેલું છાપખાનું ૧૫૭૭માં કોચીન રાજ્યમાં બે પોર્ટુગીઝ પાદરીઓએ સ્થાપ્યાનું જૂની નોંધો જોતાં જણાય છે. તે પછી ૧૬૧૬માં મુંબઈના સાલ્સેટ બેટમાં પામર્સ રિટફ્ન્સ નામના સાહસિક મુદ્રકે છાપખાનું નાખ્યું હતું. ૧૬૭૪–૭૫માં મલબારમાં કેટલાક ખ્રિસ્તી પાદરીઓએ આયુર્વેદની વનસ્પતિઓ વિષે શોધખોળ કરીને ૧૬૮૬થી ૧૭૦૩ના અરસામાં બાર પુસ્તકો છાપ્યાં હતાં. તે પહેલાં ૧૫૫૭માં ગોવામાં પાદરીઓએ બાઇબલ છાપ્યું હતું. ૧૬૨૨ની સાલમાં કાઠિયાવાડમાં ભીમજી પારેખે હિંદુ ધર્મનાં પુસ્તકો નાગરીમાં છાપવા માટે છાપખાનું કાઢ્યું હતું. શિવાજી મહારાજના સમયના કેટલાક પત્રો પ્રસિદ્ધ થયેલા છે. તેમાં ઇસ્ટ ઇન્ડિયા કંપની મારફત મુદ્રણયંત્ર મેળવવાના એક ગુજરાતી ગૃહસ્થના પ્રયત્નનો ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે. એ ગૃહસ્થ તે ભીમજી પારેખ જ હોય એ બનવા જોગ છે.

આજે આપણે જોઇએ છીએ તે રાહે ધાતુનાં બીબાં વડે મુદ્રણ-કાર્યનો પ્રારંભ તાંજોર જિલ્લામાં ૧૭૧૨ ની સાલે થયેલો જણાય છે. શરૂઆતમાં તેમાં અંગ્રેજી બારાખડીનાં બીબાં વપરાતાં હતાં પરંતુ

૧૭૧૪ માં ત્યાંના વલંદા ખ્રિસ્તી મિશને જર્મનીથી તામિલ બીબાં બનાવી મંગાવ્યાં અને તેનાથી બાઇબલ છાપ્યું. હિંદમાં ધાતુનાં બીબાંના ઉપયોગના શ્રીગણેશ આવી રીતે ઇસા મસીહના નામથી મંડાયા હતા.

બંગાળામાં ૧૭૮૦ માં સર ચાર્લ્સ વિલ્કિન્સને અંગ્રેજી અક્ષરોનાં બીબાં પડાવ્યાં અને પચાનન નામના તેમના એક કારીગરે બીબાં ઢાળવાની કળા શીખી લઈને ભરતખંડની જુદી જુદી દેશી બારાખડીઓ ઢાળી હતી.

સીરામપોરના ડૉ. કૅરી નામે ગૃહસ્થે હિંદી અને ઉર્દુ બીબાં ઢાળીને પુષ્કળ મુદ્રણ કર્યું હતું. એમણે મરાઠી પુસ્તક પણ છાપ્યું હતું. દેવનાગરી અને મોડી મુદ્રણ માટે તાંજોરના મરાઠા શાસકોએ પોતાનાં રજવાડાંમાં છાપખાનાં નાખ્યાં હતાં એમ કહેવાય છે.

મુંબઇમાં પહેલું પુસ્તક રૂસ્તમ કેરસાસ્પજીએ ૧૭૯૩ માં અંગ્રેજીમાં છાપીને પ્રસિદ્ધ કર્યું હતું. તે પુસ્તકનું નામ નીચે પ્રમાણે છે.

Remarks and occurences of Mr. Henry Becher his Imprisonment of two years And a Half in the Dominions of Tippu Sultan, from whence he made his Escape.

મુંબઇમાં ધાતુનાં ગુજરાતી બીબાં પ્રથમ બેરામજી જીજીભાઇ છાપગરે ૧૭૯૭ માં જાહેરખબરના કામ માટે પાડયાં હતાં.

સુરતમાં દુર્ગારામ મહેતાજીએ ૧૮૧૭ માં મિશન પ્રેસ સ્થાપીને પ્રકાશનની પહેલ ગુજરાતીમાં કરી હતી.

"ગુજરાતી"ના ૧૯૧૨ના દીપોત્સવી અંકના "ગુજરાતી મુદ્રણ કળાની શતવર્ષી"ના મથાળાવાળો લેખ એ વિષય ઉપર સારી માહિતી આપે છે. એ અંક સર્વ કોઇને ઉપલબ્ધ હોઇ શકે નહિ, તેથી તેમાંથી નીચેનું અવતરણ અહીં લેવું ઉપયોગી થઇ પડશે:

"ગુજરાતી મુદ્રણકળાની સ્થાપનાનું આ ચાલુ વર્ષ શતકોત્સવનું છે.

૧૮૧૨ પૂર્વે મુંબઈ ઇલાકામાં નાગરી કે ગુજરાતી અક્ષરોના બીબાંઓની હસ્તી ન હતી ૧૬૭૦માં દીવ બંદરના રહેનારા ભીમજી પારેખ નામના એક વાણિયાએ, મુંબઈના ગવર્નરની મારફતે ઇંગ્લંડની કંપનીની ડિરેક્ટરોની બોર્ડને એક પત્ર લખ્યો કે બ્રાહ્મણી એટલે નાગરી અક્ષરોના બીબાં બનાવવાને જો સરકાર મદદ કરે તો તે છાપખાનું કાઢવા તૈયાર છે, માટે ઈંગ્લંડની મુદ્રણકળાનું સાહિત્ય અને જાણકાર માણસો મોકલી આપવાં. કોર્ટ ઓફ ડિરેક્ટરોએ ૧૬૭૪માં અમુક પૌંડના વાર્ષિક પગારે મી. હેન્રિ હિલ નામના એક માણસને મુદ્રાયંત્ર, અંગ્રેજી અક્ષરો, થોડોક બીજો સામાન અને કાગળ સાથે મુંબઈ મોકલ્યો. અંગ્રેજી અક્ષરો કામ લાગે તેમ ન હતું. અને મી હિલ પોલાદ ઉપર અક્ષર કોતરનારો ન હતો, તેથી ભીમજી નિરાશ થઇ ગયો. ગુજરાતી અક્ષરો કે જેને તે કાળમા વાણિયાશાહી અક્ષરો કહેવામાં આવતા હતા, તે બનાવવામ ભીમજીએ તે પછી શો ભાગ લીધો હતો તેની વિગત મળી શકતી નથી પણ ભીમજીએ નિરાશા છોડી દઇ પુનઃ કોર્ટ ઓફ ડિરેક્ટરોને લખ્યું. ૧૬૭૮માં ડિરેક્ટરોએ એક અક્ષર કોતરનારને મોકલી આપ્યો. તે પરથી ધારવામાં આવે છે કે ભીમજીએ એ અંગ્રેજી અક્ષર કોતરનાર સાથે મળી નાગરી અને માથા બાંધેલા વાણિયાશાહી અક્ષરોના પંચ કરાવ્યા હશે. અને "મેત્રિસો" ઢોકાવી હશે. તે પછી આશરે સો વર્ષે ઇ. સ. ૧૭૮૦માં રૂસ્તમજી અરદેશરજી નામના એક પારસીએ બજારગેટમાં રાખેલા પોતાના એક છાપાખાનામાંથી અંગ્રેજીમાં પંચાગ કાઢેલું જણાય છે. ૧૭૯૦માં "બૉમ્બે કુરિયર" નામક છાપું પ્રગટ થયું તેના માલિક મી. ડગલાસ નિકલસનને ઘણી મુશ્કેલી પડવાથી તેણે છ મરાઠાઓને કંપોઝ કરવાનું શીખવી તૈયાર કરીને પોતાના છાપખાનામાં રાખ્યા. "બૉમ્બે કુરિયર" છાપખાનામાં રહેલા કોઇ પારસી કે જેનું નામ આજે પ્રસિદ્ધિમ નથી, તેણે ઇ. સ. ૧૭૯૭માં કેટલાક અક્ષર બનાવી 'બૉમ્બે કુરિયર" પત્રના એક અંકમાં જાહેરખબરમાં તેનો ઉપયોગ કીધેલો જણાય છે. ઈ સ. ૧૭૯૭એ ગુજરાતી બીબાનું જન્મવર્ષ એ લેખે ગણી શકાય, અને તેને જન્મ આપનાર એક પારસી છે. છાપાકળા અને છાપાખાનું કાઢવાના વિચારનું તથા નાગરી અક્ષરો બનાવવાનું માન તો ભીમજીને છે. નાગરી અને ગુજરાતી બીબાંનો ઉત્પાદક અનુક્રમે એક વાણિયો અને એક પારસી છે.

'પહેલું ગુજરાતી મુદ્રાલય કાઢવાનું માન એક પારસીના જ નસીબમાં

લખાયેલું હતું. ૧૮૧૨માં જાણીતા મર્ઝબાન કુટુંબના એક સાહસિક પુરૂષ ફરદુનજી મર્ઝબાને "સમાચાર" નામનું છાપાખાનું કાઢ્યું. તે છાપાખાનામાં પહેલવહેલું "મુબઈ સમાચાર"નું પંચાંગ જે આજે નીકળે છે તેનો પ્રારંભ ૧૮૧૪માં થયો. ગુજરાતી અક્ષરો જાતે બનાવીને ૧૮૨૨માં "મુંબઇ સમાચાર" એ નામનું વારિક પત્ર તેમાંથી કાઢવામાં આવ્યું, તે વખતે એ પત્રમાં વહાણો આવ્યા ગયાની વિગતો અને કંઇક જાહેરખબરો છપાતી હતી. ૧૮૩૦માં સરકાર તરફથી મુદ્રાલય કાઢવામાં આવ્યું; તેમાં સરકારી દસ્તાવેજો પ્રગટ થયા. તે પછી અંગ્રેજી, ગુજરાતી, નાગરીનાં છાપખાનાં વધવા માંડયાં, ને ૧૮૬૭માં મુંબઇ શહેરમાં આશરે ૨૫ મુદ્રાલયો હતાં. તે સમયે દેશીઓ હસ્તકમાં ચાલતાં મુખ્ય મુદ્રાલયોમાં ગણપત કૃષ્ણાજીનું, ઓરીયેન્ટલનું, 'ઇન્દુપ્રકાશ'નું, "જામે-મજશેદ"નું, "અખબારે સોદાગર"નું "સમાચાર દર્પણ"નું અને નાનાભાઈ રૂસ્તમજી રાણીનાનું યુનીયન પ્રેસ એ મુખ્ય હતા. ત્યારથી ધીમેધીમે છાપ-ખાનાની સંખ્યા વધીને ઇ સ. ૧૯૧૧માં આશરે ૧૫૦ સુધી પહોંચી છે.

"ગુજરાતી અને નાગરી અક્ષરોનાં બીબાંની બનાવટની કળામાં સુધારો કરનાર અને દિવસે દિવસે તેના મરોડ આકર્ષક કરવામાં સંપૂર્ણ સહાય કરનાર ટૅામસ ગ્રેહામ અને સુરતનો જીવણ લુહાર છે. ટૅામસ ગ્રેહામે લોખંડના બીબા ઉપર અક્ષરો કેમ કોતરવા તેની કળા જીવણ લુહારને બતાવી (૧૮૩૫). અમેરિકન મિશન પ્રેસમાં જીવણ લુહારની બનાવટના નાગરી અને ગુજરાતી અક્ષરોનો ઉપયોગ થયો હતો. તે અક્ષરોનું વલણ પ્રશંસા પામ્યું હતું, અને જાવજી દાદાજીની તથા બીજી ફાઉન્ડરીઓમાં જે સાદા પૈકા એટલે દર ૧૨ પોઇન્ટના અક્ષરો બને છે તે મૂળ જીવણ લુહારના, પણ પાછળથી સુધારેલા જ છે. ૧૮૪૫–૮માં "દફતર આશકારા"માં કામ કરતા એક પારસીએ હાલમાં "રાસ્ત ગોફ્તાર"મા છપાતા ૧૪ પોઈન્ટના અક્ષરો બનાવેલ અમારી જાણમાં છે અને એજ પારસીએ ૧૮ પોઈન્ટના "એલોન્ગેટેડ" ગુજરાતી ટાઈપ પણ બનાવેલા છે...ગણપત કૃષ્ણાજીના મુદ્રાલયનાં નાગરી બીબાંઓ કોણે બનાવ્યાં છે તે અમારી જાણમાં નથી. ૧૮૩૬માં ઇગ્લેન્ડના ઓક્સફર્ડ પ્રેસે સાંખ્યકારિકા નામનું સંસ્કૃત પુસ્તક છપાવ્યું છે. તેમાંના નાગરી અક્ષરોનો મરોડ સુંદર છે. તે પુસ્તકમાં જે વિગત આપેલી છે તે ઉપરથી જણાય છે કે એ નાગરી

અક્ષરો બંગાળના કોઇ વિદ્વાન લહિયાએ લખી મોકલ્યા હતા, તે મરોડ પ્રમાણે ત્યા અક્ષરો બનાવવામાં આવ્યા હતા. ટામસ ગ્રેહામે કેળવી તૈયાર કરેલા બે ત્રણ મરાઠાઓએ જુદી જુદી જાતના ગુજરાતી અને નાગરી અક્ષરો બનાવેલા છે, જે આજે સામાન્યત : સઘળા ગુજરાતી નાગરી મુદ્રાલયમાં વપરાય છે. નાનાભાઈ રૂસ્તમજી રાણીનાના ૧૪ પોઇન્ટના ને બીજા અક્ષરોના તેઓએ જાતેજ પેચ કરેલા છે. એજ્યુકેશન સોસાઈટીના ગુજરાતી અને મરાઠી અક્ષરોના ખીલા બનાવવાનું માન જેમ્સ વિલી નામના ઇસ્ટ ઇન્ડિયા કંપનીના એક નોકરને છે. પગ અને માથા વગરના અક્ષરો જામે જમશેદમાં વપરાય છે. ગુજરાતીમાં વાંકડા અક્ષરો બનાવવાની રૂઢિ ગુજરાતી ટાઈપ ફાઉન્ડરીએ દાખલ કીધેલી છે. એ વલણના બની શકે તેવા મરોડદાર અક્ષરો બનાવવાની કલ્પના ઈન્ડિયન સ્પેક્ટેટર નામક વારિકના એક સબએડિટર મી. મોબેદજીએ ૧૮૮૬માં કરી હતી, અને તેના કેટલાક મુસદ્દાઓ પણ બનાવ્યા હતા. આજે ગ્રેહામના પંચો, નાનાભાઇ રાણીનાના પંચો અને મૅટ્રિસો, ગણપતના પંચો (ખીલાઓ) તથા કાળુ લુહારના ખીલાઓ અને મૅટ્રિસો રા. રા. ઈચ્છારામ સૂર્યરામ દેશાઈની અને મી. મગનલાલ ઠાકોરદાસ મોદીની ગુજરાતી ટાઈપ ફાઉન્ડરીના કબજામાં છે. વળી તેની પાસે હાથથી બીબાં ઓટવાના જૂના મોલ્ડો પણ છે, અને ગુજરાતી પ્રેસના જૂના છાપખાનામાં છપાયેલી ચોપડીઓ અસલ કેવું છપાતું હતું તેના નમૂના તરીકે સંગ્રહ કરેલી છે. સૌથી મોટી અને જૂની ટાઈપ ફાઉન્ડરી સ્વ. જાવજી દાદાજીની છે. સ્વ. જાવજી ટૉમસ ગ્રેહામને ત્યાં નોકરીએ હતા, અને જીવણ લુહારે કેટલાક ખીલાઓ ઠોકી આપવાથી તેમને નિર્ણય સાગર નામની ટાઈપ ફાઉન્ડ્રી ૧૮૬૧ માં કાઢવાની સવડ મળી હતી. તે પછી ૧૮૮૬ માં સુરતના મેસર્સ ધેલાભાઇ અને કીકાભાઇએ ટાઇપ બનાવવાનું કારખાનું કાઢ્યું. પણ તેમણે નવિન કંઇ કર્યું નથી. ગુજરાતી ટાઈપ ફાઉન્ડ્રીનો જન્મ ૧૯૦૦ માં થયો છે. અને તે અમેરિકન પોઈન્ટ સિસ્ટમ પર અને ત્રાંબા મિશ્રિત ધાતુ ઉપર ટાઈપ પાડનાર હિંદમાં પહેલી ફાઉન્ડ્રી છે.

"સીસાનાં બીબાંઓથી અક્ષર છાપવાનું કાર્ય શરૂ થયું તે પહેલાં શિલાછાપથી છાપવાનું કામ ચાલતું હતું. સરકારી ફરમાનો, સરક્યુલરો, ઢંઢેરાઓ, મુસદ્દાઓ વગેરે શિલાછાપમાં છપાઇને બહાર પડતા. મુંબઇમાં બાપુ હર્ષદ દેવલેકરનું શિલાછાપનું મોટું છાપખાનું હતું. ગણપત કૃષ્ણાજીનું પ્રેસ પણ શિલાછાપમાં

વપરાતું હતું. સૂરતમાં ૧૮૪૨માં રૂસ્તમજી નામના એક પારસીએ રૂસ્તમપરામાં સીસાનાં બીબાંનું મુદ્રાલય કાઢયું હતું. અને જદુરામનું શિલાછાપનું છાપખાનું પ્રસિદ્ધિમાં હતું. અમદાવાદમાં બાજીભાઇ અમીચંદનું શિલાછાપનું છાપખાનું ઘણું કરી ૧૮૪૨માં સ્થપાયું હતું. અને ૧૮૬૩માં યુનાઈટેડ પ્રિન્ટિન્ગ પ્રેસ સ્થાપ્યું છે. સૂરત મિશન પ્રેસ ૧૮૪૫માં સ્થપાયું છે અને તેના પચ અંગ્રેજના બનાવેલા છે

"પશ્ચિમમાં મુદ્રણકળા સ્થપાવાનું કારણ પુસ્તકનો પ્રસાર કરવાનું હતુ; આ દેશમાં મુદ્રાલયોની સ્થાપનાની સાથે જ વર્તમાનપત્રોની પણ સ્થાપના થઇ છે—વર્તમાનપત્રો મુદ્રણકળાના વિસ્તારનું કારણભુત કંઈક અંશે થય છે"

કીકાભાઈ હરિવલ્લભદાસ એન્ડ સન્સના કારખાનાના મૂળ ઉત્પાદક ઘેલાભાઈ હરિવલ્લભ બીબાં ઢાળવાનો હુન્નર મુંબઈ સમાચારના માલિક માણેકજી મીનોચેહેર હોમજી પાસેથી શીખ્યા હતા, અને ભાંગવાડીમાં પહેલું કારખાનું એમણે નાખ્યું હતું. એ કારખાના ઊપર તડકા છાંયડી ઘણી ફરી વળી, પરંતુ તેની પ્રગતિ અટકી નહિ. ૧૯૦૬ની સાલે સુરતમાં ભરાયેલા ઔદ્યોગિક પ્રદર્શનમાં સુરતી સાહસવીરોના ઉદ્યમના નમૂના તરીકે એ કારખાનાના સીસકાક્ષરો મૂકવામાં આવ્યા હતા અને ખૂબ પ્રશંસા પામ્યા હતા. ઘેલાભાઈ પછી તેમના પુત્ર નાનાભાઈએ એ ધંધો સંભાળીને તેને વિકસાવ્યો છે.

અને ગુજરાતી ટાઈપ ફાઉન્ડ્રી શ્રી. મણિલાલ ઠાકોરદાસ મોદી તથા તેમના બંધુ શ્રી. ધીરજલાલ મોદીના પ્રયત્નોથી એટલી આગળ વધી છે, કે હિંદમાં તેનું સ્થાન અદ્વિતીય બની રહેલું છે. એનો ઇતિહાસ એટલે ગુજરાતી મુદ્રણના છેલ્લાં ૪૦ વર્ષનો ઇતિહાસ.

મુંબઈ બહાર અમદાવાદ, ગોંડળ, મોરબી ઈ. સ્થળોએ પણ બીબાંનાં કારખાનાં ઘણાં વર્ષથી નીકળ્યાં છે અને પ્રકાશનના વ્યવસાયને યથાશક્તિ સાથ આપી રહેલાં છે.

મુદ્રણ

પૂનામાં ૧૯૩૭માં મુદ્રણ અને તેના આનુષંગિક ઉદ્યોગોના સંગઠન અર્થે ઑલ ઇન્ડિયા પ્રિન્ટર્સ કૉન્ફરન્સ મળી હતી, અને મુદ્રક મંડળની સ્થાપના થઈ હતી. એ સંમેલનમાં ગુજરાતી ટાઈપ ફાઉન્ડ્રીના પ્રતિનિધિ શ્રી. મણીલાલ મોદીએ રજુ કરેલો નીચેનો ઠરાવ મુદ્રણના વિકાસમાં મહત્વનું સીમાચિહ્ન સ્થાપે છેઃ

"સ્વદેશી ઉદ્યોગો તથા તેની મારફત હિન્દી કલાકારો, કારીગરો તથા થાપણને ઉત્તેજન અને ટેકો આપવા માટે આ સંમેલન દેશભરનાં છાપખાનાંને ખૂબ આગ્રહ કરે છે, કે તેમણે કાગળ, બીબાં, શાહી, યંત્રો તથા મુદ્રણના તમામ સામાનની ખરીદીમાં પરદેશી બનાવટો કરતાં દેશી બનાવટને પ્રથમ પસંદગી આપવી."

અર્થાત, મુદ્રણના વિકાસ સાથે બીબાં ઉપરાંત કાગળ, શાહી ઈ. બીજાં સાધનોના ઉત્પાદનનો પ્રશ્ન પણ સંકળાયેલો રહે છે. ૧૯૩૭ માં પ્રસિદ્ધ થયેલી માહિતી પ્રમાણે કાગળના ઉદ્યોગમાં હિંદમાં ૨ા કરોડ જેટલી થાપણ રોકાએલી હતી, તેમાં આશરે ૬૫૦૦ માણસો કામ કરતા હતા, અને પ્રતિવર્ષ રૂ.૧૯ લાખ પગાર રૂપે વહેંચાતા હતા. કાગળના ઉત્પાદન માટેના કાચા માલની ખરીદીમાં કારખાનાંને એક કરોડ કરતાં વધારે રકમનો ખર્ચ હિંદમાં જ થતો હતો.

દર વર્ષે હિંદ પરદેશથી ત્રણ કરોડનો કાગળ મંગાવે છે. આ આંકડા ૧૯૩૯ પહેલાંના છે, એ પુનઃ યાદ આપવાની ભાગ્યે જરૂર હોય.

લડાઈ પહેલાં મુખ્ય દેશોમાં માથાદીઠ કાગળની અંદાજે ખપત નીચે પ્રમાણે હતી :

અમેરિકા	—૧૫૦ રતલ
ઈંગ્લંડ	— ૬૦ ,,
જાપાન	— ૪૦ ,,
હિંદ	— ૦ાા ,,

વધારે વિવેચનની જરૂર રહે છે ખરી ! જીવનની અન્ય અનેક જરૂરતોની જેમ કાગળમાં પણ હિંદ પરવશ છે. ટિટાઘર, બેંગોલ, ગુજરાત, પૂના ઈ. ઈ કાગળની મીલો ચલાવે છે ખરી, પરંતુ તેમાંની મોટામાં મોટી અંગ્રેજ માલિકી અને થાપણની હોઈ તેને વાસ્તવિક રીતે સ્વદેશી ભાગ્યેજ કહી શકાય. અને નહિ તોયે તેનું ઉત્પાદન પ્રમાણમાં નહિવત લેખાય. કાગળની બનાવટને વિકસાવવા માટે પ્રયત્નો ઘણા થયા છે. શ્રી સુમનસ પ્રેએ વાંસમાંથી કાગળ બનાવવાના હુન્નરની સ્થાપના અર્થે કરેલા પ્રયત્નો હજી ગઈ કાલની જ વાત છે. આવી કાળી મહેનત છતાં આ ઉદ્યોગ કેમ વિકસતો નથી ?

એનાં કારણો સમજાય એવાં છે. પરંતુ આ ગ્રંથના હેતુ માટે આટલો ઇશારો પૂરતો માનીને આપણે આગળ ચાલવાનું રહે છે.

શાહીની બનાવટનો ઇતિહાસ પણ એવો જ કાળો છે. હુગલી ઇન્ક કંપની, ગેન્જીઝ ઇન્ક ફૅક્ટરી—એ બે મુખ્ય કારખાનાં; અને બન્ને પરદેશી માલિકીનાં ! એ ઉદ્યોગને મળેલું ૧૦ ટકાનું આયાતી જકાતનું સંરક્ષણ પણ દેશી દૃષ્ટિએ વ્યર્થ જ ગયેલું શા માટે ન કહેવાય !

મુદ્રણનાં બીજાં ઉપકરણો—રોલર કોમ્પોઝિશન, બ્લોકસ, ફોટોગ્રાફી વિવિધ યંત્રો ઇ.—પરત્વે પણ કશું ઉજળું દેખાવાપણું નથી. હિંદનો આધાર મોટે ભાગે એ સર્વ બાબતોમાં પરદેશોની દયા ઉપર રહે છે.

અને ૧૯૩૯ પછીથી તો મુદ્રણનાં બધાં સાધનોનો હિંદમાં છપ્પનીયો કાળ જાગ્યો છે. કાગળનો દુકાળ છાપાંને ગળે ટૂંપો દઈ રહેલો છે. પરંતુ આ પુસ્તક યંત્ર ઉપર જતાં સુધી એની હજી પરાકાષ્ઠા નથી આવી, ત્યાં વળતાં પાણીની વાત જ શી ?

પ્રકરણ ૧૦

સમાચાર વિતરણનો વ્યવસાય

"I'm not suggesting that you should read a newspaper right through every day. I am suggesting that you should get into the habit of picking out the high spots, and trying to take an intelligent interest in the way your village and your country is governed."

—*S. P. B. Mais*

ઈંગ્લેન્ડમાં વૃત્તપત્રોને સમાચાર પૂરા પાડનારી સંસ્થાઓ ઘણી છે; પરંતુ તેમાં મુખ્ય રૉઇટર્સ, પ્રેસ એસોસિએશન, બ્રિટિશ યુનાઇટેડ પ્રેસ, એક્સચેઇન્જ ટેલિગ્રાફ અને સેન્ટ્રલ ન્યુસ—એ પાંચ ગણાય. પરંતુ હિંદમાં રૉઇટર્સનું મહત્વ શ્રેષ્ઠ છે. રૉઇટર્સ અને પરદેશના સમાચાર, એ લગભગ પર્યાય શબ્દો અહીં થઇ પડયા છે.

રૉઇટર નામના જર્મને ૧૮૪૯ માં પ્રથમ બ્રસેલ્સ અને એઇલાશાપેલ વચ્ચે વ્યાપારી ભાવતાલના ખબર પહોંચાડવાનું કામ 'કાસદ કબૂતરો રાખીને ઉપાડયું હતું. સંદેશા પહોંચાડવાના કામે વિજળીનો ઉપયોગ કરવાની શોધ થઇ અને ડોવર તથા કેલે વચ્ચે પહેલો કેબલ નંખાયો, તેની સાથે રૉઇટર્સનું કામ વધ્યું. વ્યાપારી સાહસ યૂરોપના વણિક દેશ ઇંગ્લેંન્ડમાં નહિ તો બીજે કયાં પોષાય ? રૉઇટરે ૧૮૫૧ માં ઇંગ્લેંડમાં થાણું જમાવ્યું, બ્રિટિશ નાગરિકના હકો મેળવ્યા અને પોતાની સંસ્થાનું

૧૭

લિમિટેડ કંપનીમાં રૂપાન્તર કર્યું. એણે વ્યાપારી ઉપરાંત અન્ય પ્રકારના સમાચારો પણ મેળવવાનું શરૂ કર્યું. ૧૮૮૫માં લંડનના "ટાઈમ્સ" પત્રે તેની સેવાઓનો નિયમિત ઉપયોગ શરૂ કર્યો હતો.

૧૯૧૪ના યુદ્ધ સમયે પ્રચારના મહત્વને લક્ષમાં રાખીને રૅાઇટર્સ સંપૂર્ણપણે સરકારી પ્રચાર સંસ્થા બની ગઇ, અને સ્વતંત્ર તથા નિષ્પક્ષ સમાચાર આપવાનો દાવો કરવાનો અવકાશ એને રહ્યો નહિ. હિંદમાં "એ પી."ના સંબંધમાં એજ ઘટના બની છે.

રૅાઇટર્સે "બ્રિટિશ મહારાજ્ય"ના "બ્રિટિશ"પણાને સજડ રાખવાના કાર્યમાં સલ્તનતની અમૂલ્ય સેવા બજાવી છે અને હજી બજાવે છે, એની ના કોઇથી પાડી શકાય તેમ નથી.

હિંદ માટે રૅાઇટર્સની સામાન્ય ચાલુ સેવાઓ સામ્રાજ્યના ધુરંધરોને પૂરતી ન જણાઇ. હિંદમાં રાષ્ટ્રીય અસ્મિતાનો વિકાસ થવા સાથે તેના પ્રતિકારને પણ વેગ આપવાનું તેમને યોગ્ય લાગ્યું. ૧૯૧૮માં એ હેતુ અર્થે વાયર્લેસથી હિંદના ઉપભોગ માટે ખાસ સંદેશા મોકલવાની યોજના શરૂ કરવામાં આવી. એનું નામ "બ્રિટિશ ઓફિશીઅલ વાયર્લેસ." સામ્રાજ્યવાદના પ્રચાર માટે ઉપર્યુક્ત મસાલો બ્રિટિશ પરદેશખાતુ ભેગો કરે, અને રૅાઇટર મારફત તે રૂગ્મીથી હિંદનાં છાપાંને લગભગ નજીવો ખર્ચ લઈને પહોંચાડાય એ ક્રમ. હિંદનાં ભુખડીબારસ છાપાંને આવી આવી તોયે મફત સમાચાર સામગ્રી મળતાં તેમાંનાં કેટલાંકને જીવનદોરી સાંપડી. રૅાઇટર્સનો આ કેવળ હિંદ માટેનો અને સરકારી રાહના ખબરોનું સરકારને ફાવતી ઢબે પ્રસરણ કરવા માટેનો ફાંટો.

રૅાઇટર્સનો વિકાસ ઝડપથી થતાં ૧૯૧૭માં તેણે લંડનમાં પ્રચંડ ઇમારત ખરીદી હતી. પરંતુ એમાં પણ તેનો સમાવેશ થયો નહિ અને ૧૯૩૯માં રૅાઇટર્સ અને તેના જોડીદાર પ્રેસ એસોસિએશને મળીને લંડનના અખબારકેન્દ્ર ફ્લીટ સ્ટ્રીટમાં મોટી નવ મજલાની આખું

વડોદરા સમાય એવડી ઇમારત ખરીદી છે, અને તેને બ્રિટિશ જગતનું સમાચાર કેન્દ્ર બનાવી છે. રૉઇટર્સના પ્રમુખ સર રોડરિક જોન્સ છે.

પ્રેસ એસોસિએશનની સ્થાપના ૧૮૬૮માં થઇ હતી. એ ખાનગી સાહસ છે. ૧૮૭૦માં ટેલિગ્રાફનો આખો ટાકસંચો સરકારી માલિકીનો થઈ પડયો હતો, અને સરકારી તારખાતાને આશ્રયે જ સંદેશા મોકલવાનું શકય હતું. આ સ્વતંત્ર સંસ્થા લંડન ઉપરાંત બહારનાં લગભગ ૧૫૦ છાપાંની સેવા કરે છે. લંડન બહાર રૉઇટર્સના સંગ્રહિત સમાચારોની વહેંચણીનો ઇજારો એનો છે, અને એ સંબંધે એનું ખાનગીપણું હળવું અને સરકારી તત્ત્વ બળવત્તર થાય છે. ૧૯૧૯માં એણે લંડન ન્યુસ એજન્સી ખરીદીને પોતાના મહોદરમાં સમાવી દીધી.

યૂરોપ ખંડમાં રૉઇટરનું મહત્વ કશું નથી. ત્યાંની મુખ્ય સંસ્થા હાવાસની છે. ૧૮૨૫માં ચાર્લ્સ હાવાસ નામના પત્રકારે પરદેશોનાં અખબારોના સમાચારના તરજુમા કરીને બીજાં પત્રોને પૂરા પાડવાનું કામ શરૂ કર્યું હતું. તેના પુત્ર ઑગસ્ટસે તા. ૨૪-૭-૧૮૭૯ના રોજ લિમિટેડ કંપની સ્થાપી અને તેનું કામ વધતાં એ ધરખમ સંસ્થા થઇ પડી છે.

જેમ રૉઇટર્સ બ્રિટિશ પ્રચાર સંસ્થા છે, તેમ રશિયાની ટાસ એજન્સી અને જર્મનીની વુલ્ફ (Wolff) બ્યુરો, ઇટાલીની સ્ટેફાની, સ્પેઇનની ફેબ્રા અને ડેન્માર્કની રિઝ (Ritz) બ્યુરો છે.

અમેરિકા આ ક્ષેત્રમાં પણ મોખરે હોય, એ સમજી શકાય તેવું છે. તેનું એસોશીએટેડ પ્રેસ જગતની મોટામાં મોટી સહકારી સમાચાર સંસ્થા છે. ન્યુયોર્કનાં છાપાંએ પરસ્પરની હરીફાઇથી થાકીને ૧૮૪૮માં ભેગાં મળીને આ સંસ્થા સ્થાપી હતી. જોત જોતામાં એનો પંજો આખા અમેરિકા ખંડ ઉપર ફેલાઇ ગયો, અને ૧૮૯૨માં એ ત્યાંની રાષ્ટ્રીય સંસ્થા બની ગઈ. બીજા ખંડોની તે પ્રકારની સંસ્થાઓ સાથે

તે પ્રગાઢ સંબંધ રાખે છે, અને લેવડદેવડનો વ્યવહાર જાળવે છે. એ નફાખોર સંસ્થા નથી. એના શેર કોઇની પાસે આઠ કરતાં વધારે નથી. વૃત્તપત્રના માલિક સિવાય કોઇથી તેના શેરહોલ્ડર થવાતું નથી, અને પ્રત્યેક શેરહોલ્ડર પોતાને ઉપલબ્ધ બધા ખબરો બધા પત્રબંધુઓના ઉપયોગ માટે સંસ્થાને હવાલે કરવા તત્પર હોવો આવશ્યક છે.

કેટલાંક વર્ષોથી બ્રિટિશ સરકારી હિત અને રાહના સમાચારના પ્રસરણના નાબગરા ધોધમાં બી. બી. સી.નો ઉમેરો થયો છે.

હિંદમાં આ ધંધાનો વિકાસ બહુ નથી થયો. એનાં કારણો શોધવા આઘે જવું પડે તેમ નથી. પ્રત્યેક પત્રકાર તેનાથી માહિતગાર છે.

વીસમી સદીના પ્રારંભમાં હિંદમાં અંગ્રેજ માલિકીનાં મોટાં પત્રો ઉનાળામાં સીમલે અને બાકીનો સમય કલકત્તામાં પોતાના ખાસ પ્રતિનિધિઓ રાખતા હતા. પાટનગર કલકત્તાની તેમજ ગ્રીષ્મ પાટનગર સીમલાની રાજકચેરીઓનાં દ્વાર એમને માટે ખુલ્લાં રહેતાં હતાં, અને તે સમયના છાપાંનો મદાર એવા સમાચારો ઉપર હતો. અલ્લાહાબાદના "પાયોનિયર"નો પ્રતિનિધિ હાવર્ડ હેન્સમન નામે ચકોર પત્રકાર હતો, અને ખબરો મેળવવામાં એ એકકો ગણાતો હતો. "પાયોનિયર"ના હરીફો "ઇંગ્લિશમન," "સ્ટેટ્સમન" અને "ઇન્ડિયન ડેઇલી ન્યુસ," એમણે હેન્સમનની હરીફાઈ કરવા માટે ભેગા થઇ ને "એસોશીએટેડ પ્રેસ" સમાચાર વિતરણ સંસ્થા સ્થાપી. તેમાં હિંદી પત્રકારોમાં ખૂબ પંકાયેલા શ્રી ક્ષિતીશચંદ્ર રોય પણ શામીલ હતા. ટૂંક સમયમાં અંદર અંદર મતભેદ પડતાં શ્રી. કે. સી. રોયે અળગા થઈને હરીફાઇમા "પ્રેસબ્યુરો" સંસ્થા કાઢી. રોયની કાર્યદક્ષતાએ "એ. પ્રે."ના અંગ્રેજ ડિરેકટરોને નમતું મૂકવાની ફરજ પાડી, અને શ્રી. રોયે પોતાની સંસ્થા બંધ કરીને "એ. પી."નું ડિરેકટરપદ સ્વીકાર્યું. ત્યારથી એ સંસ્થાની માયા બાવાજીની લંગોટીની જેમ "ફૂલલ ગઈ" અને જોત-

જોતામાં હિંદમાં તેનું વાસ્તવમાં ઇજારા જેવું સ્થાન થઈ પડ્યું. શ્રી. રોય ખૂબ જ મહત્વની વ્યક્તિ બની ગયા, અને વડી ધારાસભાના એ સભ્ય પણ થયા.

આગળ ચાલતાં એસોશીએટેડ પ્રેસ સાવ સ્વતંત્ર સંસ્થા મટી ગઇ. સરકાર તરફથી એણે વર્ષાસનો મેળવવાં શરૂ કર્યાં, અને છેલ્લાં વીસેક વર્ષથી તો એ પ્રાયઃ રાજતંત્રનું વાજિંત્ર બની રહેલી જણાય છે. એ વર્ષો થયાં રૉઇટરની એજન્ટ છે, અને ઉભયને રાજકર્મચારીઓને સમાચાર પુરા પાડવાની સેવા બદ્દલ સારો પુરસ્કાર મળે છે. આ વસ્તુસ્થિતિ રાષ્ટ્રીય પત્રોને પોતાના દૃષ્ટિકોણથી સમાચાર મેળવવાના કાર્યમાં બાધા રૂપ થઈ પડે, એ સ્વાભાવિક છે. વીસમી સદીના ત્રીજા દસકામાં એ પ્રકારના સમાચારની, ઝડપથી વિકાસ પામતાં રાષ્ટ્રીય વૃત્તપત્રોને આત્યંતિક જરૂર હતી. સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ, મીસીસ એસંટ, શ્રી. ઘનશ્યામદાસ બિડલા, સર ફિરોઝ શેઠના, શ્રી. વાલચંદ હીરાચંદ ઈ. તે સમયના અગ્રગણ્ય મોવડીઓને આ ખોટ પૂરી પાડવાનો વિચાર સ્ફૂર્યો. રંગૂનમાં "રંગૂન મેઇલ"ના તંત્રીપદે વિરાજી, અસહયોગના આંદોલન અંગે પોતાના પુરોગામી તંત્રીઓને પગલે પગલે પોતે પણ જેલ ભોગવી, ત્યાંથી કોઇ પણ રીતે છૂટા થઈ સીધી સ્વદેશની વાટ પકડીને આવેલા શ્રી. સદાનંદ જેવા કુશળ પત્રકાર પણ તેમને ઉપલબ્ધ હતા.

આ સંજોગોમાં "ફ્રી પ્રેસ ઓફ ઇન્ડિયા"ની સ્થાપના ૧૯૨૬માં થઈ અને શ્રી. સદાનંદે એ સંસ્થાની સ્થાપનામાં ઉઠાવેલા પરિશ્રમના ફલસ્વરૂપે એ તેના મેનેજીંગ એડિટર બન્યા. આ સાહસિક પત્રકારે ખૂબ જમાવટ કરી, અને સમાચાર વિતરણમાં ઝમકદાર રાષ્ટ્રીય તત્ત્વ નિભાવે રાખ્યું. ૧૯૩૨માં તો આગળ વધીને એણે દુનિયા સમસ્તના સમાચાર સંગ્રહ અને વિતરણની પ્રવૃત્તિ ઉપાડવાની હામ ભીડી હતી; દેશી છાપાંને પરદેશોના, પણ રૉઇટર તરફથી મળતા સરકારી ઢબના, અહેવાલ સિવાય

બીજા સ્વતંત્ર સમાચાર મળી શકતા નહોતા, એ ઉણપ દૂર કરવા "ફ્રી પ્રેસ"ની સંસ્થાએ કમર કસી, અને સમાચારો મેળવવા માટે લંડનના એક્સચેઇન્જ ટેલિગ્રાફ, સેન્ટ્રલ ન્યુસ અને બ્રિટિશ યુનાઇટેડ પ્રેસ–એ મુખ્ય સંસ્થાઓ સાથે એણે કંટ્રાકટ કર્યા. એ સંગ્રહિત ખબરો "ફ્રી પ્રેસ"ની લંડનની કચેરીમાં એકત્રિત થતા, અને ત્યાં વીણામણ ઝટકામણ બાદ યોગ્ય લાગે તે વિગતો હિંદનાં છાપાંને મોકલવામાં આવતી.

આટલેથી સંતોષ નહિ પામતાં શ્રી. સદાનંદે મુંબઇમાં "ફ્રી પ્રેસ જર્નલ" અને મદ્રાસમાં "ઇન્ડિયન એક્સપ્રેસ" દૈનિકો ઝૂકાવ્યાં. એણે ગુજરાતી રાણપુર શૈલીના રાહે અંગ્રેજી પત્રકારત્વમાં નવો ઝમકપંથ પાડયો છે. શ્રી. સદાનંદને શામળદાસની અંગ્રેજી આવૃત્તિ કહીએ તો ખોટું નથી ! આ ઉપરાંત ગુજરાતી અને મરાઠી પત્રો પણ એણે શરૂ કર્યાં હતાં પરંતુ એનું ટકું ચાલ્યું નહિ. સદાનંદનો ઇરાદો હિંદનાં બધાં મુખ્ય શહેરોમાં પત્રો સ્થાપવાનો હતો.

આ ધમાલનો પડઘો કલકત્તામાં પડયો, અને ફ્રી પ્રેસના ત્યાંના પ્રતિનિધિ શ્રી. બી. સેને તેમાંથી જુદા થઇને "યુનાઇટેડ પ્રેસ ઓફ ઇન્ડિયા" નામની હરીફ સંસ્થા સ્થાપી (૧૯૩૩).

અસહયોગના દિવસોમાં "ફ્રી પ્રેસ" પત્રો ઉપર કાયદાની ઝપટ ઉપર ઝપટ પડી. ત્રણ ત્રણ વાર એની જમાનતો જપ્ત થઈ. એવી જપ્તીઓનો સરવાળો પાંચ આંકડે પહોંચ્યો, રૂ. ૨૦,૦૦૦ની રકમ ૧૯૩૪માં મુંબઈ સરકારે જપ્ત કરી, અને મુંબઈનું "ફ્રી પ્રેસ" બંધ થયું.

પરંતુ સદાનંદ એમ મીલ બોલે તેમ નહોતું. ૧૯૩૫ના હિંદશાસન ધારાવાળી ધારાસભાઓમાં રાષ્ટ્રીય મહાસભાએ પ્રવેશ કર્યો, આઠ પ્રાંતોમાં તે સત્તારૂઢ થઈ, અને એણે જપ્ત થયેલી જમાનતો પાછી ભરી આપી. "ફ્રી પ્રેસ જર્નલ" પુનઃ ઉભું થયું. અને ત્યારથી એજ ઝડઝમક વેરતાં તેનાં પાનાં હજી સુધી વાચકોને ઉત્તેજિત

કરતાં રહે છે. મદ્રાસનું "ઇન્ડિયન એક્સપ્રેસ" તો અટક્યું જ નહોતું. એના જેટલો ફેલાવો હિંદનાં થોડાં જ પત્રોનો હશે. એક સમયે સાઠ હજાર સુધી એનો આંકડો ગયેલો હોવાનો દાવો કરવામાં આવતો હતો. અને એનું તામિલ રૂપાન્તર "દિનમણી" પણ એ જ લોકપ્રિયતાના રાહે વાચકસમૂહમાં ધૂન મચાવે છે. શ્રી. સદાનંદ મદ્રાસના વતની છે, એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. "રંગૂન મેઇલ"થી માંડીને એમની કારકીર્દીએ વેગ ધારણ કર્યો હતો.

"રંગૂન મેઇલ"નો ઇતિહાસ પણ ખૂબ રસપ્રદ છે. ૧૯૧૮ના અરસામાં બર્માના હિંદીઓને પોતાના પ્રશ્નોની ચર્ચા તેમજ પ્રગતિમાન જાહેર રાજકારણના ખબર અંતર તેમજ ઉગતી રાષ્ટ્રીયભાવનાના વિકાસ અર્થે એક મુખપત્રની જરૂર જણાતાં એક લિમિટેડ કંપની ઉભી કરીને "રંગૂન મેઇલ" શરુ કરવામાં આવ્યું. તેમાં દ્રવ્ય આપનાર તથા આ સાહસને પ્રેરનાર મુખ્યત્વે ગુજરાતી જ હતા. ડૉ. પ્રાણજીવન મહેતા, વ્રજપાળ મહેતા, છોટાલાલ ગળીયારા ઈ. એ તેમાં સારી રકમો આપી હતી. આ પત્ર અઠવાડિયે ત્રણ વાર નીકળતું હતું. બે વર્ષ પછી એ સંસ્થાએ "રંગૂન ડેઇલી ન્યુસ" નામે દૈનિક શરૂ કર્યું, જે આગળ જતાં સ્વતંત્ર થયું અને શ્રી. યુસુફ મોતાલા નામે અર્ધ બર્મીઝ હિંદી મુસલમાન શિક્ષક-પત્રકારની જહેમતના ફળસ્વરૂપ છેક રંગૂનના પતન સુધી ચાલ્યું હતું. અસહયોગના આંદોલનની અસર બર્મામાં પુષ્કળ થઈ અને વડોદરાની શિષ્યવૃત્તિ લઈને દેશાટન કરી આવેલા માનનીય ભિખ્ખુ ઉત્તમ તેના ઝનૂની નેતા હતા. આ આંદોલન અંગે "રંગૂન મેઇલ"ના બે તંત્રી યુ. પી. ના વિખ્યાત નેતા શ્રી. મંઝરઅલી સોખતા તથા "ઇન્ડિયન એન્સાઇક્લોપીડીયા"ના સંગ્રાહક શ્રી. એન. સી. ચંદા જેલ ગયા હતા. તે પછી શ્રી. સદાનંદનો વારો આવ્યો. સદાનંદ ઘરભેગા થઇ જતાં એ લિમીટેડ કંપનીના મુખ્ય વ્યવસ્થાપક તે શ્રી. અબ્બાસ તૈયબજીના પુત્ર

સલાઉદ્દીન તૈયબજીએ તંત્રી માટે જાહેરાત આપી. ઉમેદવારોમાંના એક શ્રી. સુરેશચંદ્ર ભટાચારજી જે "બોમ્બે ક્રોનિકલ"ના તંત્રી ખાતામાં હતા તે પાસ થયા, ને રંગૂન આવ્યા. પરંતુ થોડા સમયમાં "મેઇલ"ની ગ્રાહકસંખ્યા ઘટી ગઈ અને તેની આર્થિક સ્થિતિ બહુ બગડી ગઇ. કંપનીએ પત્રને વેચી દેવાનો નિર્ણય કર્યો, અને શ્રી. ભટાચારજીએ તે સવડભરી શરતોએ ૧૯૨૬માં લઈ લીધું. આ ગ્રંથનો લેખક તે સમયે "બર્મા વર્તમાન"નો તંત્રી હતો, ત્યાંથી બોલાવીને એને એનું તંત્રીપદ સોંપવામાં આવ્યું; "મેઇલ"ને પુનઃ "ધીકતું પત્ર" બનાવીને ૧૯૨૮માં પોતાનું સાપ્તાહિક "બ્રહ્મદેશ" શરુ કરવા માટે એણે એ પત્ર છોડયું. તે પછી શ્રી. ભટ્ટાચારજી પોતે માલિક-તંત્રી હતા. તેમને પણ છેક સુધી ગુજરાતીઓએ જ પોષ્યા હતા. અર્થાત, પ્રવાસી ગુજરાતી પત્રકારત્વનું "રંગૂન મેઇલ" નોંધપાત્ર સાહસ હતું.

વર્તમાનપત્રોને સમાચાર પૂરા પાડવાના કાર્યક્ષેત્રમાં આજે "યુનાઇટેડ પ્રેસ" ઠીક ઠીક વિકાસ પામ્યું છે. "એ. પી."ની જેમ તે સદંતર "ઓફિશિયલ" નથી બની ગયું, તેમ "ફ્રી પ્રેસ"નો ધડો લઇને તેણે ઝમક, સાહસ અને સમાચારની પસંદગી તેમ જ રજૂઆતની પદ્ધતમાં રાષ્ટ્રીયતાના રંગને બહુ તેજ રાખવાનો આગ્રહ નથી સેવ્યો; હિંદની એકમાત્ર, અને ગમે તેવી તો યે સ્વતંત્ર સમાચાર સંસ્થા તરીકે એનો વિસ્તાર થયો છે અને હિંદનાં સાતેક મુખ્ય પત્રકેંદ્રો જેવાં શહેરોમાં તેની કચેરીઓ કાર્યક્ષમ સંચાલકો હસ્તક સારૂં કામ કરી રહી છે.

આ ક્ષેત્રમાં છેલ્લું આગંતુક "ઓરિએન્ટ પ્રેસ ઓફ ઇન્ડિયા" છે. ૧૯૪૦ના એપ્રીલ મહિનામાં મી. સૈયદ મોહમ્મદના" "મેનેજિંગ ડિરેક્ટર" પણા નીચે દિલ્હીમાં એ સંસ્થા નોંધાઇ હતી. મુસ્લિમ અસ્મિતાના ઝીણાશાઈ આંદોલનના નવા જોરનો પત્રકાત્વના ક્ષેત્રમાં એ પડઘો ગણાય. એના ડિરેકટરોમાં મુસ્લિમ લીગના મુખ્ય પોષક શ્રીમંત ગૃહસ્થોનાં નામ જોવામાં આવે છે. પરંતુ એ નવું મેમાન છે. એનાં નીવડે વખાણ.

પ્રકરણ ૧૧
પૈસાપાસું

"As a trade or business journalism may be profitable or unprofitable. As a profession it may be noble or ignoble. As an art it may offer scope for the finest or the most degraded talent. As a vocation it may be saintly or criminal. As a ministry, it may be the highest service or an instrument of the lowest depravity. But as an opportunity for those who can seize it, and are determined to use it to the fullest extent in a self-constituted trusteeship for their fellow-men, it has hardly a peer." —*Wickham Steed*

વૃત્ત વિવેચનના ધંધાનાં બે પાસાં : ઉપાર્જન અને વ્યય, આવક અને ખર્ચ, જમા અને ઉધાર. પત્રકારત્વની અહીં સુધી આપણે જે ચર્ચા કરી, તે બધી ઉધાર પાસાની, ખર્ચની. વૃત્તનો સંગ્રહ અને વૃત્તપત્રનું સર્જન, એ બધું ખર્ચનું જ ખાતું હોય. પરંતુ આવક વિના ખર્ચ થઇ શકે નહિ; તેથી વૃત્તવિવેચન જેવા આદર્શ રંગી વ્યવસાયને તેના પૈસાપાસાની જરૂરતો આગળ ઘણી વાર નમવું પડે છે. અહિં વૃત્તના વિવેચનની વિદ્યાનું જ વિવેચન કરવાનો આપણો આશય છે, અને તેની રૂ. આ. પા.ની બાજુ–"બિઝનેસ સાઈડ"–ના પરિચયની ચર્ચામાં ઉતરવાની ખાસ જરૂર નથી; પરંતુ વૃત્તવિવેચનનું દ્રવ્યોપાર્જનના કુશળ

આયોજન ઉપર એટલું બધું અવલંબન રહે છે, કે વૃતનો વિચાર કરતાં પાત્રને પણ આપણે યાદ કરવાની જરૂર રહે છે.

આ પૈસાપાસાનાં બે અંગોઃ ગ્રાહકો અને જાહેરખબર. આદર્શની દૃષ્ટિએ જોતાં વૃત્તવિવેચનની સફળતા માટે ગ્રાહક અર્થાત વાચકની જ અપેક્ષા રહેવી જોઇએ, અને જાહેરાતોનો સાવ અનાદર ન થઇ શકે તો પણ તેનું સ્થાન ગૌણ લેખાવું ઉચિત હોય. જાહેરખબરોના સામાન્ય પ્રકાર તથા તેમાં ખોટાં બણુગાંને, છેતરપીંડીને તથા સમાજને હાનિકારક વસ્તુઓ અને વિષયોના પ્રચારને મળતું અઘટિત સ્થાન દેખીને, તેમજ સ્વતંત્ર વિચારો રજૂ કરવામાં પત્રકાર ઉપર જાહેરખબર આપતા વર્ગની પડતી શેહ જોઇને કેટલાક આદર્શવાદી પત્રકારોએ જાહેરખબરનો બહિષ્કાર કર્યાનાં કેટલાંક ઉદાહરણો આપણા જાણવામાં છે. ગાંધીજીનાં બધાં પત્રો એ ધોરણ ઉપર ચાલતાં રહ્યાં છે. મિસિસ બેસંટનું 'ન્યુ ઇન્ડિયા' પણ એ પંથે પળ્યું હતું.

પરંતુ આપણે ત્યાં મોટી ગ્રાહક સંખ્યા મળવી અશક્ય છે. કોઇ પણ સારા પત્રના નિભાવ માટે ઘણા હજાર ગ્રાહક જોઇએ; 'નવજીવન'ના ૪૦ હજાર ગ્રાહકો થયા, ત્યારે પણ તે માત્ર પોતાનો નિભાવજ કરી શકતું હતું. અને તે પણ તેનું તંત્રીમંડળ વિના વેતને સેવાભાવથી કામ કરતું હતું અને વૃત્તસંગ્રહનો ખર્ચ તેને કરવાનો નહોતો કેમકે એ માત્ર વિવેચનપત્ર હતું. તેમ છતાં, હિંદના સંજોગો જોતાં, માત્ર ગ્રાહકોની સંખ્યા ઉપર જીવવું કોઈ પણ સામાન્ય પત્ર માટે અસંભવિત છે. કોઈ અનન્ય પ્રતિભાસંપન્ન વ્યક્તિ, ગાંધીજી જેવા કોઈ યુગપુરુષ એવો ચમત્કાર કદાચ કરી પણ જાય, પરંતુ મીયાં વાદે એવા ચણા ચાવવા જતાં અન્ય પત્રકારભીબીઓના દાંતનો ખુરદો થઇ જવાની પૂરેપૂરી શકયતા છે. આ વાત કોઈને ગમે તેવી નથી, પરંતુ એ નક્કર હકીકત છે; એનો ઈન્કાર કર્યાથી કશો અર્થ સરે તેમ નથી. એની સામે સૈદ્ધાન્તિક ચર્ચા વ્યર્થ છે. મણુ સિદ્ધાન્ત કરતાં પાશેર જાહેરખબર આજના સંજોગોમાં તો વૃત્તપત્રને વધારે પોષક થઇ પડે છે.

જાહેરખબરની અનિવાર્યતાની આ "ડિપ્રીટિસ્ટ"–હાર્યાની મનોદશા આત્યંતિક રૂપ પકડે, તેમાં નવાઇ જેવું નથી. એ ક્રમ તો માનવજીવનમાં ડગલે ને પગલે બનતો રહે છે. કેટલાક અવળીવાણીવાળા પત્રકારો કડવાશથી એટલે સુધી પણ વિધાન કરતા સાંભળવામાં આવે છે કે પત્રને ગ્રાહક વગર ચાલે પરંતુ જાહેરખબર વગર નહિ. અને કેટલાંક અળશીયાં પત્રોની જીંદગી જોતાં આવા કથનને સાવ અવાસ્તવિક કહીને કાઢી નાખવું વાજબી પણ નથી લાગતું.

જાહેરખબર એટલે જાહેરને ખબર આપવી, અમુક વસ્તુ કે વિચારનો સાર્વજનિક પ્રચાર કરવો તે. રાજનૈતિક ખ્યાલોનું પ્રસરણ, અને સંતતિ નિયમનના માની લીધેલા આદર્શને બહાનું બનાવીને હાનિકારક દવાઓની જાહેરાત–એ બન્ને વસ્તુઓ તત્ત્વે કરીને એકજ છે; એ કથન કોઇને આઘાત પહોંચાડે તો ભલે, પરંતુ તે હકીકત છે. પ્રચારકલાના એ જુદા ઉપયોગપ્રકારો છે, એટલું જ. રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનની તારીખોની જાહેરાત, તેને સફળ બનાવવા માટેની ઝુંબેશ અને આંદોલન, એ બધું વાસ્તવમાં જાહેરખબર જ છે.

પ્રચાર એ વૃત્તવિવેચનનું જીવન છે, તેનો આત્મા છે. અને પ્રચારકલા વૃત્તની સજાવટ અને તેની ચર્ચામાં જેટલી વિકસે છે, તેટલી જાહેરખબરમાં પણ તે ખીલે છે. આવી રીતે જાહેરખબરો પણ વૃત્તવિવેચનનું ખાસ અંગ બની રહે છે આ દૃષ્ટિએ પણ વૃત્તવિવેચન સાથે જાહેરખબર પણ વિચારણા માગી લે છે.

છાપાંમાં મોટા અક્ષરે છપાયેલી અનેક ઘટનાઓ ભૂલાઇ ગઈ હશે, પરંતુ એક જમાનાના જાહેરાતના બાદશાહ જેવા લિપ્ટન, પીયર્સ સોપ, ડોન્ગરેનું બાલામૃત ઈ. ના નિરંતર પ્રચારને કેમ કરીને વિસરાય? એની પૂર બહારનો કાળ વીતી ગયે વર્ષો થયાં છતાં હજી તેની ઝમક આંખ સમક્ષ–અને વિચિત્રતા તો એ છે કે એનો રણકો કાનમાં–રમ્યા કરે છે!

જાહેરખબરનો વ્યવસાય ખૂબ કલાત્મક બની રહ્યો છે. વિશેષજ્ઞો અને ખાસ અભ્યાસીઓ સિવાય બીજા કોઇથી એ ધંધામાં હવે ચંચુપાત થઇ શકે તેમ નથી. ભડકા જેવા અક્ષરોનાં ભમરાળાં પ્રદર્શન અથવા હિમાલયના સિદ્ધ યોગીનાં કાષ્ટચિત્રોનાં કાળાં ધાબાંની કક્ષાથી આ વિદ્યા ઘણી આગળ નીકળી ગઇ છે, અને આજે તે બહુ જ સુંદર, નાજૂક, નકશીદાર, કષ્ટસાધ્ય કળાની કક્ષાએ પહોંચી ગઇ છે. બે જ શબ્દોમાં હજાર બોલની ગરજ સારવાની, કોરી છોડેલી જગામાં કોલમોની ભરચક વાચાળતાનું કામ કરી લેવાની ખૂબી એણે વિસ્મયકારક હદે કેળવી છે.

હિંદમાં આ કળા તરફ છેક હમણાં સુધી દુર્લક્ષ રહેલું છે. હવે વિકાસ ઝડપી થાય છે ખરો, પરંતુ હજીયે જાહેરખબરોનો મોટો સમુદાય તેના કલાપાસાથી અલિપ્ત રહેલો જોવામાં આવે છે. વિલાયતે તો વૃત્તવિવેચનના ક્ષેત્રમાં પણ દ્રવ્યોપાર્જનની બાજુને, હાથમાં લીધેલી પ્રત્યેક વસ્તુને તળીયાઝાટક ખંખેરી જોવાની તેની ખાસિયત પ્રમાણે, આત્યંતિક હદે ખીલવી છે. કેટલાકે કલાથી પણ આગળ વધીને તેને જીવનવ્યવસાયનું, ધર્મકાર્યનું રૂપ આપ્યું છે એમ કહીએ તો પણ ચાલે. બ્રિટિશ પત્રકારત્વના સહસ્રાર્જુનો તરીકે હાર્મ્સવર્થ ભાઇઓનું સ્થાન અજોડ છે. છાપાં અંગે પણ પૈસા કમાવાની કળાના એ સમર્થ આચાર્યો હતા.

આ હાર્મ્સવર્થ યુગલ, એટલે મૂર્તિમંત અર્વાચીન કમાઉ બ્રિટિશ પત્રકારત્વ. એ બન્ને ભાઇઓ મરી પરવાર્યા છે. ત્રીજો ધનકુબેર અખબાર માલિક લૉર્ડ બીવરબ્રૂક: એ દમિયલ પરંતુ દુનિયા આખીનો દમ કાઢનાર ચેતનમૂર્તિ હજી ઝુકતી દુનિયાને ઝુકાવી રહેલો છે. પરંતુ હાર્મ્સવર્થ ભાઇઓ તો ઇતિહાસ રચી ગયા. લૉર્ડ નોર્થક્લિફના ગયા પછી લૉર્ડ રોથરમીયર બ્રિટિશ પત્રકારત્વનો બિનતાજ બાદશાહ હતો. તેનું અવસાન

તા. ૨૬-૧૧-૧૯૪૦ના રોજ થયું. તેની નોંધ લેતાં વિકહમ સ્ટીડે લખ્યું હતું:

"લૉર્ડ નૉર્થક્લિફની ખોડખાંપણો ઘણી હતી, અને તેના સદ્‌ગુણો ઓછા નહોતા; એ બધું ધ્યાનમાં લઇને પણ કહેવું પડે કે નૉર્થક્લિફ રૂંવેરૂંવે પત્રકાર હતો...તેથી ઊલટું, એનો ભાઇ લૉર્ડ રોધરમીયર મુખ્યત: ધનવ્યવસાયી –ફીનેન્સીયર–હતો. નાણાં કમાવાની તેની પ્રકૃતિ સાચેજ અદ્‌ભૂત હતી. એ દ્રવ્યોપાર્જન પ્રતિભાનો ઉપયોગ તેણે માત્ર વૃત્તપત્રો પૂરતો જ નહોતો કર્યો. ઢોરઢાંખરનો ધંધો, ફળફુલબાગ ઇ. જેવા વ્યવસાયોમાં પણ એણે જીવ નાખ્યો હતો. સોદો કરવામાં એને બનાવી ગયાનો જશ ખાટનાર ભાગ્યે જ કોઇ માનવી હશે. જેને એ અડતો તેનું જાણે કે સોનું જ થઇ જતું...પરંતુ એક આકાંક્ષા એણે જીવનભર સેવી, અને તે અફળ રહી ગઇ–તે "ધી ટાઇમ્સ"ના માલિક થવાની!"

વિખ્યાત વિવેચક પત્રકાર એ. જી. ગાર્ડિનરે લખ્યું હતું:

"...લૉર્ડ રોધરમીયર માત્ર તેના જ સમયનો નહિ બલ્કે સદાકાળનો વધારેમાં વધારે સફળ પત્રકાર ગણાય. એનાં મુદ્રણયંત્રોમાંથી સવારે બપોરે અને રાતે નિરંતર નીસરતાં ચોપાનીયાં આખા દેશને છાયી દે છે...એના એક માટે ન્યુફાઉન્ડલેન્ડનાં પ્રાગૈતિહાસિક પુરાણાં જંગલોનું કાગળના માવામાં રૂપાન્તર થઇ જાય છે. દેશના દૂર દૂરના ખૂણામાં નાસીને ભરાઇ જાઓ, છતાં એના વસીલાથી નહિ બચાય, અને સહરાના રણમાં કે સમરકંદની સોનેરી સડકે પણ આપણી સાથેના પોતાની જીભાજોડી એ ચાલુ રાખવાનો જ. એની દોલત કુબેર ભંડારીને ઝાંખો પાડે છે. આ ટાપુઓમાં આટલા થોડા સમયમાં આટલું અઢળક દ્રવ્ય કદાચ બીજું કોઇ માનવી સંગ્રહી શક્યું નહિ હોય."...પોતાના સખાવતી ગુણો છતાં વ્યક્તિ તરીકે એ ક્ષુદ્ર છે. જગતે કદી પણ નહિ જોયેલા તેના પ્રચંડતમ પ્રચારયંત્રના માલિક તરીકે એ સામ્રાજ્યની ચોથી અસક્યામત છે..."

વૃત્તપત્રને દ્રવ્યોપાર્જનનો વ્યવસાય બનાવવાની આ યુગલની કળાનું એક પ્રસિદ્ધ દૃષ્ટાંત છે. લૉર્ડ નૉર્થક્લિફના "ડેઇલી મેઇલ" સામે સાબુના કારખાનાવાળી લીવર બ્રધર્સની પેઢીને બદનક્ષીના એક

અટલામાં પચાસ હજાર પૌંડની નુકશાનીનું હુકમનામું મળ્યું હતું. મોટો ભાઇ આલ્ફ્રેડ—પાછળથી નોર્થક્લિફ—આ ચુકાદાના ખબર સાંભળીને કાર્યાલયમાં ખીજવાઇને આંટા મારતો હતો, ત્યાં તેનો ભાઇ હેરોલ્ડ રોથરમીયર મજાક મશ્કરી કરતો આવી પહોંચ્યો. બડે ભાઇએ એને ઠપકો આપ્યો; "આપણે પચાસ હજાર પાઉન્ડનો ચેક લખી આપવો પડયો, એનું તને ભાન નથી? હવે આપણે કરવું શું?"

હેરોલ્ડે તરત ઉત્તર આપ્યો: "એ રકમ ભરી દેવી!"

આલ્ફ્રેડ ખીજાયો: "તને તો એ બાબત કશી ચિંતા હોય એમ નથી લાગતું."

હેરોલ્ડે પ્રશ્ન કર્યો. "મોટાભાઈ, કેસ આપણે હારવાના છીએ, એ તો પહેલેથી જ ખબર હતી. એ વાત તો સાચી ને? ખુદ વકીલોએ જ આપણને પહેલેથી એમ કહી રાખ્યું હતું કે નહિ?"

"હા; પણ એવડી મોટી રકમ લાવીશું કયાંથી?"

છોટે બિરાદરે ખુલાસો કર્યો: 'એની ચિંતા નહિ. કેસ જીતવાની આશા નથી એવું આપણા વકીલોએ કહ્યું, કે તરત મેં લીવર બ્રધર્સના શેર ખરીદી લીધા હતા. એ પેઢીને પચાસ હજાર પૌંડ જેવી મોટી રકમનો તડાકો પડવાનો છે એ વાત જાહેર થતાં જ એના ભાવ ચઢશે, એવી મારી ગણતરી છે.'

અને થયું પણ તેમજ. ભાવ બરાબર વધ્યા. અને એમ કહેવાય છે કે આ ભાઇઓએ લીવરના લીધેલા શેર વેચતાં, દંડની રકમ જેટલું માર્જિન એમને મળી ગયું હતું.

બ્રિટિશ પત્રકારત્વના એ આચાર્ય યુગલે તો જાણે કમાણીનો પંથ પ્રવર્તાવ્યો. એમને હાથે થયેલા ઝડપી વિકાસની ચાવી તેમની નૈસર્ગિક પહોંચ અને વ્યવસ્થાશકિતમાં છે. એમનાં ફાંટાબાજ ભેજાં અને એમની આયોજન કુશળતાએ પત્રકારત્વની રૂંવાટી બદલી નાખી છે.

હિંદ હજી વૃત્તવિવેચનની કમાણીની બાજુને સાંપ્રદાયિક હદે લઈ ગયું નથી. એમાં માત્ર એનું સૌજન્ય છે, એવું માનવાને કારણ નથી. તક અને યોગ્ય ક્ષેત્રનો અભાવ એમાં એટલો બાધક છે કે આ દેશમાં એ વ્યવસાયને પૂજાસ્થાને મૂકી તેના મંદિરને આપણાં કેટલાંક દેવમંદિરો જેવી અફાટ કમાણીનું સાધન બનાવવું સહેલું નથી.

પરંતુ તેનું કલાપાસું જરૂર ખીલતું જાય છે. પ્રચાર વિદ્યાની ખૂબીઓ હવે સમજાતી અને વપરાતી જાય છે. હવે વિજ્ઞાપનનો નિષ્ણાતોની અપેક્ષા રાખનારો, ગૌરવવંતો વ્યવસાય બનવા લાગ્યો છે. બંગાળાની એડવરટાઇઝીંઝ એજન્ટ્સ એસોસિએશનના ઉપપ્રમુખ અને કલકત્તા પબ્લીસિટી સર્વિસના માલિક શ્રી. એ. એન. મુકરજી તો એનાં વખાણ કરતાં હવામાં ઉડયા છે અને કહે છે:

> "Advertising business is undoubtedly one of the most dignified, cultured and honourable professions, and in my opinion, it is a profession of all professions. If may safely be called a nation-building profession, since advertising is the heart and soul of all business without which no nation-building project can grow up, especialy with regard to finance, commerce and industry" (Sunday A. B. Patrika, 4-2-40).

(વિજ્ઞાપનનો ધંધો ગરવો સંસ્કૃત, અને માનભર્યા ધંધાઓમાં ઉત્તમ સ્થાને છે, અને મારા મત પ્રમાણે, એ ધંધાઓનો રાજા છે. એને રાષ્ટ્રવિધાયક વ્યવસાય કહી શકાય, કેમકે વેપારનું એ જીવનતત્વ છે, અને વેપાર વગર નાણાં, વણજ અને ઉદ્યોગોને લગતી કોઇ પણ રાષ્ટ્રવિધાયક યોજના વિકસી શકે નહિ.)

વરને વરની મા ન વખાણે તો બીજું કોણ વખાણે? આપણને જાહેરખબરની દુનિયાની કાળી બાજુનો ખ્યાલ આવે, પરંતુ પોતાની માને કોણ ડાકણ કહે? જાહેરખબર ઉપર જીવનારથી તેની ખણખોદ કેમ કરીને થાય?

પરંતુ વિજ્ઞાપન વિદ્યાના મહત્વનો ઈન્કાર તો ન જ થઈ શકે; આજે હિંદમાં પણ જાહેરખબરો ઘડવાનું કામ ગમે તેવા અણઘડ અડબંગોને હસ્તક રહેવા ન દેતાં તેના નિષ્ણાતોની નોખી સંસ્થાઓ અને પેઢીઓ સ્થપાઇ છે. મોટાં મોટાં વૃત્તપત્રો એ વિભાગનો ભાર તેવી સંસ્થાઓને સોંપવામાં પોતાનું હિત સમજ્યાં છે, અને તેમની સેવાઓનો લાભ લઇને પોતે વૃત્તવિવેચનના ખાસ પોતીકા કાર્ય ઉપર એકાગ્રતા સાધવાનો અવકાશ મેળવી શકયાં છે. આધુનિક ગુજરાતી દૈનિકોમાંનાં કેટલાંક મુખ્ય પત્રો એ રાહે જઇને એ પાસાનું કાર્યક્ષમ આયોજન મેળવી તે ઉપરાંત ભાવતાલ કે ઉઘરાણીમાં શરમાશરમીની શેહમાંથી મુક્ત થઇ શકયાં છે.

જાહેરખબરનો મુસદ્દો ઘડવામાં વિષયના સ્વરૂપને લક્ષમાં રાખવું પડે છે. વસ્તુને અનુરૂપ મુસદ્દો ન થાય, તો જાહેરખબરનો પૂરેપૂરો કસ નીકળી શકે નહિ. પામોલિવ, લિકવોઝોન, પોસોડન્ટ, કવેકર ઓટસ, ઓવરલૅન્ડ મોટારકાર, ઓકસો, ગુડીયર ટાયર ઈ.ની પ્રચંડ પ્રચારશ્રેણી-ઓમાં રહેલી ખૂબીઓ ઝીણી નજરે તપાસતાં આ કથનનો મર્મ સમજાશે. એ બધાનો સર્જક પ્રચારનિષ્ણાત કલૌડ હૉપકિન્સ હતો. સામાન્ય રીતે એમ માનવામાં આવે કે બણગાં ફૂંકવાં અને ધાપ મારવી, એ જાહેરખબરની મુખ્ય ખૂબી હોય. પરંતુ એ કળાનો સમર્થ આચાર્ય હૉપકિન્સ કહે છે :

"The two greatest faults in advertising are boasting and selfishness......Nine-tenths of the money spent in advertising is lost because of selfish purposes blazonly presented...Brilliant writing has no place in advertising. You are selling service, not your self." (વિજ્ઞાપનની બે મોટામાં મોટી ખામીઓ તે બડાઈ હાંકવાની વૃત્તિ અને સ્વાર્થવૃત્તિ...જાહેરખબર કરવામાં ખર્ચાતા દ્રવ્યનો નવ દશાંશ નકામો જાય છે કેમકે નફ્ટ રીતે સ્વાર્થનાં તેમાં બણગાં ફૂંકવામાં આવે છે...જાહેરખબરમાં પ્રતિભાસંપન્ન લેખનને સ્થાન નથી. તમે સેવાનું વેચાણ કરો છો, તમારી જાતનું નહિ.)

આમાં કેટલો વિરોધાભાસ દેખાય છે ! છતાં એ હકીકત છે, સત્ય છે, ખરી વાત છે. અને તેથી જ આ કળામાં તજજ્ઞતા આવશ્યક છે.

જાહેરખબરની વિદ્યા નવી નથી; સરજન જૂની છે. પરંતુ તેનું આજે દેખાતું કલાપાસું નવું છે. પ્રાચીન સમયમાં જાહેરખબર અને વૃત્તવિવેચન પ્રાયઃ પર્યાય હતાં, અને તેની નોંધ આપણે અન્યત્ર લીધી પણ છે. પરંતુ રીતસરનાં વૃત્તપત્રો શરૂ થતાં પ્રચારની વિદ્યાનાં બે પાસાં અલગ થયાં છે અને જાહેરખબરે વૃત્તવિવેચનને સમાંતર છતાં નિરાળો વિકાસ સાધ્યો છે. યૂરોપ અમેરિકામાં તેનાં વિદ્યાલયો છે. હજારો માનવીઓ તેમાં પદ્ધતિપુરઃસર અભ્યાસક્રમથી તાલીમ લે છે.

ચિત્રકલાએ આ વિદ્યાને સાથ આપ્યો, અને તેમાં કલાતત્વ ઉમેર્યું છે. એ ઉભય પરસ્પર પોષક બન્યાં છે. પીયર્સના સાબુની જાહેરાત અંગે સમર્થ ચિતારાઓ પાસે અત્યંત સુંદર ચિત્રો તૈયાર કરાવાયાં છે. પરપોટા ઉરાડતા બાળકનું ચિત્ર તો કેમે કર્યું વિસરાય તેવું નથી. એજ રાહે બીજી ઘણી વસ્તુઓની જાહેરાતમાં કલાનો ઉત્તમ પ્રકારે ઉપયોગ થાય છે. ઊંચી કક્ષાનાં પાશ્ચાત્ય માસિકોમાં જાહેરાતોને પાને પાને એની પ્રતીતિ આપણને મળે છે. અને ચલચિત્રના વિકાસે તેમાં નવી જ ભાત પાડી છે.

ચિત્રનો સમુચિત ઉપયોગ અને શબ્દોનું સુયોગ્ય આયોજન, એ બેનો સુંદર સંયોગ એટલે ઉત્તમ જાહેરખબર. વેચાણકલા આ વિદ્યાને વરેલી છે, એનું હાર્દ છે. ઝટ ચિત્તને પકડી લે એવાં સૂત્રોથી લોકનાં આંખ કાનને રણકાવી દેવાં, એ પણ તેનો એક મનોહર પ્રકાર છે.

જાહેરાતની ઘણી પદ્ધતો છે. પરંતુ અહીં આપણે વૃત્તપત્ર પૂરતો જ તેનો વિચાર કરવાનો રહે છે. જોન વાનામેકર અમેરિકાનો જાહેરાતનો રાજા લેખાયો છે. તેણે જાહેરખબરના ઘડતર સંબંધી કેટલાક નિયમો ઘડયા હતા, અને પોતાના લેખકો પાસે તેનું એ કડક પાલન કરાવતો.

પ્રત્યેક સારી જાહેરખબરમાં કંઇ ને કંઇ વિશિષ્ટતા હોયજ. આંખને પકડી લે, ચિત્તને ઘડીભર સ્થગિત અને એકાગ્ર કરે, ગળે તરત ઊતરીને વાચકની અનાયાસે સંમતિ મળી જાય તેવી દલીલો રજૂ કરે, અને સૂચન તથા સંજ્ઞાથી થોકબંધ શબ્દપ્રચારનો અર્થ સાધી લે, એવી ખૂબીઓ તે માટે આવશ્યક છે.

અને કહેવું કદાચ વિચિત્ર લાગે, પરંતુ વિજ્ઞાપનમાં પણ પ્રમાણિકતા અને સાચાઈ હોવાં જોઇએ. તે વિના જાહેરાતની અસર લાંબી ટકે નહિ; એકવાર છેતરાયેલી જનતાનો એકવાર ઉઠી ગયેલો વિશ્વાસ ફરીથી મેળવવાનું કામ અશક્ય નહિ તો અત્યંત દુર્ઘટ તો છે જ છે. એટલે કે કાર્યસાધક નીતિ તરીકે પણ તેમાં પ્રમાણિકતાનો રાહ ઉત્તમ છે.

૧૯૧૦ની સાલે અમેરિકામાં જાહેર ખબરોમાં બાર કરોડ પાઉન્ડ ખર્ચાયા હતા. ૧૯૨૫માં એ રકમ વધીને ૩૦ કરોડ થઇ એનું કારણ એ બતાવવામાં આવે છે કે ૧૯૧૧માં "પ્રિન્ટર્સ ઇન્ક" નામે માસિકે એક કાયદો પસાર કરાવ્યો હતો. એ કાયદાએ છેતરપીંડીવાળી જાહેરાતને દંડપાત્ર ગુનો ઠરાવ્યો હતો. બીજું એસોસિએશન ઓફ અમેરિકન એડવર્ટાઇઝર્સે ખોટી ગ્રાહક સંખ્યા બતાવવાની છાપાંની ટેવ સામે જેહાદ જગાવી હતી. જાહેરખબર વાસ્તવિક અને પ્રમાણિક બને તે માટે એણે એવું પ્રચંડ આંદોલન ઉપાડયું હતું, કે દગાબાજીને ભોંય ભારે થઇ પડી. વિજ્ઞાપન વ્યવસાયની સંસ્થાઓની એણે સાફસુફી કરી નાખી. પરિણામે વિજ્ઞાપનનો વિસ્મયકારક વિકાસ થયો. વિશ્વાસપાત્રતા, એ જાહેરખબરનું પ્રાણધન છે.

હિંદમાં આ વ્યવસાયનો વિકાસ એવી કક્ષાએ પહોંચ્યો છે અને સંગઠિત થયો છે કે પત્રકારોએ પણ તે સામે સંગઠન સાધીને તેની સાથે વ્યવસ્થિત રીતે કામ પાડવું પડે છે. તા. ૨૬ અને ૨૭-૬-૪૦ ના રોજ મુંબઇમાં ઇસ્ટર્ન ન્યુસપેપર સોસાયટીની સભા મી. આર્થર મૂરના પ્રમુખપણા નીચે મળી હતી. તેનો "નૅશનલ હેરલ્ડ"માં પ્રસિદ્ધ થયેલો

અહેવાલ જોતાં જણાય છે કેઃ "આનંદ બઝાર પત્રિકા," "જુગાન્તર" "મુંબઈ સમાચાર," "ઇલસ્ટ્રેટેડ વીકલી" અને "સન્ડે સ્ટેટસમન" તેમાં નવા સભાસદો તરીકે જોડાયાં હતાં. વળી :

"આ મંડળે માન્ય કરવાની યોગ્યતા જેમણે મેળવેલી ન હોય તેવી જાહેરખબરની સંસ્થાઓ સાથેના આ મંડળના સભાસદોના સંબંધનો પ્રશ્ન વિગતે ચર્ચાયો હતો, અને એવો ઠરાવ થયો હતો કે અમુક શરતોને આધીન રહીને સભાસદો તેવી એજન્સીઓ સાથે તા. ૩૧–૧૨–૧૯૪૦ સુધી તેવા સંબંધો ચાલુ રાખી શકશે, પરંતુ તે તારીખ સુધીમાં મજકુર એજન્સીઓ મંડળના નિયમો પ્રમાણે યોગ્યતા મેળવી જ લે એ જરૂરી છે. માન્ય થવા માટેની ઘણી અરજીઓ લક્ષમાં લેવાઇ હતી અને ચાર એડવરટાઇઝિંગ એજન્સીઓને માન્ય રાખવામાં આવી હતી. જાહેરખબરોની પદ્ધત તથા માન્ય થયેલી એજન્સીઓ સાથેની સભાસદોની લેવડદેવડને લગતા પ્રશ્નની વિચારણા પણ કરવામાં આવી હતી, અને હિંદમાં જાહેરખબરોની કક્ષાને સુધારવાની સભાસદોની ઇચ્છા પ્રદર્શિત કરતા કેટલાક નિર્ણયો કરવામા આવ્યા હતા."

આ નાનકડો અહેવાલ પણ કેટલો બધો અર્થગંભીર છે, અને વિકાસ પામતી વસ્તુસ્થિતિ ઉપર એ કેવો સુંદર પ્રકાશ નાખે છે!

વૃત્તપત્રો જાહેરખબર આપનારાઓ પાસેથી શેની અપેક્ષા રાખે છે, કયાં ધોરણો પાળવામાં આવે તેનો આગ્રહ કરે છે, એનો ખ્યાલ આપણે ટૂંકામાં પણ લઇ લીધો—પરંતુ એ ઢાલનું બીજું પાસું પણ છે. જાહેરખબર આપનારાઓ વૃત્તપત્રો પાસેથી શેની અપક્ષા રાખે છે તેનું. અમદાવાદમાં ૧૯૨૪માં મળેલી પહેલી ગુજરાતી પત્રકાર પરિષદ સમક્ષ વંચાયેલા નિબંધોમાંનો એક રા. હિંમતલાલ ગરબડદાસ ગાંધીનો "વર્તમાનપત્રો અને જાહેરખબર" વિષેનો હતો. એ ભાઇએ વૃત્તપત્રો તરફથી થતા કેટલાક અન્યાયોની ચર્ચા કરીને જાહેરખબર આપનાર વર્ગ તરફથી કેટલીક ફરિયાદો રજૂ કરી હતી, અને છેવટમાં કેટલીક માગણીઓ દર્શાવી હતી. એ માગણીઓમાં ફરિયાદનું કારણ પણ

અંતર્ગત છે, એટલે તેનું અવતરણ આપણા હેતુ માટે પૂરતું સૂચક થઈ શકશે. આ રહ્યા એ મુદ્દા :

(૧) દરેક પેપર પોતાના દરેક અંકને મથાળે તે જ અંકની નકલનો ખરો આંકડો છાપે.

(૨) દીવાળી, હોળી વગેરેના અંકો ગ્રાહકોને તો મળે જ. તે વગર તે પત્રનો વધારાનો અંક ગણાય જ નહિ.

(૩) ભેટની બૂકમાં અને માસિકોમાં છુટા–વગર અંકના પાનામાં જાહેરાત લેવાની પ્રથા જ કાઢી નાખવી, અને રહે તો પણ તે જ જાતના કાગળ રહે, અને ચાલુ અનુક્રમ પેજ નંબર તેના ઉપર પણ છપાય.

(૪) જાહેરાતમાં આગલા અંક કરતાં બીજા અંકમાં નવી ભૂલો છપાય, બ્લોક ભાંગેલો છપાય, તો તે અંકની જાહેરાતની કીંમતના અમુક ટકા ઓછા લેવા ઠરાવવું.

(૫) જાહેરાતવાળા અને ગ્રાહકો કે જેના ઉપર પત્રનું જીવન છે, એની સાથે કાંઇક સભ્યતા રાખે–અને પોતે તેમના કેટલા ઋણી છે તે સમજે.

(૬) જાહેરાતવાળાને વાઉચર કોપી આપવી જ પડે.

(૭) કાગળના ભાવ ઘટવા સાથે જાહેરાતોના ભાવ પણ વધઘટ થયા કરે.

(૮) એક જ પ્રમાણિક ભાવ પરિષદ દરેક પત્રને નક્કી કરી આપે તે જ ભાવથી જાહેરાત લે.

(૯) જાહેરાતવાળાઓ સાથે પત્રકારોની ફરજનો વિષય ચર્ચાય.

બીજું બધું તો ઠીક, પણ (૧) (૨) (૭) અને (૮) ના અમલની વાત, એટલે આકાશકુસુમની વાંછના સમજવી ! એના અમલને હજી વાર છે.

જે ગણ્યાંગાંઠયાં ગુજરાતીપત્રોએ જાહેરખબરનો વિભાગ અલગ એજન્સીઓને સોંપી દીધો છે તે બાદ કરતાં મોટા સમુદાય પરત્વે તો રા. ગાંધીનો આ હૃદયઉભરો હજી પણ વિચારણીય છે, એની ના નહિ પડાય.

જાહેરાત છાપનારા અને આપનારા, એમનાં દૃષ્ટિબિંદુ આપણે જોયાં. હવે ત્રીજો દૃષ્ટિકોણ, તે જાહેરાત વાંચનારા, તેનો "શિકાર" બનનારા જનસમાજનો રહ્યો. પરંતુ એ વર્ગના મંતવ્ય તથા અભિપ્રાયને વ્યક્ત કરવા માટે પણ સારા પત્રકારની ગરજ રહે છે. દા. ત., પચાસ પચાસ વર્ષના વૃત્તપત્રોના સંચાલનના અનુભવ પછી પત્રકાર પાલનજી બરજોરજી દેસાઈએ ૧૯૨૪માં નીચેનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો :

"ગુજરાતી છાપાંને માટે સાધારણ માન્યતા એવી છે કે તે પત્રની ઘરાકી ઉપર નહિ પણ તેમાં પ્રગટ થતી જાહેરખબર ઉપર જીવે છે. ઘણાંખરાં પત્રો સંબંધે આ માન્યતા ખરી હશે. અવશ્ય કરીને દવાદારૂની જાહેર ખબરોથી છાપાંને સારી કમાણી થતી મનાય છે. કેટલીક વાર જાહેરખબરોને અગ્રલેખ જેટલું જ અગ્રસ્થાન અપાય છે. કેમકે તેના દામ વધારે મળે છે. છાપાંની ઊંચી આબરૂની ખાતર આમ થવું જોઇતું નથી."

પરંતુ એ શબ્દો લખાયા પછી વીસે વર્ષે સ્થિતિ કેવી જોવામાં આવે છે? એ અભિપ્રાયમાં ફેરફાર કરવાનું કશું સંગીન કારણ મળી શકે તેમ છે? છાપાંના નિભાવનું મુખ્ય સાધન હજી પણ જાહેર ખબર જ છે. અને તેમાં પણ દવાદારૂની જાહેરાતોનું પ્રમાણ મોટું છે.

કોઇ પણ દૈનિક પત્ર હાથમાં લ્યો; તેનાં વાચન તથા જાહેરાતનાં કોલમો ફૂટપટ્ટીથી માપી લ્યો. માપ કરતી વખતે, જાહેરખબરના અવનવા નુસ્ખા તથા સામાન્ય સમાચારનો તેને ઓરાડાતો સ્વાંગ ખ્યાલમાં રાખજો.

અને પછી જાહેરખબરોમાં પણ "શક્તિ"ની, સંતતિનિયમન તેમજ વર્ધનની અને એ પ્રકારની જીન્સી જાહેરખબરો માપી લ્યો. એ બધાંનાં પ્રમાણ સરખાવો.

આટલો શ્રમ લેનારને પાલનજી દેસાઇના કથનની અદ્યતન વાસ્તવિકતાની પ્રતીતિ તરત થઇ જશે. સામાન્ય રીતે તો તેવી પ્રતીતિ માટે એટલું કષ્ટ લેવાની પણ જરૂર નથી. પત્રોનું ઉપરચોટીયું નિરીક્ષણ પણ એ

સ્થિતિને બાપોકાર જાહેર કરે છે, કે આપણાં છાપાં હજી પણ કેટલેક અંશે પોતાના પોષણ અર્થે પ્રત્યક્ષ રીતે અગ્રલેખો લખીને નહિ તો અમુક પ્રકારની જાહેરખબરો છાપીને પણ માનવીમાં રહેલા આસુરી તત્ત્વોને—અધમવૃત્તિને--પંપાળે છે, ઉત્તેજે છે, વિકસાવે છે.

આ કાર્ય જાહેર ખબરો ઉપરાંત અન્ય પ્રકારે પણ થાય છે. દ્રવ્ય ઉપાર્જનની લાલસા આખી પત્રનીતિને આવરતી ઘણીવાર જોવામાં આવે છે. પહેલી ગુજરાતી પત્રકાર પરિષદ સમક્ષ "પત્રકારની દીક્ષા" નામે નિબંધમાં કાકા કાલેલકરે કહ્યું હતું :

"આજકાલના વૈશ્યયુગમાં પત્રકારનો એક જુદો જ આદર્શ બંધાતો જાય છે અને તે શિષ્ટસંમત થતો જાય છે. . . .આ આદર્શ કબૂલ રાખનાર લોકો કહે છે, " પત્રકારે પોતાના આદર્શનો આંક નાહક ઉંચો રાખવો નહિ. લોકો જે માગે છે તે પૂરૂં પાડવું એ જ પત્રકારનો આદર્શ હોવો જોઇએ. આપણે લોકોના વિદ્યાગુરુ નથી કે તેમને મારી મારીને ભણાવીએ. આપણે તો લોકોના ખિદમતગાર છીએ. ઘરાકને જોઇતો માલ પૂરો પાડી તેમને રાજી રાખવાં એ જ દુકાનદારોનો આદર્શ......અહીં સુધી આવ્યા એટલે દુકાનદારીનું જ જ્ઞાન આગળ ચાલે છે...ઉત્તર હિંદુસ્તાનમાં આજે શું ચાલી રહ્યું છે ? કેટલાક પત્રકારો કજિયા દલાલ બન્યા છે, તેમણે કુથલીનાં પીઠાં ઉઘાડયાં છે, રાષ્ટ્રીય આપત્તિ અને કોમી વહેમો ઉપર "તિજારત" કરવા માગે છે. લોકવાર્તામાં ગામનો અદકપાંસળીઓ જેમ એક પ્રધાન પાત્ર હોય છે તેમ આ પત્રકારો સમાજના મહાપિશુન બની ફરે છે......"

"......વૃત્તવિવેચન ઉપર જીવનાર અને વૃત્તવિવેચનને પોષવાનો ડોળ કરનાર એક ભારે રોગ તે જાહેરખબરો. જાહેર નીતિ બગાડનાર અને કૌટુંબિક અર્થશાસ્ત્રને તોડી પાડનાર આ બદી એટલી તો ફેલાઇ છે કે " નવજીવન " મારફતે ગાંધીજીએ જે તેનો આટલો સખત અને સક્રિય વિરોધ કર્યો છે તેની કશી જ અસર બીજાં છાપાં પર પડેલી દેખાતી નથી. છાપાંઓમાં આટલી હીન જાહેરખબરો જોઉં છું ત્યારે મનમાં વિચાર આવે છે કે પ્રભુસેવાને સારૂ એકાદ ઉત્તમ દેવમંદિર બાંધીને પછી તેનું ખર્ચ ચલાવવા માટે તેના કમ્પા-

ઉન્ડની ઓરડીઓ શરાબખાનાંઓને અને વેશ્યાઓને ભાડે આપવા જેવું આ નથી ?"

પરંતુ કાકાસાહેબ ખાણુ ખાય છે! દેવમંદિરોનો એવો ઉપયોગ બહોળા પ્રમાણમાં સર્વ ધર્મોમાં અનાદિકાળથી થતો આવ્યાની, અને આજ પણ થયા કરતો હોવાની સાબિતી ઇતિહાસ તેમજ આજનાં વૃત્તપત્રોમાંથી ફૂટતાં ભોપાળાંની સનસનીદાર વાનગીઓ મબલખ પ્રમાણમાં પૂરી પાડતાં નથી શું ?

તો પછી વૃત્તમંદિર કઇ વાડીનો મૂળો ?

વસ્તુસ્થિતિમાં ફરક જરૂર પડતો જાય છે; પરંતુ તે એના પ્રકારમાં નહિ પણ પ્રચારની વિપુલતામાં. આજનાં આપણાં શ્રેષ્ઠ લેખાતાં વૃત્ત-પત્રોનાં જાહેરાતનાં કોલમો આ કથનના નિત્યનિત્યના દાર્શનિક પુરાવા છે.

વૃત્તવિવેચન

ખંડ ત્રીજો

દેશી ભાષાઓનાં વૃત્તપત્રો

ખંડ ત્રીજો

દેશી ભાષાઓનાં વૃત્તપત્રો

પ્રકરણ ૧

હિંદી

महाभारत के देखनेसे विदित होता है कि उस समय समाचारदाता लोग नियत रहेते थे जो कि समाचार एक स्थानसे दूसरे स्थान पर ले जाया करते थे। भाट और दूत लोग भी समाचारदाताओंका काम करते थे। और उन्हे पूरी स्वतंत्रता दी जाती थी। मुसलमान बादशाहों के समयमें भी अखबारनवीस रहा करते थे। और बेधडक सच्ची खबरे लिखा करते थे।

—राधाकृष्णदास

બંગાળામાં લોર્ડ હેસ્ટિંગ્ઝના સમયમાં પંચાનન કર્મકાર નામના કારીગરે એક અંગ્રેજના હાથ નીચે રહીને બંગાળી બીબાં બનાવ્યાં, અને ૧૭૭૮ માં પહેલું બંગાળી છાપખાનું હુગલીમાં એક અંગ્રેજે સ્થાપ્યું. એનું અનુસરણ હિંદીમાં થયું, અને આજે જેને યુક્તપ્રાંતો કહેવામાં આવે છે તે પ્રદેશમાં હિંદી મુદ્રણાલયો સ્થાપવાના પ્રયત્નો શરુ થયા, એમ સામાન્ય રીતે કહી શકાય.

પરંતુ વૉરન હેસ્ટિંગ્ઝની હાકેમગીરીના સમયમાં એક વિચિત્ર ઘટના બહાર આવી હતી. ઇ. સ. ૧૮૭૦ માં ડૉ. જોગેન્દ્રનાથ ઘોષે પોતાના એક નિબંધમાં લખ્યું છે :

"An extraordinary discovery was made of a press in India when Warren Hastings was Governor General. He observed that in the district of Benares a little below the surface of the earth was to be found a structure of a kind of fibrous wooly substance of various thicknesses in horizontal layers. Major Roebuck informed of this, went out to the spot, where an excavation had been made displaying the singular phenomenon. In digging somewhat deeper for the purpose of further research, they laid open a vault which on further examination proved to be of some size; and to their astonishment they found a pair of printing presses set up in a vault and moveable types placed as if ready for printing. Every inquiry was set on foot to ascertain the provable period at which such an instrument could have been placed there, for it was evidently not of modern origin; and from all the Major could collect it appears probable that the press had remained there in the state in which it was found for at least one thousand years."

(વૉરન હેસ્ટીંગ્ઝ ગવર્નર જનરલ હતા ત્યારે હિંદમાં અજબ રીતે એક છાપખાનું જડયું હતું. બનારસ જીલ્લામાં એક સ્થળે ધરતીની સપાટી નીચે વિચિત્ર પ્રકારનું યંત્ર દટાયેલું હતું એવી તેને માહિતી મળી હતી. મેજર રોબકને એની ખબર પડતાં એણે ત્યાં જઇને જમીન ખોદી, તો તેને એક વિસ્મયકારક વસ્તુ હાથ લાગી. જરા વધારે ઉંડા ઉતરતાં એક ભોંયરું આવ્યું. તેમાં બે મુદ્રણયંત્રો, અને છાપવા માટે તૈયાર કરેલાં હોય તેવી રીતે ગોઠવેલાં બીબાં જોવામાં આવ્યાં. આવી અલૌકિક વસ્તુ એ સ્થળે કેવી રીતે અને ક્યારે મૂકાઇ

હરી એનો પત્તો મેળવવા ખૂબ પ્રયત્નો કરવામાં આવ્યા, કેમકે આ સંચો અર્વાચીન બનાવટનો તો નહોતો જ. મેજરને જે બાતમી મળી તેનો સાર એટલોજ એ મુદ્રાયંત્ર ઓછામાં ઓછાં હજારેક વર્ષથી એની એ સ્થિતિમાં પડયું રહેલું હોવું જોઇએ.)

આ ભેદી ગુફા અને તેથીયે વિશેષ રહસ્યમય યંત્રોની પ્રાપ્તિની વાત ખરેખર કુતૂહલને ગલગલિયાં કરે તેવી છે. એ બીબાં કઇ લિપિનાં હતાં તેનો એ વર્ણનમાં ફોડ પાડેલો નથી. અને આ શોધ વિષે આગળ જતાં શું શોધ થઈ, એ સાચેજ અસલી વસ્તુ હતી કે પછી મી. પિક-વિકના 'Bilstumpsis–Mark ના પત્થરની શોધ જેવી નીવડી હતી, એ આપણે જાણતા નથી. ગમે તેમ પણ હિંદી મુદ્રણનો ઇતિહાસ અન્ય કોઇ પણ ભાષા નથી બતાવી શકી, તેવો ચમત્કાર પૂરો પાડી શકયો છે ખરો !

પરંતુ આ ગમે તેટલો રસપ્રદ તોયે વિષયાંતર થયો. હિંદીમાં સર્વથી પ્રથમ છાપું પ્રસિદ્ધ કરવાનો યશ રાજા શિવપ્રસાદજીને ફાળે જાય છે. ઇ. સ. ૧૮૪૫ ના જાન્યુઆરી માસમાં એમણે "બનારસ અખબાર"નો પ્રારંભ કર્યો હતો. એ સમયની હિંદી ભાષાના નમૂના એ પત્રમાં જોઇએ, ત્યારે અડધી "રંગૂની હિંદી" જેવી લાગે છે, કેમકે તેમાં "નયા પાઠશાલા બનતા હૈ...પરમેશ્વર કે દયાસે... ખર્ચકા તજવીજ..." ઇ. વ્યાકરણ-પ્રયોગો ભરપૂર દેખાય છે !

ઈ. સ. ૧૮૫૦માં કાશીમાં "સુધાકર" છાપું નીકળ્યું. તેમાં હિંદી વધારે સારી લખાતી હતી. "બનારસ અખબાર'ની ભાષામાં ઉર્દૂ શબ્દ-પ્રયોગોનો કઢંગો શંભુમેળો હતો. પણ "પ્રભાકર"માં રીતસરની અને વ્યાકરણશુદ્ધ હિંદી હતી.

તેથી પણ વધારે સંસ્કારી પત્ર હરિશ્ચન્દ્રજીએ ઇ.સ. ૧૮૬૮માં "કવિવચન સુધા" નામે કાઢયું હતું. એને રાજ્યાશ્રય હતો, અને બાબુજીનું રાજદરબારમાં બહુમાન હતું. પરંતુ એમનામાં દુઃખી આમજનતા પ્રત્યે અંતરની

સહાનુભૂતિનો તથા એ સહાનુભૂતિને કાવ્યરૂપે વ્યક્ત કરવાની વૃત્તિનો મોટો "દુર્ગુણ" હોવાથી એમને ઓનરરી માજીસ્ટ્રેટપદ, મ્યુનિસીપલ સભ્યપદ ઇ. છોડવાવારો આવ્યો હતો, અને રાજ્યાશ્રય બંધ થયો હતો. પરંતુ જનસમાજમાં "સુધા"નો ખૂબ આદર થતો હતો. પછી તો એ પત્રના સંચાલકો બદલાયા, એમાં નરમીગરમીની ભરતીઓટ થતી રહી, અને છેવટે ૧૮૮૫માં એનો દેહાંત થયો. હિંદી શીઘ્રસાહિત્ય ઉપર એ પત્રે સારી છાપ પાડી હતી, અને વર્તમાનપત્રથી જાહેરજીવનને કેટલી બધી સરળતા તેમજ સફળતા મળે છે તેનો સમાજને એણે ખ્યાલ આપી તેનો સ્વાદ લગાડયો હતો.

ઇ. સ. ૧૮૭૧માં અલ્મોડાથી "અલ્મોડા સમાચાર" પ્રસિદ્ધ થયું હતું. તે પછી બીજેજ વર્ષે ૧૮૭૨માં બાબુ કાર્તિકપ્રસાદે કલકત્તામાં "હિંદીદીપ્તિપ્રકાશ" નામે ત્યાંનું પહેલું અખબાર શરૂ કર્યું. આ છાપાં અત્યારની દૃષ્ટિએ કદાચ ક્ષુલ્લક ભાસે, પરંતુ અખબાર કોનસી ચિડિયાં હૈ તેનું યે જેને ભાન ન હોતું તેવા સાવ અભણ જમાનામાં એ સાહસ માટે કેટલી હિંમત, કેટલા ધૈર્ય અને કેટલા પરિશ્રમની જરૂર પડતી હશે એનો વિચાર કરીયે ત્યારે પ્રશંસાના ઉદ્ગાર સહેજે નીકળી જાય છે.

કલકત્તાના પહેલા અખબારનું સહયોગી બિહારમાં એજ સાલે નીકળેલું "બિહારબંધુ" હતું.

બે વર્ષ પછી ૧૮૭૪માં દિલ્હીમાં "સદાદર્શ" નીકળ્યું હતું પરંતુ તે "સુધા" સાથે ૧૮૭૬માં જોડાઈ જવાથી તેની નોંધ માત્ર ઇતિહાસની દૃષ્ટિએ જ ઉચિત છે. એજ વર્ષમાં, એટલે કે ૧૮૭૮માં "કાશીપત્રિકા" નામે સાપ્તાહિકની સ્થાપના થઇ એ હિંદી-ઉર્દુની વિચિત્ર ખીચડી જેવું હતું, અને બન્ને લિપિઓમાં છપાતું હતું.

ઇ. સ. ૧૮૭૬ના જ વર્ષમાં બાબુ તોતારામજીએ અલીગઢમાં "ભારતબંધુ" સાપ્તાહિક સ્થાપ્યું હતું. આ અરસામાં હિંદી શીઘ્રસાહિત્યે વેગ પકડ્યો

અને કેટલાંક ઉત્તમ સામયિકોએ તે પછીના વર્ષમાં દેખા દીધી. તેમાં કલકત્તાથી ૧૮૭૭માં પંડિત દુર્ગાપ્રસાદ મિશ્ર આદિ ગૃહસ્થોએ પ્રારંભેલા "ભારત મિત્ર"નું સ્થાન માનાર્હ છે. કલકત્તામાં તે પહેલાં "આર્યાવર્ત્ત", હિંદી બંગવાસી" (૧૮૯૦) ઈ. સામાયિકોનો પણ ઉદયાસ્ત થઈ ચૂકયો હતો, પરંતુ "ભારતમિત્ર" ચિરંજીવ રહેલું હતું.

એજ સાલે પંજાબમાં "મિત્રવિલાસ"નો ઉદ્‌ભવ પંડિત ગોપીનાથને હસ્તક થયો. એ પંજાબનું પહેલવહેલું હિંદી વૃત્તપત્ર હતું. તે પહેલાં "જ્ઞાન પ્રદાયિની" નામે ઉર્દુ–હિંદી પત્રિકા નીકળી હતી ખરી, પરંતુ તે મુખ્યત્વે બ્રાહ્મ ધર્મ સંબંધી સાંપ્રદાયિક ચર્ચા કરતી હતી, અને ટૂંક સમયમાં કાલગર્ભમાં લીન થઇ ગઇ હતી. તેવું જ "હિંદી બાંધવ" માસિક પત્રનું પણ થયું હતું. ત્યાં અત્યારે "હિંદી મિલાપ" ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી રહ્યું છે.

"મિત્રવિલાસ"ના સહયોગીઓમાં "કવિવચનસુધા", "બિહારબંધુ," "હિંદી પ્રદીપ" (૧૮૭૭), "ભારતમિત્ર", "સારસુધાનિધિ" તથા "ઉચિત વક્તા" (૧૮૧૭), "ભારતજીવન", "ક્ષત્રિય પત્રિકા" ઇ. હતાં. શરૂ થઇને ટૂંક સમયમાં લુપ્ત થયેલાં મુદ્દતીયાં તો ઘણાંયે હતાં, પરંતુ તે ખાસ નોંધયોગ્ય નથી.

શીઘ્ર સાહિત્યની આ નોંધમાં માસિકોનો ઉલ્લેખ કરવો ઉચિત ગણ્યો છે, કારણ તે સમયે એ છાપાંની ગરજ પણ સારતાં હતાં. "ઉચિત વક્તા" અને "સારસુધાનિધિ" કલકત્તામાં નકળતાં હતાં. તેમાં "સારસુધાનિધિ"નું સ્થાન ઉચ્ચતર લેખાયું છે. આ બન્ને સામયિકો ઉત્તમ સેવા કરીને લય પામ્યાં છે.

૧૮૭૯ની સાલે ઉદેપુરમાં "સજ્જનકીર્તિસુધાકર" નામે સાપ્તાહિક શરૂ થયું હતું. દેશી રજવાડાંનું એ પ્રથમ વૃત્તપત્ર ગણાય છે.

"હિંદુસ્થાન" પત્રની વિશેષતા એ હતી કે ૧૮૮૩ના ઑગસ્ટથી ૧૮૮૫ના જુલાઈ સુધી એ ઇંગ્લેંડમાં પ્રસિદ્ધ થતું હતું, કેમકે તેના

તંત્રીશ્રી એ સમય દરમ્યાન ત્યાં વસતા હતા. ૧૮૮૪ સુધી એ માસિક પત્ર હતું, અને ત્યાર પછીથી એણે સાપ્તાહિકનો સ્વાંગ લીધો, અને અંગ્રેજી ભાષાને અપનાવી. એના તંત્રીશ્રી રાજા રામપાલ સિંહ ૧૮૮૫માં પાછા સ્વદેશ પધારતાં એમણે તેનું રૂપાંતર હિંદી દૈનિકમાં કરી નાંખ્યું (તા. ૧–૧૧–૧૮૮૫), અને ત્યારથી તે હિંદી દૈનિક તરીકે ચાલે છે. હિંદના કયા પત્રનો ઇતિહાસ આના જેટલો પરિવર્તનપૂર્ણ હશે? અને એના તંત્રીઓનાં નામો તો જુઓ: ઓનરેબલ રાજા રામપાલ સિંહ, બાબુ અમૃતલાલજી, પંડિત મદનમોહન માલવીય, બાબુ લાલબહાદુર, બાબુ શશિભૂષણ, પં. શીતલપ્રસાદજી ઇ. ઈ.।

૧૮૮૩માં પ્રયાગથી "પ્રયાગ સમાચાર" અને મીરજાપુરથી ૧૮૮૯માં "ખિચડી સમાચાર" નામે છાપું પણ નીકળ્યું હતું। ૧૮૮૫માં કાનપુરનું પ્રથમ દૈનિક "ભારતોદય" પ્રગટ થયું પરંતુ થોડા મહિનામાં તે નામશેષ બની ગયું. એવા અલ્પજીવી સાપ્તાહિકોમાં કાશીનાં "આર્યમિત્ર", "મિત્ર", "સરસ્વતીવિલાસ" "ગો સેવક" "તિમિર નાશક" ઈ. કેટલાંયે ગણાવી શકાય.

વિ.સં. ૧૯૩૨ના પ્રાતઃસ્મરણીય સંવત્સરે સ્વામી દયાનંદજીએ આર્ય-સમાજની સ્થાપના કરી, અને તેના પ્રચારાર્થ ઇ. સ. ૧૮૮૫માં અજમેરથી "રાજસ્થાન" અને કલકત્તાથી "આર્યાવર્ત" નામે સામાહિકો પ્રસિદ્ધ થતાં હતાં. આર્યસમાજની પ્રવૃત્તિએ હિંદી છાપાંની સંખ્યાને દેશભરમાં વધારી મૂકી છે, એ પણ એક નોંધયોગ્ય હકીકત છે.

એજ ૧૮૮૭ની સાલે રેવા રાજ્યમાં ત્યાંના સેનાપતિએ "ભારત-ભ્રાતા"ની સ્થાપના કરી હતી. બુંદીના "સર્વહિત" (૧૮૮૯)ની પણ નોંધ અહીં લઇ શકાય. ઉપરાંત ૧૮૯૩માં પ્રસિદ્ધ કવિ ચૌધરી બદરી-નારાયણે મિરજાપુરથી "નાગરીનીરદ" સામાહિક સ્થાપ્યું હતું.

મુંબઇ ઇલાકામાં ૧૮૯૩માં "ભાષાભૂષણ" નામે હિંદી વૃત્તપત્ર નીકળ્યું હતું પરંતુ થોડા જ સમયમાં તે અલોપ થઇ ગયું હતું. એજ વર્ષમાં "બંબઇ બેપાર સિંધુ"નો પણ ત્યાં ઉદયાસ્ત થયો.

૧૯૪૧ની સાલ દરમ્યાન મુંબઇ ઇલાકામાં દૈનિકોમાં મુંબઇનું "નવ સૌરાષ્ટ્ર" અને નાગપુરનાં "લોકમત" અને "નવભારત" તથા સાપ્તાહિકોમાં "વ્યંકટેશ્વર સમાચાર" (મુંબઇ), "કરમવીર" અને "સ્વરાજ્ય" (ખંડવા), " શુભચિંતક " (જબલપુર) ઇ. વૃત્તપત્રો પરપ્રાંતમાં પણ રાષ્ટ્રભાષા મારફત વૃત્તવિવેચનના વૃંદવાદનમાં પોતાના સંગત–વિસંગત સૂર પૂરાવતાં હતાં.

હિંદીમાં માસિક પત્રોએ ખૂબ વિકાસ સાધ્યો છે, અને તેનો ઇતિહાસ ઘણોજ રસપ્રદ છે. પરંતુ એની સવિસ્તર નોંધ આ પુસ્તક માટે અપ્રસ્તુત ગણાવાના ભયથી અહીં એનું વિવેચન કરવાની લાલચને છોડી દેવી પડે છે. છતાં કલકત્તામાં "વિશાલ ભારત" અને "વિશ્વમિત્ર" તથા "ચાંદ", "માધુરી", "માયા", "વિશ્વભારતી", 'વીણા", "સરસ્વતી" આદિ જેવાં માસિકો વૃત્તવિવેચનની દૃષ્ટિએ પણ જે ઉચ્ચ કક્ષાની પ્રવૃત્તિ કરી રહેલાં છે તેની નોંધ લીધા વિના એ વિષયનો કોઇ પણ ગ્રંથ અપૂર્ણ ગણાવો જોઇએ. એમની સેવા આગળ આપણાં શીષ સહેજે નમે છે.

આજે "અભ્યુદય", "આજ", "મિલાપ", "ભારત", "હિંદકેસરી", "પ્રતાપ", "સંઘર્ષ", "વિશ્વમિત્ર", "અર્જુન", ઇ. દૈનિકો તથા સાપ્તાહિકો લોકજાગ્રતિ તથા રાષ્ટ્રપ્રગતિમાં જે ફાળો આપી રહેલાં છે, તેની ભારતના રાષ્ટ્રઘડતર ઉપર અટલ છાપ પડશે એમાં કશો સંદેહ નથી.

હિંદમાં ૧૯૪૧ ની સાલે હિંદી ભાષાનાં નોંધપાત્ર વૃત્તપત્રોમાં ૨૦ દૈનિક અને ૩૦ સાપ્તાહિકોની ગણના કરવામાં આવેલી છે. પરંતુ તે ઉપરાંત દેશને ખૂણેખૂણે ડઝનબંદ હિંદી સામયિકો પોતપોતાનાં નાનાં મોટાં ક્ષેત્રો યથાશક્તિમતિ ખેડી રહેલાં છે, જેની નામાવલી મેળવવી અશક્ય નહિ તો કષ્ટસાધ્ય તો છેજ. પરંતુ આ પુસ્તકના હેતુ માટે આટલી નોંધ પૂરતી થશે.

પ્રકરણ ૨

મહારાષ્ટ્રીય

"मराठींतील दैनिक पत्रें वाचकांची मते बनविणारी किंवा ज्ञान देणारी बहुधा समजली जात नाहींत. ती फक्त खुशखबर आणणारी व मनुष्याला आजतागायत माहितगार ठेवणारी होत. त्यांतील अग्रलेख व स्फुट सूचना या केवळ फुगवून लिहिलेल्या बातम्या होत...उद्योग, कला, इतिहास, काव्य-शास्त्र विनोद या सारखी सदरें येतात; पण ती त्या त्या विषयाची माहिती सांगण्यापेक्षां त्यांतील मजकूर वाचला कसा जाइल या चिंतेनेच भारावलेली असतात...पण ज्यांना कोणताहि विषय नव्या माहितीच्या बळावर समजून घ्यावयाचा असेल त्यानें साप्ताहिक अगर अर्धसाप्ताहिक पत्राकडेच वळलें पाहिजे." —वा. कृ. भावे

મહારાષ્ટ્રમાં પહેલું છાપખાનું પોર્ટુગીઝ વેપારીઓએ ઈ. સ. ૧૫૫૭માં શરૂ કર્યું હતું. પરંતુ આ મિશનરી પ્રવૃત્તિ ઘણાં વર્ષો સુધી ધર્મપ્રચારનાં પુસ્તકો પ્રસિદ્ધ કરવામાં જ સીમિત રહી હતી. ઈ. સ. ૧૮૨૨માં તે સમયના મુંબઈના ગવર્નર માઉન્ટસ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટનના આશ્રય નીચે બોમ્બે નેટીવ એજ્યુકેશન સોસાઇટીની સ્થાપના થઈ હતી. અને તેને ગ્રંથપ્રકાશન માટે અડધો લાખ રુપિયાની મદદ પણ મળી હતી.

એ જ સાલે ગણપત કૃષ્ણાજી નામના મહારાષ્ટ્રીય ગૃહસ્થે મુંબઈમાં છાપખાનું કાઢયું. એ ત્યાંનું પહેલું દેશી મુદ્રણ સાહસ હતું. એ ગૃહસ્થ પણ એક મિશનરી મુદ્રકને ત્યાં કામ શીખીને તૈયાર થયેલા હતા. એ

છાપખાનું ૧૮૨૨માં નંખાયું હતું. પરંતુ તેનું પ્રથમ પ્રકાશન સને ૧૮૩૧નું પંચાગ હતું. મુદ્રણનાં સાધનો તૈયાર કરતાં ગણપતરાવને એ પ્રમાણે નવ વર્ષ લાગ્યાં હતાં. એ મુદ્રણસંસ્થા લગભગ સો વર્ષ સુધી ચાલી હતી.

મરાઠી વૃત્તવિવેચનનો ઇતિહાસ ચમત્કારિક છે. તેની વિગતોમાં ઉતરવાની લાલચને રોકવી દુષ્કર છે. પરંતુ આ ગ્રંથની સીમા તેની મર્યાદાને પણ અનુલ્લંઘનીય રીતે બાંધી દે છે. સર્વથી પ્રથમ મરાઠી સામયિક કયું તેનો નિર્ણય કરવા બેસતાં ચર્ચામાં પડી જવાય. વૃત્તવિવેચનના ક્ષેત્રમાં શ્રેષ્ઠ મહત્ત્વ રાજકીય વિષયોને પ્રાધાન્ય આપતાં અને તેમાં પણ દૈનિક પ્રકાશનને હોય, એ દેખીતું છે. અને મુદત વધવા સાથે પ્રમાણમાં મહત્ત્વ ઘટતું જાય છે, જેવાં કે દ્વિવારિક, અર્ધ સાપ્તાહિક, પાક્ષિક, માસિક ઈ. અને તેમાં પણ કોઇ ધંધારોજગાર અંગે નીકળતા સામયિકનું જાહેર મહત્ત્વ તો તેથી પણ ઓછું અંકાય તો નવાઇ નહિ. તેવા વ્યાવસાયિક કાર્યક્ષેત્રવાળાં સામાયિકો મરાઠીમાં સવાસો વર્ષથી નીકળતાં હોવાના દાખલા પ્રયત્નપૂર્વક ખોજ કરતાં મળી આવે એ સંભવિત છે. પરંતુ રાજકીય સ્વરૂપનું અને ધોરણસરનું પ્રથમ વૃત્તપત્ર સાપ્તાહિક "પ્રભાકર" હતું, એવો ૧૯૪૧ના મે મહિનાની ૧૮મી તારીખે પૂનામાં ગ઼ળેલા મરાઠી પત્રકારપરિષદના બીજા અધિવેશનના અધ્યક્ષ પ્રાધ્યાપક નરહર રઘુનાથ ફાટકનો અભિપ્રાય છે. એ અધિવેશનની બરાબર એક શતાબ્દ પહેલાં ૧૮૪૧માં "પ્રભાકર" નો પ્રભવ મહાશુભસ્થાને મુંબાઈ નગરીમાં થયો હતો. એ શતાબ્દિના સંયોગે પ્રા. ફાટકના મંતવ્યના ઘડતરમાં ઓછોવત્તો ફાળો આપ્યો હોય તો આશ્ચર્ય નહિ. કારણ, "પ્રભાકર" પહેલાં, ૧૮૩૨માં બાળાશાસ્ત્રી જાંભેકરે મુંબઇમાં વૃત્તપત્રની સ્થાપના કરી હતી એવું વિધાન શ્રી. વાસુદેવ કૃષ્ણ ભાવેના "શીઘ્ર સાહિત્યાદર્શ" નામક પુસ્તકમાં જોવામાં આવે છે. વળી એ ગ્રંથ પ્રમાણે તો "પ્રભાકર" નો જન્મ પણ ૧૮૪૧માં નહિ

પરંતુ તેનાથી એક વર્ષ પહેલાં, ૧૮૪૦માં થયો હતો અને ૧૮૪૧માં તો ખ્રિસ્તી મિશનરીઓએ "જ્ઞાનોદય" નામનું સાંપ્રદાયિક ચોપાનિયું કાઢ્યું હતું, એવું વિહિત થાય છે.

પરંતુ એ વિગતભૂલ મહત્વની નથી. "પ્રભાકર" પત્રે મરાઠી પત્રકારત્વના પ્રારંભમાંજ ઠીકઠીક શકકો પાડયો હતો એવું તે સમયની ઉપલબ્ધ હકીકત ઉપરથી સૂચિત થાય છે. એની સ્થાપના પહેલાંનાં મરાઠી મુદ્રતીયાં મોટે ભાગે પાદરીઓના ધર્મપ્રચારના પ્રયત્નોનાં અંગરૂપ હતાં. પ્રાધ્યાપક ફાટકના શબ્દોમાં કહીએ તો

> "પ્રભાકર સાપ્તાહિકોમાં પ્રસિધ્ધ થતાં લખાણોનું નિરીક્ષણ કરતાં પહેલી વાત નજરે એ ચઢે છેકે તે સમયે પણ બ્રિટિશ રાજ્ય પરત્વે જાણકાર લોકોમાં સમજ વગરની નિષ્ઠા નહોતી."

પેશવાઈ ગયાના ડંખનો ચચરાટ એ સાપ્તાહિકમાં દૃષ્ટિગોચર થાય છે:

> 'બ્રિટિશ રાજ્ય વિષે, તે પ્રભુની કૃપાથી હિંદુસ્થાનમાં અવતર્યું છે એ પ્રકારની ભાવના "પ્રભાકર" પત્રના સંચાલકોના હૃદયમાં વસતી નહોતી એવું સ્પષ્ટ પણે દેખાયા વિના રહેતું નથી. ઘણા લોકો એવું માનતા દેખાય છે કે પેશવાઈ ગયા પછી સુમારે ૫૦–૫૫ વર્ષ સુધી હિંદી જનતાને સ્વદેશાભિમાન કે સ્વાભિમાન શું કહેવાય તેની માહિતી જ નહોતી."

ફાટકજીએ એ માન્યતાનું આગ્રહપૂર્વક અને સપ્રમાણ ખંડન કર્યું છે, અને બ્રિટિશ રાજસત્તાના એ પ્રારંભ કાળમાં પણ શિષ્ટ વર્ગોમાં લોકલાગણી કેટલી ઉત્તેજિત હતી, તેનું દિગ્દર્શન એમણે પોતાના વ્યાખ્યાનમાં કરાવ્યું છે.

પૂનામાં ૧૮૪૧ માં "જ્ઞાનપ્રકાશ" સાપ્તાહિકે દેખા દીધી હતી, અને તેના જન્મદાતા કૃષ્ણાજી ત્ર્યંબક રાનડે હતા. તે પછી ૨૩ વર્ષનો ખાલી ગાળો પડે છે. ૧૮૬૪ માં મુંબઈમાં પ્રખ્યાત સાપ્તાહિક "ઇન્દુપ્રકાશ" નો ઉદય થયો. આ પ્રકાશનયુગલમાં અંગ્રેજી કોલમો પણ આવતાં હતાં. દેશી ભાષાનાં લખાણ સરકારની આંખ સુધી પહોંચી શકે નહીં તેથી એ કાર્ય અર્થે અંગ્રેજી વિભાગ પણ રાખવો જોઈએ, એ ખ્યાલથી

હિંદનાં બીજાં ઘણાં દેશી વર્તમાનપત્રોની જેમ મરાઠીમાં પણ થોડું લખાણ અંગ્રેજીમાં આવતું હતું. વળી અંગ્રેજીના ભણતરમાં ગર્વ લેવાના એ જમાનામાં એવો વિભાગ છાપાની પ્રતિષ્ઠામાં ઉમેરો કરનારો લેખાતો હતો. આ પ્રકાશનયુગલનાં અંગ્રેજી કોલમોમાં બાબા ગોખલે, મહાદેવ ગોવિંદ રાનડે વગેરે પ્રસિદ્ધ વિદ્વાનોનાં લખાણુ આવતાં હતાં.

સતારામાં ૧૮૫૧ માં "શુભસૂચક", બેલગામમાં "બેલગાંવ સમાચાર" (૧૮૬૪), અકોલામાં "વરાડ સમાચાર (૧૮૬૬)", થાણામાં "અરુણોદય" અને તે ઉપરાંત "જન્મમિત્ર", "સૂર્યોદય" ઇ. નામો પણ મરાઠી વૃત્ત-સાહિત્યને લગતાં લખાણોમાં નજરે પડે છે. શ્રી. વા. કૃ. ભાવે પોતાના "શીઘ્રસાહિત્યાદર્શ" માં લખે છે :

"ઉપરના વિવેચન ઉપરથી મહારાષ્ટ્રમાં વર્તમાનપત્રોનાં સામાન્ય ધોરણ તથા ઉદ્દેશ તરફ ધ્યાન ખેંચાય એવું છે. પરંતુ અહીં એ લક્ષમાં રાખવું જોઇએ કે સન ૧૮૮૦ સુધી મહારાષ્ટ્રમાં જેને સુશિક્ષિત કહી શકાય તેવા લોકો વૃત્તપત્રના ધંધામાં વધારે આગળ પડયા નહોતા. જે કોઇ સુશિક્ષિત એટલે કે પદવીધર લેખકો છાપામાં લખતા, તે વર્તમાનપત્રના માલિક કે સંપાદક નહોતા. તેઓ બહાર રહીને લેખ મોકલતા...પદવીધર એ વસ્તુજ નવીન હતી, તેથી જેટલા પદવીધર બહાર પડતા તેમને માટે સરકારી નોકરીમાં જેના તેના હિસ્સા પ્રમાણે જગા રાખેલી જ હતી, અને તેથી તેઓ ત્યાં વગર મહેનતે જઇ બેસતા, અને જેને સાર્વજનિક કાર્ય કહી શકાય તેવા જીવનવ્યવસાય માટે સ્વાભાવિક રીતે બહુજ થોડા બાકી રહેતા."

સુશિક્ષિત અને વિદ્વાન હોવા છતાં છાપાંની દુનિયા તરફ આકર્ષાઇ આવેલાં હોય એવાં સ્મરણીય નામોમાં વિષ્ણુ શાસ્ત્રી ચિપલુણકર અગ્રસ્થાને ગણાય છે. તેમણે "નિબંધમાલા" નામે માસિકશ્રેણી સ્થાપી હતી.

આ સફળ સાહસે બીજા તરુણ વિદ્વાનોનું પણ લક્ષ તે તરફ ખેંચ્યું, અને તેને પરિણામે "આર્યભૂષણ" છાપખાનું તથા "કેસરી" અને "મરાઠા" એ સાપ્તાહિકોનો જન્મ થયો (૧૮૮૧). હિંદભરમાં સર્વત્ર

તેજસ્વી યુવાનોમાં વર્તમાનપત્રો સ્થાપવા અને લોકમતને કેળવવાની હોંશ તથા સેવાભાવના ઉમંગનો એ સમય હતો, અને તેણે વૃત્તવિવેચનની દુનિયાની આખી શકલ બદલી નાખી હતી. ચાર વર્ષ પછી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થઇ, અને જે રાષ્ટ્રભાવનાનું પ્રચંડ મોજું દેશ સમસ્ત ઉપર તેને પરિણામે ફરી વળ્યું, તેણે દેશી પત્રકારત્વની કાયાપલટ કરી નાખી, એમ કહીયે તો ચાલે.

એકજ પત્રમાં બે ભાષાનો ઉપયોગ ન કરતાં "કેસરી" આખું મરાઠીમાં અને "મરાઠા" અંગ્રેજીમાં નીકળે, એવી વ્યવસ્થા તેના સંચાલકોએ કરીને મરાઠી વૃત્તવિવેચનમાં નવો ચીલો પાડયો હતો. આગરકર અને લો. ટિળક જેવા લેખનના મહારથીઓની એ પત્રોને ઓથ હતી.

મહારાષ્ટ્રીય વૃત્તપત્રના ક્ષેત્રમાં પહેલો નોંધયોગ્ય સનસનીદાર બનાવ તે કોલ્હાપુરના દિવાને આ બે પત્રો ઉપર બદનક્ષીની માંડેલી ફરિયાદ: એ મુકદ્દમામાં આગરકર અને ટિળક ઉભયને ચાર ચાર મહિનાનો કારાવાસ પ્રાપ્ત થયો. પરંતુ તેથી એ પત્રોની કીર્તિને તો અવર્ણનીય લાભ થયો હતો.

૧૮૮૭ના ઑક્ટોબર મહિનામાં આ પત્રયુગલનો કારભાર લોકમાન્યે સંભાળી લીધો અને તેમાંથી આગરકરે છૂટા થઇને "સુધારક" નામનું સાપ્તાહિક શરૂ કર્યું હતું, જેનું ક્ષેત્ર મુખ્યત્વે સામાજિક વિષયોનું હતું.

૧૮૯૭માં ચાફેકર ભાઇઓએ બે અંગ્રેજોના ખૂન કર્યાં હતાં, તે "કેસરી"ના લખાણથી ઉત્તેજિત થઇને કર્યાં હતાં, એવા આરોપસર લોકમાન્ય ઉપર રાજદ્રોહનો ખટલો ચાલીને તેમને દોઢ વર્ષની સખ્ત મજૂરીની સજા થઇ. અને એ અશુભમાંથી પણ શુભ પરિણામ એ આવ્યું, કે "કેસરી"ની લોકપ્રિયતામાં એ કારણે અદ્‌ભુત પ્રમાણમાં ઉમેરો થયો.

૧૮૯૭માં ગોપાલ કૃષ્ણ ગોખલેએ "જ્ઞાનપ્રકાશ" હાથમાં લઇને તેને સવારે પ્રકટ થતું દૈનિક કર્યું હતું, અને મુંબઇમાં "ઇન્દુપ્રકાશ" પણ સાંજનું દૈનિક થયું.

વા. કૃ. ભાવે લખે છેઃ "સન ૧૮૪૧માં "જ્ઞાનપ્રકાશ" પત્ર નીકળ્યું ત્યારથી ૧૮૮૧ ની સાલે "કેસરી" પત્ર શરૂ થયું, તે સુધીમાં ૩૨ વર્ષ વીત્યાં. આ ૩૨ વર્ષનો પહેલો કાળખંડ છે. તે દરમ્યાન વૃત્તપત્રોએ બોધ અને મનોરંજનથી વિશેષ કાર્ય કર્યું નહોતું. ૧૮૮૧ થી ૧૮૯૭ સુધીનાં ૧૬ વર્ષનો કાળખંડ નાનો છતાં મહત્વનો હતો. એ દરમ્યાન વર્તમાન-પત્રોએ પોતાનો રાહ રાજકારણી ક્ષેત્રમાં રીતસર લંબાવ્યો. ૧૮૯૭ થી ૧૯૦૮ એ ત્રીજો કાળખંડ, એ બીજા ગાળા કરતાં પણ નાનો ગાળો હોઇ "કેસરી"ની આગેવાની નીચે રાષ્ટ્રીય પક્ષનાં નવાં પત્રો મહા-રાષ્ટ્રનાં મુખ્ય શહેરોમાં સ્થપાયાં."

આ છાપાં, તે પુનાનું "કાળ" અને "ભાલા", સોલાપુરનું "સ્વ-રાજ્ય", મુંબઇનું "વિહારી", ઇસ્લામપુરનું "પ્રતોદ", યવતમાળનું "હરિ-કિશોર", નાગપુરનું "દેશસેવક" ઈ. ઈ.. થાણાના "હિંદુ પંચ"માં રમુજ અને ઠઠ્ઠાચિત્રો રૂપે પણ વૃત્તવિવેચનનો પ્રકાર ચાલતો હતો.

૧૯૦૮ માં મુંબઇમાં "રાષ્ટ્રમત" દૈનિકનો પ્રારંભ થયો. એ બંગ-ભંગ અને બંબ રિવોલ્વરનો સમય! એના પડઘા મહારાષ્ટ્રમાં પણ પડયા, અને ટિળકને છ વર્ષ તથા "કાળ"ના તંત્રી શિવરામ મહાદેવ પરાંજપેને ૧૯ મહિનાની સખ્ત કેદ થઈ; ઉપરાંત "વિહારી", "સ્વરાજ્ય", "વંદેમાતરમ્" તથા "હિંદુ પંચ"ના તંત્રીઓ પણ જેલવાસી થતાં એ પત્રો બંધ પડયાં. નવું "રાષ્ટ્રમત" અને "કાળ"ની પણ તેજ અવસ્થા થઇ. ૧૯૦૮ થી ૧૯૧૪ નો ટિળકના માંડલેના કારા નિવાસનો સમય મરાઠી વૃત્તવિવેચન માટે અમંગળ હતો. પ ...પાછા આવતાંજ પુનઃ તેની બજાર તેજ થઇ. અને અ... કરે મુંબઇમાં "સંદેશ" દૈનિક સ્થાપ્યું.

૧૯૧૪–૧૯૧૯ ના મહાયુધ્ધે દેશી વર્તમાનપત્રોમાં વળી એક નવો પલટો આણ્યો. અને તેનો પડઘો મરાઠી છાપાં ઉપર પણ પડયો. કેસરીની સેવામાં કૃ. પ્ર. ખાડિલકર, અને નૃ. ચિં. કેળકર જેવા સમર્થ પત્રકારો જોડાયા હતા. "કેસરી"ની લોકપ્રિયતા ૧૯૨૦ માં પરાકાષ્ટાએ પહોંચેલી કહેવાય, કેમકે તે સમયે એની ૩૫,૦૦૦ નકલો ખપતી હતી. તે સમયનાં દેશી વર્તમાનપત્રોમાં આને રેકૉર્ડ કહી શકાય.

દૈનિક પત્રોના ફેલાવા સાથે સાપ્તાહિકોનું પ્રારબ્ધ નબળું પડયું, અને "સ્વરાજ્ય", "સુધારક", "જગદ્હિતેચ્છુ", "જ્ઞાનચક્ષુ", "વ્યાપારી" "કરમણુક" ઇ. અઠવાડિકો બંધ પડયાં. આ અધઃપતનમાં અંગ્રેજી સામયિકોમાં થયેલા પ્રચંડ પરિવર્તન તથા પ્રગતિએ પણ મહત્વનો ભાગ માત્ર મહારાષ્ટ્રમાં જ નહિ પરંતુ દેશભરમાં ભજવ્યો હતો.

૧૯૧૯ માં મુંબઇમાં "લોકસંગ્રહ" નામનું મરાઠી દૈનિક શરૂ થયું હતું. ૧૯૨૦ નું વર્ષ મહત્વનું છે, કેમકે ત્યારથી એ પ્રશ્ન ઉભો થયો, કે મહારાષ્ટ્રે ગાંધીજીના માર્ગને અપનાવવો, કે પછી અલગ વાડો બાંધીને નિષ્ક્રિય બેસી રહેવું ! અને એ મંથનના એક પરિણામ રૂપે તેજ વર્ષમાં 'લોકસંગ્રહ'નો લોપ થયો. તેનું સ્થાન લેવા માટે કેટલાક પ્રયાસો કરવામાં આવ્યા હતા; તેમાં "કેસરી"ના જૂના જોગી ખાડિલકર દાદાનું "લોકમાન્ય" સવિશેષ નોંધપાત્ર ગણાય. પરંતુ એ પત્રની માલિક કંપની સાથે બરાબર ફાવટ ન આવતાં એ સમર્થ સાહિત્યકાર તેમજ વૃત્ત-વિવેચકે "નવા કાળ" ને જન્મ આપ્યો અને તેજ સમયમાં "પ્રભાત" દૈનિક પણ મુંબઇમાં મંડાયું. ચોથું દૈનિક "નવશકિત" પણ તેનું સહયોગી બન્યું, પરંતુ તે થોડોજ સમય જીવતું રહેવા પામ્યું હતું.

ડગમગ ડગમગ થતા, વૃદ્ધાવસ્થાથી જર્જરિત બનેલા "ઇન્દુપ્રકાશ" દૈનિકનો પો[illegible] અભાવે એજ અરસામાં દેહાન્ત થયો હતો.

૨[illegible] પૂનાનું મરાઠી દૈનિક "સકાળ" પણ આ સ્થળે
[illegible] ંતરને રજૂ કરવાની પદ્ધતિને ઉંચી કક્ષા ઉપર

આણી, અને તેને સુવ્યવસ્થિત કરવાનું મરાઠીમાં પ્રથમ માન એ પત્ર ખાટી જાય છે.

દૈનિકોના આક્રમણના ફળરૂપે અઠવાડિકોનો પ્રાયઃ અસ્ત થયો છે, અને કેટલાંક સાપ્તાહિકોએ અર્ધ સાપ્તાહિકનો નવો સ્વાંગ સજ્યો છે. દા. ત. નાગપુરનું "મહારાષ્ટ્ર," ઉમરાવતીનું "ઉદય" ઇ.. અને એ ફેશનની સ્થાપના કરનાર પણ બીજું કોઈ નહિ પણ એજ જૂનું જોગી "કેસરી" હતું.

અઠવાડિકોમાં ધુળીઆનું "પ્રબોધ," રત્નાગિરિનું "બલવંત", પેણનું "કુલાવા સમાચાર," સતારાનું "ઐક્ય" તથા "સમર્થ," સાંગલીનું "દક્ષિણ મહારાષ્ટ્ર," મુંબઈનાં "વિવિધવૃત્ત," "ચિત્રા," "મૌજ," "ધનુર્ધારી," ઇ. છાપાં ઉચ્ચ કોટિનાં નહિ હોવા છતાં "પીળા પત્રકારત્વ"ના રાહે તેમનો પ્રચાર ઠીક ઠીક થાય છે. તેમાં વડોદરાના "જાગૃતિ" ને પણ કેમ વિસરાય? એનો રૌપ્ય ઉત્સવ ૧૯૪૨ ના ઓક્ટોબરમાં જ ઉજવાયો છે. વડોદરાનું તેવું બીજું મરાઠી પત્ર "કપ્તાન" છે.

આ ઉપરાંત બીજાં કુડીબંધ છાપાં ઉગ્યાં, અને આથમ્યાં, અને કેટલાંક હજી ચાલુ હશે પણ ખરાં. વિશિષ્ટ હેતુઓ માટેનાં વિશિષ્ટ પત્રો પોતપોતાનાં ક્ષેત્રને ખેડે છે. જેમ રાજકારણી, સામાજિક તેમજ ધાર્મિક વાડા વધે છે, તેમ તેમનાં "મુખપત્રો" પણ ફુટી નીકળે છે. ઘણી સંસ્થાઓ પોતપોતાનાં આગવાં છાપાં પણ ચલાવે છે.

ઘણાંખરાં પત્રો પોતાના જીવનને ટકાવવા માટે "ચટકદાર" બાબતોનો આશ્રય વિશેષ પ્રમાણમાં લે છે, અને માનવસ્વભાવમાં રહેલા હીન અંશને પોષી, ફોસલાવી ને તેમાંથી પોતાનો નિર્વાહ કરે છે.

પરંતુ બીજે પક્ષે ઉન્નત મરાઠી પત્રકારત્વનો ગરવો ગંભીર પ્રવાહ પોતાનો વિશિષ્ટ પ્રભાવ પાડતો અખંડ વહ્યા કરે છે, અને લોકમત ઉપર પોતાની અનોખી છાયા પાથર્યા કરે છે.

પ્રકરણ ૩

બંગાળી

" In the address we made a pointed reference to the report about the coming restrictions on ths Press. ...The Viceroy, as might be expected, was reticent and said nothing in reply to this part of the address. We felt that we had done our duty in communicating our hopes and fears, and for the time the matter ended there. Within less than fifteen months, the vernacular Press all over India, save that of Madras was muzzled."

—*Surendranath Banerjea* (*1877*).

બંગાળાના દેશી પત્રકારત્વના મૂળમાં પણ ખ્રિસ્તી મિશનરીઓનો ધર્મના વટાળનો જુસ્સો દેખા દે છે. બંગાળી ભાષાનું પ્રથમ છાપું તે "દિગ્દર્શન". એની સ્થાપના ઈ. સં. ૧૮૧૮ના એપ્રીલ મહિનામાં થયેલી જણાય છે. તે પહેલાં યુરોપીયન છાપાં ઠીક ઠીક સંખ્યામાં નીકળી ચૂકેલાં હતાં. "દિગ્દર્શન"ની સ્થાપના બેપ્ટિસ્ટ મિશને સીરામપોરમાં ખ્રિસ્તી મતપ્રચાર અર્થે કરી હતી. જૉન માર્શમન નામના પાદરીએ નોંધ કરી હતી કે ૧૮૧૮ની સાલે "નેટિવ લોકોની ઉન્નતિ અર્થે સરકારના ઉન્નત વિચારોને ટેકો આપવા માટે અમે "સમાચારદર્પણ" નામે સાપ્તાહિક અખબાર કાઢેલું છે, જે બંગાળાનું પહેલું છાપું છે."

આ અખબારને સરકારે પ્રમાણમાં સારો આશ્રય આપ્યો હતો. આ બન્ને છાપાંના સ્થાપક અને સંચાલક અંગ્રેજો હતા તે છતાં રખે સરકાર બહાદુર નારાજ થઈ જાય, એ આશંકાથી એમણે બીતાં બીતાં એ સાહસ ખેડયું હતું.

૧૮૨૧માં શ્રી. ભવાનીચરણ બેનરજીએ "સંવાદકૌમુદી" પ્રકટ કર્યું. બેપ્ટિસ્ટ મિશનના ધર્મપ્રચારના ઉત્સાહનો જે અતિરેક હિંદુ સંસ્કૃતિની બદગોઇ કરી રહેલો હતો તેના પ્રતિકાર રૂપે રાજા રામ-મોહનરાયે આ અખબારનું તંત્રીપદ લઈને પોતાની તેજસ્વી વાણી વહાવી હતી. ઍડમ્સ રેગ્યુલેશન્સ સામેની લડતમાં રાજા રામમોહનરાયે દર્શાવેલી નિપુણતા અને હિંમત હજી પણ પત્રકારોને પ્રેરણા આપી રહેલ છે. આ પ્રખર સુધારક–વિદ્વાને એમના સમયમાં બંગાળી વૃત્તવિવેચનની ખૂબ સેવા કરી હતી.

શ્રીયુત ભવાનીચરણ બેનરજીના બીજા પ્રકાશન સાપ્તાહિક "સમાચાર ચંદ્રિકા"એ પ્રથમ દર્શન તા. ૧૪–૪–૧૮૨૩ના દિને દીધાં હતાં. એજ વર્ષના એજ મહિનામાં, "સમાચાર ચંદ્રિકા"ના પ્રકાશન પછી એક જ અઠવાડિયે ગોવિંદચંદ્ર કૌર અને આનંદ ગોપાલ મુખો-પાધ્યાયે 'સંવાદ કૌમુદી"નો વહિવટ સંભાળી લીધો, અને રાજા રામ-મોહનરાય તેમાં જોડાયા.

૧૮૨૮માં લોર્ડ બેન્ટિન્ક સમક્ષ રજૂ થયેલા એક નિવેદન ઉપરથી ફલિત થાય છે કે ૧૮૨૪થી ૧૮૨૬ના અરસામાં કલકત્તામાં બંગાળી ભાષામાં ત્રણ, ફારશીમાં બે અને હિંદીમાં એક એમ દેશી ભાષાનાં કુલ છ છાપાં નીકળતાં હતાં.

બંગાળાના વૃત્ત વિવેચનના પ્રારંભથી જ તેનો પ્રગાઢ સંબંધ સંસાર સુધારણાની ઝુંબેશ સાથે રહેલો જોવામાં આવે છે. "સંવાદ કૌમુદી"નું સુકાન રાજા રામ મોહનરાયે એ હેતુથી લીધું હતું, તે આપણે જોઈ

સ્થા. ૧૮૩૦ના એપ્રિલ મહિનાની ૧૦મી તારીખે દ્વારકાનાથ ટાગોર, પ્રસન્નકુમાર ટાગોર અને રાજા રામ મોહનરાયે પોતાની સુધારક પ્રવૃત્તિના વધારે કાર્યસાધક સંચાલન માટે "બંગદૂત" પત્રનો પ્રારંભ બંગાળી અને તે સમયની મોગલ સલ્તનતની રાજભાષા ફારશીમાં કર્યો હતો.

એ સાલે બંગાળીમાં "પ્રભાકર", "ચંદ્રાદે" તથા "મહાજન દર્પણ" એ ત્રણ દૈનિક; "ભાસ્કર" અઠવાડિયે ત્રણ વાર પ્રસિદ્ધ થતું છાપું; "ચંદ્રિકા" અને "રસરાજ" એ બે અર્ધ સાપ્તાહિક; "જ્ઞાનદર્પણ", "બંગદૂત", "સાધુરંજન", 'જ્ઞાન સંચારિણી", "રસાસાગ્વેવ", "રંગપુર બર્તબાહુ" અને "રસમુદ્ગર" એ સાત સાપ્તાહિક, બે પાક્ષિકો અને એક માસિક, એટલાં છાપાં નીકળતાં હતાં. તે સમયે ત્યાં અંગ્રેજી છાપાં ૩૩ હતાં.

ઇ. સ. ૧૮૩૧ અને ૧૮૩૩ના બે વર્ષના ગાળામાં આ વૃત્તપત્રાવલીમાં ઇશ્વરચંદ્ર ગુપ્તનું સાપ્તાહિક "સંવાદ પ્રભાકર," પ્રેમચંદ રાૅયનું "સંવાદ સુધાકર," દુલ્લભચંદ્ર ચટ્ટોપાધ્યાયનું દૈનિક "નિત્યપ્રકાશ," મધુસૂદન દાસનું અઠવાડિક "સંવાદ રત્નાકર," ભુવનમોહન વંદોપાધ્યાયનું "સંવાદ મયુખ," બેનીમાધવ ડેનું "સંવાદસાર સંગ્રહ," ઇશ્વરચંદ્ર દત્તનું 'સંવાદ સૌદામિની," મહેશચંદ્ર પાલનું "સંવાદ રત્નાવલી," રસિકકૃષ્ણ માલિકનું "જ્ઞાન આનેશુન"—એટલાં નામો ઉમેરાયાં.

આ ટીપ બતાવી આપે છે કે કેટલી હદ સુધી બંગાળાના સુપ્રસિદ્ધ સમાજસુધારકોએ પોતાના જીવન કાર્યની સિદ્ધિ અર્થે વૃત્તપત્રોને સાધન બનાવવાનું યોગ્ય લેખ્યું હતું.

૧૮૩૬માં બંગાળાનાં છાપાં અને તેના ફેલાવાના આંકડા લૉર્ડ ઑકલેન્ડને સાદર કરવામાં આવેલા એક નિવેદનમાં વાંચવામાં આવે છે. તે આ રહ્યા :

સમાચાર ચંદ્રિકા—૨૦૦થી ૨૫૦

બંગાળી

સમાચાર દર્પણ–૩૯૮

બંગદૂત–૭૦થી ઓછા

પૂર્ણચંદ્રોદય–૧૦૦

જ્ઞાન આનેશુન–૧૫૦થી ૨૦૦

૧૮૬૯માં "સંવાદ રસરાજ" અને "સંવાદ ભાસ્કર"ની લોકપ્રિયતા વિશેષ હતી. તે પછીનાં નોંધયોગ્ય છાપાં તે "શોમપ્રકાશ" અને 'ગ્રામવાર્તા પ્રકાશિકા" (૧૮૬૩). ૧૮૬૮માં "અમૃતબઝાર પત્રિકા"નો બંગાળી સાપ્તાહિક રૂપે જન્મ થયો હતો, પરંતુ સંજોગવશાત કેટલાક સમય પછી, "વર્નાક્યુલર પ્રેસ એક્ટ"ને થાપ આપવા માટે તેનું અંગ્રેજીમાં રૂપાન્તર થઇ ગયું હતું. એ ઐતિહાસિક સાહસ ખેડનાર હેમંતકુમાર, શિશિરકુમાર અને મોતીલાલ, એ ત્રણ ઘોષ બંધુઓ હતા. આ પરાક્રમી ત્રિપુટીએ રૂા. ૩૨ની મુડીથી આ વિકટ કામ ઉપાડયું હતું. અને આજે...

આ તબક્કે વૃત્તપત્રના ક્ષેત્રમાં કેશવ ચંદ્ર સેને "સુલભ સમાચાર" સ્થાપીને પોતાની પ્રખ્યાત પ્રચારપટુતાને અવકાશ આપ્યો હતો (૧૮૭૦) અને બ્રહ્મસમાજનું એને મુખપત્ર બનાવ્યું હતું. તે સમયે બાજુ કિશોરી મોહન ગાંગુલીનું 'હાલીશહર પત્રિકા' પણ સુપ્રસિદ્ધ હતું.

૧૮૭૩ માં સર જયોર્જ કૅમ્પબેલે બંગાળામાં દેશી ભાષાનાં છાપાં સંબંધે તપાસ કરાવી હતી, તે ઉપરથી જાણી શકાય છે કે તે સમયે બંગાળ ઇલાકામાં ૩૮ દેશી વૃત્તપત્રો નીકળતાં હતાં.

દમનનીતિમાંથી આંદોલનોને, તથા આંદોલનોના પ્રાણ શાં સમાચાર-પત્રોને ખૂબ પોષણ મળી રહે છે, એનો અનુભવ દેશી છાપાંને તો, તેણે સ્પષ્ટભાષી થવા માંડયું, તેને સ્વમાનની વાચા ફૂટી, ત્યારથી જ થવા લાગેલો છે. કલકત્તાની હાઇકોર્ટમાં એક મુકદ્દમો આવ્યો. તેમાં

મુખાની અંગે મંદિરની એક મૂર્તિને હાજર કરવામાં આવી. હિંદુઓની ધાર્મિક લાગણી પોતાના દેવના આવા અનાદરથી દુભાય એ સ્વાભાવિક છે. સર સુરેંદ્રનાથ બેનરજીએ આ કૃત્ય સામે તા. ૨–૪–૧૮૮૩ ના રોજ પોતાના અખબાર "બંગાળી"માં ટીકા કરી. ન્યાયમૂર્તિઓને તેમાં પોતાનો અનાદર થયેલો ભાસ્યો, અને બંગાળના સિંહ ઉપર કામ ચાલી તેમને બે મહિનાના કારાવાસની સજા થઇ. સર સુરેને તેના સંબંધમાં લખ્યું હતું કે "જાહેર ફરજ બજાવતાં કેદ વેઠનાર હું મારા જમાનાનો પ્રથમ હિંદી હોવાનો મારો દાવો છે."

આ મુકદ્દમાની અસર વિશે લખતાં તેઓ કહે છે :

"એનાથી વૃત્તવિવેચનને વેગ મળ્યો. મર્હુમ કેશવચંદ્રસેને "સુલભ સમાચાર"નું સંચાલન પૈસા અખબાર રૂપે આરંભ્યું હતું પરંતુ સસ્તાં છાપાં પ્રકટ કરવાની પ્રવૃત્તિ નરમ પડી ગઈ હતી. પણ હવે સમાચાર જાણવાની લોકઉત્કંઠા ઉત્કટ બની જતાં એ પ્રવૃત્તિને પુનર્જીવન મળ્યું. બાબુ જોગેંદ્રનાથ વસુએ "બંગબાસી" નામે અખબાર કાઢ્યું. અને બાબુ ક્રિસ્ટો કુમાર મિત્રે પણ તેનું અનુસરણ કર્યું. "બંગવાસી" અને "સંજીવની" બંગાળાના અખબારજગતમાં મહત્ત્વનું સ્થાન હજી પણ સંભાળી રહેલાં છે."

અહીંથી બંગાળના આધુનિક વૃત્તપત્રોનો જમાનો શરૂ થયેલો કહી શકાય. દેશના રાજકારણની ચડતી પડતી સાથે બંગાળાનાં છાપાં પણ અન્ય પ્રાંતીય સહયોગીઓની જેમ હેલે ચઢયાં હતાં, બલ્કે બાબુ તુષાર કાંતિએ એક પત્રકાર પરિષદમાં સ્વાગત કરતાં કહ્યું હતું તેમ, બંગાળની વિશિષ્ટતા એ છે કે છાપાંલક્ષી જબરદસ્તીનો ઝપાટો સહેવાનો યોગ હિંદના બીજા કોઈ પણ દેશી અખબારસમૂહ કરતાં બંગાળાને વિશેષ પ્રમાણમાં મળતો રહેલો છે, અને એક ખાસ કાયદો (બંગાળ ઑર્ડિનન્સ) પોતાને માટે જ ઘડાયેલો હોવાનું માન તે ખાટી જાય છે. વર્નાક્યુલર પ્રેસ ઍક્ટ બંગાળી "અ. બ. પત્રિકા" ને અનુલક્ષીને જ ઘડાયો હતો. એ અખબારે તો પોતાના સમર્થ તંત્રીઓની તેજસ્વી કલમરૂપી સાધન વડે રાજ-

સત્તાને કેટલીયે વાર તેના સુંવાળાશના પીછોડા ફગાવી દઈ નગ્ન કઠોર સ્વરૂપમાં પ્રકટ થવાની ફરજ પાડી છે.

આપણે ૧૯૩૯ની યુદ્ધઘોષણા સુધીના પત્રસંચાલનની જ નોંધ આ ગ્રંથમાં લીધી છે અને તે પછીની જબરી ઉથલપાથલો હજી ચાલુ હોઇ તેનું વિવેચન કરેલું નથી. એ વર્ષે બંગાળામાં પ્રસિદ્ધ થતાં દેશીભાષાનાં વૃત્તપત્રોની નામાવલી જોતાં "આનંદ બઝાર પત્રિકા," "આઝાદ," "વંદે માતરમ," એ દૈનિકો; "બંગબાસી," "બસુમતી," "દેશ," "હનફી," "હિતવાદી," "મુહમ્મદી," "નવશક્તિ," "સંજીવની," "સ્વદેશ" અને "પંચાયત" એ પ્રમુખ સાપ્તાહિકોનાં નામ જોવામાં આવે છે. આ વૃત્તપત્રોએ અને તેમના અનેક પુરોગામીઓએ પોતાની ફરજ બજાવતાં ખૂબ તડકાછાંયડી અનુભવી છે, તથા રાષ્ટ્ર અને લોકમતના ઘડતરમાં એકંદર નિડરપણે પોતાનો ફાળો આપ્યો છે, એમ કહેવામાં કશી જ અત્યુક્તિ નથી.

પ્રકરણ ૪

ઉર્દૂ

'દરેક પત્રકારને ઇતિહાસનું જ્ઞાન આવશ્યક છે. ઇતિહાસ એટલે ઘણે અંશે ભૂતકાળનું રાજકારણ. પત્રકારોએ ખાસ કરીને જે દેશો પડતીમાં આવ્યા પછી પુનઃ જોરદાર રાષ્ટ્ર તરીકે બહાર આવ્યા હોય તેના ઇતિહાસનો અભ્યાસ કરવો જોઇએ...પત્રકારને જેમ વધારે જ્ઞાન હોય તેમ તેની કારકીર્દી વધારે સારી નીવડે.' —રામાનંદ ચેટરજી

પહેલું ઉર્દૂ છાપું ૧૮૩૭માં દિલ્હીમાં પ્રસિદ્ધ થયાનું આપણા જાણવામાં છે-"સૈયદલ અખબાર." તેના સ્થાપક તે અલિગઢ મુસ્લિમ યુનીવર્સીટીના પ્રણેતા સમર્થ મુસ્લિમ કેળવણીકાર સર સૈયદ એહમદખાનના ભાઈ સૈયદ મુહમ્મદખાન હતા. પરંતુ તેમનું યુવાન વયમાં અવસાન થતાં એ અખબારનું સંચાલન સર સૈયદ કરતા હતા. પોતાની બહુવિધ પ્રવૃત્તિઓને લીધે એ અતિવ્યવસાયી મુસ્લિમ નેતાને છાપું બંધ કરવું પડયું હતુ.

૧૮૩૮માં દિલ્લીથી જ "દેહલી અખબાર" નીકળ્યું, અને તેને પગલે "ફ્વાઇદી–નઝરીન" અને "કુરાનુલ્ સાદીન" નામે છાપાં નીકળ્યાં. એ બન્ને હિંદુ સંસ્થાપિત તથા સંચાલિત હતાં. છેક નજીકના ભૂતકાળ સુધી ઉર્દૂ અખબારપ્રવૃત્તિનું પ્રસરણ હિંદુઓને હાથે થતું રહેલું છે, અને ઉર્દૂ પત્રકારત્વ તેમજ સાહિત્યને પણ હિંદુઓ ઉત્કટ પ્રમાણમાં પુષ્ટ તથા સમૃદ્ધ કરતા આવેલા છે, એ ઇતિહાસની હકીકત છે.

માર્ગરિટા બાર્ન્સ લખે છે:

"એ રસપ્રદ હકીકત છે કે આ સમયે ઉત્તર હિંદુસ્થાનનાં ઉર્દૂ અખબારોમાંનાં ઘણાં ખરાંના તંત્રી હિંદુ હતા. બળવા (૧૮૫૭) પહેલાં એમની ચર્ચાના મુખ્ય વિષય મઝહબી તથા સામાજિક પ્રણાલિકાઓ, સરકારના વિવિધ કાયદા કાનૂન અને જાહેરાતો, ઉર્દૂ ભાષાની ખૂબીઓ, અને દેશના બીજા ભાગોના સામાન્ય ખબર અંતર–એ હતા. બળવો રખે પાછો ફાટી નીકળે એવા સતત ડરથી રાજ્યાધિકારીઓ બધે ચોંકતા રહેતા હતા. બે મહિનાવાળા અસામાન્ય આયોજન વિશે જાતજાતની ગપો ફેલાતી હતી...અને એ પ્રસરણ લોકોમાં થાય તે માટેનું સાધન દેશી છાપાં હોઇ શકે, એવી માન્યતાથી તેના પ્રત્યે શંકાની દૃષ્ટિ રહે એ સહજ છે. પોતાના જીલ્લા અમલદારો મારફત સરકારે સખ્ત સેન્સરશીપ સ્થાપી હતી, અને પેશાવરમાં એક તંત્રીને પકડીને સજા કરવામાં આવી હતી, તથા શિયાલકોટ અને મુલતાનમાં છાપાખાનાં બંધ કરાયાં હતાં."

૧૮૬૧ના પ્રારંભમાં ૧૧ ઉર્દૂ છાપાં ચાલતાં હોવાની નોંધ ઉપલબ્ધ છે. એમનાં પ્રકાશન સ્થળો આગ્રા, અજમેર, ઇટાવા, લુધીયાણા, મેરઠ, જોનપુર, સહરાનપુર, અલાહાબાદ, અને કાનપુર હતાં. જેમ મરાઠી છાપાંમાં લાંબી મુદત સુધી પેશ્વાઇનાં સ્મરણો તથા તેના દફનનો ખટકો સાલતાં રહ્યાં હતા, તેવી રીતે ઉર્દૂ છાપાંમાં મુગલાઇની પડતીના વલોપાતનો પડઘો ઘણાં વર્ષો સુધી પડતો રહેલો જણાય છે.

દેશ આખો પ્રચંડ આંદોલનોના વંટોળમાં ઘુમરીઓ ખાતો હતો, છાપાંની બજાર તેજીની ટોચે પહોંચી હતી અને લોકોને અખબાર વિના ચેન નહોતુ પડતુ, એવા સભર જાગ્રતિના સમયમાં પણ ઉર્દૂ વૃત્તપત્રોની સ્થિતિ કેવી હતી તેનો ખ્યાલ દિલ્હીના "આદિલ"ના તા. ૨૨-૧૧-૧૯૩૨ માં પ્રસિદ્ધ થયેલા લેખ ઉપરથી આપણને કેટલેક અંશે આવી શકે છે.

"ઉર્દૂ છાપાં...કોઇ પણ ચોક્કસ નીતિને સુસંગત ટેકો આપી શકતાં નથી, કેમકે તેના સંચાલકોનાં ચિત્તને આવરી રહેલી ચિંતા પેટ પૂરતી રોટી મેળવવાની રહે છે છાપું કાઢવા માટે તેમને શાહી અને કાગળ મળી શકતાં નથી. તો પછી છાપા ચલવી જ કેવી રીતે શકાય, અને જે ખુશામદની

લલકાર તથા ચિત્રો વડે તેઓ દોલતમંદોને ખુશ કરીને પોતાના વાચકોની અકલનું અપમાન કરે છે, એ બધાનું ઉત્પાદન પણ તેઓ કેવી રીતે કરી શકે?

"ઇંગ્લેન્ડ અને અમેરિકાનાં છાપાંની સરખામણી કરી જુઓ. ત્યાં એકએક છાપાના દસ લાખને લેખે ફેલાવા હોય છે; મહિને દિવસે એ પોતાના નોકરોને હજારો રૂપિયાના પગાર ચૂકવે છે; ખુદ સરકાર તેને મદદ અને ઉત્તેજન આપે છે અને બધા વેપારીઓ, કારખાનાંના માલિકો અને સીનેમાવાળા તેમાં જાહેરાત આપવા પાછળ મોટી રકમો ખર્ચી નાખે છે. હિંદુસ્થાનનાં ઉર્દૂ અખબારો પાસે તેવા કોઇપણ સહારાનું સાધન બિલકુલ નથી. તો પછી પોતાની આબાદીના પાયાના ઘડતર માટે એમણે કોના તરફ નજર કરવી? અને દેશના ક્યા વર્ગનું પ્રતિનિધિત્વ એમણે કરવું રહ્યું? એનું પરિણામ એ આવે છે કે બીજાં અખબારોમાંથી વાસી સમાચાર ઉપાડીને છાપવાનું જ કામ એમને ભાગે રહે છે. કલબો, સોસાઇટીઓ, નીશાળો અને કારખાનામાં સસ્તા પરંતુ વિશ્વસનીય ખબરો તથા સારા લેખો મેળવવા ખાતર વરસ દિવસે આઠ દસ રૂપિયા આપવા પૂરતો પણ જુસ્સો નથી. અને આ મામુલી રકમ ઉપર વળી તેઓ ૩૦થી ૫૦ ટકા વળતર માગે છે. બંગાલ છાપાંને ગ્રાહકોની રસવૃત્તિને સતેજ રાખવા માટે વર્ષે દહાડે એક બે વાર પુસ્તકો અથવા રંગ બે રંગી કેલેન્ડરોની ભેટ આપવી પડે છે તે વળી જુદી.

"મુંબઇ જેવા મોટા બંદરમાં જ્યાં રોજ લાખો અને કરોડોના વેપારની ઉથલપાથલ થાય છે ત્યાં પણ મને કહેવામાં આવે છે કે પોતાનો ખર્ચ પૂરો કરી શકતાં હોય તેવાં બે કે ત્રણથી વધારે ઉર્દૂ છાપાં નથી. બજારમાં એ પૈસે કે બે પૈસે વેચાય છે, અને સાંજે એની આમદાનીમાંથી કોઇ છુટક છાપકામ કરનાર છાપખાનામાં જઈને તંત્રી બીજા દિવસની પાંચસો કે હજાર નકલો છપાવી લે છે, અને તેના કોલમો કાતર-ગાહીના કિસ્સા વડે બીજાં અખબારોમાંથી ઉઠાવેલા સમાચારથી ભરે છે. તેમાં થોડી ગપસપ ઉમેરો, એટલે છાપું થઇ ગયું. એનો તંત્રી, માલિક વ્યવસ્થાપક અને તરજુમાકાર, એ બધું એક જ આદમી હોય છે, અને મુદ્રણ પણ એ પોતે જ કરી લે છે.

"આવી જાતનાં છાપ હિંદી જમાનોના જીવન તથા તરક્કીનો નજીવો ખ્યાલ આપી શકે છે, અને દેશની ઇજ્જત તેમનાથી વધતી નથ."

આ જીવઉકાળો કેટલી યે બીજી દેશી ભાષાના પત્રકારોના અંતરમાં પણ સમભાવનો પડઘો નહિ પાડે?

પ્રકરણ ૫ મું

ગુજરાતી : મુંબઈ શહેર

"પત્રો સંખ્યામાં થોડાં કે વધારે સારાં, તે બાબતમાં કહી શકાય કે અનેક નિર્માલ્ય પત્રો કરતાં થોડાં સુન્દર પત્રો વધારે સારાં. પરંતુ સુન્દર પત્રો તો સંખ્યામાં જેમ વધારે તેમ વધારે સારૂં એ તો નિર્વિવાદ છે. પત્રો તો એક પ્રકારની બારી છે."

—ડા. લ. પટેલ

ગુજરાત વિષે સ્તુતિ કે નિંદા રૂપે ગમે તે કહેવામાં આવે, પરંતુ એક હકીકત નિર્વિવાદ છે કે તેનામાં સાહસ છે; અને સાહસને અસાધ્ય શું છે? મુદ્રણ અને વૃત્તપત્રોના ક્ષેત્રમાં પણ એ સાહસવૃત્તિ છુપી રહી નથી. એ ક્ષેત્રમાં મિશનરીઓને હસ્તક થતાં ગતકડાં જોઈને બંગાળામાં સર સુરેન અને તેમની મંડળીને તેનો પ્રતિકાર કરવાની ચટપટી થઈ હતી, તેનાં કેટલાંયે વર્ષો પહેલાં ભીમજી નામે ગુજરાતી વાણિયાને એજ પ્રકારની ભાવના સતાવી રહી હતી. સ્પેઈનની કન્યા સાથે અંગ્રેજોને મુંબઈ બંદર દાયજામાં મળ્યું તે પછી થોડાં જ વર્ષે, ઈ. સ. ૧૬૬૨ માં દીવ બંદરથી એ વણિક મુંબઈ આવી વસ્યો. તે સમયે હિંદુ સમાજ ઉપર મિશનરીઓને હાથે મુદ્રણ તથા પ્રકાશન વડે થતા નિરંકુશ શસ્ત્રપ્રયોગો દેખીને ભીમજીને લાગ્યું કે એનો પ્રતિકાર એમનાં જ શસ્ત્રો વડે થવો જરૂરી છે. દેશી ભાષાનાં બીબાં મેળવવાના એના પ્રયત્નો દેશી મુદ્રણની પ્રસ્તાવના જેવા ગણી શકાય.

ભીમજીનું આ સાહસ અફળ ગયું. નહિ તો આપણે સગર્વ કહી શકત કે ગુજરાતી મુદ્રણ તથા પ્રકાશનનો હુન્નર ૩૭૫ વર્ષ જેટલો, અમેરિકાથીયે જૂનો છે. કારણ કે અમેરિકામાં પહેલું ચોપાનિયું બોસ્ટન શહેરમાં છેક ૧૬૯૦ માં નીકળ્યું હતું. પરંતુ દૈવયોગે તેમાંથી પૂરાં એકસો વર્ષની બાદબાકી કરીને આગળ ચાલવાનું આપણે ભાગે રહે છે.

ગુજરાતી વાણિયાએ આંગળી ચીંધી, તે દિશામાં પ્રયાણની પહેલ કરવામાં સફળતા મેળવનાર પારસી સિવાય બીજું કોણ હોઇ શકે! ગુજરાતી મુદ્રણ અને પ્રકાશન તથા ખાસ કરીને છાપાં પારસી સાહસનાં ભવોભવ ઋણી રહેશે; એમની સાહસિકતા અને ઝુકાવવાની હિંમતે જે પહેલ કરી ને માર્ગ મોકળો કરી આપ્યો છે, તે ગુણ એમણે ગુજરાતી ભાષા ઉપર ગુજારેલા અલૌકિક અત્યાચારોના હજારો અવગુણોને પણ ઢાંકી દે છે!

પરંતુ પારસીને ય એ દિશામાં નજર નાખતાં સવાસો વર્ષ વીત્યાં. છેક ૧૭૯૭ માં અર્ધ્યારૂ બેરામજી છાપગરે ગુજરાતીમાં પ્રથમ અક્ષરો ઢાળ્યા હતા; આ કળાનો ઉદ્‌ભવ પણ ધર્મના પ્રચાર અર્થે થયો હતો અને બેરામજીએ ઝંદ અવસ્તાના ગુજરાતી મુદ્રણમાં પોતાનાં બીબાંનો ઉપયોગ કર્યો હતો.

મુંબઇનું પહેલું ગુજરાતી છાપું તે "મુંબઇ સમાચાર". ૧૮૧૨માં મી. ફરદુંનજી મર્ઝબાને એ નામનું છાપખાનું સ્થાપ્યું અને ત્યાંથી વિ. સં. ૧૯૭૧નું પંચાંગ પહેલવહેલું કાઢયું. એજ વર્ષના જુન મહિનાની ૧૦મી તારીખે અઠવાડિક "મુંબઇ સમાચાર"નો જન્મ થયો, પરંતુ તેને દૈનિક થતાં બે દસકા નીકળી ગયા હતા. એમ છતાં એકાદ વર્ષ પછી પીછેકદમ ભરીને એને પાછું સાપ્તાહિક બની જવું પડયું હતું, અને તેમાંથી અર્ધ સાપ્તાહિક સુધી ધીમેધીમે એ પહોંચ્યું હતું

દરમ્યાન પારસીઓમાં એક આંતરકલહ જાગ્યો હતો. ઇ. સ. ૧૮૨૭ના અરસામાં દસ્તુર મુલ્લા ફિરોઝ ઇરાન જઇ આવ્યા અને

એમણે જાહેર કર્યું કે મુંબઇના પારસીઓનું પંચાંગ ખોટું છે, અને તેમાં એક મહિનાનો ફરક "માદર વતન"ના પંચાંગને હિસાબે પડે છે. આમાંથી પડી તકરાર, અને મુલ્લા દસ્તુરજીના "કદમી" તથા જૂની પદ્ધતના આગ્રહીઓના "શહાનશાહી," એવા બે પક્ષ પડી ગયા. તે સમયે "આઇરીસ" નામે એક તોફાની અંગ્રેજી છાપું નીકળતું હતું તેણે આ વિતંડાવાદ માટે પોતાની કટારો ખુલ્લી કરી.

વાતમાં વાત વધી પડી, અને કદમીઓએ "ઇબ્તાલી કબીસે" તથા શહાન શાહીઓએ "અખબાર ઇ કબીસે" નામનાં છાપાં કાઢયાં. એ બન્ને અલ્પજીવી હતાં. પરંતુ આ ઘટનાએ વૃત્તવિવેચન તથા પ્રકાશનને એવો વેગ આપ્યો હતો કે આખો જનસમાજ તેના તરફ સવિશેષ અભિમુખ બન્યો હતો.

૧૮૩૦ના સપ્ટેંબરમાં નવરોજજી દોરાબજી ચાનદારૂએ "મુંબઇ વર્તમાન" અઠવાડિક કાઢયું, જેણે એક વર્ષ પછી "મુંબઈના હલકારૂ અને વર્તમાન" નામ ધારણ કર્યું હતું. એણે "મરકયુરી" નામે અંગ્રેજી–ગુજરાતી મિશ્ર છાપું પણ કાઢયું હતું.

૧૮૩૧માં "જામેજમશેદ" પ્રગટયું. એ સાપ્તાહિક હતું અને તેના સ્થાપક પેસ્તનજી માણેકજી મોતીવાલા હતા. આગળ જતાં ૧૮૫૩માં એ દૈનિક થઇ ગયું અને મર્ઝબાન ખાનદાનના હાથમાં આવતાં તેનો ખૂબ વિકાસ થયો.

૧૮૪૯માં દૈનિક "સમાચાર દર્પણ"નો ઉદ્દભવ થયો.

૧૮૫૦–૫૧માં દૈનિક "ચાબુક" નામે દાદાગિરીથી પૈસા પડાવનારૂં પત્ર નીકળ્યું હતું.

કરસનદાસ મૂળજીએ ૧૮૫૨માં "સત્ય પ્રકાશ" શરૂ કર્યું હતું. એ ૧૮૬૦માં "રાસ્તગોફતાર" સાથે જોડાઇ જઇ એ પણ એ સંયુક્ત નામે નીકળતું હતું.

૧૮૫૫માં મુંબઇ સમાચાર પુનઃ દૈનિક રૂપે નીકળવા માંડયું.

દાદાભાઇ નવરોજીએ તા. ૧૫ મી નવેંબર ૧૮૫૧ના યાદગાર દિવસે "રાસ્તગોફતાર"ની પખવાડિક તરીકે સ્થાપના કરી હતી. તેમને ખરશેદજી કામાની આર્થિક સહાય હતી. એના તંત્રી શ્રી. કેખુશરૂ ન. કાબરાજી હતા.

અને ૧૮૫૨માં દાદાભાઇ કાવસજીએ અઠવાડિયામાં ત્રણ વાર પ્રકટ થતું "અખબારે સોદાગર" પ્રકટ કર્યું હતું.

આ "અખબારે સોદાગર"માં શ્રી ચીમનલાલ આત્મારામ શાહ નામે રિપોર્ટર હતા. તે સમયે શ્રી. રણછોડદાસ ભવાન લોટવાળા ખૂબ ખોટ ખાઇને "આર્યપ્રકાશ" ચલાવતા હતા. પ્રીતિભોજન અને તેમાંથી પ્રકટેલા ચર્ચાના વંટોળ સામે એ સુધારક વીર જાત ખર્ચીને પણ એ પત્રની કટારોમાં લડત ચલાવતા હતા. શ્રી. ચીમનલાલના સમજાવવાથી તેમણે વ્યાપારી દૃષ્ટિએ નામરજી છતાં, જૂનવાણી સામેની લડતના એક વધુ સાધન તરીકે રૂા. ૪૦૦૦ આપીને ૧૯૧૬માં "અખબારે સોદાગર" ખરીદી લીધું, અને તે "હિંદુસ્તાન અને અખબારે સોદાગર" થયું હતું.

પોતે જ બીબાં ગોઠવનાર, પોતે જ વ્યવસ્થાપક, સ્વયં તંત્રી, સ્વયં મુદ્રક...પત્રનાં મુદ્રણ, પ્રકાશન, આધિપત્ય આદિ બધાં અંગોમાં પારંગત એવા ધીંગા પત્રકાર ચીમનલાલ સાચે જ ગુજરાતી પત્રકારત્વમાં સ્મરણીય વ્યક્તિ છે. શ્રી. લોટવાળા સાથે ગાંધીજીના આંદોલનની ટીકાખોરીના મુદ્દા ઉપર મતભેદ પડતાં શ્રી ચીમનલાલ આગળ જતાં એ પત્રમાંથી છૂટા થયા હતા, પરંતુ તેના વ્યવસ્થા વિભાગમાં એ પાછા જોડાયા હતા. તે પછી પણ ગુજરાતી છાપાંના વ્યક્તિવિશેષ, પોતાનાં છાપાંની ખોટ ખાતે લાખો રૂપિયાના ચેક ફાડતા વિલક્ષણ આટાપતિ શ્રી લોટવાળાએ મુંબઇમાં ગુજરાતી પત્રકારોનું વાસ્તવમાં કારખાનું સ્થાપ્યું હતું, એમ કરી શકાય.

૨ રાસ્ત ગોફ્તાર—કાબ્રાજીનો જમાનો જેણે જોડાક્ષરની કાચી ,પાકી તો યે પહેલ કરી.

૩ "ગુજરાતી" સાપ્તાહિકનો જમાનો જેમાં ભાષા અને ખાસ કરીને જોડણીની શુદ્ધિની ઝુંબેશ ચાલી અને છાપાં એ વિષયે અભિમુખ બન્યાં.

૪ ભાષા સુધારવાના "હિંદુસ્તાન અને અખબારે સોદાગર" દૈનિકના પ્રથમ પ્રયાસોનો સમય

૫ સાહિત્યયુગ—ગોવર્ધનરામ, મણિલાલ નભુભાઈ, રમણભાઇ નીલકંઠ ઇત્યાદિ સમર્થ લેખકો, તથા સાહિત્ય પરિષદો, અને "સુદર્શન" "વસંત" વગેરે ઉત્તમ માસિકોનો જમાનો, જેની અસર, પારસી-શાઈ છાપાંનો પ્રખર વિરોધ હોવા છતાં, થોડીઘણી પણ કાયમી રૂપે થવા તો પામી જ.

૬ એ સુધારણાવૃત્તિને આકાર તથા કાયમીપણું આપનાર "નવજીવન"યુગ.

૭ સૌરાષ્ટ્રયુગ, અથવા રાણુપુરછાપ.

પ્રથમ તો આપણે એકસો વર્ષ જેટલા સમયસાગરમાં પાછા હંકારીએ.........તે સમયે કેવી સ્થિતિ પ્રવર્તતી હતી?

૧૮૫૦ની સાલ સુધીનો પ્રશ્ન જ નથી રહેતો, કેમકે ત્યાર સુધી પારસી વર્તમાનપત્રોમાં જોડાક્ષરોનો ઉપયોગ થતો નહોતો. તે સમયમાં "જ્ઞાન પ્રસારક"નું નામ "ગનેઆન પરસારક ચોપાનીઉં" હતું. તે પછી નીકળેલા "રાસ્તગોફ્તારે', "ગએઆ" ને બદલે "ગયા" તથા "આવેઆ" ને બદલે "આવ્યા" લખ । પુરતો જોડાક્ષરનો ઉપયોગ પહેલવહેલો શરૂ કર્યો.

"જ્ઞાનપ્રસારકે" ૧૮૫૧ માં એક નોંધ લખી હતી કે: "જ્ય એટલે

જે (વ) અને (ય) આ એ બીજો અખશર (ચ) ના જેવો દેખાય છે, તો પણ એનો ઉચ્ચાર "ઇઅ' કરવો જોઇએ છે."

અર્થાત ય અક્ષરનો ઉપયોગ પારસી છાપા કરતાં જ નહોતાં, અને છેક ૧૮૬૨ સુધી તેને પડખે ચઢતાં એ અખબારોને "ધરૂજારી" છૂટતી હતી. જોડાક્ષરોની શરૂઆત તો કેખુશરૂ કાબરાજીએ જ કરી. તે અરસામાં હિંદુ ગુજરાતી માલિકીનાં છાપાં નીકળવા લાગ્યાં, અને જોડાક્ષરો ધીમે ધીમે પરંતુ મક્કમપણે પોતાની માયા ફેલાવતા ગયા. "સમશેર બહાદુર," "દેશી મિત્ર," "ગુજરાત મિત્ર," "હિતેચ્છુ," "સુરત સમાચાર" ઇ. નાં જોડાક્ષરી આક્રમણોએ નજોડણીયા પારસી ગઢમાં છીંડાં પાડવા માંડયાં હતાં, અને પારસીસાઇ ફારસી તથા ઉર્દુ સાથે સંસ્કૃતનો શંભુમેળો વિલક્ષણ પ્રકારે થવા લાગ્યો હતો.

શ્રી. ચુનીલાલ વર્ધમાન શાહે "ગુજરાતી ભાષાના વિકાસમાં વર્તમાનપત્રોનો હિસ્સો" નામે લેખ પહેલી ગુજરાતી પત્રકાર પરિષદ આગળ વાંચ્યો હતો તેમાંથી બે ઉદાહરણો આપણે તે સમયની સ્થિતિને સમજવા માટે લઇએ:

૧ "હવે અમો આશા રાખીએચ કે એક વખત હમારૂં બધું લીશત નકકી થાએ કે પછી એવો બંદોબશત કીધામાં આવશે કે શરવે કોઇને શકારે એકજ વખતે પહોંચતું થાએ. કામ શરૂઆતમાં છે વાશતે બધી તરાંહાંનો પકો બંદોબશત કરવાને અલબતાં જરા વખત લાગવો જોઇએ ચ" (રાસ્તગોફતાર, ૧૮૫૨)

૨ "એ પતર હવે પોતાની આમદાનીમાંથી પોતાનો ખરચ નીભાવવાને સકતીવાન થાઇઉં છે કે જે વિશે તેહના સઘળાં ઘરાકોનો આભાર આ જોગવાઇએ માનેઆમાં આવે છે......" (રાસ્તગોફતાર, ૧૮૬૯.)

જોડણીમાં હિંદુ માલિકીનાં છાપાં વધારે શુદ્ધ હતાં, પરંતુ ભાષાશૈલિનો ઝોક તો લગભગ એનો એ જ, "મુંબઇ સમાચારે" આપ્યો હતો

તે જ, ઉભયમાં હતો. "ગુજરાતી" શરૂ થયું ત્યારથી તો તેમાં પણ ફરક પડયો, અને જોડણી તેમજ ભાષાશુદ્ધિનો નિશ્ચયપૂર્વક નોખો ચીલો આલેખાયો. એ છાપું દૈનિકોની ભાષા તથા જોડણી ઉપર વાગ્પ્રહાર કરતું જ રહેતું. અને એ પ્રણાલિકા, કરમી પિતા ઇચ્છારામના સપુત મણિલાલે પણ જાળવી રાખી હતી. અમદાવાદમાં બીજી ગુજરાતી પત્રકાર પરિષદના પ્રમુખ સ્થાનેથી તેમણે (તા. ૨૫–૧૨–૨૭) ઘોષણા કરી હતી કે :

"છાપખાનાનાં ધંધામાં પારસીઓ પ્રથમ દાખલ થયા, અને તેઓએ ભાષાશુદ્ધિ ઉપર ધ્યાન આપ્યું નથી. તેમની માલિકીનાં છાપખાનાંઓમાં જોડાક્ષરોનો જાણે છપ્પનીઓ દુકાળ. તેમની માલિકીનાં વર્તમાનપત્રોમાં જાણે લીટીએ લીટીએ જોડાક્ષરોનું અને દીર્ઘહ્રસ્વનું ખૂન! લડાઇઓમાં માણસનું રક્તપતન જેટલું નથી થતું, તેટલું આપણા વિચાર વહન કરનારા બાપડા અક્ષરો, વગર દેહના અક્ષરાદિનું થાય છે."

મુંબઇમાં ઇચ્છારામ દેસાઇના પ્રતિભાસંપન્ન સંચાલનથી "ગુજરાતી"નો વિકાસ ઝડપથી થયો. બે ત્રણ દસકા સુધી તો તેનું પ્રભુત્વ ગુજરાતી વૃત્તવિવેચનમાં સાચે જ એકાંતિક હતું એમ કહી શકાય. એણે આ વ્યવસાયમાં ઘણી નવી અને અતિ ઉપયોગી શબ્દયોજનાઓ ચાલુ કરી આપી છે. એનાં સહયોગીઓ ઉપર એની છાપ ઉત્તરોત્તર પડતી રહી હતી. રીતસર ભાષા તથા ખાસ કરીને જોડણીની શુદ્ધિનો પ્રયત્ન કરનારૂં પ્રથમ દૈનિક પત્ર "હિંદુસ્થાન અને અખબારે સૌદાગર" હતું. એ અરસામાં સાહિત્ય પરિષદો, પુસ્તક લેખન ઇ.નો પણ સુયોગ થતાં એણે પણ આ શુદ્ધીકરણને સુંદર વેગ આપ્યો હતો અને તે બધાને માથે શગ ચઢાવે તેવી વ્યાપક અસર ગુજરાતી વૃત્તવિવેચનની ભાષા ઉપર કોઇ તત્વે કરી હોય, તો તે રાણપુરીયા શૈલિએ.

પરંતુ આપણે વધારે પડતા આગળ નીકળી ગયા. "ઇનગલાનદ" "ખરીસતી" "કરૂણાણુ" ઇ.ના યુગને એમ એક જ હનુમાન કુદકે વટાવી જવો વાજબી ન જ કહેવાય !

"A Report of the Surat Riot case, with the opinion of the public press–સુરત રાયટ કેસ, મુખ્ય વર્તમાનપત્રોના સ્વતંત્ર અભિપ્રાયો અને પરિષ્કૃત પૂર્વાંગ સહિત, મુંબાઇ, આર્યમંડળ છાપખાનામાં જયશંકર સર્વેશ્વરે છાપી પ્રકટ કીધો. સને ૧૮૭૯–સંવત ૧૯૩૫" : આ ગ્રંથ સાચે જ રસની ખાણુ છે. કોંગ્રેસના જન્મ પહેલાં ગુજરાતની પહેલી રાજકીય હડતાલ સુરત શહેરે બતાવી. પહેલો મોટો રાજદ્વારી મુકદ્દમો એ જ શહેરે ગજવ્યો, અને પ્રથમ પહેલા અંગ્રેજને પગ મૂકવા સ્થાન આપ્યાના કૃત્યનું એવી રીતે એ શહેરે પ્રાયશ્ચિત્ત કર્યું ! એ અતિ રસપ્રદ હકીકત લગભગ ૬૦૦ પાનાંના આ ગ્રંથમાં સભર ભરી છે. સુરતે પહેલી હડતાલ ૧૮૪૪ ના ઑગસ્ટ માસની ૧૯ મી તારીખે, અને તે પણુ મીઠાવેરા સામે વિરોધ બતાવવા પાડી હતી. દાંડીકૂચની એ કેટલી પુરાણી આગાહી ! અને ૧૯૩૦ની પુનરાવૃત્તિ થઇ પણુ એ જ સુરત જિલ્લામાં. સુરતવાળું હુલ્લડ ૧૮૭૮માં થયું તે પણુ મીઠાવેરાના ત્રાસ સામે જ.

એ ગ્રંથના છેલ્લા ખંડમાં "તારીખ ૫ મી અપ્રેલનું હુલ્લડ અને તેને લગતા કામો બાબત મુખ્ય વર્તમાનપત્રોના અને તેવા પત્રોમાં લખનારાઓના સ્વતંત્ર વિચારો" આપેલા છે. એ ખંડે ૭॥" × ૫" નાં ગીચ ટાઇપથી છાપેલાં ૧૦૮ પાનાં રોકેલાં છે. તેમાં નીચેનાં નામો જોવામાં આવે છે:

મુંબઈ સમાચાર
જામે જમશેદ
રાસ્તગોફ્તાર અને સત્યપ્રકાશ

સત્યમિત્ર
યજદાં પરસત
બૉમ્બે ગૅઝેટ
ટાઇમ્સ ઓફ ઇન્ડિયા
નેટિવ ઓપિનીયન
ઇન્દુપ્રકાશ
અમૃતબઝાર પત્રિકા
હિંદુ પૅટ્રિયટ
બૉમ્બે રિવ્યુ ઍન્ડ ઍડવર્ટાઇઝર
ઇન્ડિયન સ્પેક્ટેટર
ધી બેન્ગૉલી
ઈંગ્લિશમેન
ઇન્ડિયન ડેઇલી ન્યુસ
ઇન્ડિયન મિરર
મદ્રાસ નેટિવ ઓપિનીયન
કીરણ
મદ્રાસ મેઇલ
મદ્રાસ ટાઇમ્સ
લોકમિત્ર
બૉમ્બે ગાર્ડિયન
વીકલી રિપોર્ટર

આમાંનાં પહેલાં પાંચ સિવાયનાં બીજાં બધાં છાપાં અંગ્રેજી કે દુભાષી હતાં. સુરત રાયટ કેસે આખા દેશમાં જે સનસનાટી પ્રસરાવી હતી તેનો ખ્યાલ આ ૧૦૮ પાનાં આબાદ રીતે આપે છે.

૧૮૭૮ની સાલના "મુંબઇ સમાચાર"ની ભાષાનો એ ગ્રંથમાંથી લીધેલો આ રહ્યો નાનકડો નમૂનો :

"૧૦–૯–૭૮ સુરત મધે ચ.લતા બખેડાની ઉશ્કેરણી કરવાને લગતો મુકદ્દમાને જે નામ અત્રેના અંગ્રેજી વરતમાનપત્રોએ આપ્યું છે, તે ભારે વાંધા ભરેલું અને નાપસંદ કરવા જોગ છે. તેમાં તોહોમતદારો બધા મળીને છ ચાખશો છે અને તેઓ વચ્ચે વરતમાનપત્રોના અધિપતિઓ માત્ર બે જ જણ છે. તો પણ જાણે સઘળા તોહોમતદારો દેશી વરતમાનપત્રોના અધિપતિઓ જ હોય તેમ "સુરતમાં ચાલતી દેશી અધિપતિઓની તપાસ" અથવા "સુરતના દેશી અધિપતિવાળો મુકદમો" એ નામથી અંગ્રેજી વરતમાનપત્રોમાં તેને લગતાં લખાણો થાય છે...એ ઘણું ગેરવાજબી અને નાપસંદ કરવા જોગ છે."

એક વાનગી "જામે"ની લઈએ:

"૨૪–૫–૭૮—ચાલતા માસની તારીખ ૨૧ મીના મુંબાઇ ગેઝીટમાં મી. મેકલીને ઘણી ચાલાકી તથા હીંમત ભરેલો એક લીડીંગ આરટીકલ સુરત હુલ્લડ શંબંધી લખ્યો છે....મી. પોલનની નિમણૂક સુરતના ઘણાક લોકોને પસંદ નથી પડી એમ અમારો સુરતનો આડતીઓ જણાવે છે... મી. ગુલાબદાશ અને તેના શાથી તે:હોમતવાળાઓ નિરપરાધી ઠર્યા તે માટે ચોમેરથી સંતોષ બતાવવામાં આવે છે...એઓ સઘળા નિરપરાધી છતાં તેઓ જાણે અપરાધી હોય તેમ તેઓના હાથમાં બેડી નાખી હતી, અને તેઓને બેહુરમતી લગાડવાને યત્ન થયું હતું..."

આજે પણ રાજદ્વારી કેદીઓને બેડીઓ પહેરાવા સામે થતા પોકારની આ કેટલી પુરાણી પ્રસ્તાવના! વળી તે જમાનામાં ખબરપત્રી આડતીઓ કહેવાતો હતો, એ માહિતી પણ આમાં આપણને મળે છે. જો કે આ ઉલ્લેખ ખબરપત્રીનો નહિ પણ માત્ર એ છાપાનું સુરતમાં વેચાણ કરનાર દુકાનદારનો જ હોય, એ પણ બનવા જોગ છે.

"રાસ્તગોફ્તાર" કહે છે:

"૧૯–૫-૭૮—અગર જો કોઇ અડધી કેળવણી પામેલાઓએ પોતાના છુટાપણાને હદની બાહેર લઇ જઈ સુરતનાં બોદલાંઓને સ્વતંત્રપણુ શીખવવા જતાં ઉસ્કેરણી કરવાનું ગોતું ખાધું હોય તો આપણુ અચરત

થશું નહી...અગર જો તેઓને કાંઇ પણ ખોટા શક ઇભા નબલા પાયા ઉપર પોલીસે સતાવ્યા હશે, તો એ શતાવાળાઓ મોહોટા ઠપકામાં આવશે" ૯.

અને "સત્યમિત્ર" પત્ર "સુરતની નીરદોસ ને નીરબ પ્રજામાં આજે ઉશ્કેરણી થઇ છે તે ખરેખર અસંતોસ પેદા કરનારી છે" એમ તા. ૭–૪–૭૮ના અંકમાં જાહેર કરે છે.

આગળ ચાલતાં તા. ૨૮–૭-૭૮ના અંકમાં તે જાહેર કરે છે :

"ગીઆજ આતવારના પતરમાં હમો ખુલ્લી રીતે જણાવી ચુકા હતા કે શરકારી અમલદારો અને બીજાઓ વચે જે હીલચાલ થાએ છે તે મુજમ એ કજીઓ મુંબઇની કોરટમાં લાવેઆમાં આવશે નહી, અને સુરતમાં જ તપાસ ચાલુ રાખવાને મુંબઇના નામદાર જડજો પોતાનું મત જણાવશે એવી જ હમારી વકી હતી...માઠાં સાએગે આ કજીઓ બહુ મોહોટો શ્શાકસી ઉપર આવી ગએલો દીશે છે...એહેવા સારી આંત અને આબરૂદાર માનશ તારણ ચાઆર ફરીઆદી તરફના જ ઘરહસ્તોની જ સાકસી તે ગોએખા બીજા પુતક્ત ચાલીસ સાખરીએનાં વજન કરતાં બી વધારે સરસ ગણાએ છે" ઇ. ઇ.

એનો અર્થ, જે સમજે તે !

"જૂનું નર્મગદ્ય (પુ. ૧લુ, સને ૧૮૫૦થી તે ૧૮૬૫–ઓગસ્ટ ૩૧મી સુધીનો સંગ્રહ, "ગુજરાતી" પ્રેસ, ઇ. સ. ૧૯૧૨)" એના પા. ૩૯૩–૩૭૪ ઉપર છાપેલું "ડાંડીયામાંના વિષયો" શીર્ષક વાળું લખાણ કવિ નર્મદની પત્રકાર તરીકની લેખનશૈલિ ઉપર કેટલો વેધક પ્રકાશ પાડે છે ! એક લાક્ષણિક નમૂનો લઇએ. તા. ૧–૯–૧૮૬૪ ના રોજ શરૂ થયેલા "ડાંડીઆ"ની ડાંડી પીટતાં નર્મદ લખે છે :

"ડમ ડમ ડંમ, ડમ ડમ ડંમ, ડમ ડમ ડમ, ડમ ડમ ડમ ડમ ડમ ડમ ડમ ડમ ડમ—જાગજો રૈયત, બાર વાગા બાર ! કાલે રોનવાળાઓએ મને કેહેલું છે કે, આજકાલ ખાતર પાડ ઘણાં પડે છે–ચોર જુગારી છિનાળવા રાંડબાજ ઠગધુતારા ખુની વગેરે હરામનું વકાવનારાઓની ટોળીઓ ઠામ ઠામ

જોવામાં આવે છે–કે તેમાં મોટમોટાઓ છે–ખડેખડે વેપારીયો છે...તેઓ હરામનું ખાવાની (આડીવાટની ધૂળ ખાવાની) અને તેથી ગરીબ રૈયતને પાયેમાલ કરી નાખવાની તજવીજ કરે છે...ઓ લોકો, આ હું ડાંડી પીટું છ : ઓ ગરીબ લોકો સાવધ થાજો, ઓ આંધળાઓ લુચ્ચાઓ અને ખોટાઓ, પાછા દેખતા, પ્રમાણિક અને ખરા ઉદ્યોગ કરવે ખરા થજો" ઇ.

પા. ૪૮૪ ઉપર "વર્તમાનપત્ર અને ચોપાનીયા" વાળા લેખના પ્રારંભમાં જ નર્મદ પૂછે છે :

"વર્તમાનપત્ર અને ચોપાનીયાં કાંહાં કાંહાં નિષ્પક્ષપાત અને ખરાં દેશહિતેચ્છુ સમજવાં ?'

અને પછી તરત તેનો ઉત્તર આપે છે:

"જાંહાં તેના તે જ ધણી અને તેના તે જ અધિપતિઓ હોય છે તાંહાં. અથવા ધણીઓએ અધિપતિને કુલ મુખત્યારી આપી હોય છે તાંહાં અને જાંહાં અધિપતિની ઇચ્છા વેળાએ પોતાના ગજવાંમાંથી પણ કંઈક કાહાડીને (ગજવું ભરવાને નહિ) દેશને સુધારવાની હોય છે તાંહાં. એવાં વર્તમાનપત્ર આજ કાલ એક બે હશે. શાસ્ત્રીય અને ભાષાવિષય સંબંધી ચોપાનીયાં વિષે બોલવાની જરૂર નથી, પણ ચોપાનીયું અને વર્તમાનપત્ર એ બેનું કામ કરતું એવુ પત્ર તો આજકાલ એક છે."

એ કયું તે કહેવું પડે ખરૂં ? "ડાંડીયો" સિવાય બીજું કયું હોઈ જ શકે ? ! પત્રકાર તરીકેની નર્મદની ભાષાઝમક, અને સ્વસ્તુતિ તથા જાહેરાતમાં તેની નફટતાની નરી સફળતા આજના ભલભલા દસ્તિહારબાજો ને પણ શરમાવે.

નર્મદના પત્રકારત્વનો એક નમૂનો તો અહીં લીધા વિના ચાલે જ નહિ. પા. ૪૧૬ ઉપર "ગુજરાત ટાઇમ્સ"ના શીર્ષક નીચે એ લખે છે:

"ગુજરાત ટાઇમ્સ"નો પહેલો અંક જોવામાં આવ્યો છે. પહેલું તો એ કે ગુજરાતી તથા અંગ્રેજી એવાં ન્યુસપેપરનું નામ, ભાષકામાં "ગુજરાત ટાઇમ્સ" એવું રાખ્યું છે, તે તેના કહાડનારાને ઘટતું ન્હેતું. અંગ્રજ વહાલો અને અંગ્રેજનું જ

વ્હાલું લોકને કેમ લાગે છે? વારુ "ટાઇમ્સ" નામના ન્યુસપેપરોમાં કેવા વિષય જોઇએ અને તેના લખનારામાં કેટલું કૈવત અને કેવું આચરણ જોઈએ તેનો વિચાર "ગુજરાત ટાઇમ્સ"ના માલેકો અને અધિપતિઓએ આગળ સારી પેઠ કર્યો જ હશે (?). પહેલો અંક દ્વૂશબુદ્ધિ બતાવે છે. એ ટાઇમ્સ કાહાડવાની મતલબ ફક્ત ગુજરાત મિત્રને હલકું પાડવાની જણાય છે. શું બીજા વિષય ન મળ્યા કે પહેલામાં જ, મોતીરામ દલપતરામની તરફેન ખેંચી ગુજરાત મિત્રની નિંદા કીધી ? પહેલો અંક જોઇને તો હમે ઘણા જ દલગીર થયા છૈએ."

તડ ને ફડ. ખરો નર્મદ. આજની ગુજરાતી છાપાંની પારસ્પરિક સાઠમારીઓનાં મૂળ કેટલાં ઊંડાં છે!

ભાષાની સચોટતા અને વાગ્પ્રહારની બાબતમાં આજના ઝમકદાર પત્રકારો પણ નર્મદને શું શીખવી શકે તેમ છે? છતાં એમાં વિચિત્રતા તથા બેડોળ ને બેહુદ જોડણી તથા શબ્દપ્રયોગોની છાંટ તો હતી જ.

"ગુજરાતી"એ ભાષાશુદ્ધિની જેહાદ જગાવી, તે પછી સાહિત્યયુગ આવ્યો. પરંતુ પારસીસાઇ છાપાંગરી ગઢના કાંગરા તો તે પણ ખેરવી શકયો નહિ; અઠવાડિકો અને માસિકોમાં એની કારી લાગી ખરી, પરંતુ દૈનિકોની દુનિયામાં એનો ચંચુપ્રવેશ માંડ થઇ શકયો એમ એકંદર જોતાં કહેવું પડે છે.

પરંતુ જ્યાં વિદ્વતમંડળી અને પંડિતાઇ ન ફાવી ત્યાં "નવજીવન"ની શૈલીને સફળતા મળી. ગાંધીજીનાં લાખાણોની ભાષાશુદ્ધિ અને સરળ સચોટતાએ છાપાંની દુનિયાનું મન જીતી લીધું. "હ"કારીયા જડબાતોડ સાક્ષરીયા ભાષાના પ્રચાર સામેના દૈનિકોના બળવાને ગાંધીશૈલીની સૌમ્યતાએ શમાવી દીધો. એણે ગુજરાતી બાનીને ગુજરાતીપણું આપ્યું, સંસ્કૃતના વધારે પડતા સ્વાંગથી એને મુકત કરી, અને વિચારોનું એને ઉત્તમ વાહન બનાવ્યું. એણે લેખનશૈલી સાથે મહાદેવ દેસાઇ, કાકા કાલેલકર, નરહરિ ભટ્ટ, મશરુવાળા, નાનાભાઇ ભટ્ટ, ઇ. ની સમર્થ લેખકશ્રેણી

ગુજરાતને આપી. એની પ્રેરણાએ એવો સર્વોપયોગી જોડણીકોશ રચ્યો કે જેણે સૈકા જૂની જોડણીઓની સાઠમારીઓને શાંત પાડી ને આખા ગુજરાતને એકજ જોડણીનું ધોરણ સ્વીકારતું કરી દીધું. આ પરાક્રમ જેવું તેવું નથી. છાપાં, માસિકો, પુસ્તકો, વાચનમાળાઓ, સરકારી પ્રકાશનો ઇ. બધાં ક્ષેત્રોએ "નવજીવન" પ્રેરિત જોડણીકોશને આધારભૂત માન્ય રાખીને તેને, "નવજીવન" શૈલીમાં કહીએ તો, અપનાવી લીધો. તેનું પૂર્ણપણે પાલન કરવામાં બધાંને સફળતા હજી નહિ મળતી હોય, કેમકે સ્વચ્છંદતાનો મહાવરો છૂટવો સહેલ નથી, પરંતુ પૂર્ણ અનુસરણ કરવાની ઇચ્છા તેમજ પ્રયત્ન તો સર્વ કરે છે. એણે ગુજરાતને ગુજરાત વિદ્યાપીઠ આપી, તેની ગંભીરતા, અભ્યાસવૃત્તિ, પ્રતિભા આપી, અને સમગ્ર ગુજરાતી ભાષાને સંસ્કારિતાથી છાઇ દીધી

આ "નવજીવન" નો વ્યાપક પ્રભાવ. પરંતુ છેક આજનો જમાનો કહીએ, દૈનિકોની જે કાયાપલટ આપણે આજે નીરખી રહ્યા છીએ, પત્રકારત્વ અને તેની ભાષામાં જે ચેતન, નૂતનતા, ઝમક અને ઉલ્લાસ જોવામાં આવે છે, જે જોશ તેમાં ઉભરાય છે, એ વિશિષ્ટ પત્રકારી ભાષાપ્રકારનો જશ તો રાણપુરને ફાળે જાય છે, એનો સાવ ના નહિ પાડી શકાય. અમૃતલાલ શેઠના પ્રેરણાપિયુષે એ આખી શૈલિની સરજત ઊભી કરી છે. વિશ્વામિત્રની જેમ એણે અંતરિક્ષમાં અનોખી—કે નોખી ?—ભાષાસૃષ્ટિ સર્જી છે, "ડુંગરે ડુંગરે કાદુડાના ડાયરા"ની જેમ, છાપે છાપે આ શૈલીના ઓળા પથરાઇ પડયા છે.

રાણપુરીયા શૈલી, એટલે સનસની, આત્યંતિકતા, ઉર્મિવશતા, સચોટતા, ચટદાર બાની, શબ્દલાલિત્ય, કાવ્યમયતાનો ઓપ, શબ્દે શબ્દે મારતોલના ધાતુ વજન ભરવાનો પ્રયત્ન-ટૂંકામાં, સૅન્સૅશન !

રાણપુરના અમર પત્રશહીદ "સૌરાષ્ટ્ર"ની નાની કટારોએ પોતાની કાતિલ કારકીર્દી દરમ્યાન ગુજરાતી અખબારી જગતમાં નૂતનતાના

સ્ફોટક બોંબ ખૂબ ઝીકયા : ણે "મુંબઇ સમાચાર", "સાંજવર્તમાન", "ગુજરાતી" પ્ર. મુંબઇગિરી બેઠી શૈલીના ઉપાસકોની છાવણીમાં, છાપાંગરી ઢબે કહીએ તો, તરખાટ મચાવી દીધો. એના તરફ બનાવટી સૂગથી નાકનું ટીચકું ચઢાવનારા પણ અંદરથી, થોડાઘણા તોયે, ઇર્ષાથી પ્રેરાતા હતા, એમ કહેવામાં કોઇનું વાંકું બોલવાપણું હોય નહિ. પ્રત્યેક નવી વસ્તુએ દૃઢમૂલ થતા પહેલાં ઉપેક્ષા, તુચ્છકાર, ઠેકડી, ક્રોધ, અને પછી સ્વીકાર, એ તબક્કાઓ પસાર કરવા જ પડે છે. રાણપુરી શૈલી કોઇ કોઇવાર આત્યંતિક રૂપ પકડતી હતી અને ફેંકોલોજીમાં કોઇ કોઇવાર તો હાસ્યાસ્પદ હદે એ પહોંચી જતી હતી, એ ખરૂં; "સૌરાષ્ટ્રની રસધાર" ના બારવટિયાની માણકી કે તેજણ તથા તેના અસવારના ગગનગામી પરાક્રમોના પંથે એ શૈલીનાં ઉડ્ડયનો પણ કદી'ક ઉપડી જતાં હતાં, એવું ઘણાનું પ્રામાણિક મંતવ્ય છે; પરંતુ એકંદરે એ ઢબે ગુજરાતી પત્રકારત્વની ભાષાની ખૂબ સેવા કરી છે; વૃત્તવિવેચનમાં એણે નવો ઝોક આપ્યો છે, નવું તેજ પ્રગટાવ્યું છે, એની ન કહી શકાય તેમ નથી

સમય જતાં એ શૈલીના ખૂણાખચકા ઘસાઇને ઓછા અણીયાળા બન્યા છે, એના ખાડા ટેકરા છોલાઇને તેનામાં વધારે સમતલતા આવી છે. તે સાથે બીજાં જૂની ઢબનાં મુંબઈ ગુજરાતનાં છાપાં—'મુંબઇ સમાચાર' અને 'સાંજ' પણ—જાણ્યે અજાણ્યે, શેવ્રોલેટ ગાડીના નવા મોડેલની જેમ, 'બ્રાઇટર એન્ડ બેટર' ભાષા સામગ્રી તરફ ઢળવા લાગ્યાં; બન્ને વાડા આ પ્રમાણે એક બીજાની નજીક આવતા દેખાય છે, અને ગુજરાતી દૈનિક અખબારો એકંદર ભાષાની એક સમતલતાની સમીપ ધીમે ધીમે પરંતુ ચોક્કસ રીતે ખસતાં જાય છે. અત્યારે અસલ રાણપુરીયા શાબ્દિક ખમીરના નાફેરવાદી વીર તરીકે દૈનિકોના ક્ષેત્રમાં અઠંગ પત્રકાર શ્રી. સામળદાસ ગાંધી, અને સાપ્તાહિક દુનિયામાં શ્રી. ઝવેરચંદ મેઘાણી પોતાનો 'પોતાનો મંથુરાકો પંડો ન્યારો' જાળવી રહેલા

દેખાય છે. આ લખાણુ લખતાં, હાથ લંબાવીને 'વંદેમાતરમ'ની જે પહેલી નકલ હાથ લાગી. તેનાં પાનાં ફેરવતાં જે પહેલો ફકરો નજરે ચઢયો, તે અહીં નમૂનારૂપે ટાંકીએ :

" દુનિયા આજે અનેક તાપોથી તપતી જણાય છે. લાવા વહે છે ને કરોડો માનવીઓનાં દિલ સળગી રહેલાં છે. બનાવો બને છે—અનોખા, વિરલા, ઘનઘોર અને અદ્‌ભુત...એ બનાવો રાજધુરંધરોને કંપાવતા જણાય છે, સાહિત્યકારોને હલબલાવતા જણાય છે. સુધારકોને પણ ક્રમકમાવતા જણાય છે..."

એજ અંકના અગ્રલેખમાંથી આ રહી એક વાનગી;

" સમાજવાદનો મોરલો સામ્રાજ્યવાદની આંબાડાળે હીંચકવાને આવી ચઢયો. પોતાની ડાળે તે હીંચાયો નહિં, અને પારકી ડાળે હીંચકતાં તેને આવડયું નહિ. સામ્રારાજ્યવાદનાં પખેરુઓ તેની પાછળ પડયાં. તેનો સમાજવાદ ફોલાઇ ગયો, તેનો સામ્રાજ્યવાદ ઢોલાઈ ગયો. કંથા સાચવી નહિ, અને પાયજામો પરિધાન કરતાં આવડયો નહિ. અને જાણે કે કોઇ વ્યોમવિહારી બપોરના રણની ધગ ધગતી રેતીમાં તરફડાટ નાખવાને જ આવી ચઢયો ! " (તા. ૨૮–૧૧–૪૨)

શબ્દપરંપરા, કે ચિત્રપટ ? કે પછી શબ્દચિત્રપટ ? એમાંથી આ શૈલીને શું કહેશો ?

" જન્મભૂમિ "ની પણ એક નકલ, પહેલી હાથ લાગી તે, ઉપાડતાં તેના અગ્રલેખ " સુવર્ણ શબ્દો " ના પેટા મથાળા " ફટકી ગયું છે " નીચે છાપેલાં કેટલાંક વાકયો આ રહ્યાં :

'આંબેડકરનું વળી પાછું ફટકી ગયું લાગે છે......ભાઈ ભીમરાવ રામજી આંબેડકરને અમે એટલું જ કહેવા માગીએ છીએ, કે હજી આ ઉમરે પણ તમે તમારી જાતને નથી ઓળખી શકયા ? તમે નવો ધર્મ તો કયારનો સ્થાપી ચૂકયા છો, એ હકીકત પણ શું તમે હજી નથી જાણતા ? એ ધર્મ છે સત્તાની ઉપાસનાનો. એનું મક્કા શરીફ, કાશી કે જેરૂસલેમ છે ન્યુ દીલ્લી અને સીમલા. એની મોક્ષ પુરી છે લંડન ! એનો ભગવાન છે બ્રિટિશ સામ્રાજ્યનો વડો પ્રધાન ! એના સંતો, મહંતો ને ઓલીયાઓ છે તમારા ઉપર કરુણાની વૃષ્ટિ

કરી શકે એવે આસને બેઠેલા નાનામોટા લાટ સાહેબો ! અને એનો ગુરુમંત્ર છે "જીસકે તડમેં લડ્ડુ, ઉસકે તડમેં હમ !"...પણ એ ધર્મ નવો નથી...ચાર્વાક અને કૌટિલ્ય જેટલો જૂનો છે ! "(જન્મભૂમિ, તા. ૨૮–૧૧–૪૨, મુંબઈ આવૃત્તિ)

એજ, એજ, પુરાણી ઝમક ! અનેક પરાક્રમી શિષ્યોને તૈયાર કરનાર વિલક્ષણ પત્રકાર અમૃતલાલ શેઠનો હાથ છાનો રહે ખરો ?

એકંદર એમની શૈલી હવે વધારે ગંભીર અને ઠાવકી થતી દેખાય છે ખરી. પરંતુ તેથી શું ? ઇંગ્લેન્ડનાં વિખ્યાત વર્તમાનપત્રોમાં પ્રાસંગિક હાસ્યકાવ્ય અઠવાડીયે એક વાર આપવાનો શિરસ્તો છે. તેમાં 'માન્ચેસ્ટર ગાર્ડિયન" નો "લુસીયો" વિશિષ્ટ સ્થાને છે. તે ઉપરાંત "સેગીટેરિયસ" આદિ બીજા પણ સિદ્ધહસ્ત જોડકણાકારો એ અખબારોમાં ઓર ઝમક પૂરતા રહે છે. એ "ફીચર" "જન્મભૂમિ" એ 'વૈશંપાયનની વાણી" રૂપે નિયમિત પ્રકારે દાખલ કરીને ગુજરાતી વૃત્તવિવેચનમાં એવો અસરકારક સ્ટન્ટ કર્યો છે, કે એ એકજ ઉપાડ લેખનશૈલીનાં બીજાં બધાં હરીફ નખરાંને હરાવી નાખે છે !

અને "યુદ્ધવાચન"ના આદ્યપ્રવર્તક પત્રકાર પણ અમૃતલાલ શેઠ જ ને ! અનુભવ, કલ્પના, લેખનશક્તિ, આવડત, જોશ, કામ લેવાની શક્તિ, પર્યટન, અનેક જીવનક્ષેત્રોના તલસ્પર્શ ઇ.ની એમની વિશેષતાઓને લીધે, ગમે તેમ કહો તો પણ, શ્રી. શેઠ ગુજરાતી અખબાર આલમના એક અજોડ સિતારા છે.

"વંદેમાતરમ"ની ઉપાસના પોતાનો નોખો રસ્તો લે છે. હિંદના કોઇપણ છાપા કરતાં પછાત તેને રહેવું નથી. લંડનમાં કચેરી, સીધો કેબલ વ્યવહાર અને ત્યાંના ખાસ સંવાદદાતા, એટલું તો એણે હાંસલ કર્યું પણ છે. અને હવે ગુજરાતી પત્રકારત્વમાં હાડોહાડ પેસી ગયેલું પીળાપણું કાઢી નાખવા એણે કમર કસી છે, એવા શુભ સમાચાર સંભળાય છે. ધન્યવાદ !

વૃત્તવિવેચનની ભાષામાં આ પ્રમાણે નવો અને વ્યાપક પલટો રાણપુરથી આવેલો કહી શકાય, પરંતુ તે પહેલાંથી જ "હિંદુસ્તાન" પત્ર વૃત્તવિવેચનની ઢબમાં મૌલિકતા તથા ઝમકનું પ્રમાણ વધારવા માટે પ્રયત્નશીલ હતું. એ છાપાની કચેરીમાંથી તૈયાર થયેલા બાહોશ પત્રકારો આજે મુંબઇના પ્રત્યેક ગુજરાતી વર્તમાનપત્રની કચેરીમાં મહત્વનું સ્થાન રોકે છે. મુંબઇના કોઇ પણ વૃત્તપત્રની કચેરીમાં જશો, તો ત્યાં અસલ "હિદુસ્તાની" જીવડો મોખરાનું સ્થાન સાચવી રહેલો તમને અવશ્યમેવ મળી આવશે.

"હિંદુસ્તાન"ના રજત મહોત્સવ અંકમાં શ્રી. શામળદાસ ગાંધીએ "આધુનિક ગુજરાતની અખબાર સવારી"માં એ પત્રને ચિરસ્મરણીય અંજલી આપી છે. તે લખે છે :

> "હિંદુસ્તાન અને સૌરાષ્ટ્ર–ગુજરાતી પત્રકારત્વના એ બે ધ્રુવ–તારલાઓ વચ્ચે નવા–જુનાનાં, કોઇકને ગમતાં ને કોઇકને અણગમતાં મિશ્રણ સમાં ઘણાંક પત્રોની અખબાર સવારી આપણી આંખ સામે વહેતી જણાય છે."

"સૌરાષ્ટ્ર" આથમ્યું; પણ એનો કેવો અણમુલો વારસો આપણે ભોગવીએ અને જોગવીએ છીએ? તેવી રીતે ૧૯૪૦માં "હિંદુસ્તાન"નો પણ અસ્ત થયો. પરંતુ ગુજરાતી છાપાંની કચેરીએ કચેરીએ એ જીવંત છે, અને રહેશે.

ગુજરાતી વૃત્તવિવેચનની આ વર્તમાન સ્થિતિ. શ્રી. સામળદાસના શબ્દોમાં કહીએ તો :

> "છેલ્લા અઢી દાયકાઓ દરમ્યાન ગુજરાતી અખબારોએ અનેક ચમત્કૃતિઓનું સર્જન કર્યું છે. પરદેશી પત્રકારત્વના આંધળા અને સત્વહીન અનુકરણમાં અંગ્રેજી અખબારો જ્યારે તલ્લીન થયાં છે, ત્યારે ગુજરાતી પત્રકારોની અને ગુજરાતી પત્રકારત્વની બલિહારી નથી, કે અનેક કસબી મુશ્કેલીઓનો સામનો કરીને પણ એ પત્રકારત્વ રૂપમાં અને રંગમાં, જોમમાં અને પ્રચારમાં, બાજમાં અને કલામાં પોતાની આત્મીયતાનો પ્રભાવ પાડવામાં

ને એકવાડ આરોગવાનો ઇન્કાર કરવામાં અંગ્રેજી અખબારોથી અનેકગણા, અનેક રીતે અને અનેક માર્ગે આગળ ગયાં છે !"

હળવી કટારો, રમુજી મર્માળાં વચનોની કળા પણ આપણાં સામયિકોએ સુંદર રીતે કેળવી છે. એ ઢબની કટારોનો પહેલો નિષ્ણાત કવિ નર્મદ હતો. 'ડાંડીયો;' હલકારૂ ('પારસી પચ'); રમતા રામને નામે લખતા કનૈયાલાલ ગિરધરલાલ કોઠારી; 'દેશી મિત્ર'ના મંછારામ ઘેલાભાઇ; 'ભીમસેન' તે મંછારામના પુત્ર નગીનદાસનું રમુજી કટારોનું છાપું; 'પારસી પંચ'નું 'હિંદી પંચ'માં પરિવર્તન અને તેના હળવા કૉલમો; 'લોકનાથ' અર્થાત ડ. જી. પાધ્યેની કટારો; ભર કટોરા રંગવાળો રંગીલો 'બિરબલ' તે ખરશેદજી બમનજી ફરામરોઝ; મી. જહાંગીર મર્ઝબાનની રમુજી લેખમાળાઓ અને તેમના સપુત ફિરોઝશાહની હાસ્ય ઝરતી કલમનાં 'જામે'માં વહેતાં ઝરણાં; 'જામે'નો ગુલફામ; 'કચસર'નો ચલણી રૂપીયો; હરિપ્રસાદ ભટ્ટ મસ્તફકીર, અલીબાબો, લહીયો, લલ્લુ, લખોટો, રખડુ, રઝળુ ઇ. અનેક નામે કરેલી ધૂન મસ્તી; સામળદાસ ગાંધીનાં વિવિધ તખલ્લુસ નીચેના કિસ્સા; 'જન્મભૂમિ'માં પરપોટા ઉડાવનાર નથ્થુભાઇ તે ચન્દ્રકાત સુતરીયા; રવિશંકર મહેતાની 'લોક વાયકા'; પંચાતીયા તે શ્રી. સાદીક; G. L. M. તે ગગનવિહારી મહેતા; દાલચીવડા તે રાયચુરા; ધનસુખલાલ; ઓલીયા જોશી; જાગીરદાર, જ્યોતીંદ્ર દવે, ખંધડીયા, બેકાર...

ગુજરાતી છાપાંને મર્માળાં હળવાં હાસ્યથી ઉજમાળનારા આ કટારકારો લોકના લાડીલા બની ગયા છે.

આજે પણ અવનવાં નામે હળવી કટારો અને કટારકારો મનોહર ફાલ આપ્યા જ કરે છે.

તે ઉપરાંત આજનાં છાપાંમાં ખાસ 'ફીચરો' આપવાની પદ્ધતિમાં તો ખૂબ જ પ્રગતિ થઇ રહેલી છે. સીનેમાની પૂર્તિઓ છાપાંમાં રંગીલા

રંગો પૂરવા લાગી છે. વૃત્તવિવેચનના વૃક્ષને જીવનનાં કઠોર તેમજ કોમળ—પ્રાયઃ બધાં અંગોને સ્પર્શતી અને શોભાવતી અનેક શાખાઓ પાંગરતી અને વિકસતી જાય છે. એમાં વાસ્તવતા, કાવ્યતત્વ, ચમક, માર્મિકતા...જીવનને જીવવા યોગ્ય બનાવતા બધા જ રંગોની રાંગોળી પુરાય છે.

ગુજરાતી સંસ્કારની અસ્મિતા અને વિશિષ્ટતાનાં વધારે સુરેખ દર્શન ગુજરાતને તેનાં છાપાંમાં લાધવા લાગ્યાં છે. લોકવાણીને, લોકમતને નવી તાજગીનાં પિયુષ તેમાંથી સાંપડી રહેલાં છે.

ટૂંકામાં, સમાચારની રજુઆતની ખુબી પરત્વે, દૈનિક અખબારી દુનિયામાં ગુજરાતી છાપાંને તોલે આવે એવું છાપું હિંદની બીજી કોઈ પણ પ્રાંતભાષામાં પ્રકટ થતું હજી સુધી તો જોવામાં નથી આવ્યું.

અને ગુજરાતી વૃત્તવિવેચનનો અશ્વ આ રફતારે આગળ વધતો રહેશે, તો છાપાંની ઘોડદોડમાં ગુજરાતના 'વિન'ની ટીપ કાયમની થઈ રહેશે, એ નિર્વિવાદ છે.

અને આ તો માત્ર મુંબઈની વાત થઈ. ગુજરાતી પત્રકારત્વ ક્યાં મુંબઈમાં જ સીમિત છે ! એના મીઠા ઓળા તો સિંધથી માંડીને કોચીન અને ઓખાથી માંડી રંગૂન સુધી, છેક આફ્રિકા સુધી લંબાયેલા છે.

પ્રકરણ ૭

ગુજરાત

"પત્રકાર એ મુખ્યત્વે વિચારપ્રચારક હોય છે. વિચારનો પ્રચાર કરવાની, વિચારો "બ્રોડકાસ્ટ" કરવાની વૃત્તિ કહો કે ચળ–પત્રકારને જેટલી હોય છે તેટલી ભાગ્યે જ બીજાને હશે. ધર્મોપદેશક અને અને અધ્યાપક એ બંનેમાં પણ તે વૃત્તિ ઓછાવત્તા પ્રમાણમાં જરૂર હોય છે." —દ. બા. કાલેલકર

અમદાવાદમાં પહેલું છાપખાનું ૧૮૪૫માં સ્થપાયું હતું; પરંતુ તેની પ્રવૃત્તિ શિલાછાપથી પુસ્તકો છાપવાની હતી.

૧૮૪૮માં ગુજરાત વર્નાકયુલર સોસાઇટી સ્થપાઈ, અને તેણે પોતાનું છાપખાનું કાઢીને "અમદાવાદ વર્તમાન પત્ર" નામે અઠવાડિક શરૂ કર્યું, પરંતુ મી. ફોર્બ્સ સાથે મતભેદ પડતાં તે અલ્પજીવી નીવડયું. દર બુધવારે નીકળતું હોવાથી લોકો એને બુધવારીયું કહેતા.

૧૮૫૦માં વિદ્યાવર્ધક મંડળીએ 'બુદ્ધિપ્રકાશ" સ્થાપ્યું, અને ચાર વર્ષ પછી તે ગુ. વ. સોસાઇટીના હાથમાં આપ્યું.

તે પછી 'ખબરદર્પણ' નામનું અર્ધ સાપ્તાહિક દેખાયું.

૧૮૬૦માં 'અમદાવાદ સમાચાર' પ્રસિદ્ધ થયું, અને મુંબઈથી નીકળતું 'સમશેર બહાદુર' પણ અમદાવાદ આવ્યું. એ 'અમદાવાદ સમાચાર' 'સંદેશ' સામે જોડાઇ ગયું.

૧૮૬૩માં "પ્રજા અભિલાષે" દેખા દીધી.

'હિતેચ્છુ' પત્ર (૧૮૭૩) ઠીક ઠીક સેવાભાવી હોઇ તેણે ચાલીસેક વર્ષની આવરદા ભોગવી હતી.

'પ્રજામત', 'હિંદુસ્તાન,' 'પ્રતિનિધિ,' 'રાજપત્રિકા' ઈ. છાપાં અમદાવાદમાં પ્રકટીને ટૂંક સમયમાં લીન થઇ ગયાં હતાં. તેમાંનું 'હિંદુસ્તાન' મહત્વાકાંક્ષાને લીધે મુંબઇ ગયું અને ત્યાં તેનું અવસાન થયું.

આ સમયનાં ગુજરાતનાં છાપાંએ અખબારી દુનિયાની આબરૂને બહુ ઉજમાળી તો ન જ કહેવાય ! પહેલી ગુજરાતી પત્રકાર પરિષદના મંત્રીઓના નિવેદનમાં વાંચવામાં આવે છે કેઃ

"આ મધ્યકાળના છાપાંના અધિપતિઓ પોતાની સત્તાનો ઉપયોગ ખોટે માર્ગે કરવાને પણ પ્રેરાતા. ધનવાનોની નિંદાઓ છાપવી. ધમકકીઓ આપવી, દેશી રાજાઓના સાચા જાઠા જુલ્મોની વાતો છાપી તેમને ડરાવવા અને એવાજ ખોટા માર્ગે પેટને માટે પૈસો કઢાવવાનો ધંધો પણ કેટલાયે ચલાવતા. કાઠિયાવાડ એજન્સીમાં પોલીટીકલ એજંટોની અને દેશી રાજાઓની સર્વોપરિ સત્તા હોવાથી આવાં પત્રો અમદાવાદમાં આવી થાણું જમાવતાં અને પછી પોતાનાં બાણુ છોડી રાજાઓ, તેમના કારભારીઓ તથા બીજાઓ પાસેથી નાણું કઢાવતા ! "કાઠીયાવાડ હિમાયતી" "કાઠીયાવાડ સમાચાર" અને બીજાં કેટલાંક પત્રો આવાં કાર્યો માટે વગોવાયેલાં પણ ખરાં. "એક આબરૂદાર શેઠીયાએ ચેતતા રહેવું," "ઝાલાવાડના એક રાજાએ પોતાની પ્રજા ઉપર જુલ્મ કરવા માંડયો છે અને તે જુલમમાં રાજાનો ભાઇ થાય છે તે આગળ થયો છે, સંબંધી અમે તપાસ કરીએ છીયે અને તપાસને અંતે પૂરી ખબરો પ્રસિદ્ધ કરીશું" એવી ધમકીઓ તો આવાં પત્રોમાં સાધારણ હતી. અને ધમકીઓ એ ઓછી કેળવણીના કાળમાં નાણું ખેંચી લાવનારી પણ થતી."

આજે પણ આ પ્રકાર કયાં હયાત નથી? અમદાવાદ એવા અફુાઓથી આજેય કયાં અજાણુ છે?

ઇંગ્લેન્ડના 'સાઉથ સી બબલ' જેવો અમદાવાદમાં વીમા કંપનીઓનો પરપોટો પ્રકટયો હતો. એની ઠગાઇ જાહેર કરવા, એ પરપેટો ફોડવા, એને ટેકો આપનારાં લાલચુ છાપાંને ઉઘાડાં પાડવા જાહેર હિંમતવાળા શહેરીઓએ ઊંચી કક્ષાનાં પત્રો કાઢવા માડયાં.

૧૮૯૮ માં 'પ્રજાબંધુ' નો ઉદ્‌ભવ આ રીતે થયો, અને પ્રામાણિક પત્રકારત્વનો ચીલો એણે પાડયો.

૧૯૦૧ માં 'ગુજરાતી પંચ' પ્રકટ થયું.

આ બે ધીંગાં અઠવાડિકો પછી 'જ્ઞાનોત્તેજક,' 'જૈન,' 'રાજસ્થાન,' 'પોલીટીકલ ભોમીયો,' 'ગુજરાત વર્તમાન,' 'નવજીવન,' 'યંગ ઇન્ડીયા,' 'સ્વરાજ્ય,' 'સંદેશ,' 'વીરશાસન,' 'કચ્છ વર્તમાન,' ઇ. નીકળ્યાં. 'જૈન' ભાવનગરમાં જઇને જામ્યું છે.

'નવજીવને' તો ગુજરાતી ભાષાની અને છાપાંની દુનીયાની નવી સરજત કરી, અને પોતાનો વારસો 'હરિજન બંધુ' ને આપીને એણે વિદાય લીધી "હરિજન બંધુ" પણ હવે નથી.

જમાનો કેવો બદલાય છે, તેનો એક દાખલો આપણે લઇએ. ઉપર કહેલા મંત્રીઓના નિવેદનમાં નીચેનું લખાણુ પણ જોવામાં આવે છે:

"ગુજરાતમાં વાંચવાનો શોખ હજી બરાબર ખીલ્યો નથી અને મધ્યમ વર્ગમાં વર્તમાનપત્રો ખરીદીને વાંચવાની શક્તિ મર્યાદિત જ હોવાથી રોજીંદા, મોટાં અને ખર્ચાળ પત્રોને પૂરતું ઉત્તેજન મળવા પામતું નથી. આજ કારણથી ગુજરાતમાં દૈનિક પત્રો કાઢવાના જે અખતરા થયા છે તે અખતરા નિષ્ફળ ગયા છે...મુંબઇની હરિફાઇમાં ચડે તેવાં દૈનિકો જ્યારે ગુજરાતમાં જન્મે ત્યારે જ ગુજરાતનાં દૈનિકોને સફળતા મળે...સુરતનું "દૈનિક સમાચાર" અમદાવાદમાં જન્મીને મરણ પામેલાં દૈનિકો "અમદાવાદ સમાચાર," "ગુજરાત

ટાઇમ્સ," "અને સ્વરાજ્ય" તથા રાજકોટનું "કાઠિયાવાડ ટાઈમ્સ' એ બધાંને આ અનુભવને અંતે જ દૈનિક પદમાંથી ભ્રષ્ટ થવું પડયું છે, અથવા રામશરણ થવું પડયું છે. અમદાવાદમાં એકાદ વર્ષથી "સંદેશ" નામનું એક દોઢીયાનું દૈનિક પત્ર પ્રસિદ્ધ થાય છે. પરંતુ દૈનિક પત્રના ગુણોની તેનામાં ખામી છે..."

આજે નંદલાલ ચુનીલાલ બોડીવાળા, કકલભાઇ કોઠારી અને ઈંદુવદન બળવંતરાય ઠાકોરે જે દૈનિકો ખીલવ્યાં છે, તે આ નિરાશાજનક પાયા ઉપર જ !...

સુરત–ભરૂચ

ઇ. સ. ૧૮૫૦માં સુરતમાં 'સુરત પરહેજગાર' નામનું છાપું દારૂ-નિષેધના ઉપદેશ અર્થે શિલા ઉપર છપાઇને બહાર પડયું હતું.

એજ સાલે 'સુરત સમાચાર' પણ પ્રકટ થયું હતું.

૧૮૬૦માં શરૂ થયેલું 'સુરત મિત્ર', તેજ ત્રણ વર્ષ પછી 'ગુજરાત મિત્ર' થઇ ગયું હતું. તેના લેખકોમાં રા. બ. નંદશંકર મહેતા, મધુવચરામ, નવલરામ ઇ. જેવા જાણીતા સાક્ષરો હતા. એનો પ્રભાવ સારો પડતો હતો, અને છેક "કલકત્તા રિવ્યુ"માં તેમાંથી ઉતારા પ્રસિદ્ધ થતા હતા. એ પત્રને તોડવા માટે "સુરત સોદાગર" છાપું કઢાવ્યું હતું, પણ તે બહુ ચાલ્યું નહોતું.

'દેશી મિત્ર' ૧૮૬૦માં પ્રસિદ્ધ થયું, અને વિનોદી પત્ર તરીકે સારી ખ્યાતિ પામ્યું. ૧૮૮૧માં ડો. હ. હ. ધ્રૂવે 'ગુજરાત દર્પણ' કાઢયું હતું. તે ઉપરાંત 'સૂર્યપ્રકાશ' અને બીજાં પણ કેટલાંક પત્રો સુરતમાં નીકળ્યાં હતાં.

'ગુજરાતી'ના ૧૯૪૨ના દીપોત્સવી અંકમાં તેના તંત્રીશ્રી 'સ્વતંત્રતાનો ઇતિહાસ' નામના લેખનો પરિચય આપતા લખે છેઃ'

"રાજકીય સ્વતંત્રતા લેવા માટે ઈ. સ. ૧૮૮૫માં પહેલ વહેલી રાજકીય પરિષદ–કોંગ્રેસ–મહાસભા મુંબઇમાં મળી તે પહેલાં આઠેક વર્ષ પહેલાં સુરત

શહેરમાં એનાં બી વવાયાં હતાં, અને અંકુરો ફૂટ્યા હતા. આ...બી વાવનાર સુરતમાં જુવાનોની એક મંડળી હતી. તેનું નામ 'શારદાપૂજક મંડળી.' તેના મંત્રી આ પત્રના આદ્યતંત્રી–સંચાલક–સંપાદક સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેસાઇ એઓ હતા...આ રાજકીય માંગણીને વેગ આપવાને, લોકોને પોતાના હક્કો માટે જાગૃત કરવા માટે આ શારદાપૂજક મંડળીએ. 'સ્વતંત્રતા' નામનું એક માસિક પત્ર કાઢ્યું હતું. તેની શરૂઆત ઇ.સ. ૧૮૭૮ના જાનેવારી માસમાં થઇ હતી–તેણે ત્રણ મહિના જીવન ગાળ્યું હતું, વચ્ચે ઉત્પાત થયો હતો. તે સમી ગયા પછી પુન : ૧૮૭૯ના માર્ચ–એપ્રિલમાં તેણે પુનઃ દર્શન દીધાં હતાં" ઇ.

આ ઉત્પાત, તે ઉપર જેની નોંધ લેવાઇ એ સુરત રાયટ કેસ. આ લેખ વાચનયોગ્ય છે. રશીયાના ઝાર સાથેનો પત્રવ્યવહાર, 'સ્વતંત્રતા'માંથી ઉતારા, અને સર્વથી શ્રેષ્ઠ તો શારદાપૂજક મંડળીની વાર્ષિક જનરલ સભાની તા. ૧લી એપ્રિલ ૧૮૭૯ની નોંધ, સાચેજ કમાલ છે.

નવલ ગ્રંથાવળી ભા. ૨ ના પા. ૩૭૦ ઉપર છપાયેલા લેખો ઉપરથી જણાય છે કે ઈ. સ. ૧૮૮૬માં 'પ્રાચીન કાવ્ય' નામે "આશરે ૮૦–૯૦ પાનાંનું આ ત્રિમાસિક છે. અને તે રાવસાહેબ હરગોવંનદાસ દ્વારકાદાસ કાંટાવાળા શાસ્ત્રી નાથાશંકર પૂજાશંકર સાથે મળીને પ્રગટ કરે છે".

બીજું, "અપ્રસિદ્ધ ગુજરાતી પુસ્તક" નામનું "ઉપલા જ હેતુનું અને એટલા જ અગત્યનું એક ત્રણ ફોર્મનું માસિક છે એ નડીયાદથી ભાઇ ચતુરભાઇ તરફથી પ્રગટ થાય છે તથા છાપો ત્યાંના 'ગુજરાતી પ્રીન્ટીંગ પ્રેસ'ને શોભા આપે છે."

અસહયોગના જમાનામાં સુરતમાં દૈનિકો અને સાપ્તાહિકો સારી સંખ્યામાં પ્રકટયાં હતાં. મુંબઇનું 'ભારત' દૈનિક બંધ પડતાં (૧૯૨૧–૨૨) શ્રી કાળીદાસ કૃપાશંકર શેલતે સુરતમાં 'નવયુગ' અને પછી 'પ્રતાપ' સાપ્તાહિકો સ્થાપ્યાં હતાં, અને આજે 'પ્રતાપ' દૈનિક અને સાપ્તાહિક ઉભય નીકળે છે. નટવરલાલ વીમાવાળાએ નર્મદની સ્મૃતિમાં 'દાંડિયો'

પત્ર કાઢયું છે. પીતવર્ણી પત્રકારત્વનું નાક પણ સુરતનાં કેટલાંક છાપાં રાખે છે. અમેરિકન ફ્યુચર્સની તેજીમંદીની આવેલી હવા કેટલાંક દૈનિક ફરફરીયાંને પોષે છે, અને કોમી વાતાવરણ તેમને ઉત્તેજે છે, અથવા તેમાંથી ઉત્તેજના મેળવે છે. અને તેવાં છાપાંને ટકાવનારૂં ત્રીજું તત્ત્વ તે સીનેમાને ધીખતો ધંધો.

પરંતુ એકંદર, સુરતમાં સુંદર માસિકો, ગુજરાતી પત્રકારત્વને શોભાવે તેવાં સાપ્તાહિકો અને સમાચાર–પ્રસરણનું કર્તવ્ય યથાશક્તિ પ્રામાણિકપણે બજાવતાં દૈનિકો પણ સારાં ચાલે છે.

આ મુખ્ય મથકો ઉપરાંત ગુજરાતનાં બીજાં સ્થળોમાં પણ છાપાં લાંબા કાળથી નીકળતાં રહ્યાં છે. નવસારીમાં 'વફાદાર' ની સેવા ઘણાં વર્ષો સુધી ગુજરાતે દીઠી. ખેડામાં 'ખેડાવર્તમાન' છેક ૧૮૭૭ થી ચાલે છે. નડીયાદમાં 'ખેડા ખેતીવાડી' નો પ્રારંભ ૧૮૭૮ માં થયો હતો. લીંબડીમાં 'શ્રીમાળી શુભેચ્છક' નું પ્રાકટય ૧૮૮૩.માં થયું. ત્રણ વર્ષ પછી ભાવનગરે 'પ્રિયંવદા' માસિક શરૂ કર્યું. મહુધામાં ૧૮૮૫ માં 'સ્વદેશબંધુ'નો જન્મ થયો.

ભરૂચના 'ભરૂચ વર્તમાન' નો ઉદ્‌ભવ તો છેક ૧૮૬૧ માં શિલાછાપથી થયો હતો એ અને 'ભરૂચ મિત્ર' છાપાં આજે પણ ચાલે છે.

વડોદરા

ગુજરાતમાં છાપાંનું એક મહત્ત્વનું મથક વડોદરા પણ ખરૂં. વડોદરાના પ્રથમ પત્રકાર શ્રી. રાવજી સંતજી આવટે હતા. રાજ્યાશ્રયથી તેમણે 'કૈવારી વડોદરા વત્સલ' સાપ્તાહિક શરૂ કર્યું હતું. એક વર્ષ પછી તેમની સાથે મુંબઈથી આવીને શ્રી. દામોદર સાંવળારામ યંદે જોડાયા, પરંતુ કેટલાક સંજોગોને લીધે તેમાંથી છુટા થઇને શ્રી યંદેએ 'શ્રી સયાજી વિજય' નામે મરાઠી સાપ્તાહિક કાઢયું, અને પ્રારંભથીજ તેને રાજા, તથા રાજ્યના અધિકારીઓની ઓથ મળવા લાગી, જે હજી ચાલુ છે.

એ છાપું પ્રારંભમાં અંગ્રેજી, મરાઠી અને ગુજરાતીમાં નીકળતું હતું. થોડા સમય પછી તે અર્ધસાપ્તાહિક થયું, અને તેના મરાઠી તથા ગુજરાતી વિભાગોનું પ્રકાશન અલગ થયું.

ગુજરાતી વિભાગના તંત્રી શ્રી. માણેકલાલ અંબારામ ડોકટર હતા. શ્રી ચંદેની સેવાની મુંબઈમાં જરૂર પડતાં પોતાનું છાપખાનું શ્રી. ડોકટરને સોંપીને એ ભાઈ ૧૮૯૯ માં વડોદરેથી રવાના થયા. અને ત્યારથી આજના શ્રી 'સયાજીવિજય'નો જન્મ થયો, તે આજ સુધી તેની એક જ ધાટી, એક જ શૈલી, એક જ રાહ એકધારાં ચાલુ છે. ૧૯૩૯માં એણે સાપ્તાહિક મટીને અર્ધસાપ્તાહિક રૂપ લીધું, તે પણ હજી ચાલુ છે. રાણુપુરથી સાવ અલિપ્ત રહેનારો મુંબઇના પત્રકારત્વનો એક ભાગ છે, અને તેનું પ્રતિનિધિ વડોદરામાં 'શ્રી સયાજીવિજય' છે!

ગુજરાતનાં જૂનાં છાપાંની ગણનામાં 'શ્રી સયાજીવિજય'નું પણ નામ વારંવાર વાંચવામાં આવે છે. આજે શ્રી. હરિરાય બુચ જેવા રીઢા અને નિપુણ પત્રકાર લગભગ વીસ વર્ષથી સતત તેનું તંત્રીસુકાન શ્રી. ડોકટરની દેખરેખ નીચે સંભાળી રહેલા છે, અને આખી સંસ્થાના સંચાલન ઉપર શ્રી. માણેકલાલના પુત્ર શ્રી. લક્ષ્મીલાલની નજર રહે છે. વિલાયત જઇને તેઓ જર્નાલિઝમનો અભ્યાસ કરી આવેલા છે. શ્રી. ચ્યવનરાય શુક્લ પણ એજ પત્રના તંત્રીખાતામાં વર્ષોથી કામ કરે છે.

ગુજરાતનાં છાપાંમાં એકડો નોંધાવવામાં 'નવગુજરાત' પણ ખરૂં. ફીજીવાળા વિખ્યાત મણીલાલના બંધુ શ્રી. ચીમનલાલ મગનલાલ ડોકટરે નોકરી છોડીને એ છાપું ૧૯૨૩માં શરૂ કર્યું, તે અદ્યાપિ ચાલે છે. પરંતુ તેની માલિકી બદલાઇ છે. એની ભાષામાં ઠીક ચમકારો જોવામાં આવે છે. એ પત્રને પોતાનો મત વ્યક્ત કરવાના હક ખાતર અમુક અંશે સોસવું પડેલું હતું.

શ્રી. રામચંદ્ર ભટ સંચાલિત 'ભારત' નામે અર્ધસાપ્તાહિક (૧૯૩૬)

હતું તેનો ૧૯૪૨ના અંતમાં અંત આવ્યો. તેનો પ્રારંભ પ્રખ્યાત લુહાણા મિત્ર સ્ટીમ પ્રેસમાં થયો હતો. આ છાપખાનાનું વડોદરામાં વિશિષ્ટ સ્થાન કહેવાય. તેની સ્થાપના ૧૯૧૦ માં થઇ હતી, અને તેના તરફથી 'લોહાણા મિત્ર' નામનું જ્ઞાતિઅઠવાડિક નીકળતું હતું, તેના માલિક શ્રી. 'બકુભાઇ' ઠક્કરની પ્રેરણા અને મદદ ઘણાં પત્રોને મળતાં રહ્યાં છે. 'ભારત' પત્રના સંસ્થાપનમાં તેમનો હિસ્સો હતો. 'શારદા' લગભગ વીસ વર્ષ સુધી ત્યાં છપાયું હતું. 'સાહિત્ય' માસિક તેના જન્મથી અવસાન સુધી ત્યાંજ છપાતું હતું. 'કૌમુદી'ને તેમની ઓથ ઓછી નહોતી, અને તેનો ધક્કો એ છાપખાનાએ પણ ફાળે પડતો વેઠયો છે. 'ગુણસુંદરી'ની તો માલિકી જ તેને ભાગે આવી પડી છે. કલકત્તાથી પોતાનું 'નવચેતન' લઇને શ્રી. ચાંપશી વિ. ઉદ્દેશી વડોદરે લુહાણા પ્રેસમાં આવ્યા છે. 'પુસ્તકાલય' માસિક પણ ત્યાંજ છપાય છે.

એજ પ્રેસે રાષ્ટ્રીય મહાસભાના સળંગ ઇતિહાસની પુસ્તકમાળા પ્રસિદ્ધ કરવાનું સાહસ ઉપાડયું. ગુજરાતમાં એ દિશામાં એ પગરણ પહેલું જ હતું. આ ગ્રંથાવલીનાં લુહાણા પ્રેસનાં પ્રકાશનો મહાસભાનો જેવો સળંગ અને આધારભૂત ઇતિહાસ આપ્યા કરે છે, તેવો બીજો કોઇ પણ હિંદી ભાષામાં ઉપલબ્ધ નથી.

આ રીતે આ છાપખાનું ફક્ત વડોદરાની જ નહિ પરંતુ ગુજરાત સમસ્તના પત્રકારત્વની દૃષ્ટિએ પણ મહત્વની સંસ્થા બની રહ્યું છે.

વડોદરાએ પત્રકારત્વના ક્ષેત્રને ઓછું નથી ખેડયું. તેનાં અસ્તોદય પામેલાં પત્રોની કથા પણ રસપ્રદ છે. શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઇના પિતાશ્રી વસંતલાલ દેસાઇ વડોદરાના 'દેશભક્ત' વૃત્તપત્રના તંત્રી હતા. એ પત્ર ઇ. સ. ૧૮૯૬માં રા. મગનલાલ દોલતરામ નામના તે સમયના પ્રસિદ્ધ ગ્રંથવિક્રેતા તથા ગ્રંથપ્રકાશકે સ્થાપ્યું હતું. તેમાં શ્રી. જગજીવન દયાળજી મોદી પણ લખતા. આ પત્ર છ–સાત વર્ષ ચાલીને અસ્ત

પામ્યું હતું. અહિં નોંધવા યોગ્ય ઘટના એ છે કે અવિસ્મરણીય, ગુજરાતીનું પ્રથમ અને હજી પણ અજોડ રહેલું 'ભદ્રંભદ્ર', એ વૃત્તપત્રના ભેટ પુસ્તક તરીકે પ્રસિદ્ધ થયું હતું ! "ભદ્રંભદ્ર"ની પહેલી આવૃત્તિની "પ્રસિદ્ધ કરનારની પ્રસ્તાવના" માં ર. મ. ની. લખે છે, કે "આ લેખ પુસ્તકના આકારમાં 'દેશભક્ત' માટે બહાર પાડવાની યોજના રા. રા. દોલતરામ મગનલાલ શાહે સૂચવી અને પૂર્ણ કરી તે માટે તેમનો તથા 'દેશભક્ત' પત્રમાં તેમના સહભાગીદાર રા. રા. વસંતલાલ સુંદરલાલ દેસાઇનો આ સ્થળે આભાર માનવો ઘટે છે."

સમય ક્રમે તે પછી 'સયાજી ગૅઝેટ' આવે. એ પણ ગઈ સદીના અંતમાં નીકળી નવા સૈકાના પ્રારંભમાં ઉકલી ગયું હતું. ૧૯૦૩–૪માં ડાહ્યાભાઇ કરસનદાસ શેઠે 'હિંદ વિજય' અઠવાડિક સ્થાપ્યું તેનું ૧૮૯૮–૯૯માં ઉત્થાપન થયું. એના લેખકોમાં શ્યામસ્વરૂપ બાલયોગી મુખ્ય હતા. 'બાણાવલી' પણ વીસમી સદીના પ્રારંભમાં અસ્તોદય પામી ગયું હતું. તે પછી તેના માલિક મહાશંકર લલ્લુભાઈ ભટ્ટે 'ગુજરાત સમાચાર' નામનું પત્ર અને તેજ નામનું પ્રેસ કાઢયું હતું, તે સાતેક વર્ષ જીવ્યું હતું. ઉપર આપણે લુહાણા મિત્ર પ્રેસની વાત કરી, તેમાં શ્રી પરધુભાઇ વહાલાભાઇ શર્મા 'લુહાણા મિત્ર' અઠવાડિક ચલાવતા હતા. તેમનું 'આર્ય પ્રકાશ' પણ ત્યાં જ છપાતું હતું.

૧૯૦૬–૭ની સાલે શ્રી. ઝવેરભાઇ દાદાભાઈ પટેલે 'બરોડા ગૅઝેટ' શરૂ કર્યું હતું. તેની નિડરતા અને તીખાશનો તમતમાટ તેની ઝપટમાં આવેલાઓને આજે પણ ચચરે છે ! તેના તંત્રીઓમાં વસનજી દયાળજી મણાત્રા, નારાયણ વિસનજી ઠક્કર, કનૈયાલાલ ગિ. કોઠારી તથા નરસીભાઈ ઇશ્વરભાઈ પટેલ જેવા જાણીતા લેખકો હતા. ૧૯૦૮–૯ના બંગભંગના આંદોલનના સમયમાં તેના ઉપર તવાઈ આવી, અને તેણે કાયાપલટ કરીને 'વડોદરા વર્તમાન'નો સ્વાંગ સજ્યો.

૧૯૧૨માં ફરી તેને નામરૂપ બદલવાની જરૂરત આવી ઉભી, અને તે 'વડોદરા સમાચાર' બન્યું. એનાં નામરૂપ બદલાયાં પરંતુ ગુણ એના એ રહ્યા હતા, અને તેના છેલ્લા વેશમાં તેની માલિકી તથા તંત્રીપદ શ્રી. ઝવેરભાઇના પુત્ર શ્રી. અંબાલાલના હવાલામાં હતાં. એ પત્રના અગ્રલેખકોમાં હીરાલાલ શ્રોફ, જગજીવનદાસ મોદી, પશાભાઈ પટેલ ('ટ્રેક્ટર') વગેરે જાણીતા ગૃહસ્થો હતા. ૧૯૨૭માં એ સાહસોની પરંપરાના અચ્યુતં કેશવં બોલાયા, અને અંબાલાલ 'કેન્યા ડેઇલી મેઇલ' નો ગુજરાતી વિભાગ સંભાળવા પૂર્વ આફ્રિકા જઇને વસ્યા.

૧૯૨૦–૨૫ના ગાળામાં ગાંધીયુગની ઝકઝોર વખતે 'ડોલતી દુનિયા' નામનું રાષ્ટ્રવાદી અઠવાડિક ઠીક ઠીક ચમકારો બતાવી ગયું હતું. વડો-દરાનું ગમે તેવું તો યે પહેલું દૈનિક 'ઉગતું પ્રભાત' કંચનલાલ ઝવેરી હસ્તક આજથી દસ પંદર વર્ષ પહેલાં ઉગીને આથમ્યું, અને તેનું સ્થાન તેવા જ બીજા દૈનિક નામે 'પ્રતાપે' ૧૯૩૫–૩૬માં અંબાલાલ શિવશંકર પંડયા હસ્તક લીધું હતું. પરંતુ તે પણ અલ્પજીવી નીવડયું. 'સ્વદેશ' અઠવાડિક મગનલાલ છોટાલાલ બુવાએ ૧૯૨૪–૨૫માં સ્થાપ્યું હતું પરંતુ તેની જીવાદોરી બેએક વર્ષની જ નીવડી.

'લોકસેવા' નામનું સાપ્તાહિક વડોદરામાં બે વકીલોએ લિમિટેડ કંપની સ્થાપીને મોટી ધામધુમથી કાઢયું; વડોદરાની છાપાંની દુનિયામાં એણે નવી ભાત પાડી પણ ખરી. પરંતુ એના વકીલ સંચાલકોને ફાવટ નહિ આવતાં છ મહિનામાં જ લડાઇને લીધે કાગળની થયેલી મોંઘવારીનું કારણ બતાવીને તેમણે ઉલાળીયું કર્યું.

'પ્રજામંડળ' પત્રિકા માસિક રૂપે ચાલતી હતી તે ૧૯૪૦ માં સાપ્તા-હિક થઇ, અને એણે પત્રકારત્વમાં સારો પ્રભાવ પાડવા માંડયો. બે'ક વરસ એ યુદ્ધ સમયની વડોદરામાં 'કૅસ્યુઅલ્ટી' બનેલું રહ્યું. વડોદરા સરકાર સાથે ૧૯૪૩ ના એપ્રીલમાં પ્રજામંડળ સંસ્થાને સમાધાન થયું હતું, અને

તે પછી એ પત્રિકા પુનઃ ચાલુ થવાની ધારણા પણ સેવાતી હતી. એ ધારણા ૧૯૪૫ ના ફેબ્રુઆરીમાં ફળી.

દૈનિકોમાં સુરતથી "પ્રકાશ" દૈનિક ખેંચાઇને ૧૯૪૧ માં વડોદરે આવ્યું, અને હજી ચોપાનિયા નહિ પરંતુ દોપાનિયા રૂપે ચાલે છે. "જય ગુજરાત" ૧૯૪૨ માં નીકળ્યું. તે '૪૪ માં મરી ગયું, અને '૪૫ માં ફરી નવે અવતારે ઉભું થયું. "રાજહંસ" દોપાનીયું કડીમાં શરૂ થઇ ૧૯૪૨ માં વડોદરે આવ્યું. એમાં પીળી ચમક ઝાઝી છે.

"આર્ય સંદેશ" છાપું કારેલી બાગની આર્ય સમાજ સંસ્થાની છાયા તળે ચાલે છે, પરંતુ તેની હસ્તી એકાંતરિત પ્રકારે કોમવાદી છે.

"જાગૃતિ" નામનું મરાઠી અઠવાડિક પચીસ વર્ષથી ચાલે છે. તેમાં ગુજરાતી વિભાગ બે વર્ષથી દાખલ થયો છે. એનો રજત ઉત્સવ ૧૯૪૨ માં ઉજવાયો હતો.

ગુજરાતી છાપાંની શકય તેટલી છેલ્લામાં છેલ્લી ('૪૦) વસ્તુસ્થિતિ તપાસતા પહેલાં આજથી એક વીસી પહેલાંની આપણાં સામયિકોની પરિસ્થિતિ ટૂંકાણમાં જોઈ લઇએ. અમદાવાદમાં ૧૯૨૯માં મહેરજીભાઈ પાલનજી માદનના પ્રમુખપણે ગુજરાતી પત્રકારોની પહેલી પરિષદ મળી, ત્યારથી ગુજરાતના વૃત્ત-ઈતિહાસમાં નવું પાસું શરુ થયું કહી શકાય. એ સમયે ગુજરાતી સામયિકો નીચે પ્રમાણેનાં હોવાનું નોંધી શકાયું છે:

માસિકો

૧. સામાન્ય અને સર્વોપયોગી

વસંત, સમાલોચક, બુદ્ધિપ્રકાશ, ગુજરાત, નવચેતન, શારદા, પુરુષાર્થ, સમાજજીવન, જ્ઞાનપ્રચાર, ભાગ્યોદય, ચિત્રમય જગત, સાહિત્ય, કૌમુદી (ત્રૈમાસિક), જ્ઞાનવર્ધક, સાબરમતી, હિંદી પ્રાફિક, નવરાશ, ફુરસદ, ગપસપ, નવરંગ (–છેલ્લાં છ પારસી.)

૨. સ્ત્રી વિષયક

ગુણસુંદરી, સુંદરી સુબોધ, વનિતા વિજ્ઞાન, મહિલાભૂષણ અને સ્ત્રી સુખ દર્પણ

૩. બાળકો તથા કુમારો માટેનાં

બાળમિત્ર, બાલજીવન, બાળશિક્ષક, બાળક (ત્રૈમાસિક) અને કુમાર.

૪. કેળવણી વિષયક

ગુજરાત શાળાપત્ર, સમાજ શિક્ષક, નવજીવન સાથે પ્રતિમાસ નીકળતો કેળવણી અંક, અને દક્ષિણામૂર્તિ (ત્રૈમાસિક).

૫. પ્રાચીન સંશોધન

ત્રૈમાસિકો પુરાતત્ત્વ અને જૈન સંશોધક તથા માસિક સંશોધક.

૬. વૈદક

વૈદ્ય કલ્પતરુ, ધનવંતરી, આરોગ્યસિંધુ અને આયુર્વેદિક વિજ્ઞાન.

૭. ધાર્મિક

ભારતજીવન, વૈષ્ણવ ધર્મ પતાકા, પુષ્ટિભક્તિ સુધા, આત્માનંદ પ્રકાશ, જૈનધર્મ પ્રકાશ, જ્યોતિ, ચેરાગ, રાહે જરથુસ્ત્ર, સ્વામીનારાયણ, પ્રાતઃકાળ, મહાકાળ, ભાગ્યોદય, વિશ્વજ્યોતિ, દૈવી જીવન અને સ્વધર્મ જાગૃતિ.

૮. ધંધા રોજગાર

ખેતીવાડી વિજ્ઞાન, દેશી વહેપારી ચેંબર ત્રૈમાસિક, સહકાર પત્રિકા, ખેતીવાડી અને સહકાર્ય, અને કામધેનુ નામે ગાયો વિષયક માસિક જે એક મુસ્લીમ ગૃહસ્થ ચલાવતા હતા. વળી જ્યોતિષ, મોટરકાર અને વિજળિક બળ ઇ. ધંધાપત્રો પણ ચાલતાં હતાં.

૯. લલિત કળા

માં એકજ ત્રમાસિક, સુવર્ણમાલા હતું.

૧૦. પરચુરણ

નવલ પુષ્પ, ખીલતું પ્રભાત, બ્રહ્મચારી, નવપ્રભા ઇ.

૧૧. જ્ઞાતિ

જ્ઞાતિ માસિકો લગભગ ૭૦ હતાં. તેમાંનાં કેટલાંક ત્રૈમાસિક અને કેટલાંક દ્વૈમાસિક હતાં કુંભાર, લુહાર સુતાર. નાઇ, દરજી, કાછીઆ, દેશી ખ્રિસ્તી, મુસલમાન ઇ. ન્યાત જાતોએ પોતપોતાનાં મુખપત્રો કાઢવાની તે સમયમાં જાણે કે ઘોડદોડ માંડી હતી. તે સમયે સામાજિક પ્રશ્નોની છણાવટ કરવાના પ્રયત્ન કંઇક આજના "જ્યોતિર્ધર"ના રાહે "વર્ણલગ્ન" કરતું હતું. બીજાં બધાં કેવળ ન્યાતપત્રો હતાં.

વીસમી સદીના આરંભથી જ છાપાંમાં એકંદરે આવેલી ચમત્કૃતિની સાથોસાથ જ્ઞાતિ પત્રિકાઓનું કટકટા એવું તો ઉભરાયું કે છેવટે ઓલીયા જોષીથી કલમડી ઝાલી ન રહી, અને 'ગુજરાતી'ના ૧૯૧૬ના દીવાળીના અંકમાં વ્યાજજાહેરાતરૂપે 'એક નવું માસીક (ઓલીયા જોષી)' એવા મથાળા નીચે સીકસ લાઇન ટાઇપમાં એમને જાહેર કરવું પડયું, કે

'અલ્પ સમયમાં બહાર પડશે—શ્રી કુમ્ભાર હિતેચ્છુ !'

અને તેનો મુદ્રાલેખ એમણે રાખ્યો : **श्री लंबकर्णाय नमः**

આ "નવિન નવાઈ," "નવિન સાહસ"ના પ્રોસ્પેકટસમાં ઓલીયાજી જનતાને નિવેદિત કરે છે :

"ઉદ્દેશ—વિસમી સદીના આ નવીન યુગમાં દરેક દેશ અને પ્રત્યેક પ્રજાના જીવનમાં અનેક પ્રકારની પ્રવૃત્તિ શરૂ થઈ છે. આર્યાવર્ત્ત પણ તેમાં પછાત રહ્યું નથી. પાશ્ચાત્ય પ્રદેશોમાં જેમ દરેક ધંધા અને કળાકૌશલ્યને લગતાં ખાસ પત્રો પ્રકટ થાય છે તેમ ભરતખંડમાં દરેક કોમવાર, નાતવાર બલ્કે તડવાર માસિકો હવે પ્રસિદ્ધ થવા લાગ્યાં છે. એવે સમયે આપણી કુંભાર જ્ઞાતિને ઉન્નત દિશાએ પહોંચાડવાના શુભ આશયથી ઉપર્યુંકત માસિક કહાડવાનો અમારો ઇરાદો ચોક્કસ થઇ ચૂકયો છે.

"...કુંભાર કવિયો અને કુંભાર લેખકોએ હવે આજ માસિકને ઉત્તેજન

આપવું. કોયલના ટહુકાર કરતાં ગર્દભના ભોંકાર વિષેનાં કાવ્યોને અગ્રસ્થાન મળશે......

"નિયમિતતા...જો ગ્રાહકોની સંખ્યા ઉભળી પડશે તો પખવાડિક, પછી અઠવાડિક. અને છેવટે દૈનિકપત્ર નીકળતું થશે...

"...અમારા વેપારમાં જો હાની જણાશે તો વખતે વખતે બબે અંક સામટા કાઢશું, નહિતર ત્રણ માસે એક દળદાર અંકની લાલચ દેશું અને પછી વરસ છ માસ પર્યન્ત નિદ્રામાં જશું" ઇ. ઇ.

કટાક્ષરૂપે પણ ઓલીબાજીએ જે શબ્દચિત્ર આલેખ્યું છે તે યથાસ્થિત છે "શ્રી કુંભાર હિતેચ્છુ"ની ટીકા એકંદર જ્ઞાતિ દુનિયાનાં બધાં ચોપાનિયાંને ઓછાવત્તા પ્રમાણમાં તે સમયે તો લાગુ પડતી હતી. આજે જ્ઞાતિમુખપત્રો પણ બધાંને રસ પડે તેવું સંસ્કારી માસિકનું રૂપ ધારણ કરવા તરફ ઢળ્યાં છે; "લોહાણા હિતેચ્છુ", "આહુતિ" ઇ. જેવાં માસિકો સહુને જોવાં ગમે. એ રીતે પ્રારંભનું કટ્ટર ન્યાતીલાપણું the old school-tie tradition-હળવું થતું જાય છે, એ શુભ સમયચિહ્ન છે.

સાપ્તાહિકો

૧૯૨૪માં ચાલતાં સાપ્તાહિકોમાં ગુજરાતી, નવજીવન, નવયુગ, ગુજરાતી પંચ, પ્રજાબંધુ, સયાજી વિજય, નવગુજરાત, ગુજરાતમિત્ર, દેશીમિત્ર, ભરુચ સમાચાર, સૌરાષ્ટ્ર, કાઠિયાવાડ ટાઇમ્સ ઇ. વિશેષ પ્રચલિત હતાં. તેમાંનું એક પણ પત્ર સચિત્ર નહોતું. તે સમયનું "સૌરાષ્ટ્ર" પણ ગમે તેવું, તો યે સચિત્ર નહોતું જ !

પ્રકરણ ૯

બૃહદ્ ગુજરાત

"ગુજરાતી ભાઈઓ મોટા પ્રમાણમાં દૂરનાં સંસ્થાનો, દેશો તથા પ્રાંતોમાં જઈ વસેલા અને તેમની મુશ્કેલીઓ ઘણી હોય છે, તેથી ગુજરાતી પત્રોએ બૃહદ ગુજરાતના પ્રશ્નોને ગુજરાતના પ્રશ્નો જેટલું જ મહત્ત્વ આપવું ઘટે છે. તેટલા માટે તે પ્રશ્નોનો ખાસ અભ્યાસ કરવા તેમજ તે વિષે ચર્ચા કરતા રહેવા આપણાં વર્તમાનપત્રોને આ પરિષદ આગ્રહ કરે છે."

—પહેલી ગુજરાતી પત્રકાર પરિષદનો ઠરાવ, તા. ૨–૧૧–૧૯૨૫

કરાંચીમાં ગુજરાતીઓની વસ્તી સારી છે. એટલી બધી સારી કે તેને ગુજરાતનું ઉપ–ગુજરાત કહીએ તો પણ વધારે પડતું નથી. થોડાંક વરસો પહેલાં ગુજરાતી શાળાઓને મળતી સરકારી મદદ બંધ કરવાનો સિંધ સરકારે નિર્ણય કર્યો ત્યારે તેવી મદદ માટેના કરાંચીના ગુજરાતીઓના હક્કના સમર્થનમાં હોંશથી જે વિગતો બહાર પાડવામાં આવી હતી, તેમાં ગુજરાતીઓનું કરાંચીના જીવનમાં સર્વાંગી પ્રભુત્વ કેવું હતું તેનો ખ્યાલ ગુજરાતને મળી શક્યો હતો.

આમેય સિંધ–કચ્છ–કાઠિયાવાડ–ગુજરાત એક સળંગ વિસ્તાર હતો, અને ધરતીકંપો તથા અન્ય નૈસર્ગિક ઉથલપાથલોએ આડાં રેતીનાં રણ પાથરી દીધાં, જલ ત્યાં સ્થલ અને સ્થલ ત્યાં જલ ઉભરાવ્યાં, અને

સિંધુને છેક કાઠિયાવાડને ચીરીને આગળ જતી અટકાવી. એ આફતો, પૃથ્વીના જીવનકાળની સરખામણીમાં તો આજકાલની ઘટના કહેવાય! હજી પણ ત્યાં સિંધી બોલી એટલે લગભગ કચ્છી, અને ગુજરાતી લિપિ પ્રચલિત છે. ઉર્દુએ તેમાં હસ્તક્ષેપ કર્યો છે ખરો, છતાં હિંદુ સિંધમાં ગુજરાતી લિપિ વપરાય છે.

સિંધમાં ગુજરાતીઓની વસ્તી જોતાં ત્યાંનાં ગુજરાતી સામયિકો સંખ્યા તેમજ કક્ષાની દૃષ્ટિએ સારી છાપ પાડે છે. ત્યાં પણ આ ક્ષેત્રમાં પહેલો પ્રવેશ કરનારામાં પારસી દેખાય છે. "પારસી સંસાર" ત્યાંનું પચીસેક વર્ષ જેટલું જૂનું પત્ર છે. તેની સાથે "લોકસેવક" જોડાઈ ગયેલું છે. આ અર્ધસાપ્તાહિકની સ્થાપના ૧૯૧૮ માં થઈ હતી, અને તેના સંચાલક રા. ફિરોઝશાહ રૂસ્તમજી દસ્તુર છે.

પરંતુ તેનાથી પણ જૂનું "હિતેચ્છુ" દૈનિક છે. તેનો રજતઉત્સવ ઉજવાઈ ચૂકયો છે. ગુજરાતી વૃત્તપત્રોના ક્ષેત્રમાં વ્યાસ ભાઈઓએ ઘણાં સાહસો ઉપાડયાં હતાં. તેમાં રા. મણિલાલ વ્યાસ વધારે જાણીતા પત્રકાર હતા. તેમનું દૈનિક "જવાલા" લોકપ્રિય હતું. પરંતુ તેનો લય થયો છે. રા. જુગતરામ રાવળનું "સિંધ સમાચાર" દૈનિક તથા "મહાગુજરાત" અઠવાડિક કરાંચીમાં ચાલે છે. "અમનચમન" નામે અઠવાડિક પણ ત્યાં પ્રસિદ્ધ થાય છે.

કરાંચીએ માસિકોના ક્ષેત્રોમાં કેટલાક તેજસ્વી તારા ચમકાવ્યા છે. કૌશિકનું "અંજલિ," નાગેંદ્ર વ્યાસનું "ઝાલર," કરસનદાસ માણેકનું "સુહિણી," ચતુર્ભુજ આચાર્યનું "વસુન્ધરા," ચંદ્રશંકર બુચ તથા ડોલરરાય માંકડનું ત્રૈમાસિક "નાગરિક" ઇ. નોંધયોગ્ય પ્રયત્નો હતા. એ બધાં નામશેષ થઈ ગયાં છે.

કરાંચીમાં સંખ્યાબંધ દૈનિકો અને અઠવાડિકો ઉગ્યાં—આથમ્યાં છે. તેમાં જાણીતા લોકનેતા રુસ્તમજી સિધવાનું "ભારત," જુગતરામ રાવળનું

"કરાંચી સમાચાર," તથા "રાષ્ટ્રશક્તિ," "સુદર્શન," "ક્ષાત્રતેજ," "સિંહનાદ" નામોનો ઇ. . ઉલ્લેખ થતો સંભળાય છે.

કરાચીના વૃત્તકારત્વને મુંબઇએ ઠીક ઠીક પોષ્યું છે રા. ભદ્રશંકર ભટ્ટ, ચંદ્રશંકર બુચ આદિ કેટલાયે જૂના પત્રકારોએ મુંબઇમાં વૃતવ્યવસાયમાં પગલાં માંડીને કરાંચીનું પ્રયાણ કરેલું હતું, અને તેમાંના કેટલાક ત્યાંથી પાછા પણ ફરી ચૂકયા છે. નરીમાન સોરાબજી ગોળવાળાનું નામ પણ કરાંચીના લેખકસમુદાયમાં જાણીતું છે. "ગાંધી સન'નો રીતસર ઉપયોગ કરતા એ ભાવનાશીલ સજ્જન અમારા "બ્રહ્મદેશ"ના "કરાંચીને કાંઠેથી" કોલમના સંવાદદાતા હતા. કરાંચીના ખૂબ પ્રસિદ્ધ લેખક રા. ડુંગરશી ધરમશી સંપટ. કરાંચીમાં ગુજરાતી સાહિત્યસંમેલન મળ્યું ત્યારે તેનાં એ સ્વાગતાધ્યક્ષ હતા. ફિરોજશાહ મહેતા પણ કરાંચીના. "જન્મભૂમિ"ના "વૈશંપાયન" કરસનદાસ માણેક મૂળ કરાંચીના પત્રકાર. ગુલામહુસેન મુરતુફા બર્માની કરાંચીને ભેટ છે.

કરાંચીને તો મહાગુજરાત કહેતાં પણ સંકોચ થાય. એ તો ગુજરાત જ. કવિ નર્મદે "ઉત્તરમાં અંબે માત..." ઇ. થી ગુજરાતનું સીમાંકન ભલે કર્યું હોય. પરંતુ કરાંચીને તેમાં સમાવી લેવા માટેનો સુધારો નર્મદના પ્રસ્તાવ ઉપર મૂકવાની જરૂર ઘણીવાર લાગે છે.

પરંતુ કલકત્તાને બૃહદ્ ગુજરાત કહી શકાય. ત્યાં મારવાડી અને ગુજરાતીએ વ્યાપાર–જીવનને છાયી દીધું છે, એવું સામાન્ય રીતે કહેવામાં આવે છે. પરંતુ ત્યાંના સંસ્કારજીવન ઉપર તો ગુજરાતીની અસર પડવાને બદલે તેની અસર ગુજરાતીઓ ઉપર વધારે પડી છે. કલકત્તાના જાણીતા લેખકોમાં "નવચેતન"ના રા. ચાંપશી ઉદ્દેશી પહેલા યાદ આવે એ સ્વાભાવિક છે. એ ભાઇ મુંબઇની કલકત્તાને અને કલકત્તાની વડોદરાને ભેટ છે. કેમકે ૧૯૪૨ થી તેઓ વડોદરામાં આવી વસ્યા છે અને "નવચેતન" ત્યાંથી પ્રસિદ્ધ કરે છે.

તેમના કરતાં પણ વધારે બહોળા સમાજમાં જાણીતી કલકત્તાની વ્યક્તિ તે શ્રી. ગગનવિહારી લલ્લુભાઇ મહેતા. એ મૂળ "બૉમ્બે ક્રૉનિકલ'ના પત્રકાર. રંગૂનમાં "બ્રહ્મદેશ"ની સ્થાપના (૧૯૨૭) માં અમારા સાથીદાર. અને તે પછી એ કલકત્તાના સુપ્રસિદ્ધ નાગરિક બન્યા.

કલકત્તામાં ગુજરાતી છાપું જૂનામાં જૂનું રા. એદલજી કાંગાનું "નવરોઝ" અઠવાડિક. એની સ્થાપના ૧૯૧૮ માં થઇ હતી. તે સિવાય એ ધંધામાં પદસંચાર કરનારા રા. ઝવેરચંદ મેઘાણીના ભાઇ લાલચંદભાઇ તથા તેમના પુત્ર રમણિક મેઘાણી, અને રા. જદુરાય ખંધડિયા હતા. તેમનાં પત્રો અલ્પજીવી નીવડયાં હતાં. એનાં નામ અનુક્રમે "સાધન" અને "ગુજરાત" હતાં.

દક્ષિણ ભારતમાંથી પ્રસિદ્ધ થતું કોચીનનું "મલબાર સમાચાર" ઠીકઠીક ચાલ્યું હતું. "નૌકા" નામનું સામયિક પણ જરા રંગબેરંગી શરૂઆત કરીને ઓલવાઇ ગયું છે. મદ્રાસમાં "જયોતિ" નામે પાક્ષિક પ્રસિદ્ધ થતું હતું. બીજે પણ સ્થાનિક જરૂરત પૂરતાં ચોપાનીયાં ગુજરાતીઓએ કાઢયાં હોય એ સંભવિત છે કેમકે તેમની વસ્તી હિંદનાં ઘણાં સ્થળોમાં બહુસંખ્ય છે, અને તેમનાં સંસ્કારમંડળો પણ ઘણે સ્થળે સ્થપાયાં છે.

હિંદની અંદર અને ગુજરાત બહારના ગુજરાતી પત્રકારત્વનો આટલો પરિચય પૂરતો છે. દરિયાપાર પણ ગુજરાતી વૃત્તવિવેચન ઠીકઠીક પ્રકટયું અને પાંગર્યું છે.

બ્રહ્મદેશ

બર્માનું જૂનામાં જૂનું ગુજરાતી છાપું "રંગૂન સમાચાર" હતું. પચીસેક વર્ષ ચાલીને એ સપ્તાહિક ૧૯૨૬–૨૭માં બંધ પડયું હતું. તે પછી એક બે પત્રો નીકળીને બંધ થયાં, પરંતુ "બર્મા વર્તમાન" લગભગ વીસ વર્ષ, છેક રંગૂન ખાલી કરવાનો ૧૯૪૧ ની સાલે

પ્રસંગ આવતા સુધી ચાલ્યું હતું. ૧૯૨૫માં ગુજરાતથી આ ગ્રંથના લેખકને બર્મા બોલાવનાર એ જ સામાહિક હતું. એનું અર્ધસાપ્તાહિકમાં રૂપાન્તર થયું, અને તે પછી અઠવાડિયામાં ત્રણ વાર નીકળવા સુધી એ પહોંચ્યું હતું, પરંતુ બર્માના જૂનામાં જૂના અંગ્રેજી રાષ્ટ્રીય અખબાર "રંગુન મેલ"નું સંચાલન મારે હાથમાં લેવું પડયું, તે પછી તે પાછું સાપ્તાહિક થઇ ગયું હતું.

શ્રી. સી. વી. ગલીયારા, શ્રી. ગગનવિહારી મહેતા, શ્રી. કાંતિલાલ માધવલાલ દેસાઇ, શ્રી ઇન્દ્રશંકર લાખીયા વગેરે મિત્રોની સહાયથી રંગૂનમાં ઊંચી કક્ષાનું સાપ્તાહિક "બ્રહ્મદેશ" ૧૯૨૮માં શરૂ કરવાનું સાહસ અમે ઉપાડયું હતું. તેને ગુજરાતના જાહેર જીવનના સો ઉપરાંત અગ્રગણ્ય શહેરીઓ તરફથી ઉત્તેજનના સારા સંદેશા મળ્યા હતા અને એ છાપું ખૂબ આદર પામ્યું હતું. પરંતુ ૧૯૩૦માં "પ્રેસ ઓર્ડિનન્સ"ની ઝપટમાં એ આવી ગયું.

એનું છાપખાનું અન્ય ગૃહસ્થે ઉપાડી લઇને પુનઃ એ છાપું થોડો સમય ચલાવ્યું, પણ તે લાંબું ચાલી શકયું નહિ. પરંતુ તે પછી પુનઃ મેં જ એ પત્રનો નવેસરથી પ્રારંભ "નૂતન બ્રહ્મદેશ" એવા નામે કર્યો. ૧૯૩૯માં બર્મા છોડવાનો સંજોગ ઉપસ્થિત થતાં સુધી તે ચાલુ રહ્યું હતું.

દરમ્યાન, એનું પ્રકાશન પુનઃ શરૂ કરતાં પહેલાં "બર્મા ન્યુસ" નામના અર્ધ સાપ્તાહિકનું તંત્રીપદ મને સોંપવામાં આવ્યું હતું. છ એક મહિના પછી કોમવાદનો ઉભરો રંગૂનમાં પણ આવતાં તેના માલિકે તેને મુસ્લિમ કોમી પ્રચારપત્ર બનાવવાનું યોગ્ય ધાર્યું, અને હું તેમાંથી છૂટો થયો. થોડા દિવસ પછી એ પત્રનો દેહોત્સર્ગ થયો હતો. "પ્રકાશ" નામનું સાપ્તાહિક પણ રંગૂનમાં પાંચેક વર્ષ ચાલ્યું હતું. તેને પણ શ્રી. છોટાલાલ ગલીયારાની સહાય હતી. એ ગૃહસ્થે "વિશ્વમિત્ર"

નામનું માસિક ચલાવવામાં પણ વીસેક વર્ષ પહેલાં રા. મહાસુખરાય ચુનીલાલ મહેતાને સહાય આપી હતી, પરંતુ તે લાંબો કાળ ટકી શક્યું નહોતું.

રંગૂનનું પ્રથમ દૈનિક કાઢવાનું માન શ્રી. લવજીભાઇ લાઠીયાને ભાગે જાય છે. એમનું હિંદી પત્ર "બર્મા સમાચાર" ચાલતું હતું. તેની સાથોસાથ ૧૯૩૫માં એમણે ગુજરાતી "બર્મા સમાચાર" મારે હસ્તક શરૂ કરાવ્યું હતું, પરંતુ થોડા સમય પછી, એ પત્રની નાણાંકીય સ્થિતિને રાહત આપવા, તેમાંથી હું છુટો થયો હતો, જો કે તેની સાથેનો મારો અવૈતનિક સહકાર તો ચાલુ જ હતો. શ્રી. લાઠીયાના હિંદી પત્રના નામ સાથે થતાં ગોટાળામાંથી બચવા માટે એનું નામ બદલીને "ગુજરાતી દૈનિક" રાખવામાં આવ્યું હતું, અને છેક છેવટની ઘડી સુધી એ બહાદુર ગુજરાતીએ તેનું પ્રકાશન ચાલું રાખ્યું હતું. જેવું તેવું તોયે એ રંગુનનું એકમાત્ર ગુજરાતી દૈનિક હતું.

ત્રણ ચાર મુસ્લિમ કોમી ગુજરાતી છાપાંના અસ્તોદય આ દરમ્યાન થઇ ગયા હતા, પરંતુ એ પ્રકારનાં પત્રોની નોંધ આપણે લીધી જ નથી, અને પત્રકારત્વના વિકાસની દૃષ્ટિએ તેનું કશું મહત્વ પણ નથી.

"બ્રહ્મદેશ"ની બે કટકેની કારકીર્દી દરમ્યાન રંગૂનમાં સારા લેખકો આગળ આવ્યા હતા. અહમદ આકુજી "સુરતી", અહમદ મો. "દીનદાર" પ્રાણલાલ ખંડુભાઈ દેસાઈ, ગુલામ હુસેન મુસ્તુફા, બહાદુરલાલ મો. શાહ, ઇન્દુકુમાર મહેતા ઇ. ઘણા ભાઇઓ એને અંગે પત્રકારત્વના ક્ષેત્રને ખેડતા થયા હતા. ત્યાંના પત્રકારત્વના સાહસમાં શ્રી. લાઠીયા પહેલે નંબરે આવે. એ ત્રણ દૈનિકો ચલાવતા હતાઃ હિંદી, ગુજરાતી અને ઉડિયા !

રંગૂન ઉપર જાપાનનું આક્રમણ આવ્યું, અને બર્માના વિકસતા ગુજરાતી પત્રકારત્વનો આ સહસા વજ્રપાતથી ઉચ્છેદ થયો છે. પરંતુ ભવિષ્યની કોને ખબર છે ?

આફ્રિકા

આફ્રિકામાં ગૂજરાતીઓની બે મુખ્ય વસાહતો, તે પૂર્વ આફ્રિકાની અને દક્ષિણ આફ્રિકાની. આ બન્ને સ્થળોએ અંગ્રેજી અને ગુજરાતી, એ બે ભાષાઓનો ઉપયોગ આપણાં વર્તમાનપત્રોમાં મુખ્યત્વે કરવામાં આવે છે. કેટલાંક કેવળ કોમી ચોપાનીયાં એક જ ભાષામાં નીકળતા હતાં અને હજી પણ નીકળતાં હશે, પરંતુ એ પ્રકારનાં છાપાંની આપણે પત્રકારત્વ કે વૃતવિવેચનની સન્માનનીય કક્ષામાં નોંધ લેવાનું ઉચિત લેખ્યું નથી.

પૂર્વ આફ્રિકામાં ભારતીય, અને મુખ્યત્વે ગુજરાતી વૃતવિવેચનનો પ્રારંભ લગભગ ૧૮૧૪-૧૮ના મહાયુદ્ધના ઉત્તરાર્ધમાં રીતસર થયેલો હતો એમ કહી શકાય. એ સમય દરમ્યાન હિંદી કોમ અને ગોરા વસાહતીઓ વચ્ચેના રહેઠાણના વિસ્તારના વિભાજન અને મતાધિકાર પરત્વેનાં વૈમનસ્ય ઉગ્ર રૂપ પકડવા લાગ્યાં હતાં. પૂર્વ આફ્રિકાનો એ આપણો મહાપ્રશ્ન હતો, અને હજુયે છે; માત્ર ફેર એટલો કે એના હવે ઘણા અવનવા ફાંટા ફુટયા છે. ત્યાંનાં આપણાં વર્તમાનપત્રોની મુખ્ય કામગીરી ગોરાઓની આક્રમણકારી પ્રવૃત્તિઓના ખબર અંતરના પ્રસરણ અને તે સંબંધે વિવેચન અંગેની હતી.

પૂર્વ આફ્રિકાના ચાર વિભાગ : (૧) કેન્યા કોલોની, (૨) યુગાન્ડા (૩) ટાંગાનીકા. અને (૪) ઝાંઝીબાર; ત્યાંની વૃતવિવેચન વિષયક પ્રવૃતિની ટૂંકામાં નીચે પ્રમાણે નોંધ લઇ શકાય.

કેન્યા : પ્રથમ ૧૯૧૭–૧૮ની સાલના અરસામાં મહાયુદ્ધ દરમ્યાન મોમ્બાસા શહેરમાં યુરોપીયન વસાહતો તરફથી કરવામાં આવતાં રહેઠાણના હકો ઉપરનાં આક્રમણ સામે ભારતીય હિતસંબંધોના સંરક્ષણ અર્થે, "ઇસ્ટ આફ્રિકન ક્રોનિકલ" નામનું સાપ્તાહિક છાપું શરૂ કરવામાં આવ્યું હતું. ટૂંક સમયમાં જ અંગ્રેજી નહિ જાણનારા પરંતુ

આ પ્રશ્નમાં પ્રગાઢ હિત રાખનારા ગુજરાતીઓમાં પણ તેનો પ્રચાર થાય તે અર્થે, એનું રૂપાન્તર ૧૯૨૧–૨૨ ના અરસામાં "ડિમોક્રેટ" સાપ્તાહિકમાં થયું. કેન્યા કોલોનીના પાટનગર નાઇરોબીમાં એ પ્રસિદ્ધ થતું હતું. એ મિશ્ર અંગ્રેજી ગુજરાતી પત્ર હતું અને તેના તંત્રી શ્રી. સીતારામ આચાર્ય નામે દક્ષિણ ભારતીય ગૃહસ્થ હતા. આ વર્તમાનપત્રના ગુજરાતી વિભાગમાં શ્રી. ઉછરંગરાય ઓઝા ૧૯૨૬–૨૭ના અરસામાં જોડાયા હતા. ૧૯૨૯માં તેમણે એ પત્ર સાથેનો સંબંધ છોડયો, અને તેમનું સ્થાન વડોદરાના એક પીઢ અને સાહસિક પત્રકાર શ્રી અંબાલાલ ઝવેરભાઇ પટેલે લીધું હતું. આ પત્ર ૧૯૩૦ની સાલે બંધ થયું હતું.

દરમ્યાન ૧૯૨૬–૨૭ની સાલે રાઇટ ઓન. શ્રીનિવાસ શાસ્ત્રી દક્ષિણ આફ્રિકામાં એક કમિશનની કામગીરી અંગે ગયા હતા, તેમના શુભ હસ્તે મોંબાસા બંદરે "કેન્યા ડેઇલી મેઇલ" નામના અંગ્રેજી–ગુજરાતી મિશ્ર દૈનિક વર્તમાન પત્રનું ઉદ્ઘાટન થયું હતું. આ સમયમાં હિંદી કોમનાં હિતનો પ્રશ્ન બહુ ગંભીર બનતાં કેનીયાની હિંદી કોમના અગ્રગણ્ય કાર્યકર્તા ઓન. જગન્નાથ ભવાનીશંકર પંડયા સી. બી ઇ. એ આ પત્રની શરૂઆત કરી હતી. તેના અંગ્રેજી વિભાગના તંત્રી મી. લીય નામે અંગ્રેજ ગૃહસ્થ હતા, અને ગુજરાતી વિભાગમાં શ્રી. રૂપાણી હતા. તે પછી શ્રી. આર. બી. પંડયા આ પત્રના અંગ્રેજી વિભાગના સંચાલક હોઇ હાલ પણ તે જ એનું સંચાલન કરે છે. તે દરમ્યાનમાં ૧૯૩૪થી શ્રી અંબાલાલ જ. પટેલ તેમાં જોડાયા છે. અને એ પત્ર સારી રીતે ચાલે છે. આ પત્રની કાર્યનીતિ "ડિમોક્રેટ" જેવી છેલ્લા પાટલાની નહિ પરંતુ મધ્યમસરની રહેલી છે.

બીજું એક ભારતીય ઉદ્દામ અંગ્રેજી પત્ર નાઇરોબીમાં ૧૯૩૧માં મી. એ. સી. એલ. ડી સુઝાએ કાઢયું હતું. તેનું નામ 'ક્રૂરપ્લે'. તેમાં

પાછળથી ગુજરાતી વિભાગ પણ ઉમેરવામાં આવ્યો હતો જેનું સંચાલન પટેલ કરતા હતા. 'ડિમોક્રેટ"ની જેમ એ પત્રનું પણ ૧૯૩૨માં અવસાન થતાં શ્રી. પટેલે નાઇરોબીથી જ "કેન્યા વેન્ગાર્ડ" નામે મિશ્રભાષી છાપું શરૂ કર્યું. એનું "ઇન્ડિયન વૉઇસ'ને નામે દૈનિકમાં રૂપાંતર થયું હતું. પરંતુ ૧૯૩૩માં તેને પણ સમેટી લેવાવારો આવ્યો.

એ વર્ષે મોમ્બાસામાં "કોસ્ટ ગાર્ડિયન" નામે મિશ્રભાષી છાપું એક સાધનસંપન્ન સંસ્થા તરફથી શરૂ કરવામાં આવ્યું, તેના ગુજરાતી વિભાગનું સંચાલન શ્રી. પટેલને હસ્તક હતું. અંગ્રેજી વિભાગ મી. રોબર્ટસન નામે અંગ્રેજ ચલાવતા હતા. આ છાપામાં આરબ, હિંદી, યૂરોપીયન આદિ બધાજ વર્ગોનો સંબંધ હોવાથી તે પૂર્વકાંઠાના સંરક્ષણની નીતિને અનુસરતું હતું અને તેથી પક્ષભેદથી પર હતું. પરંતુ ૧૯૩૪માં તેનો પણ દેહોત્સર્ગ થતાં શ્રી. પટેલ 'કેન્યા ડેઇલી મેઇલ'માં ઉપર કહ્યું તેમ જોડાયા હતા. અને એ વૃત્તપત્ર હજી ચાલે છે.

આ ટૂંકી હકીકત ઉપરથી સહેજે સમજાય છે કે જેમ હિંદમાં અને બર્મામાં તેમ આફ્રિકામાં પણ આપણા પત્રકારત્વને કેટકેટલી ઉથલપાથલો અને મહામંથનના ઝપાટા ખાઇને પોતાની હસ્તી નિભાવવી પડે છે. કેન્યામાં ગુજરાતી સાહિત્ય ઉત્તેજક મંડળ નામે સંસ્થા છે અને શ્રી. મનસુખરામ વૈજનાથ દવેના તંત્રીપદે તે "અરુણ" નામનું વાર્ષિક પ્રસિદ્ધ કરે છે. એના ચાર અંક બહાર પડી ચૂક્યા છે. કેટલાંક માસિકો પણ ત્યાં ઉગી ને આથમી ગયાં છે.

કેન્યામાં ગુજરાતી સાહિત્ય ઉત્તેજક મંડળ નામે સંસ્થા પણ સારૂં કામ કરતી હોવાનું સંભળાય છે.

યુગાન્ડા—આ વિભાગમાં જેને ગુજરાતી વૃત્તપત્ર કહી શકીએ એવું કશું નથી; પણ "જીરણ કાર્યાલય" નામની સંસ્થા તરફથી યુગાન્ડાના મુખ્ય શહેર કંપાલામાં "જીરણ" નામનું અર્ધવાર્ષિક કેટલોક સમય થયાં નીકળે છે ખરું.

ટાંગાનીકા—૧૯૨૦–૨૧ ના અરસામાં "ટાંગાનીકા ઓપીનિયન" નામનું નાનકડું દૈનિક છાપું શરૂ કરવામાં આવ્યું હતું. એ પણ મિશ્ર ભાષી છે. રોજ માત્ર નાનું ચોપાનીયું નીકળે છે, પણ એનો અઠવાડિક અંક જરા વધારે દળદાર હોય છે. એનો અંગ્રેજી વિભાગ હમણાં સુધી શ્રી. દુર્ગાપ્રસાદ નામે પંજાબી ગૃહસ્થ સંભાળતા હતા. શ્રી. ઉછરંગરાય ઓઝા ૧૯૨૫–૨૬ માં એ પત્રમાં જોડાયા હતા. તેમના પછી એ પત્રનું સંચાલન શ્રી. મોહનલાલ ડી. પટેલ સંભાળે છે.

ત્યાંનું બીજું વર્તમાનપત્ર "ટાંગાનિકા હેરલ્ડ" પણ એજ પ્રકારનું છે. આઠેક વર્ષથી એ ચાલે છે. તેના તંત્રી શ્રી. વી. બી. બોલ નામે ગુજરાતી ગૃહસ્થ છે.

ઝાંઝીબાર—ત્યાંના જાણીતાં પત્રો બે, અને બન્ને મિશ્રભાષી છે. એક "ઝાંઝીબાર સમાચાર," ૧૭–૧૮ વર્ષથી ચાલે છે. એ પણ દૈનિક અને સાપ્તાહિક પ્રસિદ્ધ થાય છે. તેના તંત્રી શ્રી. હુસેન માસ્તર છે. બીજું પત્ર તે "ઝાંઝીબાર વૉઇસ" જેની સાથે જૂનાગઢવાળા શ્રી. બિહારીલાલ અંતાણીને લાંબા સમય સુધી સંબંધ રહ્યો હતો. આ ઝાંઝીબારનાં મુખ્ય વર્તમાનપત્રો કહેવાય.

ઉપરાંત ફીઝીમાં એક હિંદી વૃત્તપત્ર છે. તેનું સંચાલન આર્ય સમાજ કરે છે. એનું નામ "ફીઝી સમાચાર."

પ્રકરણ ૯

૧૯૪૧નાં ગુજરાતી વૃત્તપત્રો

"પત્રકારો પ્રજા વર્ગના જ્ઞાનને પોષનાર, તેમની રસવૃત્તિને ખીલવનાર અને ઉચ્ચ ભાવનાને પ્રેરનાર છે. પ્રજાવર્ગને ઉંચા આદર્શ તરફ લઇ જવામાં પત્રકારો અનેક રીતે સહાયભૂત થઇ શકે છે અને એવા પવિત્ર કાર્યનાં પ્રયોજકો પોતાની પવિત્ર ફરજનું યથાયોગ્ય પાલન કરે, પરસ્પર સ્નેહભાવનું સંવર્ધન કરે, અને પત્રના માલિકો અને વાંચકોનું સહકારીપણું વધે એવા હેતુથી યોજેલાં આ પ્રદર્શન અને પરિષદ તે હેતુ સફળ કરો એવી મારી પ્રાર્થના છે."

—વિદ્યાગૌરી નીલકંઠ (૧૯૨૪)

ગુજરાતી વૃત્તપત્રો અને વૃત્તવિવેચનના આટલા પરિચય પછી, અત્યારે કયાં વૃત્તપત્રો અસ્તિત્વમાં છે તેની યાદી રસપ્રદ થઇ પડશે. એ યાદી છેક અદ્યતન નથી બનાવી, કેમકે યુદ્ધના સંજોગો, કાગળની દુર્લભતા અને રાજકીય આંદોલનોને કારણે ૧૯૪૦, અને ખાસ કરીને ૧૯૪૧ પછીથી ઘણાં પત્રો થોડી ઘણી મુદત માટે બંધ થયાં હતાં, અને કેટલાંક પાછાં શરૂ થયાં હતાં. એવી ઉથલપાથલોને ગ્રંથસ્થ કરવાનું અત્યારના સમયે શક્ય નથી. યુદ્ધનાં ધુમ્મસ ઉડી જઇને પુનઃ વાતાવરણ સ્વચ્છ થાય, સુસ્પષ્ટ રીતે, નિર્વિકારપણે, પૂર્વગ્રહરહિત માનસથી નીરખવા યોગ્ય બને, ત્યાર પછી જ તેનું અવલોકન થઇ શકે.

૧૯૪૧નાં ગુજરાતી વૃત્તપત્રો

આજથી દશ વર્ષ પહેલાંનાં એટલે કે ૧૯૩૦ની સાલે પ્રકટ થતાં ગુજરાતી વૃત્તપત્રો તથા સામયિકોની ટીપ એ સાલના "શારદા"ના તંત્રી અંકમાં પ્રસિદ્ધ થયેલી છે; અને ૧૯૪૧ની સાલના પ્રારંભમાં જેની હસ્તી નોંધી શકાય તેનો આ યાદીમાં સમાવેશ કરવામાં આવેલો છે. ગણના કરતાં કોઈ નાનું મોટું છાપું કે અન્ય સામાયિક રહી ગયું હોય, તો તે પ્રમાણિક ભૂલ હોઈ ક્ષંતવ્ય લેખાશે એવી આશા રાખવી વધારે પડતી કહેવાય ખરી ?

નામ	સ્થળ	તંત્રી
દૈનિકો		
મુંબઈ સમાચાર	મુંબઈ	સોરાબજી પા. કાપડીયા
જામે જમશેદ	,,	અરદેશર ફિ. મર્ઝબાન
સાંજ વર્તમાન	,,	રૂસ્તમ ન. વાચ્છા ગાંધી
જન્મભૂમિ	,,	અ. દ. શેઠ
વંદેમાતરમ્	,,	સામળદાસ ગાંધી
માતૃભૂમિ	,,	ચીમનલાલ વા. શાહ
મુસ્લિમ પત્રિકા	,,	મુંશી નસરત
રોઝનામે	,,	મં. સો. ભમગારા
ભારત સમાચાર	,,	સી. વી. શાહ
હરિજન બંધુ	પુના	સી. પી. શુકલ
દેશી મિત્ર	સુરત	મગનભાલ વ. સોરઠીયા
ગુજરાત	,,	રમણીકલાલ દેસાઈ
ગુજરાત મિત્ર અને ગુજરાત દર્પણ	,,	પ્ર. ઉ. રેશમવાળા
પ્રતાપ	,,	કાલિદાસ કૃ. શેલત
જયભારત	,,	શાંતિભાલ નાથુભાઈ
વફાદાર	,,	મોહનલાલ મ. બદામી

દૈનિક ગુજરાતી	રંગુન	લ. ભ. લાઠીવા
સંદેશ	અમદાવાદ	પુષ્કરલાલ સા. દેસાઇ
ગુજરાત સમાચાર	,,	ઇન્દ્રવદન બ. ઠાકોર
પ્રભાત	,,	કકલભાઇ કોઠારી
રોઝગાર	,,	સુલેમાન ઇબ્રાહિમ
સેવક	,,	પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ
સિંધ સમાચાર	કરાંચી	જે. આર. રાવળ
સિંધ સેવક	,,	પી. રાજારામ

આ ઉપરાંત, માત્ર વેપાર કે રૂ બજારના આંકડા, ઈ. માહિતી આપનાર દૈનિક ચોપાનીયાં મુંબઇમાં કોલ ડેઇલી ન્યુસ, કોમરશીયલ ડેઇલી રીપોર્ટ, ડેઇલી કોટન ફોરકાસ્ટ, ડેઇલી મેઇલ, ડેઇલી ન્યુસ, ધડાકા ડેઇલી ન્યુસ, ઇવનીંગ ડેઇલી સમાચાર, મુંબઇ ડેઇલી ન્યુસ, ન્યુ અમેરિકન કેન્ટર ભવિષ્ય, તથા વડોદરામાં જય ગુજરાત અને રાજહંસ એટલાંની નોંધ લઇ શકાઇ છે.

અર્ધ સાપ્તાહિક

પારસી સંસાર	કરાંચી	પી. એચ. દસ્તુર
સયાજી વિજય	વડોદરા	મા. અં. ડોકટર
કાઠિયાવાડ ટાઇમ્સ	રાજકોટ	એ. ટી. વઝીરાણી

સાપ્તાહિકો

ગુજરાતી	મુંબઇ	નટવરલાલ ઈ. દેસાઇ
મુંબઇ સમાચાર	,,	સો. પા. કાપડીઆ
હિંદુસ્થાન અને પ્રજામિત્ર	,,	સીતારામ શર્મા
ઇન્સાફ	,,	ફતેહખાન મુન્શી
બે ઘડી મોજ	,,	હરજી લવજી દમણી
જામેજમશેદ	,,	અ૦ હિ. મર્ઝબાન

જન્મભૂમિ અને પ્રવાસી	,,	મોહનલાલ મહેતા
સંગ્રામ	,,	ભૂપેન્દ્ર ત્રિવેદી
જય ભારત	,,	રમણિકલાલ સરૈયા
કેસરે હિંદ	,,	જા. એ. હીરજી બેહદીન
ખિલાફત	,,	ખ્વાજા ગુ. જિલાની
મોજ મજાહ	,,	જે કે. દ્વિવેદી
વેણી	,,	નૌતમ જાની
ચમકારો	,,	ઇશ્વરભાઇ ભા. પટેલ
ચાંદની-એ-ઇસ્લામ	,,	શ્રીમતી નુરૂન્નિસા શરીફ
છાયા	,,	લવજી દામજી કણુકીયા
ચિત્રપટ	,,	નગીનલાલ શાહ
સીનેમા બુલેટીન	,,	નરસીદાસ પુ. ઠક્કર
સીનેમા ફેન	,,	કેશવપ્રસાદ બો. કુમાર
સીનેમા વિલાસ	,,	પ્રભુદાસ વેલજી ઠક્કર
કચ્છ સમાચાર	,,	મોહનલાલ શિ. શાહ
ધૂમકેતુ	,,	સુંદરજી પંડયા
ફિલ્મ ચિત્ર	,,	શંકરલાલ પંડયા
ફિલ્મીસ્તાન	,,	પોપટલાલ ડી. દોત્રાણી
હરિફાઇ	,,	કીર્તિકાન્ત વ. શેઠ
હરિફાઇ બુલેટીન	,,	રતીલાલ પરીખ
ઇસમાઇલી	,,	હ. અ. સુમર
ઇશ્ના અસરી	,,	આ. મ. મર્ચન્ટ
જગત ચર્ચા	,,	કુ. દીલો સોરાબજી
જૈન પ્રકાશ	,,	નટવરલાલ ક. શાહ
જય કચ્છ	,,	પુલશંકર પટ્ટણી

આગેકૂચ	,,	અ. અ. જિલ્લિસગર
કસોટી	મુંબઈ	કાંતિલાલ પરીખ
કાતરીયું ગેપ	,,	ઈરિફાની
મહેફીલ	,,	રતીલાલ શાહ
મર્કન્ટાઈલ મેગેઝીન	,,	જી. એસ. ઠાકુર
નવપ્રકાશ	,,	એચ. એચ. સંઘવી
પેગામ	,,	મોહમદ તકી
રંજન	,,	ભવાનીદાસ દાણી
રાસ્તરાહબર	,,	હો. સો. માદન
રથેસ્તાર	,,	મં. સો. ભમગારા
રવિવાર	,,	ઉષાકાન્ત પંડ્યા
સલાહકાર	,,	યુ. ગુલામહુસેન
સેવિકા	,,	શ્રીમતી આલુ નવરોજી
યુગચિત્ર	,,	પ્રફુલ્લ દેસાઈ

આમાનાં ૧૧ લગભગ એકાગ્રપણે કોમી પત્રો છે, અને વીસેક સીનેમા, શબ્દરચના હરિફાઈ ઈ. સિવાય બીજા કશામાં રસ લેતાં નથી.

પ્રતાપ	સુરત	કાળિદાસ કૃ. શેલત
દેશી મિત્ર	,,	મગનલાલ સોરઠીઆ
દેશબંધુ	,,	ઈશ્વરલાલ વીમાવાળા
શ્રીશક્તિ	,,	,,
દાંડીયો	,,	નટવરલાલ વીમાવાળા
ગુજરાતમિત્ર	,,	પ્રવીણકાંત રેશમવાળા
હમદર્દ	,,	સૈ. મો. સૈયદઅલી
મુસ્લીમ ગુજરાત	,,	અમીરુદ્દીન સૈયદ
મનહર	,,	રતીલાલ રેશમવાલા
ભરુચ મિત્ર	,,	ત્રિકમલાલ ઠાકોર

ભરુચ સમાચાર	,,	ખા. સ. જહાંગીર ગાંધી
જૈન	ભાવનગર	દેવચંદ દામજી
ગુજરાતી પંચ	અમદાવાદ	સોમાલાલ મં. શાહ
મજૂર સંદેશ	,,	શં. રૂ. વસાવડા
પ્રજાબંધુ	,,	ઇન્દ્રવદન બ. ઠાકોર
આરામ	,,	નંદલાલ ચુ. બોડીવાળા
દીન	,,	નિઝામુદ્દીન કુરેશી
હિંદુ	,,	વ્રજલાલ. કિ. મહેતા
પડકાર	,,	નવીનચંદ્ર ભો. શાહ
અમદાવાદ મ્યુ. સમાચાર	,,	અંબાલાલ શાહ
ચિત્ર જગત	,,	જયંતકુમાર ભટ્ટ
જૈન પ્રવચન	,,	ચંદુલાલ મો. નવાબ
પ્રેક્ષક	,,	અંબાલાલ દેવીપુત્ર
રણહાક	,,	વેણીમાધવ મગનલાલ
સ્વતંત્ર ભારત	,,	ચંપકલાલ ભટ્ટ
વર્તમાન	,,	કકલભાઇ કોઠારી
વીરશાસન	,,	પ્રે. હ. શાહ
નવસૌરાષ્ટ્ર	,,	કકલભાઇ કોઠારી

(આમાંનાં ચાર સંપૂર્ણ કોમલક્ષી અને ચાર સીનેમાપત્રો છે.)

શ્રેયઃસાધક	વડોદરા	ગોવિંદલાલ ત્રિ. ત્રિવેદી
નવગુજરાત	,,	ચીમનલાલ મ. ડોક્ટર
ભારત	,,	રામચંદ્ર ભટ્ટ
પ્રજામંડળ પત્રિકા	,,	પ્રાણલાલ ઠા. મુન્શી
આર્ય સંદેશ	,,	નાગજીભાઇ ગો. આર્ય
દલિત ગુજરાત	,,	,, ,,
ગુજરાત ટાઇમ્સ	નડિયાદ	માણેકલાલ હ. શાહ

કર્મભૂમિ	,,	બલવંતરાય રા. પંડિત
આર્ય પ્રકાશ	આણંદ	મથાશંકર શર્મા
ખેડા વર્તમાન	ખેડા	કાંતિલાલ મ. શાહ
જયસૌરાષ્ટ્ર	રાજકોટ	ગુ. લા. ગણાત્રા
ફુલછાબ	રાણપુર	ઝવેરચંદ મેઘાણી
બહુરૂપી	,,	ચંદુલાલ જે. વ્યાસ
મહાગુજરાત	કરાંચી	પી. આર. શુકલ
નવરોઝ	કલકત્તા	કામા
બર્મા વર્તમાન	રંગૂન	અ. ર. ભીમાણી
પ્રકાશ	,,	મણિભાઇ ર. દેસાઇ
નશીબ	વઢવાણ	રેવાશંકર બરડવાળા
કાઠિયાવાડ સમાચાર	,,	રેવાશંકર બરડવાળા
ઇન્ડીયન સ્ટેટસ	રાજકોટ	વલ્લભદાસ ગણાત્રા
સાધના	,,	ઉછરંગરાય ઓઝા
વિરાટ ભારત	,,	...
નવભારત	,,	હરજીવન વ્યાસ
કાઠિયાવાડ કેશરી	,,	મગનલાલ ડાહ્યાભાઈ
લોહાણા હિતેચ્છુ	,,	લાલજી નાગજી ગણાત્રા

પાક્ષિકો

જૈનયુગ	મુંબઇ	મોહનલાલ દી. ચોકશી
પ્રબુદ્ધ જૈન	,,	મણિલાલ મો. શાહ
સત્ય પ્રકાશ	,,	ગાધરજી લીલાધર શાહ
શ્રીહરિ	,,	એન. એચ. પંડયા.
ભગિની સમાજ પત્રિકા	,,	શ્રી. ઊર્મિલા ભાસ્કર મહેતા
શીરોહી સંદેશ	,,	ભીમાશંકર ભુ. શર્મા
સીને સેન્ટીનલ	,,	હીરાલાલ ડોક્ટર

પ્રોપર્ટી માર્કેટ	,,	સી. એ. જે. ડાસુઝા
જ્યોતિર્ધર	અમદાવાદ	ગટુલાલ ગો. ધ્રુવ
સ્થાનકવાસી જૈન	,,	જીવનલાલ છ. સંઘવી
ઈમારતી લક્કડ સમાચાર	વલસાડ	દયાળજી ભૂ. દેસાઈ
વડોદરા વિજય	પાનસર	સોમનાથ દવે
પ્રાથમિક શિક્ષક	ખેડા	પ્રાણલાલ ડી. દેસાઈ
ભાવનગર સમાચાર	ભાવનગર	જે. એમ. મહેતા
લોહાણા શક્તિ	જેતપુર	મનહરલાલ શિવલાલ
સમય ધર્મ	સોનગઢ	જયંતિલાલ ક. પંડ્યા
ઈસ્માઈલી આફતાબ	ધોરાજી	એન. એમ. બુધવાણી
કડીયા ક્ષત્રિયપ્રકાશ	અંજાર (કચ્છ)	દેવરામ વરુ

માસિકો

બાલવાચન	મુંબઈ	વલ્લભજી સું. કવિ
ભાવસાર	,,	એચ. એમ. ભાવસાર
ફેવરિટ	,,	રતનશા ફ્રામજી આચાર્ય
ગોવર્ધન સમાચાર	,,	નટવરલાલ યુ. ત્રિવેદી
હિંદુ સ્ત્રીમંડળ પત્રિકા	,,	શ્રીમતી ગંગાબેન પટેલ
ગુમાસ્તા સંદેશ	,,	નટવરલાલ યુ. મોદી
ઇમાન	,,	ઉસ્માન કાસમ
દેશી વેપારીમંડળીનું મુખપત્ર	,,	જ. કૃ. મહેતા
મેમણ મિત્ર	,,	ઉ. હ. જાપાનવાલા
નવરચના	,,	મોહનલાલ મહેતા
સારસ્વતજીવન	,,	પ્રભુરામ પ્ર. જોષી
જીવદયા	,,	જે. એન. માંકડ
પંચાલઉન્નતિમંડળ પત્રિકા	,,	પુરુષોત્તમ નરસીદાસ

વહોરામિત્ર	,,	ઇ. ઉ. મન્સુરી
નાયી બ્રાહ્મણ હિતેચ્છુ	અમદાવાદ	મોહનલાલ વાળંદ
શ્રીમાળી શુભેચ્છક	,,	ત્ર્યંબકલાલ શિ. ત્રિવેદી
ત્રિવેદી મેવાડા વર્તમાન	,,	જે. ચુ. ભટ્ટ
શ્રીજીવન	,,	મનુભાઈ લ. જોધાણી
સુવાસ	,,	ચી. અ. સંઘવી
યુવક	,,	આર. એચ. પટેલ
કાયસ્થ પત્રિકા	સુરત	પન્નાલાલ કાજી ઇ.
સુરત જિલ્લા સ્થાનિક સ્વરાજ્ય	,,	કલ્યાણજી વિ. મહેતા
ચિત્રમય જગત	પૂના	તુ. ગૌ. યાજ્ઞિક
નસીમ ઇ. સાહેર	,,	ક. અ. હુસેની
પાટીદાર	આણંદ	નરસીભાઇ ઈ. પટેલ
પ્રજાપતિ પત્રિકા	નડીયાદ	મગનલાલ મો. દલવાડી
તરુણ પાલણપુર	પાલણપુર	મણિલાલ ગં. શાહ
ગ્રામસેવા	ઉનાવા	સોમાલાલ છ. મહેતા
નાગરબંધુ	,,	,,
અંત્યજપત્રિકા	ભાદરણ	મથુરદાસ મહીજીભાઇ
શારદા	વડોદરા	ગો. હા. રાયચુરા
વ્યાયામ	,,	ધોંડો નારાયણ વિદ્વાંસ
ગુણસુંદરી	,,	શ્રીમતી જયવતી દેસાઇ
બાલજીવન	,,	રમણલાલ ના. શાહ
પુસ્તકાલય	,,	મણિલાલ પ્ર. વ્યાસ
ગ્રામજીવન	,,	મહાશંકર સો. પાઠક
બાલક	,,	ભીખાભાઈ પુ. વ્યાસ
સ્વસંવેદ	,,	મહંત બાલકદાસજી

વેપાર ઉદ્યોગ	,,	ગટુલાલ છોટાલાલ ચોકશી
સાહિત્ય વિજ્ઞાપક	,,	પ્રતાપચંદ્ર આત્મારામ પંડિત
સ્કાઉટ વીર	,,	ગુણવંતરાય મ. ભટ્ટ
વકીલ	,,	અંબાલાલ મો. ઠક્કર
ઉત્થાન	,,	સ્વા. સ્વયંજ્યોતિતીર્થ
આરોગ્ય	,,	માણેકલાલ ક. શાહ
દીપક	,,	મોહનલાલ કા. શાહ
સુવાસ	,,	ત્રિ. લ. શાહ
વૈરાગ	નવસારી	અ. ન. બિલીમોરીયા
સમાજ શિક્ષક	,,	ભીમભાઇ ના. નાયક
પટેલ મિત્ર	,,	જશવંતલાલ મ. પટેલ
વેપારી મંડળ પત્રિકા	મહેસાણા	ચીમનલાલ ગો. વખારીયા
આચાર ધર્મ	વીસનગર	સાંકળચંદ કા. પટેલ
બ્રહ્મક્ષત્રિય	પાટણ	મણિલાલ ઉ. કિરિ
રાહેનજાત	ભાવનગર	હા. ગુ. અ. હા. ઇસ્માઇલ
જૈન ધર્મપ્રકાશ	,,	કુંવરજી આણંદજી
જ્યોતિ	,,	વેણીશંકર ગોરધન
કલાકાર	,,	ભગવાનજી હરિલાલ
મોઢ મહોદય	,,	ત્રિકમલાલ ગોપાળજી
ક્ષત્રિયમિત્ર	,,	ધીરેશ વીરાભાઇ
ઔદિચ્ય પ્રકાશ	,,	નારણદાસ ગોરધનદાસ
પ્રકાશ	,,	પુરુષોત્તમ ગોરધન
આત્માનંદ પ્રકાશ	,,	વલ્લભદાસ ત્રિભોવન
શ્રીમાળી હિતેચ્છુ	,,	લક્ષ્મીશંકર કાશીરામ
શ્રીમાળી અભ્યુદય	,,	જયશંકર ઇશ્વરલાલ
આરોગ્ય	,,	જમનાદાસ માણેકચંદ

જનેતા	,,	,,
વાર્તા	,,	,,
સર્વધર્મ	,,	,,
ઘરશાળા	,,	,,
કવિતા	,,	મધુસૂદન ગડકરી
મુસ્લીમ ખત્રી	રાજકોટ	ઈ. હા. નુરમહમદ ખત્રી
ઓલાદ	,,	પ્રાગજી ભી. ઓઝા
સુધા	,,	કેશવલાલ જ. પારેખ
પ્રણામી ધરમ પત્રિકા	જામનગર	પુરણદાસ બ્રહ્મચારી
ભવિષ્ય વાણી	વઢવાણ	હીરાલાલ વર્ધમાન શાહ.
જગતાત	જેતપુર	ગોવિંદજી કે. પટેલ
આનંદાશ્રમ	ગોંડળ	મહારાણીદાસ ગો. દેસાઈ
ખેતીવાડી વિજ્ઞાન	લીંબડી	દુલેરાય છો. અંજારીયા.
વિશ્વમંગળ	જૂનાગઢ	એમ. ઓ. પુરોહિત

બે મહિને

વાયડા મિત્ર	વડોદરા	રમણલાલ ભી. શાહ
સમસ્ત લાડ મિત્ર	,,	હીરાલાલ મ. મુનીમ

ત્રૈમાસિકો

માનસી	ભાવનગર	વિજયરાય ક. વૈદ્ય
ગ્રામજીવન	,,	વે. ગો. ભટ્ટ
જાગ્રતિ	રાજકોટ	મહમદભાઈ મગુભાઈ
દશાલાડ પત્રિકા	વડોદરા	રણછોડલાલ ના. શાહ
અભ્યાસ ગૃહ પત્રિકા	પાટણ	નટવરલાલ મા. રાવળ

પ્રકરણ ૧૦

ખાસ અંકો

'જેઓ જાહેર પ્રજાની સેવા કરવાના આશયથી પત્રકારનો ધંધો કરવા માગતા હોય તેમણે પત્રકારની ઓફિસમાં દરેક પ્રકારનું કામ કરી તમામ બાબતોનો અનુભવ મેળવવો, નહિ કે થોડાક કલાક આરામખુરસીમાં બેસી જવું.'

—સી. વાય. ચિંતામણી

ગુજરાતમાં વૃત્તપત્રોની સંખ્યા અને હરીફાઈ વધતાં ગયાં તેમ તેમ ગ્રાહકોને આકર્ષીને સાચવી રાખવા માટે તેમના સંચાલકોને નાનાવિધ યુક્તિઓ કરવી પડેલી છે. દર વરસે ભેટ પુસ્તક આપવાનો રિવાજ 'ગુજરાતી'નો જૂનામાં જૂનો ને જાણીતો છે. હરિફાઈ તીવ્ર થતી ગઇ તેમ તેમ વૃત્તપત્રો ગ્રાહકને રીઝવવા નવા નુસ્ખા પણ યોજતાં રહ્યાં અને કેલેન્ડર, ખાસ અંક ઈ. ની. તરકીબો કાઢતાં ગયાં.

તેમાં ખાસ અંકોની પ્રણાલિકા તો ખાસ રૂઢ થઈ ગઇ છે; હવે દરવરસે એક બે પણ ખાસ અંકો પ્રસિદ્ધ ન કરતું હોય એવું વૃત્તપત્ર જવલ્લે જોવામાં આવે છે.

આ ભેટ પુસ્તકો કે ખાસ અંકો આપવા પાછળ ગ્રાહકને સાચવવાનો ઉદ્દેશ મુખ્ય ખરો, પરંતુ એજ માત્ર નથી. સારાં પર્વો, ઉત્તમ પ્રસંગો ઇ. આવે ત્યારે પ્રગતિમાન પત્રસંચાલકોને તે અંગે વાચકને કશું વિશિષ્ટ

કરી બતાવવાની, તથા જે તે પ્રસંગ કે પર્વ વિષેનું સાહિત્ય અને માહિતીનું પ્રસરણ કરી સંસ્કારિતાને તથા સાહિત્યને પોષવાની ઇચ્છા થાય જ. છાપું જેમ વધારે સદ્ધર અને સંગીન, અને તેના સંચાલકો જેમ વધારે ઉમંગી અને કુશળ, તેમ તેમના ખાસ અંકો વધારે ખૂબીદાર બને.

પરંતુ ધીમે ધીમે કાળે કરીને ગૂજરાતી વૃત્તપત્રો તથા સામયિકોના ખાસ અંકોમાંથી મરજિયાત તત્વ જતું રહ્યું છે, અને તેની વિશિષ્ટતા ઉડી ગઇ છે. હવે તો વાંકડાના કે દાયજાના રિવાજ પ્રમાણે પ્રત્યેક પત્રે ખાસ અંક આપવો જ જોઇએ, અને નહિ તો ન ચાલે. એવી અણલખી અને અણુકથી પરંતુ રૂઢિપ્રેરિત બળજબરી છાપાંના સમાજમાં દૃઢમૂલ થઇ પડી છે. ખાસ અંક આપવો પોસાતો હોય કે ન પોસાતો હોય; ખરેખર સુંદર, સુરુચિપોષક અને સંગીન સાહિત્યનો સંભાર તે માટે મળી શકે તેમ હોય કે ન હોય; સંચાલકોની એવી ચિરસ્થાયી વસ્તુ સર્જવાની યોગ્યતા પણ હોય કે ન હોય; પરંતુ ગોરનું તરભાણું ભર્યેજ છૂટકો.

આ સ્થિતિ ઘણાં સામાન્ય કક્ષાનાં વૃત્તપત્રો પરત્વે બંધ બેસતી છે ખરી, પરંતુ તેમાં અપવાદ પણ મોટા અને સમર્થ છે. ખાસ અંકો કાઢવામાં કેટલાંક અખબારોના ઘણા સ્વાર્થો પણ સરે છે. એક તો સુંદર વસ્તુના સર્જનનો સંતોષ; બીજું, સારા સારા લેખકો સાથે સંપર્કમાં રહેવાનો તેને લીધે મળ્યા કરતો સુયોગ; ત્રીજું, પ્રતિષ્ઠાની વૃદ્ધિ ; અને ચોથું, જાહેરખબરોની વિપુલતાના રૂડા પ્રતાપે કરીને એવા અંકના સરવૈયામાં જમા પાસે રહેવા પામતી સંગીન સિલક !

મોટાં પત્રોના ખાસ અંકો માટે આખું નોખું તંત્ર પ્રતિવર્ષ ઉભું કરવું પડે છે, અને એ સ્ટાફ એ કામગરી ઉપર એકાગ્ર બનીને સુશોભિત અંક તૈયાર કરી શકે છે.

આ અંકો પાછળ નર્યો સ્વાર્થ તેમજ રૂઢિના અનુસરણ ઉપરાંત સેવાવૃત્તિ, અને નવિન તથા ચમત્કારિક સર્જન કવાની સતત ધગશનું પત્રકારત્વના માનસનું લાક્ષણિક તત્વ પણ પ્રેરણા રૂપે હોય છે; એમાં શંકા રાખવાને કારણ નથી.

આ એક પ્રથાએ ગુજરાતમાં ચિત્રકળાને અને વિશેષતઃ વાર્તાઓ ઇ. માટેના ચિત્રણની વૃત્તચિત્રણ કળાને, બ્લૉકના વ્યવસાયને તથા એકંદર કલાવિધાન અને કલાવૃત્તિને ખૂબ પોષણ આપ્યું છે એ નિર્વિવાદ છે. નવા ઉગતા લેખકોને પ્રકાશમાં અવવાની તક તેને લીધે મળતી રહે છે,) એ પણ હકીકત છે. સેંકડો ખાસ અંકોનું પ્રતિવર્ષ ઉત્પાદન કરવાની ફરજ બજાવવા માટે જે વિપુલ લેખસરજામ જોઈએ, તે બધો જ લબ્ધ-પ્રતિષ્ઠ કહેવાતા લેખકો પાસેથી કેવી રીતે મળી શકે? તેમાં પણ વળી લેખકોને પુરસ્કાર આપવાના પ્રશ્નના તો હજી પણ અખાડા થયા જ કરે છે. કમાઉ વૃત્તપત્રો પણ એ દિશામાં પગ ધરતાં, પહેલ કરતાં, અને દાખલો પાડતાં સંકોચ અનુભવે છે. એમ હોવાથી નવા ગરજાળ લેખકોને ખાસ અંકોમાં પોતાનાં નામ છપાયેલાં જોવાની તક બહોળા પ્રમાણમાં રહે જ. આ સેવા પણ જેવી તેવી નથી.

પરંતુ તે સાથે આ સામુદાયિક શબ્દસર્જન કેટલાંક અનિષ્ટ તત્વોને પણ દુર્ભાગ્યે તેટલો જ અવકાશ આપે છે. અતિવ્યવસાયી લેખકો ખાસ અંકની માગણીના દબાણને નકારી શકે કે નકારવાનું પસંદ પણ કરે, એ કેવી રીતે બની શકે? વળી તેઓ જાણે છે કે પોતાના નામનું જાદુ એવું છે કે તેના ઉપયોગ ખાતર—એવા સમર્થ લેખકની "રસરસતી કલમ પ્રસાદી" મેળવ્યાનો જશ ખાટી મોટાઇ મેળવવા માટે પણ—ખાસ અંકનો તંત્રી જેવું લખાણ આવ્યું હોય તેવું ને તેવું મોટાં મથાળા તથા સુશોભિત શૃંગારથી સજાવીને જરૂર છાપી દેશે. એટલે મોટે ભાગે સમર્થ લેખકો પણ

ખાસ અંકો માટે લખતાં ઢસળા બની જાય, તેમના લેખમાં ખાસ માહિતી, વિચાર કે રજુઆતની પણ નૂતનતા અને મૌલિકતા ઓછામાં ઓછા પ્રમાણમાં આવવા પામે, એ કેટલેક અંશે સ્વાભાવિક છે. વળી પુરસ્કાર આપવાનો નહિ હોવાથી અંકના સંચાલકો મફત મળેલી પ્રસાદીનાં ચુણામણ વીણામણ પણ શું મોં લઇને કરે? ધરમની ગાયના દાંતની ખણખોદ કેમ કરીને કરાય?

સામાન્ય કક્ષાના લેખકો, હજી કીર્તિ તથા પ્રતિષ્ઠા જમાવવાનાં બાકી હોવાને કારણે લેખ પાછળ મહેનત લે એ સંભવિત છે; પરંતુ તેમની શ્રમસિદ્ધ કૃતિને પણ તેમની બુદ્ધિ તથા શક્તિની મર્યાદાની આડ લાગુ પડ્યા વિના રહે નહિ. એટલે તેમાં મહેનત છતાં, સહજ પ્રતિભાનાં અભાવે, ચમત્કૃતિ આવી શકતી નથી.

અને વાર્તા, લેખ, કહેવાતી કવિતાઓ ઇ. ને નામે જે પારાવાર કચરાના ગંજ પ્રતિવર્ષ ખડકાય છે, તેને ઉસેડવા માટે તો મ્યુનિસિપલ શ્રમજીવીની સેવાની જ જરૂર પડે! તફડંચી, સાહિત્યિક ઉઠાઉગિરી, ઋણ-સ્વીકાર વિનાના સળંગ ઉતારા કે તરજુમા, અને તે પણ શૈલી, ભાષા કે ગોઠવણના ગુણ વિનાના બેઢંગ ધસડબોરા—એ બધી યુક્તિપ્રયુક્તિઓને ખાસ અંકોએ અત્યંત ઉત્તેજન આપ્યું છે.

પ્રતિવર્ષ "દીપોત્સવીનો રસથાળ" કે એવા કોઇ શીર્ષક નીચે કુડી-બંધ ખાસ અંકોની સમીક્ષા લગભગ બધાં સામયિકો કરે છે, તેમાંની ઘણીખરી સમીક્ષામાં કોઇ પણ અંકના કોઇ પણ અંગ પરત્વે નાપસંદગીનો હરફ ઉચ્ચારેલો જોવામાં આવતો નથી. શા માટે આપણે કોઇને કડવું વેણ કહેવું પડે?......અર્થાત, એટલો સામાન્ય ટીકાનો ભય પણ ન રહેવાથી આ વિવેકહીન શબ્દોત્પાદન નિરંકુશ રીતે આગળ ધપે છે. તેને સુધારવા માટે કશું કારણ જણાતું નથી, કેમકે તેવી કશી ફરિયાદ કે આગ્રહી માગણી થતી નથી.

છતાં કેટલાંક પત્રોના ખાસ અંકો કલાના નમૂના બની રહે છે.

કોઈ કોઇ વાર ખરેખર સુંદર સાહિત્ય પણ તેમાં સર્જાઇ જાય છે. સામાન્ય રીતે ગમે તેવાં કઢંગાં, મુદ્રણની કશી પણ શોભા વિનાનાં ચીતરામણોથી અંકો ઉભરાય છે. પરંતુ કોઈ કોઇ વાર સાચે જ કલામય સુંદર ચિત્રકલાના તથા મુદ્રાકલાના નમૂના તેમાં જોવામાં આવે છે. વળી ઘણા બુદ્ધિજીવી માનવીઓને આ અંકો થોડું ઘણું આજીવિકાનું સાધન આપે છે; થોકેથોક ઉભરાતા નવા લેખકોમાંથી કોઇ કોઈ તેજસ્વી તારલો પણ તરી આવે છે; અને ગુજરાતી જનસમૂહની વાચનવૃત્તિને યેન કેન પ્રકારે પોષણ અવશ્ય મળે છે. આ સેવાઓ ઉપેક્ષણીય નથી જ.

આ ચિત્રવિચિત્ર શંભુમેળાના જમેલામાં પણ મુંબઈનું "ગુજરાતી" પોતાની ઢબછબ અને પ્રથા અખંડિત જાળવી રહેલું છે! ખાસ અંકના વાચનની સંગીનતા, અને શોભાસજાવટ પ્રત્યે ઉદાસીનતા—એ વિશિષ્ટતાની પ્રણાલિકાનો ભંગ એણે ભાગ્યે જ કર્યો છે. ગુજરાતમાં ઘણે ભાગે ખાસ અંકોની પ્રથાનો પ્રારંભ કરનાર એ "ગુજરાતી" જ હતું. ૧૯૦૯માં તેનો પહેલો દીપોત્સવી અંક બહાર પડયો: રવિવાર તા. ૭મી નવેંબર ૧૯૦૯. પોતાની અટલ પ્રથા પ્રમાણે દેવનાગરી લિપિમાં બાંધેલા **दिवाळीनो खास अंक** એ શીર્ષક નીચે તેના પહેલા અગ્રલેખમાં લખ્યું છે:

> "આજે અમે ભારતવર્ષની પ્રજાની દિવાળીના માંગલિક પ્રભાતમાં તે સમયનો ખાસ અંક અમારા વાચકોના કરકમલમાં સમર્પિએ છીએ. આ અંક પ્રારંભથી તે અંત સુધી સાહિત્યના વિષયોથી ભરપૂર છે. જુદા જુદા વિદ્વાનોએ સાહિત્યના અનેક અંગો ઉપર ચર્ચા કીધી છે. કહેવામાં આવે છે, કે રાજકીય વિષયના પ્રબંધો, સંવાદે, વિવાદો અને વિતંડાઓ વાંચતાં વાંચતાં અમને અજીર્ણ થયું છે, એવા વિષયોથી શું દેશની ઉન્નતિ થશે?......નવા વર્ષને મંગળ ટાણે અમારી આટલી જ યાચના છે કે: ગુજરાતી ભાષાના જય શ્રી રંગ બિરાજો!"

એ અંકનો મુખ્ય અગ્રલેખ ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ વિષયે છે. "આર્યગાયન વિદ્યા", કમળાશંકર ત્રિવેદીનો "સાંપ્રત સમયના

ગુજરાતી ભાષા અને ગુજરાતી સાહિત્ય વિષે કેટલાક પ્રથમ દર્શને જ થતા વિચારો ”નો લેખ, “ કવિપ્રિયા અને ભાષા ભૂષણ ” વિષે કવિ સવિતા નારાયણનું સુંદર વિવેચન, મો. પા. દવેની કવિતા, હરિહર પુરુષોત્તમની નવલિકા, “ નર્મદાશંકરની કવિત્વ શક્તિ ” બાબત અતિ-સુખશંકર ત્રિવેદીના વિચારો, “ ગુજરાતી ભાષાનાં કેટલાંક અપ્રસિદ્ધ કાવ્ય”નું છગનલાલ વિદ્યારામ રાવળે કરેલું સઘન વિવેચન, મો. પા. દવેનું “ ગ્રંથ વિવેચનનું સાહિત્ય,” “ આપણા સાહિત્યનું અવલોકન”નો મનનીય અભ્યાસ લેખ, કાંતિલાલ પંડયા, ચંદ્રશંકર પંડયા, હીરાલાલ શ્રોફ, અંબાલાલ જાની, મોતીચંદ કાપડીયા, બારિસ્ટર વિભાકર, ન. પુ. સંઘવી, તનસુખરામ મનઃસુખરામ ત્રિપાઠી, પ્રાણજીવન હરિહર શાસ્ત્રી, વગેરે સમર્થ વિદ્વાનોના લેખો એ અંકમાં દેખાય છે. અને પ્રત્યેક લેખ તે તે વિષયને ઉત્તમ રીતે છણે છે. તેમાંનો એકપણ લેખ નબળો નથી.

અને આખા અંકમાં એક પણ ચિત્ર કે બીજું કશું સુશોભન નથી !

આપણે એ તબક્કેથી કેટલા બધા આગળ વધ્યા છીએ !...... આગળ જ વધ્યા છીએ ? આપણે ગતિ અવશ્ય કરી છે, પરંતુ તે કઇ દિશામાં ?......

આ ખાસ અંકોની પ્રથાને બળ દેનાર “ હિંદુસ્થાન પ્રજામિત્ર ” કહી શકાય. ૧૯૧૫માં એણે દિવાળીના અંકની શ્રેણી શરૂ કરી, અને ઉત્તરોત્તર તેના અંકોમાં નવી ખૂબીઓ ઉમેરાતી ગઈ. એ જ રાહે ગુજરાતના બીજા ખાસ અંકો ચાલતા રહ્યા છે. કેટલાંક પારસી-પ્રધાન પત્રો પતેતીના અંકો કાઢે છે. જન્માષ્ટમી વગેરે બીજાં પર્વો પણ આવા ઉત્પાદન માટે યોગ્ય પ્રસંગો લેખાવા લાગ્યા છે. તેમાં રાષ્ટ્રીય પર્વો પણ ઉમેરાયાં છે. રાષ્ટ્રીય મહાસભા અંકો, સાહિત્ય પરિષદ અંકો, વસંતોત્સવ અંકો, ઇદ અંકો ઇ. ઇ. પ્રકારો પણ પ્રકટતા જાય છે અને ખાસ અંક કાજે રાજકારણી, સામાજિક, આર્થિક, સાહિત્યિક, કલામૂલક, વગેરે હાથ લાગે તે દરેક જાતના પ્રસંગને

ઝડપી લેવામાં સામયિકો પાછી પાની ધરતાં નથી. તેમાં "શારદા"ના તંત્રી અંક, પ્રવાસ અંક, પ્રોફેસર અંક, લોકસાહિત્ય અંક...વર્ષના બારમાંથી દસ તો એના ખાસ અંક હોય છે !

આ બધું ગુજરાતમાં પ્રકટી રહેલી અભિનવ રસવૃત્તિ, વાચન પ્રત્યે વધતી અભિરુચિ, સર્વસામાન્ય જાગ્રતિ તથા ઉગતા સ્વભાનનું શુભ પરિણામ છે. એ નવજીવન-સંચારે આ બધા સ્રોત ઉભરાવ્યા છે. એ સ્રોત નિરર્થક વહી જાય નહિ, એનું વિપુલ પોષણતત્ત્વ વેડફાયા ન કરે પરંતુ તેનું નિયમન, સંચય તથા સંગ્રહ થાય, તો ગુજરાતની અક્ષર-સમૃદ્ધિ હિંદમાં અજોડ બનવા પામે, અને તેનો હિંદમાં ચોથા કે પાંચમાં સ્થાનથી સંતોષ માનીને બેસી રહેવા વારો ટળે. આજે તો સંગીનતા, શોભા, વૈવિધ્ય તથા ફેલાવાની નજરે ખાસ અંકોના ક્ષેત્રમાં બંગાળી, હિંદી, અને તામિલથી ગુજરાતીનું સ્થાન ઊતરતું ગણાય છેજ. સંગીનતામાં તો મહારાષ્ટ્ર પણ તેનાથી વધવાનો દાવો નોંધાવી શકે.

ખાસ અંકોમાં પણ ખાસ નોંધયોગ્ય ગુજરાતી વૃત્તપત્રોના રૌપ્ય મહોત્સવ પ્રસંગે નીકળેલા અંકો છે. એનુ ઐતિહાસિક મહત્વ છે. 'પ્રજાબંધુ'નો રજત મહોત્સવ ૧૯૨૩માં ઉજવાયો અને તે પ્રસંગે ગુજરાતી પત્રકારોના સંગઠનનો પ્રયત્ન થઇ, તરત પહેલી પત્રકાર પરિષદ ભરાઇ. 'ગુજરાતી પંચ'નો રજત મહોત્સવ અંક ૧૯૨૬માં નીકળ્યો. 'હિંદુસ્થાને' તેવો પ્રસંગ ૧૯૩૮માં ઘણો જ સુંદર અને માહિતીપૂર્ણ અંક કાઢીનો ઉજવ્યો. 'ગુજરાતી'ના હીરક મહોત્સવનો સમય વીતી ગયો, અને 'મુંબઇ સમાચાર'ની તો શતાબ્દી પણ સરકી ગઇ ! 'સાંજ,' 'જામે,' 'કૈસર'...બધાં જૂનાં પત્રોએ પોતાપોતાના જીવનના ખંડકો ખાસ અંકોથી ઉજવ્યા જ હશે. ઉપરાંત, 'વસન્ત' આદિ જૂનાં માસિકોએ પણ ઉત્તમ અંકોથી પોતપોતાના સમયરૌત્સવોની સ્મૃતિ ચિરંજીવ રાખી છે.

વડોદરામાં પણ ખાસ અંકો સારી સંખ્યામાં પ્રકટ થયા છે.

'સયાજી વિજય' તથા 'નવગુજરાત' તરફથી સદ્ગત શ્રીમંત સયાજી-રાવના અમલના સુવર્ણ તથા હીરક મહોત્સવો તેમજ શ્રીમંત પ્રતાપસિંહના રાજ્યારોહણ પ્રસંગે ખાસ અંકો પ્રસિદ્ધ કર્યા હતા. તે ઉપરાંત પ્રજામંડળ અંક ઈ. પ્રસંગલક્ષી ખાસ પ્રકાશનો પણ પ્રસિદ્ધ થયાં છે. એ બધામાં નાનાવિધ, સુંદર અને સંગ્રહયોગ્ય માહિતીપૂર્ણ લેખો જોવામાં આવે છે.

ગુજરાતી પત્રકારોમાંના કોઇના પત્રકારત્વમાં વીતેલા જીવનખંડકનો ઉત્સવ ઉજવાયો હોય, તો તે પહેલો શ્રી મહેરજીભાઇ માદનનો હતો. એમની અડધી સદીની એકધારી સેવા હતી. અને તે પણ 'ગુજરાતી"ના તંત્રીની જેમ માલિકને સંબંધે નહિ, પરંતુ પારકાનાં પત્રોમાં કેવળ આવડત અને લાયકાતના જોર ઉપર મુસ્તાક રહીને કરેલી સેવા હતી.

આવા પ્રસંગોને સજીવ રાખતા અંકો સંગ્રહણીય છે, અવિસ્મરણીય છે. એમાં ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ આલેખાયેલો હોય છે. "હિંદુસ્થાન"ના રજતમહોત્સવ અંકમાં સાહિત્ય, પત્રકારત્વ, ચિત્રકળા, સીનેમા, રાજકારણો ઇ. કેટલાય જાહેરજીવનના પોષક વ્યવસાયોની પચ્ચીસી-ઓનાં અવલોકનો છે. એવું સાહિત્ય માત્ર છાપાંનાં ક્ષણજીવી પાનાંમાં નષ્ટ થાય, એ ગંભીર હાની કહેવાય. એવા અભ્યાસ લેખો વહેલા મોડા પણ ગ્રંથસ્થ શા માટે ન થાય ? કચરાના ઢગલામાં અનેક ઉત્તમ રત્નો પણ શા માટે ખોઈ બેસીએ ?

દર વરસે પ્રકટ થયેલા ખાસ અંકોમાંથી ચૂંટીવીણીને સાચવવા યોગ્ય વાનગીઓને ગ્રંથસ્થ કરવાની પ્રવૃત્તિ કોઇ પત્રકાર સંસ્થાએ, અથવા તો પત્રકારત્વને પણ પોતાના અંગ તરીકે માન્ય રાખી રહેલ સાહિત્ય પરિષદે ઉપાડી લેવી જોઇએ. પ્રતિવર્ષ એવો એક મૌલિક ગ્રંથ નીકળે તો પણ બસ છે. સાહિત્ય પરિષદનો પત્રકારત્વ વિભાગ આવી કોઇ પ્રવૃત્તિ હાથ ધરે તો જ તેની હસ્તીનો અર્થ સરે, અને ગુજરાતની સંગીન સેવા પણ થાય.

પ્રકરણ ૧૧

કેટલીક ખાસ સમસ્યાઓ

In a small town out West there was a sudden commotion. It appeared that a wire had fallen across the main street and was holding up all traffic. No one dared to touch it in case lt should be "live."

The news reached the editor of the local paper, and he acted promptly.

"Send down two 'reporters," he ordered; "One to touch the wire and the other to write up the story."

—Anecdote

દેશી રાજસ્થાનોમાં વૃત્તવ્યવસાયનો પ્રશ્ન ગૂજરાત માટે બહુ જ મહત્વનો છે. કાઠિયાવાડની રજવાડાની ભુલભુલામણી એ સમસ્યાને વિકટ બનાવી મૂકે છે. રજપૂતાના પણ એજ રોગથી પીડાય છે. દેશી રાજ્યોની વૃત્તપત્રો પરત્વેની કરડી નજરના દાખલા રોજ બને છે. તેમાં પણ અમુક અમુક પ્રસંગોએ તો એના ઉભરા આવે છે. રાષ્ટ્રીય છુટાપણાની વિકસતી ભાવનાના પડઘા દેશી રાજ્યોમાં પડે જ. દેશી અને બ્રિટિશ હદોની તથા દેશી રાજ્યોની પારસ્પરિક સીમાઓની કૃત્રિમ લાઇનદોરીઓ હિંદના અખંડ રાષ્ટ્રત્વને બહુ આંતરી શકતી નથી. પરંતુ એનાં અંતરો અને ભેદભાવને

વાતાગમ્ય ચોકસાઈથી જડબેસલાક રાખવામાં ઘણાં દેશી રાજ્યો દીર્ઘ-દૃષ્ટિના અભાવને લીધે પોતાની સલામતી સમજે છે. પોતાની હદમાં અમુક સ્વતંત્ર નુક્તાચિની કરતાં બ્રિટિશ પત્રોને દાખલ થવા દેવાં નહિ, અને પોતાની હદમાં તો તેવી ગુસ્તાખીને સ્થાન જ ન આપવું, એ પદ્ધતનાં ઉદાહરણો સેંકડોની સંખ્યામાં બનેલા છે. કેટલાંક રજવાડામાં આવા પ્રતિબંધ પચાસથી પણ વધારે પત્રો સામે કઢાયાના દાખલા તાજા છે. બિકાનેરે તો એ આંકડો એકલે હાથે નોંધાવેલો છે. કાઠિયાવાડના કેટલાક રજવાડા પણ એ બાબતમાં ઓછા ઉતરે તેમ નથી. આવા પ્રતિબંધો તો જૂના જમાનાથી ચાલ્યા આવે છે, પરંતુ "સૌરાષ્ટ્ર"ના ઉદયકાળથી રજવાડાંની આંતરિક સ્થિતિને પત્રકારત્વના સર્ચલાઇટ અને એક્સ-રે લાગુ પડવા લાગ્યાં, અને રજવાડાંની સંતાકુકડીની દોડાદોડી વધી પડી.

દેશી રજવાડામાં જાહેર જીવનનું રૂંધન સર્વગ્રાહી હોવાના આક્ષેપમાં બિલકુલ તથ્ય નથી, એમ તો ન જ કહી શકાય. વૃત્તપત્રો એ સર્વગ્રાહિતામાં આવી જ જાય, એ દેખીતું છે.

"હિંદુસ્તાન અને પ્રજામિત્ર"ના ૧૯૩૭ના દીપોત્સવી અંકમાં શ્રી. દયાશંકર ભ. કવિ આ વિષયે લખે છે :

"રાજસ્થાનોમાં એવું રાજસ્થાન ભાગ્યેજ એકાદું હશે કે જ્યાં પ્રેસ એક્ટ લાગુ નહિ હોય. આ રાજસ્થાની પ્રેસ એક્ટમાં કોઇ પણ પ્રકારના રાજ-નૈતિક વિષયના પ્રકાશન માત્રને અપરાધ ગણવામાં આવે છે. મારવાડ —જોધપુર રાજ્યના પ્રેસ એક્ટમાં સાધારણ ટાઇપરાઇટિંગ મશીનને પણ છાપવાનું યંત્ર ગણવામાં આવ્યું છે. આવા દરેક યંત્રના માલિકને રાજ્યના ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ પાસેથી ખાસ પરવાનો લેવો પડે છે. બ્રિટિશ હિંદમાં જેમ છાપેલા સાહિત્ય પર છાપખાના અને છાપનારનાં નામો છાપવાની ફરજ છે તેમ મારવાડ રાજ્યમાં ટાઇપ કરેલા કાગળોના છેવટના ભાગમાં મશીનના પરવાનાનો નંબર અને ટાઇપ કરનાર વ્યક્તિનું નામ પણ ટાઇપ કરવાનું આવશ્યક છે. આ પ્રમાણે ન કરનારને જેલની હવા ખાવી પડે છે. બિકાનેર રાજ્યમાં રાજનૈતિક સાહિત્યનાં મુદ્રણ અને પ્રકાશનને ફોજદારી

ગુનો ગણવામાં આવે છે, એટલે છ વર્ષ સુધીની સખ્ત કેદની સજા પણ કરવામાં આવે છે. જયપુર અને જોધપુર વગેરે મોટાં રાજ્યો સિવાયના બીજાં બધાં રાજ્યોમાં એ લોકોનાં નામો પોલીસમાં નોંધાય છે કે જેઓ નિયમપૂર્વક વર્તમાનપત્રો વાંચે છે.* થોડાંક વર્ષ પહેલાં બિકાનેરના શ્રી ખૂબરામ શરાફ આદિ કાર્યકર્તાઓ પર જે કાવત્રાંનો મુકદ્દમો ચાલ્યો હતો તેમાં તેમને અપરાધી ઠરાવવા માટે રાજ્યના વકીલે કરેલી દલીલોમાં મુખ્ય દલીલ એ હતી કે અપરાધી શ્રી. શરાફ "તરૂણ રાજસ્થાન" અને "ત્યાગભૂમિ" વાંચતા હતા..."

રાજપુતાનાની આ અવસ્થા છે. મુંબઈ ઇલાકામાં મામલો હળવો છે. ન્યાય ખાતર એટલું તો કહેવું જ પડે કે પત્રકારો પણ આ સ્થિતિ માટે કેટલેક અંશે જવાબદાર છે. આપણે અન્યત્ર જોયું છે તેમ, રજવાડાં પાસે પૈસા પડાવવા પેંધો પડેલો આખો પત્રકારોનો સમુદાય ખાસ કરીને કાઠિયાવાડમાં ફાટી નીકળ્યો હતો, અને હજી વિદ્યમાન છે. રજવાડા આમેય સંરક્ષણ વૃત્તિના અને જૂનવાણી હોય જ. પ્રગતિના નામ માત્રથી એ ભડકતાં હોય; તેમની કાર્યવાહીઓ એકંદરે છુપી રહેલી જ સારી. એ દશામાં પત્રકારોની ફોજ તેમનાં ચૂંથણાં ચૂંથવા નીકળી પડે, અને તેમાંય કેટલાક બ્લેકમેઇલિંગનો ધંધો જ લઈ બેસે, એટલે મૂળ મર્કટ, એણે પીધી મદિરા, અને તેને વળી કરડયો વીંછી એવી દશા ન થાય, તો બીજું થાય શું?

આ છાપાંવિરોધી ઉન્માદથી મોટાં રાજસ્થાનો પણ સર્વથા અલિપ્ત નથી રહ્યાં. હૈદરાબાદ, મહિસુર અને ત્રાવણકોર પણ તેમાંથી મુક્ત નથી, અને તેમને એ બાબતમાં છાપે ચઢવા વારો ઘણી યે વાર આવ્યો છે. એમાં પ્રમાણમાં અપવાદ હોય તો તે વડોદરા. છાપાં ઉપર પ્રમાણમાં ઓછા અંકુશ, અને તેનો પણ સામાન્ય રીતે હળવો અમલ, એ વડોદરાની એકંદર વલણ રહેલી છે. શ્રીમંત સયાજીરાવ તત્ત્વતઃ પ્રગતિ પોષક

* આપણા પત્રકારત્વમાં ઘુસી ગયેલી તરજુમીયા ભાષાનો કેવો નાદર નમૂનો આ વાક્યમાં આપણને જોવા મળે છે!

હતા; અને 'બરોડા ગૅઝેટ' 'વડોદરા વર્તમાન' 'નવગુજરાત' ઇ. સામે લેવાયેલાં શમનનાં પગલાંના દાખલા બન્યા તો છે જ, પરંતુ તે પ્રમાણમાં જૂજ કહેવાય અને તે પણ ઘણાં વર્ષો ઉપરની વાત થઇ. દેશી રાજ્યોમાં એકંદર દૃષ્ટિએ જોતાં વૃત્તપત્રોને લેખનની છૂટ વડોદરા જેટલી બીજે ક્યાંય હશે ખરી-એ એક પ્રશ્ન છે, અને તેનો ઉત્તર પૂરતી તપાસ અને ચોકસાઇ પછી પણ નકારમાં આવે તો નવાઈ નહિ.

" ફૂલછાબ " તા. ૩-૧૦-૪૧ના અંકમાં પ્રસિદ્ધ થયેલા પત્રકારત્વ વિષેના એક ખાસ લેખમાંની નીચેની કંડિકાઓ પ્રસ્તુત છે:

" બ્રિટિશ હિંદમાં ગમે ત્યાં જાઓ ત્યાં પ્રજાના બધા પ્રશ્નો લગભગ સરખા હશે. બ્રિ. હિંદના એક પ્રાંતનો પત્રકાર બીજા પ્રાંતમાં જાય તો તેને પરિસ્થિતિથી માહિતગાર થતાં કે બંધબેસતો થતાં બહુ વાર લાગતી નથી. પણ દેશી રજવાડાંમાં તો દરેકે દરેક રાજ્યના પ્રશ્નો જુદા હોવાથી દરેક રાજ્યના પ્રશ્નોનો મૂળમાંથી જ અભ્યાસ કરવો પડે છે.

" સૌથી મોટી મુશ્કેલી તો એ છે કે બ્રિટિશ હિંદની જેમ, અપવાદ બાદ કરતાં દેશી રજવાડાંમાં અખબારોના ખબરપત્રીઓ ખુલ્લે મોઢે, બેધડકપણે અને હક્કપૂર્વક નથી ફરી શકતા. રજવાડામાં તો જો કોઇ માણસ ખબરપત્રી તરીકે કામ કરે છે એવી રાજ્યને ખબર પડે તો તો એ ખબરપત્રીનાં હાડકાંપાંસળાં જાદુઇ રીતે એક થઈ જાય છે !

" એટલે રજવાડામાંથી બહુ ઉચ્ચ કક્ષાના ખબરપત્રીઓ મેળવવા ભારે મુશ્કેલ બની જાય છે. એવા ખાનગી ખબરપત્રીઓ તરફથી જે સમાચાર આવે એમાંથી મારાસાર તારવવાનું કામ ઘણું મુશ્કેલ હોય છે. ખબરપત્રીઓ પણ કાંઇ નિસ્પૃહી કે નિરહંકારી થોડા હોય છે ? અનેકવિધ પ્રવૃત્તિ અને પ્રકૃતિ ધરાવતા આ ખબરપત્રીઓના સમાચારો પાછળના હેતુઓ સમજી લઈને, એ હેતુને જુદા તારવીને, એ સમાચારોનું મૂલ્યાંકન કરવા સો ગળણે ગળીને સમાચાર તારવવા રહ્યા.

"રાજ્યસ્થાની પત્રકાર એટલો પુરુષાર્થી અને સાવધ ન રહે તો વારંવાર જૂઠા સમાચાર પ્રગટ થાય, એથી કાયદાની ચુંગાલમાં પણ ફસાઈ જવું પડે. 'ક્ષમાપનાપત્ર' પણ તૈયાર રાખવું પડે; અને પ્રજાનો વિશ્વાસ ગુમાવવો પડે તે સૌથી મોટી ખોટ. જેમ દરેક રાજ્યના રાજા પ્રજા અને કાર્યકરોને, તેમ ખબરપત્રીઓને પણ સમજી લેતાં આવડી જવું જોઈએ ......

"પત્રકારત્વની સૌથી વધુ પવિત્ર ફરજ સાચા સમાચારો મેળવીને પ્રજાને પૂરા પાડવાની છે. આ બાતમીઓ અને સમાચારો મેળવવાનું કામ, કેંક રજવાડાંની ચાલબાજી અને ખટપટીઆઓનાં કાવતરાં ફોડવાનું જોખમભર્યું કામ પત્રકારને કરવાનું હોય છે."

દેશી વૃત્તવ્યવસાયની બે વિશિષ્ટતાઓ વિવેચન યોગ્ય છે, એક ન્યૂન અને બીજી અધિક. ન્યૂન, તે શોર્ટહેન્ડ લિપિનો અભાવ. દેશી ભાષાઓની લઘુલિપિઓ પણ હવે યોજાઈ છે. અહીં એમ કહીએ કે એ લિપિઓ હજી પૂર્ણપણે ઉપયુક્ત બની શકી નથી, તો તેના શોધકો એ કથન સામે જરૂર વાંધો ઉઠાવે. તેથી એટલું જ કહીશું કે છેક હમણાં સુધી એ સવડ ઉપલબ્ધ નહોતી, અને હજી સુધી પણ આમ પત્રકારસમૂહની કોરને પણ એ સ્પર્શી શકી નથી.

દેશી પત્રોનો પણ આધાર તો અંગ્રેજી ઉપરજ રહે છે. મહત્વનાં ભાષણો, નિવેદનો, કથનો ઈ. મુખ્યત્વે અંગ્રેજીમાં થાય છે અને ગુજરાતી અથવા જે હોય તે દેશી ભાષામાં રૂપાન્તર કરવાનું હોવાથી, દેશી પત્રકાર પણ અંગ્રેજી ભાષા માટે યોજાયેલી લઘુલિપિ સારી રીતે જાણતો હોય તો તેને બહુ સવડ પડે. ખાસ કરીને મુલાકાત લેતે ચાલુ લિપિમાં નોંધ લેતાં જતો સમય, વાતમાં તેને લીધે પડતું ભંગાણ અને અહેવાલમાં આવી પડતી કૃત્રિમતાનું કંઈક અંશે નિવારણ લઘુલિપિના ઉપયોગથી થાય ખરું.

લોકશાસનનાં તત્ત્વો રાજકારણમાં વિકસતાં જાય છે તેમ દેશી ભાષાઓની લઘુલિપિની જરૂર પણ વધતી જાય છે. જાહેર પ્રવૃત્તિઓ, ભાષણો, ધારાસભાની ચર્ચાઓ ઇ. અત્યંત મહત્વના શબ્દોત્પાદનના વ્યવસાયો વધારે ને વધારે પ્રમાણમાં દેશી ભાષાઓમાં થવા લાગ્યા છે. સ્વમાન અને આત્મભાનની ભાવનાનાં ઉત્થાન સાથે એકંદર અંગ્રેજી વૃત્તકારત્વનું સંકોચન અને દેશી વૃત્તકારત્વનો વિસ્તાર વધે છે જ. અને એ સ્થિતિ જાહેર જીવનનાં બધાં અંગોમાં દૃષ્ટિગોચર થાય એ સ્વાભાવિક છે. તેથી દેશી ભાષાની લઘુલિપિ માટે ઉજળું ભવિષ્ય છે. પત્રકારો અગમચેતી વાપરીને તેને હસ્તગત કરી લે, તેમાં તેમને, આપણા વૃત્તવ્યવસાયને અને જાહેરજીવનને પણ લાભ છે. દેશી ભાષાનાં ટાઇપરાઇટરોને પણ હવે મહત્વ એ કારણે મળવા લાગ્યું છે.

ટૂંકાક્ષરી શીખવવાની સંસ્થાઓ લગભગ દરેક મોટા શહેરમાં પુષ્કળ નીકળી છે. તેમાંની કેટલીક તો પોતાના વિદ્યાર્થીઓને લંડનની અગર બીજા કોઇ પરદેશની વિશેષજ્ઞતા સૂચક ઉપાધિ–ડિપ્લોમા–અપાવવાનો પણ દાવો કરે છે. પરંતુ યુનીવર્સીટીઓમાં એને સ્થાન મળે નહિ ત્યાં સુધી એવી સંસ્થાઓની ગમે તેટલી કુશળતા પણ ઓછી અને અધૂરી જ રહેવાની.

લઘુલિપિ તથા હાથમુદ્રણ–ટાઇપરાઇટિંગ–માં હિંદમાં મદ્રાસી પહેલો નંબર નોંધાવે છે. જ્યાં જાઓ તો હિંદના કોઇ પણ ભાગમાં આજે શૉર્ટહૅન્ડ અને ટાઇપરાઇટિંગમાં એકકો મદ્રાસી "ઐયો" કામ કરતો જોવામાં આવશે. વાઇસરોયની અંગત કચેરી અને વડી ધારાસભાથી માંડીને નાનામાં નાના એકમાણસીઆ કાર્યાલયમાં મદ્રાસી બંધુ વ્યાપક થઇ રહેલો જણાય છે. ભાષણ, શૉર્ટહૅન્ડ, ટાઇપરાઇટિંગ અને રાજતંત્રમાં અનુકૂળ તથા ચતુર કર્મચારિત્વ, એ દક્ષિણ ભારતીય માનસને ખાસ માફક આવતાં લાગે છે। તેમાંની છેલ્લી ખૂબી તો કંપની બહાદુરે પહે-

લેથી પરખી છે, અને હિંદમાં સામ્રાજ્યની સ્થાપના તથા નિભાવ અર્થે પહેલી દેશી પલટણો અને કર્મચારીઓની ભરતી એ ઇલાકામાં જ થતી રહી છે. એ પ્રણાલિકા હજી મદ્રાસ નિભાવે છે એટલું જ નહિ બલ્કે તેના ક્ષેત્રને વિસ્તારે છે.

અને તેમ હોવાથી, શૉર્ટહૅન્ડ રાઇટર્સનું પહેલું સંગઠન પણ મદ્રાસમાં જ થાય, એ ન્યાયયુક્ત છે. મદ્રાસ ઇલાકામાં શોર્ટહૅન્ડ સેન્ટ્રલ એસોસિએશન પંદરેક વર્ષથી સારી રીતે ચાલે છે. ૧૯૪૨માં તેનું નામ બદલીને "સાઉથ ઇન્ડિયન શૉર્ટહૅન્ડ રાઇટર્સ સેન્ટ્રલ એસોસિએશન" એવું રાખવામાં આવ્યું છે, અને એ મંડળે પોતાની મર્યાદા સ્વીકારી છે. આ મંડળની ૧૧મી પરિષદ ૧૯૪૨માં ત્રિચિનાપલીમાં ૧૯૪૨ના નાતાલના તહેવારામાં ડૉ. ટિ. એસ. એસ. રાજનના પ્રમુખપણા નીચે મળી હતી, અને તેણે લઘુલિપિ લેખકોની મુશ્કેલીઓ તથા માગણીઓની છણાવટ કરી હતી. એ મંડળના ૧૯૪૩ના પ્રમુખ તરીકે "હિંદુ"ના મદદનીશ તંત્રી શ્રી. કે. પી. વિશ્વનાથ ઐયર વરાયા હતા. એ પરિષદનું ઉદ્‌ઘાટન કરતાં ત્રિચિના કલેક્ટર શ્રી. એસ. કે. ચેત્તુરે કહ્યું હતું: "આધુનિક જીવનમાં ઝડપ મહત્વનું તત્ત્વ છે, અને સ્ટેનોગ્રાફર–લઘુલિપિકાર એ ઝડપનું પ્રતીક છે." આ કથન આ વ્યવસાયનું રૂપ એક જ વાક્યમાં પરંતુ સુંદર રીતે રજૂ કરે છે.

દેશી પત્રકારત્વની બીજી ખૂબી આપણે અધિકતાની કહી; એટલે કે જેની અંગ્રેજી છાપામાં જરૂર નથી રહેતી તેવી વસ્તુની. દેશી અખબારોના સંચાલનમાં રહેતી એ આવશ્યકતા, તે તરજુમો, દરેક દેશી પત્રને તરજુમાકારોની નાની શી પલટન નીભાવવી પડે છે. તાર ટપાલ, સમાચારો, સરકારી જાહેરાતો, તેમજ વ્યાપાર વણજ ઇ. હજી પરદેશીઓના હાથમાં હોવાથી તેને લગતી બધી માહિતી પણ અંગ્રેજીમાં જ મળી શકે છે. દેશી વૃત્તકાર બને તેટલી ઝડપથી અને શક્ય

તેટલી કુશળતાથી છેકછાક કે પુનર્વાચનનો અવકાશ રાખ્યા વિના તેના તરજુમા કરીને લખતો જાય તેમ માથે ઝઝુમતા મુદ્રકને 'કાપી' ફાડી આપતો જાય છે. કેમકે તેને છેલ્લી આવૃત્તિ પકડવાની હોય છે. ટપાલના ટાઇમ કોઇને માટે, વૃત્તપત્ર માટે પણ રોકાતા નથી. બીજાં પત્રમિત્રો નબર મારી જવાની પેરવીમાં હોય છે, પણ તેનાથી ઓછા ઊતરવું કોઇ લબ્ધપ્રતિષ્ઠ પત્ર અને માની પત્રકારને પોસાતું નથી. વળી તાર ઇ. આવે તેમાંથી શું લેવા યોગ્ય છે અને સમય તથા સ્થળની તાણના પ્રમાણમાં શું છોડી દેવામાં વાંધો નથી. તરજુમો કેવી રીતે કરવાનો છે, શબ્દશઃ કે સાર રૂપે–ઇત્યાદિનું સંપૂર્ણ સ્પષ્ટીકરણ ઉપતંત્રી પ્રત્યેક સંદેશા પરત્વે કરી આપે અને તરજુમાકારના કામને તપાસી જઇને પછી મુદ્રકને સોંપે, એટલો સમય દરવખતે નથી હોતો. ઘણીવાર તરજુમાકારના અનુભવ, પત્રકાર તરીકેની તેની સમજદારી અને તેની મુન્સફી ઉપર એ છોડી દેવું પડે છે. આ કારણે આપણી ભાષામાં અત્યંત હાસ્યાસ્પદ અને તે સાથે શોચનીય પણ તરજુમીયાપણું દાખલ થઇ જાય છે. આ સ્થિતિ બધા સારા પત્રકારો અને તંત્રીઓ સમજે છે, અને તેનાથી વેગળા રહેવા ખુબ અને સફળ પ્રયત્નો થાય છે. સારા ભાષાસ્વામી લેખકો આ વ્યવસાયમાં હવે જોડાય છે અને ભાષાની શુદ્ધિ પરત્વે ચીવટતા વધતી જાય છે. છતાં કોઇ કોઇ વાર હજીયે સુંદર 'નમૂના' મળી રહે છે ખરા! છાપાંની તરજુમીયા ભાષા ઉપર સુંદર કટાક્ષ "ભદ્રંભદ્ર"માં જોવામાં આવે છે. માધવબાગની સભામાં એક તંત્રી મહાશયના મુખમાં જે પ્રવચન મૂકાયું છે, તે દરેક પત્રકારે વાંચી જવા જેવું છે. અને તે વાંચ્યા પછી વિશેષ કહેવાનું રહેતું જ નથી!

દેશી વૃત્તપત્રોને નડતી મુસીબતોમાંની આ બે મહત્વની છે, અને એ બંને ભાષાની મુશ્કેલીમાંથી પ્રકટે છે. પરંતુ તેમ છતાં એકંદર દેશી છાપાં, વિશેષતઃ ગુજરાતી અખબારો એ તકલીફોને સરસ રીતે પહોંચી વળે છે, એ નિર્વિવાદ છે.

આ વ્યવસાય અંગેની ત્રીજી મહત્વની બાબત તે પ્રૂફ રીડીંગ. આપણા જૂના પત્રકારો, ભાષાશુદ્ધિના આગ્રહી વીરો પ્રૂફરીડીંગની અપૂર્ણતાઓ ઉપર છેક હમણાં સુધી ખૂબ ઉખળી પડતા હતા, અને "કરૂષણ" જેવા શબ્દપ્રયોગો માટે તેમની ચામડી ઉતારતા હતા. જૂના કાળમાં તો જોડીયા અક્ષરોમાં બીઆં જ નહોતાં ઢળાતાં. અને હજી, એ સ્થિતિ પલટાઈ છે તો પણ, "છાપાંના ભૂત" ની ઓથે એવાં ગોટાળાપંચકોની કમાલ થતી જોવામાં આવે છે, અને એવાં ગજબીયાં–સ્પૂનરીઝમ અને હાઉલર–સર્જાય છે, કે એનો સ્વાદ દીર્ઘકાળ સુધી દાઢમાં રહી જાય છે. વૃત્ત-વ્યવસાયનું એ હળવું અને હાસ્ય પાસું છે. કોઇ કોઈ વાર તેને લીધે ગંભીર ગોટાળા પણ ઉભા થાય છે, છતાં એકંદર "છાપાના ભૂત" પ્રત્યે લોકલાગણી રમૂજવૃત્તિ અને ક્ષમાની રહે છે.

પ્રકરણ ૧૨

પત્રકારત્વ : સાહિત્ય

'... ઉપરાંત તેમણે અર્થશાસ્ત્ર. આંકડાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને કામદારોના પ્રશ્નોનો અભ્યાસ કરવો જોઇએ. ખરી રીતે એક પણ વિષય એવો ન હોવો જોઇએ કે જે પ્રસંગ આવ્યે કુશળ પત્રકારને ન આવડે...હું આ બધી બાબતો જાણતો નથી...૬૪ વરસની ઉમરે મારામાં જીજ્ઞાસા તો છે.'

—રામાનંદ ચેટરજી

ઘણાં વર્ષોથી ગુજરાતમાં એ ચર્ચા થતી રહેલી છે કે પત્રકારત્વને સાહિત્ય કહી શકાય કે નહિ. આપણા સાહિત્યકોમાં છાપાં સામે અમુક પ્રકારની સુગ–'હાઇબ્રાઉ'ની વલણ–જોવામાં આવે છે. કોઇ લખાણને ઉતારી પાડવું હોય, તો એ તો 'છાપાળવું' છે, બહુ સુંદર, પરંતુ પત્રકારીયું છે, અને એને સાહિત્ય તો નજ કહી શકાય—એ પ્રકારની damn with faint praise, assent with civil leer, without sneering teach the rest to sneer જેવી ટીકાઓ કેટલીક વાર સાંભળવામાં આવે છે.

પ્રસિદ્ધિની ગરજને ટાણે કે બીજો કોઇ હેતુ સારવવો હોય ત્યારે છાપાંની ખુશામદ ગમે તેવા મોટા સાહિત્યકારો પણ કરે છે, પરંતુ તેમના નાકનું ટેરવું ચઢેલું તો હોય છે જ.

છેક હમણાં સુધી આપણાં ઘણાંખરાં છાપાંની વિચિત્ર શૈલી અને જોડણીનાં નિરંતર થતાં ખૂન આ વલણને કેટલેક અંશે વાજબી ઠરાવે છે ખરાં. પરંતુ હવે તો સ્થિતિ બદલાઇ છે. તદ્દન કોમી પારસી છાપાં બાદ કરતાં, હવે આપણાં પત્રો એ કક્ષાને ક્યારના વટાવી ગયાં છે. વળી પચાસ પચાસ વર્ષથી 'ગુજરાતી' જેવાં પત્રોએ એ ટીકાને ક્યારની ખુઠ્ઠી કરી મૂકેલી છે.

છાપાંનું લખાણ ઉતાવળે, ત્વરિત ગતિએ અને પુખ્ત વિચારને અવકાશ આપ્યા વિના લખાયેલું હોય છે, અને તેથી તે અપક્વ, અને આછેતરૂં હોય જ, એ પત્રકારત્વના સાહિત્ય ઉપર થતા આક્ષેપોનું તારતમ્ય કહેવાય. પરંતુ તેમાં ખાસ તથ્ય નથી. આવી દલીલો કરનારા ભૂલી જાય છે કે નિર્યા સાહિત્યકારોમાંના ઘણાનાં સર્જન પત્રકાર કરતાં પણ વધુ ત્વરિત ગતિએ લખાયેલાં હોય છે. શ્રી. ક. મા. મુનશી જેવા કેટલાય સાહિત્યકારોનાં કેટલાંક ખુબ પ્રશંસા પામેલાં પુસ્તકો પણ, એક બાજુ કંપોઝ થતું હોય છે ત્યારે તેને પહોંચી વળવા માટે ઝડપથી લખાએલાં હોય છે. કોઇવાર ટ્રેઇનમાં, કોઇવાર કોર્ટમાં–જ્યાં બે મિનીટ મળી ત્યાં પાનાં બે પાનાં લખાયાં; એ રીતે એમનાં સમર્થ સર્જનો પ્રકટેલાં છે. આજના યંત્રને, ગ્રાહકોને અને સમયને પહોંચી વળવા લગભગ દરેક સાહિત્યકારને પોતાના લેખનની ઝડપ વધારવી જ પડે છે. શ્રી રમણલાલ વ. દેસાઇનાં સયાજીવિજયની ભેટરૂપે પ્રગટ થયેલાં લોકપ્રિય પુસ્તકો પાંચ પાંચ કે દસ દસ વર્ષની હળવી હળવી ધીમી વિચારણા કે હળવા ધીમા લેખનમાંથી નથી જન્મ્યાં. શ્રી રમણલાલની એકાવનમી વર્ષગાંઠ પ્રસંગે તેમના કેટલાક મિત્રો તરફથી પ્રસિદ્ધ થયેલા "અભિનંદન ગ્રંથ" ઉપર નજર ફેરવી જનારને ખ્યાલ આવશે કે કેવા માર–મારના સંજોગોમાં, કેવા દબાણ અને અધીરી ઉતાવળની ધમાલમાં એમનાં પુસ્તકો લખાયાં છે.

અને એજ ક્રમ હિંદના બીજા સમર્થ લેખકો પરત્વે પણ જોવામાં આવે છે. સ્વ. લોકમાન્ય કે ગાંધીજી, શ્રી. મશરુવાળા કે કાકા કાલેલકર, સ્વ. નવલરામ કે આચાર્ય આનંદશંકર ધ્રુવનાં, વિવિધ સામયિકોમાં પ્રસિદ્ધ થયેલા લેખો, ભાષણો કે નિવેદનો આજે પુસ્તકારૂઢ થવા પામ્યાં છે, એજ એ કથનના પુરાવા રૂપ છે, કે પત્રકારત્વમાં સ્થાન પામતું બધું લખાણ અપરિપક્વ, વગર વિચાર્યું, અતિ ઉતાવળું અને ક્ષણજીવી હોય છે એમ કહેવું સાવ સાચું નથી.

વૃત્તવિવેચનના વ્યવસાયે આપણને કેવા સમર્થ સાહિત્યકારો આપેલા છે, તેનો થોડો ખ્યાલ પત્રકારો વિષે વિચાર કરતાં આપણે લઈ લીધો છે. હાજી મહમ્મદની "વીસમી સદી", "ગુજરાતી'ની લેખક પરંપરા, "હિંદુસ્થાન" છાપાએ શોધી કાઢીને લેખનવ્યવસાયે ચઢાવેલા કલમધરો, "સૌરાષ્ટ્ર" પ્રેરિત લેખક મંડળ, "નવજીવન"નું સમર્થ વિદ્વાન મંડળ......

સાચે જ, પત્રકારત્વે આપણને નવા સર્જકો અને નવા વિવેચકો આપ્યા છે. નવા નવલકથાકારો અને નવા કવિઓ આપ્યા છે. પત્રકારત્વે એકલા લલિત વાઙ્મયને જ નહિ પણ સાહિત્યના બધા પ્રકારોને પોષી ઉત્તેજીને, જે જ્ઞાન, જે વિદ્વતા, જે કલા ચોક્કસ વર્ગના ગણ્યા ગાંઠયા લોકોના ઇજારા સમાં હતાં એને એ બંધિયારપણામાંથી મુક્ત કરીને આમ જનતા સુધી પહોંચાડયાં છે. જેમ અંગ્રેજી પત્રકારત્વે આનાતોલ ફ્રાંસ, ડિકન્સ, કિપલીંગ, એડવિન આર્નોલ્ડ, બર્નાડ શૉ, સ્કૉટ, જેમ્સ, સર હ્યુ વોલપોલ ઇ. જેવા સાહિત્યકારો આપ્યા તેમ આપણા પત્રકારત્વે આપણને જે સાહિત્યકારો અને કલાકારો આપ્યા છે એનું તો મૂલ્યાંકન જ થઇ શકે તેમ નથી. અને ત્યાર પછી પ્રસિદ્ધ પામેલા ઘણા ઓછા સાહિત્યકારો એવા હશે કે જેનો સાહિત્યવિકાસ પત્રકારત્વને આભારી ન હોય.

માનવજીવન અને માનવસ્વભાવનો સૂક્ષ્મ અભ્યાસ, તેનું તલસ્પર્શી નિરૂપણ, એ ચિરંજીવ સાહિત્યનાં અનિવાર્ય અંગ હોવાં જોઈએ, એ તો સ્વયંસિદ્ધ હકીકત છે. તે વિના ઉત્તમ સાહિત્ય સંભવે નહિ. એ નજરે જોતાં તો પત્રકારની સ્થિતિ ઘણી સંગીન કહેવાય. પત્રકાર–સાહિત્યકારને સપ્તરંગી દુનિયાનો જેટલો સ્વાનુભવ થાય છે એટલો ભાગ્યે જ નર્યા સાહિત્યકારને થાય છે. કારણ એ છે કે પત્રકાર–સાહિત્યકાર પાસે પ્રજાજીવનની બન્ને બાજુ રજૂ થાય છે. રોજેરોજની અવનવી ઘટનાઓ–કુતૂહલપ્રેરક પ્રસંગો અને રહસ્યમય બનાવોની થોકબંધ સામગ્રી પત્રકાર–સાહિત્યકારના ટેબલ પર ખડકાય છે. વ્યક્તિજીવનનું કે સમૂહજીવનનું જે રહસ્ય પામવા માટે નર્યા સાહિત્યકારને વર્ષોની રખડપાટ કરવી પડે છે તે પત્રકાર–સાહિત્યકારને તો માત્ર જગત સાથેના સતત જીવતા સંપર્કમાં રહીને એ ઘટના એ બનાવો કે એ પ્રસંગોને માનવજીવનના રહસ્યની કસોટીએ ચડાવી ને તેને સાહિત્યનો કલાદેહ જ આપવાનો રહે છે. નર્યા સાહિત્યકારના સ્વાનુભવ પાછળ નથી હોતી, તેવી વિપુલ સામગ્રી પત્રકાર–સાહિત્યકારના સ્વાનુભવ પાછળ પડેલી હોય છે.

પત્રકાર–સાહિત્યકાર કે નર્યા સાહિત્યકારના સ્વાનુભવનું આત્મસંવેદન જ્યારે પ્રકટીકરણ માગે છે, ત્યારે છ બાર માસની રાહ જોયા સિવાય તે સીધો અક્ષરદેહ જ ધારણ કરે છે; જેવી રીતે કોઈ કવિનું સંવેદન શીઘ્રતાથી કાવ્ય-દેહ ધારણ કરે છે તેવી રીતે. એટલે પત્રકાર–સાહિત્યકારની શીઘ્રલેખન શક્તિ પાછળ કે ત્વરિત ગતિએ લખાયેલા લેખનના હરકોઈ પ્રકાર પાછળ પણ રોજેરોજનો જીવંત સ્વાનુભાવ બોલી શકે છે.

ઝડપી લખાણની શક્તિ રસ્તામાં રખડતી નથી પડી, કે જેને ફાવે તે અપનાવી લે. એ તો અત્યંત પરિશ્રમ, સતત અભ્યાસ અને નિરંતર અધ્યાસનું, તાલીમનું મહામૂલું ફળ છે. એ શક્તિ જે પ્રાપ્ત ન કરી શકે, તે એ દ્રાક્ષને ખાટી ભલે કહે. પરંતુ જે હાથ

ચાખી શકે છે, તેને દ્રાક્ષના સ્વાદની પ્રતીતિ થાય છે, અને ખાટાપણાની ટીકા તેને માટે નિરર્થક થઇ પડે છે. વિચારકેન્દ્રને વફાદાર રહીને, ત્વરિત ગતિએ લખેલું જોમ ભર્યું લેખન હરકોઈ સાહિત્યકારની સર્જનશક્તિને જેમ રૂપ છે. શ્રી. મહાદેવ દેસાઇએ કહ્યું છે તેમ, અતિ વિલંબિત ગતિએ, ચીપી ચીપીને, અસ્પષ્ટપણે લખાતું અને લેખક હવામાં છે કે પૃથ્વી ઉપર તેનો મુશ્કેલીથી આભાસ આપતું લખાણ પુસ્તકાકારે ગોઠવાયેલું હોવા છતાં તે સાહિત્ય નથી. દિનરાત ભેજાંને વલોવી વલોવીને ઓછી કમાણી રળતા પત્રકારને સત્યાસત્ય તારવવાની, સાહિત્યસર્જનનો કાચો મસાલો તૈયાર કરવાની, જીવનરહસ્યની નિકટતા પામવાની, અને બહુમૂલ્ય અનુભવો મેળવવાની જે તક મળે છે, તે નર્યા સાહિત્યકારને વિરલ કિસ્સામાંજ મળે છે એમ છાતી ઠોકીને કહી શકાય. એ જ રીતે પ્રજાનું સંસ્કાર–ઘડતર ઘડવાનો, સુંદર વિચારોનો પ્રચાર કરવાનો વધુ યશ આજે પત્રકારના ફાળે જ નોંધી શકાય. એટલે પત્રોમાં આવતું અને પત્રકારોએ લખેલું બધું લખાણ વિભ્રમ ફેલાવનારૂં, આવેગીલું, ઓછા સત્વવાળું અને અલ્પજીવી છે એમ કહેવું એજ સત્વહીન, આવેગીલું અને વિભ્રમ ફેલાવનારૂં છે, એમ કહી શકાય.

પત્રકારત્વ પ્રત્યે સાવકી માતાની દૃષ્ટિએ જોવાનો મહાવરો રાખવાનો જમાનો ગયો છે, ચોક્કસ ગયો છે. હંમેશને માટે ગયો છે. જેઓ હજી એને વળગી રહેતા હોય, તે ભ્રમમાં રહે છે; તેઓ સમયની સાથે નથી; સમયના વેગ સાથે કદમ મિલાવીને આગળ વધવાની અશક્તિને લીધે પાછળ પડી ગયા છે.

ગુજરાતી સાહિત્યપરિષદે પત્રકારત્વને તેનાં સંમેલનોના એક વિભાગ તરીકે સ્થાન આપ્યું, અને ગાંધીજી સંમેલનના પ્રમુખ વરાયા ત્યારથી એ વિભ્રમનો જાહેર રીતે હ્રાસ પોકારાયો છે. પરિષદના ચૌદમા અધિવેશનના પત્રકારત્વ વિભાગના પ્રમુખના એ વિષયના ઉદ્દગાર આ રહ્યા:

"પત્રકારત્વ એ વર્તમાન યુગનું સાહિત્યક્ષેત્ર છે, એટલે સાહિત્યની પરંપરાગત વ્યાખ્યાને વિશાળ બનાવવી એ જ સુઘટિત છે. વર્તમાનપત્ર આજે શક્તિ બતાવી રહ્યું છે તેનો અસ્વીકાર થઇ શકે તેમ નથી......વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થતું ઘણું લખાણ અલ્પજીવી હોય છે એ ખરું છે. કોઇ પંડિતો એ લખાણને છાપાળવું કહે તેની ય ફીકર કરવાની જરૂર નથી, પરંતુ સાહિત્યના જુદા જુદા વાતાગમ્ય વિભાગો (વૉટર-ટાઇટ કમ્પાર્ટમેન્ટસ') જન્માવીને કોઇને સરસનીરસ કહેવાનો, તે માટે દલીલબાજી કરવાનો, પત્રકાર ઊંચો કે સાહિત્યકાર— પત્રકારમાં દૈનિકકાર મહાન કે માસિકકાર—સાહિત્યમાં ગદ્યલેખક મહાન કે પદ્યલેખક—ગદ્ય લેખકમાં મૌલિક સર્જનકાર મહાન કે વિવેચક, પદ્યલેખકમાં અર્થઘન અગેય કવિતા લેખક કવિ કહેવાય કે સરલ ગદ્ય કવિતા લખનાર, એવી એવી ચર્ચા કરવાનો કાંઇ અર્થ હોય તો પણ તેનો અંત આવે તેમ નથી. દરેક ક્ષેત્રમાં પ્રતિભાને અવકાશ છે. પ્રતિભા નિર્જીવ વસ્તુને સજીવ બનાવી શકે છે. ચિરંજીવી સાહિત્યનો લેખક એક ગ્રંથકર અને વર્તમાનપત્રોનો તેજસ્વી સંપાદક એ બેઉની તુલના કરો, અને જો બેઉની પ્રતિભાને તોળી શકાતી હોય તો બેઉનું વજન જરૂર સરખું થશે. પત્રકારત્વ સાહિત્યકારત્વ કરતાં ઊતરતું જ લેખાય એમ સાહિત્યનો પક્ષપાતી કહે અને વર્તમાનપત્રનો પક્ષપાતી સાહિત્યને ઊતરતું કહીને સૌથી પહેલો કાપ ગ્રંથ-વિવેચનના જ પાના ઉપર મૂકે, તેથી કંઈ બેઉની પ્રતિભાનાં સાચાં મૂલ્ય અંકાઇ જતાં નથી. પત્રકારત્વ સાહિત્યકારત્વ જેટલું વૃદ્ધ થયું નથી, પરંતુ જ્યારે ભાવિ ઇતિહાસકાર એ બેઉની સ્થૂળ—સૂક્ષ્મ શક્તિનો, જનતાનું ઘડતર કરવાની બેઉની કાર્યક્ષમતાનો અને બેઉની નિષ્પત્તિ પાછળ રહેલી પ્રતિભાનો તુલનાત્મક ઇતિહાસ લખશે, ત્યારે તે જરૂર ન્યાય તોળશે કે એક સાચા સાહિત્યકાર જેટલો જ મહાન એક સાચો પત્રકાર છે અને સાહિત્યવિવેચન તથા વૃત્તવિવેચન બે જોડિયા ભાઈ છે."

અને પત્રકારત્વે સાહિત્યના કયા અંગને "અછૂત" રાખ્યું છે? એનું ઉત્તમાંગ કાવ્ય કહેવાય. પરંતુ સાહિત્યના હાર્દ શી એ વસ્તુ પણ આજે પત્રકારત્વની સેવામાં સર ઝુકાવી રહી છે!

ન માની શકાય, તો વાંચો "જન્મભૂમિ"નો વૈશંપાયન. નિત્યનવલ.

ચિત્તાકર્ષક અને કાવ્યત્વથી સભરભર્યાં કાવ્યવૃત્તવિવેચનનો એ અચ્છો નમૂનો છે. સમાજના બધા થરોને એ ગમે છે, સ્પર્શે છે, મુગ્ધ કરે છે.

એને પ્રત્યક્ષ અખબારી કાવ્ય કહીએ. પરંતુ અર્ધ પરોક્ષ રીતે, અપદ્યાગદ્યના જેવા શબ્દોપ્રયોગ કરીએ તો, અપ્રત્યક્ષાપરોક્ષ રીતે પણ કવિઓ સુંદર પ્રકારે વૃત્તવિવેચન કરે છે. મેઘાણી, હંસ, કેટલેક અંશે ખબરદાર અને બીજા પણ ઘણા સમર્થ કવિવરોની ઉત્તમ કૃતિઓને વૃત્તવિવેચનના ઉત્કટ નમૂના કહેવામાં તેમની વિશિષ્ટ સ્તુતિ જ છે. કાવ્યત્વના રૂઢ અર્થમાં એ સુંદર કાવ્યો હોવા ઉપરાંત એનામાં પ્રાસંગિકતા છે, એ પ્રાસંગિક હોવા છતાં એ ચિરંજીવ સાહિત્ય છે, અને આજથી પચાસ કે સો વર્ષ પછી પણ તે આજના જેટલાં જ પ્રાસંગિક અને પ્રેરક રહેશે.

ઇકબાલ, અકબર, માધવ, મૈથિલીશરણ ગુપ્ત, વલ્લાથોલ ઇત્યાદિ અનેકાનેક શાયરોએ હિંદની બધી દેશી ભાષાઓમાં આવી પત્રકારત્વ પ્રધાન અમર સાહિત્યકૃતિઓના ચમત્કાર પૂર્યા છે. રાજકીય પરાધીનતા ભોગવતા અને સ્વમાનની ઉષા નીરખીને ઉત્તેજિત થતા જનસમાજનાં મનોમંથનો આ લાક્ષણિક અને હૃદયનાં ઉંડાણમાંથી પ્રકટતો ભાવસ્રોત છે. અને "કાવ્ય"ને તેથી વિશેષ અપેક્ષા શેની હોઇ શકે? દુનિયાના બધા પરાધીન દેશોનો એજ અનુભવ છે.

વહેતા સમયના કોઈ ચાલુ પ્રસંગને અનુલક્ષીને પત્રકાર

ખ્વાબ સે બેદાર
હોતા હૈ ઝરા મહેકૂમ અગર
ફિર સુલા દેતી હૈ ઉસકો
હુક્મારાન કી શાઇરી !

અથવા

જોશ આ જાતા હૈ આખિર
ખૂને ઇસરાઇલમેં

તોડ દેતા હે કોઇ
મુસા તિલસ્મી સમેરી !

જેવી બેતો જોડી દ્દે, તો તેની કેવી સુંદર અસર વૃત્તવિવેચનમાં થાય! નરસિંહ–મીરાનાં ભજનો, કબીર–સુરનાં વચનો અને અન્ય કાવ્ય પ્રસાદીઓને પણ વૃત્તકાર પોતાના કામે યોજે છે. ગાંધીયુગે એ વળાંકને વિશેષ વેગ આપ્યો છે, અને સૌરાષ્ટ્રશ્રેણીએ તેમાં બળ પૂર્યું છે. પત્રકારત્વે લીધેલા એ ઝોકે તેને સાહિત્યની વધારે સમીપ આણ્યું છે, એની ભેદની સીમારેખા અડધીપડધી ભૂંસી પણ નાખી છે.

મમ્મટની કાવ્યની વ્યાખ્યાકારિકા काव्यं रसात्मकं......માં હવે નવું લક્ષણ वृत्तात्मकं પણ ઉમેરવાનો સમય બહુ વેગળો ભાસતો નથી !

અને "પ્રજાબંધુ" ની પ્રસિદ્ધ સાહિત્યચર્ચા કટારો, "ગુજરાતી" ની સુંદર "સાહિત્ય પૂર્તિ" ની સળંગ શ્રેણી, "જન્મભૂમિ" ની "કલમ અને કિતાબ," તથા અન્ય વૃત્તપત્રોમાં સાહિત્ય વિવેચનના યથાશકિત થતા નિરંતર પ્રયત્નો ગુર્જરી ભાષાની સાહિત્ય તથા પત્રકારત્વ રૂપી બે ભૂજાઓની પરસ્પર ખંડનની પ્રવૃત્તિ ભૂલાવીને આત્મોન્નતિમાં એ ઉભયની સંયુકત શકિતને યોજવાના મહત્કાર્યમાં જેવી તેવી સહાય નથી આપી રહ્યા.

પ્રકરણ ૧૩

સંગઠન

"We have had conferences before—many of them conferences of great importance—at which the Prime Minister and Ministers of the Empire have met together to consult on the great matters of policy which concern the Empire......But whatever their splendour may be when they are in the ascendant, they are essentially transient bodies......while good newspapers are or should be eternal; and the power of a great newspaper, with the double function of guiding and embodying the public opinion of the province over which it exerts its influence, is immeasurably greater than of any statesman can be."

—*Lord Rosebery*

(At the Imperial Press Conference, 1909)

ઇન્ડીયન જર્નાલિસ્ટ્સ એસોસીએશનની સ્થાપના ૧૯૨૨ માં થઇ હતી. તેની વ્યવસ્થા નીચે ત્રણ અખિલ હિંદી પત્રકાર પરિષદો મળી હતી. એક ૧૯૨૨ માં કલકત્તામાં, બીજી ૧૯૩૦ માં મુંબઇમાં અને ત્રીજી ૧૯૩૫ માં કલકત્તામાં તા. ૨૨–૩–૩૬ ના રોજ સામાન્ય સભાએ મળીને તેનું 'મેમોરેન્ડમ ઓફ એસોસીએશન' મંજૂર કર્યું હતું અને

તા. ૨૧–૯–૪૦ ના દિવસે મળેલી ખાસ સામાન્ય સભામાં તેના 'આર્ટિકલ્સ ઓફ એસોસીએશન'નો સંસ્થાએ સ્વીકાર કર્યો હતો.

પહેલી પત્રકાર પરિષદના અધ્યક્ષ તે વખતના મુંબઇના દૈનિક ઇંડિયન ડેઇલી મેઇલના તંત્રી વિખ્યાત પત્રકાર શ્રી. કે. નટરાજન હતા. સંમેલનમાં આખા દેશમાંથી ૧૦૦ ઉપરાંત પ્રતિનિધિઓ આવ્યા હતા. એ વૃત્તવિવેચક સમુદાયમાં શ્રી. બિપિનચંદ્ર પાલ, શ્રી. રંગસ્વામી આયંગર (હિન્દુ), શ્રી. ટી. પ્રકાશમ (સ્વરાજ્ય), શ્રી. સૈ. અ. બ્રેલ્વી (બૉમ્બે ક્રૉનિકલ), શ્રી. રામાનંદ ચટ્ટોપાધ્યાય (મૉડર્ન રિવ્યુ) શ્રી બનારસીદાસ ચાતુર્વેદી (વિશાલ ભારત) શ્રી. ઇન્દ્રવદન ઠાકોર (પ્રજાબંધુ) ઇ. વૃત્તવિવેચનના મહારથીઓ એકત્ર થયા હતા. સંમેલનના સ્વાગતાધ્યક્ષ રામાનંદ બાબુ હતા. એ પરિષદનું મુખ્ય કાર્ય પહેલી જ વાર હિંદભરના વૃત્ત વિવેચકોને ભેગા કરવાનું, અને સર જોન સાઇમન વિ: ફ્રી પ્રેસ જર્નલવાળી ઘટનાના સંબંધમાં વિરોધ દર્શાવવાનું હતું.*

બીજી પરિષદ પત્રકારો તેમજ પત્રના માલિકોની હતી. મુંબઇમાં તા. ૧૫–૫–૩૦ ના રોજ શ્રી રંગસ્વામી આયંગરના અધ્યક્ષપણા નીચે એ મળી હતી. તેમાં હિંદી પત્રકારો ઉપરાંત કર્નલ ગિડની, મી. બાલેંટ વગેરે એંગ્લો ઇન્ડિયન પત્રકારો પણ આવ્યા હતા. એના સ્વાગતાધ્યક્ષ શ્રી. કે. નટરાજન હતા. એ અસહકારનો જમાનો; વડા હાકેમે પ્રેસ ઑર્ડિનન્સ જાહેર કર્યો હતો, એટલે એ સંમેલનનો મુખ્ય પ્રશ્ન એજ હોય એ સ્વાભાવિક છે. સ્વાગતાધ્યક્ષ તેમજ સંમેલનના અધ્યક્ષ સામે ઉગામાતાં

*સાઇમન કમિશનના હિન્દના પર્યટન વખતે 'ફ્રી પ્રેસ જર્નલે' પ્રસિદ્ધ કરેલી કેટલીક હકીકતથી સર જોન નારાજ થયા હતા, અને તેમણે એવી શર્ત મૂકી હતી કે કમિશનની કાર્યવાહીની નોંધ જેણે લેવી હોય, તે નોંધનાર રિપોર્ટર પોતે લીધેલી નોંધ સર જૉન પાસે મંજૂર કરાવ્યા વિના પ્રસિદ્ધ કરાવી શકે નહિ. પત્રકારોના સામાન્ય હક ઉપરના આ હસ્તક્ષેપ સામે પરિષદનો વિરોધ હતો.

તેમજ સખ્તાઈથી વપરાતાં ધારાનાં શસ્ત્રો અને વહીવટી કારવાઈઓ સામે ત્યાં પુણ્યપ્રકોપ હતો. પ્રેસ ઓર્ડિનન્સને લીધે, ઓર્ડિનન્સની અવગણના કરીને 'નવજીવન'ના રાહે બંધ પડેલાં કુટીબંધ પત્રો, અને અત્યંત તંગ થઈ પડેલા રાજકારણના વાતાવરણમાં તે સમયના જાહેર જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં થયેલો ઉગ્ર પ્રત્યાઘાત, એ બધું વૃત્તવિવેચકોના સંમેલનમાં સ્થાન ન પામે તો ક્યાં પામે ? આ પરિષદના પ્રમુખે અન્યાયો સામે ટક્કર ઝીલવા લડાયક તૈયારીઓ—અલબત્ત કલમની લડાઈ—માટે હાકલ પાડી હતી.

એ પરિષદના ઠરાવોના વિષયો હતા : (૧) મહાત્મા ગાંધીની ગિરફ્તારી તથા અટકાયત, (૨) રાજકીય આંદોલનમાં કેદ થયેલા પત્રકારોના જેલ જીવનની હાડમારીઓ, (૩) પ્રેસ ઓર્ડિનન્સ, (૪) એ વટહુકમનો અમલ, (૫) તેની સાથે વિરોધદર્શન માટે તા. ૨૦ તથા ૨૧ મી મે ૧૯૩૦ના રોજ પ્રત્યેક વર્તમાનપત્ર તથા એકંદર મુદ્રણની આલમની હડતાલ, (૬) ઓર્ડિનન્સનો શિકાર બનેલા પત્રોને સલાહ, અને (૭) અન્યાયી કાયદા તથા દમનનીતિનો મુકાબલો કરવા પ્રવૃત્તિ સમિતિની સ્થાપના.

ત્રીજી પરિષદ ફરીથી કલકત્તામાં ૧૯૩૫ માં મળી હતી. તેના અધ્યક્ષ શ્રી. સી. વાય ચિન્તામણી હતા. સ્વાગતાધ્યક્ષ શ્રી. મૃણાલ કાન્તિ બોઝ હતા. પરિષદનો કાર્યારંભ શ્રી. રામાનંદ બાબુએ કર્યો હતો. તેના પણ પ્રધાનસૂર આતતાયી કાયદા, વહીવટી વટહુકમો અને એકંદર સરકારની વિરોધવૃત્તિ સામે હિંદી પત્રકારત્વના સંરક્ષણનો અને સ્વાભાવિક હકોની પ્રાપ્તિ માટે ધોરણસરની લડતનો જ હતો. આ પરિષદમાં પહેલી વાર દેશી રાજ્યોના પત્રકારત્વનો ઉલ્લેખ થયેલો જોવામાં આવે છે. એક ઠરાવમાં દેશી રાજાઓને આગ્રહ કરવામાં આવ્યો હતો કે તેમણે પોતપોતાની હદમાં વૃત્તવિવેચનની નિર્બન્ધતા સ્વીકારવી. ચોથી પરિષદ લાહોરમાં ભરવાનું ઠરાવીને એ પરિષદ વિખરાઈ હતી.

આ ત્રીજા સંમેલન સાથે પત્રપ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું. એ પ્રકારનું હિંદમાં એ પહેલું જ સાહસ હતું એમ માની શકાય. એ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન શ્રી. શરચ્ચંદ્ર બોઝે કર્યું હતું.

અને આ મહત્વના સંમેલનની વિશિષ્ટતા એ હતી કે તેમાં એક પણ ગુજરાતી નહોતો, તેમ પ્રદર્શનમાં એક પણ ગુજરાતી પત્ર નહોતું!

મુંબઈમાં તા. ૧૫-૫-૧૯૩૦ ના દિવસે કાવસજી જહાંગીર હોલમાં મળેલી ઓલ ઇન્ડિયા જર્નાલિસ્ટ્સ એન્ડ પ્રેસ ઓનર્સ કૉન્ફરન્સના પ્રમુખપદેથી "હિંદુ"ના તેજસ્વી તંત્રી શ્રી. એ. રંગસ્વામી આયંગરે એલાન કર્યું હતું:

Bureaucracies like the Bourbons neither learn nor unlearn. The same mentality that prompted the enactment of the Vernacular Press Act more than fifty years ago subsists with the same vigour today in Simla and in Whitehall unaffected by all the talks about Parliamentary institutions and Dominion status The same oversensitiveness of the bureaucracy to criticism which Sir William Muir, Sir Erskine Perry and Col. Yule of the India Council in 1878 described as being responsible for that Act, the same clamour of the European community in India, the same differentiation between European and Indian sections of the Press that dominated the mind of the Governmnt fifty years ago dominate it today, unimpaired. And unless we journalists make up our minds to organise and effectively resist this perpetual tendency of bureaucracies to muzzle the Press, the future of civil liberties, nay of popular freedom in India would be black indeed.

(નોકરશાહીઓ કશું શીખી શકતી નથી તેમ ભૂલી પણ શકતી નથી.

પચાસ વર્ષ ઉપર વર્નાક્યુલર પ્રેસ એક્ટ કાઢવાની પ્રેરણા કરનારી એની એ મનોવૃત્તિ આજે પણ સિમલા અને વ્હાઇટહૉલમાં એટલા જ જોરશોરથી જીવંત છે, અને પાર્લમેન્ટની ઢબની સંસ્થાઓ કે સાંસ્થાનિક દરજ્જાની વાતોની તેના ઉપર કશી અસર થતી નથી. ૧૮૭૮માં એ કાયદા માટે, ટીકા પરત્વેની નોકરશાહીની જે આત્યંતિક અસહિષ્ણુતાને ઇન્ડિયા કાઉન્સિલવાળા સર વિલિયમ મ્યુર, સર અર્સ્કિન પેરી અને કર્નલ યુલે જવાબદાર હોવાનું જાહેર કર્યું હતું તેજ, હિંદની યૂરોપીયન કોમનો એજ કક્ળાટ, પચાસ વર્ષ પહેલાં સરકારના ચિત્ત ઉપર પ્રભુત્વ જમાવી રહેલો છાપાંના યૂરોપીયન અને દેશી વિભાગો વચ્ચેનો એનો એ ભેદભાવ આજે પણ જેવો ને તેવો તેના ઉપર સ્વામિત્વ જમાવી રહેલો છે. અને વૃત્તપત્રોને મોઢે તાળાં દેવાની નોકરશાહીઓની આ નિરંતર વૃત્તિનો સામનો કરવા માટે આપણે પત્રકારો નિશ્ચયી બનીશું નહિ તો નાગરિક છુટાપણાનું, બલ્કે હિંદમાં પ્રજાકીય સ્વાતંત્ર્યનું પણ ભાવિ સાચે જ કાળું છે.)

શ્રી અયંગરને જે ૧૮૭૮ની સ્થિતિ ૧૯૩૦ માં જેવી ને તેવી અફર રહેલી દેખાઇ, તે સ્થિતિ એ પ્રતાપી પત્રકારના બુદ્ધિમાન અનુગામી શ્રી. કે. શ્રીનિવાસને તેમના પછી દસ વર્ષે પણ તેવી જ અફર અને અટલ રહેલી દીઠી; અને સાચા, કર્તવ્યપરાયણ પત્રકારની દીર્ઘદૃષ્ટિથી જે ભયની ભવિતવ્યતા પરત્વે શ્રી. અયંગરે ભવિષ્ય ભાખ્યું હતું, તેને અનુરૂપ સંજોગો ઉપસ્થિત થતાં એ વિલક્ષણ મુત્સદી તંત્રીએ ચીંધેલો ઇલાજ અજમાવવાનું બીડું ઝડપીને શ્રી. શ્રીનિવાસન પત્રકારોનું સંગઠન જમાવી ૧૯૪૨ના વિકટ સંજોગોમાં પણ રાજસત્તાનાં આકરાં આક્રમણો સામે પત્રકારત્વની સંરક્ષક કિલ્લેબંદીઓ રચવાના પ્રયત્નો કરી રહેલા જોવામાં આવ્યા.

૧૯૪૪ના જાન્યુઆરી મહિનામાં ઑલ ઇન્ડિયા એડિટર્સ કૉન્ફરન્સનું અત્યાર સુધીનું છેલ્લામાં છેલ્લું અધિવેશન મદ્રાસમાં "બૉમ્બે ક્રૉનિકલ" ના તંત્રી શ્રી. સૈયદ અબ્દુલ્લા બ્રેલ્વીના અધ્યક્ષપણા નીચે મળ્યું હતું, ને ત્રણ વર્ષના સંચાલન પછી આ તંત્રી પરિષદની બાગડોર "હિંદુ"

ના તંત્રી શ્રી. કે. શ્રીનિવાસને શ્રી. એલ્વીના હાથમાં સોંપી હતી. આ સંસ્થાની ત્રણ વર્ષની કારકિર્દીએ હિંદની પત્રકારદુનિયા ઉપર એટલી પ્રબળ અસર કરી છે, કે એનું સ્થાન પત્રકારત્વના ઇતિહાસમાં અવશ્ય મહત્વનું પ્રકરણ રોકશે.

હિંદ સરકારની દમનમૂલક નીતિ સામે વિરોધ દર્શાવવા હિંદનાં વૃત્તપત્રોના તંત્રીઓ ૧૯૪૦ના નવેંબર મહિનામાં નવી દીલ્લીમાં ભેગા થયા ત્યારે કોઇને કલ્પના સરખી નહોતી કે એ આકસ્મિક શંભુમેળામાંથી આવી સબળ સંસ્થાનું કલેવર ઘડાશે. એ તંત્રીઓમાં પરસ્પર મેળ ન હોતો; બધાને એકત્ર રાખી શકે એવાં કોઇ સામાન્ય તથા સર્વ સામાન્ય પ્રબળ તત્વ ન હોતું. મહાદેવ દેસાઇ, ને સર ફ્રાન્સિસ લો; દેવદાસ ગાંધી, ને "પાયોનિયર"ના મી. કેટલી...એવાં આત્યંતિક પરસ્પર વિરોધી તત્વોનો તાલ મેળવવાનો હતો, એક મિશ્રણ કરવાનું હતું! એ મિશ્રણ તેલ પાણી જેવાંજ હોય; સાકરદૂધ જેવાં કેવી રીતે સંભવે ? એ પ્રથમ મિલનમાં માત્ર મી. આર્થર મૂર હાજર હતા. એંગ્લો ઇન્ડિયા અને આર્થર મૂર વચ્ચે કેટલોક સમય થયાં વૈમનસ્ય વધતું હતું તે કારણે બીજા એંગ્લો ઇન્ડિયન પત્રકારો તો પછીથી આવ્યા.

જે વટહુકમ સામે વિરોધ પ્રકટ કરવા આ ગૃહસ્થો એકત્ર થયા હતા તે સરકારે રદ કર્યો, એટલે એ સભાની હસ્તીનું ખાસ કારણ રહ્યું ન કહેવાય. પરંતુ બનવાકાળ તે જોગાનજોગ થઇ ગયો, ને તંત્રીપરિષદ જામી પડી. તંત્રીઓને પોતાની ડામાડોળ પરિસ્થિતિનું તીવ્ર ભાન થયું હતું. વાતવાતમાંથી વાત નીકળી, કે એમને એમ વીખરાઇ ન જતાં એક સ્થાયી સમિતિ સ્થાપવી, ને છાપાંનાં હિતોની ચિંતા કરવાનું કામ એને સોંપવું. આ સમિતિએ નીરાંતે વિચાર કરીને બે ઠરાવ કર્યા—એક પરિષદની સ્થાપના કરવાનો અને બીજો સમિતિનું એ પરિષદની કારોબારીમાં રૂપાન્તર કરવાનો. પ્રમુખ તો "હિંદુ" વાળા શ્રી. કે. શ્રીનિવાસન હતા જ.

આ કક્ષાએ પણ એ સમિતિના ગૃહસ્થોને બરાબર ખ્યાલ નહોતો કે એમના પ્રયાસો કેવાં શુભ પરિણામ તરફ ગતિ કરી રહ્યા છે. એ સમિતિએ પ્રમુખહસ્તક નીમાયેલા વધારાના સભાસદો સાથે મળીને પહેલી પરિષદ ભરી. તે થોડી મિનિટ જ ચાલી હતી. એણે સમિતિના ઠરાવોને સ્વીકારીને કામ પતાવ્યું. ત્યાર પછી કેટલાયે મતભેદો પડયા. પરંતુ શ્રી. શ્રીનિવાસનની કાર્ય પરાયણતા તથા કુશળતાના ફલસ્વરૂપે સમગ્ર હિંદના પત્રકારત્વનું એકંદર પ્રતિનિધિત્વ કરવાનો સકારણ દાવો કરનારી પરિષદ અસ્તિત્વમાં આવી. એ ૧૯૪૪ની હકીકત છે. એ મતભેદના પ્રશ્નોને બાજુએ મૂકીને, વૃત્તવ્યવસાયનાં હિતોના સંરક્ષણ સાથેજ નિસ્બત રાખવાની અત્યારની સવિશેષ આવશ્યકતા એના પરસ્પરવિરોધી સભાસદોને એક માળામાં ગુંથી રાખનાર સૂત્ર બની રહી છે. એ સૂત્ર બહુ નાજૂક છે. એને તૂટતાં વાર ન લાગે. અને એને તોડે એવા સંજોગો વારંવાર ઉભા થયા જ કરવાના.

આમ હિંદના પત્રકારત્વના બધા વાડા ભેગા થયા છે. એ જમેલો સ્ફોટક દારૂના સંગ્રહ જેવો દેખાય છે. એમાં ભડકો કરવો એ રમત વાત છે. આ સંસ્થાનું ભવિષ્ય આખો દેશ ખૂબ જ ચિંતા અને આશાથી નીહાળતો હતો કેમકે ત્યાર સુધી પત્રવ્યવસાયને સુવ્યવસ્થિત તથા સંગઠિત કરવાના બધા પ્રયત્નોનો એ પરિષદ પરિપાક હતી. પરિષદે ત્યાર સુધી જે કર્યું તેના કરતાં હવે પછી એ શું કરશે—કરી શકશે એ પ્રશ્ન બધા જવાબદાર પત્રકારો માટે સશંક આશાનો વિષય બની રહેલો છે.

પ્રકરણ ૧૪

છાપાંલક્ષી કાયદા

"Freedom may sometimes degenerate into irresponsibility, but our experience shows that in this centrifugal machine of publicity everything false, insincere and untruthful is sooner or later thrown out and only what is sound, honest and sensible remains......If the public are not allowed to know the facts but are only allowed to hear what their rulers choose them to hear, that people is in danger of being led to march on a course which may presently lead it to disaster........ Free speech and a free Press are great educations as well as great guardians of a people's liberty. Long may we retain them in this country for the benefit of ourselves and to be an example to the rest of the world."

—*Neville Chamberlain.*

વૃત્તપત્રોને અનુલક્ષીને ઘડવામાં આવેલા ધારાધોરણોના વિકાસનો ઉપલક પરિચય આપણે ખંડ ૨માં કરી ચૂકયા છીએ. ૧૯૪૧–૪૨માં આ ક્ષેત્ર ઉપર પ્રત્યક્ષ તથા પરોક્ષ પણ અસર કરનારા કયા મહત્વના ધારાધોરણો અમલમાં છે, તેનું અહીં જરા અવલોકન કરીએ.

છાપાંલક્ષી કાયદા

બીજા મહાયુદ્ધે ઊભી કરેલી વસ્તુસ્થિતિ તથા તેની ખાસ જરૂરતો અંગે ઉપસ્થિત થયેલી નિબંધ નિયમોની આવલીઓની ચર્ચા અહીં થઈ શકે નહિ; કેમકે તેમાં તો સ્થળ, સમય અને સંજોગ પ્રમાણે ફેરફાર અને વધઘટ થતાં રહે છે. પરંતુ જેનું ધારાપોથી ઉપર કાયમી સ્થાન છે, તેવા નિબંધ નિયમોના વૃત્તપત્રોને સંબંધકરતા પ્રમાણુમાં, પરિચય પૂરતું, આ અવલોકનને મર્યાદિત રાખવું પડશે.

જેને "ગાંધીયુગ" તરીકે સામાન્ય રીતે ઓળખવામાં આવે છે તે ૧૯૨૦થી શરૂ થયેલા લેખાતા ચાલુ સમયમાં, જેને છાપાંની બાલબત્તીઓ કરી શકાય તથા પ્રત્યેક હિંદી વૃત્તકારે જેને સતત નજર સામે રાખીને ચાલવું જરૂરી ગણાય, તેવા ધારાધોરણોમાંના ખાસ મહત્વના આ રહ્યાઃ

૧. પ્રેસ ઍન્ડ રજીસ્ટ્રેશન ઓફ બુક્સ ઍક્ટ ૧૮૬૭

૨. ઇન્ડિયન પીનલ કોડની કલમો

   (૧) ૧૨૪ એ

   (૨) ૧૫૩ એ

   (૩) ૪૯૯, અને

   (૪) ૫૦૦

૩. ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૧૦૮

૪. પોસ્ટ આફિસ ઍક્ટ

૫. કોપીરાઇટ ઍક્ટ

૬. લૉ ઓફ ટોર્ટ્સ

૭. કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ્સ ઍક્ટ, ૧૯૨૬

૮. ઇન્ડિયન પ્રેસ(ઇમર્જન્સી પાવર્સ) ઍક્ટ, ૧૯૩૧

૯. ફોરેઇન રિલેશન્સ ઍક્ટ, ૧૯૩૨

૧૦. ઇન્ડિયન સ્ટેટસ (પ્રોટેક્શન) એક્ટ ૧૯૩૪

૧૧. બેંગોલ ક્રિમિનલ લૉ (એમેન્ડમેન્ટ) એક્ટ

૧૨. ડિફેન્સ ઑફ ઇન્ડિયા એક્ટ

વૃત્તપત્રોને જેનાથી સંભાળીને ચાલવાનું છે–રેલ્વેના ડબ્બાઓમાં મારેલાં પાટીયાંની ભાષામાં કહીએ તો કાબિલ તવજ્જુહ ઇત્તલા, કે ચોરા પાસુન સાવધ રહો–તે જોખમોમાંનો મુખ્ય આને કહી શકાય. એમાંનાં કેટલાંક સીધી રીતે છાપાં અર્થે જ સર્જાયેલાં છે, અને કેટલાકની ઝપટ આડકતરી આવે તેવી છે.

ટૂંકામાં, વકીલાત કે "એક્સપર્ટ" ની ભાષા છોડીને, સાદા શબ્દોમાં વૃત્તપત્રોના આ મિત્રોનો પરિચય આપણે કરી લઇએ.

પ્રેસ ઍન્ડ રજીસ્ટ્રેશન ઍક્ટ અનુસાર, દરેક છાપખાનાના "કીપરે" યોગ્ય અધિકારવાળા ન્યાયાધીશ સમક્ષ એવી મતલબનું નિવેદન નોંધાવવું પડે છે કે અમુક સ્થળે મારૂં મુદ્રણ માટેનું છાપખાનું આવેલું છે તે ઉપરાંત પ્રત્યેક મુદ્રક તથા પ્રકાશકે યોગ્ય સત્તાધિકારી સમક્ષ હાજર થઇને એવી મતલબની હકીકત પોતાના સહિ સિક્કા સહિત નોંધાવવી પડે છે કે અમુક સ્થળે આવેલા અમુક છાપખાનાનો હું મુદ્રક અગર પ્રકાશક અથવા ઉભય છું. છાપખાનાનું સ્થળાંતર થતાં આવી નોંધણી નવેસર કરવાની રહે છે. મુદ્રક કે પ્રકાશક બ્રિટિશ હિંદની બહાર જાય ત્યારે પણ નવું નિવેદન નોંધાવવું પડે. આ કાયદા મુજબ પ્રત્યેક વૃત્તપત્રના પ્રત્યેક અંકમાં સુવાચ્ય બીબાં વડે છાપખાના, મુદ્રક તથા પ્રકાશકનાં નામઠામ પ્રસિદ્ધ કરવાનું ફરજિયાત છે. પ્રત્યેક અંકની બબ્બે નકલો, છાપું છપાય કે તરત બનતી ત્વરાએ, ન્યાયાધીશી તેમજ પોલીસ ખાતાના નિરીક્ષણ માટે સરકારમાં મોકલવાની પ્રત્યેક મુદ્રકની ફરજ છે.

છાપાંબદનક્ષી કાયદા

છાપખાનાના "કીપર" (સંરક્ષક) મુદ્રક કે પ્રકાશક થવાની પાત્રતા વિષે પણ અમુક નિયમો ઠરેલા છે.

ઇન્ડિયન પીનલ કોડની કલમ ૧૨૪–એ અર્થાત ફિતુર કલમ હિંદના વૃત્તવિવેચનના અને એકંદર જાહેર રાજકારણી આંદોલનના ઇતિહાસમાં વધારેમાં વધારે જાણીતી તથા અનુભવાયેલી દંડદાત્રી બલા છે. એમાં ઘડવામાં આવેલી ફિતુરની વ્યાખ્યામાં શેનો અને કોનો સમાવેશ થાય છે, એ પ્રશ્ન અસ્થાને છે; પૂછવા જેવો પ્રશ્ન તો એ છે કે તેમાં શેનો અને કોનો સમાવેશ ન થઇ શકે. આ સમસ્યાનો ઉકેલ હજી સુધી કોઇ પત્રકારત્વને લાધ્યો જાણ્યામાં નથી.

૪૯૯–૫૦૦ (ઇંડિયન પીનલ કોડ) કલમ છાપાં સામે બદનક્ષીની તરવાર ઉગામી રહી છે. પ્રત્યેક વૃત્તવિવેચકે એનાથી ડગલે ને પગલે સંભાળીને ચાલવું પડે છે. વૃત્તવિવેચનની લપસણી ભોંય ઉપર વિચરનાર મુસાફર જરા ગાફેલ રહ્યો, જરા સરખો પણ એનો પગ સરકયો, કે એનાં હાડકાં પાંસળાંની સલામતી જોખમાઇ જ સમજવી. હિંદી માલિકીનાં મોટાં છાપાંમાં "બોમ્બે ક્રોનિકલ" એનો ઐતિહાસિક દાખલો પૂરો પાડે છે. ઉપરા છાપરી થયેલા બદનક્ષીઓના દાવાઓમાં દોષિત ઠરીને ગજા ઉપરાંતની રકમો ભરવા છતાં પણ એ છાપું જીવતું રહ્યું, એ હકીકત હિંદનાં વૃત્તપત્રોની વિસ્મયકારક તવારિખની પણ વિશેષ વિસ્મયકારક ઘટના છે. આ કલમ અન્વયે થતા અપરાધ બદલ સજા બે વર્ષની કેદ અથવા દંડ અગર ઉભયની પણ થઇ શકે છે.

બદનક્ષી અંગેના દીવાની મુકદ્દમાના માર્ગદર્શન માટે ચોક્કસ ઘડાએલો ખાસ કાયદો નથી. પરંતુ ચાલી ગયેલા મુકદ્દમાઓમાં અપાયેલા ચુકાદાઓ વડે નક્કી થવા પામેલાં ધોરણોના રાહે ન્યાયાધીશોએ પોતાનું ઇન્સાફી કામ કરવાનું રહે છે. બદનક્ષીનું ક્ષેત્ર વિશાળ, વિવિધ અને વિચિત્ર છે. કોઇ સ્ત્રીને અમુક દિવસે બાળક અવતર્યું

હોવાની હકીકત પ્રસિદ્ધ કરવામાં આવે, અને એ તારીખ એ બાઇના લગ્ન પછી બે–ચાર મહિનામાં જ પડતી હોય, તો એ લખાણથી બદનક્ષી થાય. કોઇ પણ વેપારીના સદ્ધરપણા વિષે સંદેહસૂચક ઇશારો કરવામાં પણ એ અપરાધ થઈ જાય. થોડાં વર્ષ ઉપર એક વર્તમાનપત્રમાં એવી બાબત પ્રકટ થઇ હતી કે વરસ દિવસ થયાં વૈધવ્ય પામેલી અમુક સ્ત્રીને વળી પાછી બાબાગાડી વસાવવાની જરૂર પડી છે. આ લખાણમાંથી ઉપસ્થિત થયેલી બદનક્ષીની ફરિયાદે એ પત્ર પાસેથી નુકશાનીની ભારે રકમ ખંખેરી કાઢી હતી.

સુધરાઇનો અમુક કારભારી કે સભાસદ કર ભરનારાઓના હિસાબે અને જોખમે પોતાના રહેઠાણવાળા મહોલ્લામાં સડક પાકી કરાવે છે, જ્યારે તેની આસપાસની બિસ્માર સડકોની કોઇને પડી નથી, એમ કહેવામાં પાકું જોખમ છે. કોઇ કંપનીનો માણસ એ કંપનીની વ્યવસ્થામાં અપ્રમાણિક છે એમ છાપવું અગર તેની દાનત વિષે શંકા સરખી જાહેર કરવી, એ બદનક્ષીભર્યું વર્તન છે.

આ કાયદાની દૃષ્ટિએ, કોઇ પણ સામાન્ય પ્રજાજન કરતાં પત્રકાર જરા પણ ઓછો સજાપાત્ર નથી ગણાતો. બલકે, તેને માટે એ કાયદામાં ખાસ જોખમ રહેલ છે.

જોખમી વિધાન કરવાની લાલચને રોકી નહિ શકવાથી "કહેવાતા," "કરતા હોવાનું કહે છે," "મળેલી માહિતી મુજબ" ઇ. શબ્દપ્રયોગો અથવા પ્રશ્નાર્થચિહ્નના ઉપયોગની તરકીબથી પણ પત્રકારને આ કાયદા સામે કશું રક્ષણ મળી શકતું નથી. "પત્નીનું કરેલું કહેવાતું ખૂન," "લીધેલી કહેવાતી લાંચ," "જાણીતા વેપારીની ડામાડોળ સ્થિતિ ?"– એવી એવી ચાલાકીઓ કાયદાની નજરે નિરર્થક છે. પરંતુ પ્રમાણિક શંકા દર્શાવવા માટે એ પ્રયોગોનો ઉપયોગ થાય એ સમજી શકાય તેવું છે.

આ 'કહેવાતા' શબ્દ રૂપી કહેવાતી છટકબારીના ઉપયોગની અતિશયતા સંબંધે કોઇ કોઈવાર રમુજી પ્રસંગો પણ ઉપસ્થિત થાય છે. તેનું એક દૃષ્ટાંત શ્રી. ચંદ્રકાંત સુતરીયાએ 'રિપોર્ટિંગ વિષે જાણવા જોગ' શીર્ષક નીચે 'બે ઘડી મોજ'ના ૧૯૨૭ના પત્રકાર પરિષદ અંકમાં આપ્યું છે કે :

"ગીરગામની કહેવાતી પોલીસ કોર્ટના કહેવાતા માજિસ્ટ્રેટ મી. મહેતા સમક્ષ કહેવાતા આરોપી ઓઘડભાઇને કહેવાતી ગાળ દેવા માટે ઊભો કર્યો હતો. કહેવાતા સાક્ષી' ઇ. ઇ.'

તા. ૧–૫–૪૩ના "સંદેશ"માં સાવચેતીભર્યા સમાચાર પ્રસિદ્ધ થયા હતા કે 'અહિંના જાણીતા દરજી...ના દીકરા...એ તેમના વેવાઇ...નું કહેવાતું ખૂન કર્યું છે !'

વળી કોઇ પણ લોકસમુદાયના ધર્મમાં માનનીય મનાયેલી કોઇ પણ વ્યક્તિની નિંદા કરવામાં રહેલી કાયદાની ચુંગાલમાં ફસાઇ પડવાના જોખમનો ખ્યાલ "રંગીલા રસુલ" વાળા અને તેવા બીજા અનેક ખટલા ઉપરથી સહુ કોઇને આવી શકે છે. આજની આળી થઇ ગયેલી લાગણીઓના જમાનામાં પ્રત્યેક પત્રકારે પીનલ કોડની ૧૫૩–એ કલમનું એ ક્ષેત્ર પણ બહુ સંભાળીને ખેડવાનું રહે છે. રંગૂનમાં ૧૯૩૯માં થયેલા ગંભીર બર્મીઝ–મુસ્લિમ હુલ્લડ અને તેની કતલખોરીનું મૂળ કોઇ ગામડામાં કોઇ મુસ્લિમ મોલવીએ ધૂળ જેવી કોઈ અંગત ચર્ચામાં બુદ્ધની કરેલી–કે કરેલી કહેવાતી ?–નિંદામાં હતું. એ ક્ષુદ્ર ચર્ચાનો કોઇ નવરા ભિખ્ખુએ ઉત્તર આપ્યો, અને એ નજીવા કલહને રંગૂનનાં પત્રોએ જાહેરાત આપી. તેમાંથી હિંદી મુસ્લિમો સામે જે ભયંકર કોપ-જવાળા ભભુકી ઊઠી, તેણે હજારો આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષોને ભરખી લીધાં. આ બાબત અદાલતે ચડી જ હતી અને મજકુર મોલવીને અદાલત તરફથી સજા પણ થઇ હતી, પરંતુ એ વસ્તુ બાજુ ઉપર જ રહી ગઈ હતી.

આ વિશાળ કાયદા રૂપી હાથીના પગલામાં બીજા ઘણાખરા કાયદાઓ ઓછાવત્તા સમાઈ જાય છે.

ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૧૦૮, તે જાણીતો "સિક્યુરિટી સેકશન" ઇન્ડિયન પીનલ કોડની ૧૫૩–એ કલમમાં વર્ણવેલા અપરાધ કરે તેવાં, અગર કોઇ પણ ન્યાયાધીશની બદનક્ષી કરે તથા તેને દમદાટી આપવા જેવું લાગે તેવાં લખાણોનો પ્રચાર કરવાનો જેના પરત્વે ભય સેવવામાં આવતો હોય, તેવાં છાપાં અગર તેના પદાધિકારીઓ પાસેથી અમુક અમાનતની રકમ લઇ રાખવાનો હુકમ ન્યાયાધીશ એ કલમને આધારે ફરમાવી શકે છે એ પ્રમાણે લેવામાં આવેલી રકમ સારી ચાલના જામીન રૂપે રહે, અને રાજસત્તાને યોગ્ય કારણ લાગે ત્યારે અને તે પ્રમાણે તેને અંશતઃ અગર પૂર્ણપણે જપ્ત કરી શકાય છે, અને જમાનતની રકમમાં વધારો પણ માગી શકાય છે. આ વિધિનો અનુભવ કયા રાષ્ટ્રવાદી પત્રને થવો બાકી રહ્યો હશે?

રાજસત્તાને વાંધાભર્યાં લાગતાં અમુક પ્રકારનાં લખાણોવાળાં વૃત્તપત્રોને અથવા તેની અમુક નકલોને જપ્ત કરવાની સવડ પોસ્ટ ઑફિસ ઍક્ટમાં રાખવામાં આવેલી છે. વળી સસ્તા ટપાલના દરનો લાભ લેવા માટે પોસ્ટ ઑફિસમાં પ્રત્યેક સામયિકે અરજી કરી ને પોતાની નોંધણી કરાવવી પડે છે. એ નોંધણી કોઇ પણ કારણસર રદ થાય, તો વૃત્તપત્રને ભોગ ભારે થઇ પડે. તેથી એવો પ્રસંગ ન બને તે માટે પત્રોના સંચાલકોએ સારી રીતે સાવધ રહેવું પડે છે.

કૉપીરાઇટના કાયદાથી લેખકો અને પ્રકાશકોને તેમના પરિશ્રમનાં ફળ બીજો કોઈ ભોગવી જાય તે સામે રક્ષણ મળે છે. એનો લાભ મુખ્યત્વે ગ્રંથકારો, ગ્રંથપ્રકાશકો-અને ગ્રામોફોનની રેકર્ડ ઉતરાવનારાઓને પણ મળે છે.

કૉપીરાઇટના હકથી ચેતવાનું ક્ષેત્ર પત્રકાર માટે વિશેષતઃ રોઇટર, "એ.પી." અને "બી. બી. સી." અથવા "એ. આઇ. આર."નું છે. એમના

તરફથી પૂરા પાડવામાં આવતા સમાચાર આ કાયદા વડે સુરક્ષિત છે, અને તેમાં હસ્તક્ષેપ કર્યા બદલ જે તે સમાચાર પ્રસારક સંસ્થાઓએ વર્તમાનપત્રોને અદાલતે ખેંચ્યાનાં ઉદાહરણો બને છે પણ ખરાં. પરંતુ મોટે ભાગે એવી ઉઠાઉગીરી કરતાં પત્રો અલ્પ અને ઉપેક્ષણીય હોય તેનો ઉહાપોહ બહુ થવા પામતો નથી. આ ઉપરાંત "ટાઇમ્સ", "સ્ટેટસમન" "હિંદુ" ઇ મોટાં છાપાંમાં ખાસ લેખો પણ છપાય છે, જેમાંના કેટલાક આ કાયદાનું કવચ ધારણ કરે છે અને તેનો પૂરો કે અંશતઃ ઉપયોગ પણ રજા વિના કરવામાં દંડપાત્રતા રહે છે,

દીવાની અદાલતો સફળ ફરિયાદીને બદનક્ષી બદલની નુકશાની લૉ ઓફ ટ્રૉર્ટ્સને આધારે અપાવી શકે છે.

કંટેમ્પ્ટ ઑફ કોર્ટ—અદાલતની અવહેલનાને દંડવાનો કાયદો પ્રત્યેક પત્રકારને ચેતવણી આપે છે કે ન્યાયવિતરણના સરકારી કારભારમા કોઇએ પણ એવા કોઇ પણ વચન કે વર્તનથી દખલગીરી કરવી નહિ કે જેને લીધે એ કારભાર પ્રત્યે લોકોમાં તિરસ્કારની ભાવના પ્રગટવાને અવકાશ મળે. અદાલતની નિંદા, મુકર્દમાના પક્ષકારો વિષે અપશબ્દોનો ઉપયોગ અગર મુકર્દમાનો નિકાલ થતાં પહેલાં કોઇ પણ પક્ષની તરફેણ કે વિરુદ્ધમાં લોકોના ચિત્તમાં પક્ષપાત ઉત્પન્ન કરે તેવું લખાણ કરવાથી ઉપર્યુક્ત "તિરસ્કાર" પ્રકટવા પામે છે.

ઈ. સ. ૧૯૦૦ માં લૉર્ડ ચીફ જસ્ટીસ રસેલે આ કાયદાની નીચે પ્રમાણે સમજુતી આપી હતી:

"જેનાથી ન્યાયાધીશો અગર ન્યાયાધીશ પ્રત્યે તિરસ્કાર પ્રગટવાનો, અથવા તેના સત્તાધિકારને હલકો પાડવાનો, અથવા ન્યાયના ધોરણસરના ક્રમમા કે ન્યાયાધીશીના કાયદેસરના ચિરસ્તામાં દખલગીરી થવાનો સંભવ હોય, તેવું કોઇ પણ કાર્ય કરવામાં અથવા લખાણ પ્રસિદ્ધ કરવામા આવે, તે અદાલતની અવહેલના કહેવાય."

આ વર્ણન અત્યારે પણ ૧૯૦૦ના સમય જેટલું જ પ્રસ્તુત અને અર્થસૂચક છે; પ્રત્યેક વૃત્તવિવેચકે એ વ્યાખ્યાને લક્ષમાં રાખવી પડે છે. ૧૯૪૧ની સાલે "હિંદુસ્તાન ટાઇમ્સ"ના તંત્રી શ્રી. દેવદાસ ગાંધી, તેના મુદ્રક તથા વાંધાભર્યા ગણાયેલા લખાણના લેખક ખબરપત્રી ઉપર ચાલેલો પ્રખ્યાત મુકદ્દમો તથા તેનો આવેલો પત્રકારોના સમાજ માટે ગૌરવભર્યો અંજામ આ કથનની સચોટ સાબીતી આપે છે. તે ઉપરાંત બીજા પણ જોઇએ તેટલા દાખલા છાપાંની તવારીખ પૂરા પાડે તેમ છે, એટલું જ નહિ પણ એવી ઘટનાઓ હાલના સંજોગોમાં ચાલુ ઇતિહાસ રૂપે બન્યા જ કરે છે.

બીજા બધા કાયદાઓ પરત્વે તેમ આ કાયદા વિષે પણ તેના સમર્થનમાં એટલું જ કહી શકાય એમ છે કે એનો મૂળ હેતુ ન્યાયશાસનના સ્રોતને નિર્મળ, અસ્ખલિત તથા નિર્બન્ધ રાખવાનો અને જનસમાજનાં હિતોનું જતન કરવાનો હશે જ. પરંતુ અપૂર્ણતાઓથી ભરેલા માનવીઓને હાથે તેની અમલબજવણી થવી સર્જાએલી હોવાથી એ હેતુની જાળવણી તેમજ તે જાળવણી માટેની પદ્ધતિ જે તે કર્મચારીની પ્રકૃતિ ઉપર અવલંબે છે, અને મનુષ્યસહજ પૂર્વગ્રહો તથા પક્ષપાતોના હાથે રંગાય છે.

૧૯૨૬ ના 'કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટસ એૅક્ટ'ની ખૂબી એ છે કે તેમાં 'અદાલતની અવહેલના'ની વ્યાખ્યા જ આપેલી નથી, અને અવહેલના થઇ કે ન થઇ, અને થઇ તો કેવી રીતે, એ બધાનું નિરાકરણ ન્યાયાધીશની મુન્સફી ઉપર છોડવામાં આવેલું છે. એટલે કે તેમાં ગુનાની વ્યાખ્યા નથી, પરંતુ તે ગુનાની શિક્ષા સંબંધે તો તેમાં રજમાત્ર સંદિગ્ધતા રાખવામાં આવી નથી. ગુનો સાબીત થાય તો ૭ મહિના સુધીની સાદી કેદ અથવા બે હજાર રુપિયાથી ઓછો નહિ તેટલો દંડ, અથવા ઉભય—એ સજા આ કાયદામાં સ્પષ્ટ વિદિત છે.

આ કાયદાના અમલનો વૃત્તપત્રોના ઇતિહાસમાં મહત્વનો દાખલો સર સુરેન્દ્રનાથ બૅનરજીનો છે. કલકત્તાના લૉ રિપોર્ટસ પુસ્તક ૧૦, પા. ૧૦૯ ઉપર એ મુકદ્દમો પ્રસિદ્ધ થયો છે. તેના ચુકાદામાં એ હકીકતની સ્પષ્ટતા થઇ હતી કે અદાલતના અપમાનના આરોપના જવાબમાં એમ કહેવું કે મેં જે શબ્દો વાપર્યા છે તે મને મળેલી માહિતીને આધારે મેં વાપર્યા છે અને તે માહિતી સાચી હોવાની મારી પ્રમાણિક માન્યતા હતી—એને બચાવ તરીકે સ્વીકારી શકાય નહિ. તંત્રીએ પોતાને મળેલી બધી માહિતી અને હકીક્ત ખરી હોવાની ખાતરી કર્યા વગર કોઈ પણ અદાલતમાં ચાલેલા કોઇ પણ કામકાજનો કે ન્યાયાધીશના વર્તનનો અહેવાલ છાપવામાં નવાણું ટકાનું જોખમ રહેલું છે. અમુક અદાલતે અમુક ચુકાદો ખોટો આપ્યો છે એવું વિધાન કરવામાં કે અમુક ન્યાયાધીશનું જ્ઞાન કાચું હોવાનો આક્ષેપ કરવામાં બહુ જોખમ ન હોય; પરંતુ ન્યાયાધીશ વિષે અપ્રમાણિકતા, બદદાનત, કે રૂશ્વતખોરીનું સૂચન કરવું અથવા તો ચૂકાદો આપવામાં કોઇ પણ અપ્રસ્તુત બાબતની ન્યાયાધીશ ઉપર અસર પડેલી હોવાનો ઇશારો સરખો કરવો, એ પત્રકાર માટે "આવ બલા પકડ ગલા" જેવું કૃત્ય સમજવું.

આટલા કાયદા વત્તાઓછા પ્રમાણમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે છાપાંને સ્પર્શે છે. ૧૯૦૮ નો ૭ મો કાયદો, ન્યુસપેપર્સ (ઇન્સાઇટમેન્ટ ટુ ઑફેન્સીઝ) ઍક્ટ—ગુનાખોરીની ઉશ્કેરણીને લગતો છાપાંલક્ષી કાયદો તેનાથી જુદા પ્રકારનો હતો. એનો હેતુ "વૃત્તપત્રોમાં ખૂન અને બીજા ગુનાની ઉશ્કેરણી થતી અટકાવવાની સવડ" નો હતો. કોઇ યોગ્ય અધિકારવાળા ન્યાયાધીશને એવું માનવાને કારણ મળે કે પોતાના સત્તાવર્તુલમાં આવેલા કોઇ છાપામાં ખૂન અગર ૧૯૦૮ ના એક્સપ્લોઝીવ સબસ્ટન્સીઝ ઍક્ટ—સ્ટોફક પદાર્થોને લગતા કાયદા—મુજબના કોઇ ગુનાની ઉશ્કેરણી થઇ છે, તો એ પ્રેસ તથા એ છાપાના અંકો જપ્ત ફરમાવવાની તેને આ કાયદો સત્તા આપતો હતો. તાત્કાલિક કામ લેવાની જરૂર

જણાય ત્યાં તેવી જપ્તી માટેની પુરતી સૂચના આપવાના કે આરોપીની દલીલ સાંભળવાના વિધિને પણ તિલાંજલિ આપવાની સવડ તેમાં રાખેલી હતી. તેના જોરે ન્યાયાધીશ કોઇ પણ પોલીસ અમલદારને જે તે મિલ્કત ઉપાડીને લઇ જવાની સત્તા આપી શકતો. જપ્તી થાય કે તરત લાગતા વળગતા પત્રનાં ડેકલેરેશનો રદ થાય અને નવાની નોંધણી મનાઇને પાત્ર જાહેર થઈ શકે, એવી કાયદા અંગે તેમાં વ્યવસ્થા હતી.

પરંતુ આ કાયદાની વ્યાપકતા રાજસત્તાને પૂરતી જણાઇ નહિ, અને બે વર્ષ પછી ૧૯૧૦ નો ઇન્ડિયન પ્રેસ ઍક્ટ "છાપખાનાનાં વધારે સારા નિયમન માટે" ઘડાયો હતો. એણે આંદોલનના મોટા વંટોળ પ્રકટાવ્યા હતા. તેની કલમ ૩ એવું ઠરાવતી હતી કે ન્યાયાધીશ કોઇ ખાસ કારણસર માફ કરે તો જુદી વાત છે, બાકી સાધારણ રીતે છાપખાનાના દરેક કીપરે ૧૮૬૭ના પ્રેસ ઍન્ડ રજીસ્ટ્રેશન ઑફ બૂક્સ ઍક્ટ પ્રમાણે ડીકલેરેશન નોંધાવતી વખતે પાંચસોથી ઓછી નહિ અને બે હજારથી વધારે નહિ તેવી ન્યાયાધીશ ફરમાવે તેટલી રકમ જમાનત અને અનામત તરીકે મૂકવી પડશે. આ કાયદાના અમલ પહેલાં નોંધણી કરી ચૂકેલા કોઈ છાપખાના પાસેથી પણ ન્યાયાધીશ તેને યોગ્ય લાગે તો સ્થાનિક સરકાર ઠરાવે તેટલી ઉપરની મર્યાદાની અંદરની રકમની અનામત મૂકવાનો હુકમ કરી શકે છે.

એવી રીતે જેણે અનામત મૂકેલી હોય તેવા કોઈ છાપખાના તરફથી (ક) ખૂન અગર ૧૯૦૮ના સ્ફોટક પદાર્થોને લગતા કાયદા અન્વયેના કોઈ ગુનાની અગર બળજબરીના કાર્યની ઉશ્કેરણી થાય છે, (ખ) ખુશ્કી કે તરી સૈન્યના કોઇ નાવિક કે સીપાઈને તેની વફાદારી અગર ફરજમાંથી ચલિત કરવાનો પ્રયત્ન થાય છે, (ગ) હિંદની સરકાર, તેના ન્યાયશાસન, કોઇ રાજા રજવાડા, કે રૈયતના કોઇ વર્ગ પ્રત્યે ધિક્કાર કે તિરસ્કાર પ્રકટાવવાનો, અગર તેના તરફ બેદિલી ઉશ્કેરવાનો પ્રયત્ન

કરે છે, (ધ) કોઇ માણુસને ડરાવવા, સતાવવા અને તેમ કરીને કોઇ શખ્સને કોઈ વસ્તુ આપી દેવાની અગર કાયદેસર રીતે કરવા બંધાયેલો ન હોય તેવું કાર્ય કરવા અગર કરવા બધાયેલો હોય તેવું કાર્ય ન કરવા ફરજ પાડે છે, (ચ) ન્યાયના વહિવટ તથા કાયદા અને બંદોબસ્તના અમલમાં દખલગીરી કરવા કોઇ શખ્સને ઉશ્કેરે છે, અગર (છ) કોઇ સરકારી નોકર અથવા જેમાં એ સરકારી નોકર રસ લેતો હોય તેવા કોઇ ઇસમને કાયદાવિહિત કાર્ય ન કરવા કે કાયદામાં વિહિત ન હોય તેવું કાર્ય કરવા ફરજ પાડે છે...એવું સ્થાનિક સરકારને લાગે, તો તરત તે અનામત તથા તે વૃત્તપત્ર, પુસ્તક અગર જે પ્રકાશન હોય તેની નકલોની જપ્તી ફરમાવી શકે.

અનામત જપ્ત થયા પછી એ છાપખાના પાસે જે બીજી રકમ માગવામાં આવે તે તેણે જમા કરાવવી પડે છે. તે એક હજારથી ઓછી નહિ અને દસહજાર થી વધારે નહિ તેટલી, ન્યાયાધીશની મુન્સફી પ્રમાણેની હોઇ શકે.

તે છતાં ગુનો કર્યા જેવું લાગે તો સરકાર તેને ઠીક પડે તેમ જપ્તી, વધારે રકમની અનામતની માગણી તથા છાપખાના તેમજ પ્રકાશનની જપ્તી, મુદ્રણનાં સાધનો ઇ. ની પણ જપ્તી ફરમાવી શકે છે, અને તેના અમલનું કામ કોઇ પણ પોલીસ અમલદારને સોંપી શકે છે.

આ છાપખાનાના 'કીપર' માટેનો મસાલો થયો. વૃત્તપત્રના પ્રકાશક પરત્વે પણ અનામતની ફરજ અને જપ્તી ઇ. સત્તાઓની સવડ એજ રાહે સરકારે આ કાયદામાં કરી રાખેલી હતી. છાપાંના સંબંધમાં, જરૂર જણાય ત્યારે તેની નકલોના ટપાલ મારફત થતા વહનને બંધ કરવા, ટપાલ કચેરીમાંજ નકલો રોકવા અગર જપ્ત કરવા ઇ. બાબતની વ્યવસ્થા પણ તેમાં હતી, એટલું વિશેષ. અને મુદ્રક માટે પણ પુરતા પ્રમાણમાં વ્યાપક બંદોબસ્ત ઉપરના રાહે ત્રિગતવાર કરવામાં આવેલો હતો. કયા ન્યાયાધીશ આગળ

કેવી રીતે આવાં કામ ચાલે, વિવાદ કોની આગળ અને કેવી રીતે થઇ શકે, વિવાદ થતાં હાઇકોર્ટ કયા રાહે કામ લે, ઇ. બધા વિધિ આ છવ્વીસ કલમોના બત્રીસ જેવા કાયદામાં વિગતે વિહિત હતા.

આ કાયદો ૧૯૨૨માં રદ થયો ખરો. પરંતુ તેનાં બધાં અનિષ્ટ તત્ત્વો ૧૯૩૧ના પ્રેસ ઑર્ડિનન્સમાં અને તેને ધારારૂપે કાયમી રૂપ આપતા ૧૯૩૧ના ઇન્ડિયન પ્રેસ (ઇમર્જન્સી પાવર્સ) ઍક્ટમાં દાખલ કરવામાં આવેલાં છે. ૧૯૩૨માં આ કાયદામાં ક્રિમિનલ લૉ (એમેન્ડમેન્ટ) ઍક્ટ વડે ફેરફાર વડે વિશેષ સખ્તાઇનું ધોરણ દાખલ કરવામાં આવ્યું હતું.

ઇન્ડિયન પ્રેસ (ઇમિર્જન્સી પાવર્સ) ઍક્ટ (૧૯૩૧) 'ખૂન અગર બળજબરીને ઉશ્કેરે અગર ઉત્તેજે તેવા લખાણનું પ્રકાશન થતું અટકાવવા' માટેનો ધડાકો છે. ન્યાયાધીશને યોગ્ય લાગતાં છાપખાનાની નોંધણી પછી દસ દિવસની અંદર કીપર પાસેથી અનામત રકમ જમા કરાવી શકે છે. કોઇ પણ છાપખાના પાસેથી સરકાર યોગ્ય લાગે ત્યારે ત્રણ હજાર રૂપિયા સુધીની જમાનત માગી શકે છે, તેવી રકમો જપ્ત કરી શકે છે, નવી ડિપોઝિટો માગી શકે છે, અને તેમાં વધારો પણ કરી શકે છે. છાપખાનું, છાપાં તથા અન્ય પ્રકાશનો જપ્ત કરવાની વ્યવસ્થા તો આ સાથે સમજી લેવી. જમાનત એકવાર જપ્ત થતાં છાપખાનું દસ હજાર સુધીની બીજી રકમ જમા કરવાને પાત્ર થાય છે. આવીજ તજવીજ છાપાંના પ્રકાશક અને મુદ્રક પરત્વે પણ રાખેલી છે.

વગર અધિકારે પ્રસિદ્ધ થતાં ચોપાનીયાં, છાપાં ઇ. સાથે કામ લેવાની સગવડ પણ આ કાયદામાંજ કરેલી છે. તેની જપ્તી, લાગતાવળગતા શખ્સોને સજા, તેવા ચોપાનીયાના વેચાણ અગર વહેંચણ અગર વહેંચણી કે જાહેરાત થતી અટકાવવાની પદ્ધતિ, તેમાં ટપાલખાતું તથા જકાતખાતું કેવી રીતે મદદગાર થઇ શકે તેની વિગતો ઇ. ગોઠવણ વિધિપુરઃસર વિહિત કરેલી છે. હાઇકોર્ટ તથા અન્ય ન્યાયાધીશોમાંનો કયો કયારે અને

કેવા પ્રકારની સત્તાનો અમલ આવી બાબતોમાં કરી શકે છે, તેની પણ એમાં સમજુતી સમાવેલી છે તેની બત્રીસમી અને છેલ્લી કલમ ફરમાવે છે :

"So long as this Act remains in force, all declarations required to be made under section 4, section 5, section 8 and section 8A of the Press and Registration of Books Act 1867 shall be made, in a Presidency town before the chief Presidency Magistrate, and elsewhere before the District Magistrate"

અર્થાત, આ કાયદો અમલમાં હોય ત્યાં સુધી ઇલાકા શહેરોમાં મુખ્ય ઇલાકેદાર ન્યાયાધીશ સમક્ષ, અને બીજે જીલ્લા ન્યાયાધીશ સમક્ષ બધી નોંધણીઓ કરવાની રહેશે.

પ્રેસ (ઇમરજંન્સી પાવર્સ) ઍક્ટનો અર્થ જ એવો થાય છે કે કોઇ અસામાન્ય સંજોગોમાં જ તેનો ઉપયોગ થવો જોઇએ, અને તેવા અસાધારણ નાજૂક સંજોગો પૂરતો તેનો અમલ મર્યાદિત રહેવો જોઇએ. પરંતુ કયો સંજોગ નાજૂક છે ને કયો નહિ, તેનું નિરાકરણ તંત્રીની નહિ પરંતુ સત્તાધિકારી રાજકર્મચારીની મુન્સફી ઉપર રહેતું હોવાથી, નોકરશાહી તંત્રમાં આ કાયદાના ઉપયોગ પરત્વે વિવેકશૂન્યતાની ફરિયાદોને ઠીકઠીક અવકાશ રહે છે. પરંતુ એ તો આખી રાજપદ્ધતિમાં સળંગ રહેલા અનિષ્ટનું એક અંગમાત્ર છે, અને મૂળ કારણ દૂર ન થાય ત્યાં સુધી આ વસ્તુસ્થિતિનો ઇલાજ બહુબહુ તો અર્ધનિરર્થક ધાગાથીગડાં કરતાં વધારે અસરકારક નીવડવાનો સંભવ ઓછો છે.

ફૉરેઇન રિલેશન્સ ઍક્ટ, એ ૧૯૩૨ની સાલનો કાયદો અંક ૧૨ છે, અને "ના. શહેનશાહની સરકાર તથા અમુક પરદેશી રાજસત્તાઓ વચ્ચેના મિત્રાચારીના સંબંધોના નિભાવને જોખમમાં મૂકે તેવાં નિવેદનોની જાહેરાત"ના પ્રતિકાર તથા પ્રતિબંધ અર્થે એ કાયદો ઘડવામાં

આવેલો છે. હિંદના પડોશી હોય તેવા કોઇ પરદેશની રાજસત્તાની બદનક્ષી કરે એવાં લખાણવાળાં છાપાં સામે કામ લેવા માટે ક્રિમિનલ પ્રોસીજર કોડની તથા પોસ્ટ ઓફિસોને લગતા કાયદાની અમુક કલમો લાગુ પાડવાનું તેમાં વિહિત છે. માત્ર ચાર કલમના આ કાયદાનો પંજો લાંબો અને ગમે ત્યાં ફરી વળવા પૂરતો સમર્થ છે.

૧૯૩૪ ના દેશી રજવાડાંને સંરક્ષણ આપવા યોજાયેલા કાયદાનો હેતુ "ના. શહેનશાહની સર્વોપરિતા તળેનાં હિંદનાં દેશી રાજ્યોના રાજતંત્રોને ઉથલાવી પાડવાની વૃત્તિવાળી, તેના તરફ બેદિલી ફેલાવે તેવી અગર તેમાં અવરોધ કરે તેવી પ્રવૃત્તિઓથી રક્ષણ આપવા"નો છે. દેશી રાજકર્તાઓને આ કાયદો કેટલું સંરક્ષણ આપી શકે છે અને તેનો અર્થ કેટલા પ્રમાણમાં સરે છે, તથા સંરક્ષણ મળવાને બદલે તેને લીધે દેશી રાજ્યો પ્રત્યેની નારાજગીમાં ઉમેરો થાય છે કે નહિ, અને થતો હોય તો કાયદાની કલમોને થાપ આપીને તેવી નારાજગીને અવકાશ આપવાની યુક્તિપ્રયુક્તિઓ શોધાય છે કે નહિ, એવા પ્રશ્નો ઘણીવાર ઉપસ્થિત કરવામાં આવેલા છે. પરંતુ કાયદા અને દંડનાં ધોરણે જ મુખ્યત્વે રાજશાસન ચાલવાનું અનિવાર્ય હોઈ, તેવા સંજોગોમાં એવી ચર્ચાનું બહુ સાર્થક્ય હોઈ શકે નહિ.

આ કાયદાની સખ્ત શબ્દોમાં ઝાટકણી કાઢતાં પણ કલકત્તામાં ત્રીજી અખિલ ભારતીય પત્રકાર પરિષદના પ્રમુખ શ્રી. સી. વાય. ચિંતામણીએ કહ્યું હતું:

"Let it be said in fairness to the Princes that it did not appear from the discussions in the Legislative Assembly it was in response to any wide demand from Their Highnesses that the latest Act was placed on the Statute Book. It was an instance more of the overzeal of the Government of India to protect absolutism."

છાપાંલક્ષી કાયદા

બંગાળાનો ક્રિમિનલ લૉ એમેન્ડમેન્ટ ઍક્ટ (૧૯૩૪) એ પ્રાંતની આગવી મિલ્કત છે, અને ત્યાંના વિશિષ્ટ મનાયેલા સંજોગોને પહોંચી વળવા માટે એનું આયોજન થયેલું છે. એનો નિર્દેશ એ પ્રાંતનાં વૃત્તપત્રોના વિકાસની ચર્ચામાં થઇ ચૂકેલો છે.

૧૯૩૯ના મહાયુદ્ધે ઉપસ્થિત કરેલા સંજોગો અંગે ડિફેન્સ ઑફ ઇન્ડિયા ઍક્ટની ઘોષણા થવા પામી છે. એની સત્તા વ્યાપક હોય એ દેખીતું છે. કેટલીક વાર એની અમલબજવણી આતતાયી થઈ પડે, એ સંભવિત છે, અને તેવું બન્યાનાં ઉદાહરણો શોધવા બેસીએ તો જડવાં મુશ્કેલ નથી. પરદેશી રાજઅમલમાં એવી ઘણી વસ્તુઓને સહજ સ્થાન હોય. વળી જે કાયદાના અમલનો, તથા અમલની પાત્રતાનો નિર્ણય કરવાનું કામ અનેક કર્મચારીઓની મુન્સફી ઉપર છોડવામાં આવેલું હોય, તેના ઉપયોગમાં ભાલે ભાલે રહેલી મતિભિન્નતાની અસર પડયા વિના રહે, એવી આશા મનુષ્યસ્વભાવથી અસંગત જ હોય. આ કાયદાને લગતા નિયમોની બજવણીમાં આવી જતા આતતાયીપણાને શક્ય તેટલી મર્યાદામાં રાખવા માટે હિંદનાં વૃત્તપત્રોએ ૧૯૪૦માં પ્રશંસનીય સંગઠન કરેલું છે. એ સંગઠન ઉપસ્થિત સંજોગોમાં કેટલું કારગત લાગે છે, એ પ્રશ્ન જુદો છે, પરંતુ સંગઠન થયું છે, એ જ એક શુભ લક્ષણ છે.

વૃત્તવિવેચનના સ્રોત આડે કેટકેટલા અવરોધ ખડકાયેલા છે! ગણ્યા ગણાય નહિ, વીણ્યા વિણાય નહિ, તો યે પેલી ધારાપોથીમાં નહાય!

પ્રકરણ ૧૫

સેન્સર

"Criticism remained the principal function of the Press when they had discharged the first of all their duties of supplying truthful and honest news. Especially was it necessary for full democratic co-operation in totalitarian war. The organization of a whole people for war in the modern way needed all the wisdom that could be brought to bear on it from all quarters. The Press was, or should be, the great means of funding experience and bringing it to bear on this difficult task. They expected of any Government in time of war, but especially in this kind of war, that it should be teachable—that it should not give itself the airs of infallible dictators, but watch attentively for the evidence that the Press alone could give it that it had miscalculated this factor or overlooked that factor, that its shoe was pinching unnecessarily, that there were sources of strength which remained to be developed. The free Press gave virtue and value to our other liberties. Without it Parliament would be a secret debating

society and the Law Courts star chambers. There was no liberty of talking without the liberty of writing. The liberty of the Press was everybody's liberty."

—*I. A. Spender*

'P. S. It does not matter. The British Censors are not human. "(તા.ક. વાંધો નહિ. બ્રિટિશ સેન્સરો ક્યાં માણસ હોય છે.) પોતાના એક અમેરિકન મિત્રને પત્ર લખતે પોતાની પ્રણયલીલાના કિસ્સાની વધારે પડતી રસરસતી વિગતોમાં ઉતરતાં એક હંગેરિયનને વિચાર આવ્યો, કે બર્મુડામાં સ્થપાયેલી સામ્રાજ્ય સેન્સરશિપના અધિકારીઓના વાંચવામાં આ પત્ર પણ આવ્યા વિના નહિ રહે. પરંતુ એ ખ્યાલ આવતાં તેણે પત્રની નીચે ઉપર પ્રમાણેની તાજેકલમ લખીને મન વાળ્યું હતું !

બર્મુડાના ૧૨૦૦ સેન્સરોનો આ વિધાન વિષે કેવો અભિપ્રાય પડયો હતો તેની નોંધ હજી સુધી જોવામાં આવી નથી, પરંતુ 'હિંદુ'એ તા. ૫–૪–૪૧ના અંકની એક અગ્રનોંધમાં "સેન્સરો માણસ છે ?" એવા મથાળા નીચે આશ્વાસનના શબ્દો ઉચ્ચાર્યા હતા કે આ શબ્દો એકલા બ્રિટિશ સેન્સરોની તો ઠીક પરંતુ કોઇ પણ સેન્સરની ગંભીર બદનક્ષી કરે છે. "છાપાંવાળા ગૃહસ્થોને પોતાને માટે મોકલાયેલી સનસનીદાર હકીકતોનો ઘડોલાડવો થઇ ગયેલો દેખાય ત્યારે કોઇ કેઇ વાર ઉક્ત હંગેરિયન સાથે સહમત થવાનું મન તેમને કદાચ થઇ જાય. પરંતુ એ હકીકત ચોક્કસ છે કે આ ધીરજવતા તપાસનીસો (સેન્સરને કોઇ કોઇ વાર કદાચ શબ્દફેર કરવા ખાતર એકઝામિનર–પરીક્ષક-પણ કહેવામાં આવે છે) માણસ જાતના છે, એટલું જ નહિ, પરંતુ પોતાની ફરજના રાહે તેઓ ભાગ્યેજ કરે એવાં માણસાઇ ભરી માયાળુતાનાં નાનકડાં કામો તેઓ કોઇ કોઇ વાર કરી બેસે છે, અને તેથી રીતે પોતાની ઇન્સાની બુનિયાદની સાબીતી પૂરી પાડે છે ખરા."

હિંદનાં વૃત્તપત્રોને તો આ પ્રશ્ન ઘણોજ અને સતત સતાવે છે, અને 'હિંદુ' ના વિવેકી શબ્દો છતાં, એ પ્રશ્નનો હકારમાં ઉત્તર આપવાના છેવટના નિર્ણય ઉપર તે આવ્યાં હોવાનું પ્રમાણ હજી સુધી મળી શક્યું નથી!

વર્તમાનપત્રોની નવરંગી સૃષ્ટિને વધારેમાં વધારે અણગમતી, અળખામણી વસ્તુ હોય, તો સેન્સરની દખલગીરી છે. આપણે જેની આછી છતાં આપણા કામ પૂરતી પિછાન કરી ગયા એ મોટા મોટા બીહામણા કાયદાકાનૂનોના ફૂંફાડા કરતાં, રોજ ઉઠીને ઝીણું ઝીણું શેકણું કરતા, સતામણીની સાક્ષાત મૂર્તિસમા, સ્વાતંત્ર્ય અને સ્વમાનની ભાવનાનો ધ્વંસ કરવામાં રાચતા સેન્સર નામના અસુરની પીડા પત્રકારના ચિત્તની સમતુલાને ડગાવવામાં વધારે સફળતા પ્રાપ્ત કરે છે. અને તેમાં પણ જ્યારે લખાણ છાપતાં પહેલાં બતાવી જવાનો ફતવો છૂટે છે ત્યારે પત્રકાર વિહ્વળ બની જાય છે. કારણ, પોતાના વાચક સમુદાયને બને તેટલા અદ્યતન અને તેથીયે વધારે ત્વરાથી આપવાના આજના પત્રકારના પ્રાથમિક કર્તવ્યના મૂળમાં આ પૂર્વતપાસણીનો રવૈયો કારી ઘા ફટકારે છે. તંત્રીએ મેળવેલા અને છાપવા માટે મંજૂર કરેલા સમાચાર આધારભૂત હોય, પ્રમાણભૂત હોય, તેની કાળજી જવાબદાર તંત્રીએ રાખેલી હોય જ. કેમકે પ્રત્યેક સારો પત્રતંત્રી પોતાની એ બાબતની જવાબદારીને સદૈવ લક્ષમાં રાખીને પોતાનું કામ કરતો હોય છે. એવી રીતે નેક નિયતથી પોતાના કર્તવ્યનું પાલન કરતો હોવા છતાં પણ જ્યારે એને માથે પૂર્વતપાસણીની જબરદસ્તી લાદવામાં આવે ત્યારે એને ખીજવાટનું પુરતું કારણ મળેલું કહેવાય, એવું આ ધંધાની જરા પણ માહિતી અગર શોખ રાખનાર કોઈ પણ માણસને લાગ્યા વિના રહે નહિ.

પત્રકારની અને વૃત્તવિવેચનની નિર્બન્ધતાને અને ફરજિયાત લેખન તપાસણીને બારમે ચંદ્રમાનો યોગ કાયમ છે. તે એટલે સુધી કે એ બે માંથી એક જ્યાં હોય ત્યાં બીજાની આબરૂભેર હસ્તી અસંભવિત સમજવી.

સેન્સર, એટલે કે લેખનતપાસણી અધિકારીની સંસ્થા ઈસુખ્રિસ્તના જન્મ પહેલાંથી, બલકે તેનાયે ઘણા પહેલાના સમયથી ચાલતી આવેલી છે. રોમન સામ્રાજ્યના તપતા મધ્યાહ્ન કાળમાં સેન્સરનું કર્તવ્ય સમાજનાં નીતિબંધનોને શિથિલ કરે તેવું કશું લખાય કે બોલાય નહિ તેની તપાસણી રાખવાનું હતું. આગળ ચાલતાં, રાજકારણી અને સ્વદેશાભિમાનમૂલક આંદોલનોનો સામનો કરવામાં રાજસત્તાઓએ એ પદ્ધતનો ઉપયોગ કરવા માંડેલો જણાય છે. યુદ્ધ જેવી સર્વમાન્ય આપત્તિને બહાને લોક સામે એ શસ્ત્ર ઉગામવાની પ્રથા પ્રચલિત થઇ તે પહેલાં સેન્સર મહાશયનું કર્તવ્ય સર્વત્ર જનસમાજની નીતિરીતિના સંરક્ષણ પૂરતું મર્યાદિત હતું. જે દેશોમાં રાજસત્તાને ખૂંચે એવાં પ્રજાકીય આંદોલનોનું દમન કરવાના પ્રસંગને અવકાશ નથી અથવા બહુ ઓછો છે, તેવા સદ્‌ભાગી દેશોમાં હજી પણ એજ વસ્તુસ્થિતિ પ્રવર્તી રહેલી જોવામાં આવે છે. રોજ રોજ પ્રસિદ્ધ થતાં પુસ્તકો, ચિત્રપટો ઈ. જાહેરના ઉપયોગ તથા ઉપભોગ માટે બહાર પડતી વસ્તુઓને સેન્સર તપાસે છે, અને તેની પરવાનગી વિના એમાંનું કશું લોક સમક્ષ જાહેર રીતે મૂકી શકાતું નથી. ઈંગ્લેન્ડની તેવી સેન્સરશિપ સામે બર્નાર્ડ શૉ, વેલ્સ ઈ. જેવા નામાંકિત અને લોકલાડીલા લેખકોને ખૂબ ખૂબ ફરિયાદો કરવાના પ્રસંગો આવી પડયા હતા, પરંતુ લગભગ દરેક પ્રસંગે સેન્સરનો મોભો મરતબો એવાં દ્વંદ્વ-યુદ્ધોમાં પણ અખંડિત રહેવા પામ્યો હતો.

ઇતિહાસ બતાવે છે કે રોમન સામ્રાજ્યમાં જેને વૃત્તપત્રો કહી શકાય તેવા કોઇ સામયિકની હયાતી નહોતી, તેમ છતાં અન્ય પ્રકારે જે અસ્પષ્ટ, અર્ધસ્પષ્ટ રીતે પણ લોકમત વ્યકત થતો હશે તેના ઉપર પણ લગામ મૂકવાની જરૂર એ સલ્તનતના સંચાલકોને જણાઈ હતી. સલ્તનત અને સામ્રાજ્યનું એ સહજ અંગ છે. સલ્તનતોનો ઇતિહાસ પરાપૂર્વથી તેની સાબીતી પૂરી પાડે છે.

રામરાજ્યના જમાનામાં સેન્શરશિપની ખામી અગર ગેરહાજરીને લીધે કોઇ ધોબી ન બોલવાનું બોલી ગયો; બોલી તો ગયો પરંતુ તે બોલ છેક રાજાને કાને પહોંચવા પામ્યો; અને તેનાં કેટકેટલાં માઠાં પરિણામ આવ્યાં. પરંતુ રામરાજ્યની ભૂલ સામ્રાજ્યના સંચાલકો શા માટે કરે ? હિંદની પહેલી સુસ્થાપિત પરદેશી સલ્તનત, તે મુગલ વંશ. તેમના રાજઅમલમાં સેન્સરશિપ બરાબર હતી.

ઇન્ડિયન હિસ્ટોરિકલ રેકોર્ડ્ઝ કમિશનની ૧૯૪૧ ની સાલની કાર્યવાહીની નોંધમાં એ હકીકત આધાર અને પ્રમાણ સાથે જાહેર કરવામાં આવેલી છે. મુગલ રાજતંત્ર દસ્તાવેજી ધોરણે ચાલતું હતું. કાગળનો કારભાર હતો. વહીવટી સવડ માટે સલ્તનતને સુબાગીરીઓમાં વહેંચી નાખી હતી, અને એનો વહીવટ અનેક ખાતાં અને વિભાગોની જાળગૂંથણી વડે ચાલતો હતો. એ અટપટી રચનાના સુઘટિત સંચાલન માટે કોઇ પદ્ધતસરના તંત્રની આયોજના આવશ્યક હતી. સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં આ વહીવટીતંત્રનું વર્ણન પ્રસિદ્ધ થયું હતું, અને 'દસ્તુર–ઉલ–અમલ' નામે ગ્રંથસંગ્રહ કરવામાં આવ્યો હતો, એવી શોધ કરવામાં આવી છે. એ ગ્રંથોની અનુક્રમીમાં સેન્સરશિપને રૂડું મજાનું સ્થાન મળેલું છે!

અને મુગલો કરતાંય વધારે આત્યંતિક પ્રમાણમાં પરદેશી એવું હિંદનું બીજું–અને આપણે આશા રાખીએ કે છેલ્લું–સામ્રાજ્ય, તે બ્રિટિશ સરકારનું. એણે તો અન્ય પ્રત્યેક ક્ષેત્રની જેમ સેન્સરશિપને પણ એવી સુવ્યવસ્થિત, પદ્ધતિપુરઃસરની અને વ્યાપક બનાવી છે, કે એનાં ચોખૂંટ શાસનમાંથી લેશમાત્ર ખસકવાનું હિંદનાં હિંદી માલિકી અને દૃષ્ટિબિંદુવાળાં છાપાં માટે જરાકે શક્ય નથી.

છેક પ્રારંભથી જ હિંદનાં અખબારો તરફ રાજસત્તાની વિરોધદૃષ્ટિ

રહેતી આવેલી છે. જેઈમ્સ મિલ પોતાના 'હિસ્ટરી ઓફ બ્રિટિશ ઇન્ડિયા'માં (૧૮૪૬) લખે છે:

"હિંદી છાપાંને તેમની કારકિર્દીના આરંભમાં યથેચ્છ વર્તન કરવા દેવાતું હતું અને બદનક્ષીના કાયદા સિવાય બીજો કોઇ અંકુશ તેમના ઉપર નહોતો. શરૂઆતનાં છાપાં જોતાં જણાય છે કે એ રહેમદીલીનો દુરુપયોગ થતો હતો, અને સ્થાનિક માહિતી આપનાર તરીકે એ નકામાં હતાં જ, તે ઉપરાંત એમાં ખાનગી જીવન ઉપર અણછાજતા હુમલા તથા સરકારી પ્રવૃત્તિઓની અજ્ઞાનમૂલક નિંદાખોરી ભરેલી રહેતી હતી."

અંગ્રેજ સામ્રાજ્ય ઉપર નેપોલીયન તે સમયે ત્રાટકી રહેલો હતો, અને અંગ્રેજ સત્તાધીશો કોઇ પ્રકારની ટીકા અથવા વિરોધવૃત્તિની બરદાસ્ત કરવા અસમર્થ હતા, એ પરિસ્થિતિનો પડઘો તેમની આ મનોદશામાં પડે છે.

છેક વેલેસ્લીના અમલથી માંડીને વર્તમાન સમય સુધી ઓછા વત્તા પ્રમાણમાં પણ આજ ધોરણે ખાસ કરીને દેશી અખબારી પ્રવૃત્તિઓ પ્રત્યે રાજદૃષ્ટિ રહેતી આવી છે. ૧૭૯૯માં એ હાકેમે રેગ્યુલેશન રૂપે પ્રથમ " કૃપાકટાક્ષ " ફેલાવ્યો, ત્યારથી ઉત્તરોત્તર એ મામલો ખીલતો રહેલો છે. એ નિયમો સખ્ત હતા, અને તે અન્વયે સરકારના સેક્રેટરી સેન્સર નીમાયા હતા, અને પ્રાયઃ છાપાંનું સંચાલન તેના હાથમાં મૂકાયું હતું. તેનો અમલ તે સમયે તો યૂરોપીયન અખબારો પૂરતો જ હોઈ કૌટુંબિક બાબત જેવો હતો, અને સરકાર તથા એ છાપાં લડતાં, ઝગડતાં, પરંતુ તત્ત્વે તો એકજ હતાં. ટિપુ સુલ્તાન સાથેના વેલેસ્લીના વિગ્રહ, બીજો મરાઠા વિગ્રહ (૧૮૦૨–૧૮૦૪) સત્તાધીશોને આકળા તથા અસહિષ્ણુ બનાવી રહ્યા હતા. આ આકરી સેન્સરશિપ બરાબર અગિયાર વર્ષ અખંડિત ચાલી હતી. અને ૧૮૧૧માં તેમાં ફેરફાર થયો, ત્યારે તે વધારે સખ્તાઈનો થયો હતો. અને તે પણ યુરોપીયન મિશનરી અખબારોની ગુસ્તાખીને દાબવા માટે! ત્રણે હુકા-

કાઓમાં આ સેન્સરશિપનો અમલ થતો હતો. ૧૮૧૩માં હેસ્ટિંગ્ઝે મુદ્રણ પહેલાં બધાં પ્રૂફ સેન્સરે પાસ કરાવવાની ફરજ છાપખાનાં ઉપર નાખવાના નિયમો ઘડયા. ચીફ સેક્રટરી ઍડમ ઉત્સાહી, ખંતીલો અને આકરો સેન્સર હતો અને દસેક વર્ષ સુધી તેનો સોટો ફરતો રહ્યો હતો, એ આપણે જોઈ ગયા છીએ....

આ રાહે હિંદના પત્રકારત્વને ગળથુથીમાં જ સેન્સરશિપ સાંપડેલી હતી એમ કહી શકાય.

શાસક કોમના અને વળી હિંદ ઉપરના પ્રભુત્વને જડબેસલાક કરવામાં સંપૂર્ણપણે રાજસત્તા સાથે સહમત થતા પત્રકારો પરત્વે પણ જ્યારે સરકારની નિગેહબાની આ ઢબની હતી, તો પછી "નેટિવ"ની ગુસ્તાખી પરત્વે એનું માનસ કયા રાહે વિચરતું હશે, એની ત્રિરાશીનો હિસાબ કયા ગુણકને આધારે થઈ શકશે ?

આ ભૂમિકા આડે અખબારો તથા તેના મંડળનો રાજસત્તા સાથેના આજના ગજગ્રાહનો વિચાર કરીએ, તો પછી આશ્ચર્યને ભાગ્યે જ અવકાશ રહેવા પામે.

અત્યારે ચાલી રહેલા જગતવ્યાપી સંગ્રામ અંગે જગતવ્યાપી સેન્સરતંત્ર પણ ઉદ્ભવ્યું છે. હિંદમાં રોજની થઈ પડેલી એ માસ્તરગીરીમાં એણે નિરવધિ ઉમેરો કર્યો છે. પરંતુ એ ચાલુ ઇતિહાસ છે. છાપાંમાં તેનો ઉહાપોહ ઘણો થાય છે, પણ તેની તુલનાત્મક દૃષ્ટિએ વિવેચના કરવાનો સમય આજે નથી. આજે તો અખબારોનું દોહન થઈ રહેલું છે. એ કષ્ટપુંજમાંથી એક રત્ન જો અત્યાર સુધી હિંદને સાંપડયું હોય, તો તે એના અખબારોના સંગઠનનું છે. "હિંદુ"ના તંત્રી શ્રી. શ્રીનિવાસનની રાહબરી નીચે તંત્રીઓની પરિષદ તથા તેના મંડળની સ્થાપના, તથા વિવિધ સલાહકાર સમિતિઓની જાળગૂંથણી મારફત

વૃત્તપ્રકાશનના સુયોગ્ય નિયમન માટે રાજસત્તા સાથે સહકારથી કામ લેવાની નવી પદ્ધતિનું આયોજન કરવાના પ્રયત્નો, ઘણા કષ્ટદાયી છતાં સારા ભવિષ્યની આગાહી કરનારી હકીકતો છે. અત્યારે જે ઘટનાઓ બની રહી છે, તેના ગુણદોષનું વિવરણ તો ભવિષ્યનો કોઇ અવલોકનકાર કરી શકશે. કોઈ પણ મોટી વસ્તુનું નિરીક્ષણ કરવા માટે તેનાથી અમુક અંતરે વેગળા ઊભવું જોઇએ. આજે અખબારી આલમમાં થઈ રહેલાં દોલ્રલાં અને પ્રચંડ પરિવર્તનોની તુલના, એ પરિવર્તનોમાં ઓતપ્રોત થઇ રહેનારથી વાસ્તવિક રીતે થવી શકય ન હોય; સમયના અમુક અંતરે ઉભો રહીને, એ પરિવર્તનોના ઉકળાટથી અલિપ્ત તથા તટસ્થ રહેલો દ્રષ્ટા જ એ કાર્ય સમુચિત રીતે કરી શકે.

પરંતુ એટલું કહેવું અસ્થાને નથી કે પાછલાં દોઢસો–બસો વર્ષનો અખબારલક્ષી ઉપક્રમ જોતાં એવી શ્રદ્ધાને પૂરતો અવકાશ રહે છે, કે આ આગકસોટીમાંથી હિંદનો અખબારવ્યવસાય શુદ્ધ સુવર્ણ શો નિર્મળ બનીને સ્વતંત્ર ભારતની સેવા અન્ય કોઇ પણ દેશના તેના સહયોગીના જેવા જ અનન્ય ભાવે કરશે.

પ્રકરણ ૧૬

છાપાંનાં ગજબિયાં

"Our paper stated last week that Mr. John Doe is a defective in the Police force. This was a typographical error. Mr. Doe is a detective in a police farce."

—*A News Report.*

રખે કોઈ એમ માની લેતું કે આવી જવાબદારીઓ અને આવાં સંકટોવાળા અસિધારાવ્રતમાં નિમગ્ન રહેનારા વૃત્તકારનું જીવન શુષ્ક હોય છે. સમાચારો અને તેની પ્રાપ્તિ અંગેની નિત્ય નવિનતાની મૂલવી શકાય નહિ તેવી નવરંગી મોજો પત્રકારને સર્વદા આનંદમસ્ત રાખે છે, અને અનેક દુગ્ધાઓનો બદલો વાળી આપે છે. તેમાં પણ જ્યારે "છાપાંનો ભૂત" પોતાનાં કરતુકો બતાવે છે ત્યારે તો તેની મોજમાં વાચક સમુદાય પણ ભાગીદાર બને છે. અને ઘણીવાર એનાં એવાં પરિણામ પણ આવે છે કે જેને લીધે વાચકને મન હસીડું થાય પરંતુ પત્રકારને શરમાઇ મરવા જેવું લાગે. કોઈ કોઇ વાર એ "ભૂત" રમુજ કરાવવાને બદલે હાની પણ ઉપજાવે છે.

લેખન તેમજ મુદ્રણ, ઉભયની ભૂલોને તારવવા માટે "છાપાંના

ભૂત''નું ઓઠું ઊભું કરવામાં આવેલું છે. ગમે તેવા ગોટાળા પણ એના બહાના નીચે ક્ષમ્ય બની જાય છે આ ભૂત ઘણો ફાંટાબાજ છે; એટલો બધો કે કેટલીકવાર એને ભૂતને બદલે આખી ભૂતાવળ કહેવાનું મન થઇ જાય છે.

આ મુદ્રણપિશાચ કોઈ કોઈ વાર તો આખી દુનિયાને પેટ પકડીને હસાવે છે. તેના એકજ નખરાથી આખા સમાજ ઉપર હાસ્યનું વિરાટ મોજું ફરી વળે છે. ૧૯૪૧માં એક મંડળ આગળ "બુલ્સ એન્ડ બ્લન્ડર્સ" ઉપર શ્રી. સચ્ચિદાનંદ સિંહે વ્યાખ્યાન આપ્યું હતું. તેમાં એમણે વૃત્તમુદ્રણના ગોટાળાનાં અનેક રમુજી ઉદાહરણો આપ્યાં હતાં.

મુદ્રણના ગોટાળાના વૈવિધ્યનો પાર નથી. અજુગતા શબ્દનો ઉપયોગ, શબ્દનો ખોટો ઉપયોગ, શબ્દો અથવા અક્ષરોનું સ્થાનભ્રષ્ટ થઇને અદલબદલ થવું, શબ્દ કે અક્ષરનું એવી રીતે ઉડી અથવા ઉમેરાઇ જવું કે જેને લીધે અર્થના અનર્થ થઇ જાય, મથાળાંની અદલાબદલી થતાં મથાળા અને તેની નીચેના લખાણની હાસ્યાસ્પદ વિસંગતતા, એક જ ખબરના ફકરાનાં મથાળાંના ગોટાળા ઇ. હાઉલર્સ, સ્પૂનરીઝમ્સ, બુલ્સ, અને બ્લંડર્સના અનેક પ્રકારો છાપાંમાં કોઇ કોઇવાર રમુજની રંગત જમાવે છે. એવી રમુજોને મેં "નવચેતન"ના ડીસેમ્બર ૧૯૨૨ ના અંકમાં* "ગજબીયાં"ની સંજ્ઞા આપીને તેમ કરવાનાં તેમાં કારણો દર્શાવેલાં છે. વૃત્તપત્રોનાં ગજબિયાં તો ઘણીવાર સાચે જ ગજબ કરે છે.

થોડાં ઉદાહરણો લઇએ. મુદ્રણ અને લેખનમાં શ્રેષ્ઠ ગણાતાં

---

* "ત્યારે "હાઉલર"ને ગુજરાતીમાં શું કહીશું ? કમાલીયું ? ગજબિયું ?... બીજો વધારે બંધ બેસતો શબ્દ ન મળે ત્યાં સુધી "ગજબિયું" શું ખોટું છે ?" (નવચેતન ડિસેંબર ૧૯૪૨, પા. ૧૭૮)

વિલાયતનાં ઉત્તમોત્તમ પત્રો પણ પોતાના વિરાટ વાચક-સમુદાયને ગજબિયાંની મોજથી વંચિત નથી રાખતા:

"A great Irishman has passed away. God grant that many as great, and who shall as wisely love their country, may follow him."

લંડનના 'ટાઇમ્સે' એક મહાપુરુષના અવસાનની નોંધમાં આ ભાંગરો વાટ્યો હતો! વળી :

"The health of Mr. Parnell has now lately taken a very serious turn, and fears of his recovery are entertained by his friend." અને તે પણ એક આઇરિશ વૃત્તપત્રમાં! "નૉનરિકવરી"ને બદલે "રિકવરી" શબ્દના ભૂલથી થયેલા ઉપયોગનું આ પરિણામ!

અહીં આપણે પાંડિત્યપૂર્ણ પ્રકારે ગજબિયાંનાં વર્ગીકરણ કે કોષ્ટકી-કરણની કડાકૂટમાં નહિ ઉતરતાં, સામાન્ય આમસમાજને ગલગલીયાં કરતા મુદ્રણગોટાળાના થોડા નમૂના આપીને સંતોષ માનીશું. એવી ભૂલો પકડી પાડીને નિર્દોષ ભાવે તેની ગંમત માણવાની દૃષ્ટિ એકવાર થઈ જતાં, વાચકો પોતાની મેળે રોજ રોજ છાપાંમાંથી કંઇ ને કંઈ હાસ્યમસાલો પોતાની મેળે મેળવી લેવા ટેવાઇ જશે.

"ટાઇમ્સ ઑફ ઇન્ડિયા"ના મગજમાં એકવાર એવો ફાંકો હતો કે તેના પાનામાં મુદ્રણની ભુલ હોય જ નહિ. તે એટલે સુધી કે મુદ્રણની પ્રત્યેક ભૂલ બતાવનારને એક એક આનો આપવાનું તેણે જાહેર કર્યું હતું. પરંતુ "હેન્કાર રાજા રાવણનો ય" ક્યાં રહે છે? "ટાઇમ્સ"ની એ પત-રાજી ક્યારની ઉડી ગઈ છે. અને તે પણ ગજબિયાંની ગંમતમાં પોતાનો ફાળો આપે છે.

૧૯૪૨ના જુન મહિનાના તેના એક અંકમાં નીચેની વાનગીએ દેખા દીધી હતી.

છાપાંનાં ગજબિયાં

Damage to St. Paul's

London, June 9.

Civilian casualties in the British Empire from September 3, 1939, to September 2, 1941, were killed 43,675, injured and detained in hospital 50,346. These figures were given by the Deputy Prime Minister, Mr. Clement Attlee, in the Commons today. The figures do not include casualties at sea among merchant seamen or civilians. —*Reuter*.

આમાં મથાળા અને તેની નીચે છાપેલા સમાચાર ને કશું પણ લાગેવળગે છે ખરૂં ? એ પત્રનાં ગજબિયાંનો એક બીજો દાખલો લઇએ:

Death of Centenarian

[From our own correspondent.]

Ahmedabad, June 10.

A Muslim who witnessed the Indian mutiny of 1857 at the age of 50 has just died here. As he left no heir, a few coins of the Moghul period which he had possessed, have been taken over by the police. The man who was 35 years died on the verandah of an old mosque.

મજકુર મુસ્લિમ ગૃહસ્થની વયનો મેળ કેવી રીતે મળ્યો, તે સમજાતું નથી. ફેર માત્ર એકજ સૈકાનો છે.

એ પત્રના તા. ૧૧–૬–૪૨ના અંકમાં ટેનિસના અહેવાલમાં આવેલી નીચેની વાનગીમાં ગેઇમ્સની સંખ્યાની અસંગતતાની એ રમતના જાણકારો તરત કદર કરશે :

" Mixed doubles, final–Irshad Hussein and Miss K. Haji beat Iftikhar Ahmed and miss Leela Row 6–4, 9–1."

તા. ૧–૪–૪૨ના અંકમાં તે ખબર આપે છે :

Palna, March 30: Two people were nulled and three injured. . . ."

તા. ૧૬–૨–૪૩ના તેના અંકમાં ગાંધીજીના અનશન વિષે નવી દિલ્હીમાં રાજકારણી મંડળોના અભિપ્રાયો પોતાના ખાસ ખબરપત્રી પાસેથી મેળવીને તા. ૧૪ ફેબ્રુઆરીના સંદેશાનો પ્રારંભ કર્યો હતો કે According to loggy circles......"

મતલબ કે " ટાઇમ્સ " જેવા પત્રમાં પણ ભૂલો થવાનો સંભવ રહે છે, તો પછી બીજાં સામાન્ય છાપાંની તો વાત જ શી કરવી, કે એમનો વાંક જ શો કાઢવો ? એમ તો એક અંગ્રેજી વૃત્તપત્રની સંપાદકીય નોંધમાં નીચેનું ગજબીયું જોવામાં આવ્યું હતું :

". . . the truth, the whore Truth and nothing but the truth."

સત્યને નગ્ન કહ્યું છે, અને તેને બીજી પણ ઘણી ગાળો પડતી હશે; પરતું જો સત્યને શરીર હોત તો આ બદનક્ષીને તો એ જરૂર ન્યાયની દેવડીએ લઈ જાત !

" A dead law to be repeated " ના મથાળા નીચે ખબર: " A Bill to repeal the Waste Lands..." માં એકજ અક્ષર–l ને બદલે t–વપરાયાથી કેટલી ગેરસમજ ને અવકાશ મળ્યો ! માદામ ક્યાંકાઈ શેકના ચિત્ર નીચે "Madame Chiang Kai Shek the youngest of the famous Soong sisters and daughter of Dr. Sun Yat-Sen છાપીને એજ છાપાએ સાળીને દીકરી બનાવી દીધી હતી. અને એ જ વૃત્તપત્રે ગંભીરતાથી સેનાપતિ ક્યાંકાઇ શેકની દીલ્હીની મંત્રણાઓ ઉપર કટાક્ષ કરતાં છાપ્યું હતું:

" His talks with authorities here however disappointed him and he 'did not rush in where angles fear to tread.' "

"સંદેશ"ના તા. ૨૨-૧૦-૪૦ના અંકે મોટા હરફોમાં જાહેરાત કરી હતી:

"અમરેલી પર આર્થિક આફત ઉતરવાનો ભય
વીમાનની સહાનુભૂતિ છતાં પ્રજામતને ઠોકરે ચડાવી રહેલા સુબા

......દીવાને આ પરથી જણાવ્યું હતું કે હું સુબાને લખીશ."

મથાળામાં "દીવાન"નું "વીમાન" બની ગયું, અને તેની સહાનુભૂતિનો ભેદ આગળ વાંચ્યું ત્યારે સમજાયો!

એ જ પત્રે એકવાર મથાળું બાંધ્યું હતું:

"જાપાનીઝ ખારકસો આગળ ધસે છે."

યુદ્ધશાસ્ત્રના નિષ્ણાતો કદાચ ખારકસોના અગ્રભાગના ઘર્ષણના કીમિયાનું રહસ્ય સમજે તો સમજે!

તા. ૨૭-૫-૪૨ના અંકમાં એક "જોઇએ છે"ની જાહેરાત થઇ હતી:

"રંગાટી ખાતામાં કાપડ રંગવા માટે જીગરના અનુભવી કારીગરો તથા મુકરદમ દિવસ તથા રાતપાળી માટે..."

જ્યાં રંગ જમાવવાની વાત હોય ત્યાં જિગર વિના કેમ ચાલે? અને તેમાં પણ રાત અને દિવસ મચ્યાં રહે તેવાં જિગર હોય તો ઓર રંગ જામે.

પરંતુ યુદ્ધ અને આગના અહેવાલમાં પણ મીઠાશ આણે એવી એની તા. ૨૪-૧૨-૪૨ની ખબર એવી હતી કે "એક આગ તો મકાનની અંદરનાં માણસોએ સીરપ પંપથી બુઝાવી દીધી હતી."

એના ગામવાસી સહયોગી દૈનિકે ગંમતના ક્ષેત્રમાં પણ પોતાના હરીફથી મહાત ન થવા માટે તા. ૧–૧૦–૪૦ ના અંકમાં જાહેર કર્યું હતું :

" વડોદરાની તુમારી પદ્ધતિ !

માગણીનો સાત વર્ષે વળેલો જવાબ !!

...ગામ લોકોને આ રીતે ૪૮ માસે જવાબ મળ્યો છે..."

અને એક સમારંભના વર્ણનમાં એણે જાહેર કર્યું છે કે ' ...... આમંત્રિત શ્રોતાઓથી શણગારેલો હોલ ભરાઈ ગયો હતો..." મંડપની શોભામાં અભિવૃદ્ધિ કરવા માટે બોલાવાતા નિમંત્રિતોનો આથી વધારે યથાર્થ ઉપયોગ બીજો શો હોઇ શકે ?

" વંદેમાતરમ્"માં પાંચ કોલમના ફાઇવલાઇન ટાઈપના મથાળામાં એકવાર જાહેર કરવામાં આવ્યું હતું કે " બજારોની હવા સુધરી છતાં નવો વંધો થયો નહિ." "જન્મભૂમિએ અમારા રા. બાતમીદાર તરફથી" એમ છાપીને પોતાના ખબરપત્રીનું બહુમાન જાળવ્યું હતું, કે એમજ, એ તો વાચક "રા." નો જે અર્થ કરે તેના ઉપર અવલંબે ! વડોદરાના મહારાજા પ્રતાપસિંહે લોર્ડ લિન્લિથગોના માનમાં આપેલા એક ભોજન પ્રસંગે કરેલા ભાષણના રિપોર્ટમાં એક સામયિકમાં "અમારા રાખેલ દીવાન સર વી. ટી. કૃષ્ણમાચારી" ઈ. છપાયું હતું; કાબેલ હતા તેથી જ રાખેલ ને. નહિ તો રાખત શું કરવા ?

આ ગંમતમાં "મુંબઇ સમાચાર" જેવાં ઠાવકાં પત્રો પણ પોતાનો સૂર પૂરાવવાનું ચૂકતાં નથી, ૫–૧૨–૪૫ના અંકમાં પાંચમે પાને તેની નીચેની વાનગી નજરે ચઢી :

"પાકિસ્તાન શા માટે જોઈએ છે.

(૫) જો મુસ્લિમોને આત્મનીર્ણયનો અધીકાર આપવામાં આવે તો

અમરૂતસરા જલંધર, લુધીયાણાના ફળડરૂપ પ્રદેશમાં રહેતા બહુમતિ શીખો અને બંગાળના કલકત્તા, ૨૪ પરગણા, હાવરા, બર્દવાન, હુગલી વગેરે ફળડરેપ પ્રદેશમાં રહેતા..."

તેને આગલેજ મહિને નીચેનાં ચોંકાવનારાં મથાળાં એ છાપામાં વાંચવામાં આવ્યાં હતાં !

પં. કિશોરીલાલ ચૌદ વર્ષ જેલમાં ગાળ્યા બાદ અટકમાં

હેબીયરી કોર્મસની રૂયે કરેલી અપીલ ૨૬

એ તો ઠીક, પણ તેનીયે સાતેક માહના પહેલાં અઢાર પોઇન્ટના કાળા ટાઇપમાં "ધરમદાસ વલ્લભદાસ ચેરીટી ટ્રસ્ટ" એવું મથાળું છાપીને એ પત્રે શું એ ધર્માર્થ સંસ્થાનો ઓછો રોષ વહોરી લીધો હશે ?

કોઇ કોઇવાર ઘણા સમાચારો એક જ કોલમમાં ભેગા કરી તેનાં મોટાં મથાળાં બાંધવામાં આવે છે, અને તેમ કરતાં મથાળાંનો અજાણતાં ક્રમ બંધાઇ જાય છે ત્યારે અનર્થકારી પરિણામ આવે છે. એક દેશી રાજ્યના સમાચારો છાપતાં સુરતના એક દૈનિકે બાંધેલી મોટાં બીબાંની શીર્ષકપરંપરામાં "દીવાન સાહેબની ગામડાંમાં પ્રવૃત્તિ" પછી તરત જ "સોળ વર્ષની બાળા પર અત્યાચાર"નું મથાળું આપતાં થોડો સમય તો સનસની ફેલાઈ હતી. એજ પત્રે "ડભોઇના કવિશ્રી

દયારામના અડગ ઉપાસક અને સાચા ભગી તેમજ વડોદરા પ્રજામંડળના એક પ્રચાર કાર્યકર્તા" ને મળેલા સન્માનનો અહેવાલ છાપ્યો હતો. વડોદરાના સમાચારમાં એક પત્રે "તા. ૩૦-૧૧-૪૧ના રોજ પૂરા થતા ત્રણ ત્રણ મહિના દરમ્યાન બાળલગ્ન પ્રીતબંધક નિબંધ નીચે ૧૧૪૦ ફરિયાદો દાખલ થઈ હતી" એવા સમાચારને પ્રસિદ્ધિ આપીને વડોદરાએ અવનવી સામાજિક ધારાબંધી ઘડયાનું આરોપણ કર્યું હતું. "બરમાના માજી વડાપ્રધાન શ્રી. યુ સોના મૃત્યુ વિષેના ખબરદાર બીન-પાયાદાર છે" એવું જાહેર કરીને એક દૈનિકે કવિશ્રી ખબરદારના નામને અયોગ્ય સ્થાન આપ્યું હતું અને તેમના પાયા વિષે શંકા પ્રગટાવી હતી.

આવાં ગજબિયાંના "ગોરમોટાળા" વારંવાર થતા જ રહે છે, અને તે અણધાર્યા હોવાથી વિશેષ આનંદપ્રદ બને છે.

આ ઉદાહરણો ખાસ ખોજ વડે ભેગાં કરેલાં નહિ પરંતુ સહસા આંખે ચઢયાં તે પ્રમાણે નમુના રૂપે નોંધેલાં છે. તેમાં કોઈ પણ વૃત્તપત્ર પ્રત્યે આંગળી ચીંધામણુ કરવાનો ઉદ્દેશ નથી જ. કહેવાની મતલબ એટલી જ છે કે હસવા જેવી ભૂલો કરવાનો કોઈનો ઈજારો નથી, અને એ બાબતમાં "ઘેર ઘેર માટીના ચૂલા"નો ન્યાય પ્રવર્તે છે. વાચક સમુદાય તો અવશ્ય કહેશે, કે "ભલે પ્રવર્તે! હજી વધારે ભલે પ્રવર્તે!" પરંતુ પત્રસંચાલક વર્ગનો અભિપ્રાય જરૂર તેથી જુદો પડશે!

વિષયસૂચી

શ્રી સયાજી સાહિત્યમાળામાં

પ્રસિદ્ધ થયેલાં સાહિત્ય સંબંધી પુસ્તકો

અનુક્રમ	સા. માળા અંક	પુસ્તકનું નામ	કર્તાનું નામ તથા પ્રસિદ્ધ સાલ	કિંમત
૧	૮	પ્રેમાનંદ	ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતા (૧૯૧૮)	૧–૦–૦
૨	૧૪	દયારામ	જગજીવનદાસ દયાળજી મોદી (૧૯૧૮)	૦–૧૧–૦
૩	૨૦	મીરાંબાઈ	ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતા (૧૯૧૮)	૦–૧૨–૦
૪	૩૦	ગિરધર	જગજીવનદાસ દયાળજી મોદી (૧૯૧૯)	૦–૧૪–૦
૫	૩૩	ભાલણ	રામલાલ ચુનીલાલ મોદી (૧૯૧૯)	૧–૦–૦
૬	૬૨	દલપતરામ	કાશીરામ મૂળશંકર દવે (૧૯૨૧) (૧૯૨૫)	૧–૨–૦
૭	૧૦૪	શેક્સપિયર	ચંદુલાલ મગનલાલ ડોકટર (૧૯૨૬)	૦–૧૧–૦
૮	૧૩૩	વલ્લભ	પ્રો. ગજેન્દ્રશંકર લાલશંકર પંડ્યા (૧૯૨૮)	૧–૦–૦
૯	૧૯૧	નરસિંહ મહેતા	જયસુખરાય પુ. જોશીપુરા	૧–૦–૦
૧૦	૨૬૭	કાવ્યની શક્તિ	રામનારાયણ વિશ્વનાથ પાઠક (૧૯૩૯)	૧–૧૨–૦
૧૧	૨૬૮	સાહિત્ય વિમર્શ	સદર	૧–૧૨–૦
૧૨	૨૮૯	વૃત્તવિવેચન	રમેશ ગૌતમ બી. એ. (૧૯૪૫)	૨–૦–૦